# અહંકારમીમાંસા




ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી

પ્રકાશક :
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ
૨૧૪, અમરદીપ કોમ્પલેક્સ,
૨-રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

અનુવાદ: શ્રી રમેશભાઈ પંચાસરા (રાજકોટ)

પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭ (વલ્લભાબ્દ ૫૪૦)
નકલ : ૧૦૦૦

નિઃશુલ્ક વિતરણાર્થે

પ્રાપ્તિસ્થાનઃ
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ
૨૧૪, અમરદીપ કોમ્પલેક્સ,
૨-રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

મુદ્રકઃ
પૂર્વીપ્રિંસ પ્રા. લી., રાજકોટ.

# પૂરોવાક્

'નાનાશાસ્ત્રપ્રક્ષાલિતમતિવૈભવ'થી આપૂરિત પૂજ્ય બાબાજીની સારસ્વત સાધનામાં નિગમાગમિક શાસ્ત્ર પરમ્પરાઓનું આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક સ્વારસ્ય અભિધા, લક્ષણા અને વ્યંજનાની જેમ પ્રકટ થાય છે. બાબાજીના લેખન તેમજ પ્રવચનોનું સમાનરૂપથી સાધક, વિદ્વાન અને જનસાધારણને માટે ઉપકારી થવાનું રહસ્ય આ જ ત્રિ-આયામ છે.

જો કે સાધારણ વ્યક્તિઓની વ્યવહારાનુરક્ત ચેતનામાં શાસ્ત્રોના નિહિતાર્થને સંક્રાન્ત કરી શકવું ઘણું જ દુષ્કર કાર્ય હોય છે, પરંતુ આ બાબાજીનું સામર્થ્ય-વૈશિષ્ટ્ય જ છે કે તેઓ શાસ્ત્રોના ગૂઢાર્થને સુરક્ષિત રાખીને સામાન્ય માણસને પણ તેના વિધિ-નિષેધરૂપ તાત્પર્યથી પરિચિત કરાવી દે છે. બાબાજીના આવા પ્રવચનોંના ભાગ લેનાર મોટાભાગના પુષ્ટિમાર્ગીઓ જ રહેતા હોય છે, પરંતુ એમના પ્રવચન સાંપ્રદાયિક મર્યાદાઓને ઓળંગીને એક આધુનિક મનુષ્યને આધુનિક-ભાષા અને વૈજ્ઞાનિક પદાવલીમાં સંબોધિત કરનાર અનુભવાય છે.

લગભગ બે વર્ષ પહેલાં બાબાજીએ શ્રીરૂપચંદ ખંડેલવાલ 'ભૂપ'ની સ્મૃતિમાં પોતાના જબલપુર પ્રવચનના દ્વારા ભારતીય વાંગ્મયમાં પુરૂષાર્થ-વ્યવસ્થાના સ્વરૂપ તેમજ તેની સમસામાયિક ઉપાદેયતાને પ્રવિચિત કર્યું હતું. તે પ્રવચન જ્યારે પુસ્તકાકારના રૂપમાં લિપિબદ્ધ થયું ત્યારે સંભવતઃ પહેલી વખત પુરૂષાર્થવિષયક વૈદિક ચિંતનનું રહસ્ય 'સ્વસ્તિકોચિત પુરૂષાર્થ સંતુલનવાદ'ના રૂપમાં પ્રકટ થયું.

પ્રસ્તુત 'અહંકાર મીમાંસા' પણ બાબાજીના આઠ દિવસીય પ્રવચનનું જ લિપિબદ્ધ સંપાદિત રૂપ છે. આ પ્રવચનના માધ્યમથી અહંકારની જ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક મીમાંસા કરીને એની ફલશ્રુતિ 'અહંકારપ્રબન્ધન'ના રૂપમાં પ્રકટ કરવામાં આવી છે. માની લઈએ કે અહંકાર એક જૈવ ધર્મની જેમ છે પરંતુ માનવીય સ્તર ઉપર

અહંકારનું રૂપાંતરણ અથવા અતિક્રમણ એટલો જ માનવોચિત ધર્મ છે. તેથી અહંકારની અમિશા (નિશ્છલતા) અને તેના પ્રબંધન વિના મનુષ્યના જીવનને આત્મચેતન અને પ્રામાણિક જીવન કહી જ નથી શકાતું. હકિકતમાં આ પોતાના પ્રત્યે અને પોતાના સઘળા વ્યવહારોના પ્રત્યે નિર્ણિમેષ આત્મચેતન હોવાની એક માનવોચિત માંગ છે.

આને આધુનિક જીવનશૈલીની પદાવલીમાં સેલ્ફ-અકાઉન્ટિંગ, સેલ્ફ-એડિટીંગ અને સેલ્ફ-ઓડિટિંગની પ્રક્રિયામાં પણ સમજી શકાય છે. આપણે જીવનમાં આહંકારિક ભૌતિક ઉપલબ્ધિઓની અકાઉન્ટિંગ, એડિટિંગ અને ઓડિટિંગ ઓછાવત્તા પ્રમાણથી ચોક્કસ કરીએ છીએ પરંતુ આત્મચેતન પ્રાણી હોવા છતાં પણ અહંકારની ગણના, સંપાદન અને અંકેક્ષણ નથી કરતા. બાબાજીનું આ પ્રવચન ન કેવલ આપણને આના માટે તૈયાર કરે છે પરંતુ કળા પણ પ્રદાન કરે છે.

અહંકારનો પારમાર્થિક ઉત્સ ભલે કેવો પણ કેમ ન માનવામાં આવે, પરંતુ વ્યાવહારિક ધરાતલ ઉપર એનું અસ્તિત્વ ચૈતસિક અને ભક્તિત્વ અન્ય પરિહારક નિતાંત વૈયક્તિક હોય છે. આના કારણે અહંકારનું પ્રબંધન એટલું સરળ નથી જેટલું કે સમજવામાં આવે છે. આ જૈવ ધર્મના રૂપમાં વ્યક્તિના સઘળા વ્યવહારોમાં સંભવિત હોય છે. આની વિશિષ્ટતા જ એવી છે કે અહંકાર પોતાના પ્રત્યેક પ્રાકટ્યમાં ઉત્તરોત્તર પોતાને છૂપાવતો જ જાય છે. જાણે આત્મગોપનમાં જ એનો ઉત્તરોત્તર પુનરોત્પાદ થાય છે. આ જ્યારે આપણા કર્મો દ્વારા ક્રિયાન્વિત થાય છે અતિક્રમણ અથવા રૂપાંતરણની દુઃસાધ્યતાનો જ સામનો કર્યો છે. અહંકાર એપિફિનોમિના જેવી કોઈ ચીજ હોય અને આપણી કેમેસ્ટ્રીથી તેનો કોઈ અન્તઃસંબંધ હોય. પરંતુ તેની સાથે એમણે અહંકારની ઊંડાણપૂર્વક શોધખોળ કરીને તેનું પુંખાનુપુંખ વિવેચન પણ કર્યું છે જેથી તેના પ્રબંધમાં દક્ષતા પ્રાપ્ત કરી શકાય. અન્યથા એ સંભવ છે કે આપણે અહંકારના પ્રબંધન કરવાના બદલે અહંકારથી જ પ્રબંધિત થતા જઈએ. અહંકારનું પ્રબંધન એક બહુસ્તરીય ક્રિયા છે અને દરેક સ્તર ઉપર તેના

માટે અપલક જાગરૂકતા અપેક્ષિત છે. તેનું પ્રથમ સોપાન છે તેના પ્રત્યે આત્મચેતન હોવું. અહંકારની આત્મચેતના કોઈ ચિત્તની પરાંમુખ વૃત્તિ નથી પરંતુ પ્રત્યંમુખ ગતિ છે. ચેતનાની પ્રત્યંમુખતામાં જ અહંકારની સ્વરૂપાવગતિ સંભવ છે. બાબાજીએ 'કો-અહમ્'? 'કુત્ર-અહમ્'? અને 'કુતો-અહમ્'? નામની ત્રિવિધ પાસાઓના માધ્યમથી અહંકારની પ્રત્યંમુખી આત્મચેતનાનું સુંદર વિવેચન કર્યું છે.

આનું બીજું સોપાન છે એના સ્વરૂપ અર્થાત્ વિવિધ પ્રકારોની ઓળખ અને વિશ્લેષણ. બાબાજીના આ પ્રવચનમાં આ પક્ષની વિશદ વિવેચના કરવામાં આવી છે. અહંકારના જેટલા રૂપ-કલાપોની મીમાંસા બાબાજીએ કરી છે, તે અન્યત્ર દુર્લભ છે. આશ્ચર્યની વાત તો એ છે કે ભારતીય દર્શન પરંપરાઓમાં અહંકારની મીમાંસા અધિકાંશતઃ તત્ત્વમીમાંસીય દ્રષ્ટિથી કરવામાં આવી છે, પરંતુ બાબાજીએ આના મનોવૈજ્ઞાનિક તેમજ જીવવૈજ્ઞાનિક પાસાઓની ચર્ચા પણ અહંકાર વિષયક તાત્ત્વિક દ્રષ્ટિના તારતમ્યમાં જ કરી છે. સાથે સાથે સેમેટિક્ ધાર્મિક પરંપરાઓમાં અહંકારના સ્વરૂપની વિવેચના એમણે મૂલપાપની અવધારણાના સંદર્ભમાં કરી છે અને એ બતાવ્યું છે કે એમનો અહંકાર રૂપાંતરણનો હેતુ નથી બની શકતો પરંતુ તેને અભિશપ્ત બની રહેવાનો હેતુ કહેવું વધુ ઉચિત થશે.

અહંકાર પ્રબન્ધનું ત્રીજું સોપાન છે એની કાર્યપ્રણાલીને સમજવી. તો એના તાણા-વાણા એટલા જટિલ છે કે સંભવતઃ આ જ કારણે કબીરને પણ "માયા મહાઠગિની હમ જાની" કહેવું પડ્યું હશે. બાબાજી પણ અહંકારના પ્રબંધનની આ દુઃસાધ્યતાને સારી રીતથી સમજે છે. એટલા માટે એમણે પોતાના પ્રવચનના પ્રારંભમાં જ આ દુઃસાધ્યતાની મનોવૈજ્ઞાનિક સ્થિતિનું નિરૂપણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના એક વચનને ઉદાહરિત કરીને સુંદર રીતથી કર્યું છે. મહાપ્રભુનું વચન છે **"કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના, અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્"** અર્થાત્ શ્રીકૃષ્ણની ભક્તિ-

સાધનામાં અહંકારને માટે કોઈ અવકાશ નથી, કેમકે આ સમસ્ત સંસાર જ કૃષ્ણમય છે (સર્વં કૃષ્ણમયં જગત્). કર્તા, કર્મ, કરણ વગેરે સાતેય વિભક્તિઓ અને આઠેય કારકોમાં કૃષ્ણ જ અભિવ્યક્ત મળે છે.

છતાં પણ અહંકારની ચૌર્યવૃત્તિમાં એ સંભવ છે કે કોઈ વ્યક્તિ કૃષ્ણભક્તિના નામ ઉપર કૃષ્ણભક્તિની સાધનાનો અહંકાર અંદર-અંદર પાળી રાખ્યો હોય અને પરિણામ સ્વરૂપે કૃષ્ણભક્તિમાં દ્રઢતા નહીં પરંતુ કૃષ્ણ-ભક્તિ-સાધનાના અહંકારને જ દ્રઢથી દ્રઢતર કરતો જઈ રહ્યો હોય. ખરેખર આ અહંમૂલક આત્મછલના અને આત્મપ્રવંચનાનું કેટલું ગહન રૂપ છે. પ્રાયઃ એવું કહેવામાં આવે છે કે અમુક વ્યક્તિ શ્રીકૃષ્ણનો બહુજ મોટો ભક્ત છે. પરંતુ આ કથનમાં નીર-ક્ષીર વિવેક અઘરો હોય છે કે તેનું મહાનપણું કૃષ્ણભક્તિમાં છે અથવા કૃષ્ણ-ભક્તિ-સાધનાના અહંકારમાં મોટાપણું સિધ્ધ છે. વાસ્તવમાં ક્યારે આપણે આપણી ઉદારતાના આવરણથી આપણા અહંકારને પુષ્ટ કરી રહ્યા હોઈએ છીએ અને ક્યારે પરાર્થના આવરણમાં સ્વાર્થનું પોષણ કરી રહ્યા હોઈએ છીએ, આ જાણી શકવું સામાન્ય માણસો માટે તો શું, પણ મોટા-મોટા બુદ્ધિમાન વ્યક્તિઓ માટે પણ દુઃસાધ્ય હોય છે.

વસ્તુતઃ બાબાજીએ આ સંપૂર્ણ પ્રવચનમાં અહંકારના આ પ્રસંગમાં અહંકારના અનુપ્રયુક્ત રૂપોનું જે પ્રકારથી વિશ્લેષણ કર્યું છે તેના દ્વારા મનુષ્યના કતૃત્વ મનોવિજ્ઞાનના એવા પાસા ઉજાગર થયા છે જેના તરફ સહસા ધ્યાન જ નથી જતું. આ પ્રસંગમાં અહંકાર અને ફ્રોઈડ્ના લિબિડોનું તુલનાત્મક અભિનવ દ્રષ્ટિ પ્રદાન કરનારી વિવેચના છે.

અહંકાર-પ્રબંધનું ચોથું સોપાન એનું રૂપાંતરણ અથવા અતિક્રમણ છે. વાસ્તવમાં જોઈએ તો અહંકારનું અતિક્રમણ તેનું જ્ઞાનમાર્ગીય પ્રબંધન છે પરંતુ આ માર્ગમાં પ્રબંધનનું કોઈ વિશેષ ઔચિત્ય નથી દેખાતું. આમાં અહંકારનો નિરાસ જ લક્ષ્યભૂત થાય છે. આ રૂપમાં નિરાસ્ય અહંકાર ભ્રમાત્મક જ થઈ શકે છે, પરંતુ અહંકારને ભ્રમમાત્ર માનવું નિવૃત્તિમૂલક જીવનદ્રષ્ટિના માટે ભલે ઉચિત લાગે, પ્રવૃત્તિમૂલક જીવનદ્રષ્ટિના માટે તેને

કદાપિ વ્યાજબી નથી માની શકાતું. સમજી લેવું જોઈએ કે વૈદિક જીવન-દ્રષ્ટિમાં પ્રવૃત્તિમૂલકતાનું જ પ્રાધાન્ય રહ્યું છે. એટલા માટે બાબાજીએ ઉચિત અહંકાર-પ્રબંધનનું જ સ્વારસ્ય એમના રૂપાંતરણમાં જોયું છે. અહંકાર સ્વરૂપતઃ કોઈ નિષિદ્ધ અથવા હેય વસ્તુ નથી. એની દોષરૂપતા ઉપાદાનગત નહીં પરંતુ અહંકર્તાના ચલેત છે. તેથી અહંકાર-પ્રબંધનનો વિષય અહંકર્તા છે અને એની ફલશ્રુતિ અહંકારના રૂપાંતરણમાં છે.

આ રૂપાંતરણની સાધનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિની પોત-પોતાની ઉપયોગીતા છે, પરંતુ આમાં ભક્તિમાર્ગ જ સર્વજનસુલભ અને સહજ છે. વસ્તુતઃ દોષરૂપ અહંકારનું મૂલ અહંકર્તા છે અને તે કર્મ, કરણ વગેરે વિભક્તિઓ દ્વારા સ્વ થી પર સુધી સંક્રમિત થાય છે.

ભક્તિમાર્ગનું વૈશિષ્ટ્ય આ છે કે દોષરૂપ અહંકારના મૂલનો જ નાશ કરી દે છે અને ત્યારે અહંકારનો બધો વ્યાપ સર્વસર્વાત્મક કૃષ્ણના પ્રસારમાં રૂપાંતરિત થઈ જાય છે. પુષ્ટિમાર્ગીય અહંકાર-પ્રબંધન અને તેની સારસંભાળનું આ જ મૂળભૂત સૂત્ર અને માહાત્મ્ય છે.

દીપાવલી, ૨૩/૧૦/૨૦૧૪
સાગર, મધ્યપ્રદેશ.
**અમ્બિકાદત્ત શર્મા**

## કૃતજ્ઞતાજ્ઞાપન

આ ગ્રન્થના પ્રકાશનમાં પ્રવચનને સીડીમાંથી લિપિબદ્ધ કરવામાં સહયોગ પ્રદાન કરવાવાળા, કમ્પ્યુટર સંબંધિત સહયોગ એવં મુદ્રણોપયોગી ઉત્તરદાયિત્વ સંભાળવાવાળા શ્રીધર્મેન્દ્ર-શ્રીમતીપદ્મિની ઝાલા, શ્રીપરેશ-શ્રીમતી મનીષા શાહ, શ્રીઅનિલ ભાટિયા, શ્રીઅતુલ્ય શર્મા, શ્રીજગદીશ શેઠ, શ્રીકેતન ગાંધી, શ્રીમતીખ્યાતિ ભુલા, શ્રીમનીષ બારાઈ ના પ્રતિ કૃતજ્ઞતા પ્રકટ કરું છું. પુરોવાક્ લેખક શ્રીઅમ્બિકાદત્ત શર્માજીનો પણ હું આભાર વ્યક્ત કરું છું. તદુપરાંત પ્રકાશનાર્થ આર્થિક સહયોગ પ્રદાન કરવાવાળા શ્રીશ્યામ કટારિયા, શ્રીઅતુલ મહેતા, શ્રીમતીસુધાબેન શાયર ના પ્રતિ પણ કૃતજ્ઞતા પ્રકટ કરું છું.

**ગોસ્વામી શ્યામ મનોહર**

**નોંધ : પુસ્તકમાં આવેલ અંગ્રેજી શબ્દોના અર્થ પુસ્તકના અંતે પરિશિષ્ટ તરીકે આપેલ છે.**

# વિષયાનુક્રમણિકા

**વિષય** **પૃષ્ઠક્રમ**


પ્રથમદિવસીય ઉપક્રમ ....................................................૦૧
એક અહંકારના રૂપ અનેક....................................................૦૬
મૂલકારિકા ....................................................૦૭
પુષ્ટિમાર્ગીય ભક્તિ અથવા પ્રપત્તિ બંનેમાં શ્રીકૃષ્ણ જ સાધન,
સાધ્ય અને સિદ્ધિ પણ! ....................................................૦૮
શ્રીકૃષ્ણની સામે અહંકાર ન કરવાનો મનોવૈજ્ઞાનિક ભાવ ....................૧૦
અહંકારના અનેકવિધ મુળિયા અને એની ઊંડાઈ............................૧૩
અહંકારની ભક્તિમાર્ગીય સારસંભાળ....................................૧૩
નિજાનુભૂતિમાં 'અહમ્' સર્વદા એકવચન....................................૧૬
મત પૂછ કે ક્યા હાલ હે મેરા તેરે આગે, તૂ દેખ કે ક્યા રંગ હે
તેરા મેરે આગે ....................................................૧૭
'પુષ્ટિ-અસ્મિતા' ગાન શું અહંકારગીતિ છે! ..................................૧૮
પ્રશ્નોત્તરી ....................................................૨૩
અહંકારનું સ્વરૂપ શું? ....................................................૨૬
શુ અહંકાર કોઈ ક્રિયા છે? ....................................................૨૮
શું અહંકાર એક ભાન છે? ....................................................૩૪
શું અહંકાર આપણી ભીતર સ્રવિત થનારૂં કોઈ બાયોકૅમિકલ્ તત્ત્વ છે?.....૩૬
શું અહંકાર કોઈ એપિફિનોમિના અર્થાત્ મિથ્યાભાસ છે? ...................૩૭
મિથ્યાભાસરૂપ અહંકાર રૂઆબ છે અથવા આબરૂ? ..........................૩૯
શું અહંકાર આપણી ભીતર નિગૂઢ કોઈ પારમાર્થિક તત્ત્વ છે?...............૪૯
શું અહંકાર આપણી ચેતનાની સાથે સંયોજિત કોઈ ઉપકરણ છે? ..........૫૦
અહંકાર શું નથી! ....................................................૫૩
હકીકતની કહાની અને કહાનીની હકીકત ....................................૫૩
અસ્તિત્વના ત્રણ પ્રકાર ....................................................૫૫
રૂપ દેશકાલવર્તી સત્, નામ દેશવર્તી કાલાતીત સત્ અને
મૂલતત્ત્વ દેશકાલાતીત સત્ ....................................................૫૮
પ્રશ્નોત્તરી ....................................................૬૧

અહંકારના વિભિન્ન રૂપ..........................................................૭૭
ઉપાદાનરૂપ અહંકાર................................................................૭૯
ઉપાદેયરૂપ અહંકાર.................................................................૮૧
ઉપાદાન-ઉપાદેયના સંબંધનો વિચાર ..............................................૮૨
વૈજ્ઞાનિક દષ્ટિકોણ...............................................................૮૬
ઔપનિષદિક દષ્ટિકોણ..............................................................૮૯
સૅમેટિક્ અને આપણા દષ્ટિકોણની તરતમતા .....................................૯૧
અહંકારનું અદ્ભુત સામર્થ્ય ......................................................૯૨
બ્રાહ્મિક અહંકાર ..................................................................૧૦૪
પારમાત્મિક અહંકાર ..............................................................૧૧૦
ભાગવત અહંકાર ....................................................................૧૧૭
દ્વાપરકાલીન લીલામાં શ્રીકૃષ્ણસ્વરૂપનો અહંકાર ..............................૧૨૧
આપણા ઘરમાં બિરાજતા શ્રીકૃષ્ણના સ્વરૂપનો અહંકાર .......................૧૨૪
પ્રશ્નોત્તરી ...........................................................................૧૨૭
કૃષ્ણકૃપાનું 'સ્પંદન' અને ભક્તિનું 'અનુસ્પંદન' ...............................૧૩૧
શું બ્રહ્મ પરમાત્મા વગેરેનું વિશ્લેષણ નિરર્થક? ..................................૧૩૩
શ્રૌત અને વૈજ્ઞાનિક તત્ત્વધારણાની સમાનતા ....................................૧૩૭
અહંકારનો દ્વૈધીભાવ ..............................................................૧૪૫
બ્રાહ્મિક અહંક્રિયાનું સ્વરૂપ .......................................................૧૪૮
પારમાત્મિક અહંક્રિયાનું સ્વરૂપ ...................................................૧૫૧
ભાગવતી અહંક્રિયાનું સ્વરૂપ ......................................................૧૫૩
દોષાદિનું નિવારણ પંચપર્વાવિદ્યાથી ............................................૧૬૨
કાર્ષ્ણી અહંક્રિયાનું સ્વરૂપ .........................................................૧૭૬
ગૃહઠાકુરની અહંક્રિયાનું સ્વરૂપ ...................................................૧૭૭
તિરોભાવની પ્રક્રિયા ................................................................૧૭૯
ચેતનાનો પ્રથમ આયામ અહંતા-મમતા અને અહંતાનો રોલ્ ..................૧૮૨
ચેતનાનું સ્વરૂપ ....................................................................૧૮૪
ચેતના અહં વિષયનો પારસ્પરિક પ્રભાવ .........................................૧૮૬
મમતાની પ્રક્રિયા અને મમતાનું બ્રાહ્મિકરૂપ .....................................૧૯૦
ચેતનાનો બીજો આયામ કામ-ક્રોધ ..............................................૧૯૨

કામ-ક્રોધનો સદુપયોગ તેમજ દુરૂપયોગ ....................................૧૯૫
અહંતા-મમતાને 'સ્વસ્થ' કરવાના ઉપાય ....................................૧૯૬
શુદ્ધ ઉપાદાન એટલે કે સચ્ચિદાનન્દ બ્રહ્મની વિવેચના ....................૨૧૮
'તમ્'ની આપણી તાત્ત્વિક દૃષ્ટિ ................................................૨૨૨
કૃષ્ણ ગૃહઠાકુર અને આપણા અહંને મૉલ્ડ્ કરવાની પ્રક્રિયા ..............૨૩૦
સ્વસ્થ અહંકારને માટે રોલ્-મૉડેલ્નું મહત્વ ....................................૨૩૧
ચિત્તનું સ્વરૂપ ...........................................................................૨૩૬
ચિત્તનું આધિદૈવિકરૂપ ...............................................................૨૪૦
ઉપાદેય સૃષ્ટિના ત્રણ પહેલુ-આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક .....૨૪૦
અહંકારનું લક્ષણ .......................................................................૨૪૬
અહંકારરૂપ કાર્યમાં કાલની ભૂમિકા ..............................................૨૪૭
અહંકારરૂપ કાર્યમાં ભગવદ્વીર્યરૂપ શક્તિની કારણતા .....................૨૪૯
ભૌતિક પદાર્થની ચેતનારૂપતા અને ચેતનની ભૌતિકરૂપતા ...............૨૪૯
નાઈટ્રોજન્ચક્રમાં આત્માનું પ્રાકટ્ય ...........................................૨૫૦
સર્વભવનસામર્થ્યરૂપા એકમાત્ર ભગવત્શક્તિ જ નિયત ..................૨૫૧
અહંકારનું આધ્યાત્મિક લક્ષણ ...................................................૨૫૩
અહંકારનું આધિદૈવિક લક્ષણ ....................................................૨૫૪
દ્વૈતવાદીની સમસ્યા ...................................................................૨૫૪
મહાપ્રભુજીની બ્રહ્મવાદી દૃષ્ટિ ....................................................૨૫૬
અહંકારનું સ્વાભાવિક રૂપ ..........................................................૨૫૮
અહંકારનું આધિભૌતિક લક્ષણ ...................................................૨૫૮
'કતૃત્વ' આધિભૌતિક અહંકારનું સાત્ત્વિક લક્ષણ ..........................૨૫૯
શું કર્તૃત્વ કે કર્તા, ક્રિયાનો સમાહાર છે? ....................................૨૫૯
અહંકારના ત્રણ પહેલુ .................................................................૨૬૦
કો અહમ્ ...................................................................................૨૬૯
કુત્ર અહમ્ .................................................................................૨૭૦
કુતો અહમ્ ................................................................................૨૭૯
'કો અહમ્'નું મૅનેજમૅન્ટ્ .............................................................૨૮૦
'કુતો અહમ્'નું મૅનેજમેન્ટ્ ..........................................................૨૮૨
'કુતોહમ્'નું અસ્વાસ્થ્ય : 'શેમ્ ટૂ યુ' ..............................................૨૮૩

મહાપ્રભુજીનો અહંકારનો સાયકૉલૉજીકલ્ સિદ્ધાંત ....................૨૮૫
મૉડર્ન સાઈકૉલૉજીસ્ટ્ ફ્રૉઈડ્ની દષ્ટિથી અહંકારનું સ્વરૂપ ................૨૮૮
'ઈડ્' : શારીરિક અહંતા ..............................................૨૮૮
સુપર્-ઈગો : પરમ અહંતા ..........................................૨૯૧
'ઈગો' : અહંતા ......................................................૨૯૨
ફ્રૉઈડ્ની દષ્ટિથી ચેતનાનું સ્વરૂપ ....................................૨૯૬
અન્-કૉન્સિઅસ્નો રોલ્ ..............................................૨૯૯
ફ્રૉઈડ્ના અને મહાપ્રભુજીના 'અહંકાર'ના સ્વરૂપમાં તરતમતા ..........૩૦૦
અહંની લીલા ........................................................૩૦૩
અહંક્રિયા ..............................................................૩૦૪
સ્વભાવ અને પ્રભાવથી અહંક્રિયા ......................................૩૦૫
અહંકર્મ ...............................................................૩૦૭
અહંવ્યવહાર ..........................................................૩૧૦
પુષ્ટિઅસ્મિતાનો ક્લાઈમૅક્સ્ શું? ......................................૩૧૨
અહંના સ્તર ..........................................................૩૧૪
જીવોહં = તત્ત્વાત્મક અહં ..............................................૩૧૪
તદીયોહં = આત્મરત્યાત્મક અહં ........................................૩૧૫
ત્વદ્દાસોહં = ભજનાત્મક અહં કે સમર્પણાત્મક અહં ......................૩૧૬
ત્વત્સેવકોહં = વિનિયોગાત્મક અહં ....................................૩૧૭
રૂપરેખાના આધારે અહંકારની દોષરૂપતા અથવા નિર્દોષતા ...............૩૨૦
અહંતા-મમતાને સ્વસ્થ રાખવાનો પ્રોગ્રામ : વિવેકધૈર્યાશ્રય ............૩૨૦
'અહંતા-મમતા' સ્વસ્થ રાખવાનો મહાપ્રભુજીનો પ્રોગ્રામ્ ગીતાદ્વારા ...૩૨૧
જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાનથી 'કર્મવિધિ' અને કરણ કર્મ કર્તાથી 'કર્મસંગ્રહ' .....૩૨૬
તામસકર્તાના લક્ષણ ..................................................૩૨૮
સાત્ત્વિકકર્તાના લક્ષણ ................................................૩૨૮
કર્તાના અહંમાન અહંકાર અહંવાદને કારણે પ્રકટ થતી અહંની
સત્ક્રિયા અથવા વિક્રિયા ..............................................૩૩૦
સ્વસ્થ અહંકાર અથવા મમકારના માટે વિવેકની મહત્તા ................૩૩૩
ચેતનાના ચરણરૂપ અથવા કરણરૂપ અહંતા-મમતા .....................૩૩૫
અહંવિક્રિયાનું સાયકૉલોજીકલ્ એપ્લાઈડ્ ફૉર્મ ............................૩૩૬

અહંવિક્રિયા અને તેના લક્ષણ ઉદાહરણ ઉપાય ..........................૩૩૭
ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનું લક્ષણ ..........................................૩૩૮
પુષ્ટિમાર્ગીય રિયાલિટી ..........................................................૩૩૯
ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનું ઉદાહરણ અને તેનું દુષ્પરિણામ ............૩૪૦
રિયાલિટી સ્વીકારવાનો મહાપ્રભુજીનો સ્વસ્થ અહમ્ .....................૩૪૨
ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનો ઉપાય .........................................૩૪૪
ફૅન્ટસીનું લક્ષણ ....................................................................૩૪૫
ફૅન્ટસીનું ઉદાહરણ ................................................................૩૪૬
ફૅન્ટસીનો ઉપાય ...................................................................૩૪૭
ફૅન્ટસીનું ઉદાહરણ ................................................................૩૪૮
ફૅન્ટસીનો ઉપાય ...................................................................૩૫૦
રિપ્રેશન્નું લક્ષણ ...................................................................૩૫૦
રિપ્રેશન્નું કારણ ....................................................................૩૫૧
રિપ્રેશન્નું ઉદાહરણ ...............................................................૩૫૨
રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી અને ઉદાહરણ ..........................................૩૫૩
રિપ્રેશન્નો ઉપાય ..................................................................૩૫૪
રૅશનલાઈજેશન્ લક્ષણ ..........................................................૩૫૫
રૅશનલાઈજેશન્નું ઉદાહરણ ...................................................૩૫૬
રૅશનલાઈજેશન્નો ઉપાય .......................................................૩૫૭
પ્રોજેક્શન્નું લક્ષણ .................................................................૩૫૭
પ્રોજેક્શન્નું ઉદાહરણ ............................................................૩૫૮
પ્રોજેક્શન્નો ઉપાય ...............................................................૩૬૦
ડિસ્ટૉર્ટેડ્ પ્રોજેક્શન્નું દુષ્પરિણામ ..........................................૩૬૦
રિએક્શન્ ફૉર્મેશન્નું લક્ષણ ...................................................૩૬૪
રિએક્શન્ ફૉર્મેશન્નું ઉદાહરણ ...............................................૩૬૫
રિએક્શન્ ફૉર્મેશન્નો ઉપાય ...................................................૩૬૭
રિએક્શન્ ફૉર્મેશન્નું ઉદાહરણ ..............................................૩૬૮
ડિસ્પ્લેસમેન્ટનું લક્ષણ...........................................................૩૭૦
ડિસ્પ્લેસમૅન્ટ્નું ઉદાહરણ ......................................................૩૭૦
ડિસ્પ્લેસમૅન્ટ્નો ઉપાય ..........................................................૩૭૨

અનડુઈંગ્નું ઉદાહરણ ....................................................૩૭૩
અનડુઈંગ્નું લક્ષણ ......................................................૩૭૪
અનડુઈંગનો ઉપાય.......................................................૩૭૫
અનડુઈંગ્નું ઉદાહરણ ....................................................૩૭૫
અનડુઈંગ્નો ઉપાય.......................................................૩૭૫
આઈડેન્ટિફિકેશનનું લક્ષણ...............................................૩૭૫
આઈડેન્ટિફિકેશન્નું ઉદાહરણ.............................................૩૭૬
આઈડેન્ટિફિકેશન્નો ઉપાય ...............................................૩૭૭
ઈન્ટ્રોજેક્શન્નું લક્ષણ......................................................૩૭૭
ઈન્ટ્રોજેક્શન્નું ઉદાહરણ...................................................૩૭૮
ઈન્ટ્રોજેક્શન્નો ઉપાય ......................................................૩૭૯
કૉમ્પેન્સેશન્નું લક્ષણ ......................................................૩૭૯
કૉમ્પેન્સેશન્નું ઉદાહરણ....................................................૩૭૯
એક્ટિંગ્-આઉટ્ના લક્ષણ ..................................................૩૮૦
એક્ટિંગ્-આઉટ્નું ઉદાહરણ................................................૩૮૦
મહાપ્રભુજીના દ્વારા ઉપદિષ્ટ 'અહંકાર'ને સ્વસ્થ રાખવાનો ઉપાય.......૩૮૧

## પરિશિષ્ટ

''પુષ્ટિ અસ્મિતા'' ગાન .................................................૩૮૭
પુષ્ટિ-અસ્મિતાના પ્રતિવર્ષીય લેખાજોખા ....................................૩૮૯
શું પુષ્ટિ-અસ્મિતાનું ગીત અહંકારનું ગીત છે?.............................૩૮૯
ગી ત ગો વિ ન્દ સા વ ગા હ ન..............................................૪૧૮
**ઉદ્ધૃતવચનાનુક્રમણિકા...................................................૪૨૩**
**અંગ્રેજી શબ્દોના અર્થ....................................................૪૨૯**

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

# ।। અહંકારમીમાંસા ।।

## (સર્વનિર્ણયસાધનપ્રકરણપ્રવચન)

## (પ્રથમદિવસીય ઉપક્રમ)

દર વખતનો આપણો નિયમ છે કે આપણે પુષ્ટિ-અસ્મિતાનો જે ઐતિહાસિક અને તાત્કાલિક સંદર્ભ ચાલી રહ્યો છે તેની પણ થોડીક ઑડિટીંગ (મીમાંસા) કરીએ છીએ, તેના પછી આપણે ગ્રંથ ઉપર સ્વીચ્-ઓવર્ થઈએ છીએ. થોડીક એ ચર્ચા કરીને જ આપણે આગળ વધીએ છીએ. આ વખતનો આપણો વિષય અહંકાર છે. ગયા વખતે પણ મેં પ્રશ્ન કર્યો હતો કે આપણી પુષ્ટિ-અસ્મિતાના ગાનમાં જે આપણે અહંકાર પ્રગટ કરીએ છીએ તે નિંદનીય અથવા અભિનંદનીય કેવા પ્રકારનો અહંકાર છે? ઘણા લોકો કહે છે કે આમાં આપણે આપણો નિંદનીય અહંકાર જ પ્રગટ કરી રહ્યા છીએ. આ ગીત ગાવામાં મેં પણ આ જ વાત કહી હતી કે આમાં પ્રગટ થતી આપણી અહંતા વસ્તુતઃ અહંતા નહીં પરંતુ વયંતા છે. આનો મતલબ એમ સમજી શકો છો કે ''અમે એવા રે!'' છીએ, નહીં કે ''હું એવો રે!'' છું. તેથી આ તો આપણી વયંતા છે. ''હું એવો રે!'' કહું તો અહંતા થાય ''અમે એવા રે!'' કહીએ તો વયંતા થઈ. પરંતુ અહંકારનું સ્વરૂપ બહુ ગજબનું છે!

એક સામાન્ય વાત બતાવું કે કોઈ આક્ષેપ કરે કે તમે બહુ અહંકારી છો, તો ના પાડીએ તો પણ ફસાયા; અને હા પાડીએ તો પણ ફસાઈ જ ગયા! આપણે ના પાડીએ કે આપણે અહંકારી નથી તો કેટલો મોટો અહંકાર થયો! આ આપણો કેટલો મોટો અહંકાર છે કે આપણે ના પાડી રહ્યા છીએ કે અમે અહંકારી નથી. હા પાડીએ તો બધા લોકો કહે કે તમે એકદમ નફ્ફટ (નિર્લજ્જ) છો! એક તો અહંકારી અને ઉપરથી પાછા તેને કહી રહ્યા છો. શરમ નથી આવતી! તો અહંકારનો વિષય આટલો

કૉમ્પ્લિકેટેડ છે. આપસી ગાલી-ગલોચમાં જ નહીં, આ તો ગાલી-ગલોચની વાત મેં કહી; પરંતુ આપણે ખુદ આપણાથી અહંકારની બાબતમાં મુખાતિબ થઈએ, તો પણ આવા જ લફડા મળે. આપણે વિચારી રહ્યા હોઈએ કે આપણી અહંતા નથી વયંતા છે, તો પણ એ સંભવ નથી હોઈ શકતું કે આપણી વયંતામાં પણ પાછી અહંતા છૂપાયેલી હોય! ના કેવી રીતે પાડી શકાય? ના પાડીએ તો ફસાયા-હા પાડીએ તો ફસાયા! તો છુટકો જ નથી કેમકે અહંકારનો જે વિષય છે તે પોતાના-સ્વયંમાં દરેક પહેલુમાં એક જાતનો એટલો અજબ વિષય છે કે તેનો કોઈ બીજો છેડો નથી.

ખરેખર જો અહંકારનું કોઈ કાવ્યાત્મક વર્ણન આપણે કરવું હોય તો એવું કાવ્યાત્મક વર્ણન; જો કે કવિએ અહંકારને માટે નથી કહ્યું, કોઈ બીજી વાત માટે કહ્યું છે. છતાં પણ આપણા અહંકાર ઉપર લાગુ થઈ શકે છે. તે શાયર આમ કહે છે :

**''કુછ હકીકત હે કુછ કહાની હે.**
**કિતની પેચીદા જિંદગાની હે.**
**તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ.**
**એ દીલે-નાદાં યે બદગુમાંની હે.**
**રાઝે-દિલ હમદમસે પૂછને જો ચલા.**
**મૈને ક્યા ખુદકુશીકી ઠાની હે!''**

''કુછ હકીકત હે'' એટલે કે આપણા જીવનમાં અહંકારથી પણ જોડાયેલી કેટલીક વાતો સત્ય હોય છે. સાથે સાથે જ કેટલીક ઘડવામાં આવેલી કહાની જેવી વાતો પણ હોય જ છે. જિંદગાની જેવી ખરેખર અહંતા પણ પેચીદા હોય છે! આ વાતને વિચારીએ તો ન તો જીવન શુદ્ધ હકીકત હોય છે અને ન શુદ્ધ કહાની જ. હકીકત હોય તો આપણે જાંચ-પડતાલ કરી શકીએ. કહાની હોય તો પણ આપણે જાંચ-પડતાલ કરી શકીએ. આશ્વત રહી શકીએ છીએ કે કહાની છે. કવિ જીવનની બાબતમાં

કહી રહ્યા છે કે આમાં કાંઈક હકીકત છે અને કાંઈક કહાની છે, આનાથી જીંદગી કેટલી પેચિદા બની જાય છે. આ અહંકાર પણ ખરેખર એવો જ છે.

અહંકારમાં પણ ઘણીબધી હકીકત હોય છે અને ઘણીબધી કહાની પણ હોય છે. તેથી અહંકાર પણ ખરેખર પેચીદા હોય છે. 'પેચીદા'ને ગુજરાતીમાં 'બળવાન' એટલે કે ઘણાં પેચ જેમાં હોય. જે સિમ્પલ્ નહીં પણ બહુ કૉમ્પ્લિકેટેડ્ હોય. તો અહંકારનું આ બહુ અજબ સ્વરૂપ છે. શાયર તેની બાબતમાં આગળ પણ કાંઈક કહે છે. તે ઘણીબધી વાતો અહંકાર ઉપર પણ લાગૂ પડે એવી જ વાતો છે.

**''તૂ જો રખતા હૈ હરજાઈસે વફાકી ખ્વાઈશ.**
**એ દિલે-નાદાં યે બદગુમાની હૈ.''**

'હરજાઈ' એટલે કે હરકોઈ જગ્યાએ જતો રહે--કોઈ એક જગ્યાએ સ્થિર ન રહે. આપણા અહંકારથી વધારે હરજાઈ બીજો કોઈ હોઈ ન શકે. અહંકાર સહુથી મોટો હરજાઈ છે. 'વફા' એટલે જે આપણને ક્યારેય દગો ન દઈ દે. હરજાઈ પાસેથી તને જે વફાદારીની ઈચ્છા છે. 'એ દિલે-નાદાં' એટલે ખુદ દિલને કવિ કહી રહ્યા છે કે આ તારી બદગુમાની છે. લાગી રહયું છે કે તું ખુદ અહંકારના વશમાં આવી ગયો છે. અહંકારે તને કૅપ્ચર્ કરી લીધો છે. તેં અમથે અમથો દિલમાં એક એવો અહંકાર ઘડી લીધો છે કે તને કોઈ દગો નહીં આપે. કોઈ હરજાઈ પાસેથી વફાની કામના રાખે પરંતુ હરજાઈ વફા કરી કેવી રીતે શકે? આ વાત અહંકાર ઉપર એકદમ એવી રીતે જ લાગુ પડે છે કે અહંકાર પાસેથી કાંઈક આપણે દિલમાં વફાદારીની અપેક્ષા રાખતા હોઈએ તો એ દિલે-નાદાં આ બદગુમાની છે. તો પાછો આ અહંકાર જ બોલી રહ્યો છે. કોઈનો પણ અહંકાર વફાદાર કેવી રીતે થઈ શકશે! તેના પછી પણ બહુ જ સારો એક શેર છે.

**''રાઝે-દિલ હમદમસે પૂછને જો ચલા.**
**મૈને ક્યા ખુદકુશીકી ઠાની હૈ!''**

'રાઝે-દિલ' એટલે કે હૃદયનો ભાવ અથવા રહસ્ય. જે મારો અભિન્ન મિત્ર હોય, એક પ્રાણ બે દેહ જેવો તેને પણ જો હૃદયનો ભાવ કે રહસ્ય પૂછવાનું સાહસ કરીએ તો તે આપણી વાત આત્મહત્યા કરવા જેવી દુર્ઘટના બની જાય! 'ખુદકુશી' એટલે કે સુસાઇડ્. મતલબ કે દિલનું રહસ્ય ક્યારેય સ્વયં આપણે આપણા જ દિલને પણ બતાવી દઈએ તો તે એઝ ગુડ એઝ ખુદકુશી છે. આ વાત પણ અહંકાર ઉપર લાગુ થઈ જાય. હવે કહો કે વસ્તુતઃ આપણું જીવન પેચીદા અર્થાત્ જટિલ છે કે નહીં? આ આપણો અહંકાર પણ વસ્તુતઃ એટલો જ જટિલ છે. આ રહસ્યને ક્યારેય ભૂલવું ન જોઈએ.

આ તો મેં શેરો-શાયરી તમને સંભળાવી પરંતુ એક મજેદાર વાત બીજી તમને સંભળાવું : તમને આશ્ચર્ય થશે કે અહંકાર કેવા-કેવા કામ કરે છે! ત્યાર પછી આપણે પુષ્ટિ-અસ્મિતાનું એકાઉન્ટ ઑડિટ કરશું. પહેલાં આપણા અહંકારનો તો થોડોઘણો પરિચય મેળવી લઈએ!

મારા બચપણની એક મજેદાર વાત તમને બતાવું. બચપણમાં અમારા ઘરમાં એક નિયમ હતો કે મુંડન સંસ્કાર પછી યજ્ઞોપવીત સંસ્કાર સુધી બાળકના માથાના વાળ કાપવામાં નહોતા આવતા. તેથી અમારા લોકોના વાળ કપાતા ન હતા. મને યાદ છે કે પાંચ-છ વરસ સુધી તો લગભગ આ સમય હતો. રોજ સાંજે ભૃંગરાજ તેલ માથાના વાળમાં નાખવામાં આવતું. અને પછી ત્રણ લટવાળી ચોટલી ગુંથવામાં આવતી. હવે તો ફેશનમાં નથી રહી. ઘરડી સ્ત્રીઓ કરે છે. ત્રણ લટ લઈને એવી ગુંથવામાં આવે અને તે પાછી કડક ગુંથવામાં આવતી કે નાનપણથી મને આ પ્રક્રિયાથી ખૂબજ નફરત હતી. હું બચપણમાં જ વિચારતો રહેતો કે હું પણ એક દિવસ મોટો થઈશ તે દિવસે તેલ નાખવાનું બંધ કરી દઈશ અને ચોટી નહીં ગુંથાઉં.

જ્યારે થોડોક મોટો થયો મતલબ દશ-બાર વર્ષની વાત હશે ત્યારે તો વાળ કાપવાની ફેશન્ આવી ગઈ હતી. હવે તો વાળ કપાવવા પડતા હતા. આ એક બીજી તકલીફ શરૂ થઈ ગઈ! મને તકલીફ શું હતી કે જ્યારે

વાળ કપાવવા જઈએ તો નાઈ કાનની ઉપર, મોટરના ટાયરની ઉપર તે મડગાર્ડ જેવો આકાર વાળનો બનાવી દેતો અસ્ત્રાથી. એ બહુ ખરાબ લાગતું. પછી મેં વિચાર્યું કે એક તો ચોટી બનતી હતી તેનાથી છૂટ્યા તો આ કાનની ઉપર મડગાર્ડના ચક્કરમાં પાછા ફસાઈ ગયા! કાનની ઉપર અસ્ત્રો ફરવાનો અનુભવ બચપણમાં ગમતો ન હતો. હવે તો ખેર અભ્યાસ થઈ ગયો. પછી હું એવી ભાવના કરવા લાગ્યો કે ક્યારેક તો હું પણ આટલો મોટો થઈ જઈશ કે હું આ પણ નહીં કરાવું. લેહાજા એવું થયું કે મારી જ્યારે જનોઈ થઈ તેના પછી પાછી શાદી ન થાય ત્યાં સુધી વાળ કપાવવાની મનાઈ થઈ ગઈ! તેથી ત્યારે મેં ધોનીના જેવા મોટા-મોટા વાળ રાખવાનું શરૂ કરી દીધું. કેટલાક મારા દોસ્ત એવા હતા કે એમને મારા મોટા વાળ બહુ જ પસંદ આવતા હતા. તેઓ કહેતા હતા કે ''તમારા વાળ કેટલા રેશમ જેવા છે!'' અને મૂછ તો ઉગતી જ ન હતી પરંતુ એ વાળ ઉપર મને ભારે અહંકાર હતો. આ ધોનીએ પણ હવે તો કપાવી નાખ્યા, મુરખ છે! મારા તો વાળ પણ શાદી વખતે બળજબરીથી કપાવી નાખવામાં આવ્યા. શાદી વખતે કાકાજીનો હુકમ થયો કે પાગ બંધાવવી પડશે તેથી વાળ કપાવવા પડશે. પછી મારે ઝઘડો થઈ ગયો. મેં કહ્યું કે આટલા પ્રેમથી ખંભા સુધીના મોટા-મોટા વાળ રાખ્યા. આ શાદીની આપત્તિ અચાનક કેવી આવી ગઈ! મેં દાદાજીને કહ્યું કે પાગ બંધાવવા માટે મુંડન કેમ નથી કરાવી નથી નખાવતા? તો દાદાજી વધારે ગુસ્સે થઈ ગયા કે આવી વાત કરે છે શાદીના વખતે. બીજું કાંઈ ચાલ્યું નહીં પણ વાળ તો કપાવવા જ પડ્યા.

ખેર, અમારી સગાઈના ફોટામાં મારા વાળ એવા જ હતા. બીજી એક બહુ મજેદાર વાત તમને બતાવું કે એક દીવસ હું બેઠો હતો અને મારી મોટી દીકરી ઢબ્બુએ અચાનક લક્ષ્મીને પૂછ્યું ''ભાભી આ કાકા આપને પસંદ કેવી રીતે આવ્યા?'' એણે સગાઈનો ફોટો જોઈને એટલા નાક-મોઢું સીકુડ્યા. લક્ષ્મીનો જવાબ બહુ ઈન્ટેલિજન્ટ્ હતો : ''ચાલ મુરખ! અમે કાંઈ પસંદ કરીને શાદી થોડી કરી હતી! તમારા જેવા અમે ન હતા કે છોકરો જોઈને પસંદ કરીને શાદીની હા પાડીએ. અમારા દાદાજીએ કહ્યું કે કરો તો

કરી લીધી!''

મેં કહ્યું કે સરસ વાત કરી! રાઝે-દિલ હમદમકો પૂછને જાઉં મૈનેં ક્યા ખુદકુશીકી ઠાની હે. જો ક્યારેક રાઝેદિલ લક્ષ્મી મને કહી દેતી કે હું તેને પસંદ ન હતો તો પણ તેણે પોતાના દાદાજીના કહેવાથી મારી સાથે શાદી કરી લીધી તો લફડુ થઈ જાત કે નહીં? બહુ ઈન્ટેલિજન્ટ્ જવાબ આપી દીધો કે ઢબ્બુની બોલતી બંધ થઈ ગઈ. અને ઢબ્બુ ઉપર જ એટેક કરી દીધો ''તમારી જેમ અમે છોકરો પસંદ કરીને સગાઈ-શાદી નહોતી કરી''. મુદ્દો ગુપ્ત રહી ગયો કે ખરેખર લક્ષ્મીનો રાઝેદિલ હતો શું? મારી પણ, આજ સુધી પૂછવાની હિંમત ન થઈ કે એનો રાઝે-દિલ શું હતો? મારો પણ કાંઈક પોતાનો અહંકાર છે. ક્યાંક ખોલી દે તો મારા પતિ હોવાનો ફુગ્ગો જ ફૂટી જાય અને પચકા થઈ જાય. એ તો ઢબ્બુના પ્રશ્નથી જ પચકા થઈ ગયો પણ આનું રહસ્ય વધારે ખુલી ગયું હોત તો વધારે ગંભીર સમસ્યા પેદા થઈ જાત. પછી મેં પણ ખુલાસો ન માગ્યો, કે આ સૂત્રનું ભાષ્ય સારું નહીં. શા માટે હું ખુદકુશીનો નિર્ણય કરું. બોલો અહંકાર ખતરનાક છે કે નહીં? મોટા-મોટા છૂપાયેલા રૂપમાં આપણી સામે આવે. આપણે કહી ન શકીએ કે અહંકારનું સાચું રૂપ શું છે.

આ તો મેં મારી વાત બતાવી પરંતુ તમે પણ પતિ-પત્ની અંદરોઅંદર એક-બીજાને ક્યારેક પૂછી લો કે ''તે મને પસંદ કેમ કર્યો?'' તો મોટા-મોટા રહસ્ય એમાં છૂપાયેલા મળશે. માનો કે કોઈ કહી દે કે ''રૂપને કારણે પસંદ કર્યો'' તો રૂપ તો મારા કરતાંય એકટર કે એકટ્રેસનું સારૂં હશે. ઘર-પૈસાને પસંદ કર્યો, તો મુકેશ અંબાણી સારો. તો જવાબ શું દેવો? જવાબ દેવો ભારે પડી જાય. પતિ-પત્ની અંદરોઅંદર આવા સવાલ-જવાબ કરવા લાગી જાય તો ભયંકર નારદવિદ્યા થઈ જાય. તેથી રાઝે-દિલને મૌનના પડદામાં રહેવા દેવો જ સારી વાત હોય છે. પરદા જો ઉઠ ગયા તો ભેદ ખુલ જાયેગા. તો આ બધું અહંકારનું ચક્કર આવું જ છે.

### (એક અહંકારના રૂપ અનેક)

કેટલાય રૂપોમાં અહંકાર આપણને છેતરે છે. આપણે વિચારી રહ્યા

હોઈએ કે વયંતા છે પરંતુ વયંતાનું રૂપ ધારણ કરીને અહંતા આપણને છેતરી ન શકતી હોય એવી વાત નથી. આ આખાય સત્ર દરમ્યાન સાતે-સાત દીવસ અહંકારની જ મીમાંસા આપણે કરીશું.

આ અહંકારના એક સાયકોલોજિકલ એસ્પેક્ટની બાબતમાં આધુનિક સાયકોલોજીએ ઘણી બધી વાતો વિચારી છે અને અહંકારની બહુ જ સારી મીમાંસા કરી છે. તેના અંતર્ગત એક ખાસ ટેક્નિકલ ટર્મ એમની છે 'ઈગો ડિફેન્સ મેકેનિઝમ'. માણસ પોતાના અહંકારને કેવી-કેવી રીતથી સુરક્ષિત રાખે છે. તેના સ્વસ્થ/અસ્વસ્થ ઘણા પ્રકાર હોય છે. અને એ પ્રકારોમાં સહજ/ઔપાધિક ઘણા પ્રકાર હોય છે. અને તે પ્રકારોમાં કોઈ સાયકોલોજીસ્ટના હિસાબથી બાર તો કોઈના હિસાબથી ચૌદ-પંદર સોળ-અઢાર સુધીના પ્રભેદ છે. આપણે ચોક્કસ અત્યારે નહીં પણ અવસર આવશે ત્યારે તે બધા પણ જોઈશું. આ આપણને ભક્તિમાર્ગમાં કેવી રીતે સાધક કે બાધક થઈ શકે! કેમકે આપણો મુદ્દો ફક્ત સાયકોલોજી અથવા સાયકો-એનેલીસીસ નથી. આપણો મુદ્દો એ છે કે અહંકાર, ઈગો કે સેલ્ફ કે ડિફેન્સ-મેકેનિઝમની ભક્તિમાર્ગમાં કેટલી ઉપયોગીતા કે બાધકતા હોય છે! એ બધાનો પણ વિચાર આપણે જ્યારે તેનો પ્રસંગ આવશે ત્યારે કરવો છે. પરંતુ તેના પહેલાં અહંકારનો જે શ્લોક છે તે તમારી સામે છે :

(મૂલકારિકા)

**કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના ।**
**અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્ ॥**

(ત.દી.નિ.૨/૨૪૧)

આ પ્રશ્ન અહીંથી ઉઠ્યો હતો કે **"યથા-યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે, તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે"** સાધનમાં આપણી નિષ્ઠા અને કૃષ્ણનું આપણા હૃદયમાં સ્થિર થવું, આ એક-બીજાની સાથે રેસિપ્રોકેટ કરનારી વાતો છે. રેસિપ્રોકેટ એવી રીતે કરે છે કે

શ્રીકૃષ્ણનો ભજનાનંદ પ્રાપ્ત કરવામાં સાધનમાં જેટલી નિષ્ઠા આપણી હશે બરાબર એટલો જ કૃષ્ણ આપણા હૃદયમાં વધારે સ્થિર થશે. જેટલો શ્રીકૃષ્ણ આપણા હૃદયમાં વધારે સ્થિર એટલી આપણી સાધનમાં નિષ્ઠા!

તો સૌથી પહેલાં તો આપણે આ ફંડા કે પચકાને જ જોઈ લઈએ. તમને બહુ મજા આવશે. કેમકે આપણે એમ સમજીએ છીએ કે આપણો સાધનમાર્ગ નથી આપણો તો ફલમાર્ગ છે. આપણો તો પ્રમેયમાર્ગ છે, આપણો ઢીકડો માર્ગ છે, આપણો પૂંછડો માર્ગ છે. અરે ભાઈ! પણ મહાપ્રભુજી શું કહી રહ્યા છે :

**''યથા-યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે ।**
**તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે ।।**

(ત.દી.નિ.૨/૨૪૦)

તમે પોતાની સાધનનિષ્ઠાને તપાસો. જેમ થર્મામીટરથી તપાસ કરે કે શરીરમાં તાવ કેટલો છે. થર્મામીટરમાં આપણે તાવ જોઈએ. પહેલાના વૈદ્ય લોકો નાડીમાં જોતા હતા. અત્યારે આપણે થર્મામીટરમાં જોઈએ છીએ. તો ભક્તિમાર્ગીય સાધનોમાં આપણી પરિનિષ્ઠાના થર્મામીટરથી તપાસો તો તમને ખબર પડી જશે કે શ્રીકૃષ્ણનો તાવ તમને કેટલો ચઢ્યો છે. **''યથા-યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે''**. મહાપ્રભુજી કાંઈક બીજી વાત કહી રહ્યા છે. આપણે પુષ્ટિમાર્ગને જે પ્રકારથી સમજી રહ્યા છીએ તે પ્રકારથી મહાપ્રભુજી નથી કહી રહ્યા.

**(પુષ્ટિમાર્ગીય ભક્તિ અથવા પ્રપત્તિ બંનેમાં શ્રીકૃષ્ણ જ સાધન, સાધ્ય અને સિદ્ધિ પણ!)**

મહાપ્રભુજી આ પ્રકારથી કહી રહ્યા છે કે સાધન બરાબર કૃષ્ણ અને કૃષ્ણ બરાબર સાધન, ફલ બરાબર સાધન, અને સાધન બરાબર ફલ. ફલ તમારા હૃદયમાં છુપાયેલું હોય **''યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ**

**સર્વાત્મના હૃદિ તતઃ કિમ્ અપરં બ્રૂહિ લૌકિકૈઃ વૈદિકૈઃ અપિ!''** (ચતુઃ૩) તો જ તમારી અંદર સાચી સાધનનિષ્ઠા ઉત્પન્ન થશે. સાધનનિષ્ઠાનો પારો કેટલો ઉપર ચઢ્યો તે તપાસી લો, એટલો તમારી અંદર કૃષ્ણ બિરાજી રહ્યો હશે. આશ્વસ્ત રહો. કોઈ ચિંતાની વાત નથી.

આ કોઈ મોટી આધિદૈવિક વાત અથવા શ્રીકૃષ્ણના પ્રકટ મુખારવિંદ હોવાના નાતે મહાપ્રભુજીએ આશીર્વાદ કે વરદાનના રૂપમાં કહી હોય એવી પણ વાત નથી. આ તો એક સામાન્ય સમજની વાત છે. પોતાની દુકાનને ચલાવવાની કે આગળ ધપાવવાની ભાવના તમારા હૃદયની ભીતર કેટલી ભરાયેલી છે, એટલી જ તમે પોતાની દુકાનની સાર-સંભાળ વધારે કરશો. આપણે આપણા શરીરનો ખ્યાલ કેટલો રાખીએ છીએ! ફિઝિકલ ફિટનેસની સેલ્ફ અવેરનેસ આપણી ભીતર જેટલી હશે એટલુંજ તો તમે પોતાના શરીરને સારી રીતથી મેઈન્ટેઈન કરશો. પોતાની અક્કલના નિભાવમાં તમને જેટલી નિષ્ઠા હશે તે રીતથી જ તમે પોતાની અક્કલ મેઈન્ટેઈન કરશો. ઘણીવખત હું જોઉં છું, ચશ્મા તો ઘણા લોકો પહેરે છે, તમે પણ પહેરો છો હું પણ પહેરૂં છું. પણ કેટલાક લોકો પોતાના ચશ્માની સફાઈ એટલી રાખતા હોય છે કે આપણને લાગે કે ખરેખર ચશ્મામાં કેટલી નિષ્ઠા છે! ચશ્મા એમના હૃદયમાં બિરાજેલા લાગે! અને કેટલાક લોકો પોતાના ચશ્માને એવી બેદરકારીથી વાપરતા હોય કે એમાં લીટા પડી જાય તુટીફુટી પણ જાય. મતલબ ચશ્મા એના હૃદયમાં બિરાજેલા નથી, માત્ર આંખ ઉપર બિરાજમાન છે! એજ વાત મેં મારા વાળની પણ બતાવી કે મારા લાંબા વાળ મારા હૃદયમાં બિરાજમાન હતા તેથી માથાના વાળને નિભાવવાની મારી નિષ્ઠા કેટલી વધારે હતી! મારા વાળ માટે હું દરેક પ્રકારથી સંઘર્ષ કરતો રહ્યો કેમકે તે વાળ મારા માટે અહંકાર બનીને માથામાં વધ્યા હતા. હું જે કાંઈ પણ છું, આપણે એમ કહી શકીએ કે સેલ્ફ-આઈડેન્ટીફિકેશન, ધોનીએ તો કપાવી નાખ્યા અને મેં પણ પછીથી કપાવી નખાવ્યા પણ તે વખતે નહોતા કપાવ્યા. તે વખતે તે મારા સેલ્ફ-આઈડેન્ટીફિકેશનના ટેગ હતા. કેમકે તે વખતે મારા દિલમાં બિરાજેલા હતા. હવે દિલમાં નથી બિરાજતા તો વાત ખતમ થઈ ગઈ. તો

આ કોઈ ગંભીર વાત નથી કોમનસેન્સની વાત છે. બાળક ઉપર પણ આપણને જેટલો પ્રેમ હશે એટલો જ બાળકને આપણે એટેન્ડ કરશું. એજ વાત ઠાકોરજી ઉપર પણ લાગુ થઈ રહી છે. ઠાકોરજી આપણા હૃદયમાં જેટલા બિરાજેલા હશે એટલી આપણને ઠાકોરજીની સેવા ભક્તિ શરણાગતિ સંબંધી સાધનાઓમાં પરિનિષ્ઠા નિરંતર વર્ધમાન રહેશે અને જેટલા ઠાકોરજી ઓછા બિરાજેલા હશે એટલી આપણી નિષ્ઠા સાધનામાં ઓછી થતી જશે.

## (શ્રીકૃષ્ણની સામે અહંકાર ન કરવાનો મનોવૈજ્ઞાનિક ભાવ)

આ સંદર્ભમાં મહાપ્રભુજીએ એક શંકા એવી ઉઠાવી છે કે શું કારણ છે કે ઘણા લોકોને સાધનોમાં અતિ નિષ્ઠા દેખાતી હોવા છતાં જોઈએ તેટલી કૃષ્ણપ્રવણતા પ્રાપ્ત નથી થઈ શકતી? આનું કારણ શું? કારણની મીમાંસા કરતા-કરતા મહાપ્રભુજીએ અચાનક આ શ્લોક કહી દીધો છે-- **"કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના, અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્"** આ શ્લોકને તમે જરાક ધ્યાનથી જૂઓ. આ સાયકોલોજીનું ખૂબ મોટું રહસ્ય આપણને સમજાવ્યું છે. તે રહસ્ય શું છે? તે રહસ્ય એ છે કે જે વખતે તમે પોતાના જે સાધનોમાં નિષ્ઠા વધારી રહ્યા છો તે સાધનોમાં તમારી નિષ્ઠા અથવા કમિટમેન્ટ સ્ટ્રોંગથી સ્ટ્રોંગર કરતા જાઓ છો કે નહીં? તપાસો પોતાની જાતને, ઈન્ટ્રોસ્પેક્શન (અંતર્નિરીક્ષણ) કરો કે સાધનની નિષ્ઠા તમે અહંકારને કારણે વધારી રહ્યા છો કે શ્રીકૃષ્ણસ્નેહને કારણે વધારી રહ્યા છો?

આપણે કહીએ છીએ કે મહાપ્રભુજી પુષ્ટિધર્મ-સંપ્રદાયના આદ્યાચાર્ય હતા પરંતુ મનોવિજ્ઞાનના પણ ઘણા મોટા આચાર્ય છે. આ શ્લોક હકીકતમાં અચાનક નથી આવ્યો. મહાપ્રભુજીની ઊંડી પકડ છે આપણા માનસ ઉપર આ કારણથી આવ્યો છે.

જે વખતે તમે સાધનોને એકદમ દઢતાથી પકડી રહ્યા છો, સાધનોના પ્રત્યે એકદમ ટોટલી કમિટેડ્ થતા જાઓ છો, તેમાં બંને

પ્રકારની પૉસિબિલિટીસ્ (શક્યતાઓ) છે : તમે પોતાના ખોટા અહંકારના કારણે જ સાધનોને એટલા મજબુતીથી પકડી રહ્યા છો અથવા શ્રીકૃષ્ણના પ્રેમના કારણે સાધનોને પકડી રહ્યા છો. જો તમે શ્રીકૃષ્ણના પ્રેમના કારણે સાધનોને પકડી રહ્યા છો તો તમારી અંદર ખોટો અહંકાર પેદા જ નહીં થાય. કૃષ્ણભક્તિ જ પેદા થશે. જો તમે અહંકારના કારણે સાધનોને પકડી રહ્યા છો તો તમે કરી રહ્યા છો સાધન શ્રીકૃષ્ણની શરણાગતિના, તેની સેવાના તેની ભક્તિના; પરંતુ ક્યાંક ને ક્યાંક એ અહંકાર પાછો તમને છેતરી રહ્યો છે. અને પાછી એ જ કથા ''કુછ હકીકત હૈ કુછ કહાની હે, બડી પેચીદા જીંદગાની હે.'' આ વાત પેચીદગીમાં આવી ગઈ કે કાંઈક આમાં હકીકત છે; કેમકે, ના તો આપણે કેવી રીતે કહી શકીએ કે જ્યારે મહાપ્રભુજી આપણું કર્તવ્ય બતાવી રહ્યા હોય કે **''યથા-યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે''** પરંતુ સાથેસાથે પેરેલલ્ કથા કાંઈક બીજી ચાલી રહી છે કે એ જે સાધન છે, તે સાધનાચરણમાં આપણે આપણા અહંકારથી શ્રીકૃષ્ણની ભક્તિને જ દબાવવા સાધનનિષ્ઠાને વધારી રહ્યા છીએ. આનાથી શ્રીકૃષ્ણ સબ્-ઑર્ડિનેટ્ થઈ રહ્યો છે અને આપણો અહંકાર વધી રહ્યો છે. અને એ પાછો ઘાણીના બળદની જેમ ત્યાં ને ત્યાં જ ચક્કર મારી રહ્યો છે. આ વાત સમજાવવા માટે મહાપ્રભુજી કહી રહ્યા છે કે **''કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના, અહંકારં ન કુર્વિત માનાપેક્ષાં વિવર્જયેત્.''**

આનું એક કેવું થર્મામીટર મહાપ્રભુજી પ્રોવાઈડ્ કરી રહ્યા છે જુઓ! કૃષ્ણ તો સર્વાત્મક છે. બહુ સુંદર શબ્દાવલી છે કૃષ્ણનું સર્વાત્મક હોવું. કૃષ્ણના સર્વાત્મક હોવાનો મતલબ શું?

જગતમાં જે પણ નામ રૂપ કે કર્મ છે, તે કૃષ્ણના નામ રૂપ કે કર્મ છે. આ અર્થમાં કૃષ્ણ સર્વાત્મક છે. કૃષ્ણ આ અર્થમાં પણ સર્વાત્મક છે કે કૃષ્ણ જ પ્રમાણ છે, કૃષ્ણ જ પ્રમેય છે, કૃષ્ણ જ સાધન છે; અને, કૃષ્ણ જ ફલ છે. તો જ્યારે તમને આ હકીકત સમજાય જાય કે કૃષ્ણ જ પ્રમાણ વગેરે બધું જ કાંઈ છે તે વખતે અહંકાર કરવાની કોઈ વાત ક્યાંથી પેદા

થશે! હવે જે કૃષ્ણને તમે એવા જાણ્યા, એ જાણવામાં તમારૂં ઈન્સ્ટ્રુમેન્ટ કૃષ્ણ છે. જે ઈન્સ્ટ્રુમેન્ટથી જાણી રહ્યા છો એ શું છે? એ કૃષ્ણ છે. એ કૃષ્ણને જાણ્યા પછી મેળવવા શું માગો છો? કયા સાધનથી મેળવવા માગી રહ્યા છો તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે સાધનરૂપ પણ એ કૃષ્ણ છે તે ફલરૂપ પણ એજ કૃષ્ણ છે. હવે બોલો કે તમે પોતાનો અહંકાર શું-કેવીરીતે કરશો! તમારાથી જો કોઈ લીધેલો નિયમ નભી રહ્યો છે તો એ અર્થમાં કૃષ્ણ કોઈ પ્રકારથી ત્યાં એવેલેબલ્ છે. એટલા માટે તમારાથી તે નિયમ કે સાધના નભી રહી છે. કૃષ્ણ જો એવેલેબલ્ ન હોત તો સાધના તમારાથી નભી શકવાની નહોતી. તો આ સ્થિતિને સમજશો તો તમારો અહંકાર ડાયલ્યૂટ્ થઈ જશે. નહીંતર સાધના પરાયણ હોવાનો અહંકાર વધે છે, વધે છે અને વધે જ છે, ઘટી નથી શકતો. કેમકે સાધનનું અનુષ્ઠાન સ્વયં-પોતાનામાં એક એકસ્ટ્રાઓર્ડિનરી ફિનૉમિના છે.

નાનકડા સાધનની, ખાલી વાળ વધારવા જેવી, વાત બતાવી રહ્યો છું. માણસ ઈચ્છે કે હું ધોનીના જેવા વાળ વધારી લઉં પરંતુ ઘણી બધી સરકમ્સ્ટેન્સીસ્ એવી આવી જાય કે આપણે કપાવવા જ પડે. જ્યારે કે મુશર્રફે ધોનીને કહી દીધું હતું કે વાળ ન કપાવશો. તો પણ તેણે કપાવી નખાવ્યા! આપણે રાખી નથી શકતા.

હમણાં મેં એક બાળકનો ઈન્ટરવ્યુ વાંચ્યો. બહુ મજા આવી ગઈ વાંચીને, બ્રહ્મજ્ઞાન થઈ ગયું. તારે જમીનપર ફિલ્મના હીરો બાળકે એક વાત કહી કે "હું મોટો થઈને ક્યારેય ફિલ્મમાં કામ નહીં કરૂં" કેમ શું લફડું થઈ ગયું? તો એણે કહ્યું કે "બધી છોકરીઓ મારા ગાલ ખેંચે છે! બધાથી ખરાબ જાત છોકરીઓની હોય છે!" હવે જુઓ બિચારાનો અહંકાર કેટલો સાફ-સુથરો છે. જ્યારે કે ધોની બિચારો તરસતો હશે. આ અહંકાર એવો જ હરજાઈ છે. નાનપણમાં આપણે કાંઈક વિચારતા હોઈએ, મોટા થઈને કાંઈક બીજું વિચારવા લાગી જઈએ. "તું જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ. એ દિલે-નાદાં યે બદગુમાંની હે" આ અહંકાર તો આવો જ છે. બાળક અત્યારે તો આવું વિચારી રહ્યો છે પરંતુ મોટો થઈને ખબર નહીં શું

વિચારશે. તો આ અહંકારનું બહુ મોટું નાટક છે. ઘણી બધી આની વાર્તાઓ છે અને એવી જ રીતે આપણા જીવનની આપણી સાયકોલોજીની ઘણી બધી ટ્રુથ્ છે.

## (અહંકારના અનેકવિધ મુળિયા અને એની ઊંડાઇ)

આ અંકિતા અહીં બેઠેલી છે, એણે બાયોલોજિકલ્ સેલ્માં પણ અહંકારના વિદ્યમાન હોવાની શોધ કરીને બતાવી છે. તો આપણા સ્થૂલ અહંકારની રૂટ્સ્ તે સૂક્ષ્મ સ્તર ઉપર અંદર ફેલાયેલી છે. આને જોઈએ-વિચારીએ તો પરેશાની થાય કે અહંકારનું સામ્રાજ્ય કેટલું વ્યાપક છે! તેથી **''અહંકારં ન કુર્વિત''** ઠીક છે નહીં કરીએ પણ કરી રહ્યા છીએ કે નહીં એ કેમ ખબર પડે? તેથી તેનું થર્મામીટર્ મહાપ્રભુજી બતાવી રહ્યા છે કે તમને પોતાને ખબર પડે કે તમે અહંકાર કરી રહ્યા છો કે નથી કરી રહ્યા : **''માનાપેક્ષાં વિવર્જયેત્''**. તમે જે કાંઈ કામ કરી રહ્યા છો, બીજાઓ દ્વારા તેના રિકૉગ્નિશન્ની અપેક્ષા જ ન રાખો. તમે જે કાંઈ પણ કામ કરી રહ્યા છો તેને એવી મસ્તીથી કરો કે કોઈ તેને રિકૉગ્નાઈજ્ કરે એની અપેક્ષા તમને ન હોય માત્ર કામ કરવાની મસ્તી હોય તો સમજી જાવ કે તમારી અંદરનો અહંકાર વિકૃત નથી થયો. આ પ્રકારનો દષ્ટિકોણ રાખવાથી થોડો-ઘણો અસ્વસ્થ થયો પણ હશે તો તે પોતાની-જાતે ડાયલ્યૂટ્ થઈ જશે.

હવે તમારા અંદર આ ભાવ છે કે હું આટલું ભજન કરી રહ્યો છું, આઠ પ્રહરની સેવા કરી રહ્યો છું, મરજાદ લઈને સેવા કરી રહ્યો છું. અરે! નેગ-ભોગ-રાગના વૈભવવાળી સેવા કરી રહ્યા છો, છપ્પનભોગ પણ કરી રહ્યા છો! ગામને બોલાવીને દેખાડવા માટે જ તો ભગવત્સેવા કરી રહ્યા છો! તમે સેવા તો કરી રહ્યા છો કે નહીં પણ માન અપેક્ષાનો પરિત્યાગ તમે ચોક્કસ જ નથી કર્યો. મતલબ કે આ પ્રકારની સેવા કરવામાં તમારી અંદર શ્રીકૃષ્ણભક્તિને બદલે વધારે ખુદ તમારા ઈગોને સેટિસ્ફાઈડ્ કરવાની જ તો છે.

## (અહંકારની ભક્તિમાર્ગીય સારસંભાળ)

મહાપ્રભુજી આગળ આ પણ કહી રહ્યા છે **''મનસિ સ્વસ્ય દીનતા ભાવનીયા''** (ત.દી.નિ.પ્ર.૨/૨૪૧) શા માટે દીનતા ભાવનીયા, એ મેં તમને બતાવી દીધું કે દીનતાની ભાવના આપણે એટલા માટે કરવી જોઈએ કે પ્રમાણ પ્રમેય સાધન ફલ સર્વાત્મક જો કૃષ્ણ જ હોય તો તે શ્રીકૃષ્ણની સામે આપણામાં પ્રમાણકુશળ થવાની આપણી કોઈ બહુ મોટી એચીવમેન્ટ્ હોય તો તે વાસ્તવિક નથી. હું સાત દીવસ અહંકાર ઉપર પ્રવચન કરી શકું છું એ તો મારો બહુ મોટો એચીવમેન્ટ્ છે. અરે ભાઈ! એ એચીવમેન્ટ્ કઈ વાતનો છે? ભાગવતમાં આવે છે **''યો અન્તઃ પ્રવિશ્ય મમ વાચિ ઈમાં પ્રસુપ્તાં સંજીવયતિ અખિલશક્તિધરઃ સ્વધામ્ના''** (ભાગ.પુરા.૪/૯/૬) જો મારી વાત પ્રામાણિક હોય તો પ્રમાણ કોણ છે? એ તો કૃષ્ણ જ છે તો આમાં મારો એચીવમેન્ટ્ શું!

**''મનસિ સ્વસ્ય દીનતા ભાવનીયા સર્વાધિષ્ઠાનેષુ સર્વલોકેષુ યત્ર-યત્ર ભગવદ્બુદ્ધિઃ ભવતિ; બુદ્ધિઃ ચ કર્તવ્યા.''** (ત્યાંજ) જુઓ, મહાપ્રભુજી બે બહુ ખૂબસૂરત ઑલ્ટર્નેટિવ્સ્ સમજાવી રહ્યા છે. આ તો આપણે આપણા દિલને, દિલે નાદાંને, સાક્ષી બનાવીને પૂછવું પડશે. બદગુમાનીથી કામ નહીં ચાલે. આપણા દિલે-નાદાંને પૂછવું પડશે કે તમને આવી ભગવદ્બુદ્ધિ ક્યાં થઈ રહી છે; અથવા, ક્યાં નથી થઈ રહી? જ્યાં થઈ રહી છે ત્યાં તો ઓછામાં ઓછું માનાપેક્ષાની અપેક્ષા ન રાખો. ચૅરીટિ બિગેન્સ્ એટ્ હોમ, એમ ઓછામાં ઓછું ત્યાંથી પહેલાં માનની અપેક્ષાનો ત્યાગ કરો. અંતમાં મહાપ્રભુજી એ પણ કહી રહ્યા છે **''બુદ્ધિઃ ચ કર્તવ્યા''** કેમકે જો તમે કહો કે આવી બુદ્ધિ તમને ક્યાંય પણ ન થઈ રહી હોય તો કરવાનો પ્રયાસ કરો.

**''અન્યકર્તૃકાપમાનેઽપિ ન અહંકારં કુર્યાદ્, ભગવતઃ સકાશાદ્ માનાપેક્ષાં ચ વર્જયેત્.''** (ત.દી.નિ.પ્ર.૨/૨૪૧) આપણે પોતે માનાપેક્ષા ન રાખીએ પરંતુ કોઈ આપણું અકારણ અપમાન કરે તો ખોટી રીતે કેમ સહન કરવું? મહાપ્રભુજી કહી રહ્યા છે કે સહન કરી લો, શું તકલીફ છે! કોઈને કોઈ વાતમાં કોઈને કોઈ તો આપણું અપમાન કરશે જ.

ક્યાં-ક્યાં ઝઘડા કરવા જશો? સહન કરી લો. સેવા તો શ્રીકૃષ્ણની કરી રહ્યા છીએ ગામની નહીં. ગામથી માનાપેક્ષા નહીં રાખીએ પરંતુ જે શ્રીકૃષ્ણની સેવા કરી રહ્યા છીએ તેનાથી તો તેની સેવાની માનાપેક્ષા રાખી શકીએ શું? તો આ વધુ કહી રહ્યા છે કે **''ભગવતઃ સકાશાદ્ માનાપેક્ષાં ચ વર્જયેત્''** (ત.દી.નિ.પ્ર.૨/૨૪૧) ભગવાન પાસે માનની અપેક્ષા ન રાખો.

તેના પછીનો શ્લોક છે **''સર્વથા તદ્ગુણાલાપં નામોચ્ચારણમેવ વા સભાયામપિ કુર્વિત નિર્ભયો નિસ્પૃહઃ તથા''** (ત.દી.નિ.પ્ર. ૨/૨૪૨) ભગવાનનો ગુણાલાપ કરવાથી, ભગવાનના નામનું ઉચ્ચારણ કરવામાં કોઈ જાતનો ભય કે સ્પૃહા ન હોય તો આપણો અહંકાર લેશમાત્ર પણ અસ્વસ્થ નથી. ભગવાનના ગુણોનું કે ભગવાનના નામોનું ગાન આપણે ભરી સભામાં કરી શકીએ. એટલે કે ભરી સભામાં ભગવાનને આપણે પ્રોક્લેઈમ્ કરી શકીએ છીએ પરંતુ બે વાતની આમાં અપેક્ષા છે : એક નિર્ભયતાની અને બીજી નિસ્પૃહતાની. ભગવાનને પ્રોક્લેઈમ્ અન્ય કોઈ સ્પૃહાની સાથે ન કરો અને ભગવાનને પ્રોક્લેઈમ્ કોઈ ભયની સાથે પણ ન કરો. નિર્ભય અને નિસ્પૃહ થઈને ભગવાનને પ્રોક્લેઈમ્ કરો. તો કૃષ્ણ તમારા હૃદયમાં આવિષ્ટ થઈ જશે. જ્યારે કોઈ ભય કે સ્પૃહાને કારણે કરી રહ્યા છો તો ગેરંટી નથી કે જે ભગવન્નામ લઈ રહ્યા છો, તે ભગવન્નમાહાત્મ્યનું ગુણગાન છે. તમે ભગવાનને માટે કરી રહ્યા છો એની કોઈ ગેરંટી નથી. જ્યારે તમે નિર્ભય અને નિસ્પૃહ થઈને કરી રહ્યા છો તો ગેરંટી મળી ગઇ સમજો. હવે જુઓ આ વાત સીધી એવી જ છે કે આપણા દિલના સિવાય બીજા કોને ખબર પડે. બીજો કોઈ તો આક્ષેપ લગાવશે લગાવશે અને ચોક્કસ જ લગાવશે.

હવે શા માટે લગાવશે તેનું કારણ સમજો. કેમકે અહંકારનું સ્વયં પોતાનામાં મૅકેનિઝમ્ જટિલ છે. આ એટલું જટિલ મૅકેનિઝમ્ છે કે માણસ તેનાથી બચી ન શકે. હમણાં જ તો મેં બતાવ્યું કે દસ-પંદર ડિફૅન્સ્ મૅકેનિઝમ્ સાયકૉલોજિસ્ટ્ બતાવે છે. તે જ્યારે આવશે ત્યારે

આવશે, પરંતુ એક સામાન્ય થિયૉરેટિકલ્ વાત તમને સમજાવું. જે પ્રકારનો અહંકાર કરતા હોઈએ કે ન કરતા હોઈએ તે અહંકારનો અહંકાર હોવાનું ક્યારેય આપણને પ્રતિત નથી થતું. બીજાને જ પ્રતિત થાય, આ પાછી બીજી ખૂબસૂરતી છે અહંકારની. મોટામાં મોટા અહંકારીને પૂછી જોશો તો તે પણ કહેશે કે અહંકાર છે જ નહીં, આમાં અહંકાર શું? આપણો અહંકાર કેટલી વિલક્ષણ ઘટના છે. સાયકૉલોજિકલી વિચારશો તો આ ઘટનાનું રહસ્ય સમજાઈ જશે.

## (નિજાનુભૂતિમાં 'અહમ્' સર્વદા એકવચન)

આપણે એમ સમજીએ છીએ કે અહંકાર તો એસ્ક્લુઝિવલી આપણી કોઈ અંગત ચીજ છે કે જેને આપણે કોઈની સાથે શૅઅર્ નથી કરતા. કન્સેપ્ટની આ ખૂબસૂરતી જૂઓ. જેમ 'તે'+'તું'='તમે' થઈ જાય. 'તે'+'તે'='તેઓ' થઈ જાય. 'હું'+'તમે'='આપણે' પણ થઈ શકે પરંતુ 'હું' નું બહુવચન નથી થઈ શકતું. 'હું' નું બહુવચન બતાવો કે શું? આપણે વિચારીએ કે 'હું'નું બહુવચન 'અમે' પરંતુ ખોટી વાત છે. જ્યારે આપણે 'અમે' કહી રહ્યા હોઈએ ત્યારે 'હું' અને 'તે' અથવા 'હું' અને 'તું' આવી ગયો. તો 'હું' અને 'તે' ફરવા જવાના છીએ મતલબ ''અમે જવાના છીએ''. પરંતુ 'હું' અને 'હું' નૉટ પૉસિબલ્. એક ગજબ ઈમ્પૉસિબિલિટી છે. 'હું' અને 'હું' થઈ જ ન શકે. તેથી 'હું'નું બહુવચન થઈ જ ન શકે. બીજા બધાના બહુવચન થઈ શકે. 'તે'+'તે'='તેઓ' તો 'તું'+'તું'='તમે'. 'મૈં' 'મૈં' 'મૈં' તો બકરી જ થાય બાકી બહુવચન ન થાય. આ ખૂબસૂરતી છે અહંકારની કે 'હું'નું બહુવચન ન થાય. એટલા માટે 'હું'ને બીજા કોઈની સાથે શૅઅર્ નથી કરતા. 'હું'ના કારણે કોઈ બીજાને ''આ મારૂં છે'' આ રીતે શૅઅર્ કરી શકીએ, આમ છતાં 'હું' ની આ કેટલી મોટી ખાસિયત છે કે હું મારા 'હું'ને ક્યારેય ઓળખી ન શકું! બીજાને જ લાગે છે કે તમને અહંકાર છે. આપણે સવારે ઉઠીએ અને આપણા મોઢામાં વાસ આવતી હોય તો તે વાસ આપણને આવે? બીજા સાથે વાતચીત કરવા જઈએ તો તે કહે કે મોઢામાંથી બહુ વાસ આવે છે. અરે મારા મોઢાની વાસ મને કેમ ન આવી? આ નાક તો મોઢાથી કેટલું

નજીક છે! મારા મોઢાની વાસ મને ન આવે, એમ મારા અહંકારની જે પણ કાંઈ દુર્ગંધ હોય તે મને ખબર ન પડે. જેની સામે વાત કરૂં ''અમે એવા રે'' તો તુરત કોઈ કહેશે કે બહુ અહંકારી છો. હવે શું કરવું! અહંકારનું ચક્કર બહુ જટિલ છે. આપણે કહી પણ દઈએ, ખુલાસો પણ કરી દઈએ કે અમે અહંકાર નથી કરી રહ્યા. અહંતાની વાત નથી કહી રહ્યા વયંતાની વાત કરી રહ્યા છીએ. પણ તેની દુર્ગંધ તો બીજાને આવે જ છે અને સો ટકા ખાત્રી આપણે કેવી રીતે લઈ શકીએ! આપણે ''અમે એવા રે'' કહી રહ્યા છીએ તેમાં આપણને ગર્વ નથી. આપણો અહંકાર પણ આપણો હરજાઈ હોવાના કારણે તમને વાત બતાવી દીધી છે કે ''તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ એ દિલે-નાદાં યે બદગુમાંની હે.'' તો આપણા હરજાઈ અહંકાર પાસે આપણે જો વફાદારીની ખ્વાઈશ રાખતા હોઈએ તો આ આપણા દિલે-નાદાંની બદગુમાંની છે.

આપણે સમજી ન શકીએ એવી વાત નથી. હવે આ જંક્ચર્ ઉપર સમજાશે કે અહંકારની સમસ્યા આપણા અંદર સાયકોલોજિકલી, સોશિયોલોજિકલી કે સ્પિરિચ્યુઅલી કેટલી જબરદસ્ત સમસ્યા છે! અહંકારની રેંજ શું છે? અને તે રેંજ આ અહંકારમાં છૂપાયેલી બધી પ્રૉબ્લેમ્ છે, એ પ્રૉબ્લેમ ઉપર આપણે ધ્યાન આપીએ તો આપણને ખ્યાલ આવશે કે અહંકારનો સ્પૅક્ટ્રમ કેટલો મોટો છે! સતરંગીથી પણ વધારે બહુરંગી સ્પૅક્ટ્રમવાળો આ કોઈ ફિનોમિના આપણી અંદર ભરાયેલો પડ્યો છે.

**(મત પૂછ કે ક્યા હાલ હે મેરા તેરે આગે, તૂ દેખ કે ક્યા રંગ હે તેરા મેરે આગે)**

મનુષ્યની આંખ બહુરંગગ્રાહી માનવામાં આવે છે. છતાં પણ બધા રંગ મનુષ્યને ગૃહીત નથી થતાં. કેટલાક કલર-બ્લાઈંડ હોવાને કારણે કે કલર તરફ નૉન-સૅન્સિટીવિટીના કારણે પણ. આપણી આંખમાં રૉડ્સ્ અને કૉન્સ્ હોય છે. ક્યારેક એના પણ ઈન્-એક્ટિવ હોવાના કારણે પણ કેટલાક રંગ આપણને ગૃહીત નથી પણ થતાં. આટલા બધા રંગ અહંકારના

પણ છે. એ બધા રંગોમાં અહંકારને ખુદ પોતાના રંગમાં ઓળખવો ઘણી જ જટીલ કથા છે.

આપણે ફક્ત અહંકારના શું-શું સ્પૅક્ટ્રમ્ છે, અહંકારના શું-શું પ્રોસ્પૅક્ટિવ છે, તે આ સાત દિવસમાં જોવાનો જરૂર પ્રયત્ન કરીશું. આ તો મેં ખાલી તમને બતાવ્યું કે રનવે શું છે. જેના ઉપરથી આપણે ટેકઑફ્ કરવો છે. આ વખતે આ વિષયની ચર્ચા કરીશું. સહજ સંભવ છે કે વિષય કદાચ કેટેગરીના હિસાબથી કાંઈ પણ નવો ન હોય. નવો નહીં હોય તે એક બીજી કથા છે પરંતુ તે બધા વિષયોને આટલા વરસોથી સાંભળતા આવ્યા છીએ અને વિચારતા આવ્યા છીએ. એ બધા વિષયો ઉપર, એ બધા વિષયોને એક જાતના અહંકારની હાઈટ્ના પૅનોરૉમિક્ વ્યુથી જોવાનો પ્રયત્ન આ વખતે આપણે કરીશું.

અહંકારની ઑલ્ટિટ્યુડ્ ઉપરથી તેનો પૅનોરૉમિક્ વ્યુ આપણને શું મળી રહ્યો છે, તે આપણે જોવાનો પ્રયત્ન કરીશું. આ આપણો રન્વે છે, જેના ઉપરથી આપણે ટૅક્ઑફ્ કરવો છે. પ્રતિવર્ષનો આપણો નિયમ છે કે સાધનપ્રકરણના સ્વાધ્યાયમાં આપણી પુષ્ટિ-અસ્મિતાનું અકાઉન્ટ્ પણ ઓડિટ્ કરીએ છીએ. થોડીક આ વાતની ચર્ચા પણ હું તમારી સાથે આજ જરૂર કરવા માગીશ.

## (‘પુષ્ટિ-અસ્મિતા’ ગાન શું અહંકારગીતિ છે!)

એ ચર્ચા જેમ મેં તમને બતાવી કે આપણા આ ગાનમાં આપણા અહંકારનું ગાન છે કે નહીં? આ બહુ પ્રૉબ્લેમેટિક્ ઈશ્યુ છે, જેને આપણે પણ સૉલ્વ્ કરવો પડશે. સૉલ્વ્ કરવો, ઈન્ દ્ સેન્સ્ આપણે ખુદ સમજવો છે કે પ્રૉબ્લેમ્ કયા અને તેના સૉલ્યુશન્ કયા હોઈ શકે. ઈન્-નટ્-શૅલ્ આપણે એ કહી શકીએ કે આપણી પુષ્ટિ-અસ્મિતાના ગાનમાં સહજ સંભવ છે કે આપણો અહંકાર પ્રકટ થઈ રહ્યો હોય. કેમકે જે પ્રકારની જટિલતા છે, તે પ્રકારની જટિલતાને જોતાં આપણે ખુદ જ્યારે ગૅરન્ટી ન લઈ શકતા હોઈએ તો આપણે કેવી રીતે ઈન્કાર કરી શકીએ કે આમાં અહંકાર નથી. આનો ડાઈલેમા એવો છે, જેમ કોર્ટરૂમમાં વકીલ ક્રોસ કરતી

વખતે પૂછે કે તમારા ભીતર અહંકાર છે કે નહીં તો લફડું થઈ જાય. ના પાડી તો ભીતર ઘણો બધો અહંકાર છે અને હા પાડી ત્યારે તો ફસાઈ જ ગયા, નિર્લજ્જ છો. કેટલા અહંકારી છો કે સ્વીકાર કરવામાં પણ શરમ નથી આવતી! તો આ બહુ ડાઈલેમિક્ પ્રોબ્લેમ્ છે કે જેને ન હા પાડી શકાય છે અને ન તો ના પાડી શકાય છે. માણસ જાય તો જાય ક્યાં? આ પ્રકારનો ઈશ્યુ છે. આ ઈશ્યુના ડાઈલેમામાં આપણે પુષ્ટિ-અસ્મિતાનો ઈવેલ્યુએશન્ પણ ડેફિનેટલી કરવો જોઈએ કેમકે આપણે આપણી પુષ્ટિ-અસ્મિતાનો ઉત્સવ મનાવી રહ્યા છીએ અને જે પણ કાંઈ મહાપ્રભુના ગ્રંથોનું અવગાહન આપણે કરી રહ્યા છીએ તે ખરેખર પુષ્ટિ-અસ્મિતાના ઉત્સવને મનાવવા માટે કરી રહ્યા છીએ. તો તે દષ્ટિથી પણ આપણું પરમ કર્તવ્ય બની જાય છે કે આપણે આપણી પુષ્ટિ-અસ્મિતાનું અકાઉન્ટ્ને ઑડિટ્ કરીએ.

તેમાં સામાન્ય વાત આપણે એટલી વિચારી શકીએ કે આ પુષ્ટિ-અસ્મિતાનું ગાન કોઈના ઉપર આક્ષેપના અર્થમાં કરી રહ્યા છીએ કે મહાપ્રભુના સિદ્ધાન્તને ગાવા માટે કરી રહ્યા છીએ? તમારા ગુજરાતી લોકોમાં એક બહુ સરસ કહેવત છે કે એક આંગળી તમે કોઈની સામે કરો તો ત્રણ આંગળી તમારી તરફ આવે છે. કોઈના તરફ આરોપની એક આંગળી તમે તાણો તો ત્રણ આંગળી તમારા તરફ તણાઈ જશે. એક્જેક્ટ્લી, તે દષ્ટિથી આપણે વિચારી શકીએ છીએ કે આપણે કોઈના ઉપર આક્ષેપના અર્થમાં આ જો ગાન કરતા હોઈએ તો ચોક્કસ આપણા ઉપર પણ ત્રણ આંગળીઓ તણાઈ જશે. આટલા માટે જ મેં તમને સમજાવ્યું કે કોઈના ઉપર આક્ષેપના અર્થમાં આ ગાન ન કરતા હોઈએ અને મહાપ્રભુના સિદ્ધાન્ત શું છે તેનું ગાન કરતા હોઈએ, તેમાં જો આપણો અહંકાર આપણને છળી રહ્યો હોય તો મનમાં આશ્વસ્તતા રાખવી જોઈએ કે છળી રહ્યો છે તો ભલે છળી રહ્યો હોય **''કામં ક્રોધં ભયં સ્નેહમ્ ઐક્યં સૌહૃદમેવ વા નિત્યં હરૌ વિદધતો યાન્તિ તન્મયતાં હિ તે''** (ભાગ.પુરા. ૧૦/૨૯/૧૫). પરંતુ તે જો મહાપ્રભુના સિદ્ધાન્તમાં અહંકારનો વિનિયોગ કર્યો છે તો મહાપ્રભુના સિદ્ધાન્તના અંગીકાર રૂપ તે

અહંકાર થઈ જશે. તે આપણા માટે પ્રાઈડ્ પઝેશન્ (ગૌરવયુક્ત અધિકાર) છે છે અને છે, રહેવો જ જોઈએ. **"ભૂલ જિન જાય મન અનત મેરો, અન્યસમ્બન્ધતેં અધિક ડરપત રહોં, અન્ય સાધન હું તે કર નિવેરો, ભૂલ જિન જાય મન અનત મેરો".**

મહાપ્રભુના સિદ્ધાન્તમાં અહંકારનો જો **"કામં ક્રોધં ભયં...યાન્તિ તન્મયતાં હિ તે"** (ભાગ.પુરા.૧૦/૨૯/૧૫) ન્યાયથી આપણે વિનિયોગ કરી રહ્યા હોઈએ તો જેમ મહાપ્રભુ આજ્ઞા કરે છે **"ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્, તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ"** (સિ.ર.૮) તેવું થશે. ભલે આપણો અહંકાર ગટરના જેવો ગંદો હોય પણ જે વખતે સમર્પણની પ્રક્રિયાદ્વારા ભગવાનના દાસ્યભાવમાં આપણે તેનો વિનિયોગ કર્યો, ભગવાનના પ્રત્યે સમર્પણની પ્રક્રિયા શરણાગતિના ભાવમાં તેનો વિનિયોગ કર્યો, તો ગટર પણ ગંગામાં મળવાથી ગંગારૂપ થઈ જાય, તેમ આપણા અહંકારનો જો ભગવદર્થ વિનિયોગ આપણે કર્યો હોય તો તે તો અભિલષિત પ્રક્રિયા જ છે, અષ્ટાક્ષરદીક્ષામાં પણ અને પંચાક્ષરદીક્ષામાં પણ. ત્યારે પુષ્ટિ-અસ્મિતાનો આપણો અહંકાર પણ, અહંકાર નહીં પરંતુ વયંતા સિદ્ધ થઈ જશે.

જો આ અહંતા પણ હોય, તો પણ આપણે આપણા સિદ્ધાન્તમાં તેનો વિનિયોગ કરી રહ્યા હોઈએ તો, આપણે આશ્વસ્ત રહેવું જોઈએ. સૌથી મોટી વાત આમાં એ આશ્વસ્ત રહેવા માટે એ છે : જો કોઈને પોતાનો અહંકાર તોડવો અભિલષિત હોય તો, કેમકે આપણા અહંકારની દુર્ગંધ આપણને ન આવે એ તો બીજાને જ આવશે. બીજાને જો આપણી પુષ્ટિ-અસ્મિતામાં અહંકારની વાસ આવતી હોય તો, બધાથી સરળ ઉપાય પોતાના અહંકારને તોડવાનો સર્વથા સુલભ છે. તે એ છે કે તેને આપણી પુષ્ટિ-અસ્મિતા ગીત ગાવા લાગવું જોઈએ : "અમે એવા રે..." તમે જ શા માટે એવા રે અમે પણ એવા રે.

કોઈ નથી ગાતું એટલે અમારો અહંકાર વધી શકે છે. બધાં જ

ગાવા લાગે તો આપણો અહંકાર પોતે ઓગળી જશે.

પુષ્ટિ-અસ્મિતાના ગાનમાં તકલીફ શું છે? શું કોઈ અપસિદ્ધાન્ત છે? કોઈ અપસિદ્ધાન્ત જો માનતો હોય તો આપણે મહાપ્રભુના વચન પણ સાથે-સાથે રાખ્યા છે. પુષ્ટિ-અસ્મિતાની દરેક લીટીની બરાબર (એકબીજીની સામે) મહાપ્રભુનું કોઈ ને કોઈ વચન રાખ્યું છે. આ તો મહાપ્રભુના ગ્રંથોમાંથી કોઈ ને કોઈ વચનનો માત્ર કાવ્યાનુવાદ છે. મહાપ્રભુના વચનોને જ પુષ્ટિ-અસ્મિતા તરીકે ગાઈ રહ્યા હોઈએ તો આપણે આપણી પુષ્ટિ-અસ્મિતાનો આપણા અહંકારનો વિનિયોગ મહાપ્રભુના સિદ્ધાન્તમાં કરી રહ્યા છીએ. જે વખતે વિનિયોગ કરી રહ્યા છીએ તે વખતે આપણો અહંકાર ગટર જેવો પણ હશે તો તે **"ગંગાત્વે સર્વ દોષાણાં..."** સિદ્ધાન્તાનુકૂલ અહંતામાં સુધરી જશે. આટલી સંભાળ આપણે આમાં ચોક્કસ લઈ શકીએ છીએ અને લેવી જ જોઈએ.

મહાપ્રભુના સિદ્ધાન્તની કાળજી આપણે નથી લેતાં તેના કારણે જ સંપ્રદાયમાં ઘણાબધા ગોટાળા ચાલી નિકળ્યા છે. જો મહાપ્રભુના સિદ્ધાન્તની પ્રત્યે એટલી સ્વીકૃતિ, એટલી નિષ્ઠા આપણી ભીતર હોત તો, પોતાને અથવા બીજા કોઈને અહંકાર કરવાનો કોઈ વિષય જ નહીં રહી જાય.

આપણે બધા મુંબઈમાં રહીએ છીએ પરન્તુ આપણામાંથી કોઈને મુંબઈમાં રહેવાનો અહંકાર ક્યારેય થાય છે શું?

પરંતુ આવો અહંકાર પ્રકટ પણ થઈ શકે જો આપણે ક્યાંય ગામડામાં પહોંચી જઈએ તો. જે બિચારો મુંબઈમાં ન રહેતો હોય, એવો ગામડાનો કોઈ ભોળો માણસ, આપણી પાસે આવે તો આપણને લાગે કે "તમે ગામડાનાં છો!" નાનપણમાં એક ગુજરાતી ગીત સાંભળ્યું હતું *"અમે મુંબઈના રહેવાસી, ચર્નીરોડપર ચંપાનિવાસમાં રૂમ-નંબર એક્યાસી, અમે મુંબઈના રહેવાસી"* ચર્નીરોડ ઉપર 'ચંપાનિવાસ' બિલ્ડિંગના એક્યાસી નંબરના રૂમમાં રહેવાનો અહંકાર પણ થઈ શકે છે. કેટલી મોટી ચાલી કે જેની એક્યાસીમી એક નાનકડી કોટડીમાં રહેવાવાળો

પણ ગામમાં જઈને પાછો દાદાગીરી કરી શકે કે ''અમે મુંબઈના રહેવાસી''. મુંબઈના રહેવાસી હોય પણ તોય તેનો અહંકાર મુંબઈના નિવાસીઓની વચમાં નભી નથી શકતો છતાં પણ બીજી જગ્યાએ જઈએ તો પ્રકટ થઈ શકે છે. એવી જ રીતે સિદ્ધાન્તનો અહંકાર પણ કોની વચ્ચે પ્રકટ થઈ શકે જે સિદ્ધાન્તાચરણ ન કરતો હોય.

આવો! આજે આપણે બધા મળીને કહીએ કે અમે હવે મહાપ્રભુના સિદ્ધાન્તને પૂરી નિષ્ઠાથી નિભાવશું અને જીવશું, તો આપણો બધાનો અહંકાર ખતમ થઈ જશે! જો નિષ્ઠા બધા નિભાવતા હોય તો કોઈના ભીતર અહંકાર શા માટે અને કેવી રીતે થઈ શકશે? મુંબઈમાં રહેવાવાળાને ક્યારેય મુંબઈનો અહંકાર થઈ નથી શકતો. આવી રીતે સિદ્ધાન્ત બધા પાળતા હશે તો ''અમે એવા રે!'' સિદ્ધાન્તના ગાનમાં અહંકાર નભી નહીં શકે, આ રહસ્ય આપણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ.*

(*અહીંથી પુષ્ટિઅસ્મિતાના લેખાજોખાવાળો પ્રવચનનો અંશ પરિશિષ્ટના રૂપમાં જોડવામાં આવેલ છે(સમ્પાદક).)

આજે અમે ગુસાંઈઓને પણ આવી જ રીતે મહાપ્રભુના સિદ્ધાન્તોને દફન કરવાનો ઈગો પ્રસરી ગયો છે. આ પ્રકારની આજે આપણે પ્રેક્ટિસ્ કરીએ છીએ. આ એક નગ્ન સત્ય છે. શરૂઆત આપણે કરી હતી કે અમે મહાપ્રભુના સિદ્ધાન્તનું પાલન કરીશું. પરંતુ આજે આપણે આ વાત ઉપર રોઈએ છીએ કે અમે દફન શા માટે નથી કરી શકતા? જેઓ દફન ન કરવા દે, જેઓ દફનની ના પાડે તેઓને અહંકાર છે. ઈગો તો હરજાઈ છે ''તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ. એ દિલ-એ-નાદાં યે બદગુમાની હે''. કેમકે દિલને ખબર નથી પડતી કે કઈ વાત ઉપર દિલ ક્યારે ચાલ્યું જાય. જે વખતે જે પ્રકારથી દિલ ચાલ્યું જાય તે પ્રકારથી આપણો ઈગો બદલાઈ જાય. ઈગો આપણો મૅઇન્ટેન્ તો થાય નહીં આ બેજિક્ ઈશ્યુ છે.

એક મજેદાર વાત બતાવું : કોઈ પરિવારમાં કોઈ બાળકે કાચબો પાળ્યો. કાચબાની બાયોલૉજીકલ્ ક્લોક્ હોય છે. કાચબો હાઈબરનેશન્માં (સુષુપ્તાવસ્થામાં) કે ઈનર્શિયામાં (નિષ્ક્રિયતામાં) ગયો. બાળકને લાગ્યું કે એ મરી ગયો. બાળકે રોવાનું શરૂ કર્યું કે મેં કાચબો પાળ્યો અને તે મરી ગયો. એને સમજાવવો કેમ? એના ઈગોનો સવાલ થઈ ગયો કે જે કાચબો

મેં પાળ્યો તે મર્યો કેવી રીતે? જૂઓ અહંકારની વાત કહી રહ્યો છું. બાળકે રોકકળ શરૂ કરી તો મા-બાપે ઊંધુ-ચત્તુ સમજાવી દીધું ''કાંઇ ચિંતા કરવાની વાત નથી આપણે આ કાચબાનું સરઘસ કાઢીને દફનવિધિ કરશું''. અને પછી એમણે સરઘસનું વર્ણન કર્યું કે ''સરઘસમાં આને બોલાવશું તેને બોલાવશું, ગાડીમાં લઇ જઇશું'' બાળકનો ઈગો પણ પાછો હરજાઈ છે ને! ''તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ.'' બાળકને લાગ્યું કે કાચબાને પાળ્યો એમાં તો કોઈએ આટલો રિકગ્નિશન્ ન આપ્યું. કાચબો મરી ગયો એમાં આટલા બધા લોકો આવશે. તો બાળકને મજા આવી ગઇ. તેણે કહ્યું કે કરો દફન. બધી જાહેરાત થઇ ગઇ. એટલામાં એ કાચબો ચાલીને તળાવમાં ચાલ્યો ગયો. એ તો જીવતો નિકળ્યો. સુષુપ્તાવસ્થા છોડીને જાગ્રતાવસ્થામાં આવી ગયો. બાળક પાછો રોવા માંડ્યો ''આને દફન કરો, આને દફન કરો''. બાય્ ધેટ્ ટાઈમ્ કાચબાનો પાલક થવાને બદલે કાચબાને દફન કરવાનો ઈગો પ્રકટ થઇ ગયો.

## (પ્રશ્નોત્તરી)

**પ્રશ્ન :** આપે કહ્યું કે કૃષ્ણનો બુખાર કેટલો ચઢ્યો છે તે જોવું હોય તો આપણી સાધનનિષ્ઠાને તપાસીએ ત્યારે ખબર પડે પરંતુ પહેલાં તો હરિના તરફથી જેટલી કૃપા હશે એટલી સાધનનિષ્ઠા વધશે તો સાધનનિષ્ઠાને કારણે કૃષ્ણનો આવેશ થશે કે કૃષ્ણાવેશના કારણે સાધનનિષ્ઠા થશે, આ ગુંચવણ છે. સાધનનિષ્ઠામાં **''હરિઃ મનસિ આવિશતે નિજે''** જે કહ્યું તેમાં તો હરિના તરફથી હરિ જ આપણા હૃદયમાં બિરાજશે ત્યારે તો એટલી સાધનનિષ્ઠા વધશે.

**જવાબ :** એક 'રેશિઓ-અસેન્ડાઈ' હોય છે અને બીજો 'રેશિઓ-કૉગ્નિસેન્ડાઈ' હોય છે. આગ પહેલાં હોય, ધુમાડો પછી પેદા થાય. આગને 'રેશિઓ-અસેન્ડાઈ' કહેવાય. કેમકે આગ ધુમાડાનો કારકહેતુ થાય. ધુમાડાને કારણે આગનું અનુમાન થાય તેથી ધુમાડો આગનો જ્ઞાપકહેતુ 'રેશિઓ-કૉગ્નિસેન્ડાઈ' થાય. સમજના હિસાબથી ધુમાડો આપણને પહેલાં દેખાય છે અને તેના કારણે આપણને આગ છે તે સમજમાં આવે

છે. ધુમાડો ઊઠી રહ્યો છે તો ક્યાંક ને ક્યાંક આગ હશે. તેથી રેશિઓ-કૉગ્નિસેન્ડાઈ છે. એની જે પ્રાયોરિટી છે તે નોટ્ એજ્ એ ફૅક્ટ્ બટ્ એજ્ એ આઈટમ ઑફ્ અન્ડરસ્ટેન્ડિંગ તે પહેલાં આવે છે. કૃષ્ણનું મનમાં આવિષ્ટ થવું રેશિઓ-અસેન્ડાઈ છે અને સાધનની પરિનિષ્ઠા રેશિઓ-કૉગ્નિસેન્ડાઈ છે.

**પ્રશ્ન : સાધનનિષ્ઠાનો મતલબ સાધન કરવા એમ સમજવો? કેવી રીતે?**

**જવાબ :** આ વિષયને સ્પષ્ટ કરવાનો દરેક વખતે મેં ઘણો પ્રયત્ન કર્યો પરંતુ ફરીથી યાદ અપાવી દઉં. સાધનોની સાધનતાની સ્વીકૃતિ બધાથી પ્રાઈમરી ઈશ્યુ છે. તે સ્વીકૃતિ, કેમકે આપણે મનુષ્ય છીએ, થોડા રૅશનલ્ પણ અને થોડા ઈર્રૅશનલ્ પણ. અર્થાત્ આપણે બંનેના ચોંચોંના મુરબ્બા છીએ. તો મોસ્ટ્ ઑફ દ્ ટાઈમ્ આપણી બધી વાતો આપણી સમજણ સાથે સંકળાયેલી છે કે આપણા એટીટ્યુડ્થી? આ ઈન્ક્લિનેશન્(રૂચિ)ના કારણે આપણે એને પસંદ કરીએ છીએ, આ આપણે ખુદ સમજી નથી શકતા હોતા. જ્યારે આપણે ખુદ સમજી શકતા ન હોઈએ તો બીજાને શું બતાવી શકશું?

પરંતુ સૌથી પહેલાં આપણી ભીતર સાધનની એક્સેપ્ટિબિલિટિ આવે છે. જે કાંઈ મને જોઈએ છે તેનું સાધન આ છે. જેમ પૈસા ઈમીડિએટ્ જોઈએ છે તો મટકાનો નંબર લગાડવો એક સાધન છે. તો મટકાની એક્સેપ્ટિબિલિટિ પહેલાં આવવી જોઈએ. નેતા બનવું છે તો ચુંટણી લડવી. તે સાધનતા સમજમાં આવે છે. તો સાધનની સ્વીકૃતિ છે તે રૂચિમૂલક છે કે બુદ્ધિમૂલક છે, કે પછી આઈધર્ ઈટ્ બી ચોંચોંનો મુરબ્બો બંનો હોઈ શકે છે. તેમાં આપણી શ્રદ્ધા પ્રકટે. આ સાધનથી હું આ ફલ પ્રાપ્ત કરી શકું. શ્રદ્ધા નથી પ્રકટ થઈ રહી તો સાધનનો સ્વીકાર કરવા છતાં પણ સચ્ચાઈથી પકડી નહીં શકો. એ ફોર્સ નહીં આવે. જ્યારે તમને શ્રદ્ધા પ્રકટ થઈ ગઈ ત્યારે તમે પ્રેકટીશ કરશો. તે કરવાથી તમને કાંઈ પણ હકારાત્મક પરિણામ મળે તો તમારી ભીતર વિશ્વાસ જાગશે. કેમકે

શ્રદ્ધા સાહસ છે. તે સાહસ તો તમે કરી લો છો. પરંતુ તેના પછી તેમાં બિલીફ્ પેદા થવી બીજો સ્ટેપ છે. જ્યાં સુધી એક્સપરિમેન્ટ્ ન કરો ત્યાં સુધી તેમાં તમને વિશ્વાસ નહીં આવે. હું વારંવાર આ કહું કે જે દિવસે પતિ-પત્નીના લગ્ન થઈ જાય તે દિવસે બંનેની અંદર શ્રદ્ધા તો પ્રકટ થઈ જાય કે આ મારો પતિ છે કે આ મારી પત્ની છે. પરંતુ વિશ્વાસ લાઈફલોન્ગ્ સુધી ક્યારેય ન થાય. જો વિશ્વાસ હોત તો *''ક્યાં જાય છે, રાત્રે મોડી કેમ આવી?''* આ પ્રશ્ન થવો જ ન જોઈએ, શ્રદ્ધા હોય છે પરંતુ વિશ્વાસ ક્યાં હોય છે? વિશ્વાસ ક્યારે આવે? શ્રદ્ધા સાહસ કર્યા પછી આપણે રિપીટેટિવ્ એક્સપરિમેન્ટ્ કર્યો હોય તો તે ફિનોમીનાને માટે તમારા ભીતર વિશ્વાસ જાગે. વિશ્વાસમાં સાહસ નથી વિશ્વાસમાં રિપીટેડ્ એક્સ્પીરિયન્સ્ કામ આવે. રિપીટેડ્ એક્સપીરિયન્સ્ છે તો વિશ્વાસ આવી જશે. શ્રદ્ધા એક સાહસ છે કે ચાલો અમે હિમાલય ચઢશું. પરંતુ ચાર વખત હિમાલય ચઢીને આવ્યા તો વિશ્વાસ થઈ જશે બાકી નહીં તો ફક્ત શ્રદ્ધા છે. તે વિશ્વાસના કારણે જે પણ કોઈ સાધન છે તેમાં નિષ્ઠા તમારી ત્યારે પ્રકટ થશે જ્યારે જીવનમાં વ્યવહારમાં લાવશો. ત્યારે તેની નિષ્ઠા પ્રકટશે. મોટાભાગે મર્ડર કરનારો માણસ કેમ મર્ડર કરીને થરથરી જાય. પહેલાં નથી કર્યું મર્ડર, અનુભવ નથી, તેના પછી થરથરી જાય. અને જે પ્રૉફેશનલ્ મર્ડરર્ હોય તેને લાઈ-ડિટેક્ટર્ ઉપર પકડવો પણ મુશ્કેલ થઈ જાય. કેમ મુશ્કેલ થઈ જાય? તેના ભીતર નિષ્ઠા છે. મારવા માટે માર્યો. કોઈ શેર થોડો માર્યો? ધંધો હતો મારવાનો તો શૂટ્ કરી દીધો. આપણને પણ ઉંદર કે વાંદાને મારવામાં ગ્લાની થાય? મારી નાખીએ જેમ સોપારી લેવાવાળા મારે. સોપારી લેવાવાળા માટે આપણી કીંમત એ ઉંદર કે વાંદાથી વધારે ન હોય. તે એટલી સહેલાઈથી મારી શકે. કેમકે તેનામાં અવારનવાર મારી નાખવાની નિષ્ઠા એકઠી થઈ છે. મહાપ્રભુએ ખુલાસો કર્યો છે કે **''નિષ્ઠાભાવે ફલં તસ્માદ્ નાસ્ત્યેવ ઈતિ વિનિશ્ચયઃ નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા''** (ત.દી.નિ.૧/૧૮) કોઈ વસ્તુને તમે સતત પોતાના જીવનમાં જીવશો તો તેની નિષ્ઠા પ્રકટશે, નથી જીવી રહ્યા તો શ્રદ્ધા હોઈ શકે, વિશ્વાસ હોઈ શકે છે, પરંતુ નિષ્ઠા નહીં પ્રકટ થાય.

નિષ્ઠા તો ઈમ્પ્લિમેન્ટેશન્થી જ આવે.

અવારનવાર હું એક વાત કહેતો રહું કે આપણે કરાટેનો અભ્યાસ કરીએ તે તેમાં ઈંટ તોડવાની હોય પરંતુ આપણે કોઈને કરાટેનો અભ્યાસ કરતા જોઈને ઈંટ તોડવા જઈએ તો હાથનાં હાડકાં જ ભાંગી જશે. કેમ ભાંગી જાય? કેમકે અભ્યાસ નથી. રોજ આપણે પત્થરને મારતા રહીએ તો હાડકામાં પણ કઠોરતા આવી જશે. તેના માટે નિષ્ઠા જોઈએ.

## (અહંકારનું સ્વરૂપ શું?)

## ‘‘અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્’’

આનો બેજિક એક્સ્પ્લેશન્ હતો એ તો કાલે બતાવ્યો હતો. આજ જે ફ્રેજ્ ઉપર આપણે વધારે કૉન્સન્ટ્રેશન્ કરવો છે તે ફ્રેજ છે **‘‘અહંકારં ન કુર્વીત’’** એટલે કે અહંકાર ન કરો. આ નિષેધ છે કે અહંકાર ન કરો. ‘‘ન કરો!’’ કહેવાથી જ આપણને લાગે કે અહંકાર કોઈ કામ છે, અહંકાર ક્રિયા છે જેને કરવાની મનાઈ કરવામાં આવી રહી છે. જે વખતે આપણે વિચારીએ કે અહંકાર કોઈ કર્મ છે કે કોઈ ક્રિયા છે જે આપણે નથી કરવાની, તો આપણી આ સમજની સાથે એક વાત બીજી આવશે. જે સંસ્કૃત ભણ્યા છે તેમને તો કોઈ તકલીફ નહીં થાય. કોઈ પણ કામ(ક્રિયા) જ્યારે આપણે કરતા હોઈએ તો કામનો (ક્રિયાનો) કોઈ કર્તા હશે. ‘‘જાય છે’’, કોણ જાય છે? કર્તા જાય છે. ‘‘તે જોવે છે’’, શું જોવે છે? તો કર્મ થઈ ગયું. ‘‘જોવે છે’’, શેનાથી જોવે છે? કોઈ ને કોઈ તેનું સાધન હશે. તો કરણ થઈ ગયો. શેના માટે કે ક્યા હેતુથી? તો કોઈ ન કોઈ તેનું સમ્પ્રદાન હશે. જેવી ક્રિયા આવીકે તુરત તેની સાથે બધા મુદ્દાઓ જોડાયેલા આવે. ‘‘અહંકાર ન કરો’’ કોણ અહંકાર ન કરે? કર્તાને કહેવામાં આવે કે ‘‘અહંકાર ન કરો’’ શું નહીં કરવું ? કર્મરૂપ અહંકાર ન કરવો. કોનાથી અહંકાર ન કરવો? તો કરણનો ખુલાસો કરવો પડશે અથવા કરણથી અહંકાર ન કરો. કયા પ્રયોજનથી અહંકાર ન કરવો? તો સંપ્રદાન બતાવવું પડશે કે આ અથવા તે પ્રયોજનથી અહંકાર ન કરો. ક્યાં અહંકાર ન કરો? તો અધિકરણ બતાવવું પડશે કે વ્યવહારમાં વાણીમાં મનમાં

બુદ્ધિમાં અથવા ચિત્તમાં અહંકાર ન કરવો. આ બધા ક્રિયાની સાથે જોડાયેલા પ્રશ્ન છે. જેવા આપણે ''ન કુર્વિત'' કહીએ તેવા આ બધા પ્રશ્ન ઉભા થઈ જાય. બધા પ્રશ્ન ક્રિયાના નેચરથી જ ડિરાઈવ્ થઈ રહ્યા છે. જ્યારે આ પ્રશ્નાપેક્ષાઓ આપણી ઉભી થાય, વાત અહીં જ ખતમ નથી થઈ જતી. ઉલટાની વધારે સમસ્યા પેદા થઈ જાય છે. તો અહંકારનું સાચું સ્વરૂપ શું?

જેવા કહીએ કે ''અહંકાર ન કરો'' તેવો પહેલો સવાલ છે કે શું અહંકાર ક્રિયા કે કર્મ છે? શું અહંકાર આપણી ફીલિંગ્ છે કે જે ફીલિંગ્ને આપણે અહંકાર કહી રહ્યા છીએ. એપરન્ટ્લી જોઈએ તો અહંકાર આપણી ફીલિંગ્ છે. આપણે કાંઈક ફીલ્ કરી રહ્યા છીએ. ''હું છું'' મારા હોવાની ફીલિંગ્ છે. આને એવી રીતે સમજો, જેમ આપણે કહીએ 'સાક્ષાત્કાર'. કોઈ વસ્તુને આંખની સામે લાવવી. એવી જ રીતે અહં કરવાની ક્રિયાનું નામ 'અહંકાર'. તો ક્રિયા લાગે છે. પરંતુ ક્રિયા લાગી રહી છે તો ક્રિયાનું કર્મ પણ આવી રહ્યું છે.

જો અહંકાર આપણી ફીલિંગ્ છે તો પણ કેટલાંક પ્રશ્ન પેદા થાય છે. એક જસ્ટ્ પૉસિબિલિટી છે કે અહંકાર ફીલિંગ્ છે પરંતુ અહંકારને બધા લોકો ગાળ દઈ રહ્યા છે તો કબુલ કેમ કરવું કે ફીલિંગ્ છે. જ્યારે શરમ આવતી હોય તો આપણે શતુર્મુર્ગની નીતિ કરીએ. મતલબ રણમાં શિકારી આવતો હોય ત્યારે તે પોતાનું માથું રેતીની અંદર ઘુસાડી દે. તેને ન દેખાય એટલે એ સમજે કે શિકારી ગાયબ! એમ અહંકાર થઈ રહ્યો છે તો તેને શતુર્મુર્ગની પૉલિસીથી જુઓ નહીં. તો અહંકાર એક જાતની મિથ્યા ફીલિંગ્ છે. કેમકે આટલા બધા લોકો મળીને ગાળ દેતા હોય અને આ બધાની વચ્ચે આપણે અચાનક ઉઠીને કહીએ કે *''અમને ખરેખર અહંકાર જેવું કાંઈક થાય છે''* તો બધા લોકો કહે કે *''હરામખોર છે અહંકાર કરે છે અને પાછો હોંશિયારી કરે છે''*. તો તો તકલીફ થઈ ગઈ. તો આપણે પણ સેફ સાઈડ્માં શું વિચારીએ? આવી રીતે અહંકારને કબુલ કરવા કરતાં એમ કહી દેવું કે ''મિથ્યા છે''. તેમાં બંને તકલીફનો ઉપાય આવી જશે, 'છે


પણ અને નથી પણ' તે શતુર્મુર્ગની નીતિ છે. તો અહંકાર એક મિથ્યાભાસ હોઈ શકે છે. અહંકાર હકીકતમાં એક આપણા શરીરની ભીતર રહેલો કોઈ અંગનો ફિનૉમિના પણ હોઈ શકે છે. જેમ હાર્ટ્ બ્રેન્ કિડ્ની છે. શરીરના કોઈ એક પોર્શન્ ગ્લેન્ડ્ કે સેન્ટર્નું નામ આપણે શરીરની ભીતર અહંકાર ધરી શકીએ. પરન્તુ, એઝ્ અ મૅટર ઑફ્ ફૅક્ટ્, આવો કોઈ સેન્ટર્ હજી સુધી તો મળ્યો નથી. છતાં પણ ટૅન્ટેટિવલી એવી એક હાઈપૉથિસિસ્ કરી શકીએ કે અહંકાર નામનો કોઈ એક ફિનૉમિના છે. અહંકાર આપણું ઈન્સ્ટ્રુમેન્ટ્ પણ હોઈ શકે. આ બધી શક્યતાઓ છે.

આમાં થોડું ધ્યાનથી જુઓ કે કઈ-કઈ શક્યતાઓ છે. આપણે એટલું તો સમજી ગયા કે મહાપ્રભુ **"અહંકારં ન કુર્વીત"** કહે છે, મતલબ કાંઈક ને કાંઈક આમાં કરવા જેવું તો છે જ.

## (શુ અહંકાર કોઈ ક્રિયા છે?)

સૌથી પહેલાં ક્રિયાને લઈએ. ક્રિયા બંને જાતની હોઈ શકે : કેટલીક ક્રિયા આન્તર હોય છે તો કેટલીક ક્રિયા બાહ્ય હોય છે. આપણે જાણીએ છીએ આપણા શરીરની ભીતર બ્લડ્ સર્ક્યુલેશન્ની ક્રિયા ચાલી રહી છે, ડાઈઝેશન્ની ક્રિયા ચાલી રહી છે બીજા પણ કેટલીય જાતના કૅમિકલ્ સીક્રેશન્ ચાલી રહ્યા છે. તે બધી ક્રિયાઓ આન્તર જ થાય છે. આપણને કોઈ વસ્તુની યાદ આવી રહી છે, કોઈ વસ્તુની ઈચ્છા થઈ રહી છે, કોઈ વસ્તુની બાબતમાં અનુરાગ પ્રકટ થતો હોય, કોઈના ઉપર દ્વેષ થઈ રહ્યો છે, આવી ઘણી ક્રિયાઓ આપણી ભીતર ચાલતી હોવાથી બહાર પણ પ્રકટ થઈ જાય. કેટલીક બહાર થનારી ક્રિયાઓનો સોર્સ્ ક્યારેક ભીતર હોય તો ક્યારેક બહાર પણ હોય, કેટલીય શક્યતાઓ આમાં હોય, કેમકે કેટલીક ક્રિયાઓ બહાર પ્રકટ થતી હોય, સોર્સ્ એના ભીતર જ છૂપાઈ રહે; અને કેટલીક ક્રિયાઓ ભીતર પ્રકટ થવાથી એના સોર્સ્ બહાર જ હોય. કેટલીક ક્રિયા એવી પણ હોઈ શકે કે ભીતરથી બહાર પ્રકટ થતી હોય પરંતુ આપણી ભીતર એના સોર્સ્ શોધવા જાઓ તો મળે નહીં.

## ચાર્ટ–૧




પહેલાં આપણે બહાર કે ભીતરની બાબતમાં વિચારી લઈએ : માનો કે અહંકાર આપણી ભીતર ચાલતી કોઈ ક્રિયા છે. આપણો અહંકાર આપણને સંપૂર્ણ આપણી વ્યક્તિગત અનુભૂતિ લાગે અને તે આપણે કોઈની સાથે શેઅર્ કરવા પણ ન ઇચ્છીએ. જેવો આપણો અહંકાર હોય છે, તેવો જ બધાનો અહંકાર હોય તો છે જ.

એક ખુબજ પ્રસિદ્ધ ઉદાહરણ છે : જેમ ચકલીઓમાં માદા ચકલી નર ચકલીને પોતાના પતિ તરીકે ત્યાં સુધી પસંદ નથી કરતી કે જ્યાં સુધી તે માળો બનાવીને ન દેખાડી દે. પતિ તરીકે અથવા પત્ની તરીકે પસંદગીની જે પ્રોસેસ્ છે તે પૂરી અહંકાર પર બેસ્ડ્ છે : હું ચકલી છું અને મારા નરને માળો બનાવતા આવડતો હોય તો જ મારા લાયક. પક્ષી કે જાનવર પણ આ પ્રકારનો ઑડિટેડ્ અકાઉન્ટ્ નરનો માંગતો હોય.

માળો બનાવીને બતાવ તો જોડી જોડાય નહીં તો ન જોડાય. ચકલીની સામે ચકલો નાચતો હોય ત્યારે કોણ જાણે ચકલી કેવી રીતે કન્વે કરે કે માળો બનાવીને બતાવ. જો નર ચકલી માળો બનાવી શકે તો માદા ચકલીને લાગે કે હવે તેની સાથે મારા લગ્ન થઈ શકે. એ તણખલા લઈને માળો બનાવે અને ચકલી ચુચુડ ચુચુડ કરતી રહે. કદાચ કાંઈક મીનમેખ, ઓછા-વત્તુ કરવાની સલાહ આપતી હશે, ભૂલ પણ કાઢતી હશે કે આમાં આ ઘાસનું તણખલું આવું નહોતું લઈ આવવું જોઈતું. કાંઈક તેવી રીતે કરતી રહે જ્યાં સુધી નર માળો ન બનાવી લે. પરંતુ સફળતાપૂર્વક માળો બનાવી દે તો પછી એના ઉપર અહંકાર સ્થાપિત કરી દે કે તું મારો ચકલો હું તારી ચકલી. હવે આ જૂઓ અહંકારનો એક પ્રકાર છે. અહંકાર પ્રકટ કેવી રીતે થઈ રહ્યો છે? માળો બનાવ્યો અને તેમાં ઈંડા આવી રહ્યા હોય ત્યાં સુધી ચકલી-ચકલો તેની સાથે સંભાળ લેતા હોય છે. તે પ્રકારનો બાહ્ય ક્રિયાત્મક અહંકાર સ્પષ્ટ જોઈ શકાય છે. માળો બનાવી રહ્યો છે તો ચકલો હોવાનો અહંકાર કામનો, નહીં તો નકામો! ‘‘બાપ દેખાડ નહીં તો શ્રાદ્ધ કરાવ’’ અહંકાર કેવી રીતે બાહ્ય ક્રિયાના રૂપમાં પ્રકટે છે! પરંતુ ખુદના બાયોલૉજિકલ્ ડિફૉલ્ટ્થી તે માળો જે ઈંડાને માટે બન્યો છે તે ઈંડામાંથી ચકલી પેદા ન થઈ જાય ત્યાં સુધી તે મૅરેજ નભે છે અને ત્યાં સુધી તે અહંકાર પણ જળવાઈ રહે. આ મારી ચકલી - આ મારો ચકલો. આ પ્રકારથી બાહ્ય ક્રિયાત્મક અહંકાર જળવાઈ રહે છે. તે અહંકારના કારણે આ માળો મારો. કોઈ બીજો ચકલો આવે તો તે ચકલો ચાંચ મારી-મારીને બીજા ચકલાને ભગાવે. હટ! આ મારો માળો છે.

એમને ત્યાં જે નૅચરલ્ સિસ્ટમ્ છે તે આપણા માનવસમાજમાં પણ સોશિઅલ્ સિસ્ટમ્, રિલીજિયસ્ ઑબ્લિગેશન્/પ્રોહિબિશન્; કે ફૅમિલીની કસ્ટમ્ના રૂપોમાં ઘણી કૉમ્પ્લીકેટેડ્ બની જાય છે. પરંતુ આપણે ત્યાં પણ આમાં હકીકતની અને કહાનીની કાંઈક ને કાંઈક પોલંપોલ તો જોવામાં આવશે જ. પરંતુ જેવી પણ છે, એઝ્ ઈટ ઈઝ્ વ્હૉટ્ ઈટ્ ઈઝ્, એ અહંકારને લઈને ચાલે છે આ વાત તો એટલી જ સાફ છે. તે પ્રકારનો આપણી ભીતરથી પ્રકટ થાય છે અને તે પ્રકારના અહંકારથી બધો કોર્સ્

ગાઈડ્ થતો હોય છે.

જુના જમાનામાં અમેરીકાના રેડ-ઈન્ડીઅન્સ્માં આ નિયમ હતો કે કોઈ છોકરો દાવો કરવા લાગે કે આ છોકરી સાથે મારા લગ્ન કરો અને છોકરી પણ મંજૂર કરતી હોય તો એ બિચારાની બહુ ઈન્સ્ટ્રેસ્ટિંગ ટેસ્ટ્ લેવામાં આવતી. છોકરીનો બાપ એ છોકરાને કહેતો *''જ્યાં લાલ કીડીઓનો દર હોય ત્યાં જઈને સૂઈને દેખાડ! બધી કીડીઓ તને કરડે અને સહન કરી શકતો હો તો મૅરેજ્ કરવા માટે લાયક માનવામાં આવીશ''*. આ પરીક્ષામાં પાસ્ થઈ જાય તો છોકરીનો બાપ માનતો કે આમાં પતિ થવાનો સાચો અહંકાર છે. એમાં જો ભાગી ગયો તો ફેલ્. એ પીડાને સહન કરી લે તો તેનો અહંકાર બૂસ્ટ્ થતો. કાંઈ મફતમાં થોડી છોકરી પરણી છે, આટલી લાલ કીડીઓથી શરીરને કરડાવ્યું ત્યારે છોકરી મળી. એક નાનકડો અહંકાર કે આ છોકરીની સાથે મારે લગ્ન કરવા છે અને તેને કારણે તેની બાહ્ય અભિવ્યક્તિ કીડીથી કરડાવીને આપવી પડતી. બાહ્ય પ્રકટ થતા ક્રિયાત્મક અહંકારનું આપણે આ રીતે પણ ઉદાહરણ આપી શકીએ છીએ.

હમણાં કાલે-પરમદિવસે જ છાપામાં આવ્યું કે પુણે શહેરની પાસે એક વાંદરાએ એક કુતરાના બચ્ચાને ભગાવીને લઈ જવાનો પ્રયાસ કર્યો. માણસને જોઈ-જોઈને આ વાંદરાની ભીતર પણ કુતરાના બચ્ચાને પાળી શકું એવો અહંકાર થઈ ગયો હશે. મજેદાર વાત છે! માણસ વાંદરો પાળી શકે, કુતરો પાળી શકે, તો વાંદરો કેમ માણસને ન પાળી શકે? વાંદરાનું તો કામ જ નકલ કરવાનું. હવે લાવવો ક્યાંથી? તેણે ઝાડવાઓથી ઉછળકૂદ કરીને નાના કુતરાના બચ્ચાને કિડ્નૅપ કરી લીધું! આ કુતરાના બચ્ચાને ભગવાને મારા માટે જ જન્માવ્યું હશે, જેમ આપણી પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં જે પણ ભૂલે-ચૂકે આવી જાય તેને આપણે પુષ્ટિજીવ માનીને ભેટ-મનોરથના રૂપીયા પડાવી લેવાનો આપણો ભગવત્પ્રદત્ત કે પૂર્વજન્મના કર્મોની લેણા-દેણી માની લઈએ! પરંતુ એ વાંદરાએ પાળેલ કુતરાનું બચ્ચુ મરી ગયું તો વાંદરાએ બીજી વખત શોધવાનું શરૂ કર્યું.

હવે શું કરવું? એ વાંદરાએ મેટરનિટી હોસ્પિટલ્ની પાસે જઈને

એક માણસનું બાળક ઉપાડી લીધું, જોશ આવી ગયું હશે. મનુષ્ય જ પાળે એવો નિયમ થોડો છે? બધાના પૅટ્ હોઈ શકે છે : કોઈનો ઘોડો હોય, કોઈનો કુતરો હોય, કોઈનો પોપટ-ચકલી હોય. તો વાંદરાનો પૅટ્ કોઈ માણસનો બાળક કેમ ન હોઈ શકે! વાંદરાની બિચારાની સમજ કેટલી? પરંતુ અહંકાર સ્વસ્થ પેદા થઈ ગયો કે આને મારો પૅટ્ (પાલતુ) બાળક બનાવી લઉં. હવે માણસ વાંદરાના બચ્ચાને પાલતુ બનાવે તો કોઈ અપરાધ નહીં પરંતુ વાંદરો માણસના બાળકને ઉપાડી જાય તો માણસને લજ્જા આવે! માણસના બાળકના માતા-પિતાએ પોલિસમાં ફરીયાદ કરી કે વાંદરો અમારા બાળકને ઉપાડીને લઈ ગયો. બધી ટાસ્ક્ ફોર્સ ભેગી થઈ ગઈ અને તેની સામે કાંઈક ખાવાનું નાખ્યું. એ બિચારો નીચે ઉતર્યો તો અચાનક ઝપટ મારીને એ બિચારાને પકડીને ઝૂમાં મોકલાવી દીધો. અહંકાર જૂઓ કેવી રીતે પેદા થાય છે? માણસ બધા આમ જ કરતા હોય તો બિચારા વાંદરાને ઈચ્છા થવી ન જોઈએ એમ આપણે કેવી રીતે કહી શકીએ? કેમકે માણસની દાદાગિરી વધારે ચાલે તેથી વાંદરાને તેના અહંકારનો દંડ ભોગવવો પડ્યો. આપણને પણ અહંકારના દંડ મળતા જ હોય છે. એ તો સ્વાભાવિક વાત છે : ***"કહી ગયો તે કહી ગયાનો વસવસો, રહી ગયું તે રહી ગયાનો વસવસો. જીંદગી એક વસવસાનું નામ છે. જીંદગી બેકાર ખાલી જામ છે"*** અહંકાર કરીએ તો વસવસો તો રહેવાનો જ! સ્વાભાવિક કથા છે. એ અહંકાર આપણને ખબર ન પડે પરંતુ તેની ક્રિયાના રૂપમાં જે અહંકાર સ્પષ્ટ પ્રકટ થાય તે બીજાની દષ્ટિમાં છૂપાઈ ન શકે.

એવી જ રીતે આફ્રિકામાં સુનામી આવી હતી ત્યારે એક જમીનના કાચબાની માં સુનામીમાં તણાઈ ગઈ. પછી અચાનક એક રાઈનોસોર્ (ગેંડો) સમુદ્રમાંથી નિકળ્યો તો કાચબાને ભ્રમ થઈ ગયો કે મારી માં તો ક્યાંક આ નથી? તે એની પાછળ ચાલવા લાગી ગયો. રાઈનોસોર્ માદા હતી. તેણે તેને પોતાનું બાળક માની લીધું. માદા ગેંડાએ તે બાળકને પોતાનો બાળક માની લીધો અને તે બાળકે માદા ગેંડાને પોતાની માં માની લીધી. અને તે બંને માં-બાળકની જેમ રહેવા લાગ્યા. જેમ મુર્ગીના

બચ્ચાને બતક હોવાનો અહંકાર થઈ ગયો કેમકે બતકે પાળ્યો હતો. પરંતુ એ અહંકારની મર્યાદા આવે ક્યાંસુધી? એ તળાવમાં ન જાય ત્યાં સુધી. કેમકે મુર્ગીના દાદા પિતા માં કોઈ પણ તળાવમાં નહોતા ઉતર્યા. આપણે પણ પેઢીઓથી હવેલી ચાલી રહી છે. ભક્તિને વ્યાવસાયિક રૂપ આપવામાં આવી ગયું તેથી સાંસારિક અહંકાર વધી ગયો અને ભક્તિના તળાવમાં તરવાનો અહંકાર પ્રકટ થઈ ન શક્યો. આ બધી અહંકારની બાહ્ય ક્રિયાઓ છે.

તેવી જ રીતે અહંકાર, આપણી ભીતર બ્લડ્સર્ક્યુલેશન્ ટાઈપની, આન્તરિક ક્રિયા પણ હોઈ શકે છે. આન્તરિક ક્રિયાની સૌથી મજેદાર વાત મારા દોહિત્ર નિમિએ સમજાવી. નિમિને મેં બ્રહ્મસમ્બન્ધ આપ્યું. તેણે આવીને એક દિવસ મને કહ્યું *"નાના! આપને યાદ છે ને કે આજ આપે મને બ્રહ્મસમ્બન્ધ આપ્યું?"* ખુદ મેં બ્રહ્મસમ્બન્ધ લીધું એ દિવસ પણ મને યાદ નથી તો એને બ્રહ્મસમ્બન્ધ આપ્યું એ ક્યાં યાદ રાખવા જાઉં? એને ખબર નહીં કેમ યાદ રહી ગયું! મેં કહ્યું *"બેટા યાદ નથી."* એણે કહ્યું *"આપ ભુલી કેમ ગયા?"* હવે નિમિને માટે આ એક સારો અહંકારનો વિષય હતો કે "આજે મેં બ્રહ્મસમ્બન્ધ લીધું હતું" અને તેથી એ દિવસ તેને યાદ છે. સવારમાં ઉઠતાંવેત એણે મને ગ્રીટીંગ આપી દીધી પરન્તુ તે નાનાને યાદ નથી એ જાણીને એણે વિચારવાનું શરૂ કર્યું અને બોલ્યો *"મને લાગે છે કે નાના કે આપનું પેટ મોટું છે તેથી જેટલું ખાઓ છો એનું લોહી પેટમાં જ ફરતું રહેતું હશે, માથા સુધી પહોંચતું નહીં હોય. એટલા માટે ભૂલી ગયા લાગો છો!"*

અહંકાર કેવી આંતરિક ક્રિયા છે તો અહંકારની બાબતમાં આ રીતની હાઈપૉથિસિસ્ કરી શકે કે અહંકાર પણ આ જાતનો આપણો કોઈ ઈન્ટર્નલ્ ફન્કશન્ છે. મે બી નિમિ ઈઝ રાઈટ્. તેના મગજમાં સર્ક્યુલેશન્ વધારે જઈ રહ્યું હશે. બની શકે કે તેના નાના ભીતર બતાવેલા કારણથી જ ભૂલી જતા હોય. અહંકાર પણ આવી કોઈ આંતરિક ક્રિયા કેમ ન હોઈ શકે? એ આપણે સમજી શકીએ છીએ, વિશેષરૂપમાં ત્યારે કે જ્યારે

મહાપ્રભુ આજ્ઞા કરે છે કે **“અહંકારં ન કુર્વિત”**.

હવે જો અહંકાર આંતરિક ક્રિયા હોય તે આપણું જોર ન ચાલી શકે. યોગની ઘણી સાધના કરીએ તો લોહીના પરિભ્રમણ ઉપર આપણે નિયંત્રણ લાવી શકીએ. જો અહંકાર આંતરિક ક્રિયા છે તો શું કરવાથી અહંકાર નહીં થાય? આ સમસ્યા તો આવશે.

જો અહંકાર બાહ્ય ક્રિયા છે તો જે પણ બાહ્ય ક્રિયા આપણે પ્રકટ કરીએ છીએ તેના આપણને રિવૉર્ડ કે પનિશ્મૅન્ટ્ મળતા હોય છે. અને ઈન્સિડેન્ટલી આપણી સાથે એ સુવિધા છે કે બાહ્ય ક્રિયા પ્રકટ કરતાં પહેલાં આપણે ઈચ્છીએ તો એ ક્રિયાને વિદ્ ડ્રૉ કરી શકીએ છીએ. કોઈ વખત પ્રકટ થઈ જાય છે પરંતુ જરૂરી નથી કે દરેક બાહ્ય ક્રિયા આપણાથી ઈન્વૉલન્ટરી જ થતી હોય. બાહ્ય ક્રિયાની સાથે આપણા વૉલન્ટરી ફન્કશન્ પણ જોડાયેલા હોવાના કારણે. આથી અહંકાર જો એક બાહ્ય ક્રિયા હોય તો તેના ઉપર આપણો કોઈ ને કોઈ ઐચ્છિક કાબુ આવે છે. ૧૦૦ટકા ન આવતો હોય તો ૫૦ટકા કે ૩૦ટકા તો આવશે જ. શા માટે આવશે? કેમકે દરેક બાહ્ય ક્રિયાનો કાંઈક ને કાંઈક રિવૉર્ડ હોય છે અથવા કાંઈક ને કાંઈક પનિશર્મૅન્ટ્ હોય છે. જેમ વાંદરાને પોતાની સ્વતન્ત્રતા ગુમાવવી પડી. બાહ્ય ક્રિયાના રૂપમાં જો અહંકાર થાય તો તે રિવૉર્ડ કે પનિશર્મૅન્ટથી આપણી ક્રિયાનો કાબુ આવી જતો હોય છે. ભય કે કામથી ક્રિયાઓ ઉપર કાબુ આવે છે.

## (શું અહંકાર એક ભાન છે?)

પછીની વાત ભાનની આપણે જોવી છે. અહંકાર આપણી ક્રિયા ન હોઈને આપણી ભીતર ઘટિત થતી કોઈ અનુભૂતિ હોઈ શકે છે. અનુભૂતિ પાછી બે પ્રકારની હોઈ શકે છે. કોઈક અનુભૂતિ એવી હોય છે કે ક્રિયાને પેદા કરતી હોય છે. કોઈક અનુભૂતિ ક્રિયાને રૅસિપ્રોકૅટ્ કરનારી પણ હોય છે. ક્રિયા પેદા કરનારી અનુભૂતિ કેવી રીતે? સાયકૉલૉજિમાં આનો ઘણો વિચાર મળે છે, આપણે ત્યાં પણ આનો ઘણો વિચાર છે. આપણે આપણી ટર્મિનૉલૉજિમાં વિચારીએ. કામ ક્રોધ લોભ મોહ

વગેરેની આપણી અનુભૂતિના હિસાબથી આપણી બાહ્ય ક્રિયા પ્રકટ થઈ જશે. અમુક-અમુક અનુભૂતિને આઉટ્લેટ્ મળી જાય. ભીતરની અનુભૂતિ છે તે ક્રિયાને પેદા કરે છે. અને કેટલીક વખત ભીતરની અનુભૂતિ એટલી મજબુત હોય કે એ અનુભૂતિને કારણે તેને એક્સપ્રેસ્ કરનારી ક્રિયા ઉપર આપણો કાબુ રહી જતો નથી. જેમ ગુસ્સો આવી રહ્યો છે તો ગાળ નિકળી જશે. હસવું આવી રહ્યું છે તો ''હાડહાડડહા'' થઈ જાય. આપણે ઈચ્છિએ કે કાબુ કરીએ પરંતુ કાબુ નથી કરી શકતા.

પોરબંદરવાળા દ્વારકેશલાલ કાકાજી લીલામાં પધાર્યા અને એમની શોકસભા થઈ. તેમાં દાદાજી હું તથા બીજા પણ કેટલાક શામેલ થયા હતા. તેમાં એક શાસ્ત્રીજી પણ આવ્યા. એમણે શોકસભામાં બોલવાનું શરૂ કર્યું ''પોરબંદરવાળા મહારાજશ્રી અમારા ઉપર બહુ કૃપા રાખતા ઉંડઉંડઉંડડ... જ્યારે પણ જાઉં ત્યારે પ્રસાદ લીધા વિના જવા ન દે ઉંડઉંડઉંડડ...'' મને થયું શોકસભામાં આ 'ઉંડઉંડઉંડડ'શું થઈ રહી છે! હવે મને હસવું આવવું શરૂ થયું. ઘણી કોશીશ કરી કે શોકસભામાં હસવું ન જોઈએ પણ કરૂં શું? વકતાના ભાષણમાં 'ઉંડઉંડઉંડડ' નિકળે તો હસવું કેવી રીતે રોકી શકાય? છતાં પણ હસવું રોકવાના બધા પ્રયત્ન અઘરા લાગતા હોવાથી મેં દાદાજી તરફ જોયું તો દેખાયું કે દાદાજીને પણ હસવું તો આવી રહ્યું હતું અને એના કારણે દાદાજીનો ચહેરો એકદમ લાલ તમતમાયેલો જેવો હતો પરંતુ ચહેરો ગંભીર હતો અને હસવું આવતું હોવાના કારણે ખાલી પેટ હાલી રહ્યું હતું. દાદાજીના હલતા પેટને જોઈને તો મારૂં હસવું અન્તે રોકી જ ન શકાયું! ઘણો ઠપકો મળ્યો પણ શું કરવું જ્યારે પેટ હાલતું જોયું તો વધારે હસવું આવવું સ્વાભાવિક હતું. આમાં આપણો ઐચ્છિક કાબુ કેવી રીતે રહી શકે? ક્રિયાકારક ભાન આવી રીતે થાય છે. આ પ્રકારની કેટલીક ક્રિયાઓ જેમ બિયૉન્ડ્ કન્ટ્રોલ્ હોવાથી પ્રકટ થઈ જાય એવો જ અહંકાર પણ હોઈ શકે છે.

ક્યાંક ને ક્યાંક જે શાસ્ત્રી ઉંડઉંડડ કરી રહ્યા હતા તે એબ્નૉર્મલ્ લાગ્યું પરંતુ સાથે સાથે મને મારા નૉર્મલ્ હોવાનો અહંકાર હતો. જો મને

પણ ઉંડઉંડડ કરવાની ટેવ હોત તો મને અહંકાર ન થાત. આપણને બીજા ઉપર હસવું આવે? કેમકે મને તો આદત ન હતી તેથી મને લાગ્યું કે એબ્નૉર્મલ્ કૅરૅક્ટર્ છે. એબ્નૉર્મલ્ કૅરૅક્ટર્ જજ્ કરવા માટે ''હું નૉર્મલ્ છું'' એવો અહંકાર મારી ભીતર કામ કરી રહ્યો હશે.

જો આપણા પુષ્ટિ-અસ્મિતાના ગાનમાં કોઈને અહંકારની ગંધ આવતી હોય તો બધા ગાવા લાગો. નૉર્મલ્ બની જશો. પછી હસવાનો કોઈ મોકો નહીં રહી જાય. અહંકાર એક ભાન છે, એક એવું ભાન છે જે ભાનના કારણે આપણી કોઈ ક્રિયાઓ બિયૉન્ડ્ કન્ટ્રોલ્ એક્સપ્રેસ્ થઈ જતી હોય. અહંકાર પણ આ જાતનો આઉટ્લેટ્ શોધી લે છે, અનુભૂતિ હોવાના કારણે.

**(શું અહંકાર આપણી ભીતર સ્રવિત થનારું કોઈ બાયોકૅમિકલ્ તત્ત્વ છે?)**

કેટલીક અનુભૂતિઓ ક્રિયાની જનક ન પણ થતી હોય પરંતુ જે ક્રિયા આપણી ભીતર પ્રકટ થતી હોય તે ક્રિયાની કૉરસ્પૉન્ડિંગ્ આપણી ઈમોશનલ્ સ્ટેટસ્ હોય છે. આ વાત હું પહેલાં તમને બતાવી ગયો છું. જૅમ્સ્ લેંગ્ કરીને ખૂબ પ્રખ્યાત સૉયકૉલૉજિસ્ટ્ થયા. એમણે આ વાત બતાવી છે. આપણા શરીરમાં ઘણાબધા એકશન્સ્ આ પ્રકારના હોય છે કે જે આપણા શરીરની સર્વાઈવલ્ની કીટ્ હોય છે. તે આપણી ભીતર ઈમ્પ્લાન્ટેડ્ હોય છે અને તે કીટ્સ્ના હિસાબથી આપણા શરીરમાં કાંઈક ને કાંઈક કૅમિકલ્ સીક્રૅશન્ થતો રહે છે. આનાથી જે સિચ્યુએશન્ આપણું શરીર ફેસ્ કરે છે ત્યારે ઈમીડિયેટ્લી એટલે કે પરસૅપ્શન્ના અથવા તેવા જજમૅન્ટ્ના સાથે જ, કે આ શરીરને માટે ડેન્જરસ્ સિચ્યુએશન્ પેદા થઈ છે તો તુરત બૉડીમાં એ પ્રકારનો સ્રાવ થવો શરૂ થઈ જાય. ઘણીબધી ગ્લેન્ડસ્ આપણી ભીતર હોય જેમાંથી શરીરમાં જગ્યા-જગ્યાએ અન્તઃસ્રાવ થતો રહે. જેમ શરદીમાં આપણું નાક વહે તો તે એક જાતનો સ્રાવ છે. નાકમાંથી કોઈ વસ્તુ શ્વાસનળીમાં ન ચાલી જાય તેથી નાક તુરત વહેવા લાગી જાય. આનાથી શ્વાસનળી પૉટેક્ટેડ્ રહે છે. જે કાંઇ તકલીફ

છે તે નાક સુધી રહે. આ પ્રકારથી આપણા શરીરના દરેક પાર્ટમાં સ્રાવની અનેક વ્યવસ્થા છે. એ સીક્રેશન્ના કારણે આપણું શરીર ઑલમોસ્ટ્ મૅકૅનિકલી ફંક્શન્ કરે છે. આનું પ્રસિધ્ધ ઉદાહરણ સૉયકૉલૉજિસ્ટ્ આમ આપે કે જેમ તમે રસ્તો ઓળંગી રહ્યા છો અને અચાનક તમને બસ દેખાઇ ગઇ. તે વખતે તત્ત્વજ્ઞાન છાંટવા લાગશો કે બસ કેટલા સમયમાં અહીં સુધી આવશે, બસની હડફેટમાં આવી જઇએ તો શું પરિણામ આવી શકે... તો બસ તો ચઢશે જ તમારા ઉપર. આપણે રસ્તો ઓળંગતા હોઇએ અને બસ આવી રહી હોય તો આપણા લોહીમાં આ પ્રકારનું કૅમિકલ્ સીક્રેશન્ થઇ જાય કે આપણી ગતિ ઓળંગવાની તેજ થઇ જાય અને આપણે રસ્તો ઓળંગી જઇએ. તે વખતે નિર્ણય લેવાનો સમય નથી.

મારી સાથે ઘણી વખત આ મુશ્કેલી થાય છે. હું ગાડી એટલા માટે ન ચલાવી શકું કેમકે જ્યારે કોઇ આવી પરિસ્થિતિ આવી જાય તો મારી સીક્રૅશન્ના પહેલાં થૉટ્પ્રોસેસ્ શરૂ થઇ જાય. એક વખત બોરીવલીમાં હું પીવાનું જલ ક્યાંક બીજા કૂવામાંથી લઇને ગાડીમાં આવી રહ્યો હતો. ઓચિંતો વચમાં થાંભલો આવી ગયો. મને એટલો ગુસ્સો આવી ગયો કે અત્યારે ગાડી ચલાવી રહ્યો છું ત્યારે વચમાં થાંભલો કેમ આવી ગયો? તો થાંભલાને ધક્કો માર્યો, થાંભલો તો ખસ્યો નહીં પરંતુ મારો હાથ છોલાઇ ગયો. સ્ટીયરિંગ્ ઉપર કાબુ કરવાનો સીક્રેશન્ થવો જોઇતો હતો તે ન થયો. ઘણીબધી ક્રિયાઓમાં આ પ્રકારનો ફિનૉમિના ઘટીત થઇ જાય છે. આપણે કોઇ ક્રિયા કરીએ તેને કૉરસ્પૉન્ડિંગ આપણી અનુભૂતિ તુરત પ્રકટ થઇ જાય. તે અનુભૂતિ ક્રિયાને પેદા કરનારી નથી હોતી પરન્તુ ક્રિયાના અનુરૂપ પેદા થતી હોય છે. આથી અહંકાર કોઇ પ્રકારની આપણી સર્વાઇવલ્ કિટ્સ્ છે એવી કે જે આપણે ક્રિયા કરતા હોઇએ તે ક્રિયાને આપણે સરખી રીતે કરી શકીએ તેના માટે આપણી ફક્ત કૉરસ્પોન્ડિંગ્ અનુભૂતિ છે.

**(શું અહંકાર કોઇ એપિફિનોમિના અર્થાત્ મિથ્યાભાસ છે?)**

અંગ્રેજીમાં આના માટે બહુ જ સારો શબ્દ છે 'એપીફિનૉમિના'. જે ફિનૉમિના નથી પરંતુ મિરર્‌માં રિફ્લેક્શન્‌ના જેવો હોય એ એપીફિનૉમિના. હકીકતમાં નથી છતાં પણ કાંઈક પ્રકટ થતો દેખાય. આપણો  અહંકાર હકીકતમાં ફિનૉમિના નથી પરંતુ સ્ટિલ્‌ ઈટ્‌ ઈઝ ઍન્‌ એપીફિનૉમિના. દૅટ્‌ ઈટ્‌ અપીયર્સ્‌ ટુ બી અકર્ડ્‌ વ્હેર્‌ એક્ચ્યુઅલી ઈટ્‌ ડઝ નૉટ્‌ એક્ઝિસ્ટ્‌. જે ખરેખર છે નહીં પરંતુ એ તરીકેનો ઝાંસો--એક ફૉલ્સ્‌ ફીલિંગ્‌ પેદા કરે છે. ક્રિયાના કૉરસ્‌પૉન્ડિંગ્‌ એક અહંકારની ફીલિંગ્‌ થઈ જાય. કેટલીક ક્રિયાઓ આપણને સર્વાઈવલ્‌ને માટે કરવી પડે છે.

'જન્મભૂમિ' અખબારના સમ્પાદક હરીન્દ્ર દવેનો એક સરસ ગુજરાતી શેર છે :

**''મારૂં સ્વમાન રક્ષવા જાતાં કદી-કદી**
**હું કરગરી ગયો છું પણ મને યાદ તો નથી.''**

દરેક માણસને એક સ્વમાન હોય છે. એ સ્વમાન કોઈ ખતરામાં પડે તો માણસ કોઈના પગ પણ ચૂમી લે. એ પગ ચૂમી રહ્યો છે એટલા માટે નહીં કે એનામાં ખરેખર એ પ્રકારની મહત્તા છે પરંતુ પોતાના અહંકારને કેમેય કરીને બચાવવાનો તે ઉપાય બની જાય. પોતાના સ્વમાનને બચાવવા માટે એ સમયે રેડીમેડ્‌ ડિવાઈસ્‌ આપણી પાસે એ જ છે. આપણે પગે પડીને કોઈ રીતે ભાગી નિકળીએ ત્યાંથી કે ચાલ ભાગ અહીંથી **''મારૂં સ્વમાન રક્ષવા જાતા કદી કદી હું કરગરી ગયો છું પણ મને યાદ તો નથી.''** તો અહંકાર એગ્ઝેક્ટ્‌લી અપોઝિટ રીતથી પણ કામ કરી શકે છે. પ્રશ્ન થઈ શકે છે કે ''અહંકાર છે તો પગમાં કેમ પડ્યો?'' પરંતુ વાસ્તવિકતા આ જ છે કે અહંકાર હતો તેથી પગમાં પડ્યો. કેમકે એને લાગ્યું કે ક્યાંક મારો ઈગો હર્ટ્‌ ન થઈ જાય. તો પગમાં પડીને કોઈરીતે ઈગોને બચાવી શકતા હોઈએ તો બચાવી લેવો જોઈએ.

પગમાં પડવાની ક્રિયાના કૉરસ્પૉન્ડિંગ્‌ આપણી ભીતર જાગતી સ્વમાનની એક ફીલિંગ છે. પર્શીયિન્‌માં આના માટે બે સરસ શબ્દ છે એક

શબ્દ છે 'રૂઆબ' અને બીજો શબ્દ છે 'આબરૂ'. 'રૂ' નો મતલબ પર્શીયન્માં થાય છે મોઢું, 'આબ'નો મતલબ થાય છે પાણી. રૂઆબ=મોઢાનું પાણી. 'આબરૂ'નો મતલબ પણ આબે-રૂ એટલે પાણી. ત્યાં પણ એજ અર્થ છે. પણ 'રૂઆબ' અને 'આબરૂ' બંનેના મતલબમાં ઘણોબધો ફરક છે. રૂઆબ અહંકારની સાથે જનારી કક્ષા થઈ. અને આબરૂ **''મારૂં સ્વમાન રક્ષવા જાતાં કદી-કદી હું કરગરી ગયો છું પણ મને યાદ તો નથી''** એ આબરૂવાળી વાત છે, રૂઆબવાળી નહીં. આમાં સૌથી પહેલાં માણસ પોતાનું પાણી બતાવી રહ્યો છે કે ફેસ્ દેખાડી રહ્યો છે? પહેલાં પાણી દેખાડી રહ્યો મતલબ આબરૂ અને પહેલાં ફેસ્ દેખાડી રહ્યો છે તો રૂઆબ. ફરક આટલો જ છે.

માણસ દેખાડવા શું માગી રહ્યો છે? મારી સાથે મજેદાર ઘટના બની હતી. એક સિતારવાદક, હું કિશનગઢમાં હતો ત્યારે અચાનક આવ્યા. આવીને મને કહ્યું કે ''મહારાજ સિતાર સાંભળો''. મેં કહ્યું કે '' સાંભળી લઈશું સાંજે''. એમણે કહ્યું ''બધા સર્ટિફિકૅટ્ જૂઓ''. મેં કહ્યું ''સર્ટિફિકૅટ્ શા માટે જોઉં, સિતાર સાંભળવા તૈયાર છું, સિતાર જ સાંભળી લઈશું સાંજે''. બોલ્યા કે ''નહીં, સર્ટિફિકૅટ્ જુઓ બધા''. ત્યારે મારો પીત્તો ઉછળી ગયો. મેં કહ્યું ''એક શરતે હું સર્ટિફિકૅટ્ જોવા તૈયાર છું કે પછી સિતાર નહીં સાંભળું''. એમણે કાઢ્યા ૨૦૦-૨૫૦ બધા સર્ટિફિકૅટ્ સ્કૂલના બાળકોના પ્રિન્સિપલ્ના હતા. બાળકોની સામે સિતાર વગાડ્યું હતું. એમણે મને કદાચ ગોસ્વામિબાળક સમજીને બધા સર્ટિફિકૅટ્ બતાવવા ઈચ્છ્યું હશે અને મેં પણ બહુ સિન્સીયર્ થઈને ૧૫૦-૨૦૦ સર્ટિફિકૅટ્ ધ્યાનથી વાંચીને જોયા. પછી મેં કહ્યું ''હવે સિતાર નહીં સાંભળુ''.

### (મિથ્યાભાસરૂપ અહંકાર રૂઆબ છે અથવા આબરૂ?)

માણસ ક્યારેય પાણી દેખાડવા માગે છે. આથી કોઈના ભીતર રૂઆબ હોય છે કોઈના ભીતર આબરૂ હોય છે. જો પહેલા ફેસ્ દેખાડવા માગે તો રૂઆબ થઈ ગયો. પાણી ત્યાંનું પાછળ ચાલ્યું જાય. આબરૂમાં

પાણી પહેલાં દેખાય આપણને. ફેસ્ પાણીદાર હશે તો પાણી પાછળ દેખાય જ. કોઇ પાર્ટ્લી દેખાય, કોઈને પહેલાં ફેસ્ દેખાય. અહંકારના બંને ફેસૅટ્સ્ છે. રૂઆબ પણ એક ફેસૅટ્સ્ છે અને આબરૂ પણ એક ફેસૅટ્સ્ છે. હરીન્દ્ર દવે આમાં કહી રહ્યા છે **''મારૂં સ્વમાન રક્ષવા જાતાં કદી-કદી હું કરગરી ગયો છું પણ મને યાદ તો નથી''** અને મહાપ્રભુ જૂઓ એ જ વાત કહી રહ્યા છે **''અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્''** તો માન વિસાવિસ્ અહંકાર. રૂઆબ અને આબરૂ બંનેને મહાપ્રભુજીએ અહીંયા કોઈ પ્રકારથી પકડવા ઈચ્છ્યા છે. એ ટેક્સ્ટ્ની લાઇન છે તેની આ ખુબસૂરતી તમે જોશો તો બહુ મજેદાર એસ્પૅક્ટ્ છે.

આમ આપણે સમજી શકીએ કે આ જે અહંકાર એક ભાન છે તો એ ક્રિયાને પેદા કરનારો પણ હોઇ શકે છે અને ક્રિયાથી જન્ય કોઇ કૉરસ્પૉન્ડિંગ્ ભાન પણ હોઇ શકે છે. જેમ્સ લેંગ એ કહેતો હતો કે ભયની આપણી અનુભૂતિ આપણે દોડી રહ્યા છીએ એટલા માટે પેદા થાય છે. આપણે દોડવાનું બંધ કરી દઈએ તો ભયની અનુભૂતિ ઘટવા લાગી જશે. આપણે ઝઘડો કરીએ છીએ એટલા માટે ક્રોધની અનુભૂતિ વધતી ચાલી જશે. ઝઘડા ઉપર કાબુ મેળવી લો, ક્રોધની અનુભૂતિ ધીમે ધીમે ઓછી થતી જશે. આપણે હા હા હા કરીને હસી રહ્યા છીએ તેનાથી મનમાં કોઇ ટિકલિંગ્ થાય છે. આપણે હસવાપર કાબુ મેળવી લઇએ તો મનમાં જે ટિકલિંગ્ થઇ રહી છે તે આપમેળે સબસાઇડ્ થઇ જાય છે. એવી જ રીતે આપણે રોવાનું શરૂ કરીએ તો આપણું દુઃખ વધતું જાય. આપણે રોવાનું બંધ કરી દઈએ તો તે દુઃખ પણ ધીરે-ધીરે સબસાઇડ્ થઇ જતું હોય છે. તો ઘણી બધી અહંકારની આપણી અનુભૂતિ છે તે આ જ પ્રકારથી છે. અહંકારની જે ક્રિયાઓ છે એને કરવાની મહાપ્રભુ ના કહી રહ્યા છે **''અહંકારં ન કુર્વીત.''** આમ કરીએ તો આપોઆપ જે રૂઆબવાળો અહંકાર છે તે ધીરેધીરે સબસાઇડ્ થવા લાગશે. આ તેનો સાયકોલોજિકલ્ ફૅક્ટ્ છે. આપણે જે ક્રિયા પ્રકટ કરી રહ્યા છીએ તેનાથી તેના કૉરસ્પોન્ડિંગ્ આપણી કેવળ એક અનુભૂતિ અહંકાર હોઇ શકે છે.

અહંકાર એપિફીલિંગ્ જેવું ભાન છે અર્થાત્ મિથ્યાભાસ છે. આની સાથે-સાથે જ મિથ્યાભાસ જે થાય છે તેના ત્રણ પ્રકારના સ્વરૂપ સંભવ છે :

(૧) કેટલાંક મિથ્યાભાસ આપણા શરીરમાં હૅલ્યુસિનેશન્ પ્રકારના હોય છે.

(૨) કેટલાંક મિથ્યાભાસ આપણા ઈલ્યુઝન્ પ્રકારના હોય છે.

(૩) કેટલાંક મિથ્યાભાસ આપણા કન્ડીશન્ ઑફ્ એક્સ્પીરિઅન્સ્ના જેવા પણ હોઈ શકે છે.

આમ ત્રણ પ્રકારથી મિથ્યાભાસ હોય છે. અહંકાર એમાંથી શું છે? તે આપણે વિચારવું જોઈએ કે શું અહંકાર આપણને થઈ રહેલો એક હેલ્યુસિનેસન્ છે. શું અહંકાર આપણી ભીતર થઈ રહેલો કોઈ ઈલ્યુઝન્ છે. કે શું અહંકાર આપણી ભીતર કોઈ આ પ્રકારની એક્સપીરિઅન્સ્ની કન્ડીશન્ છે કે જ્યારે પણ કોઈ એક્સપીરિઅન્સ્ આપણને થશે તો આવી જ રીતે થશે. અહંકારના આ ત્રણ રૂપોમાંથી પણ કોઈ રૂપ હોઈ શકે છે.

(૧-૨) જેમ એક સામાન્ય વાત બતાવું : બે દોસ્ત છે. માની લો કે એક દોસ્ત આશાવાદી છે અને બીજો દોસ્ત નિરાશાવાદી છે. હવે એ બંને દોસ્તોએ કોઈ દિવસ ક્રિસ્મસ્પાર્ટીમાં કે કોઈ પાર્ટીમાં બોટલ્ ચડાવી અને એ ચઢી ગઈ. ત્યારે એ બંનેનો અહંકાર, એકનો આશાવાદી અહંકાર (ઑપ્ટિમિસ્ટિક્ ઈગો) એકનો નિરાશાવાદી અહંકાર (પૅસિમિસ્ટિક્ ઈગો) બૂસ્ટ થઈ જશે કે નહીં? કેમકે બોટલ્નું માહાત્મ્ય જ એવું હોય છે કે આપણી ભીતર જે અનુભૂતિ થાય એને બૂસ્ટ્ કરે. તો એકની ભીતર પૅસિમિસ્ટિક્ ટેન્ડન્સિ હોય તો તેનો પૅસિમિસ્ટિક્ ઈગો બૂસ્ટ્ થઈ ગયો. બીજાની ભીતર ઑપ્ટિમિસ્ટિક્ ટેન્ડન્સિ હોય તો ઑપ્ટિમિસ્ટિક્ ઈગો બૂસ્ટ્ થઈ જશે. એ બોટલને કારણે હવે બંને ફરવા ચાલ્યા. નદીની ઉપર એક પુલ ઉપર આવ્યા. પુલ ઉપર આવીને એમણે નીચે જોયું કે ચંદ્રમાનું પ્રતિબિંબ નીચે નદીમાં દેખાઈ રહ્યું હતું. નિરાસાવાદી જેનો અહંકાર હતો તેણે કહ્યું કે *"અરે યાર! ગડબડ લાગી રહી છે, ચંદ્રમા નદીમાં નીચે પડી*

*ગયો લાગે છે. શું ચક્કર છે આજે? આસમાનમાંથી નદીમાં કેવી રીતે આવી ગયો ચંદ્રમા આજે!''*. બંનેએ બોટલ તો ચડાવેલી જ હતી તેથી આશાવાદી અહંકાર જેનો હતો તેણે કહ્યું ''બેવકૂફ! *તું સમજતો નથી. આજે આપણે ચંદ્રમાથી પણ ઉપર આકાશમાં ઘણીબધી ઉંચાઈ ઉપર પહોંચી ગયા છીએ.''* હવે બતાવો કોણ સાચો અને કોણ ખોટો? કોનો અહંકાર સાચો અને કોનો અહંકાર ખોટો? બહુ મજેદાર વાત છે. બંનેની અંદર ભાવનાઓની કાંઈક-કાંઈક ગડબડી થઈ રહી છે. બંનેનો ઈગો કોઈ-કોઈ પ્રકારથી જે ઘટના કે અનુભૂતિ થઈ રહી છે તેની પોત-પોતાની વ્યાખ્યા આપી રહ્યા છે. નદીમાં ચંદ્રમાનું જે રિફ્લૅક્શન્ પડી રહ્યું છે એ તે એક કૉમન્ ફિનોમિના છે પરંતુ એ કોમન ફિનૉમિનાનો ઈન્ટર્પ્રિટેશન્ બંને બાટલીબાજ પોત-પોતાની રીતથી કરી રહ્યા છે. એકને માટે ચંદ્રમા નીચે આવી ગયો છે અને બીજાને માટે ખુદ એ બંને ચંદ્રમાથી ઉપર પહોંચી ગયા છે અહંકાર એટલો બૂસ્ટ્ થઈ ગયો.

મૂલમાં આ દષ્ટાંતમાં સમજવાની વાત એ છે કે એકને હેલ્યુસિનેશન્ થઈ રહ્યો છે તો બીજાને ઈલ્યુઝન્. હવે નક્કી કરો. આમાં કોને હેલ્યુસિનેશન્ છે અને કોને ઈલ્યુઝન્ છે? હું તો તમને બતાવી જ રહ્યો છું પરંતુ તમે પોતે પણ ટ્રાયલ્-એરર્ મેથડ્થી વિચારો. એક જણો હૅલ્યુસિનેશન્થી સફર્ કરી રહ્યો છે અને બીજો ઈલ્યુઝન્થી સફર્ કરી રહ્યો છે. કોનો હૅલ્યુસિનેશન્ છે અને કોનો ઈલ્યુઝન્ છે? જૂઓ હું હૅલ્યુસિનેશન્ અને ઈલ્યુઝન્નો ફરક તમને સમજાવું ત્યારે બધી વાત સ્પષ્ટ થશે. ઈલ્યુઝન્ એક એવો કન્ફ્યુઝન્ હોય છે કે જેમાં અલગ-અલગ વસ્તુ એક-બીજાથી રિઝેમ્બલ્ કરતી હોય, જેમ સૉંપમાં દોરડાનો ઈલ્યુઝન્ અથવા દોરડામાં સૉંપનો ઈલ્યુઝન્. રિઝેમ્બલન્સને આપણે જે વખતે બરાબર માર્કઆઉટ્ ન કરી શકીએ અને કોઈ કારણથી આપણી મેન્ટલ્ ફૅકલ્ટી બરાબર કૉન્સન્ટ્રેટ્ ન કરી શકતી હોય, તો રિઝેમ્બલ્ન્સ્ની અવેરનેસ્ ઈલ્યુઝન્ બનીને પ્રકટ થાય. આપણે તેને રિઝેમ્બલન્સ્ તરીકે રિકૉગ્નાઈઝ કરવાના બદલે બંનેને એક બીજાથી આઈડૅન્ટિફાય્ કરી લઈએ.

અને હેલ્યુસિનેશન્ તો રિઝેમ્બલન્સ્નો મોહતાજ નથી. હેલ્યુસિનેશન્ તો શું છે? જે, વિના કોઈ રિઝેમ્બલ્ન્સ્થી કન્ફ્યુઝન્ થઈ જાય. કોઈને ભૂત દેખાય, કોઈને પ્રેત દેખાય છે, કોઈને પિશાચ દેખાય છે. આ બધું શું છે? જ્યાં દેખતા હોઈએ ત્યાં કોઈને ભૂત પ્રેત કે પિશાચથી રિઝેમ્બલ્ન્સ્ થાય છે શું? પરંતુ દેખતા હોઈએ ત્યારે તો દેખતા જ હોઈએ. જૂઓ મેં ક્લૂ આપી દીધી છે કે ક્યાં હેલ્યુસિનેશન્ છે? અને ક્યાં ઈલ્યુઝન્ છે? જેને નીચે દેખાઈ રહ્યું છે તેને ઈલ્યુઝન્ થઈ રહ્યો છે અને જેને હું ઉપર ચઢી ગયો છું એમ લાગે તે હેલ્યુસિનેશન્ છે. શા માટે? કેમકે ચંદ્રમા જે ઉપર છે તેનું રિફ્લૅક્શન્ નીચે જોવામાં આવી રહ્યું છે તે ઈલ્યુઝન્ જ તો છે. એ ઈલ્યુઝન્પરથી તેનો અહંકાર બૂસ્ટ્ થઈને કહી રહ્યો છે કે *"આ ચંદ્રમા કેવી રીતે નીચે આવી ગયો"*. કેમકે તેનો ઈગો બેઝીકલી પૅસિમિસ્ટિક્ છે. દરેક વસ્તુને તે પૅસિમિઝમ્માં જ વિચારે છે. દરેક વસ્તુ જે છે તે આ પ્રકારથી ડાઉન્ ફૉલ્ થઈ રહી છે.

હમણાં મને બહુ સારી એક વાત સાંભળવા મળી કે પહેલાં આપણે લોકો એવું વિચારતા હતા કે ઠાકોરજી આપણા છે એ આપણા માથે બિરાજી રહ્યા છે. ઠાકોરજી જો મારા માથે બિરાજતા હોય, મારા હોય તો મારા ઘરમાં મારે સેવા કરવી જોઈએ. મારા પૈસાથી કરવી જોઈએ. ગામને બોલાવ્યું, ગામના પૈસા લેવાનું શરૂ કર્યું, ગામે એવો દાવો માંડી દીધો કે આ તો અમારા ઠાકોરજી છે. હવે ગામે દાવો માંડી દીધો, ઘણાબધા ગોસ્વામીઓ કોર્ટમાં લડી-લડીને બધા હારી ગયા. કેમકે ભક્તિના વ્યાપારિક પ્રદર્શનના કામ ખોટા હતા. કોર્ટમાં કેવી રીતે જીતે? કોર્ટે એજ પૂછ્યું કે જો તમારા છે તો ગામ પાસેથી પૈસા શા માટે લીધા? ગામને દેખાડ્યા કેમ? પોતાના વહુજીઓને તો પડદામાં રાખ્યા પરંતુ ઠાકોરજીને બેપરદા કરી દીધા! કોર્ટની સમજમાં આ વાત ન આવી. કોર્ટે કહ્યું કે તો પછી ગામને દેખાડ્યા અને ગામ પાસેથી પૈસા લીધા તો ઠાકોરજી ગામના જ છે. હવે બાલકો એમ કહી રહ્યા છે કે હા ગામના જ તો છે, અમારા નથી. કાયદો પણ એવો જ છે કે અમારા છે જ નહીં.

હવે જૂઓ આ વાતને પણ સાચી માનીને ચાલીએ કે ગામના જ ઠાકોરજી છે, તો પછી તમારા જ ઠાકોરજી પાસે બ્રહ્મસમ્બન્ધ લેવાની જરૂર શું? કોઈ પણ ગામના ઠાકોરજીની સામે ક્યાંય પણ કોઈ બ્રહ્મસમ્બન્ધ લઈ શકે. પછી તો કિરીટભાઈની પાસે કેમ ન લઈ શકાય? આવો પ્રશ્ન આવતાં જ પુષ્ટિમાર્ગના એકમાત્ર ઠેકેદાર હોવાનો ગોસ્વામીઓનો હેન્ગઓવર્ ઓછો થઈ જાય અને કહેવું પડે કે ''નહીં-નહીં બ્રહ્મસમ્બન્ધ તો અમારી પાસેથી જ લેવું.'' આનું નિરાકરણ કેવી રીતે આવી શકે. નિરંતર હેલ્યુસિનેશન્ અને ઈલ્યુઝન્નું જીવનમાં ચક્કર ચાલતું જ રહે. ક્યારેક અમે અમારી બાબતમાં વિચારીએ કે અમે સાક્ષાત્ પુરૂષોત્તમ છીએ, ક્યારેક અમારી બાબતમાં વિચારીએ કે અમે તો ગુરૂ પણ નથી ખાલી પુરૂષોત્તમના હેરિડિટરી ટ્રસ્ટી-કમ્-સેવાયત છીએ. ક્યારેક પોતાને કાંઈક બીજું વિચારે. પરંતુ અરે ભાઈ! તમે આપણા મહાપ્રભુનો જ સિદ્ધાન્ત કેમ નથી વિચારી શકતા? ખોટા-ખોટા હેલ્યુસિનેશન્-ઈલ્યુઝન્ના શિકાર શા માટે બનો છો?

કાલે હું તમને એક વાત બતાવી રહ્યો હતો. બહુ મજેદાર વાત છે. આપની વાત ઉપર હું કહી રહ્યો છું આપણે બધા જાણીએ છીએ કે **''ચતુઃસાગરપર્યન્તં ગોબ્રાહ્મણેભ્યઃ શુભં ભવતુ! આંગીરસબાર્હસ્પત્યભારદ્વાજેતિ ત્રિપરાન્વિતભારદ્વાજગોત્રોત્પન્નોऽહં શ્યામમનોહરદેવશર્માહં ભો ગુરો અભિવાદયે''** દરેક બ્રાહ્મણના આ પ્રકારના ટાઈટલ (શિર્ષક) હતા જ. એ ટાઈટલ બેજિકલી શું હતા? કોણ કયા ઋષિની સંતતિ છે? કયા ઋષિની પરંપરામાં પેદા થયા છે. કયું શાસ્ત્ર ભણવું કોનું કર્તવ્ય છે? અને અંતમાં વ્યક્તિનામ? બે જ વાત તો હતી. તો **''કૃષ્ણયજુર્વેદાન્તર્ગત-તૈત્તિરીયશાખાધ્યાયી''** અને પછી શું આવતું હતું **''શ્યામમનોહર... શર્માહમ્''** હવે બાલકોના એવા મોટા-મોટા લીતર્યા-પીતર્યાઓના સર્ટિફિકેટ્ પોતાના નામ આગળ લગાડવા પડે છે કે દીમાગ ખરાબ થઈ જાય. આટલા લાંબા ટાઈટલ થઈ કેવી રીતે ગયા? શું મહાપ્રભુજીની કોઈ ઈતિશ્રીમાં આપણને મળે છે? અણુભાષ્યમાં

જોશો તો તેમાં **''વેદવ્યાસવિષ્ણુસ્વામિમતાનુવર્તિવલ્લભાચાર્ય''** સુબોધિનીજીમાં જોશો તો **''શ્રીલક્ષ્મણભટ્ટાત્મજવલ્લભભટ્ટવિરચિતા સુબોધિની''**. ષોડશગ્રંથમાં જોશો તો ખાલી **''શ્રીવલ્લભાચાર્ય''**લખેલું મળશે. મહાપ્રભુએ કોઈ ટાઈટલ્ લગાડ્યું નથી. કેમકે બેજિકલી મહાપ્રભુજી કોઈ અહંકારથી સફર્ નહોતા કરી રહ્યા. આપણા લોકોની પ્રોબ્લેમ્ શું થઈ ગઈ છે કે મોટા-મોટા અહંકાર આપણે આપણી અંદર પાળી લીધા છે કે અમે મહાપ્રભુજીના વંશજ બાલક છીએ, ઢીકડા છીએ, પૂછડા છીએ. અને આવી રીતે એકના પછી બીજા ટાઈટલોનું ગાંડપણ ઘુસી ગયું છે. ખબર જ ન પડે કે સાચું નામ ક્યારે આવશે, ધીરજ જ ખૂટી જાય ટાઈટલ્ વાંચતા-વાંચતા :

> *''અખંડભૂમંડલાચાર્ય-જગત્ગુરૂ-અનન્તશ્રીવિભૂષિત-લસ્ટક પુસ્ટઅનુષ્ટકતુષ્ટકઘટાટોપટંકાર-કોકિલાનંદરાયશ્રી ૧૦૮ ચિરાયુષ્યમાન પબ્લિકટ્રસ્ટહવેલીની આવકમાં ૨૦/૩૦% લાભગ્રાહી યુવાધર્માચાર્ય પૂ.પા. બાવાશ્રી....મહોદય''.*

અરે ભાઈ! આ શું નાટક ચલાવી રાખ્યું છે? અખિલભૂમંડલાચાર્ય તો જગદ્ગુરૂથી મોટા હોય. એ ટાઈટલ જ્યારે પોતેજ લગાડી લીધું ત્યારે જગદ્ગુરૂ હોવાની પદાવનતિ ખુદ શા માટે સ્વીકારો છો! 'અનન્તવિભૂષિત' જ્યારે થઈ ગયા તો પછી 'શ્રી ૧૦૮' શા માટે લગાવી રહ્યા છો! સાચાઅર્થમાં મહોદય હો તો પબ્લિકટ્રસ્ટ બનેલી હવેલીની આવકમાં ૨૦/૩૦% લાભગ્રાહી બની કેમ ગયા? તો ટાઈટલ્ આટલા મોટા-મોટા પણ જોઈએ તો સાવ અર્થહીન લાગે છે!

મહાપ્રભુજીએ તો ક્યારેય નથી વાપર્યા. શા માટે ટાઈટલ્ વાપરો છો? ભીતરથી સ્વાભિમાન ખતમ થઈ ગયું છે અને બહાર તેની ધાક ઉભી કરવા માગો છો. 'રૂઆબ' અને 'આબરૂ' નો આખો ઈસ્યુ આ પ્રકારથી સમજીએ તો ખોટો રૂઆબ આપણે જમાવી રહ્યા છીએ. બાકી આટલા બધા ટાઈટલ્થી જરાયે ગૌરવ વધતું નથી. સીધું જ નામ બતાવી દો એમાં

શું છે? પરંતુ અંદરથી નર્વસ્ ફીલ્ થતો હોય ત્યારે પછી આપણે આવા તામ-ઝામ પેદા કરવા જ પડે છે, આપણા ખોટા અહંકારની સુરક્ષા કરવા માટે. મહાપ્રભુની આબરૂ હતી પણ એમનામાં રૂઆબ નહોતો. હવે રૂઆબ વધી ગયો છે પરંતુ આબરૂ એકદમ ઝીરો પોઈન્ટ ઉપર નીચી આવી ગઈ છે. ટ્રસ્ટી આવીને કહી દે કે અમારા ઠાકોરજી છે તો અમે પણ માની લઈએ કે હા ઠાકોરજી તો ટ્રસ્ટના જ હોય.

અમારૂં ઘર પણ ટ્રસ્ટનું જ છે. અમારી વ્યવસ્થા પણ ટ્રસ્ટ જ ચલાવે છે. બીજું તો બધું ઠીક ત્યાં સુધી કહીએ કે અમારા એસ.ટી.ડી. કોલ્ કટ્ કરી દીધા છે લોકલ્ કોલ્ ટ્રસ્ટીઓએ ફ્રી રાખ્યો છે. તો આ કોઈ ઘમંડની વાત છે કે દૈન્યની વાત છે? ઉત્સવ ઉપર તેજાના અમને ફ્રી મળે. આ કોઈ રૂઆબ છે કે આબરૂ! ખબર જ ન પડે આપણને. ટ્રસ્ટીઓ અમારા સેવ્ય ઠાકોરજી લઈ જાય અને અમે કહી રહ્યા છીએ કે અમે સાક્ષાત્ પુરૂષોત્તમ લટષ્કપુષ્ટઅનુષ્ટકઘટાટોપટંકારકોકિલાનંદરાય... પૂ.પા.૧૦૮ ચિરાયુષ્યમાન બાવાશ્રી છે. અહંકારના લફ્ડા આવા જ હોય છે.

આ અહંકારપીડન અમારા ગોસ્વામીઓમાં જ હોય એવું નથી, તમારા લોકોમાં પણ બહુ છે, દા.ત. તમે 'દાસાનુદાસ' કહો છો. દાસાનુદાસનો સાચો શૉર્ટફોર્મ્ શું હોવો જોઈએ? 'દા.અ.' હોવો જોઈએ દાસ અનુદાસ. તમે બધા લોકો શું કરો છો? 'દા.દા.' લખો છો. અરે ભાઈ! દાદાગીરી કરી રહ્યા છો કે દાસાનુદાસ છો? તો જૂઓ દાસાનુદાસનો શૉર્ટફોર્મ્ શું કરે છે દા.દા. અમુક દાદા તમુક દાદા. આ દાદાગીરી કેમ કરો છો? આજે દાદાગીરી કરી રહ્યા છો તો કાલે ગુંડાગીરી પણ કરશો. પરમદિવસે ભાઈગીરી કરશો. કોઈ પ.ભ. થઈ જાય, કોઈ દા.દા. થઈ જાય, કોઈ કાંઈક થઈ જાય તો પુષ્ટિમાર્ગ ક્યાં જશે?

આપણા અહંકારના ખેલ આવા જ હોય છે. આપણો અહંકાર આપણી સાથે ખેલી રહ્યો છે અને એ અહંકારની બદોલત આપણે દુનિયાની સાથે ખેલી રહ્યા છીએ. કોઈ સમજી રહ્યું છે કે ચાંદ નીચે આવી

ગયો છે, કોઈ સમજી રહ્યું છે કે 'ના-ના' અમે જ ખુદ ઉંચે ઉઠીને આટલા ઉપર આવી ગયા કે ચાંદ અમને નીચે દેખાઈ રહ્યો છે. આમ અનેક ઝઘડા છે અહંકારના. પરંતુ આમાં મિથ્યાભાસનું સ્વરૂપ મેં તમને બતાવ્યું કે હૅલ્યુસિનેશન્ અને ઇલ્યુઝન્ નો બેઝિક્ ડિફરેન્સ્ આ બાટલીબાજોના ઉદાહરણથી તમે સમજી ગયા હશો.

(૩) કન્ડિશન્ ઑફ્ ઍક્સપીરિઅન્સ્ના રૂપમાં પણ મિથ્યાભાસાત્મક અહંકાર હોઈ શકે છે. આપણા ઍક્સપીરિઅન્સ્ની આ તરીકેની આહંકારિક કન્ડિશન્ જ છે કે તેનાથી કન્ડિશન્ થઈને જ જે પણ કોઈ ઍક્સપીરિઅન્સ્ થાય તે થાય. આને આમ સમજી શકીએ છીએ કે કોઈ માઈક્રોસ્કોપિક્ સ્ટ્રકચર્ આપણે જોવો હોય તો તેની કન્ડિશન્ માઈક્રોસ્કોપ્ના ઉપકરણના અનિવાર્ય ઉપયોગમાં પ્રકટ થશે. કોઈ બહુ દૂરનો તારો આપણે જોવો હોય તો તેની કન્ડિશન્ છે કે ટૅલિસ્કોપ્ હોવું જોઈએ. વગર ટૅલિસ્કોપ્ આપણે તેને જોઈ નથી શકતા. શરીરની અંદર હાડકાની ગોઠવણ જોવી હોય તો ઍક્સરેથી જ જોઈ શકાય. આંખથી, આપણને હાડકાનો સ્કેલેટન્ નહીં દેખાય. એવી રીતે આપણી પર્સનાલિટીને જોવાની કોઈ એક નૅસેસરી કન્ડિશન્ અહંકારને માની શકાય છે. વસ્તુ કાંઈ જ નથી પરંતુ કેવળ કન્ડિશન્ છે. તે ફુલફિલ્ થાય તો આપણને સેલ્ફ્-અવેર્નેસ્ આવશે.

૯૯% જેટલી કન્ડિશન્ આપણે પેદા કરતા હોઈએ તે બધી ટેન્ટેટિવ્ જ હોય છે, ઍડહૉક્ હોય છે. કોઈ પર્મનેન્ટ્ તો હોતી નથી. આજે આ હોય છે કાલે તે થઈ જાય તો કાલે-પરમદિવસે ત્રીજી થઈ જાય. જેમ પહેલાં પાંચ દિવસની ટેસ્ટ્મેચ્ થતી હતી, પછી ત્રણ દિવસની થઈ. હવે પચાસ ઓવર્ની થઈ ગઈ. કાલે દિવસના ત્રણ કે ચાર કલાકની પણ રમી શકાય છે. આ તો કોઈ પ્રકારની કેવળ કન્ડિશન્સ્ છે કે આ કન્ડિશન્સ્માં કોણ જીત્યો કે કોણ હાર્યો તેનો ફેંસલો કરવામાં આવશે. એઝ્ સચ્, બેટ અને બૉલ્ અને વિકેટ્ સાથે આનો કોઈ સમ્બન્ધ નથી. આપણે વિચારીએ કે ક્રિકેટ્ તો પાંચ દિવસની કે ત્રણ દિવસની કે પચાસ

ઓવર્‌ની અથવા દસ ઓવર્‌ની હોવી જોઈએ, આનો બેટ્ બૉલ્ અને વિકેટ્ સાથે અથવા ખેલના મેદાન સાથે શું સમ્બન્ધ? કાંઈ પણ નહીં. તમે એક કન્ડિશન્ બનાવી કે માની લીધી કે આ કન્ડિશન્‌ની મર્યાદામાં ક્રિકેટ્ રમાવી જોઈએ. આ જ પ્રકારથી અહંકાર તમારી કોઈ એક ઍડહોક્ ટેન્ટૅટિવ્ કન્ડિશન્ છે. દરેક વસ્તુને ઍક્સપીરિઅન્સ્ કરવાની તમે એક કન્ડિશન્ અહંકારના ઍક્સપીરિઅન્સ્‌ને બનાવી કે માની લીધી છે. હવે વિચારવાની વાત છે કે અમથે-અમથો કોઈ એલ્.બી.ડબલ્યુ આઉટ્ થઈ જાય, કોઈ રન્-આઉટ્ થઈ જાય, કોઈ ક્લીન્ બોલ્ડ્ થઈ જાય, આ હારવાની કન્ડિશન્ છે. બૉલ્ કાંઈ થોડો કહી રહ્યો છે કે કોઈ એલ.બી.ડબલ્યુ થઈ ગયો. એ તો આપણી ઘડેલી એક કન્ડિશન્ કેવળ છે, હાર-જીતનો કોઈ નિર્ણય લાવવા માટે. કાલે એવો પણ નિયમ આવી શકે છે કે એલ.બી.ડબલ્યુ અથવા રન્-આઉટ્ વાળો આઉટ્ નહીં માનવામાં આવે, જે ક્લીનબોલ્ડ્ થાય તે જ આઉટ્ માનવામાં આવશે. તો ખતમ થઈ ગઈ વાત. પછી તે દિવસથી જે ક્લીનબોલ્ડ્ થશે એ જ આઉટ્ માનવામાં આવશે. આપણે આપણા ખુદના અને આપણા સરાઉન્ડિંગ જે આખું જગત છે તેને તપાસવા માટે કોઈ પૅરામીટર્ કોઈ કન્ડિશન્ બનાવવા માટે આપણે અહંકારની કોઈ એક કન્ડિશન્, બાય્ બર્થ અથવા બાય્ સોશિયલ્ કન્ડિશન્‌થી, પેદા કરી છે. આમ આપણો અહંકાર આપણી કન્ડિશન્ પણ હોઈ શકે છે.

હું સમજું છું કે મેં ખૂલાસો કર્યો. સારરૂપમાં હું તમને બતાવી દઉં કે શાંકરમત બૌદ્ધમત તેવી જ રીતે બીજા પણ ઘણા બધા મત આપણા ભારતના એવા છે કે જે અહંકારને ક્યાંક ને ક્યાંક આ જ કેટેગરીમાં જોઈ રહ્યા છે. સવાલ આપણો છે તે હમણાં હું તમને નહીં બતાવું. આપણે (શ્રીમહાપ્રભુ) શું કહી રહ્યા છે તે તમને પછી બતાવીશ. અત્યારે આ ટૉપિક્‌ને પોસ્ટ્‌પોન્ રાખો. પરંતુ જેવી રીતે અહંકાર ક્રિયા છે કે ભાન છે કે મિથ્યાભાસ છે. આ બધી પૉસિબલ્ વૅરાયટીઝ માની કે વિચારી શકાય છે.

**(શું અહંકાર આપણી ભીતર નિગૂઢ કોઈ પારમાર્થિક તત્ત્વ છે?)**

અહંકાર આપણી ભીતર રહેલું કોઈ તત્ત્વ છે. હું તમને એક ઉદાહરણના રૂપમાં બતાવી રહ્યો છું : કમ્પ્યુટર્ કામ કરી રહ્યું છે, તો તેમાં કોઈ હાર્ડવેર્ છે કોઈ સોફ્ટવેર્ હોય છે અને તેમાં કોઈ બેટરી છે. કોઈ તેનું ઈલેક્ટ્રિકનું કનેક્શન્ પણ હોય છે, જેના અંતર્ગત તે કામ કરી રહ્યું છે. એ પ્રકારનો આપણી ભીતર કામ કરી રહેલું કોઈ ચિત્ત છે, કે કોઈ સોફ્ટવૅર્ છે, કે હાર્ડવૅર્ની કોઈ સ્લોટ્ છે, કે કોઈ ડ્રાઈવ્ છે, કે કાંઈક એના જેવું આપણી ભીતર છે. જે તત્ત્વનું નામ આપણે 'અહંકાર' કહી રહ્યા છીએ. પરંતુ જરૂરી નથી કે જે વખતે આપણે કમ્પ્યુટર્ ઑપરેટ્ કરતા હોઈએ તે વખતે ચિત્તનું જ્ઞાન આપણને હોવું જ જોઈએ. આ જરૂરી નથી કે જે સોફ્ટવેર્ના દ્વારા આપણે કમ્પ્યુટર્ને ઑપરેટ્ કરતા હોઈએ તે સોફ્ટવેરનું જ્ઞાન હોય. હાર્ડવેર્નું જ્ઞાન હોવું પણ જરૂરી નથી હોતું. કેમકે આવા જ્ઞાન વગર પણ આપણે તેને ઑપરેટ્ તો કરી શકીએ. તેવી રીતે આપણી ભીતર કોઈ એક અહંકાર જેવું કોઈ મિસ્ટીરિયસ્ (રહસ્યમય) તત્ત્વ છે એમ માની લો. એ મિસ્ટીરિયસ્ અહંકારરૂપ તત્ત્વના કારણે જ આપણે આપણા વિષે અને આખી દુનિયાના વિષે અવેર્નેસ્ રાખીએ છીએ. છતાં પણ અહંકારના પરિપૂર્ણ સ્વરૂપના વિષે આપણને અવેર્નેસ્ નથી કે આપણી ભીતર જે અહંકાર છે તે શું બલા છે. કમ્પ્યુટર્વાળા ઉદાહરણથી આપણે તે વાતને સમજી શકશું.

તે બાયોલોજિકલ્ હાર્ડવેર્ ટાઈપ્નું કે સોફ્ટવેર્ ટાઈપનું તત્ત્વ હોઈ શકે છે, આપણા મગજની ભીતર કોઈ એવું સેન્ટર્ હોઈ શકે. આપણા મગજ અને આપણા શરીરને ઘડવાવાળા જે સેલ્સ્ છે, એ સેલ્સ્ની કોઈ આ તરીકેની પ્રિવેલિન્ગ્ કન્ડિશન્ હોઈ શકે છે જે કન્ડિશન્ આપણી ભીતર અહંકારને જનરેટ્ કરતી હોય. તે સેલ્ આપસમાં એક-બીજાથી કેવી રીતે ઍગ્રી અને ડિસઍગ્રી થતા હશે, તેનાથી આપણામાં અહંકાર જનરેટ્ થતો હશે. જેમ મોટાભાગે તમે સાંભળ્યું હશે કે કિડ્ની ટ્રાંસ્પ્લાંટ કરી અને શરીરે તેને ઍક્સેપ્ટ ન કરી. કેમ ન ઍક્સેટપ્ટ કરી? કેમકે જે સેલ્સ્થી આપણું શરીર બન્યું છે તે સેલ્સ્ કિડ્નીને ઘડવાવાળા સેલ્સ્ને

ઍક્સેપ્ટ ન કરવા માગતું હોય. તે માનતું હોય છે કે આ કોઈ ફોરેન્ ઍલીમેન્ટ્ છે. આપણા શરીરના સેલ્સ્ના ઈગોની સાથે આરોપિત કિડ્નીને ઘડવાવાળા સેલ્સ્નો ઈગો તાલમેલ બેસાડી ન શકે તેથી રિજેક્ટ્ કરી દે. બ્લડ્-ટ્રાન્સ્ફ્યુઝન્ કરવામાં પણ આવી જ સિચ્યુએશન્ આવે છે કે બ્લડ્ આપણા ગ્રુપનું ન હોય, તે આપણા બ્લડ્ના સેલ્સ્ તરત રિઝેક્ટ્ કરી દે. તો એ પ્રકારનો આપણી ભીતર કામ કરતો કોઈ એક પ્રિન્સીપલ્ છે, જે પ્રિન્સીપલ્નું તત્ત્વ છે, એ તત્ત્વનું નામ પણ અહંકાર હોઈ શકે છે. આપણે સરળતાથી સમજી શકીએ છીએ.

અહંકાર કેટલો મોટો વિષય છે! કેટલી બધી શક્યતાઓ આમાં આપણે વિચારી શકીએ છીએ અને કેટલી બધી શક્યતાઓ આપણા મહાપ્રભુ વગેરે પ્રાચિન દાર્શનિકોએ વિચારી છે. આ ખાલી આજનું વિજ્ઞાન વિચારે એવી વાત નથી. વિજ્ઞાન તો હવે વિકસ્યુ છે. આપણા આ પ્રાચિન ચિંતકોએ આટલા વર્ષોથી આ બધી વાતો વિચારી છે. વેદ ઉપનિષદ્ પુરાણ તંત્ર બુધ્ધ મહાવીર બધાએ આ વિષયમાં ઘણું-ઘણું વિચાર્યુ છે કે અહંકાર શું ફિનોમિના છે. આપણા મહાપ્રભુનો જ મત આ બાબતમાં ખાલી કમ્પાઈલ્ કરીએ તો પણ હું સમજું છું પચાસ-સાઠ પેજિસ્ તો થઈ જશે. આટલો તો ખાલી મહાપ્રભુનું અહંકારની બાબતમાં લિટરેચર્ આપણને મળે છે. આપણે ત્યાં પણ આ બાબતમાં લિટરેચર્ ઓછું નથી. ખૈર, તો તે તત્ત્વ પણ હોઈ શકે છે.

### (શું અહંકાર આપણી ચેતનાની સાથે સંયોજિત કોઈ ઉપકરણ છે?)

એક લાસ્ટ્ ઑલ્ટરનેટિવ્ અહંકારની બાબતમાં આ પણ વિચારી શકાય છે કે અહંકાર કોઈ એક ડિવાઈસ્ છે. જેટલી પણ ડિવાઈસો, ઉદાહરણરૂપે, ઍક્સરેની, સોનોગ્રાફીની, એમ્.આર.આઈ.ની કે બીજી પણ જેટલા પ્રકારની ડિવાઈસો છે તે પ્રાયઃ આપણી બહાર હોય છે અને બહારથી ભીતર ઝાંકવામાં મદદ કરતી હોય છે. પરંતુ અપોજિટ્ કેરેક્ટર્ની અહંકારરૂપ ભીતરની ડિવાઈસ્ પણ હોઈ શકે કે જે બહારની બધી વાતને જોવામાં આપણને મદદ કરતી હોય. જે ડિવાઈસ્થી આપણે આખી

દુનિયાને જોઈ શકીએ છીએ. હું મારા અહંની બાબતમાં સૌથી પહેલાં જોઉં કે હું કોણ છું. ''હું કોણ છું?'' આ પ્રશ્ન પેદા થાય તો સૌથી પહેલો જવાબ શું આવશે? કે ''હું 'હું' છું'' બીજી તો બાકી બધી વાતો ઓઢેલી છે કપડાની જેમ. બધી વાતો 'હું'ના શરીર ઉપર કપડાની જેમ ઓઢેલી છે. તે ઈચ્છો તો પહેરો, ઈચ્છો તો ઉતારી દો.

કાલે મેં તમને ધોનીકટ્ વાળનું સમજાવ્યું કે મારો મોટો અહંકાર હતો તે મૂલ અહંકાર શા માટે પેદા થયો? કેમકે એ ચુભતો નાઈનો અસ્ત્રો, તેના દ્વારા કાનો ઉપર વાળનો મડ્ગાર્ડ્ બનાવવો તેથી મેં વિચાર્યું કે આ રોજ-રોજના લફડા દર મહિને કોણ કરે? મોટા-મોટા વાળ રાખો. તેથી ધોનીકટ્ વાળ રાખી લીધા. ત્યારે લોકોએ વાળ ઉપર હાથ ફેરવીને કહેવાનું શરૂ કર્યું કે બહુ સરસ વાળ છે તમારા, બસ તેવો અહંકાર થઈ ગયો કે મારા વાળ બહુ સરસ છે. કેટલો અહંકાર થયો! કાલે મેં તમને એ વાત સમજાવી કે દાદાજીએ ક્યારે કહ્યું કે આ વાળ કપાવો. તો મેં દાદાજીની સામે શું વાત કહી? મેં કહ્યું ''દાદાજી ટકો જ કરાવી લઉં તો?

બિચારા દાદાજીમાં અહંકાર ન હતો. કેમકે સામાન્ય રીતે ટકો ક્યારે કરાવે દીકરો? જ્યારે બાપ મરે ત્યારે. દાદાજીમાં અહંકાર ન હતો, એમણે મને ઉલટી ઝાડ લગાવી *''હટ લગ્ન વખતે આવું ન બોલી શકાય. છાનામાના વાળ કપાવી લે''.* કપાવવા પડ્યા વાળ, પણ મારી અંદર એ ધોનીકટ્ વાળનો અહંકાર કેટલો હતો કે સગા બાપની સામે હું પોતાના અહંકારને વશ આમ બોલી ગયો *''દાદાજી! આ લગ્નમાં વાળ કપાવવાનું આટલું જ ફરજીયાત હોય તો ટકો જ કરાવી લઉં તો શું ખોટું?''* મારા મનમાં એવો મેલાફાઈડ્ ઈન્ટેન્સન્ ન હતો પરંતુ જો દાદાજીમાં થોડો પણ અહંકાર હોત તો દાદાજીએ બહુ ખરાબ રીતે મારી પીટાઈ કરી હોત. કેમકે ઘણી કઠોર વાત મેં દાદાજીને મોઢામોઢ કહી દીધી હતી. આપણને વાળનો ઈશ્યુ નાનો લાગે પરંતુ આપણી પ્રાચિન પ્રણાલીકા અનુસાર વિચારો તો કેટલી મોટી વાત હતી? મારી અંદર એ અહંકાર હતો લગ્નની આપત્તિ આવી ગઈ કે આ મારા લાંબા વાળ વ્યર્થમાં કપાવવા પડશે! અહંકાર આ

પ્રકારનો એક હરજાઈ ફિનોમિના છે. હવે મને એ મારા વાળની યાદ પણ નથી આવતી.

કાલે જેમ મેં ઢબુ અને લક્ષ્મીની વાત બતાવી. તેના પછી હવે તો મને પણ ડર લાગે. વધારૂં અને પછી કાંઈક લોચો થઈ જાય. હવે તો બૉબકટ્ વાળ રાખવાની હિંમત જ નથી. હવે "ન ગંગદત્તઃ પુનરેતિ કૂપમ્" થઈ ગયો. આપણે સમજી શકીએ છીએ કે કેવી નાની-નાની વાતો ઉપર કેવા-કેવા ખુંખાર અહંકાર આપણા ભીતર પેદા થાય છે. અને તે કેટલા ભયાનક હોય છે! બહારથી અંદર જોવું હોય તો સોનોગ્રાફી કે એમ.આર.આઈ.થી અંદરના અંગપ્રત્યંગ જોઈ શકાય છે. એમ અંદરથી બહાર જોવાની વિલક્ષણ ડિવાઈસ્ અહંકાર હોઈ શકે છે.

આવી વિસ્તૃત આપણા અહંકારના ટૉપિકની રૅન્જ્ છે.

થોડોક મારો વિષય રહી ગયો. આપણે આ ઘણી બધી શક્યતાઓ જોઈ કે અહંકાર શું-શું હોઈ શકે છે? આના સંદર્ભમાં કાલવાળો શેર યાદ અપાવવા માગીશ "કુછ હકીકત હે કુછ કહાની હે કિતની પેચિદા જીંદગાની હે" આમાં વિચારવાની મુખ્ય વાત એ છે કે હકીકત શું છે અને કહાની શું છે?

જેમ-જેમ વિષય આગળ વધશે એ રીતે તે બધું આપણે વિચારશું. પરંતુ આમાં સમજવાની મુખ્ય આ વાત છે કે અહંકાર ક્રિયા હોય, મિથ્યાભાસ હોય, તત્ત્વ હોય કે કરણ હોય જે પણ કાંઈ હોય તેની સાથે સાથે આમાં હકીકત શું છે અને કહાની શું છે આ પણ પાછો આ ઈશ્યુને ડબલ્ બનાવી દે છે! મતલબ કોઈ પણ આઈટમ્ આમાં હકીકત હોઈ શકે, કોઈ પણ આઈટમ્ આમાં કહાની પણ હોઈ શકે. જેમ મેં પહેલાંથી બતાવ્યું ઍપિફિનોમિના, એમ ઍપિફિનોમિનાની જેમ ઍપિએકશન્ ઍપિઈમોશન્ કે ઍપિફીલિંગ્ કે ઍપિફિનોમિના કે ઍપિડિવાઈસ્ કાંઈ પણ હોય તે કહાનીનું જ ચક્કર છે એમ આપણે માની શકીએ છીએ.

જ્યારે આપણે હકીકત અને કહાનીના વિકલ્પોની ટર્મિનોલોજીમાં અહંકારને ઈવેલ્યુએટ્ કરવા માગતા હોઈએ ત્યારે શુદ્ધ હકીકત અને શુદ્ધ કહાની આ બે મુદ્દાઓને લઈને આપણે બધી વાત વિચારી રહ્યા છીએ. અહંકાર એક આપણી અંદરની હકીકત હોઈ શકે છે જેમ શેરમાં સૌથી પહેલાં વર્ણન કર્યું છે. અથવા એક કોરી કહાની પણ હોઈ શકે છે. તે મેં ઍપિફિનોમીના વગેરેથી બતાવ્યું.

## (અહંકાર શું નથી!)

આમાં એક ત્રીજી સંભાવના આ પણ વિચારી શકાય છે કે અહંકાર હકીકત પણ છે અને કહાની પણ છે. કેમકે દુનિયામાં કોઈ પણ હકીકત એવી નથી કે જેની કોઈ કહાની ન બનતી હોય. દરેક કહાનીની પાછળ કોઈ ને કોઈ હકીકત છુપાયેલી હોય છે.

## (હકીકતની કહાની અને કહાનીની હકીકત)

હવે ખૂબસૂરતી આ વાતની જૂઓ. કોઈ કહાની એવી નથી કે જેની કોઈ હકીકત ન હોય. કોઈ વખત શું થાય કે ઘટનાઓ કલ્પિત હોય છે, પાત્ર સાચા હોય છે. કોઈ વખત પાત્ર કલ્પિત હોય છે, ઘટનાઓ સાચી હોય છે, પરંતુ ક્યારેક ઘટના પાત્ર બંને પણ કલ્પિત હોઈ શકે છે પરંતુ એ વાર્તાની અંદર રહેલા સંદેશ હકીકત હોય. તો એવી તો કોઈ પણ કહાની નથી હોઈ શકતી કે જેની પોતાની કોઈ હકીકત ન હોય. તો દરેક કહાની કોઈ હકીકતને પ્રિસપોઝ કરે છે. દરેક હકીકતની કોઈ ને કોઈ કહાની ઘડાઈ જતી હોય છે. આ વાતની ખૂબસૂરતીને સમજો.

આ વાતની ખૂબસૂરતીને તમે સમજ્યા તો તમને મહાપ્રભુજીનો સિદ્ધાન્ત બરાબર સમજાઈ જશે. કેમકે મહાપ્રભુ જે કાંઈ કહેવા માગી રહ્યા છે તે તો અહંકારની બાબતમાં ઈન્ ટર્મમાં નથી કહેવા માગી રહ્યા કે કાં તો આ હકીકત છે કે કહાની છે અથવા અડધી હકીકત છે અને અડધી કહાની પણ છે. મહાપ્રભુજી જે કહેવા માગી રહ્યા છે એ તો આ વાત છે કે દરેક હકીકતની કોઈ ને કોઈ કહાની બની જાય છે. દરેક કહાનીની પાછળ કોઈ ને કોઈ હકીકત છુપાયેલી હોય છે. એ હકીકત કયા પ્રકારની છે?

જેમ હું પહેલાં પણ આ વાતને સમજાવી ચુક્યો છું પરંતુ પાછું તેને અહંકારના પેનોરમિક્ વ્યૂથી જોશો તો ખબર પડશે કે ઘણીબધી વાતો દુનિયામાં ટાઈમ્ અને સ્પેસ્‌ની ભીતર થાય છે. અને જે ટાઈમ્ અને સ્પેસ્‌ની ભીતર થાય તેને આપણે હકીકત માનીએ છીએ. જેમ આ ટેબલ્ અત્યારે અહીં છે, તેથી આપણે કહેશું કે આ ટેબલ્ હકીકત છે. કેમકે ટાઈમ્ અને સ્પેસ્‌નો રેફરન્સ્ આપણને આમાં મળી રહ્યો છે.

આપણે, પરંતુ, જો રિઆલીટિની પરિભાષા આટલી નાનકડી કે ક્ષુદ્ર ઘડી લઈએ કે જે ટાઈમ્ અને સ્પેસ્‌માં હોય એ જ સત્ય બાકી મિથ્યા તો એક મોટો ઈશ્યુ આ પેદા થશે કે ટાઈમ્ અને સ્પેસ્ શેમાં છે? વ્હેર્ ડઝ દ ટાઈમ્ ઍક્ઝિસ્ટ્? વ્હેર્ ડઝ દ સ્પેસ્ ઍક્ઝિસ્ટ્? ડુ દે ઍક્ઝિસ્ટ્ ઈન્ ટાઈમ્ એન્ડ સ્પેસ્? નો. તો ટાઈમ્ સ્પેસ્‌ની સત્યની પરિભાષાના આધારે ટાઈમ્ અને સ્પેસ્ અસત્ય સિદ્ધ થઈ જશે. જે પોતે મિથ્યા હોય તે તમારી કોઈ વસ્તુને સત્ય કેવી રીતે કરશે? તો આપણે એક વાત કબુલ કરવી પડશે કે આ સ્થિતિમાં આપણી વાત જિચ્ચ થઈ ગઈ. શતરંજ ખેલતી વખતે જેમ મોહરાઓની ચાલ જિચ્ચ થઈ જાય ને! જિચ્ચ થવું એટલે કે કોઈ મૂવમેન્ટ્ ન રહી જાય. આમ આપણી થોટ્-પ્રોસેસ્ જિચ્ચ થઈ જાય છે. ટાઈમ્-સ્પેસ્ જો ઍક્ઝિસ્ટેન્સ્‌ના પેરામીટર્ ઉપર સત્ય નથી, હકીકત નથી, તો શું ટાઈમ્-સ્પેસ્ ખુદ કલ્પના છે, કહાની છે?

એવા ઘણા ફિલોસોફર છે આપણા દેશમાં પણ અને યુરોપમાં પણ જેમણે ટાઈમ્-સ્પેસ્‌ને કહાની માની છે, હકીકત નથી માની. આપણા મહાપ્રભુ, પરંતુ, ટાઈમ્ અને સ્પેસ્‌ને હકીકત માનીને ચાલે છે હોં! આ વાત નહીં ભુલતા કે મહાપ્રભુ કહાની નથી માનતા. પરંતુ એવા ઘણાબધા ચિંતક આપણા દેશમાં પણ થયા છે અને ત્યાં યુરોપમાં પણ થયા છે જેમણે ટાઈમ્ અને સ્પેસ્‌ને માત્ર કહાની માની છે.

હવે આ તો આઈન્સ્ટીને એવો કબાડો કરી દીધો કે લોકો હવે ડરે છે ના પાડવામાં કે ટાઈમ્-સ્પેસ્ નથી. કેમકે રિલેટિવીટિની થીયરીનો બેઝિક ફાઉન્ડેશન્ ટાઈમ્ અને સ્પેસ્‌માં ફસાયેલો છે. હવે આથી લોકો ડરે

છે. ફિલોસોફરો પણ થોડાક મુંગા થઈ જાય છે મે *"મારૂં સ્વમાન રક્ષવા જતાં કદી-કદી હું કરગરી ગયો છું પણ મને યાદ તો નથી"* જવા દો ને, ટાઈમ્-સ્પેસ્‌ની વાતો મૂકો. જે ટાઈમ્-સ્પેસ્‌માં હોય એની જ વાતો કરો. હવે આ રીતથી લોકો વિચારે છે. પરંતુ આ તો શતુર્મુર્ગીચાલ થઈ ગઈ ને! જ્યારે આપણે સત્યની પરિભાષા કરી રહ્યા છીએ કે જે ટાઈમ્ અને સ્પેસ્‌માં છે તે જ સત્ય છે તો આ પરિભાષાને સ્વીકારતાં જ આપણા ઉપર એક લૉજિકલ્ રિસ્પોન્સિબિલિટી આવી જાય છે. તે આપણે મેઈન્‌ટેઈન્ કરવી પડશે. તકલીફ સમજમાં આવી?

આથી આપણે આ વાત પણ કબુલ કરવી પડશે કે નહીં નહીં એવું નથી. ઘણીબધી વસ્તુઓના હોવાના પૅરામીટર્ ટાઈમ્ અને સ્પેસ્ છે પરંતુ ઘણીબધી એવી વસ્તુ પણ હોઈ શકે છે કે જે ટાઈમ્ અને સ્પેસ્‌ના પૅરામીટર્ કે એની ફૂટપટ્ટીથી માપી ન શકાતી હોય પરંતુ હોવી તો જોઈએ.

## (અસ્તિત્વના ત્રણ પ્રકાર)

આને માટે યુરોપિયન ચિંતનમાં એક સારો શબ્દ ઘડવામાં આવ્યો છે કે જે ટાઈમ્ અને સ્પેસ્ છે તેને આપણે 'ઍક્ઝિસ્ટેન્ટ્' કહીએ. ટાઈમ્ અને સ્પેસ્‌માં જે ન હોય તેને 'સબસિસ્ટેન્ટ્' કહીએ. અને જે બિયોન્ડ્ ટાઈમ્ અને સ્પેસ્ હોય તેને ખાલી 'બિઈન્ગ્' કહીએ. આવી રીતની ત્રણ ટર્મીનોલોજી પ્રસ્તુત થઈ છે. કોઈના પણ હોવાની ત્રણ વેરાયટી હોય : એક વેરાયટી બિઈન્ગ્ હોવાની છે. બીજી વેરાયટી તેની સબસિસ્ટેન્ટ્ હોવાની છે. ત્રીજી વેરાયટી તેની ઍક્ઝિસ્ટ્ હોવાની થાય. ઍક્ઝિસ્ટ્ હોવાની જે વેરાયટી છે તેને આપણે ત્યાં ટાઈમ્ અને સ્પેસ્‌માં કન્ફાઈન્ડ્ કરવામાં આવી છે. જે ટાઈમ્ અને સ્પેસ્‌માં હોય તેને આપણે કહેશું કે આ ઍક્ઝિસ્ટ્ કરે છે. અહીં એક સવાલ પેદા થશે કે આ ટેબલ્ છે એ તમે ઓળખ્યું કેવી રીતે? એ કૅરેક્ટર્ શું છે? એ ક્રાઈટેરિયા શું છે? જે ક્રાઈટેરીયાને કારણે ટેબલને ટેબલ તરીકે સ્વીકારવા માટે તમારી બુદ્ધિમાં કોઈ પ્રકારનો કમ્પલ્શન્ આવી રહ્યું છે. જે ટેબલને ટેબલ તરીકે સિદ્ધ કરતું હોય તે ખુદ ટેબલ તો નહીં 'ટેબલનેસ્' માની શકાય છે. ગુજરાતીમાં

આપણે કહેવું હોય તો ‘‘ટેબલ હોવું’’. પરંતુ ટેબલ હોવું એટલે શું? શું હોવું? ઘોડો હોવું કે ગધેડો હોવું કે બીજું શું હોવું? ‘ટેબલ હોવું’ ટાઈમ્-સ્પેસ્માં ડિફાઈન્ નથી કરી શકાતું. ટેબલ ટાઈમ્ અને સ્પેસ્માં છે પરંતુ ટેબલ હોવું કોઈ એક ટેબલમાં કન્ફાઈન્ડ્ નથી. દુનિયામાં સેંકડો હજારો પ્રકારના ટેબલ હોઈ શકે છે. એ બધાને જોઈને આપણે ઓળખી જઈએ કે આ પણ ટેબલ છે. પછી તે ભલે ગોળ ટેબલ હોય કે ત્રિકોણ ટેબલ હોય અથવા ચોરસ ટેબલ હોય. હા! બધા ટેબલ જ તો છે. આ કયો ફિનોમિના છે જે ટેબલને ટેબલ બનાવી રહ્યો છે? કાંઈક એક આપણી અંડરસ્ટેન્ડિંગ છે ટેબલના વિષયમાં. જે અન્ડરસ્ટેન્ડિંગના જોરે આપણે ટેબલને ટેબલ તરીકે ઓળખી રહ્યા છીએ. તમને લાગતું હશે કે અહંકારની વાતમાંથી પાછી ટેબલની ચર્ચામાં કેમ ફંટાઈ ગઈ? ના એમ નથી! ધ્યાનથી સમજો કે કાંઈક આપણી અંડરસ્ટેન્ડિંગ છે જે આપણને અહં બનાવી રહી છે. હું ટેબલની ચર્ચા નથી કરી રહ્યો, અહંની જ ચર્ચા કરી રહ્યો છું. તમે ગભરાઈ ન જતા.

અમારા દાદાજીએ એક વખત બ્રહ્મવાદ ઉપર પ્રવચન કર્યું અને લાંબા-ચોડા ટેબલ્સ્ બનાવ્યા. આમાં અહીં સગુણ બ્રહ્મ છે અને અહીં નિર્ગુણ બ્રહ્મ છે. છ મહીના સુધી પ્રવચન ચાલ્યું. તેના પછી એક ડોકરીએ ઉભા થઈને પૂછ્યું *‘‘આપે જે ટેબલની વાત કહી તે ક્યાંય પણ દેખાયું જ નહીં. ટેબલ ક્યાં ગયું આમાં? દરરોજ આપ ‘ટેબલ-ટેબલ’ કરતા હતા પણ ટેબલ તો આવ્યું જ નહીં. આ બધા શ્રુતિના વચનો આવ્યા પણ ટેબલ જ આવ્યું’’* દાદાજીએ કહ્યું *‘‘માજી! શ્રુતિના વચનને ટેબલ બનાવ્યું હતું મેં’’*. એ ડોકરી સામાન રાખવાનું ટેબલ કયારેક લાવવામાં આવશે એમ વિચારતી રહી!

આ પ્રકારનું ટેબલ તો એક કૅરેક્ટર્ છે એ સોલિડ્ નથી. જેને જોઈને આપણને ખબર પડી જાય કે અચ્છા આને ‘ટેબલ’ કહેવાય. એ સોલિડ્ ટેબલ હોય છે. ટેબલ પ્લાસ્ટિક્નું, લાકડાનું, કાચનું, લોઢાનું અથવા ચાંદી-સોનાનું હોવું કાંઈ જરૂરી નથી. ટેબલ્ ઈઝ એ ટેબલ્ ઈઝ એ

ટેબલ્. અને આપણને ખબર પડે કે અચ્છા આ ટેબલ છે.

ટેબલ આપણે ક્યારેય જોયું ન હોય તો પણ આપણને ખબર પડે કે હા આ ટેબલ જ છે. ક્યારેક તમારા દિલને પૂછો એ શું-કેવો ફિનૉમિના છે? જે ફિનૉમિના તમને ટેબલને ટેબલતરીકે ઓળખવામાં મદદ કરી રહ્યો છે. તમારા માટે તો એ ફિનૉમિના ઈન્ડિફાઈનેબલ્ જ રહેશે. તમે એને ડિફાઈન્ કરવા જશો તો ગોળાકારનું જે હોય તે ટેબલ હોય તો ચોરસ પણ ટેબલ મળશે, ત્રિકોણ કે લંબગોળ લંબચોરસ પણ ટેબલ હોઈ શકે છે. ચાર પાયાનું, ત્રણ પાયાનું પણ ટેબલ હોઈ શકે. કાળા પીળા ધોળા રંગના ટેબલ હોઈ શકે છે. પચાસ ઓપ્સન્ તેના તમે ઉભા કરી લો. આપણને ખબર ન પડે કે આમાં કયું કૅરેક્ટર્ બધા ટેબલોની બાબતમાં સાચું રહેવાવાળુ ઈન્-એવોઈડેબલ્ કૅરેક્ટર્ છે કે જે ટેબલને ટેબલ બનાવે છે. કહેવું બહુ મુશ્કેલ છે પરંતુ આપણું મગજ સમજી રહ્યું છે કે આ ટેબલ છે. જે વખતે કોઈ ટેબલ આપણી સામે આવે તે વખતે આપણે ફટાક કરીને ઓળખી જઈએ કે હા જૂઓ આ ટેબલ છે. આવું ટેબલ, પરંતુ, તે છે ક્યાં?

આવું ટેબલ દરેક ટેબલમાં છે પરંતુ કોઈ ટાઈમ્ અને સ્પેસ્માં એ ટેબલ નથી. એવું તે કોઈ આઈડિયલ્ ટેબલ છે. આઈડિયલ્ એટલે 'આઈડિયલ'ના બે અર્થ થાય : ૧.જેમ એક આપણે કસોટી ઘડી હોય કે આવું હોય તો કોઈ ટેબલને સારૂં ટેબલ માનવામાં આવશે અને આવું નહીં હોય તો સારૂં ટેબલ નહીં માનવામાં આવે. તેને પણ આપણે 'આઈડિયલ-ટેબલ' કે 'આદર્શટેબલ' કહીશું. ૨.બીજો અર્થ આ કે દેશકાળમાં અવસ્થિત સત્ય ટેબલ ન હોય તો પણ આપણા ચિદંશરૂપ માઈન્ડ્માં એ વિજ્ઞાનરૂપ જે વિદ્યમાન હોય. એવું પણ ટેબલ હોય છે.

તેને 'કન્સેપ્ચ્યુઅલ્ ટેબલ્' કહી શકીએ છીએ. હકીકતમાં સ્પેસ્ અને ટાઈમ્માં રહેનારૂં ટેબલ નથી તો પણ આ ટેબલના કારણે આપણે દરેક ટેબલને ટેબલ તરીકે ઓળખી શકીએ છીએ. અને જો માઈન્ડ્માં એ ટેબલ ન હોય તો આ ટેબલને ઓળખવું મુશ્કેલ થઈ જાય. એવું એ

આઈડિયલ્ ટેબલ્ છે. 'આઈડિયલ્' એટલે આદર્શવાળા અર્થમાં નહીં પણ દેટ્ વિચ્ બિલોંગ્સ્ ટુ આઈડિયા. આવું આપણા માઈન્ડ્નું ટેબલ છે. એ મેન્ટલ્ ટેબલ ટાઈમ્ અને સ્પેસ્માં નથી હોતું તો પણ ક્યાંક ને ક્યાંક સબસિસ્ટ્ તો કરે છે. જેમ દરેક ટેબલમાં એ ટેબલ હોય છે તેવી જ રીતે તમારા માઈન્ડ્માં પણ હોય છે. એ ટેબલની સાથે બહારનું ટેબલ કોરસ્પોન્ડ્ કરતું હોય તો તેનું કારણ તેમાં માઈન્ડ્ના ટેબલનું સબસિસ્ટ્ હોવું છે. ત્યારે તમે તેને કો-રિલેટ્ કરી શકો છો. જેમ બાળકો માટે જનરલનોલેજનો એ ખેલ આવે છે કે એક ચિત્રની પાસે પિન ઘુસાડવાની હોય અને બને બીજી નામની પાસે બંને બરાબર થાય તો બત્તી જોડાઈ જાય. આવી જ રીતથી આઈડિયલ્ ટેબલ અને રિયલ્ ટેબલ એકબીજાથી મેચ થઈ જાય તો આપણા દિમાગમાં પણ બત્તી જોડાઈ જાય કે હા આ ટેબલ છે.

તો એક ટેબલ બહારના ટાઈમ્-સ્પેસ્માં ઍક્ઝિસ્ટ્ કરતું હોય અને બીજું માઈન્ડ્ અને બહારના ટેબલને ભીતર સબ્સિસ્ટ્ કરતું ટેબલ. આમાં કોઈ ચીજ એવી પણ હોઈ શકે કે જેના કારણે આ બંને જાતના ટેબલના ઍક્ઝિસ્ટ્ કે સબસિસ્ટેન્સ્ સિદ્ધ થતા હોય, એ ફિનૉમિના પણ તો કોઈ હોવો જોઈએ. એ ફિનૉમિના શું છે? આખરે ટેબલ બન્યું છે તો કોઈ ચીજનું બન્યું છે. જેમ ટેબલનો કોઈ આઈડિયા બન્યો છે તો માઈન્ડ્માં. એ ચીજ કઈ ચીજ છે? જે ટેબલ અને ટેબલના આઈડિઆને ઘડી રહી છે? ચીજનું નામ પશ્ચિમી ચિંતક 'બિઈન્ગ્' કહે છે અને એ 'બિઈન્ગ્'ના પર્યાયને ઉપનિષદ્ 'સત્' કહે છે. **"સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ"** (તૈત્તિ.ઉપ.૨/૧). બ્રહ્મ અપરિચ્છિન્ન સત્ય જ્ઞાનરૂપ છે. એટલે કે સચ્ચિદાનન્દ છે.

**(રૂપ દેશકાલવર્તી સત્, નામ દેશવર્તી કાલાતીત સત્ અને મૂલતત્ત્વ દેશકાલાતીત સત્)**

સચ્ચિદાનન્દ બ્રહ્મના સદંશમાંથી જે સત્ય પ્રકટ થયું તેને મૂલતઃ 'સત્' માનવામાં આવે છે તે 'બિઈન્ગ્'ના અર્થમાં છે. ઍક્ઝિસ્ટેન્સ્ કે

સબ્સિસ્ટેન્સ્‌ના અર્થમાં નહીં, આ વાતને ધ્યાનથી સમજો. 'બિઇન્ગ્' જે બ્રહ્મ છે એ બ્રહ્મનો ઍગ્ઝિસ્ટેન્સ્ તમને ક્યાંય દેખાશે નહીં. અહીં કોઇ ટાઈમ્ કે સ્પેસ્‌ના કોઇ અંશમાં બ્રહ્મ દેખાઇ રહ્યો છે? આથી આપણે આ વાત કહેવા માગીએ છીએ કે બ્રહ્મ એક એવું બિઇન્ગ્ છે કે જેમાં ખુદ ટાઈમ્ અને સ્પેસ્ રહે છે. એ બ્રહ્મ ટાઇમ્ અને સ્પેસ્‌માં નથી રહેતો. એ બ્રહ્મમાં પણ બધા મૂલ આઈડિઆ પણ રહી રહ્યા છે. આથી માઈન્ડ્‌નું જે મેન્ટલ્ ટેબલ છે તેને આપણા મહાપ્રભુ 'નામ' કહે છે. અને આ પ્રત્યક્ષથી દેખાતા ટેબલને મહાપ્રભુ 'રૂપ' કહે છે.

**''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાય અદ્‌ભુતકર્મણે ।**
**રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥''**

(ત.દી.નિ.૧/૧)

આ સામે રાખેલું ટેબલ 'રૂપ'નું ટેબલ છે. આપણી અંદર માઈન્ડ્‌માં જે ટેબલ છે તેને મહાપ્રભુ 'નામ' કહે છે. આમ રૂપનું અને નામનું બે ટેબલ છે. એ બંને જે બિઇન્ગ્‌માં છે તે બિઇન્ગ્‌નું નામ બ્રહ્મ છે **''રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ''** જેમાંથી આ મેન્ટલ્ ટેબલ અને મટીરિઅલ્ ટેબલ બનતા હોય તે ટેબલનો પ્રાઈમોર્ડિઅલ્ કૉઝ છે. સચ્ચિદાનન્દ બ્રહ્મના સત્‌ને આપણે 'બિઇન્ગ્' કહીએ છીએ એ સત્‌માં દરેક પદાર્થ છે અને દરેક પદાર્થ તેમાં છે. જે હકીકત છે બધાની, એ દરેક હકીકતમાં એક કહાની બની રહી છે અને દરેક કહાનીમાં એની હકીકત છૂપાયેલી છે.

આ વાતને આપણે સિમ્પ્લીફાઈડ્ કરી લઈએ. મારા એક પરિચિત છે, એમણે મને પૂછ્યું કે ''જીવન શું છે?'' મેં કહ્યું ''તમે બતાવો એ શું છે?'' તો એમણે કહ્યું ''જીવનની હકીકત બહુ નાનકડી છે''. મેં પૂછ્યું ''કેમ નાનકડી લાગે છે?'' એમણે બહુ સારી ફોર્મ્યુલા બતાવી કે '' આવીને નહાયા અને નહાઈને ગયા. બસ આટલું જ તો જીવન છે''. મેં પૂછ્યું ''જીવન આટલું જ કેમ રહી ગયું?'' બાળક જન્મે ત્યારે તેને નવડાવે છે અને મરે ત્યારે પણ નવડાવીને તેને બાળવા લઈ જવામાં આવે

છે. તેથી આવીને ન્હાયા અને ન્હાઈને ગયા આટલું જ તો જીવન છે''. સાવ નાનું થઈ ગયું જીવન. આપણને ખબર જ ન પડે કે એગ્ઝિસ્ટ્ કરી રહ્યું છે કે સબ્સિસ્ટ કરી રહ્યું છે! આ જીવનનો આધારરૂપ કોઈ બિઈન્ગ્ છે કે નહીં! હકીકત જૂઓ તો બહુ નાની થઈ ગઈ. મેં મનમાં કહ્યું કે આપે વાત તો વાત તો બહુ સાચી કરી છે. હકીકતની વાત કરી કે જીવન વિચારીએ તો ખરેખર એવું જ છે. પરંતુ એક વાત બીજી વિચારવી જોઈએ કે જીવનની આ નાનકડી હકીકતના જેવી કાંઈક લાંબી કહાની પણ હોઈ શકે કે નહીં? વિચારો, આટલા નાનકડા જીવનની થઈ-થઈને કેટલી લાંબી કહાની બની શકશે? હું તમને બહુ મજેદાર શેર સંભળાવું **''માંકી કૂખસે કબ્રકા રસ્તા દૂર નહીં પર ચલતે-ચલતે એક જમાના લગતા હે.''** કોઈ સીત્તેર વરસનો થઈ જાય, કોઈ એંસી વરસનો થઈ જાય છે. ચલતે-ચલતે એક જમાના લગતા હે. આવીને ન્હાયા અને ન્હાઈને જઈએ પરંતુ એ અંતરને પાર કરવામાં કોઈને પચાસ વરસ લાગે, હવે સડસઠ વરસનો તો હું પણ થઈ ગયો. જૂઓ કે કેટલો સમય લઈ લીધો. તો ''ચલતે-ચલતે એક જમાના લગતા હે. હમ દોનોં (જીવન અને અહંકાર) કા પ્યાર પુરાના લગતા હે'' તો આ હકીકતમાંથી કહાની બની ગઈ કે નહીં! દરેક હકીકત કે જે આટલી નાનકડી હકીકત હતી કે '' આવીને ન્હાયા અને ન્હાઈને ગયા'' આમાંથી કહાની કેટલી લાંબી બની ગઈ!

મહાપ્રભુ આમાં એ કહેવા માગે છે કે હકીકત અને કહાનીમાં જે પ્રકારનો દ્વૈતવાદ વિચારી લીધો છે કે ''જો કહાની છે તો હકીકત નથી અને હકીકત છે તો કહાની નથી'', આ તો નૅરો કન્સેપ્ટ્ છે આ કન્સેપ્ટ્થી આપણે બહાર આવવું પડશે. કેમકે દરેક હકીકતની કોઈ એક કહાની હોય છે અને દરેક કહાનીની પોત-પોતામાં કોઈ એક હકીકત હોય છે. આ નિયમ સમજી જઈએ તો આપણને અહંકારની બાબતમાં મહાપ્રભુનો એપ્રોચ શું છે તે સમજાઈ જશે. બાકી આપણે આટલી બધી વસ્તુઓ તપાસી અને આપણે નર્વસ્ થઈ જઈશું કે આ અહંકાર કઈ બલા આવી ગઈ?

દેશના વિભાજન વખતે લખનઉમાં હિન્દુ-મુસ્લિમ લડાઇ થઇ ગઈ ત્યારે એક ઘરડા મુસલમાનને હિન્દુઓએ બચાવવા માટે ઘરમાં છુપાવી દીધો. હવે જે લોકો શોધી રહ્યા હતા ''ક્યાં ગયા મિયાંજી? ક્યાં ગયા મિયાંજી? લાવો બતાવો'' એમને શક થઈ ગયો કે આ ઘરમાં જ છુપાયા હશે. મિયાંજીએ કહ્યું કે ''હવે કેવી રીતે બચવું?'' હિન્દુએ કહ્યું કે ''તમે ધોતી-દુપટ્ટો પહેરો તિલક લગાવીને ભાગી જાવ અહીંથી'' તો મિયાંજી બિચારા ધોતી-દુપટ્ટો પહેરીને તીલક લગાવીને બહાર નિકળી ગયા. એ ગુંડાઓ તો બહાર ઉભા જ હતા, એમણે પૂછ્યું ''કોણ છો?'' મિયાંજીએ કહ્યું ''બમ્મન છું બમ્મન'' હવે એ બમ્મન બોલ્યો એમાં જ ખબર પડી ગઈ કે મુસલમાન છે, બ્રાહ્મણ નથી. એને બિચારાને શું ખબર કે? ગુંડાઓએ પૂછ્યું ''કયા બ્રાહ્મણ?'' મિયાંજીએ કહ્યું ''યા અલ્લાહ! બમ્મનમાં પણ બમ્મન હોય છે શું?'' બિચારો ફસાઈ ગયો ''માંકી કૂખસે કબ્રકા રાસ્તા દૂર નહીં, ચલતે ચલતે એક જમાના લગતા હે'' અને આ કહાની બની ગઈ કે નહીં?

એવી રીતે એક અહંકારમાંથી બીજો અહંકાર અહીં પણ નીકળી રહ્યો હોય તો ગભરાઈ ન જાવ!

એટલા માટે મહાપ્રભુજી ચોકખા-ચટ પ્રકારથી આ વાત કહે છે કે જેમ બ્રહ્મ પરમાત્મા ભગવાનનું સચ્ચિદાનન્દ સ્વરૂપ પારમાર્થિક છે, એવી જ રીતે એમની કોઈ આનન્દાત્મિકા લીલા પણ પારમાર્થિક છે. સચ્ચિદાનન્દાત્મક જે સ્વરૂપ છે તેમાંથી આનન્દાત્મિકા લીલા પ્રકટ થઈ રહી છે. તે દરેક લીલા પ્રભુની એક કહાની નથી તો બીજું શું છે? અને જે સચ્ચિદાનન્દ બ્રહ્મ છે એ શું છે? હકીકત છે. બ્રહ્મમાં આ લીલા છૂપાયેલી છે અને લીલામાં બ્રહ્મ છૂપાયેલો છે. દરેક કહાનીમાં હકીકત છૂપાયેલી છે. દરેક હકીકતમાં એક કહાની છૂપાયેલી છે. આ આટલું બેઝિક તમે સમજી લો.

## (પ્રશ્નોત્તરી)

**પ્રશ્ન :** ઈલ્યુઝન્‌ને નિરૂપાધિક કેવી રીતે કહી શકાય?

**જવાબ :** નિરૂપાધિકનો મતલબ શું? 'નિરૂપાધિક'નો મતલબ થાય છે કે જે વસ્તુને સમજવાની આપણી ફેકલ્ટી જે કાંઈ પણ ફંક્શન્ હોય, એ ફંક્શન્‌ને વાપરીને સત્યઉપર ન પહોંચીને કોઈ મિથ્યાભાસ ઉપર પહોંચી જતો હોય તો તે નિરૂપાધિક ભ્રમ કહેવામાં આવે. જેમ હું તમને ઉદાહરણ બતાવું કે આપણી પાસે ટેબલને ટેબલ તરીકે ઓળખવાના કાંઈક તો આપણી ભીતર ટેબલના આઈડિયલ્ કન્સેપ્ટ્ છે, જેનાથી આપણે ટેબલને ઓળખી રહ્યા છીએ, અને આ પ્રત્યક્ષ ટેબલ રિઅલ્ ટેબલ છે. રિઅલ વર્સિસ્ આઈડિયલ્ એવી રીતે વિચારશો તો વાત એકદમ સ્પષ્ટ થઈ જશે. એ બંને ટેબલની અંતર્ગત જ્યારે આપણી સામે આ પ્રકારનો પ્રસંગ આવે કે આપણી પાસે કોઈ એક ટેબલ આવ્યું છે. ત્યારે આપણે શું કરીએ? તેને મૅચ જ તો કરીએ. જેમ ડાઈ (બીબું) બનાવે તેમાં મૅટર્ ભરાઈ જાય, તેમાં ડાઈનો આકાર છપાઈ જાય. એ છાપ એમાં બની જાય. એવી રીતે આપણા મનમાં જે ટેબલની ડાઈ છે, એ ડાઈમાં કોઈ ફિટ્ થઈ રહ્યું છે કે નહીં? એ ડાઈમાં ફિટ્ થઈ રહ્યું છે તો તે ટેબલ છે. એ ડાઈમાં ફિટ્ નથી થઈ રહ્યું તો એ ટેબલ નથી. હવે આ ફેકલ્ટીના સિવાય બીજી કોઈ ફેકલ્ટી નથી વાપરી રહ્યા. પરંતુ આ ફેકલ્ટીને વાપરવામાં આપણે જે વખતે કાંઈક મિસ્-કલ્ક્યુલેશન્ કરી લઈએ અને જે ટેબલ નથી તેને ટેબલ તરીકે ઓળખવા લાગી જઈએ તો તે 'નિરૂપાધિક ભ્રમ' કહેવાય. જ્યારે કોઈ વસ્તુને સમજવાની આપણી ઈન્ટરનલ્ ફેકલ્ટીઝ જે કાંઈ હોય એને વાપરવાના બદલે બીજી કોઈ એક્સ્ટર્નલ્ ફૅકલ્ટીને કારણે કોઈ ચીજને ઓળખવા માગીએ ત્યારે ઈલ્યુઝન્ થઈ જાય છે તે 'સોપાધિક' એટલે 'કન્ડીશન્ડ્ એક્સિપરીઅન્સ્' કહેવાશે. જેમ દૂરની વસ્તુ દૂરબીનથી જોશું તો નજીક દેખાશે. હવે એ પાસે કે નજીકમાં દેખાવું શું છે? ખરેખર એ એટલી નજીક તમારી પાસે હોતી નથી. ખાલી દેખાતી નજીક હોય. પરંતુ એ દેખાવાનો ટોન્ એટલી જ હકીકત ભરેલું હોય, જેટલી વાસ્તવિકતાનો ટોન્ તમે તેને નજીકથી જોતા હો ત્યારે હોત. આને જોવા માટે જે ડિવાઈસ્ બાઈનૉક્યુલર્ વાપર્યું તે આપણી બિલ્ટ્-ઈન્ સિસ્ટમ્ નથી. તમારે વધારાની મદદ લેવી પડી છે. તેના કારણે તમને નજીક હોવાનો અનુભવ

થઈ રહ્યો છે. આ સોપાધિક ભ્રમ થઈ ગયો જેમાં બાઈનૉક્યુલર્ ઉપાધિ છે. આનું પ્રસિદ્ધ ઉદાહરણ કમળાનો રોગ છે જેમાં શંખ પણ પીળો દેખાય. તો કમળો આપણી આંખોનું ફંક્શન્ નથી પરંતુ આંખમાં પેદા થયેલો રોગ છે. તેને કારણે આપણી દૃષ્ટિમાં પીળાપણું છવાઈ જાય છે જેનાથી શંખ સફેદ હોવા છતાં પણ પીળો દેખાવા લાગે છે. આ ઔપાધિક ભ્રમ છે.

એવી રીતે એક્સટર્નલ્ કોઈ ડિવાઈસ્‌ના વાપર્યા વિના પણ કાંઈક ઈલ્યુઝન્ થાય છે. આનું પ્રસિદ્ધ ઉદાહરણ સાયકૉલૉજીમાં આ રીતે આપવામાં આવે કે રેલ્વેના બે પાટા આપણને દૂર કોઈ એક પોઈન્ટ્ ઉપર મળી ગયેલા દેખાય. હવે આપણે જાણતા હોઈએ છીએ કે હકીકતમાં રેલ્વેના બે પાટા મળતા નથી પરંતુ તે એક્સટર્નલ્ કન્ડીશન્ જ એવી છે. જ્યારે આટલી લાંબી દૂરીની કોઈ ચીજને જોવી છે તો બધી લાઈન્ કન્વર્ઝ થઈ જતી હોય છે. આ કન્વર્ઝ થવાના કારણે એ પ્રકારનો ભ્રમ થાય છે. બીજું પણ એક તેનું બહુ સરસ પ્રસિદ્ધ ઉદાહરણ આ પ્રકારનું બતાવવામાં આવ્યું છે :



જૂઓ મેં માપ લઈને બંનેને એક જેવું બનાવ્યું પરંતુ એક નાનું દેખાય છે અને બીજું મોટું. કેમકે એકને ઍન્ક્લોઝર્ આપ્યો છે અને બીજાને ઓપનર્ આપ્યો છે. તો ઓપનર્‌ની વેલ્યુ એમાં ઍડ્ થઈ જાય છે આંખના હિસાબે. કારણ ફક્ત શું છે? કન્ડીશન્. આથી કન્ડીશન્ એક્સ્પિરીઅન્સ્ છે. કેમકે તેને બંધ કર્યું છે આથી આપણને નાનું લાગે છે. જેને ખોલી દીધું છે ત્યાં આપણી આંખ કોઈ લંબાઈ એક્સ્પેક્ટ્ કરવા લાગે છે. આવા ઘણા બધા કન્ડીશન્ડ્ એક્સ્પિરીઅન્સ્ હોય છે. જેના કારણે જે રિઆલિટી છે તે રિઆલિટી ન દેખાઈને કોઈ કહાનીજેવી દેખાવા લાગે છે.

**પ્રશ્ન :** તો કન્ડીશનને આપણે ‘નિરૂપાધિક’ કહી શકીએ કે નહીં?

**જવાબ :** એ નિરૂપાધિક નથી જેમ દોરડામાં સાપ દેખાવો. તેમાં બહારની

કોઈ કન્ડીશન્ કામમાં નથી આવી રહી. આપણે મનમાં સાપનું બીબું જે રાખી દીધું છે એ બીબાને આપણે સાપને બદલે દોરડા ઉપર લાગુ કરીને જોવા માગીએ છીએ તો તે 'નિરૂપાધિક ભ્રમ' કહેવાય. આનું સૌથી સુંદર ઉદાહરણ બતાવું જે શ્રીશંકરાચાર્યે ખૂબજ સરસ કહ્યું છે **'નચ ત્વં નચ અહં નચ અયં પ્રપંચઃ અનૈકાન્તિકત્વાત્ સુષુપ્ત્યૈકસિદ્ધસ્ તદ્ એકો અવશિષ્ટઃ શિવો અહં શિવો અહમ્''** (દશશ્લો.) ન તું છે, ન હું છું અને ન આ પ્રપંચ(જગત્) છે. પરંતુ ''હું નથી'' એ કહેવા માટે ''હું'' ક્યાંકથી તો લાવવો પડશે. એ ''હું'' કયો છે? શ્રીશંકરાચાર્ય કહે છે કે એ ઈલ્યુઝન્ છે, જેમ દોરડામાં સાપનું ઈલ્યુઝન્ થાય, એવી જ રીતે મારી ચેતનામાં મને 'અહં'નું ઈલ્યુઝન્ થઈ રહ્યું છે. આમાં કોઈ બહારની ફેકલ્ટી નથી વાપરી. પોતાની ચેતનામાં મારા હોવાની ભ્રમણા થઈ રહી છે તે 'નિરૂપાધિક ભ્રમ' કહેવાશે.

**પ્રશ્ન :** છેલ્લે આપે સ્વત્વની બાબતમાં બતાવ્યું હતું તો તે સ્વત્વ અને અને અહંકારમાં શું સમ્બન્ધ છે? એ સ્વત્વ જ આપણા અહંકારને ઘડે છે કે શું-કેવી રીતે હોય છે?

**જવાબ :** ખુદ તારા સ્વત્વની વાત સમજાવવા માટે હું એક વાક્યનો પ્રયોગ કરૂં કે *''જગદીશ અત્યારે પ્રોજેક્ટરને ઑપરેટ કરી રહ્યો છે''* આમાં હું બીજાઓને માટે તારા સ્વત્વને અને તારામાટે અહંકારને સીધો ઈન્વોક્ કરી રહ્યો છું. કેમકે બીજો કોઈ પ્રોજેક્ટરને ઑપરેટ ન કરતો હોય અથવા 'જગદીશ' નામવાળો ન હોય તો આ વાત સમજવામાં તકલીફ નહીં આવે કે કોણ ઑપરેટ કરી રહ્યું છે અને જે ઑપરેટ કરી રહ્યો છે તે વ્યક્તિનું નામ શું છે? આને આપણે 'પ્રૉપર્નાઉન્'નો પ્રયોગ કહી દેશું. દુનિયામાં, પરંતુ, જેમ પ્રૉપર્નાઉન્ હોય છે એમ પ્રોનાઉન્ પણ તો હોય જ છે. હું એમ નથી કહી રહ્યો *''કાલે જે પણ પ્રોજેક્ટરને ઑપરેટ કરશે તે મને કાંઈક પ્રશ્ન કરી શકશે''* હવે આવા વાક્યનો અભિપ્રાય 'જગદીશ' નામવાળાની બાબતમાં વિચારી નહીં શકાય. આવી વાક્યરચના પ્રોનાઉન્ જેવી થઈ નથી ગઈ શું? કેમકે 'તે' તો કોઈ પણ હોઈ શકશે. કોઈ પણ

સ્થિતિમાં જગદીશ અહીં બે ન હોઈ શકે. 'તે' શબ્દ તારા 'અહં'ને, કેમકે જો, આમ વિચારીએ કે કાલે પણ તારે પ્રોજેક્ટર ઑપરેટ કરવાનું છે તો, પછી પ્રોપર્નાઉન્ની જેમ કામ કરશે. એવી જ રીતે જ્યારે આપણે 'સ્વત્વ' કહીએ તો તે પ્રોનાઉન્ થઈ ગયો 'અહં'ને રિફર્ કરવા માટે. એજ સ્વત્વને રિફર્ કરવા માટે જ્યારે આપણે 'જગદીશ'ના ઠેકાણે ડિસ્ક્રિપ્ટિવ્ ફ્રેઈઝ *''પ્રોજેક્ટરને ઑપરેટ કરવાવાળો''* વાપરીએ તો તે પ્રોનાઉન્ થવાને બદલે તને તારા 'અહં'ના પ્રૉપર્નાઉન્ જેવો લાગશે. અન્યથા તે બધાને માટે વાપરી શકાય છે પરંતુ તને તે તારા 'અહં'ના પ્રૉપર્નાઉન્ જેવો લાગશે. પરંતુ 'સ્વત્વ' બધાની વચ્ચમાં કૉમન્ છે તેના પ્રોનાઉન્ હોવાના કારણે. આ એક ડિફરેન્સ્ છે.

'સ્વત્વ'નો એક બીજો સિનૉનિમ્ વિચારીએ, ઉદાહરણરૂપે, 'પર્સનાલિટી'નો અર્થ વ્યક્તિત્વ થાય, પરંતુ પર્સનાલિટી શું ખાલી કોઈ એક એવો પર્સન્ છે જે વ્યક્તિમાં કાંઈક અહં હોય છે. તારા ઈગોના સિવાય તારો પર્સન્ શું છે બતાવ? જો તું કહે કે હાથપગ માથું, તો એતો મારે પણ છે. હાથ-પગ-માથું હોવું પર્સનાલિટી થતી હોત તો આપણે એક જ હોવા જોઈતા હતા. તો આપણે કહીશું કે કોઈ અલગ આકાર રંગ અને પરિણામવાળા હાથ-પગ-માથું, તો એ મૂર્તિ કે ચિત્રમાં પણ હોય પરંતુ તેને તું તારા માનીશ પણ તું ખુદ છે એવું નહીં. હાલતા-ડોલતા હાથ-પગ-માથું એટલે કે તારી વર્ચ્યુઅલ્ રિયાલિટી પણ ડિજિટલી ઘડી શકાય છે. આવા ઝઘડા તો ચાલુ જ રહેશે. ક્યાંથી શોધશું કે પરસન્ શું છે? પરંતુ તારૂં જે 'સ્વત્વ' છે તેના માટે એક શબ્દ અંગ્રેજીમાં રાખવામાં આવે છે કે આ તારી 'પર્સનાલિટી' છે. 'પર્સનાલિટી' એટલે તેનું પર્સનલ્ એક સ્વરૂપ છે ''એન્ એન્ટિટી ઈન્ ફોર્મ્ ઑફ્ એ પર્ટિક્યુલર્ પર્સન્'' તો તે પ્રૉપર્નાઉન્ના બદલે પ્રોનાઉન્ની જેમ કામ કરવા લાગે.

**પ્રશ્ન : બિઈંગ્નો કૅન્સેપ્ટ્ સમજાયો નહીં!**

**જવાબ :** મેં તમને બતાવ્યું કે સાક્ષાત્ કે પરંપરયા એગ્ઝિસ્ટેન્સ્ અને સબ્સિસ્ટેંસ્ તો ટાઈમ્ અને સ્પેસ્માં જ હોય પરંતુ જે એનો ઔપાદાનિક

આધાર હોય તે 'બિઇંગ' કહેવાય. અને જે ટાઈમ્-સ્પેસ્માં હોય એ એગ્ઝિસ્ટેન્સ્. સબ્સિસ્ટેન્સ્ જ્યાં રહેતો હોય તે ખુદ ટાઈમ્-સ્પેસ્માં રહેવાવાળો હોઈ શકે છે. આ બંનેને આધાર પ્રદાન કરતો હોય એ બિઇંગ્ છે. જો કોઈ ચીજ એગ્ઝિસ્ટ્ કરી રહી છે, તો તેના એગ્ઝિસ્ટ્ હોવાનો કોઈ આધાર તો હશે કે નહીં કે નિરાધાર હશે. એવી જ રીતે જે જ્યાં સબસિસ્ટ્ કરતો હોય તો એને પણ આધારની તો અપેક્ષા હોય જ છે. જેમ ટેબલ્નેસ્ શેનામાં હોય છે? ઈન દ્ ટેબલ્. એમ તું નહીં કહી શકે કે ટેબલ્નેસ્માં ટેબલ્ છે. ટેબલનેસ્ ઈઝ દેઅર્ ઈન્ દ્ ટેબલ્. તો આ ટેબલ્ અને ટેબલનેસ્ને આધાર દેનારી જે ચીજ છે તેને 'બિઇન્ગ્' કહેવામાં આવે છે. આપણે ત્યાં 'સત્' કહેવાય છે. જે સચ્ચિદાનંદમાંથી સત્ પ્રકટ થાય તે બિઇન્ગ્ છે. ટાઈમ્-સ્પેસ્થી બિયૉન્ડ્ છે. એક એવું પ્લેટફોર્મ છે, જેના ઉપર એગ્ઝિસ્ટૅન્સ્ અને સબ્સિસ્ટેન્સ્નો ડ્રામા ચાલી રહ્યો છે. જો પ્લેટફોર્મની આપણે મૅટાફર્ મેનટેઈન્ કરવી છે તો.

**પ્રશ્ન :** જે ફીલિંગ્ થઈ રહી છે એ ટેબલ્નેસ્ છે?

**જવાબ :** હાં.

**પ્રશ્ન :** એ કયું તત્ત્વ છે જે ટાઈમ્ અને સ્પેસ્થી બિયૉન્ડ્ થાય. અંશ તત્ત્વ હોય તો આપણે પણ ટાઈમ્ અને સ્પેસ્થી બિયૉન્ડ્ જઈ શકીએ છીએ, ફિઝિકલ્ મેટર્ તો જઈ નથી શકતા.

**જવાબ :** સૌથી મોટી તકલીફ તો એ છે કે જે બિઇન્ગ્નો ફિનોમિના છે, તેને આપણે બે પ્રકારથી એપ્રોચ્ કરી શકીએ છીએ. એક તો એ કે આપણે તે બિઇન્ગ્ને કોઈ ને કોઈ એગ્ઝિસ્ટન્સ્ અથવા સબ્સિસ્ટન્સ્ના મોડ્માં ઈન્ટર્પ્રિટ્ કરવા માગીએ. તો એવો પ્રયાસ તો જ્યારે પણ કરવા જશો એ તો વિફલ જ થશે. કેમકે જો તે ઈન્ટર્પ્રિટ્ થઈ જઈ રહ્યો છે સક્સેસ્ફુલી તો તે બિઇન્ગ્ ન રહી ગયો. નથી થઈ શકતો તેથીજ તેને બિઇંગ્ માનવામાં આવે છે. આપણી ડિફિકલ્ટી એવી છે કે જે આપણી અંડર્સ્ટેન્ડિંગ નો હોરાઈઝન્ છે તે વિદિન્ દ બિઇન્ગ્ અને સબ્સિસ્ટેન્સ્માં કન્ફાઈન્ડ્ છે.

અને હોરાઈઝન્‌ના બિયૉન્ડ્‌ જે હોય તેને દૃષ્ટિની પરિધિમાં કેવી રીતે લાવવો? હોરાઈઝન્‌ પર શું થાય છે કે આકાશ પૃથ્વીને મળતું હોય તેમ દેખાય છે. હવે એ સ્થાનઉપર આપણે પહોંચી પણ જઈએ તો હોરાઈઝન્‌ પાછો દૂર સરકી જાય. ગધેડાના માથા ઉપર બાંધેલા ગાજરની જેમ. જેટલો દોડે એટલો એ આગળ-આગળ સરકતું જાય અને ગાજર મોઢામાં આવે જ નહીં! એવી રીતે જ આપણે પણ ક્યારેય ક્ષિતિજ સુધી પહોંચી નથી શકતા છતાં પણ દૂર ક્યાંક આપણને લાગે કે આકાશ અને ધરતી ત્યાં જોડાયેલા છે.

અહંકાર ઉપર લાગુ કરી શકાય એવો એક બહુજ સરસ પોયટિક્‌ એક્સપ્રેસન્‌ વાળો શેર છે :

**''કભી તો સોચ કે વો શખ્સ કિસ કદર થા બુલંદ ।**
**જો ઝુક ગયા તેરે કદમોંપે આસમાંકી તરહ ।।''**

હવે આમાં સમજવાની બહુ મજેદાર વાત છે. એક મોટું રહસ્ય આ છે કે આકાશ ક્યારેય ઝુકે જ નહીં, પરંતુ દરેક વખતે ક્ષિતિજઉપર ઝુકવાનો ભ્રમ પેદા કરે. ઝુકે તેનું નામ આકાશ નહીં. એ તો ગધેડાના માથા ઉપર બાંધેલા ગાજર જેવું છે. આપણે ત્યાં પહોંચશું તો આગળ સરકી જશે. પરંતુ દૂરથી જોઈએ તો લાગે કે અચ્છા ઝુકી ગયું આસમાન અને બીજું ક્ષિતિજ પેદા થઈ ગયું. 'ક્ષિતિજ'નો મતલબ શું? 'ક્ષિતિ'=પૃથ્વિથી જ્યાં આકાશ જોડાયેલું દેખાતું હોય તે ક્ષિતિજ. એ જોડાતું કેમ નથી? ધ્યાનથી સમજો બહુ ખૂબસૂરત વાત છે. જોડાય કોણ જે છુટ્ટો કે બિછડેલો હોય. એવી રીતે આસમાં અને જમીન હોઈ ન શકે. હવે એની સામે માગણી કરો કે તમે બહુ જ મોટા આસમાન છો તો ઝુકીને દેખાડો ત્યારે તે ભ્રમ પેદા કરી દે કે અચ્છા જો હું ક્ષિતિજઉપર ઝુકી ગયો છું ''જો ઝુક ગયા તેરે કદમોંપે આસમાંકી તરહ''. તમારા ઝુકવાની કે ટટ્ટાર ઉભા રહેવાની વાત એગ્ઝિસ્ટેન્સ્‌ અને સબસિસ્ટેન્સ્‌માં હોય છે. જે આસમાંની જેમ વ્યાપક બિઈન્ગ્‌ છે તે તો ન ઝુકે છે, ન બિછડે છે, ન ક્યારેય જોડાય છે, એ તો બધી જગ્યાએ છે. પરંતુ બધી જગ્યાએ તેનો એક્સપીરિઅન્સ્‌

મુશ્કેલ છે. ભ્રમ તેનો પેદા થવો બહુ સરળ છે. મને પણ અમથે-અમથું થઈ જાય કે **"યો અહમ્ અસ્મિ બ્રહ્મ અહમ્ અસ્મિ! અહમ્ અસ્મિ બ્રહ્મ અસ્મિ"** અરે! મારી દેશ-કાલની પરિચ્છિન્ન ચેતનાની સાથે એક બ્રાહ્મિક ક્ષિતિજ પેદા થઈ ગયો કે હું જ બ્રહ્મ છું. બ્રહ્મજ્ઞાન થયું કે તુરત મારા અહંની રેન્જ્માં મને બ્રહ્મ ઝુકેલો, ક્ષિતિજ બનાવતો, દેખાવા લાગે! મારી ચેતનારૂપી ક્ષિતિમાં જે મારા અહંની ગોળ રેખા અનુભૂત થઈ રહી છે તેની સાથે-સાથે દેશકાલાતીત વ્યાપક હોવાથી બ્રહ્મ જોડાયેલો દેખાવા લાગે કે **"અહં બ્રહ્મ અસ્મિ"** એ ક્ષિતિજ પેદા થઈ ગયો પરંતુ મારો 'અહમ્' જેમ મારી ક્ષુદ્રચેતનામાં અધિષ્ઠિત છે એવી જ રીતે મૂલતઃ તો તે અપરિચ્છિન્ન દેશકાલાતીત ચેતનામાં જ અવસ્થિત છે. યુ કૅન્ નૉટ્ બી વિધાઉટ્ બ્રહ્મન્. એ આધાર પ્રદાન કરવાવાળો બિઈન્ગ્ બ્રહ્મ આસમાંની જેમ છે. આથી ભ્રમ પેદા થઈ જાય અને પછી આપણે તેની મૂછ ઉપર પણ તાવ દેવા લાગીએ "કભીતો સોચે કે વો શખ્સ કિસ કદર થા બુલંદ"

**પ્રશ્ન :** જે સાધનનિષ્ઠાની વાત આપે શરૂઆતમાં કરી એ કૃષ્ણપ્રેમને કારણે સાધનનિષ્ઠા છે કે પછી આપણાં પોતાના અહંકારને કારણે સાધનનિષ્ઠા છે, એ બે વસ્તુને વ્યક્તિએ સેલ્ફ્ચેક્ કરવાની છે. એમ આપે વાત કરેલી. અહંકારના સેલ્ફ્ચેક્ કરવા માટેના થર્મોમીટરની પણ વાત કરી. પછી આગળ એવી વાત થઈ કે અહંકાર પોતાનામાં છે કે નહીં તે વ્યક્તિને પોતાને જ પ્રતીત થઈ શકે. ઉચ્છ્વાસના ઉદાહરણથી આપે સમજાવ્યું કે ખરેખર વ્યક્તિને પોતાને પણ ખબર ન પડે. સામા માણસને જ ખબર પડે કે અહંકાર થઈ રહ્યો છે કે નહીં. તો ઈન્ ધેટ્ કૉન્ટ્રાડિક્ટરી સિચ્યુએશન્ પેલું સેલ્ફ્ચેક્નું થર્મોમીટર યૂઝ કેવી રીતે કરવું? સેલ્ફ્ચેક્ કેવી રીતે કરવું કે અહંકારને કારણે સાધનનિષ્ઠા છે કે કૃષ્ણપ્રેમને કારણે સાધનનિષ્ઠા છે? હવે જો અહંકાર વ્યક્તિને પોતાને પ્રતીત થતો જ ન હોય, સામા માણસને જ પ્રતીત થતો હોય તો સેલ્ફ્ચેક્ કેવી રીતે કરી શકાય?

**જવાબ :** ફાઈન્! ઘણો જ ઈન્ટેલિજેન્ટ્ ક્વેશ્ચન્ છે. કાલે થોડી વાતનો ખુલાસો મેં કર્યો હતો કે કેટલાંક રેશિયો-એસૅન્ડાઈ હોય છે અને કેટલાંક

રેશિયો-કૉમ્પ્રિસૅન્ડાઈ હોય છે. આગ રેશિયો-એસૅન્ડાઈ હોય છે. આગ છે તો ધુમાડો પેદા થાય. આગ અને ધુમાડો બાહ્ય અસ્તિત્વના ઑર્ડર્માં આગ પહેલા છે અને ધુમાડો પછી આવે છે. પરંતુ અંડર્સ્ટેન્ડિંગ્ના આન્તરિક ઓર્ડરમાં આગ પહેલાં આવતી હોય તો ધુમાડાની ગરજ જ નહીં રહી જાય. જો તમને આગ દેખાતી હોય તો અનુમાન કરવા બેશવું તર્કમૂઢતા છે. ધુમાડો છે તેથી ભલે દેખાતી ન હોય તો પણ આગ હોવી જોઈએ. પરંતુ આગને જોઈને ઓળખી ન શકવી અને પછી એમ વિચારવું કે હાં-હાં ધુમાડો નિકળી રહ્યો છે તેથી આગ જરૂર હોવી જોઈએ આ તો ઉપલોમાળ ખાલી હોવાનો હેતુ છે આગનો નહીં. સમજણના ક્રમમાં ધુમાડો પહેલાં આવે અને આગ પછી આવે છે. હવે શું આગળ અને શું પાછળ છે? આ તો આપણે રિલેટિવ્ ઓર્ડર્માં સમજી શકીએ છીએ.

એક્ઝેક્ટલી આમાટે જ કૃષ્ણનો આપણી ભીતર નિવેશ થવો, તે આગની જેમ છે. આપણામાં સાધનનિષ્ઠા પેદા થવી ધુમાડાની જેમ છે. હવે જેટલો તમારી ભીતર સાધનનિષ્ઠાનો ધુમાડો છે, એટલી કૃષ્ણાનુભૂતિની તડપનની આગ ભીતર જલતી હોવી જોઈએ. બસ સીધી જ વાત છે ***"દેખ તો દિલકે ઝાંસે ઉઠતા હે યે ધુંઆઁ સા કહાંસે ઉઠતા હે!"*** તે તમારે ખુદને ચૅક્ કરવું પડશે કે ભક્તિમયી સાધનાનો ધુમાડો નીકળી ક્યાંથી રહ્યો છે, મનમોહનના મનમાં વસવાને કારણે કે આપણા ક્ષુદ્ર સાધનાચરણના સામર્થ્યને બુદ્ધિમાં ભરેલા હોવાને કારણે. હવે જ્યાંથી ઉઠી રહ્યો છે એ તો બતાવી જ દીધું છે. કાલે આ વિષય ઉપર વધારે જઈશ.

જ્યારે "અહંકાર થાય જ છે" અથવા "અહંકાર ન કરો", એમ આપણે કહીએ-વિચારીએ તો આ પ્રશ્ન થશે જ કે કરી કોણ રહ્યું છે? કોના માટે કરી રહ્યો છે? ક્યાં અને કોની સામે કરી રહ્યો છે? જ્યારે પણ કરવાનો પ્રશ્ન આવશે ત્યારે આ બધી ક્વેરીજ્ તો તેની સાથે જોડાયેલી આવશે જ. જ્યારે આ ક્વેરીજ્નું આપણે સમાધાન કરશું ત્યારે આપમેળે આ સમાધાન પણ થઈ જશે કે આપણી ભીતર જે સાધનનિષ્ઠા પ્રકટ થઈ

રહી છે તે અહંકારને કારણે છે અથવા શ્રીકૃષ્ણના અન્તર્નિર્વિષ્ટ હોવાને કારણે છે? જ્યારે આપણે આ શોધી લઈશું ત્યારે આ પ્રશ્નોના ખુલાસા પણ આપમેળે થઈ જશે. આટલી વાર તો ધીરજ રાખવી પડશે.

**પ્રશ્ન :** અહંકાર જો તત્ત્વ છે, તેના માટે સમજાવ્યું કે હાર્ડવૅર્ સૉફ્ટવૅર્ અને બૅટરી, તે અહંકાર ઉપર કેવી રીતે લાગુ કરી શકશું?

**જવાબ :** જૂઓ અહંકાર તત્ત્વ છે તે મેં આ અર્થમાં કહ્યું કે જે આપણે ક્રિયા વિચારી રહ્યા છીએ, અથવા ફીલિંગ્ વિચારી રહ્યા છીએ, અથવા કોઈ ઍપિફીલિંગ્ વિચારી રહ્યા છીએ, એ બધાને આપણે તત્ત્વથી બાકાત રાખી દઈશું. એ બધા તત્ત્વ નથી. કેમ તત્ત્વ નથી? કેમકે આપણામાં પેદા થનાર કોઈ ફંકશન્ છે અથવા આપણામાં પેદા થનારી કોઈ ફીલિંગ્ છે, અથવા આપણામાં પેદા થનારી કોઈ મિસ્અંડર્સ્ટેન્ડિંગ્ છે. તે બધા તેના ઍસ્પૅક્ટ્સ્ હોઈ શકે છે. 'તત્ત્વ'નો મતલબ, આપણે જાણીએ કે ન જાણીએ પરંતુ જે આપણી ભીતર કે બહાર હોયજ. જેમ આપણે જાણીએ કે ન જાણીએ પરંતુ ભીતર બ્લડ્ સર્ક્યુલેટ્ થઈ રહ્યું છે. આપણે જાણીએ કે ન જાણીએ કે કિડ્ની છે, પરંતુ કિડ્ની ભીતર તો છે. હવે તે તત્ત્વ છે, કેમકે આપણે તો જાણી જ નથી રહ્યા, આપણી ઈચ્છાથી એ ગવર્ન્ નથી થઈ રહ્યું, વૉલન્ટરી ફંકશન્ની રૂએ જે કામ ન કરતા હોય તો વૉલન્ટરી ફંકશન્થી તેને કન્ટ્રોલ કરવા પણ મુશ્કેલ થઈ જાય. એ તો ઑટોનૉમસ્ નર્વસિસ્ટમ્થી કંટ્રોલ્ થાય. હવે તે તો શરીરની ચીરફાડ કરીએ ત્યારે જ જોવામાં આવી શકે. તો તેવી રીતે જ અહંકારની પણ ચીરફાડ કરવી પડશે. એ જેમણે ચીરફાડ કરી એમને જોવામાં પણ આવી શક્યો છે. પરંતુ સામાન્ય માણસને તે ન દેખાઈ શકે કે અંદર તત્ત્વ શું છે?

આટલા વરસોથી આપણે ખૂન-ખૂન કરતા હતા. ખૂનને લોકો ખૂન જ સમજતા હતા બીજું કાંઈજ નહોતા સમજતા. આજે ખૂનનો(લોહીનો) ટેસ્ટ્ કરાવો તો લિસ્ટ્ની લિસ્ટ્ તેમાંથી નિકળે છે. બ્લડ્-કોલેસ્ટ્રોલ્ આટલો છે, ટ્રાઈગ્લિસિરિન્ આટલી છે, આયર્ન આટલું છે, શુગર્ આટલી છે. આપણને લાગે કે લોહી છે કે કોઈ ભયંકર

જગડવાલ છે. આટલું લાંબુ લિસ્ટ્, બમ્મનમાં પણ બમ્મન! આપણે લેબોરેટરીમાં લોહીના કેટલાક ટીપા આપી દઈએ અને ત્યાં લોહીમાંથી કેટલું લાંબુ લિસ્ટ્ નિકળે! કોણ જાણે શું શું કાઢીને બતાવી દે કે આ ઓછું છે, તે વધારે છે. લોહીના કેટલાક ટીપામાં આટલી બધી વાત ક્યાંથી આવી? પરંતુ નકારી શકીએ આપણે?

**પ્રશ્ન :** કાલે જ્યારે બ્રાહ્મણવર્ગ અને ગોસ્વામિવર્ગની ચર્ચા કરી રહ્યા હતા, તો એ સમયે મારા મનમાં આ પ્રશ્ન હતો કે સૈધ્ધાન્તિક રૂપથી વલ્લભવંશજોની પુષ્ટિમાર્ગમાં શું ભૂમિકા છે?

**જવાબ :** હું આ પ્રશ્નને બે રીતથી ડીલ્ કરવા માગીશ. કેમકે જ્યારે આપણે સંપ્રદાયની બાબતમાં કહેતા હોઈએ તો તે કોઈ એક હકીકત જ ન હોય તેની કહાની પણ તો કાંઈક હશે જ. દરેક કહાનીના કાંઈક પોતાના પ્લૉટ્સ્ હોય છે, તેમાં કાંઈક ડાયલૉગ્ પણ હોય છે, કહાનીની કાંઈક પોતાની બીજપતાકાથી શરૂ કરીને નિષ્કર્ષ અથવા ક્લાઈમેક્સ્ સુધીની ડેવલપ્મેન્ટ્ પણ હોય જ છે. તે નેસેસરિલી હકીકતને ઈન્ડિકેટ્ કરતી હોય છે પરંતે હકીકત જ હોય એમ આપણે કહી નથી શકતા. મહાપ્રભુએ વલ્લભસંપ્રદાય પ્રવર્તિત કર્યો કે નથી કર્યો, આ પ્રશ્ન આપણે વિચારીએ. મહાપ્રભુનો દષ્ટિકોણ બિલકુલ સાફ છે. તેઓ જે કાંઈ કહેવા કે સમજાવવા માગી રહ્યા છે, તેને તેઓ ‘વલ્લભસંપ્રદાય’ નથી કહી રહ્યા. મહાપ્રભુ તો સાફ-સુથરા પ્રકારથી કહે છે :

**“અર્થો અયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ**
**રામાયણૈઃ સહિતભારતપંચરાત્રૈઃ ।**
**અન્યૈઃ ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસુત્રૈઃ**
**નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ।।**

(ત.દી.નિ.૧/૧૦૪)

બધા શાસ્ત્રોમાં આ જ વાત કહેવામાં આવી છે જે મેં તમને ફક્ત કન્ક્લુઝન્ની રીતથી બતાવી છે. મહાપ્રભુ કોઈ પણ મોનોપોલિસ્ટિક્

રિસ્પોન્સીબિલિટી નથી લઈ રહ્યા કે આ મારો છે. મહાપ્રભુ તો કહી રહ્યા છે આ મારૂં નહીં બલ્કે શાસ્ત્રનું કથન છે. આપણી મહાપ્રભુના પ્રત્યે શ્રદ્ધા છે, ભાવ છે કે જે મહાપ્રભુએ ઈન્ટર્પ્રિટેશન્ શાસ્ત્રનું આપ્યું તેને આપણે કહી રહ્યા છીએ કે આ વલ્લભસંપ્રદાય છે. તો નેચરલી મહાપ્રભુને જ્યારે કોઈ પૂછવા જશે તે મહાપ્રભુ તો દો ટૂક વાત જ કરશે. આપે એમ નથી કહ્યું કે મારા વંશજોને તમે ગુરૂ માનો. ક્યાંય નથી કહ્યું, આપે સાફ-સુથરી એટલી વાત કહી :

**''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ।**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુઃ આદરાત્ ।।**

(ત.દી.નિ.૨/૨૨૭)

જે કૃષ્ણસેવામાં પરાયણ હોય, દંભ વગેરેથી રહિત હોય, જે શ્રીભાગવતના રહસ્યના તત્ત્વજ્ઞ હોય, તેનું તમે આદરપૂર્વક ભજન કરો. આવા ગુરૂ ન મળે તો મહાપ્રભુની દૃષ્ટિની વિશાળતા તો જૂઓ કે આજ્ઞા કરે છે કે ''ચિંતા ન કરો ગુરૂ મેળવવાની, બ્રહ્મ તમને હર સમયે પ્રાપ્ત છે, આસમાનની જેમ(વ્યાપકહોવાથી). જસ્ટ્ સ્ટાર્ટ કરો કૃષ્ણભજન :

**''તદભાવે સ્વયં વાઽપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ ।**
**પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્ ।।''**

(ત.દી.નિ.૨/૨૨૮)

આથી જ્યાં સુધી સિદ્ધાંતનો સવાલ છે તો તે તો મહાપ્રભુના વચનથી એકદમ સ્પષ્ટ છે. જેમાં કોઈ શંકાનો કે નનુ-નચ નો પ્રશ્ન નથી ઉભો થઈ શકતો. હવે રહી વાત કે જે વલ્લભસંપ્રદાય ચાલ્યો, તેમાં તો કાંઈક પરંપરા કોઈક ટ્રેડિશન્ ચાલ્યો જ છે. આ બાબતમાં એમ વિચારી શકાય છે કે જે વખતે ગંગોત્રીમાં નિકળીને ગંગા આગળ ચાલે ત્યારે એ ધારા એટલી મોટી તો નથી હોતી, જેટલી મોટી આપણને મેદાનમાં ગંગાની ધારા લાગે છે. એ આટલી મોટી કેવી રીતે થઈ ગઈ? શું ફૂગ્ગાની જેમ ફૂલાઈ છે? ફૂલી નથી પરંતુ બીજી પણ ધારાઓ સમ્મિલિત થઈ

જાય, પરંતુ 'ગંગા' નામ રિટેન્ થઈ રહ્યું છે. હવે જૂઓ કે આમાં શું પ્રમાણ કે ગંગા-યમુના જ્યારે મળી, ત્યારે યમુના આગળ નથી વહેતી અને ગંગા જ વહે છે? કોઈ પ્રમાણ નથી. જો તમે યમુનાવાદી છો તો સહેજરૂપથી એમ કહી શકો કે હવે ગંગા યમુનામાં મળી ગઈ. હવે આગળ ગંગાજી નથી વહેતા યમુનાજી જ વહે છે. પરંતુ ગંગાજીનો કોઈ એવો જાદુ છે કે જે સિરઉપર ચઢીને બોલે કે યમુનાજી મળી ગયા ત્યારે પણ 'ગંગાજી' જ કહેવાય. એવી જ રીતે મહાપ્રભુનો કોઈ જાદુ સિરઉપર ચઢીને બોલી રહ્યો છે. બાકી તો ઘણી બધી વાતો આમાં આવી છે હવે. એ વાતો ક્યાંથી આવી છે?

અપ્રામાણિકતયા નથી આવી, પ્રામાણિકતયા આવી છે, કેમકે શાસ્ત્રમાં એક સિદ્ધાન્ત હતો કે **"ગુર્વભાવે ગુરૂપત્નીઃ તદભાવે તત્પુત્રઃ તદભાવે તત્કુલમ્"** (ભાષ્યપ્રકાશ.૩/૪/૪૭) જ્યારે તમને યોગ્ય ગુરૂ ન મળે તો ગુરૂપત્નીને તમારા ગુરૂ માનો. ગુરૂપત્ની પણ લાયક ન હોય તો ગુરૂપુત્રને તમારા ગુરૂ માનો. ગુરૂપુત્ર પણ લાયક ન હોય તો ગુરૂના કુળમાં જે કોઈપણ લાયક હોય તેને તમારા ગુરૂ માનો. એવું એક શાસ્ત્રવચન છે જે આપણા બ્રહ્મસૂત્રભાષ્યમાં પણ ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. અને તે ક્વોટેશન્ના અંતર્ગત ગુસાંઈ બાલકો બધા ગુરૂપદ ઉપર આરૂઢ થયા. આ તો બહુ ઈનોસૅન્ટ્ અને સાચી જ વાત હતી. ઘણોબધો પાયસ્ કૉન્ફિડેંસ હતો કોઈ ગુરૂની બાબતમાં. બધી જગ્યાએ આવી રીતે જ થઈ રહ્યું છે આમાં કોઈ પ્રિવિલેજ્ની વાત ન હતી. આ તો એક સીધીસાદી વાત હતી. બધી જગ્યાએ હશે તો આવી રીતે જ હશે.

આજેજ ટાટાએ એક બહુ સારી વાત કરી કે ટાટાની કંપનીમાં તે વ્હીલ્-ચેઅર્ ઉપર બેસીને રિટાયર્ડ્ થવા નથી માગતા, તે એવી રીતે રિટાયર્ડ્ થવા માગે છે કે તેનાથી વધારે સારો કોઈ તેનો સક્સેસર્ આવીને તેની કંપનીને ચલાવે. તો દરેક ચલાવવાવાળાની આ ભાવના તો હોય જ છે કે તેનાથી સારો તેનો સક્સેસર્ કોઈ આવે. આટલા માટે શાસ્ત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે **"સર્વત્ર જયમ્ ઈત્છેત્ શિષ્યાત્ પુત્રાદ્ ઈચ્છેત્**

**પરાજયમ્''** પિતા અને ગુરૂને પુત્ર અને શિષ્યથી પરાજયની કામના કરવી જોઇએ, જીતવાની કામના ન કરવી જોઇએ. અન્યત્ર દુનિયાને જીતવાની ઇચ્છા કરી શકો છો. તો આ કારણથી આપણે ત્યાં વલ્લભસંપ્રદાય ચાલ્યો.

આ સંપ્રદાયમાં આપણે આ વાત માન્ય રાખી કે મહાપ્રભુના વંશજ ગુરૂપદ ઉપર આસીન થાય છે. સાથે સાથે જ આપણે લોકોએ એ પવિત્ર ભાવનાની સેંક્ટિટી નિભાવવાને બદલે જાલસાજી કરી છે. કેવી જાલસાજી? આ જાલસાજી કરી કે મહાપ્રભુના અનુસાર ગુરૂપદની શરત હતી : પોતાના ઘરમાં, પોતાના પરિવારજનોની સાથે, પોતાના તનથી અને પોતાના ધનથી, 'કૃષ્ણસેવાપર' હોવાની. પરંતુ આપણે કહીએ કે આવી સેવા તો બાપ-બેટા કરી ગયા, હવે એ કરી ગયા તેથી અમે શું કરીએ! અચ્છા જવા દો. ગુરૂપદનો ભોગ કરી રહ્યા છો તો ઓછામાં ઓછી 'ભાગવતતત્ત્વજ્ઞ' હોવાની શરત તો નિભાવો. તો કહે કે સાચી ભાગવતતત્ત્વજ્ઞતા તો જે કૃષ્ણસેવા કરી રહ્યા છીએ તેમાં જ આવી જાય છે! કેમકે ભાગવતના અનુસાર જ તો કૃષ્ણસેવા કરી રહ્યા છીએ. એમાં અલગથી ભાગવત ભણવાની જરૂર શું છે? તેથી ભાગવતતત્ત્વજ્ઞતા પણ નિવૃત્ત થઇ ગઇ. પછી તો એક શરત બચી કે 'દંભાદિરહિત' હોવું જોઇએ. તેની બાબતમાં કહે છે કે અમારી નિંદા ન કરો, નહીં તો સંપ્રદાયમાં ગુરૂપદનો અનાદર થઇ જશે. અમે તો સાક્ષાત્ પુરૂષોત્તમ છીએ અને દોષદષ્ટિ રાખીને બાલકોની નિંદા કરશો તો બહિર્મુખ થઇ જશો.

વાસ્તવિકતા જ્યારે કે એ છે કે વ્યક્તિના ગુણદોષ પારખીને જ ગુરૂ બનાવવાના મહાપ્રભુના સિદ્ધાન્તને આપણે અનુગામીઓની દષ્ટિમાંથી છૂપાવી દેવા માગતા હોઇએ તો કઇ જાતના આપણે ગુરૂ છીએ! ન તો કૃષ્ણસેવાપર છીએ, કેમકે કૃષ્ણસેવા પોતાના તનુવિત્તથી તો વૈષ્ણવ જ કરી રહ્યા છે, આપણે ત્યાં તો તનુજા મુખિયા-ભીતરીયા-બાલભોગીયા-દૂધઘરીયાઓની બટાલીયન્ જ કરે છે. વિત્તજા સેવા કરવાવાળા વૈષ્ણવોને આપણે કહીએ કે તેઓ જો વિત્તજા સેવા નહીં કરે તો ભગવત્સેવાથી વંચિત રહી જશે અને તેનો જન્મ જ વિફલ થઇ જશે. અરે! ત્યારે તમે શું કરી રહ્યા છો? કહે કે ટી.વી. જોતા-જોતા વિશ્રામ

કરીએ છીએ, 'અનન્તશયનમ્' ભગવાનની જેમ પોઢ્યા જ તો રહીએ. ભગવાન્ વિષ્ણુ તો એ સ્થિતિમાં પણ પૂજાર્થ ઉપલબ્ધ રહે પરંતુ આપણે જિજ્ઞાસુ વૈષ્ણવને મળવાનું પણ ત્યારે પસંદ ન કરીએ. પછી કેવા ગુરૂ? આનો ખુલાસો કરો! ગુરૂની સ્ટેટસ્ જોઈએ છે, ગુરૂની બધી પ્રિવિલેજ્ અપેક્ષિત છે પરંતુ રિસ્પૉન્સિબિલિટી આપણે માથે લેવી નથી. એમાં શું કહી શકીએ આપણે!

આજે આપણા સંપ્રદાયની સામે જે કાંઈ સમસ્યા પેદા થઈ તે આ ડાઈલેમાને કારણે થઈ છે કે પ્રિવિલેજ્ આપણે બધી જોઈએ છે અને રિસ્પોન્સિબિલિટી કોઈ પણ નિભાવવી નથી. જ્યારે કે હકીકત શું છે કે પ્રિવિલેજ્ અને રિસ્પોન્સિબિલિટી સાથે-સાથે ચાલે છે. આજની તારીખમાં હવે તું જ બતાવ કે આપણી સ્ટેટસ્ શું માનવી? સીધીજ વાત છે કે મહાપ્રભુ ક્રાઈટેરિયા બતાવી રહ્યા છે તેમાં કોઈ એવી વાત તો નથી કે ઘર છોડીને હિમાલય ચાલ્યા જાવ અથવા દિગંબર સાધુ બની જાવ. ઘરમાં રહીને કૃષ્ણસેવા કરો. જે આવે તેને કૃષ્ણસેવાનો ઉપદેશ કરો. તે ઉપદેશ કરવાનો આપણો રાઈટ્ (અધિકાર) અને ડ્યુટી (કર્તવ્ય) બંને જ છે. આપણે આપણી કૃષ્ણસેવાને એગ્ઝિબીશન્ (પ્રદર્શન) કરીને સંતોષ માની લીધો કે હવેલી ભગવત્સેવા શીખવાડવાની પાઠશાળા છે. ઉપદેશ નહીં પણ પ્રદર્શન કરવું. ત્યારે તો પછી લફડા થશે જ તેના કારણે ગુસાંઈ બાલકોમાં ટેન્ડેન્સી પ્રવેશી કે શા માટે (ગ્રંથો)ભણવા? નીચે ગ્રાઉન્ડ્ ફ્લોર ઉપર, ફર્સ્ટ્ ફ્લોર ઉપર આપણો ધંધો તો ચાલી જ રહ્યો છે. નિરાંતે એ.સી.માં મોજ શા માટે ન મારવી! આ કારણથી આપણે અયોગ્ય બની ગયા. આપણા અનુયાયીઓના એ હાલ થઈ ગયા કે બધા છપ્પનિયા દૂકાળમાં મરી ગયેલી જીવાત્માઓ પુષ્ટિમાર્ગમાં આવી પડી! હવે આમાં આપણે ઈન્કવાયરી કરીએ કે આપણી સ્ટેટસ્ શું? તો શું જવાબ દેવો!

આપણો રોલ્ શું? તો સીધીજ વાત છે કે જ્યારે વિયેટનામ અને અમેરીકાનું યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે જૉન કૅનૅડીને પૂછવામાં આવ્યું આ યુદ્ધનું સોલ્યુશન્ તો કાઢો. આજે વીસ-વીસ વરસથી યુદ્ધ કરી રહ્યા છો તેનું સોલ્યુશન્ કેવી રીતે આવશે? એણે કહ્યું સોલ્યુશન્ કાઢવું હોય તો એક

ટેબલ અને બે ખુરશીની જરૂરત છે. બેસો સામ-સામા સોલ્યુશન્ આવી જશે. આપણે આજે બેસી જઈએ વૈષ્ણવની સામે કે ભાઈ તમે આ છપ્પનીયા દુકાળની વૃત્તિને છોડો અને અમે અમારી એક્ઝિબિશનિસ્ટિક્ વૃત્તિને છોડવા તૈયાર છીએ તો હું નથી માનતો કે સિદ્ધાન્તના સ્પષ્ટ સ્વરૂપને સમજવા-સમજાવવામાં આજની દેશ-કાલની પરિસ્થિતિ આડી આવે. કોણ એવો આજનો વૈષ્ણવ આજની તારીખમાં છે કે ગુંસાઈઓને ન માનતો હોય? એક સામાન્ય વાત બતાવું મોટાભાગના આપણા ગુસાંઈઓની ઈન્કમ્ એમ.બી.એ. કરવાવાળાથી વધારે હોય છે કે નથી હોતી? આપણા પિતા-પિતામહ મનિમિન્ટિંગ ઈન્ડસ્ટ્રી મુકી ગયા છે કે નહીં? મહાપ્રભુની ગુડવિલ્ ચાલી રહી છે જેને આપણે કૅશ્ કરી રહ્યા છીએ. આ ગુડવિલ્ કેટલા દિવસ સુધી કૅશ્ કરી શકશું? જ્યારે આપણે આપણી ગુડ્વિલ્ મહાપ્રભુના પ્રત્યે નથી જતાવી રહ્યા ત્યારે પ્રૉબ્લેમ્ તો સામે આવશે જ. હવે આમાં સ્ટેટસ્ શું? વાત તો સીધીજ છે, સ્ટેટસ્ એ છે કે આપણે એક દિવસ બધા મળીને સાથે બેસીએ અને ડિસાઈડ્ કરીએ કે મહાપ્રભુના આપણને શું એક્સ્પેક્ટેશન્ છે? એ એક્સ્પેક્ટેશન્ને આપણે જીવીને બતાવીએ, એ એક્સ્પેક્ટેશન્ને આપણે વૈષ્ણવને સમજાવીએ.

આજની તારીખમાં વૈષ્ણવ ભલે કિરીટભાઈને માનતો હોય પરંતુ એવું તો નથી કે આપણને માનવાનું બંધ કરી દીધું હોય. માની રહ્યો છે તો પછી કઈ વાતની શરમ આપણને આવવી જોઈએ, કોની શરમ આવવી જોઈએ? એક વૈષ્ણવે તો મને મોઢામોઢ ત્યાં સુધી કહ્યું કે *"અમારા ગુરૂદેવ હાથની કોણીથી બધા વૈષ્ણવોને શહદ (મધ) ચટાડે, સાક્ષાત્ પુરૂષોત્તમ છે"* મેં પૂછ્યું કે આ નિંદા છે કે સ્તુતિ? તો બોલ્યા *"ના અમારા ગુરૂદેવ એવા જ છે"*. આપણી હકીકતને પૂરતી રીતથી જાણવા છતાં પોતાની શ્રદ્ધા-નિષ્ઠાની કોઈ અજબ ગટ્સ્ની સાથે વૈષ્ણવ આપણને માની રહ્યા છે. એ સારી રીતે આપણી નાલાયકી જાણી રહ્યા છે સાથે જ સાથે આ પણ માની રહ્યા છે કે આપણે સાક્ષાત્ પુરૂષોત્તમ છીએ. વલ્લભ ચાહે સો કરે. આટલી હદ સુધીની ફોલૉઈંગ્ આપણને મળી છતાં પણ સિદ્ધાન્ત કહેવામાં શરમ આવતી હોય તો ઉપાય શું! મહાપ્રભુના વખતમાં આવી

સિચ્યુએશન્ ન હતી, ચરિત્ર વાંચો . ત્યારે તો મહાપ્રભુને લોકો પીટવા પણ તૈયાર હતા. રાતના અંધારામાં પસાર થઈ રહ્યા હતા ત્યારે મર્ડર્ કરવા સુધીની તૈયારી કરવાના ઉલ્લેખ મળે છે. આજે આપણે આવી કોઈ પ્રૉબ્લેમ્ ફેસ્ નથી કરવી પડતી. કેટલી ડોસાઈલ્ ફૉલોઈંગ્ છે. તો પણ આપણે આપણા સિદ્ધાન્તને સમજાવી ન શકીએ તો અન્યને શું સમજાવી શકશું? સવાલ આ છે. હવે આપણો રોલ્ કેવી રીતે ડિસાઈડ્ કરવો? ખોટી-ખોટી બિરૂદાવલી ''પૂ.પા...નરેશ ચિ. લસ્ટકપુષ્ટ-અનુષ્ટકતુષ્ટક-ઘટાટોપટંકાર-કોકિલાનંદરાયજી મહોદય''ના બળ ઉપર પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત જનતા કેવી રીતે સમજી શકશે! કોઈ વૈષ્ણવ સમજી ન શકે કે આટલા લાંબા-ચોડા નામોનો મતલબ શું? કોઈ તાપીનરેશ બની રહ્યા છે તો કોઈ પાપીનરેશ. કોઈ યુવાધર્માચાર્ય તો કોઈ શિશુકર્માચાર્ય તો કોઈ પ્રૌઢચર્માચાર્ય બની બેઠા છે. આ શું ચક્કર ચલાવી રાખ્યું છે? આપણે મહાપ્રભુના વંશજ શા માટે રહેવા નથી માગતા! ક્યાંક ને ક્યાંક આપણી નબળાઈ આપણને ભીતર કોરી રહી છે. મને તો આ જ લાગે છે.

## (અહંકારના વિભિન્ન રૂપ)

કાલ સુધી જે આપણે જોયું તેમાં મુખ્ય વાત એ વિચારી કે અહંકારના શું-શું સ્વરૂપ હોઈ શકે છે. શું-શું પૉસીબિલિટીઝ હોઈ શકે છે. સાથે એ શેરના આધારે મેં તમને હકીકત કે કહાનીના પૉસિબલ્ ફૉર્મેશન્ શું હોઈ શકે છે, એ પણ બતાવ્યું.

આજે આપણે એ સંદર્ભમાં શરૂ કરીએ : કાં તો કાંઈક હકીકત હોય અથવા કહાની હોય. અથવા કોઈ વાત થોડી હકીકત પણ અને થોડી કહાની હોય. અથવા એક હકીકત જેમ કાંઈક ને કાંઈક કહાની અને તે કહાનીમાં પણ કોઈ ને કોઈ હકીકત છૂપાયેલી તો હોય જ છે, આ રીતથી એક-બીજામાં અંતર્ભૂત હોવાના પણ આપસી સમ્બન્ધ હોઈ શકે છે.


આ સમ્બન્ધોના આધાર ઉપર અહંકારના કેટલા અર્થ હોઈ શકે છે એ બધા અર્થોને લેવા જોઈએ.

હવે મહાપ્રભુ **''અહંકારં ન કુર્વીત''** એમ કહી રહ્યા છે તો

અહંકારનો ક્રિયા હોવાનો સ્વભાવ ધ્વનિત થઈ રહ્યો છે. અહંકાર કોઈ પ્રકારનું કર્મ છે જેને આપણે કરવા માગીએ તો કરી શકીએ અને ન કરવા માગીએ તો ન પણ કરીએ. આ બાબતમાં આપણી સ્વતન્ત્રતા છે.

સ્વાભાવિકતયા અહંકાર જો ક્રિયા કે કર્મ હોય તો તેનો કોઈ કર્તા પણ ક્રિયાની સાથે લાગેલો આવશે જ. સાથે-સાથે તેના કરણ અને કર્મ પણ આવશે. પ્રત્યેક ક્રિયાના અંતર્ગત ''કઃ કરોતિ'', ''કિં કરોતિ'', ''કેન કરોતિ'', ''કથમ્ કરોતિ'' વગેરે આવતા હોય છે. જ્યારે આપણે આ અપેક્ષાની પૂર્તિના પ્રશ્ન પૂછીએ છીએ તો ઉત્તર પણ શોધવા પડશે. વિભક્તિના ઘણાબધા પ્રકારોની અપેક્ષાઓ આમાં જાગે જ્યારે ક્રિયારૂપ આપણે કહેતા હોઈએ ત્યારે. આમાં મહત્ત્વપૂર્ણ વાત ધ્યાન દેવાની છે જૂઓ : ચાર્ટ ૨.

**ચાર્ટ–૨**



## (ઉપાદાનરૂપ અહંકાર)

અહંકારનું એક રૂપ ઉપાદાનાત્મક હોઈ શકે છે. જેમ સોનું ઘરેણાનું ઉપાદાન છે અથવા દોરો કપડાનું ઉપાદાન હોય છે તેમ. ઉપાદાનનું કાંઈક ઉપાદેય હોય છે. જેમ સોનું માટી કે દોરાને ઉપાદાન માનીએ તો ઘરેણા ઘડો કે કપડાને ઉપાદેય માનવા પડશે. ઉપાદાન પાછું શુધ્ધ કર્તા રૂપી પણ હોઈ શકે અથવા ક્રિયારૂપ પણ.

આપના મનમાં આ પ્રશ્ન પેદા થતો હોય કે જ્યાં પણ ઉપાદાનની વાત આવશે ત્યાં પ્રાયઃ બધા લોકો ઉપાદાનના અંતર્ગત દ્રવ્ય જ માને ક્રિયા નથી માનતા. એ, પરંતુ, બીજા લોકોનો સિધ્ધાન્ત હશે આપણો નથી. આ રહસ્ય તમારે જાણી લેવું આવશ્યક છે. કેમકે આપણે ત્યાં ક્રિયા અને કર્તાની વચમાં આ પ્રકારનો વૉટર્‌ટાઈટ્ કમ્પાર્ટમેન્ટ્ નથી માનવામાં આવ્યો. જે ક્રિયા છે, એ જ કોઈ પ્રકારથી કન્સોલીડેટ્ થઈને દ્રવ્ય બની જાય છે અને દ્રવ્ય હોય એ જ કોઈ પ્રકારથી એક્ટિવ્ થઈને ક્રિયા બની જાય છે. તો ક્રિયામાં અને ક્રિયાશ્રિત અથવા ક્રિયાશ્રય દ્રવ્યમાં એ પ્રકારનો બહુ મોટો ભેદ નથી એ પછી તમને ડિટેઈલ્‌માં સમજાવીશ.

એટલા માટે ઉપાદાનના બંને રૂપ હોઈ શકે છે કર્તા કે ક્રિયા પણ. અહીં પણ એ બંને રૂપ હોઈ શકે. આપણે ત્યાં પ્રાચિન વ્યાકરણમાં તો નથી મળતું પરંતુ નવા વ્યાકરણમાં આપણે આ પ્રભેદ અંગ્રેજીથી ઉધાર લીધું છે. અંગ્રેજી વ્યાકરણમાં આ એક રિમાર્કેબલ્ પ્રભેદ છે. વાક્યના મૂળમાં ત્રણ ભેદ ત્યાં માનવામાં આવે છે : સિમ્પલ્ સૅન્ટેન્સ્, કમ્પાઉન્ડ્ સૅન્ટેન્સ્ અને કૉમ્પલેક્સ્ સૅન્ટેન્સ્.

'સિમ્પલ્'નો મતલબ શું? એક કર્તા અને એક ક્રિયાપદને વાપરીને વાક્યરચના કરવી જેમ ''રામ જાય છે'' આ સિમ્પલ્ કે શુધ્ધ વાક્ય છે.

પરંતુ ''રામ જાય છે અને લક્ષ્મણ આવે છે'' તો આ વાક્ય કમ્પાઉન્ડ્ થઈ ગયું. બે વાક્યને આપણે 'અને' લગાવીને જોડ્યું છે. કેમકે મૂળમાં બે વાક્ય છે પરંતુ બંનેની વચમાં 'અને' જોડીને એ બંને વાક્યોને

આપણે એક વાક્ય બનાવી દીધું. આમ બે વાક્ય અહીં કમ્પાઉન્ડ્ થઇ ગયા છે.

ત્રીજો પ્રકાર કૉમ્પ્લેક્સ્ વાક્યનો હોય છે જેમ ''રામ, જે દશરથના પુત્ર છે, તે વનવાસ માટે જઇ રહ્યા છે''. આમાં એક વાક્યને બીજા વાક્ય સાથે જોડ્યું નથી, પરંતુ એક વાક્યની અંદર બીજું વાક્ય જમાવી દીધું છે. આથી એક વાક્ય પાર્ટ બની ગયું અને બીજું હોલ્. આ ત્રીજું મૉડેલ્ છે.

શુદ્ધ જ્યારે હું અહીં કહી રહ્યો છું તો મારો મતલબ અપરસવાળું શુદ્ધ કે અશુદ્ધ હોવાનો નથી. શુદ્ધનો મતલબ અપરસવાળો જેમ થાય છે તેવી જ રીતે તેવી જ રીતે કેવળ પણ થઇ શકે છે, જેમ શુદ્ધ સોનું. સંસ્કૃતમાં 'શુદ્ધ'નો મતલબ કેવળ પણ થાય છે. આથી કેવળ જે વાક્ય છે, તેને આપણે 'શુદ્ધ-વાક્ય' કહેશું. જેને ઇંગ્લિશ્માં 'સિમ્પલ્ પ્રપોઝિશન્' કહેવાય છે.

આથી શુદ્ધ ઉપાદાન એવું હોય કે જે ઉપાદાનમાંથી કોઇ કાર્યને પેદા કરવું હોય તો બીજી કોઇ ચીજ મેળવવી નથી પડતી. હું એક સવાલ સામે રાખું છું : માટીમાંથી આપણે ઘડો બનાવવો હોય, તો ઘડો બનાવવા માટે માટી શુદ્ધ ઉપાદાન છે કે નહીં? નથી. કેમકે માટીમાં પાણી તો મેળવવું જ પડશે. ખાલી માટીનો ઘડો બની નહીં શકે. તો માટી ઘડાનું ઉપાદાન છે પરંતુ શુદ્ધ ઉપાદાન નથી. કાંઇક ને કાંઇક એમાં નાખવું પડે એના કારણે ઉપાદાન બને. હવે સાવધાનીથી વિચારો કે દોરો કપડાનું શુદ્ધ ઉપાદાન છે કે નહીં. દોરામાંથી કપડું બનાવવા માટે દોરામાં બીજું કાંઇ મેળવવાની જરૂર પડતી નથી. દોરો આથી કપડાનું શુદ્ધ ઉપાદાન થઇ જશે. કેટલાક લોકો એમ કહે છે કે જેમ ડોંગરે મહારાજ કહેતા હતા કે ''શુદ્ધ સોનાનો ઘાટ ઘડાય નહીં, એમાં થોડું તાંબુ ઉમેરવું પડે''. પછી ઘરેણાનું શુદ્ધ ઉપાદાન કારણ સોનું થઇ ન શકે, અશુદ્ધ થઇ ગયું. શુદ્ધ-અશુદ્ધનો ભેદ આમ સમજવો.

જેમ કૅમેસ્ટ્રી(રસાયણશાસ્ત્ર)માં જે કૅટલીસ્ટ્(ઉદ્દીપક) માનવામાં આવે તેના કારણે કાંઇક એમાં ઉપાદાનતા આવતી હોય તો તે શુદ્ધ

ઉપાદાનતા નથી. તેને આપણે અશુદ્ધ નથી કહેતા પરંતુ મિશ્રિત ઉપાદાન તો માની શકીએ છીએ.

શુદ્ધ ઉપાદાનમાં કર્તા અને ક્રિયાનું સ્વરૂપ પ્રકટ હોય છે. આમાં કર્તાને આપણે એકદમ શુદ્ધ માનશું અને ક્રિયાને કમ્પાઉન્ડ્, કેમકે જ્યારે કર્તામાંથી ક્રિયા ઉત્પન્ન થઈ, તો એક કર્તા તો હતો જ. તેના હોવાથી બીજી ક્રિયા વધારે આવી ગઈ. પરંતુ જો ક્રિયાના સ્વરૂપની થોડી વધારે એનેલિસિસ્ કરીએ તો એક ચક્ર પેદા થતું લાગે. ક્રિયા જો સકર્મક છે તો તે ક્રિયાનું કર્મ શું? જેમ હું કહું ''હું પુસ્તક વાંચી રહ્યો છું'' તો એક 'હું' અને એક 'પુસ્તક', બેની વચમાં વાંચવાની ક્રિયા સમ્પન્ન થઈ શકે. એકલું પુસ્તક હોય તો વાંચવાની ક્રિયા સમ્પન્ન નહીં થઈ શકે. એકલો હું હોઉં તો વાંચવાની ક્રિયા સમ્પન્ન નહીં થઈ શકે. તો આ ક્રિયામાં એક વાંચવાવાળો અને બીજી વાંચી શકાય એવી વસ્તુની મિનિમમ્ આવશ્યકતા છે. ક્રિયાની આકાંક્ષાના હિસાબથી એવી દશ ચીજ હોઈ શકે પરંતુ મિનિમમ્ બે તો હોય જ છે, જ્યારે સકર્મક ક્રિયા છે તો.

જે પણ ક્રિયા સકર્મક હોય તો તેના કારણે બીજું વધારે એક તત્ત્વ આવી જાય ક્રિયાની સાથે-સાથે, એથી કમ્પાઉન્ડ્ થઈ રહ્યું છે. તેની ખૂબસૂરતી એ છે કે અશુદ્ધ કાંઈ જ નથી. એક શુદ્ધ અને બીજું પણ શુદ્ધ ત્યાં મિશ્રણ કાંઈ જ નથી ફક્ત કમ્પાઉન્ડ્ થઈ રહ્યું છે. આપણે ત્યાં ઉપનિષદ્‌માં ઘણું સરસ બતાવ્યું છે કે **''સ વૈ નૈવ રેમે... સ દ્વિતિયમ્ ઐચ્છત્''** (બૃહ.ઉપ.૧/૪/૩) એ એકલો રહેવા નહોતો માગતો એણે બીજાની ઈચ્છા કરી તેથી બે ચીજ પેદા થઈ **''સ આત્માનમ્ દ્વેધા અપાતયત્''** (ત્યાંજ) એણે પોતે પોતાને બે પ્રકારથી સ્લિપ્ટ્ કર્યો અને બેનો આમ કમ્પાઉન્ડ્ સિદ્ધ થઈ ગયો. આથી એ બંનેની વચ્ચે જે ક્રિયા પ્રકટ થઈ રહી હોય તે ''શુદ્ધ + શુદ્ધ'' કમ્પાઉન્ડ્થી પેદા થતી ક્રિયા છે. આ વાત ન ભૂલતા.

**(ઉપાદેયરૂપ અહંકાર)**

ત્યાર પછી ઉપાદેય આવી રહ્યો છે. એ ઉપાદેયની બાબતમાં કાલે

એટલા માટે ભૂમિકા બાંધીને કહી દીધું કે હકીકતથી એક કહાની બને છે અને કહાનીમાંથી પાછી કોઈ હકીકત પ્રકટ થાય છે. એ પ્રકારની કૉમ્પ્લેક્સ્ સિચ્યુએશન્ ઉપાદેયમાં હોય જ છે. આપણો કર્તા કોણ છે. ક્રિયા કઈ છે તે આપણે સમજી લઈશું. અહંકારનો કર્તા, અહંકારની ક્રિયા, અહંકારનો ઉપાદેય અને અહંકારનું ઉપાદાન. કેમકે એ ઉપરથી આપણે લઈ રહ્યા છીએ.

અહંકારના બે ભેદ : એક ઉપાદાન અહંકાર અને એક ઉપાદેય અહંકાર. ઉપાદાન અહંકાર શુદ્ધ માટી કે સોનું કે દોરા જેવો. ઉપાદેય અહંકાર કપડુ ઘરેણું કે ઘડાના જેવો. એને જ્યારે આપણે 'શુદ્ધ' કહીએ તો મતલબ ઉપાદાન છે જેને કોઈ બીજાની અપેક્ષા નથી **''સઃ આત્માનં દ્વેધા અપાતયત્''** કહેવામાં આવેલું હોવાથી તે પોતે પોતાનું દ્વિધા આપાદન કરે છે. દ્વિધા આપાદન કરવાને કારણે એ ઉપાદાન કર્તા પણ બની રહ્યો છે અને કર્મરૂપેણ પોતાની સામે પ્રકટ થઈને ક્રિયા પ્રકટ કરે તેથી ક્રિયારૂપ પણ તે પોતેજ બને છે. આપણે ચાર્ટની લિનિઅલ્ (વંશાગત/સ્વશાખીય) કન્ટીન્યુટીના કારણે સારી રીતે સમજી શકીએ છીએ.

ઉપાદેય અહંકારને શુદ્ધ નહીં મિશ્રિત માની રહ્યા છીએ. ઉપાદેય અહંકાર કોઈથી મિશ્રિત થઈને જ કર્તા બની શકે છે. તેથી તે કતૃત્વ પણ મિશ્રિત છે, શુદ્ધ ન રહી ગયો. તેના કારણે જે ક્રિયા પેદા થશે એ પણ મિશ્રિત ક્રિયા જ હશે. ક્યારેય શુદ્ધ ક્રિયા નહીં હોય. એટલે હવે કૉમ્પ્લેક્સિટી અહીં આવીને પેદા થઈ જાય. સેન્ટેન્સ્‌ના જે મેં તમને ત્રણ મૉડલ્ બતાવ્યા સિમ્પલ્, કમ્પાઉન્ડ્ અને કૉમ્પ્લેક્સ્. એ પ્રકારની કૉમ્પ્લેક્સિટી અહીં પણ છે. આ મુખ્ય વાત મનમાં ઠસાઈ જાય તો પછી આગળ બધી વાત ચાલી શકે. કેમકે આ વિવેચનનું આ મુખ્ય સ્વરૂપ છે.

## (ઉપાદાન-ઉપાદેયના સંબંધનો વિચાર)

આમાં સમજવા લાયક એક વાત એ છે કે અહંકારના આ પ્રકારના બે રૂપ કહેતા હોઈએ તો આપણા દેશમાં કે વિદેશમાં સર્વત્ર દર્શન કે

વિજ્ઞાનમાં આજે જે પણ સમસ્યા પેદા થઈ રહી છે, એ આ પ્રકારની છે કે જે પણ રૂપમાં ઉત્પન્ન થયું હોય આ જગત્ આપણી સામે એઝ એ ડેટા એવેલેબલ્ છે કે આપણે તેને ઘણી હદસુધી સમજી શકીએ છીએ. આ આપણને ઉત્પન્ન જગત્ જોવામાં આવે છે. આ જગત્ જો ઉત્પન્ન થયું છે તો તેનું કોઈ ઉપાદાન છે કે નથી? જો ઉત્પન્ન થયું છે તો ઉપાદેય છે. એટલે 'ઉપાદેય'નો મતલબ જેને આપણે એ પ્રોડક્ટ્ ઑફ્ સમ્થિંગ્ માનીએ. આપણે એમ તો નહીં કહી શકીએ કે જગત્ ઉત્પન્ન પણ છે છતાં પણ પ્રોડક્ટ્ નથી. અને પ્રોડક્ટ્ છે તો 'પ્રોડક્ટ્ ઑફ્' કે 'પ્રોડ્યુસ્ડ્ ફ્રૉમ્' કે 'પ્રોડક્ટ્ આઉટ્ ઑફ્' આ સવાલ તો પેદા થશેજ. આવો સવાલ પેદા થતાંજ ઉપાદાન એનીમેળે આવી જાય. આ ઉપાદાન અને ઉપાદેયની બાબતમાં એક સમસ્યા આ પણ સામે આવે કે જગત્ પેદા થયું અને જેમાંથી પેદા થયું એમાં કોઈ પ્રકારની સમાનતા હોવી જોઈએ કે નહીં?

એક સામાન્ય વાત બતાવું કે બ્રહ્મને **"સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ"** (તૈત્તિ.ઉપ.૨/૧) અર્થાત્ 'સચ્ચિદાનન્દ' કહીને બ્રહ્મનું સ્વરૂપ જાણ્યું. પરંતુ માનીને ચાલો કે બ્રહ્મ નથી તો જે પણ આ જગત્નું ઉપાદાન હોય તે ઉપાદાન પૉસિબલી શું હોઈ શકે? હવે એક સીધી વાત એ છે કે જો જગત્નું કોઈ ઉપાદાન હોય 'જગત્'નો મતલબ પૃથ્વી નહીં લેતા! જગત્નો મતલબ બ્રહ્માંડ=યુનિવર્સ્. અનંતકોટી બ્રહ્માંડ. તો આવા જગત્માં જે કાંઈ પ્રકટ થયું હોય એમાં ઉપાદાનના સ્વરૂપની બાબતમાં કાંઈક ઈશારો તો મળે છે કે નહીં?

પહેલાં આ વાત બધાને બહુ અટપટી લાગતી હતી પરંતુ આજની તારીખમાં આપણે તો જાણીએ જ છીએ કે આપણું જે કાંઈ પર્સનાલિટી ટ્રેઈટ્સ્ ડિઝીસ્ ફીચર્સ્ સાઈઝ શેઈપ્ કલર્-કૉમ્પલેક્શન્ વગેરે હોય છે એના બીજ સ્ટેમ્સેલ્માં માનવામાં આવે છે કે નહીં? જો સ્ટેમ્સેલ્માં ન હોય તો આપણામાં કેવી રીતે આવશે? આના વિરોધમાં એક સંભાવના મિશ્રિત હોવાની કરી શકાય છે. ઠીક વાત છે પરંતુ જો બે સ્ટેમ્સેલ્સ્, ઓવમ્ અને સ્પર્મની જેમ મિશ્રિત થઈ હોય, તો આમેય આપણે એક

ઉપર બધો ભાર રાખી રહ્યા હતા તે બે ઉપર રાખવો પડશે. અંતમાં આપણે જે કાંઈ છીએ, ક્યાંક ને ક્યાંક ઉપાદાનમાંથી એ પ્રકારથી ઘડાયેલા છીએ. આપણે એમ તો ન કહી શકીએ કે અચાનક કાંઈક થઈ જાય. આ વાત ફક્ત બાયોલોજિકલ્ જ તથ્ય હોય એવું નથી. થોડુંક પાછળ ધકેલતા ચાલ્યા જઈએ તો બાયોલોજિની પહેલાં કૅમિકલ્ સ્ટ્રક્ચર્માં પણ આ વાત આવશે જ. કૅમિકલી પણ શું એવો નથી કે જે પણ કાંઈ એક કૅમિકલ્ ફોર્મ્યુલાથી કોઈ એક સેલ્ બન્યો હોય, એ સેલ્માં જે પણ કાંઈ ગુણ પ્રકટ થઈ રહ્યા છે, એના કાંઈક ને કાંઈક હિન્ટ્ એના કૅમિકલ્ મોલેક્યુલ્માં હોય કે નહીં? જો ન હોય તો બાયોલોજિકલ્ સેલ્માં ક્યાંથી આવ્યા? હજુ પાછળ ધકેલો. કૅમિકલ્ને બદલે ફિઝિકલ્ સ્ટ્રક્ચર્ના અનુસાર ઘડાયેલો મળશે. બધાના આણવિકભાર વિજ્ઞાન ગણીને બતાવે છે. એવી જ રીતે સબ્એટમિક્ સ્ટ્રક્ચર્ સમસ્યાને ધકેલીએ તો પણ પ્રોબ્લેમ્ પાછળ ધકેલતા જવાથી નિયમનો અસ્વીકાર શક્ય નથી. વસ્તુનું જે સ્ટ્રક્ચર્ કાર્યમાં પ્રકટ થાય એનો ઈદમિત્થંભાવ કારણથી નિયત નથી એમ કહી શકવું મુશ્કેલ કામ છે. સ્ટેમ્-સેલ્ રૂપી ઉપાદાનમાં કોઈ ને કોઈ ક્રૉમોઝોમ્ ટાઈપ્ના પ્રકટ કે અપ્રકટ સૂત્ર ન હોય તો ગવર્ન્ કેવી રીતે થઈ શકશે કે આ જ ચીજ પેદા થશે અને બીજી ચીજ પેદા નહીં થાય. તો આ આપણે સબ્ઍટમિક્ ફિઝિક્સ્થી લઈને સોશિયોલૉજી સુધી પણ આને સ્ટ્રેચ્ કરીએ તો એમાં એક કન્ટીન્યુટી ઑફ્ કૉઝેશન્ અર્થાત્ કારણોની શૃંખલાની અનેક કડી મળશે જ.

આપણે જેમ જોઈ શકીએ છીએ કે સબ્-એટમિક્ પાર્ટિકલ્સ્ના આપસી ઍટ્રેક્શન્ના હેતુ સબ-ઍટમિક્ સ્ટ્રક્ચર્માં જે ન્યૂક્લીઅસ્ની આજુબાજુ વીક્ ફોર્સ્ હોય એ પિંડના ગુરૂતર ઘનત્વમાં સંઘટિત થઈને મોટો પદાર્થ બનતાં જ ગ્રેવીટેશનલ્ ફોર્સ્ બની જાય. એ ગ્રેવીટેશનલ્ ફોર્સ્ બની જાય તો આપણે સમજીએ કે એ વાત ખતમ થઈ ગઈ! અરે ખતમ ક્યાં થઈ રહી છે! એ વાત તો બાયોલોજીમાં પણ આવે જ છે. ઘોડો ઘોડાની સાથે જ રહે, કોઈ ને કોઈ ઍટ્રેક્શન્નો સિદ્ધાન્ત કામ તો કરતો જ હશે કે નહીં? એને ગ્રેવીટેશનલ્ ઍટ્રેક્શન્ ન માનીએ પણ ઘોડો ઘોડાની

સાથે રહે છે. ચકલી ચકલીની સાથે રહે છે. આ ઍટ્રેક્શન્ ક્યાંથી પેદા થઇ રહ્યો છે? ક્યાંક ને ક્યાંક એના સોર્સ્ તો પાછળ સુધી જવા જોઇએ. આપણે વાત વધારે આગળ વધારીએ તો સોશિયલ્ ઍટેક્શન્ ઉપર કે સાયકોલૉજિકલ્ ઍટ્રેક્શન્ ઉપર કોઈ ને કોઇ સોર્સ્ તો આપણે સ્વીકારવો જ પડશે. એક વખત આ ફ્રેમ્ આપણને સમજાઇ જાય કે ઉપાદાન અને ઉપાદેયની વચ્ચે કોઈ ને કોઇ કો-રિલેશન્ના વગર ઉપાદેયમાં કોઇ ક્વાલિટી ન આવી શકે.

બહુ સામાન્ય ઉદાહરણથી સમજવું હોય તો આપણે આમ સમજી શકીએ છીએ કે જો માટી લાલ છે તો ઘડો લાલ બનશે. જો માટી સફેદ છે તો ઘડો સફેદ બનશે, માટી કાળી છે તો ઘડો પણ કાળો બનશે. ઘડાનું કાળાપણું છે તે અચાનક તો નહીં આવે. કોઈ ને કોઇ એના ઉપાદાનમાં એના સોર્સ્ તો હોવા જ જોઈએ. દોરા જો સફેદ છે તો કપડુ પણ સફેદ બનશે. દોરો જો લાલ છે, તો કપડુ લાલ થશે. જેમ આંબાનુ વૃક્ષ છે તો આંબાના વૃક્ષના જે પણ સૂત્ર હશે એ સૂત્ર એની ગોટલી કે બીજમાં હશે કે નહીં હોય. જો ન હોય તો એ આંબાના વૃક્ષમાં આવ્યા ક્યાંથી?

ઉપાદાન અને ઉપાદેયમાં આ પ્રકારનો એક આપસી સંબંધ કૉમન્ સેન્સ્થી સમજવામાં આવે. બહુ સાયન્સ્ની જરૂર નથી. આ તો આપણી પાસે રેડીમેડ્ એક મૉડેલ્ અવેલેબલ્ છે એટલા માટે સાયન્સ્ની વાત કરી. આપણે પોતે-પોતાને સમજી લઈએ. આપણે બધા ઉપાદેય અહંકર્તા છીએ. કેમકે આપણે પ્રોડક્ટ્ છીએ. અને આપણો અહંકાર પણ કોઈ ને કોઈ ઉપાદાનનો પ્રોડક્ટ્ છે. દરેકને પોત-પોતાનો અહંકાર હોય છે. આથી 'હુ છું'-'હું છું' આવો અહંકાર જો પ્રોડક્ટ્ હોય તો આના સોર્સ્ આના ઉપાદાનમાં પણ હોવા જોઈએ.

આપણી બોલચાલની કહેવતમાં પણ એટલી વાત સ્પષ્ટ છે *"બાપ એવા દીકરા"* તો આ કૉમન્ મૉડેલિટી છે. એવી રીતે જે પણ કોઇ ઉપાદેય અહંકારમાં, કર્તાના રૂપમાં કે ક્રિયાના રૂપમાં અથવા કરણના રૂપમાં જે

ગુણધર્મ અનુભૂત થતાં હોય તેના સોર્સ્ ઉપાદાનમાં હોવા તો જોઈએ જ.

આ ધારણાના વિરોધમાં પણ પૉસિબિલિટીનો વિચાર કરી લઈએ કે કોઈ એક ઉપાદાનમાં નહીં પણ એક ઉપાદાનની સાથે બીજા ઉપાદાનનું જે પ્રકારનું કૉમ્બિનેશન્ થયું એના કારણે એક ઍડીશનલ્ ક્વાલિટી ઉપાદેયમાં પ્રકટ થઈ શકે છે. આથી ઓરિજનલી કોઈ ઉપાદાનમાં કોઈ અહંકાર ન હતો પરંતુ ઉપાદેયમાં આવ્યો. તો ઉપાદેય અહંકર્તા કોણ છે? આપણે સમજી શકીએ છીએ કે તરલ હોવાનો સ્વભાવ ન હાયડ્રોજન્માં છે ન ઑક્સિજન્માં છે. છતાં પણ પાણીના મૉલેક્યુલ્માં તરલ હોવાનો સ્વભાવ આવી ગયો. હવે તે ઉપાદેયમાં તો આવ્યો પરંતુ ઉપાદાનમાં નથી એવો એક મૉડેલ્ હોઈ શકે છે. ઉપાદેયમાં અચાનક અહંકાર આવી ગયો અને આથી ઉપાદેયની જ કોઈ સ્પેસિફિક ક્વાલિટી છે. ઉપાદાનમાં તે અવેલેબલ્ નથી.

બીજો ઈન્ટર્પ્રિટેશન્ આ પણ થઈ શકે છે કે ઉપાદેયમાં છે તો તેના ઉપાદાનમાં પણ ક્યાંક ને ક્યાંક તેનો સોર્સ્ પણ હોવો જોઈએ. હવે આ વિષય મેટાફિઝિક્સ્નો છે. અને તેમાં પણ હું સમજું છું કે બહુ જ બગાંસા આવશે અને તકલીફ થશે. પરંતુ મારી પાસે બીજો કોઈ ઉપાય નથી. તેથી આને સમજવા કે સમજાવવામાં જે તકલીફ થાય તે મારી સાથે આપ પણ ભોગવો. કેમકે અંતે તો અહંકાર આપણે એ પ્રકારથી સમજવો છે જે પ્રકારથી મહાપ્રભુએ ઉપનિષદ્ ગીતા ભાગવત વગેરેના આધારે સમજાવ્યો છે.

## (વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ)

અહંકાર ફક્ત ઉપાદેયમાં પ્રકટ થયો હોય કે ઉપાદાનમાં પણ હોય. આપણે તો એ વિચાર કરવાનો છે કે આપણા શાસ્ત્ર શું કહી રહ્યા છે. એને જોવાના પહેલા આપણે સાયન્સ્ની રીતથી એક વખત આનો પૅનોરૉમિક્ વ્યુ લઈને જોઈએ તો આપણે પૂરૂ પિક્ચર્ સાફ થઈ જશે.

એક વાત જૂઓ કે સબ્-એટમિક્ લેવલ્થી માંડીને વધારે

સાયકૉલૉજી કે ઈકોનોમિક્સ્ સુધી લઈ લો, જે પણ કાંઈ યુનિવર્સ્‌ના ઉત્પન્ન થવાની, સ્થિત થવાની, વધવાની પ્રોસેસ્‌ને સાયન્સે ઈવોલ્યુસન્ માન્યું છે કે નથી માન્યું? ચાર્લ્સ્ ડાર્વિને તો બાયોલોજીકલ્ ઈવોલ્યુશન્‌નો જ સિદ્ધાન્ત સ્થાપિત કર્યો છે. સાયન્સે ઈવોલ્યુશન્ માન્યું છે કે નહીં! 'ઈવોલ્યુશન્' એટલે વિકાસ. જે ચીજ બીજમાં છે એ બીજનું વૃક્ષના રૂપમાં વિકસિત થવું પણ તો ઈવોલ્યુશન્ જ છે.

ધ્યાનમાં રાખવું જોઈએ કે સાયન્સ્ એક અલગ શાસ્ત્ર છે અને સાયન્ટિફિક્ ફિલોસોફી એક અલગ શાસ્ત્ર છે. સાયન્ટિફિક્ ફિલોસોફીમાં ઘણાબધા કૉમ્પ્લેક્સ્ આઈડિયાવાળા લોકો આવી જતા હોય છે. આથી એ શુદ્ધ સાયન્સ્ નથી રહી જતું. એ મિશ્રિત સાયન્સ્ થઈ જાય, કેમકે જે જેવા બાયસ્‌થી આવ્યો હોય, એ રીતથી તે સાયન્ટિફિક્ ફિલોસોફી ઘડે. ઘણાબધા આવા સાયન્ટિફિક્ ફિલોસોફર્, નામશઃ, ફ્રિત્ઝ કાપ્રા જેવા ઘણાબધા છે. એક નહીં પચ્ચીસો નામ સાયન્ટિફિક્ ફિલોસોફીના ફીલ્ડ્‌માં છે.

સાયન્ટિફિક્ ફિલોસોફર્ અને સાય્ન્ટિસ્ટ્ પણ બે બાટલીબાજોને જેમ ઑપ્ટિમિસ્ટિક્ અને પૅસીમિસ્ટિક્ અહંકારવાળા હોય છે. આથી બંને પ્રકારના બલ્કિ અનેક પ્રકારના એમના સંપ્રદાય ચાલી પડ્યા છે. કેટલાક સાયન્ટિફિક્ ફિલોસોફર્ કહે છે કે જરૂરી નથી કે ઈવોલ્યુશન્ થઈ રહ્યું છે. કેમકે કોઈ ચીજ ઈવોલ્વ્ થતી હોય તો આપણી પાસે એક કમ્પ્લીટ્ મૉડેલ્ હોવું જોઈએ કે આપણે અહીંથી લઈને ત્યાં સુધી આને વિકસિત કરશું. જેમ મહીન સૂતરના દોરાને પહેરવા લાયક કપડું બનાવવા સુધી વિકસિત કરશું, તો તેની ફ્રેમ્ પહેલાં જ બનાવવી પડે કે આટલું મોટું કપડું બનશે સંચામાં. કપડું વણવાના સંચાને બનાવતા પહેલાં ફ્રેમ્ બનાવવી પડે. એ ફ્રેમ્ આપણી સામે ન હોય કે ક્યાં સુધી આનો વિકાસ કરવો તો આપણે નક્કી કેવી રીતે કરી શકશું કે કેટલું ઈવોલ્વ્ થવાનું છે. કેમકે કોઈ પણ ઈવોલ્યુશન્ તેની આઈડિયલ્ સ્ટેજ્‌ની તરફ આગળ વધે તો ઈવોલ્યુશન્ થઈ શકે છે. અન્યથા અપોઝિટ્ ડાયરેક્શન્‌માં વધતું હોય તો ડિટિરિયોરેશન્

જ માનવામાં આવે. તો હવે નક્કી કેમ કરવું કે ઈવોલ્વ્ થઈ રહ્યું છે કે નથી થઈ રહ્યું?

કેટલાક લોકો કહે કે આટલા બધા લાખો વરસોમાં મનુષ્ય ઈવોલ્વ્ થયો. હવે આ ખબર કેમ પડે કે ઈવોલ્વ્ થઈ રહ્યો છે કે બગડી રહ્યો છે. આજે જે પ્રકારથી આપણે ઝઘડી રહ્યા છીએ, એક-બીજાને સમજી નથી શકતા, તેના કારણે આજે જે પ્રકારની આપણા સમાજમાં અશાંતિ રાગદ્વેષ ખેંચાતાણી હતાશા વગેરેના શોકમોહદુઃખ કે તકલીફ છે, એને જોતાં લાગે કે ઘણાબધા જંગલી પ્રાણી આપણા બદલે વધારે સમજદાર હતા! એક-બીજાના અંદરોઅંદર પાકિટ તો કાપતા નહોતા. એક-બીજાના અંદરોઅંદર મર્ડર તો નહોતા કરતા, એક-બીજાના શોષણ-પ્રતિશોધ તો નહોતા કરતા. આપણે તો કેવા કેવા નિષ્ઠુર કામ કરવા લાગી ગયા, આપણે જંગલી જાનવરથી પણ વધારે જંગલી છીએ. તો ઈવોલ્યુશન્ થયું કે ન થયું કેવી રીતે કહી શકીએ છીએ!

આ એક પૅસિમિસ્ટિક્ નજરીયા છે. મનુષ્યમાં કોઈ અવગુણ હોય તો એને એટલો એન્લાર્જ કરો કે મનુષ્યનો ઈવોલ્યુશન્ દેખાવાના બદલે ડિટિરિયોરેશન્ લાગવા લાગે.

પરંતુ સમજવાની વાત આ છે કે ઘણાબધા ફંકશનો જે સબ્-હ્યુમન્ સ્પિશિસ્માં હતા નહીં તે મનુષ્યમાં પ્રકટ તો થયા કે નહીં? આપણા બ્રેઈને જે લેંગ્વેજ્-લૉજિક્-મૅથેમેટિકસ્ ઈન્વેન્ટ્ કરીને અકવાયર્ કરી, જે ટૅક્નોલોજી ઈન્વેન્ટ્ કરી, આના આધારે આપણને લાગે કે આપણો વિકાસ તો નિશ્ચિત થયો જ છે.

એક સીધીસાદી વાત સમજવાની આ છે કે આપણો વિકાસ થયો હોય કે હ્રાસ થયો હોય, બંને પ્રકારથી સાયન્ટિફિક્ ફિલોસોફીના સ્ટેંડ્ લઈ શકાય છે.

આ ચિન્તનમાં એક ત્રીજી પાર્ટી એવી પણ હોઈ શકે છે કે ન વિકાસ થયો છે ન હ્રાસ. કોઈપણ એક સીધી લીટી ચાલી જઈ રહી છે.

આજની તારીખમાં આપણને એમ લાગતું હોય કે કાંઈક બદલી રહ્યું છે પરંતુ વિકાસને માટે બદલી રહ્યું છે કે હ્રાસને માટે, એ ખબર કેવી રીતે પડે? કેમકે કોઈ બે ટર્મીનલ્સ્ હોય મુંબઈ અને દિલ્હી જેવા; અને આપણે ગાડીમાં દિલ્હી જવા માગતા હોઈએ અને ગાડી મુંબઈથી દિલ્હીની તરફ આગળ વધતી હોય તો વિકાસ માનશું. આપણને, પરંતુ, પોતાને ખબર જ નથી કે ક્યાં જવું છે અને ન એ ખબર હોય કે જે ગાડીમાં સવાર થયા છીએ તે ક્યાં જઈ રહી છે! ત્યારે વિકાસ કે હ્રાસની ખબર પડવી મુશ્કેલ કામ થઈ જશે. એ સ્થિતિમાં નક્કી કેવી રીતે કરવું? ક્યાંક પરિવર્તનશીલ જગત્માં આપણે ટ્રૅપ તો નથી થઈ ગયા કે પ્રતિક્ષણ કાંઈક પરિવર્તન તો અવશ્ય થઈ રહ્યું છે અને આપણી ભીતર પણ કાંઈક પરિવર્તનનો દૌર ચાલી જ રહ્યો છે. આથી ત્રણેય શક્યતાઓ હોઈ શકે છે.

## (ઔપનિષદિક દષ્ટિકોણ)

આપણા ઉપનિષદ્ના ઍંગલથી પણ જોઈએ તો એક ફૅન્ટાસ્ટિક્ વ્યૂ આપણને આ મળે છે કે વિકાસ થયો હોય કે હ્રાસ થયો, આ વાત જ મહત્વની નથી. જેને આપણે 'બ્રહ્મ' કહીએ છીએ તે બ્રહ્મમાંથી જગત્ તેની લીલાના રૂપમાં પરિણત થયું, બસ ઔપનિષદિક ધ્રુવ સત્ય તો આટલું જ છે. તેથી બ્રહ્મના સ્વરૂપની દષ્ટિથી હ્રાસ થવાપર પણ ભગવલ્લીલાની દષ્ટિથી લીલાપરિતોષ પર્યંત વિકાસ પણ માની શકાય છે.

હું આપણે ત્યાંની વાત બતાવી રહ્યો છું સાયન્સ્ની નહીં. બ્રહ્મના સ્વરૂપના ઍંગલથી જૂઓ તો હ્રાસ થયો છે, વિકાસ નથી થયો. બ્રહ્મે પોતે-પોતાને જો અબ્રહ્મ તરીકે ઢાળ્યો હોય તો વિકાસ ક્યાં થયો? બ્રહ્મે પોતે-પોતાનાથી બૅટર્ બ્રહ્મ તરીકે જગત્ને ઘડ્યું હોત તો આપણે આમ કહી શકત કે જગત્ બ્રહ્મનો વિકાસ છે. પરંતુ બ્રહ્મે તો પોતે-પોતાનામાંથી અપરિચ્છિન્ન આનંદ વગેરે ગુણધર્મોને તિરોહિત કરીને આ દુનિયા બનાવી છે.

મને બહુજ પ્રિય એવા સૂફી સરમદ્ની એક રૂબાઈમાં, તે કેટલી સરસ વાત કહી રહ્યો છે :

**“હક-તઆલા ચે કર્દ પૈદા મારા**
**મા પૈદા કરદેમ હક-ત્આલા રા ।**
**ઈન્સાફ બકૂન કીસ્ત રૂતબે બુલંદ**
**ઉ અદના આફરીન વ મ આલા રા ।।”**

અર્થાત્ લોકો કહે છે કે પરમેશ્વરે મને પેદા કર્યો પરંતુ મારા મનોભાવ તો સાંભળો કે “મા પૈદા કરદેમ હક-ત્આલા રા” મને તો લાગે છે કે મેં એને પેદા કર્યો છે. અરે! આવી અટપટી વાત ક્યાંથી આવી ગઈ! પરમેશ્વરને તમે પેદા કેવીરીતે કરી શકો? સરમદ્ બહુ સરસ વાત કહી રહ્યો છે કે ઈશ્વરની તુલનામાં હું ઉત્તમ કોટીનો કર્તા છું કેમકે મેં પરમેશ્વર પેદા કર્યો જ્યારે એણે તો મારા જેવો અદના વ્યક્તિ પેદા કર્યો! એણે મારા જેવો એક નિર્બલ મનુષ્ય બનાવ્યો. મેં જ્યારે એનું ભજન શરૂ કર્યું ત્યારે મેં એને મારો ભગવાન બનાવ્યો, તો એને મેં માહાત્મ્યજ્ઞાનથી મંડિત કરી દીધો. મેં એને પરમેશ્વર બનાવ્યો. હું એની શરણાગતિ ન સ્વીકારત તો એ સર્વસમર્થ ઈશ્વર કેવીરીતે સિદ્ધ થઈ શકત? હું ભક્ત ન હોત તો એ ભગવાન કેવીરીતે સિદ્ધ થઈ શકત? ભત્રીજો ન હોય તો કોઈ બાપનો ભાઈ કાકા થોડો બની શકે! તમે સમજી રહ્યા છો કે કાકા મોટો હોય પરંતુ કાકા તો ભત્રીજાના જન્મ લીધા પછી જ પેદા થાય છે ને! હવે ન્યાય કરો કે કાકા મોટો કે ભત્રીજો મોટો? એવી જ રીતે સરમદ્ પણ કહી રહ્યો છે કે યાર! બહુ ઉત્તમ કોટીનો કર્તા તો હું જ છું કેમકે એણે તો મારા જેવો એક અસહાય પ્રાણી પેદા કર્યો છે. જ્યારે કે મેં તો એના જેવો આલા ગ્રાંડ્ ફિનોમિના પેદા કર્યો છે. હું ઈશિતવ્ય છું એથી મારા સંબંધમાં એ ઈશ્વર છે. હું જીવ કે જીવાત્મા છું, એથી એ પરમાત્મા છે. હું નામ રૂપ કર્મ છું એથી એ બ્રહ્મ છે. હું ન હોઉં તો એ આ ગુણધર્મવાળો કેવી રીતે સિદ્ધ થઈ શકશે *“મા પૈદા કરદેમ હક-ત્આલા રા. ઈન્સાફ બકુન કીસ્ત રૂતબે બુલંદ!”* આથી ઉત્તમ કોટીનો કર્તા હું છું. હવે જૂઓ કે છે તો આ પણ અહંકાર જ પરંતુ આ કેટલું મીઠું સ્વરૂપ છે અહંકારનું! આનાથી મીઠો કોઈ અહંકાર દુનિયામાં હોઈ ન શકે. આ નાસ્તિકનો અહંકાર નથી. આ તો

ભક્તનો, ભક્તિના સહજ દૈન્યથી પ્રકટેલો અહંકાર છે! આ દષ્ટિકોણમાં વિકાસ કે હ્રાસનો મુદ્દો ગૌણ બની જાય. પરંતુ આપણે ત્યાંના હિસાબથી આપણે આમ વિચારી શકીએ કે બ્રહ્મના હિસાબથી હ્રાસ થયો છે.

### (સૅમેટિક્ અને આપણા દષ્ટિકોણની તરતમતા)

સૅમેટિક્ એપ્રોચ્ સૃષ્ટિની બાબતમાં હ્રાસનો છે કેમકે આદમનો ભૂતલ ઉપર જન્મ કે વિકાસ સ્વર્ગથી અધઃપાતના રૂપમાં જ માનવામાં આવેલ છે. આ એક સિન્ગલ્ સ્ટ્રેઈટ્ લાઈન્નો એપ્રોચ્ છે. પરંતુ આપણા ઉપનિષદ્ની દષ્ટિની મહત્તા કાંઈક અલગ જ છે. આપણે સૃષ્ટિના નિરૂપણમાં ક્યારેય સિન્ગલ્ સ્ટ્રેઈટ્ લાઈન્ નથી માની. આપણે તો ક્રિએશનલ્ પ્રૉસેસ્ કે ક્રિએટિવ્ ફૉર્સ્નો હંમેશા સર્ક્યુલર્ પાથ્ માનેલ છે. એમને દરેક વખતે એવું લાગે કે જગત્ પેદા કરીને ભગવાને ઘણાબધા નિયમ (કોડ્ ઑફ્ કન્ડક્ટ્સ્ જેવા) જગતને બતાવ્યા. જગત્માં એ નિયમોને કે કોડ્ ઑફ્ કન્ડક્ટ્સ્ને કોઈ પણ પ્રામાણીકતાથી પાળે નહીં તેથી એ યહોબા હોય કે હોલી ફાધર હોય કે અલ્લાહ હોય, અંતમાં ન પાળવાવાળા ઉપર ગુસ્સે થઈને પાળવાવાળા ઉપર ખુશ થઈને સ્વર્ગ કે નરક દેવામાટે જગત્ને ખતમ કરી દેશે. એમની આધિદૈવિક કથા કે સ્ટોરી આમ એક વખતના સૃષ્ટિના નિર્માણમાં ખતમ થઈ જાય છે. એમની હકીકત આટલી જ છે કે **''આકે નહાયે ઔર નહાકે ચલે ગયે''** આમ એમની કહાની પણ નાનકડી છે. આપણે ત્યાંની કહાની તો અંતહીન કહાની છે. જોકે એમની જ જેમ નિર્માણ અને સંહારના કોષ્ઠકમાં ઘેરાયેલી હોવા છતાં પણ બિલ્કુલ એવી જ છે કે જેવો તમને શેર સંભળાવ્યો **''માઁકી કૂંખસે કબ્રકા રાસ્તા દૂર નહીં. પર ચલતે-ચલતે એક જમાના લગતા હે''** એ પ્રકારથી આપણે ત્યાં એક લાંબી કહાની બની જાય છે. નિરંતર બ્રહ્મમાંથી જગત્ પેદા થતું રહે છે, નિરન્તર એ પરમેશ્વર અન્તર્યામી હોવાના રૂપમાં જગત્માં ભીતર ભરેલો રહીને એનું નિયમન કરતો રહે; અને નિરન્તર આ જગત્ એજ બ્રહ્મમાં લીન પણ થતું રહે છે. આ ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના સાયકલ્ જ્યાં ચાલે છે તેને આપણે 'બ્રહ્મ'

કહીએ છીએ. આ એનો સ્વભાવ હોત તો એ બ્રહ્મ પદાર્થની જેમ લાચાર હોત અને આ એની ક્રીડા હોત તો તેની ભીતર અજ્ઞાન અને અપૂર્ણતા આવત પરંતુ આપણે ક્રીડાત્મક સ્વભાવ કે સ્વભાવાનુપાતી ક્રીડા માનીએ છીએ.

તો ક્રિએટિવ્ પ્રોસેસ્નો આપણને માન્ય પાથ તો સર્ક્યુલર્ છે. સ્ટ્રેઈટ્ લાઈન્નો નથી. તો આ પ્રકારના સર્ક્યુલર્ પાથ્માં વિકાસ અને હ્રાસના પ્રશ્નો નિરર્થક બની ગયા. તમારે જઘડવું હોય તો જઘડતા રહો અમે તો કાંઈક આમ કહેશું કે *"બ્રહ્મજ્ઞાની ને મુક્તિમારગી સ્વપ્ને નહીં વ્યવહાર"* આપણો એમની સાથે કોઈ વ્યવહાર જ નથી. આ બધી પ્રૉબ્લેમ્ ઉભી કેમ થઈ રહી છે? કેમકે તમે ક્રિએટિવ્ પ્રોસેસ્ની લાઈન્ એકદમ સીધાજેવી માની લીધી. આપણે ત્યાં તો પ્રૉબ્લેમ્ કેમ ઉભી નથી થતી એનું સામાન્ય કારણ સર્ક્યુલર્ પાથ્ છે :

**"યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ, યત્ પ્રયન્તિ અભિસંવિશન્તિ, તદ્ વિજિજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મ ઈતિ."**

(તૈત્તિ.ઉપ.૩/૧)

આ પ્રકારથી નિરંતર કાંઈક ચાલતું રહે છે એમાં તો શું હ્રાસ અને શું વિકાસ!

ક્યાંથી તમે જોઈ રહ્યા છો? જ્યાંથી જોઈ રહ્યા છો, સરમદ્ના એંગલથી જોઈ રહ્યા છો તો વિકાસ છે. અને એજ બે બાટલીબાજોની વાત પાછી આવી ગઈ. તમે જો નિરાસાવાદી છો તો હ્રાસ અને તમે આશાવાદી છો તો "મા પૈદા કરદેમ હક-તઆલા રા"ના જેવો વિકાસ છે. આના ચક્રને નિરન્તર ચાલતું માનો તો ન હ્રાસ અને ન વિકાસ, આ આપણી પ્રોસેસ્ છે.

## (અહંકારનું અદ્ભુત સામર્થ્ય)

આ પ્રોસેસ્માં આપણે અહંકારની જે કલ્પના કરીએ છીએ તે કલ્પના પણ એવીજ કરીએ છીએ કે અહંકારનો પણ એક સરક્યુલર્ પાથ્

છે. આપણા પ્રત્યેક ક્ષુદ્ર અહંકારમાંથી એક પરિપૂર્ણ બ્રહ્માંડનો અહંકાર પેદા થઈ શકે છે તેની ભીતર છૂપાયેલો હોવાના કારણે. અને દરેક બ્રહ્માંડના વિરાટ અહંકારમાંથી આપણો ક્ષુદ્ર અહંકાર પેદા પણ થતો જ રહે છે. આવો સરક્યુલર્ પાથ્ છે. આ કોઈ સ્ટ્રેઈટ્ લાઈન્ નથી.

આથી પિન્પોઈન્ટ્ આપણે એમ નથી કહી શકતા કે અચ્છા આ ઉપાદાન હતો અને આ ઉપાદેય બન્યો. આ તો આપણે કન્સેપ્ચ્યુઅલી સમજાવવા માટે કેવળ એક કલાસિફિકેશન્ આપીએ છીએ કેમકે જ્યાં સર્ક્યુલર્ પાથ્ છે ત્યાં શરૂઆત શું અને અંત શું? શરૂઆત અને અંત તો સ્ટ્રેઈટ્ લાઈન્માં હોય. સર્ક્યુલર્ પાથ્માં તો જ્યાંથી પ્રવેશ કર્યો ત્યાંથી શરૂ થઈ જાય અને પાછાવળીને બીજીવખત ત્યાં સુધી આવી જાવ તો પાછું શરૂ કરવું પડે. કોઈ પિન્પોઈન્ટેડ્ સ્ટાર્ટિંગ્ પોઈન્ટ્ નથી. આ ખાસિયત છે આપણા કન્સેપ્ટ્ની.

સૃષ્ટિના સરક્યુલર્-પાથ્માં કોઈ આધારભૂત ગ્રાઉન્ડ્ છે. આપણે કોઈ પણ એક સર્કલ્ ડ્રૉ કરીએ તો એક ગ્રાઉન્ડ્ સરફેસ્ જોઈએ જેના ઉપર આપણે ડ્રૉ કરી શકીએ એવો ગ્રાઉન્ડ્ સરફેસ્ બ્રહ્મનું સ્વરૂપ છે. જો સર્કલ્ ડ્રૉ કરીએ તો સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને નાશની લીલા બને. આ તો બ્રહ્મની કહાની છે. દરેક કહાનીમાં એક હકીકત છે અને દરેક હકીકતમાં એક કહાની છે. એ વાત મેં તમને કાલે બતાવી હતી. બરાબર કો-રિલેટ્ કરતા રહેશો તો બધી વાત સમજાઈ જશે. આપણે આ વાત માની રહ્યા છીએ.

એટલા માટે આપણા અહંકારની ખૂબસૂરતી જુઓ : અહંકારની ઘણીબધી મજાક ઉડાવી. ઘણી જાતના ટુચકા આપણે અહંકારને નીચે પટકનારા કહી-સંભળાવ્યા. ક્યારેક શાંતિથી આ વાતનો પણ વિચાર કરો કે અહંકાર કેટલી ગજબની ચીજ છે. કેવો અહંકાર આપણી ભીતર ભરેલો છે તેનું સ્વરૂપ સમજો.

આ સામે રાખેલા ટેબલ સુધી હું મારો હાથ ફેલાવી શકું છું પરંતુ મારા અહંકારને હું ટેબલ સુધી નથી ફેલાવી શકતો. આપણો અહંકાર

બહાર આવતો નથી. હું પગ ફેલાવી શકું. હું કરાટે શીખ્યો હોઉં તો કિક્ પણ મારી શકું. પરંતુ મારા અહંકારના કારણે પગની કિક્ મારી પણ શકતો હોઉં પરંતુ અનારોપિત અહંકારની કિક્ બીજા કોઇને કેવી રીતે મારી શકીશ! મારો અહંકાર તો મારી ભીતર જ રહેશે. કેટલો નાનકડો અહંકાર!

આવા નાનકડા અહંકારની ભીતર સામર્થ્યની તમે ગણત્રી શરૂ કરો. ગણત્રી કેવીરીતે શરૂ કરશો? એક નાનકડો પ્રયોગ બતાવું : તમે કઇ-કઇ વ્યક્તિઓના નામ જાણો છો થોડા ગણીને તો જુઓ! તમે ગભરાઇ જશો યાદ કરી-કરીને. આપણે સાત દિવસ સુધી આનું સેસન્ અહીં ચલાવીએ તો એકના પછી બીજું નામ યાદ આવતાજ જશે. તમારી વોકૅબ્યુલરીના હિસાબથી ખાલી નામોની વાત કરી રહ્યો છું. રિલેશન્ની વાત કરૂં ત્યારે તો એથી વધારે. રૂપની વાત કરૂં તો એથી પણ વધારે. તો અહંકારનું જે તમારૂં ડ્રૉવર્ છે એમાં કેટલી ફાઇલો ભરેલી છે! વિચારો કે આ કેવો થેલો આપણને પ્રકૃતિએ પ્રદાન કર્યો છે કે જેમાં કેટલી ચીજ સમાઇ જાય છે. કેટલો નાનકડો થેલો અને ભીતર ભરેલી વસ્તુની ગણત્રી પૂરી થવી મુશ્કેલ! તમે કહેશો કે આમાં શું શેર માર્યો! અરે એક નાનકડા મોબાઇલમાં હાથીનો ફોટો સમાઇ જાય છે કે નહીં? સાત દિવસનું પ્રવચન આવી શકે છે. પરંતુ મોબાઇલની તુલનામાં અહંકાર તો કેટલો વધારે નાનો છે. એક મોનોસેલ્માં અહંકાર હોય છે કે નથી હોતો? એ સેલ્માં જે અહંકાર હોય છે, એ અહંકાર બીજા કેટલાય બાયોલૉજિકલ્ સેલ્ને ઓળખવાનો પ્રયાસ નથી કરતો શું? એક સેલ્નો વિરોધી કોઇ બીજો સેલ્ આવી ગયો, તુરત પોતાના અહંકારથી એ સેલ્ બીજા સેલ્ને ઓળખી જાય કે આ મારે લાયક સેલ્ આવ્યો છે કે મારો વિરોધી સેલ્ આવ્યો છે! આટલા નાના સેલ્માં અહંકારની ફાઇલ્ કેટલી મોટી છે. કેટલી વાતો જાણી રહ્યો છે.

એક નાનકડા સેલ્ને કેટલી વાતોની ખબર છે : ‘‘મારે આંખમાં આંખનો સેલ્ બનવાનું છે. નાકમાં નાકનો સેલ્ બનવાનું છે. કાનમાં કાનનો સેલ્ બનવાનું છે’’ કેટલી ફાઇલ્ રાખે છે. કેટલો ઑર્ગનાઇઝ કરે છે

એક સેલ્ પોતે-પોતાને. આ ફાઈલોને ઑર્ગનાઈઝ કરવી હોય તો કેટલી જી.બી. અર્થાત્ ગિગા બાઈટ્સની જરૂરીયાત પડશે! નાનકડા અહંકારમાં કેટલી ગિગા બાઈટ્સ્ હશે કે જેને કારણે તે આટલી ફાઈલો ઑર્ગનાઈઝ કરી શકે છે. વિચારો કે જો આમાં ક્યારેક મિસ્-મૅનેજમેન્ટ્ થઈ જાય, અથવા આપણી અંદર કોઈ બીજો ટેરરિસ્ટ્ સેલ્ ઘુસી જાય, એવો કેન્સરસ્ કે એ બધું ઉથલ-પાથલ કરી દે. જેમ કહેવામાં આવે છે કે *"ચોર ચોરીથી જાય હેર-ફેરીથી ન જાય"* તો સ્ટેઈમ્ સેલ્માં જે કાંઈ ફાઈલો હોય તે કરપ્ટ્ થઈ જશે અને આંખમાથીં નાક ઉગવા લાગશે અને કાનમાંથી હાથ નીકળવા લાગી જાય તો શું હાલત થાય આ શરીરની! પ્રાણીઓની પ્રજાતિના વિકાસના સોપાનાન્તર આવું થતું હોય છે છતાં પણ કોઈ પ્રાણી વ્યક્તિમાં આવું મોટાભાગે નથી થતું.

એક નાનકડો સેલ્ પોતાના અહંકારથી કેટલું બધું એકાઉન્ટ્ મેઈન્ટેઈન્ કરે છે. આવા સેલ્ આપણા શરીરમાં કેટલા? અબજો ખરબો સેલ્સ્ છે. એ બધા સેલ્સ્ને એકદમ આપણી આત્મચેતનામાં અપ્રકટ અજ્ઞાતસત્તાક આપણા અહંકારનો એક પહેલુ મેઈન્ટેઈન્ કરે. તમને પોતાને ખબર પણ ન પડે કે આવું કાંઈક આપણી ભીતર મેઈન્ટેઈન્ થઈ રહ્યું છે. તમને એ પણ ખબર નથી કે તમારો અહંકાર મેઈન્ટેઈન્ કરી રહ્યો છે. આ તમારો પર્સનલ્ સેક્રેટરી કે એસિસ્ટન્ટ્ છે, જે દરેક વાત એવી કુશળતાથી, મેઈન્ટેઈન્ કરે છે. અદ્ભુત સામર્થ્ય છે અહંકારની! જે અધર્વાઈઝ પૉસિબલ્ ન હતી. આ આખા શરીરને તમે પોતાના અહંકારથી મેઈન્ટેઈન્ કરી રહ્યા છો વિધાઉટ્ નોઈન્ગ્ના કેટલા સેલ્ છે? કોને ખબર છે કે શરીરમાં કેટલા સેલ્ છે આપણા? એ બધા સેલ્ને મેઈન્ટેઈન્ કોણ કરી રહ્યું છે? એક અહંકાર. અને એટલું જ મેઈન્ટેઈન્ કરી રહ્યો છે, એવી વાત નથી. પોતાની અંદરની જ ખાલી પંચાયત કરતો હોય એવું નથી, બહારની પણ બધી પંચાયત કરતો રહે છે આપણો અહંકાર.

જુઓ એક મજેદાર વાત બતાવું : આ ટેબલ્ ટાઈમ્ અને સ્પેસ્માં

એગ્ઝિસ્ટ્ કરી રહ્યું છે, પરંતુ એમાં ટેબલ્નેસ્ છે, આ વાતને કોણ મેઈન્ટેઈન્ કરી રહ્યું છે? તમારી અહંકારની અનુભૂતિમાં દેખાય કે *"મને ટેબલ દેખાઈ રહ્યું છે"* આવી રીતના સંબંધથી ક્યારેય ટેબલ્નેસ્નો સાક્ષાત્કાર થયો હોય તો અને તેની ફાઈલ્ અહંકાર ટેબલ ઉપર રાખી દે તો તમને ખબર નહીં પડે કે આ ટેબલ છે. તમે કહેશો કે મને મારા હોવાના અર્થાત્ આત્મભાનમાં ટેબલ શું હોય છે આ સ્ફુરિત નથી થઈ રહ્યું. અહંકાર મેઈન્ટેઈન્ ન કરતો હોય અને કેવળ મેમરી મેઈન્ટેઈન્ કરતી હોય તો આવું સંભવ છે. જ્યારે તમને તમારા આત્મભાન, અર્થાત્ અહંકારમાં, ક્યારે ક્યાં અને કેવીરીતે ક્યારેય ટેબલની અનુભૂતિ થઈ તેની યાદ દેવડાવવામાં આવે તો તમારા અહંકારને યાદ આવતાં જ તમે ફટાક કહી દેશો *"હા! હવે યાદ આવ્યું કે અમુક જગ્યાએ અમુક દિવસે મેં એક આવું ટેબલ જોયું હતું"*. તમારા સંસ્કારમાં મેઈન્ટેઈન્ હોવા છતાં પણ અહંકારમાં જુની અનુભૂતિનું ઉભરવું કેટલું આવશ્યક છે!

જો ભૂલેચૂકે અહંકાર એમ કહી દે કે યાદ આવી રહ્યું છે પરંતુ મારે શું લેવા-દેવા? **"મિથિલાયાં પ્રદગ્ધાયાં ન મે દહ્યતિ કિંચન"** તો જે વાત યાદ પણ આવી ગઈ હોય તે તુરત જ ઈચ્છાપૂર્વક ભુલી પણ શકાય છે. આથી કોઈ હકીકત હોય કે કહાની હોય એ બધી વાતોને આપણો અહંકાર મેઈન્ટેઈન્ કરે છે. આ કેટલું અદ્ભુત સામર્થ્ય છે અહંકારનું.

આ દષ્ટિથી જ્યારે તમે વિચારશો તો આપણને લાગશે કે તે પરબ્રહ્મ કે મહાબ્રહ્મ હોય તો આપણો અહંકાર પણ એક અપર કે મિનિ બ્રહ્મ છે. કેમકે આ અહંકારમાં કેટલી-કેટલી વસ્તુઓ ઉત્પન્ન થાય છે, કેટલી-કેટલી વસ્તુઓ લીન થઈ જાય છે. આ તો બ્રહ્મનું લક્ષણ અહંકાર ઉપર પણ લાગુ થઈ ગયું કે નહીં? **"યતો વા ઈમાનિ ભૂતાની જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ, યત્ પ્રયન્તિ અભિસંવિસન્તિ, તદ્ વિજિજ્ઞાસ્વ તદ્ બ્રહ્મ"** લક્ષણના અનુસાર અહંકાર પણ એક એક મિનિ બ્રહ્મ જેવો અને સાથે-સાથે જ કેટલી નાનકડી ચિપ્સ્ છે. આપણા મનુષ્યના મસ્તિષ્કની વાત જવા દો, એક નાનકડા સેલ્માં પણ અહંકાર તો હોય છે

તો કેટલી ગજબની આની કૅપેસીટિ છે. ઈલાસ્ટિીસીટિ આની કેવી છે કે આવશ્યકતાના અનુસાર જોઈએ તેટલો ફૂલાયા પછી ફૂલેલો જ નથી રહી જતો. એટલો ને એટલો જ સંકોચાયેલો રહે છે અને કોણ જાણે શું-શું આપણી ભીતર ભરીને રાખે છે **‘‘અણોર્ અણીયાન્ મહતો મહીયાન્ આત્મા અસ્ય જન્તોઃ નિહિતો ગુહાયામ્’’** (કઠોપ.૨/૨૦) આ વચનમાં નિરૂપિત બ્રહ્મની જેમ અહંકાર પણ સિધ્ધ થાય કે નહીં? નાના-મોટા આપણા અહંકારના દરેક લેવલ્ ઉપર આ લાગુ થાય કે નહીં?

જો લાગુ થતું હોય તો આપણે આ પૂછી શકીએ કે જો ઉપાદાનભૂત અહંકારમાં આ ગુણ ન હોત તો આપણા ઉપાદેય અહંકારમાં આ ગુણ આવ્યા ક્યાંથી?

આપણે ના પાડી દઈએ કે અહંકાર ન કરો અને સમજો કે કોઈ કબૂલ કરી લે કે અહંકાર નહીં કરૂં તો પણ એક બીજો અહંકાર, અહંકાર ન કરવા માટે, કરવો પડે. આથી ઉપનિષદ્ જેમ બ્રહ્મના અહંકારની બાબતમાં કહે છે કે બ્રહ્મના અસ્તિત્વને અસ્વીકાર કરવાવાળાને પણ અસ્વીકાર કરવા માટે ફરીથી બ્રાહ્મિક અસ્તિત્વનો સહારો તો લેવો જ પડશે આથી બ્રહ્મના અસ્તિત્વને અમાન્ય કરવાવાળો બ્રહ્મને બદલે પોતાના જ અસ્તિત્વનો જ અસ્વીકાર કરે છે **‘‘અસન્નેવ સ ભવતિ અસદ્ બ્રહ્મ ઈતિ વેદ ચેત્’’** (તૈત્તિ.ઉપ.૨/૬). એવી જ રીતે અહંકાર ન હોય તો અહંકાર ન કરવાની વાત પણ કન્વે(વ્યક્ત કરવું) નહીં થઈ શકે. ‘‘અહંકાર ન કરો’’ કહેવા-સાંભળવાનો અધિકારી કોઈ અહંકાર કરવાવાળો જ હોઈ શકે છે. આથી અહંકાર તો પાછો આવી જ ગયો. તેથી જો ઈવિલ્ આ છે તો નેસેસરી ઈવિલ્ (દુષ્ટ/ખરાબ) છે. અને જો અહંકાર બ્રહ્મ છે તો મિનિ બ્રહ્મ છે.

બ્રહ્મથી કયા અર્થમાં અહંકાર કમ છે આ તત્ત્વને સમજો. કોઈ અર્થમાં અહંકાર ઓછો નથી. ત્યારે આપણી સામે એક સવાલ પેદા થાય છે કે શું આ અહંકાર આપણો આપણા સામર્થ્યથી છે? આપણે આ વાતને સારી રીતે જાણીએ છીએ. જ્યારે તમે બચપણમાં પેદા થયા,

શાસ્ત્રના હિસાબથી માઁના ગર્ભમાં પણ બાળકને અહંકાર હોય છે. તે વખતનો અહંકાર આજની તારીખમાં આપણને યાદ રહેવો મુશ્કેલ છે. કોઈ શુકદેવજી હોય તો યાદ રાખી શકે. બાકી આપણને યાદ નથી રહેતો. પરંતુ તમે તમારી સ્મૃતિમાં ભૂતકાળમાં યાત્રા કરો. ક્યાંથી તમને તમારો અહંકાર યાદ આવી રહ્યો છે, ત્યાંથી તમે યાદ કરીને વિચારો કે સૌથી પહેલાં તમને કઈ વાત યાદ આવી રહી છે? ત્યાંથી તમે તમારા અહંકારને વિચારો તો ત્યાંથી આજસુધીના તમારા અહંકારમાં કેટલી-કેટલી ઈન્ફૉર્મેશન્ સ્ટોર્ થઈ છે! ઉદાહરણરૂપમાં પહેલા તમને લાગતું હશે કે ''હું છું'' બસ બીજું કાંઈ નહીં. તેના પછી તમને લાગ્યું હશે કે નહીં આ મારા મમ્મી-પપ્પા છે તેથી ''હું આમનો બાળક છું'' નવી વાત તમારા અહંકારમાં જોડાઈ ગઈ કે નહીં? ઘરમાં ભાઈ-બહેન હશે તો અચાનક એ વાત પણ અહંકારમાં જોડાઈ જશે ''આ મારો ભાઈ છે હું આનો ભાઈ છું'' તો ભાઈ હોવાનો અહંકાર જોડાઈ ગયો. જેમ-જેમ મોટા થતાં જઈએ ''આ મારો દોસ્ત છે'', ''આ મારો ક્લાસમેટ્ છે'' કે ''આ મારો ટીચર્ છે'' એવી અનુભૂતિઓની સાથે આપણા અહંકારમાં એડિશનલ્ ફાઈલ્સ્ જોડાતી ચાલી જાય. એક કહેવત છે કે ''છેલ્લો તિનકા ઊંટકી કમર તોડ દે'' પરંતુ અહંકારની કમર ક્યારેય ન તુટે! ગમે તેટલો ભાર આની ઉપર નાખતા જાઓ બધો ભાર ઉપાડતો જ ચાલ્યો જાય આપણો અહંકાર. કેટલું ગજબનું તેનું ભાર ઉપાડવાનું સામર્થ્ય છે. કેટલા બધા નામના રૂપના કર્મોના ભારને ઉપાડવાનું આપણા અહંકારનું સામર્થ્ય છે. આ પ્રકારના એક અદ્ભુત સામર્થ્ય ઉપર આપણે ધ્યાન દઈએ તો કબૂલ કરવું પડે કે જો ઉપાદેયમાં આટલું છે તો ઉપાદાનમાં પણ કાંઈક ને કાંઈક જબરદસ્ત અહંકાર હોવો જોઈએ.

અને એવો કારણીભૂત અહંકાર જો ઉપાદાનમાં છે તો આપણા ઉપનિષદ્ની વાત શરૂ થઈ જાય. આપણા ઉપનિષદ્ આ બતાવીને ચાલે છે કે ઉપાદાનનો અહંકાર કેવો છે? ઉપનિષદોએ ઘણાં પહેલાં એક ગ્રાઉન્ડ્ યૂનિફિકેશન્ થિયરી બતાવી છે. હવે આ સ્ટિફેન્ હોકિન્ જેવા વૈજ્ઞાનિક ખૂબ કડાકુટ કરે છે ગ્રાઉન્ડ્ યૂનિફિકેશન્ થિયરીની. 'ગ્રાઉન્ડ્ યૂનિફિકેશન્

થિયરી'નો મતલબ જેટલા પણ ફોર્સિસ્ છે; હીટ્, લાઈટ્, સાઉંડ્, ઈલેક્ટ્રોમેગ્નેટિક્, ગ્રેવિટેશનલ્, ન્યૂક્લિઅર્સ્‌ના વીક્ અને સ્ટ્રૉન્ગ્ ફોર્સિસ્, એ બધા ફોર્સિસ્‌ને યુનિફાય્ કરીને; અર્થાત્ પાર્ટિકલ્સ્ અને ફિલ્ડ્સ્‌નો ફક્ત એક કન્સેપ્ટ્ પ્રસ્તુત કરવો. આખા બ્રહ્માંડમાં એક યૂનિફાઈડ્ થિયરી આપવાનો આ પ્રયાસ છે. અત્યાર સુધી એમની સામે કોઈ પરફેક્ટ્ સૉલ્યુશન્ નથી આવ્યું પરંતુ ઘણા સ્ટ્રોંગ્ હાઈપોથિસિસ્ લઈને તે લોકો ચાલી રહ્યા છે. આને એ લોકો 'ગટ્' કહે છે. તે 'ગટ્'ની થિયરી પોસ્ટ્-આઈન્સિટન્ ડૅવલપ્મૅન્ટ્ છે.

આપણા ઉપનિષદોએ ઘણાં પહેલાં એક ગ્રાઉન્ડ્ યૂનિફિકેશન્ થિયરી બતાવી છે. આ થિયરી ઉપર પણ આપણે ધ્યાન આપવું જોઈએ. ખરેખર ચમત્કાર લાગે કે શું દીર્ઘદષ્ટિ છે! શું આન્તરદષ્ટિ છે ઉપનિષદ્‌ની! ઉપનિષદે આપણને એક દષ્ટિ બતાવી :

> **"તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્. તદ્ અનુપ્રવિશ્ય સચ્ચ ત્યચ્ચ અભવત્, નિરૂક્તંચ અનિરૂક્તંચ, નિલયનંચ અનિલયનંચ, વિજ્ઞાનંચ અવિજ્ઞાનંચ, સત્યંચ ચાનૃતંચ સત્યમ્ અભવત્. યદ્ ઈદં કિંચ તત્ 'સત્યમ્' ઈતિ આચક્ષતે".** (તૈત્તિ.ઉપ.૨/૬)

આ ગ્રાન્ડ્ યૂનિફિકેશન્ થિયરી ઉપનિષદે આપણને બતાવી છે. દુનિયામાં જે કાંઈપણ તમને અવેલેબલ્ છે, જે પણ કાંઈ તમને દેખાઈ રહ્યું છે, **"તત્ સૃષ્ટ્વા"** તે એ ઉપાદાનમાંથી પ્રકટ થયું છે. **"તદેવ અનુપ્રાવિશત્"** એ ઉપાદાન જોવામાં આવતી સત્તા કે અસત્તા વગેરે બધા પ્રકારોમાં સ્વયંને પ્રકટ કરી રહ્યો છે અને પ્રવિષ્ટ પણ થયો છે. ફક્ત એણે પેદા જ નથી કર્યું. એ કેવલ ઉપાદાન જ નથી કર્તા પણ છે. કર્તા જ નથી પણ ઉપાદાન પણ છે.

ખાલી કર્તા જેમ કુંભાર ઘડાનો ખાલી કર્તા જ હોય છે ઉપાદાન નહીં. કુંભાર ઘડાને પેદા કરે પરંતુ ઘડામાં ઘુસી નથી શકતો. માટીમાંથી

ઘડો પેદા થઈ જાય પરંતુ માટી ઘડાને પેદા ન કરી શકે. એક યૂનિફિકેશન્ ઉપનિષદ્ કહે છે કે પેદા કરવાવાળો અને પેદા થવાવાળો પોતે જ છે. **''તદ્ આત્માનં સ્વયમ્ અકુરૂત્''** સૌથી પહેલો યૂનિફિકેશન્નો પ્રિન્સિપલ્ આ છે કે પેદા કરવાવાળો અને પેદા થનારી ચીજ બે નથી, ચીજ એકજ છે. ત્યારે સિચ્યુએશન્ શું થઈ રહી છે કે **''તદ્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્''** એણે એનું સૃજન કર્યું અને સર્જન કર્યા પછી પોતાનામાંથી પ્રકટેલી દરેક હકીકતમાં એ ભીતર પણ અવસ્થિત થઈ ગયો છે. એગ્ઝેક્ટ્લી એ રીતે કે જેમ કપડું દોરામાંથી પેદા થાય છે અને તે કપડાની ભીતર બધા દોરા મૌજૂદ હોય છે.

માટીમાંથી ઘડો પેદા થાય છે તે ઘડામાં માટી મોજૂદ હોય છે. સોનામાંથી ઘરેણાં પેદા થાય છે અને તે ઘરેણામાં સોનું હોય છે. આ બધા મૉડેલોની બાબતમાં તકલીફ એ છે કે તેનામાંથી પેદા થનારા ઉપાદેય ખુદ નથી પેદા કરતું એને પોતાના સિવાય બીજા કોઈ પેદા કરવાવાળાની જરૂર પડે છે. જ્યારે કે ઉપનિષદ્ કહે છે કે જગત્ જેમાંથી પેદા થયું છે તે ખુદજ જગત્ને પેદા કરવાવાળો પણ છે અને જગત્ના રૂપમાં પેદા પોતેજ થયો છે. **''તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્''** સ્વયંસૃષ્ટ કાર્યરૂપોમાં તે ઉપાદાન કારણના રૂપમાં પ્રવિષ્ટ એ કાર્યરૂપોની સ્થિતિના અન્તર્ભૂત સમ્પન્ન થતા ક્રિયાકલાપોમાં, યદ્યપિ બાહ્યરૂપોમાં લાગેકે વસ્તુ સ્વયં પોતાના સ્વભાવ કે તેના ઉપર પડેલા પ્રભાવને વશ એ પ્રકારથી અર્થક્રિયા કરી રહી છે, વસ્તુતઃ આન્તરિક રૂપોમાં તે-તે નામ-રૂપ-કર્મોનો કર્તા બ્રહ્મ અન્તર્યામી પરમેશ્વર હોવાના રૂપમાં  કાર્ય કરાવી રહ્યો છે. અર્થાત્ બ્રહ્મના જેવા કારણ-કાર્યરૂપોમાં પૂર્વોત્તરભાવ હોવા છતાં ઈતરેતરાત્મકતા છે તેવીજ રીતે સ્થિત-સ્થાપકરૂપોમાં પણ નિયમ્ય-નિયામકભાવ હોવા છતાં પણ ઈતરેતરાત્મકતા છે. કેમકે  જગત્નું ઉપાદાન પણ બ્રહ્મ છે અને તેનો કર્તા પણ એજ છે.

ઉપાદાન અને કર્તા બંને તે જ છે એમ ઉપનિષદ્માં કહેવાયું છે **''તદ્ અનુપ્રવિશ્ય સત્ ચ ત્યત્ ચ અભવત્''** જે તમને જોવામાં આવે કે

જે ન જોવામાં આવે તે બંને બ્રહ્મ છે. **''તદ્ અનુપ્રવિશ્ય... નિરૂક્તં ચ અનિરૂક્તં ચ અભવત્''** જેને તમે ડિફાઈન્ કરી શકો અથવા જેને તમે ડિફાઈન્ નથી કરી શકતા તે પણ બ્રહ્મ છે. **''તદ્ અનુપ્રવિશ્ય... નિલયનં ચ અનિલયનં ચ અભવત્''** જે વસ્તુનો તમને કોઈ આધાર જોવામાં આવી શકે છે અથવા જેનો તમને આધાર જોવામાં ન આવી શકતો હોય તે પણ બ્રહ્મ છે. **''તદ્ અનુપ્રવિશ્ય...વિજ્ઞાનં ચ અવિજ્ઞાનં ચ અભવત્''** તમારી ભીતર અન્ડર્સ્ટેન્ડિન્ગ્ ફૅકલ્ટી કે સામર્થ્ય છે અને નૉન-અન્ડર્સ્ટેન્ડિંગ્ની ફૅકલ્ટી કે ન સમજી શકવાનું સામર્થ્ય છે, તે પણ બધું **''સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ''** બન્યો છે. આપણી ભીતર જ્ઞાન અને અજ્ઞાન બંને રૂપોમાં એજ અવસ્થિત થઈ જાય છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો, આપણી ભીતર ભરેલું વિજ્ઞાન કે અવિજ્ઞાન પણ તે જ છે. અને છેવટમાં તો ઉપનિષદે આ લખીને તો કલમ જ તોડી નાખી છે **''તદ્ અનુપ્રવિશ્ય... સત્યં ચ અનૃતં ચ સત્યમ્ અભવત્''** ચાહે સાચું હોય કે જૂઠું હોય, હકીકત હોય કે કહાની હોય, બન્યો તો બધું જ કાંઈ એજ છે **''યદિદં કિંચ તત્ સત્યમ્ ઈતિ આચક્ષતે.''** એટલા માટે જૂઠ પણ પોતાના સ્વરૂપમાં સાચું જ છે અને સાચું તો સાચું છે જ. આ ગ્રાન્ડ્ યૂનિફિકેશન્ થિયરી આપણા ઉપનિષદોએ પ્રપોઝ કરી છે. સ્ટિફન્ હોકેન્ની 'ગટ્'ની મોર્ડન્ થિયરીથી આનો પૅરેલલિઝમ્ શોધી શકાય છે પરંતુ અત્યારે એ આપણો વિષય નથી.

અથવા ઉપનિષદ્ દ્વારા પ્રપોજ્ડ્ થિયરીના આધારે આપણે હવે એ જોવા જઈશું કે બ્રહ્મમાં અહંકાર શું છે? ઉપનિષદ્ બ્રહ્મના અહંકારને શું-કેવો ડિસ્ક્રિપ્શન્ આપે છે એ હું તમને બતાવીશ. કેમકે તમે આ વાત ધ્યાનમાં રાખશો તો બ્રહ્મનો અહંકાર તમને એપ્રિશિયેટ્ કરવા લાયક લાગશે, નહીંતર તો તમને લાગશે કે ''અરે આપણી જેમ પેલો બ્રહ્મ પણ અહંકારી છે. જાવા દ્યોની. આવ ભાઈ હરખા! આપણે બેઉ સરખા'' પરંતુ વસ્તુતઃ આવી વાત નથી. ગાલિબે એક વાત કહુ સરસ કહી છે :

**“સબ કહાં કુછ લાલા-ઓ-ગુલમેં નુમાયા હો ગઈ ।**
**ખાકમેં ક્યા સૂરતેં હોંગી જો પિન્હાં હો ગઈ ।।”**

સઘળું સૌંદર્ય જગત્‌માં ક્યાં પ્રકટ થઈ શકયું છે? કાંઈક ફૂલોમાં ક્યાંક-ક્યાંક એ સૌંદર્ય પ્રકટ થયું છે પરંતુ તમે એ તો ન વિચાર્યું કે આ ફૂલોમાં જે સૌંદર્ય પ્રકટ થયું છે તે માટીમાંથી પ્રકટ થયું છે. માટીમાં કોણ જાણે કેટલું સૌંદર્ય છૂપાયેલું હશે કે જે ફૂલોમાં કાંઈક-કાંઈક 'નુમાયા' એટલે કે પ્રકટ થઈ ગયું છે. “ખાકમેં ક્યા સૂરતેં હોંગી જો પિન્હાં હો ગઈ”. તો માટીમાં છૂપાયેલી બીજી પણ કોણ જાણે કેટલી-કેટલી સુંદરતા હશે જે આપણને દેખાતી નથી. થોડીક સુંદરતા આપણને ગુલાબના રૂપમાં કોઈ મોગરાના રૂપમાં કોઈ ડેલિયાના રૂપમાં કાંઈક નુમાયા થઈ શકી છે.

આ એન્ગલ્‌થી વિચારો તો બ્રહ્મના અહંકારનો પૉઈન્ટ્ ઑફ્ એપ્રિશિયેશન્ મળશે કે સઘળું બ્રાહ્મિક સામર્થ્ય જગત્‌માં ક્યાં પ્રકટ થઈ શક્યું કાંઈક-કાંઈક ક્યાંક અહંકાર જેવા પદાર્થોમાં થોડું-ઘણું પ્રકટ થઈ શક્યું છે. તો બ્રહ્મમાં કોણ જાણે કેટલી ખૂબસૂરત સામર્થ્ય હશે જે જગત્‌માં પિન્હાં=તિરોહિત જ છે. (કાંઈક જે બ્રાહ્મિક સામર્થ્ય આપણા અહંકાર જેવા તત્ત્વોમાં નુમાયા=)આવિર્ભૂત થઈ છે, તેને આપણે એન્યુમરેટ્(ગણત્રી) નથી કરી શકતા. ગામના અહંકારની વાત જવા દો તમે પોતે તમારા અહંકારને એન્યુમરેટ્ કરો કે તમારા ભીતર કઈ-કઈ જાતના અહંકાર છે. હું જેમ શરૂ કરૂં કે “હું શ્યામમનોહર છું”. અરે કાંઈ શ્યામમનોહર કહેવાથી બધો અહંકારનો એન્યુમરેટ્ થઈ જશે? “હું લક્ષ્મીનો પતિ છું” વધારે પાછો બીજો અહંકાર આવી ગયો. “ઢબુ-ટીકુનો પિતા છું” “ઉત્તમજીનો ભાઈ છું” “તમારી સામે પ્રવચન કરી રહ્યો છું” આવી રીતે ગણત્રી કરતા જઈએ તો અંત જ ન આવે. કેટલા ચહેરા છે મારા અહંકારમાં **“એકો અહં બહુ સ્યાં પ્રજાયેય”** ની જેમ કે એક હું અનેક થઈ જાઉં. તેના કેટલા સ્થાન છે મારા નાનકડા ક્ષુદ્ર અહંકારમાં , તો “ખાકમેં ક્યા સૂરતેં હોંગી જો પિન્હાં હો ગઈ” એ બ્રહ્મના અહંકારમાં કોણ જાણે કેટલા કેટલા રૂપો હશે જે હજુ સુધી

આપણે જાણી પણ નથી શક્યા. ગણત્રી કરો તો અંતહીન ગણત્રી થઈ જાય.

તમારી ગુજરાતી ભાષામાં પહેલાં એક કવિતા બાળકો બોલતા હતા *"ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં તોય મારી છાબડીમાં માય"* અહંકારની છાબડીમાં ગણવા જાઓ તો ગણી ન શકાય વીણવા જાઓ તો વીણી ન શકાય તોય મારી 'અહંકાર'ની છાબડીમાં સમાઈ જાય. કેવી જાતની છાબડી છે આ એ તો વિચારો તમે ક્યારેક. અને આપણી આ ઉપાદેય છાબડી એવી છે તો ઉપાદાનરૂપ બ્રહ્મની છાબડી કેવી હશે! બધા ત્યાગી-વૈરાગી લોકો ધોકા લઈને ધોબીની જેમ અહંકારને ધોતા રહ્યા છે. આપણને લાગે કે અરેરે... અહંકાર કેટલી ગંદી વાત છે. વસ્તુતઃ પરંતુ આવી છીછી કરવાની વાત નથી. દૃષ્ટિ હોવી જોઈએ, તો તમને પોતાના અહંકારને સમજવાની સિફત આવશે. પરંતુ એક દૃષ્ટિ નથી તો દરેક વખતે છીછી છે કેમકે **"સત્યં ચ અનૃતં ચ સત્યમ્ અભવત્"**.

અહંકારની થોડીક કહાની ખોટી છે તો અહંકારની થોડીક હકીકત સાચી પણ છે. આપણા નાનકડા ઉપાદેય અહંકારમાં, આપણા અહંકારની કહાની અને આપણા અહંકારની હકીકતમાં કેટલી પેચીદગીઓ છે. તો ઉપાદાન અહંકારની તો ચર્ચા જ શું કરી શકીએ! ઉપનિષદ્ સમજવા માટે તમને એક જમ્પિંગ્ પેડ્ મળશે નહીંતર તો કન્સેપ્ટ્ની કાંઈક ડિફિકલ્ટી છે જ. શ્રોતા હોવાનો અહંકાર કાયમ રાખો તો છોડી ન દેતા તો વાત સમજમાં આવશે! (**ચાર્ટ ૨**)

## ચાર્ટ–૨

# અહંકાર

- **ઉપાદાન** ↓ **શુદ્ધ** ↓ **કર્તા** ↓ **બ્રહ્મ** ↓ **પરમાત્મા** ↓ **ભગવાન્** ↓ **કૃષ્ણ** ↓ **ઠાકોરજી**
- **ઉપાદેય મિશ્રિત**

ચાર્ટમાં જુઓ કે આ કર્તા છે. આ કર્તાને આપણે બ્રહ્મના બરાબર માની લઈએ. બ્રહ્મના પછી આપણે ત્યાં ઑર્ડરવાઈઝ પરમાત્મા ભગવાન અને કૃષ્ણ આવે છે. કેમકે આપણે કૃષ્ણના ભક્ત છીએ અને ખાલી કૃષ્ણના ભક્ત નથી, અપિતુ સમર્પણની પ્રક્રિયા દ્વારા નિજગૃહમાં નિજતનુવિત્તના વિનિયોગ દ્વારા તથા પારિવારિક નિજજનના સહયોગપૂર્વક હૃદયમાં વ્રજલીલાની ભાવ–ભાવનાના રહસ્યને છૂપાવીને આપણા ઘરના ઠાકુરના સેવક પણ મહાપ્રભુના ઉપદેશના અનુસાર છીએ. વસ્તુતઃ આ જ સંદર્ભમાં **‘‘અમે એવારે’’** ગાઈએ છીએ તો ત્યાં સુધી પણ આપણે આ અહંકાર લઈ જવો પડશે. ત્યારે જ તો બધી વાતની મજા આવશે.

### (બ્રાહ્મિક અહંકાર)

બ્રહ્મનો અહંકાર ઉપનિષદ્ સમજાવે છે પરંતુ પરમાત્માનો અહંકાર

શોધવો હોય તો થોડીક ઉંડી ડુબકીઓ લગાવવી પડે અને એટલા સ્પષ્ટ શબ્દોમાં નહીં મળે પરંતુ મહાપ્રભુજીએ એટલા માટે જ આપણને બહુજ સુંદર માર્ગદર્શન આપ્યું છે કે **'બ્રહ્મ' ઈતિ 'પરમાત્મા' ઈતિ 'ભગવાન્' ઈતિ શબ્દ્યતે ત્રિતયે ત્રિતયં વાચ્યં ક્રમેણૈવ મયા અત્ર હિ''** (ત.દી.નિ.૧/૬) ઉપનિષદ્‌માં જે તત્ત્વ બ્રહ્મ તરીકે વર્ણિત છે એ તત્ત્વ ગીતામાં પરમાત્મા તરીકે વર્ણિત છે, એ તત્ત્વ ભાગવતમાં ભગવાન્ તરીકે વર્ણિત છે. તત્ત્વતઃ તો તે એકજ છે પરંતુ તેના અલગ-અલગ ત્રણ પહેલુ ઉપનિષદ્ ભગવદ્‌ગીતા અને ભાગવત આ ત્રણે શાસ્ત્રોમાં નિરૂપિત થયા છે. આથી આમના અહંકારના પણ અલગ-અલગ પહેલુઓને શોધવા-પારખવા હોય તો આમાંજ ક્રમશઃ ડૂબકી લગાવવી પડશે. ભગવાનનો અહંકાર આપણને ભાગવતમાં મળશે પરંતુ કૃષ્ણનો અહંકાર આખા ભાગવતથી નહીં પરંતુ દશમસ્કન્ધ અને ખાસ કરીને એમાં પણ તામસપ્રકરણમાં જે વ્રજની લીલા નિરૂપિત થઈ છે ત્યાંથી મળશે. કેમકે **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ''** (ચતુશ્લોકી.૧) આપણને મહાપ્રભુજીએ સમજાવ્યું છે અથવા 'ત્રિવિધનામાવલી' ગ્રંથના અનુસાર વિચારીએ તો ત્રણે અહંકારમાં પણ આપણે લઈ શકીએ. કૃષ્ણના ત્રણેય પ્રકારના અહંકાર પણ આપણે લઈ શકીએ. કૃષ્ણના ત્રણેય પ્રકારના અહંકાર : આપણે આપણા પૅરામીટરથી માપવા હોય તો એને ભલે 'તામસ' 'રાજસ' અને 'સાત્ત્વિક' કહી દો, જે પણ પ્રકારથી કહેવું હોય. સાથે સાથે જ આપણા ઘરના ઠાકોરજીનો પણ અહંકાર ન વિચારીએ તો આપણાથી મોટો નાલાયક કોણ કે આપણે આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીના અહંકારની પરવા જ ન કરી! આથી ઉપાદાનરૂપ આ બધા અહંકારોને પણ જોવા પડશે. કેમકે આ તો બધા મૂળ તત્ત્વરૂપ અહંકાર છે. આથી આપણે આ ઓર્ડર્‌ના અનુસાર ચર્ચા કરી રહ્યા છીએ.

આમાં જોવા લાયક વાત એ છે કે ઉપનિષદ્ બ્રહ્મના અહંકારનું વર્ણન કેટલું સુંદર કરે છે! ઉપનિષદ્ કહે છે **'' આત્મૈવ ઈદમ્ અગ્રે આસીત્ પુરૂષવિધઃ''** (બૃહ.ઉપ.૧/૪/૧). આપણે એમ વિચારતા

હોઈએ કે પહેલાં કાંઈજ નહોતું તો ઉપનિષદ્ પોતેજ આ વાતનું નિરાકરણ કરે છે કે **"તદ્ધ એકે આહુઃ અસદેવ ઈદમ્ અગ્રે આસીદ્... કુતસ્તુ ખલુ એવં સ્યાત્ કથમ્ અસતઃ સદ્ જાયેત?"** (છાન્દો.ઉપ.૬/૨/૧-૨) આમ આપણને લાગી શકે કે પહેલા કાંઈપણ ન હતું પરંતુ જો કાંઈપણ ન હતું તો તેમાંથી કાંઈક થઈ કેવીરીતે શકે અથવા કાંઈક થયું કેવી રીતે? જ્યારે કાંઈક થવા માટે કાંઈક હોવું જોઈએ તો ઉપનિષદ્ કહે છે **"આત્મૈવ ઈદમ્ અગ્ર આસીત્ પુરૂષવિધઃ"** ઉપનિષદ્ બ્રહ્મને 'આત્મા' કહી રહયું છે. ઉપનિષદ્ કહે છે કે આત્મા પહેલાં હતો પરંતુ કેવો હતો? પુરૂષવિધ આત્મા હતો. આનો મતલબ શું?

બાઈબલમાં દરેક વખતે ગૉડ્ને 'હી' (He) કહેવામાં આવ્યું છે તે યુરોપના ફૅમીનિસ્ટોને ખરાબ લાગે છે. એમણે કહ્યું કે આ મેઈલ્શાવૉનિઝમ્ છે કે ગૉડ્ને મેઈલ્ માનવા. હવે શું કરવું? શું ગૉડ્ને 'શી' (She) કહેવું, તો મેઈલ્સ્ને ખરાબ લાગશે ગૉડ્ને ફીમેઈલ્ માનવા લાગ્યા તો. ગભરાઈને ગૉડ્ને 'ઈટ્' કહો. પરંતુ આદમને તેની ઈમેજ્ના અનુસાર ઘડ્યો હોવાની જે માઈથોલોજિ તેની વ્યાખ્યા કઠિન થઈ જશે. ગૉડ્ની સાથે આ મોટી પ્રોબ્લેમ્ છે. આપણામાં ક્યાં જઘડા નથી ચાલતા મેઈલ્ ફીમેઈલ્ના આપસમાં ટકરાતા અહંકારોના!

આજેજ છાપામાં વાંચ્યું કે પતિ-પત્નીનો કાંઈક ઝઘડો ચાલી રહ્યો હતો. તો પત્ની સલાહ લેવા ગઈ કે મારો પતિ કાંઈ સમજતો નથી કોઈ વાત માનતો નથી તો કેવી રીતે સુધારવો? તો સાયકૅટ્રિસ્ટે કહ્યું *"એક કામ કરો પતિ સુધરે કે ન સુધરે તમે સુધરી જાઓ"* તો એણે કહ્યું *"હું તો સુધરેલીજ છું"* તેણે કહ્યું *"તમારી સમજણમાં જ કાંઈક ગરબડ છે"* એણે પૂછ્યું *"મારા વિચારોમાં શું ખરાબી છે બતાવો! મેં તમને મારી બધી કથા બતાવી દીધી"* સાયકૅટ્રિસ્ટે કહ્યું *"તમારી સમજણમાં સૌથી વધારે તકલીફ દેનારી વાત એ છે કે તમે વ્યર્થમાં અહંકાર પેદા કરી લીધો કે તમારે પતિને સુધારવો છે. આ અહંકાર કાઢી નાખો. પતિ સુધરી જશે"* પતિ કે પત્નીમાં જ્યા સુધી આ અહંકાર સ્થિર રહે કે મારે પતિ કે પત્નીને

સુધારવા છે ત્યાં સુધી બંનેમાંથી કોઈ સુધરી ન શકે. આ અહંકાર કાઢી નાખો કાલે બધુંજ કાંઈ સુધરી જશે. આ બધા અહંકારના ઝઘડા છે કે કોઈને સુધારવા છે. આપણી ભીતર આ તરીકેનો અહંકાર કામ કરતો હોય છે. બધામાં જ ગુરૂ-શિષ્યમાં પણ આવોજ અહંકાર હોય છે.

સમજવાની વાત આમાં એ છે કે આપણો અહંકાર બ્રહ્મના અહંકારનો પ્રોડકટ્ અર્થાત્ ઉપાદેય અહંકાર છે. અને ઉપાદાન અહંકાર બ્રહ્મનો છે, તેમાં 'પુરૂષવિધ'નો મતલબ પુરૂષ નથી, તેમાં તે બધી પોટેન્શિયાલિટીઝ છે. 'પુરૂષ' પદનો મતલબ આજે આપણે મેઈલ્ સમજીએ છીએ. સંસ્કૃતભાષામાં મતલબ મેઈલ્ નથી. તેનો મતલબ છે **"'પુરિ શેતે' ઈતિ 'પુરૂષઃ' "** કોઈ પુરમાં જે શયન=અવસ્થાન કરતો હોય તે પુરૂષ છે. આટલા માટે આપણા દેશની એક ખાસિયત જૂઓ કે આપણને ક્યારેય પ્રૉબ્લેમ્ નથી થઈ કે ભગવાન્ મેઈલ્ છે કે ફીમેઈલ્ છે? આ ઝઘડો તો ક્રિશ્ચિયન્ અને મુસલમાનોને કારણે આપણે ત્યાં પણ ઘુસી ગયો. ભગવાન તો બધુંજ કાંઈ છે **"ત્વં કુમાર ઉત વા કુમારી!"**.(ઋક્સં)

તે તો બધુંજ કાંઈ છે. નર પણ છે નારી પણ મનુષ્ય પણ પશુપક્ષી વગેરે અમનુષ્ય પણ જડ પણ ચેતન પણ. અને એક જ રૂપમાં એને બાંધવા જાઓ તો કાંઈ પણ નથી. **"ન સ્ત્રી ન પંડો ન પુમાન્ ન જન્તુઃ ન અયં ગુણઃ કર્મ ન સન્ નચ અસન્"**. (ભાગ.પુરા.૮/૩/૨૪) આ એંગલથી જુઓ તો કાંઈ પણ નથી અને એમ તો બધુંજ કાંઈ તે જ છે. આટલા માટે આપણે ત્યાં ઝઘડા નથી થયા. **"ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ"** માઁ પણ તું છે તો પિતા પણ તું છે. **"ત્વમેવ બંધુઃ ચ સખા ત્વમેવ"** આપણે ત્યાં તો બધું જ કાંઈ જ્યારે પરમાત્માને માન્યો છે, તેથી તેમાં ઝઘડા ન થયા કે તે 'હી' છે કે 'શી' છે કે ન 'હી' છે ન 'શી' છે. એવી પણ કેવી ખેંચાતાણી કે ખીંચ પકડ મુજે જોર આતા હે! અરે બધું જ કાંઈ તે જ છે! તો પુરૂષવિધનો મતલબ લૌકિક નરના જેવો પુરૂષ નહીં. 'પુરૂષવિધ'નો મતલબ છે જે **"પુરિ શેતે ઈતિ પુરૂષઃ"**. એ અર્થમાં તે પુરૂષ છે.

અને આવી આ પુરૂષવિધ આત્માએ જ્યારે ઈન્ટ્રોસ્પૅક્શન્ કર્યું, એમ ઉપનિષદ્ કહે છે, **“સો અનુવિક્ષ્ય ન અન્યદ્ આત્મનઃ અપશ્યત્”** (બૃહ.ઉપ.૧/૪/૧) ત્યારે તેને પોતાના સિવાય કાંઇ દેખાયું જ નહીં. તેથી સૌથી પહેલાં તેને એમ લાગ્યું કે “હું છું” **“સો ‘અહમ્ અસ્મિ’ ઇતિ અગ્રે વ્યાહરત્”** (બૃહ.ઉપ.૧/૪/૧) આ પહેલો અહંકાર છે. એણે સૌથી પહેલાં પોતાની ખુદની સેલ્ફ્-અવૅરનેસ્ ડૅવલપ્ કરી. ઉપનિષદ્ આના પછી બહુજ એક સરસ વાત કહે છે કે આટલા માટે બધા નામોને પોતાના ગર્ભમાં ધારણ કરનારા બ્રહ્મમાંથી પહેલું નામ ‘અહં’ પ્રકટ થયું. આ ફક્ત બ્રહ્મમાં જ લાગુ થનારી વાત નથી. ગર્ભમાં જ્યારે તમે હતા ત્યારે પણ તમને ખુદનો અહંકાર તો હતો જ. બહાર આવ્યા પછી નામકરણ સંસ્કાર થયા, એ નામકરણ સંસ્કારના કારણે આપણા બધા નામ પ્રચલિત થાય છે. આપણી ચેતનામાં આવા ધરવામાં આવેલા નામોને સૌથી પહેલાં આપણે આપણા ‘અહમ્’ નામની સાથે જોડીએ ત્યારે ધરવામાં આવેલા મન્નુ પુન્નુ ચુન્નુ વગેરે નામોને આપણે આપણું નામ માની શકીએ છીએ. ‘અહં’ નામના પર્યાયના રૂપમાં આવા ધરેલા નામ જોડાઇ ન શકતા હોય તો તે આપણને આપણું નામ નહીં લાગે.

ઉપનિષદ્ આ વાત સમજાવી રહ્યું છે કે બ્રહ્મમાં પણ સ્વયંની આત્મચેતનાના સિવાય તે વખતે પણ કોઈ વિકલ્પ સ્ફુરિત ન થયો **“ન અન્યદ્ આત્મનો અપશ્યત્”** (બૃહ.ઉપ.૧/૪/૧). એટલા માટે અહંનો કોઈ પ્લુરલ્ કે બહુવચન થઇ નથી શકતું, આ વાત તો મેં શરૂઆતમાં જ સમજાવી દીધી છે. ‘અહં’નો ડ્યુએલ્ કેસ્ કે દ્વિવચન પણ નથી થતું. આથી એકમેવ અદ્વિતીય બ્રહ્મ ‘અહં’નામા બની ગયો. આ બ્રાહ્મિક અહંનું વર્ણન છે! આ અહં ઉપાદાનાત્મક અહં છે.

આપણો અહં પણ આ મૉડેલ્ને જ અનુસરવાવાળો ઉપાદેય અહં છે. ઉપનિષદ્ શું-કેવીરીતે કહે છે જુઓ **“તસ્માદપિ એતર્હિ આમન્ત્રિતો ‘અહમ્ અયમ્’ ઇત્યેવ અગ્રે ઉક્ત્વા અથ અન્યદ્ નામ પ્રબ્રૂતે યદ્ અસ્ય ભવતિ”** (બૃહ.ઉપ.૧/૪/૧). કોઇ બોલાવતો હોય કે

*“અરે કોઈ છે કે?”* તો આપણે શું કહેશું? *“હા હું છું!”* પહેલાં ‘હું છું’ બોલશો તેના પછી બોલશો કે “શ્યામ છું” કે “ધર્મેન્દ્ર છું” કે આ છું કે તે છું. આ બધી વાતો પછી આવશે. જે વખતે આપણે સુવા જઈએ ત્યારે ઘણીબધી સ્ટેજિસ્ ક્રમશઃ આવતી હોય છે : તન્દ્રા, સ્વપ્ન, બંનેના વચ્ચે આવતી નિદ્રા અને ગાઢ નિદ્રા. આમાં ગાઢનિદ્રાના સમયે આપણો અહં અને વિકલ્પભૂત બધા નામ ખોવાઈ જતા હોય છે. ગાઢનિદ્રામાં આપણને આપણો અહં પણ અનુભૂત નથી થતો. પરંતુ તન્દ્રા અને સ્વપ્નની વચ્ચે આવતી નિદ્રામાં ખુદનો અહં ક્યારેક ભાસિત તો ક્યારેક અનવભાસિત થતો રહે. આપણા અહંની પૂર્ણ અનુભૂતિ તો સ્વપ્નાવસ્થા તન્દ્રાવસ્થા અને જાગ્રદાવસ્થામાં પાછી આવતી હોય. તન્દ્રામાં તો સૌથી પહેલાં આપણને આપણો અહં જ સ્ફુરિત થતો હોય છે, તેના પછી આપણને અન્ય બધા નામ સ્ફુરે.

એગ્જેક્ટ્ આવું જ સ્વરૂપ બ્રહ્મના અહંનું પણ નિરૂપિત થયું છે. ત્યાં પણ ‘અહં’ નામ સૌથી પહેલું સ્ફુરિત થયું. આટલા માટે ઉપનિષદ્ કહે કે જે ‘અહં’ નામની પ્રાથમિકતાને સમજી શકે તે પોતાના બધા પાપ બાળી નાખતો હોય છે. ઘણા લોકો અહંને ગાળો આપતા રહે પરંતુ આપણા ઉપનિષદ્‌માં આ દમખમ છે કે તે અહંને આટલો ગ્લોરિફાય્ પણ કરી શકે છે કે ‘આ અહંની પ્રાથમિકતાને જે સમજી શકે તેના બધા પાપ બળી જાય છે”. તો પછી આપણે આ પણ વિચારવું પડશે કે **“અહંકારં ન કુર્વીત”** કયા અર્થમાં મહાપ્રભુજી કહેવા માગી રહ્યા છે? તો તેતો પ્રસંગ આવશે ત્યારે બતાવીશ જ. અત્યારે તો આપણે ઉપાદાન કર્તાની વાત કરી રહ્યા છીએ.

દરેક વ્યક્તિની ભીતર અહં હોય જ છે અને તે પોતાની ‘અહં’ નામની પ્રાથમિકતા અને પ્રધાનતા પણ સમજી જ શકે છે. પરંતુ જ્યારે સાચી રીતથી સમજી શકે ત્યારે જ તેના બધા પાપ નષ્ટ થઈ શકે. ધરેલા નામોને ધરેલા જાણતા હોવા છતાં પણ આપણે ‘અહં’ નામની પ્રાથમિકતા અને પ્રધાનતાને ભૂલીને બીજા નામોની સાથે બળજબરીથી

કૉમ્પ્રોમાઈજ્ કરી લઈને, 'અહં' નામને બાધિત કરતા હોઈએ છીએ. પછી તો પાછળથી ધરેલા નામોનો પક્ષ લઈને આપણા અહં સાથે કોમ્પ્રોમાઈઝ કરી લેવાથી તો બધા પાપ શક્ય થઈ જાય. આ વાત બ્રહ્મના અહંનું નિરૂપણ કરતી વખતે ઉપનિષદ્ સમજાવવા માગે છે. સાથે સાથે જ ઉપનિષદ્ આ પણ ખુલાસો આપી દે છે કે તમારો ઉપાદેય 'અહં' નામ કે મૌલિક સર્વોપાદાનરૂપ 'અહં' નામની જે ચેતના કે આત્માવભાસન છે તેની સાથે શેઅર્ કરવાના કારણે જ તમે અનુભવ કરી શકો છો **"એતહર્યપિ આમન્ત્રિતો 'અહમ્ અયમ્' ઈત્યેવ અગ્રે ઉક્ત્વા અથ અન્યદ્ નામ પ્રબ્રૂતે યદ્ અસ્ય ભવતિ"** (ત્યાંજ) તેથી જેમ તમે તમારા 'અહં' નામની અનુભૂતિમાં આદ્ય પુરૂષના અહંની અનુભૂતિને શેઅર્ કરો તેવી જ રીતે 'બ્રહ્મ' નામને પણ શેઅર્ કરવાનું શરૂ કરશો તો તમારી આહંકારિક ચેતનામાં જ બ્રાહ્મિક આયામ પણ પ્રકટ થઈ શકે છે **"તદ્ આત્માનમેવ અવેદ 'અહં બ્રહ્મ અસ્મિ' ઈતિ તસ્માત્ તત્ સર્વમ્ અભવત્"** (બૃહ.ઉપ.૧/૪/૧૦) આટલા માટે મહાપ્રભુજી પણ કહે છે **"આનન્દાંશાભિવ્યક્તૌ તુ તત્ર બ્રહ્માંડકોટયઃ પ્રતીયેરન્ પરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત્"** (ત.દી.નિ.૧/૫૪) આમ આપણો જ 'અહં' નામ પણ તેની વિરૂદ્ધધર્માશ્રયી બ્રાહ્મિક પરિપૂર્ણતામાં ખિલી ઉઠે.

## (પારમાત્મિક અહંકાર)

બીજો ફૅસેટ્ પરમાત્માનો બતાવ્યો. આ પરમાત્માના અહંનું નિરૂપણ ઉપનિષદ્ના **"તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્"** (તૈત્તિ.ઉપ.૨/૬) વચનમાં મળે છે. કેમકે બ્રહ્મમાંથી જગત્ પેદા થયું. હવે આ કહાની બ્રહ્મે જગત્ પેદા કર્યું એટલી નાની નથી. બ્રહ્મ એક હકીકત છે પરંતુ તેની કહાનીમાં આ પણ વાત આવે છે. બ્રહ્મમાંથી પેદા થયેલા જગત્માં પ્રવિષ્ટ થઈને ભીતર મોજૂદ છે, એબ્સેન્ટ્ કે તિરોહિત નથી, કુંભારની જેમ. કુંભાર તેના બનાવેલા ઘડામાં એબ્સેન્ટ્ હોય એમ બ્રહ્મ એબ્સેન્ટ્ નથી. એ ભીતર પ્રેજેન્ટ્ કે આવિર્ભૂત છે. જેમ માટી પ્રેજેન્ટ્ છે. જેમ દોરો કપડામાં પ્રેજેન્ટ્ છે. જેમ સોનું ઘરેણાંમાં પ્રેજેન્ટ્ છે. એ

પ્રકારથી બ્રહ્મ પ્રેજેન્ટ્ છે, પોતાના કાર્યરૂપ ઉપાદેયમાં. તેની સક્રિય ઉપસ્થિતિ અર્થાત્ એક્ટિવ્ પ્રેજેન્સ્‌ને આપણે 'પરમાત્મા' કહીએ છીએ. એમ આપણા અહંને તે ખુદ કેવી રીતે બતાવે તે ગીતાના અનુસાર જોઈએ : બહુજ ખૂબસૂરત લાઈન્ છે :

**''યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।**
**તસ્ય અહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ।।''**

(ભગ.ગીતા.૬/૩૦)

કેટલી સરસ વાત કહી છે કે **''યો માં સર્વત્ર પશ્યતિ''** જે મને સર્વત્ર **અવસ્થિત** પ્રેજેન્ટ્ છું એમ જોઈ શકતો હોય, જે મને સર્વત્ર વ્યાપ્ત ઓમ્નિપ્રેજેન્ટ્ સમજી શકતો હોય, દરેક નામમાં દરેક રૂપમાં દરેક કર્મમાં હું પ્રેજેન્ટ્ છું એમ જે સમજે છે. અને **''સર્વં ચ મયિ પશ્યતિ''** બધું જ કાંઈ મારી ભીતર છે એમ સમજે છે. તેને લાભ શું થશે તે ગીતા કહી રહી છે **''તસ્ય અહં ન પ્રણશ્યામિ''** અર્થાત્ તેના માટે હું, અર્થાત્ મારો અહં, ક્યારેય ખતમ નહીં થાઉં, મારો પારમાત્મિક અહં તેના માટે હંમેશા મોજૂદ રહેશે. જે મને સર્વત્ર જોઈ રહ્યો હોય, તેના અહંના કૉરસ્પોન્ડિંગ્ તેને મારો અહં દરેક વખતે રૅઝોનન્સ્=પ્રતિધ્વનીના રૂપમાં સંભળાશે. એ ખુદની એમ.આર.આઈ. કરાવતો હોય તો તેના અહંમાં મારા અહંનો રૅઝોનન્સ્ મળશે. એમ.આર.આઈ. આપણે આપણી કરીએ વધુ ને વધુ રૅઝોનન્સ્ તેના અહંનો આવશે હોં **''તસ્ય અહં ન પ્રણશ્યામિ''** અને ભગવાન આ પણ વાત કહી રહ્યા છે **''સ ચ મે ન પ્રણશ્યતિ''** તેના અહંને તેના 'હું'ને પરમાત્મા પણ ખતમ કરવા નહીં માગે. જુઓ કેટલી મોટી વાત કહી દીધી, બંનેના અહંનો કમ્પાઉન્ડ્ થઈ ગયો! તે મારા અહંને ક્યારેય ખતમ નહીં કરે અને હું તેના અહંને ક્યારેય ખતમ નહીં કરૂં. અમારા બંનેના અહંકાર એક-બીજાની સાથે કમ્પાઉન્ડ્ થઈને અનુભૂતિગોચર થશે. હવે સામાન્ય અહંની વાત નથી રહી ગઈ. **''યો માં પશ્યતિ સર્વત્ર''** શરત નભે તો આ વાત બને! **''સર્વં ચ મયિ પશ્યતિ''** બધું જ કાંઈ મારામાં જોવાવાળો ખુદને પણ પરમાત્માના અવિનાશી

અહંના અંશ તરીકે જુએ ત્યારે ખુદની પણ અવિનાશિતા દેખાવા લાગશે આથી કહ્યું છે કે **''સ ચ મે ન પ્રણશ્યતિ''** ભગવાન કહી રહ્યા છે કે તેનો અહં ક્યારેય ખતમ નહીં થાય. તેના રિલેશન્‌માં હું ક્યારેય ખતમ નહીં થાઉં. અને મારા રિલેશન્‌માં તે ક્યારેય ખતમ નહીં થાય.

આ પ્રકારથી પ્રત્યેક એગ્ઝિસ્ટેન્ટ્ કે સબસિસ્ટેન્ટ્ ફિનોમિનામાં જે ભગવાનના યુનીક્ બિઈન્ગ્‌ને રિઅલાઈઝ કરતો હોય તે ખતમ નથી થતો :

**સર્વભૂતસ્થિતં યો માં ભજતિ એકત્વમ્ આસ્થિતઃ ।**
**સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ।।**

(ભગ.ગીતા.૬/૩૧)

તે સર્વથા બન્યો રહે અને તેનો એગ્ઝિસ્ટેન્સ્ મારા બિઈન્ગ્‌થી ક્યારેય કૉન્ટ્રાડિક્શન્‌માં જઈ ન શકે. કેમકે મારો બિઈન્ગ્ તેનો એગ્ઝિસ્ટેન્સ્ છે અને તેનો એગ્ઝિસ્ટેન્સ્ મારો બિઈન્ગ્ છે. આ વાત ભગવાન કહી રહ્યા છે. કાલની મારી વાત યાદ રાખશો તો આ વાતની ગંભીરતા સમજાશે કે આ એગ્ઝિસ્ટેન્સ્ શું-કેવો છે. જે ટાઈમ્ અને સ્પેસ્‌ના ચોકઠામાં હોય તેનો એગ્ઝિસ્ટેન્સ્ હોય અને જે આ ચોકઠાની બહાર હોય અર્થાત્ દેશ અને કાલમાં એગ્ઝિસ્ટેન્સ્ છે તે ભૂત છે. ભગવાન ભૂત નથી હોં! ભૂતભાવન છે. ભગવાનનું નામ 'ભૂતભાવન' છે. ભૂતનું ભાવન કરવાવાળો. જે પણ ભૂત છે તે કોઈ ને કોઈ દેશમાં કે કાલમાં હોય છે પરંતુ એ ભૂતોનું ભાવન કે ભાવક હોય તેમાં કોઈ પ્રકારનું કૉન્ટ્રાડિક્શન્ નથી રહી જતું. **''સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે''** આ પ્રકારનો ભગવાનનો અહં છે. આ ભગવાનનો અહં કોઈની સાથે કૉન્ટ્રાડિક્શન્‌માં નથી જતો, આ ભગવાનના અહંને કોઈ કૉન્ટ્રાડિક્શન્ કરી નથી શકતું. કોઈ સાયન્સનો કે સાયન્ટિસ્ટનો બાપ આવી જાય તો પણ આ અહંને કૉન્ટ્રાડિક્શન્ નથી કરી શકતો. કેમકે સર્વભૂતમાં સેલ્ફ્-અવૅરનેસ્ છે. હવે તમને ખ્યાલમાં આવશે કે સર્વભૂતમાં સેલ્ફ્-અવૅરનેસ્‌નું મૂળ ક્યાં છે?

જેમ ટેબલમાં સેલ્ફ્-અવૅરનેસ્ નથી. પરંતુ એક વાત ન ભૂલતાં કે ટેબલ જે પ્રકારથી, જડ મેટર્માંથી ઈવોલ્વ્ થયું છે તે પ્રકારની મેટર્માં, સ્ટેમલેસ્ની જેમ ટેબલ ઈવોલ્વ્ હોવાનું કોઈ સૂત્ર હતું કે નહીં? જો ન હતું તો ટેબલ ઈવોલ્વ્ થઈ ન શકત. અને હતું તો **"સર્વભૂતસ્થિતં યો માં ભજતિ એકત્વમ્ આસ્થિતઃ સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે"** એ યોગી તો ભગવાનમાં રહી રહ્યો છે, આ વાત ભગવાન કહી રહ્યા છે. જો તમે ભૂત અને ભૂતભાવનને અલગ-અલગ માન્યો તો તમે દ્વૈતમાં આસ્થાન કર્યું, દ્વૈતને પકડી લીધું. તો ઉપનિષદ્ પહેલાં જ ગાળ આપી રહ્યું છે :

> **"યદા હ્યેવ એતસ્મિન્ અદૃશ્યે અનાત્મ્યે અનિરૂક્તે અનિલયને અભયં પ્રતિષ્ઠાં વિન્દતે અથ સો અભયં ગતં ભવતિ. યદા હ્યેવ એષઃ એતસ્મિન્ ઉદરમ્ અન્તરં કુરૂતે અથ તસ્ય ભયં ભવતિ. તત્ત્વેવ ભયં વિદુષો અમન્વાનસ્ય"** (તૈત્તિ.ઉપ.૨/૭)

આ વાતને ઉપનિષદ્ કહી રહ્યું છે કે ભૂત અને ભૂતભાવનના એકત્વને પકડશો તો ભયનું કોઈ કારણ નથી. બાકી તો ભય જ ભય ચારે તરફ જોવામાં આવશે. આનું સીધું કારણ એ છે કે દરેક નાની માછલીને મોટી માછલી ખાઈ જાય છે. દરેક તમારા નાના અહંને તમારા અહંથી મોટા , વ્યાપકતર, પરિવાર સમાજ રાષ્ટ્ર જગત્ બ્રહ્માંડના ભયંકર અહં ખાઈ જવા માટે સન્નદ્ધ જ હોય છે. અંતમાં આ બધા અહંમોને પણ બ્રહ્મનો અહં મહાપ્રલયના સમયે ખાઈ જાય છે. પરંતુ જે વખતે તમે એમ માનશો કે આ બે છે જ નહીં, એક જ છે, તો કોણ ખાશે અને કોને ખાશે? ઉપનિષદે આ માટે જ સ્પષ્ટ ખુલાસો કરી દીધો :

> **"અહમ્ અન્નમ્! અહમ્ અન્નમ્!! અહમ્ અન્નમ્!!! અહમ્ અન્નાદો! અહમ્ અન્નાદો!! અહમ્ અન્નાદો!!!... અહમ્ અન્નમ્ અદન્તં માં અદ્મિ. અહં વિશ્વં ભુવનમ્ અભ્યભવામ. સુવર્નજ્યોતિઃ યઃ એવં વેદ".** (તૈત્તિ.ઉપ. ૩/૧૦/૬)

હું કેવું અન્ન છું કે જે અન્નને હું ખાઈ રહ્યો છું અને તે મને ખાઈ રહ્યો છે, અન્ન અને અત્તા બંને એક-બીજા ઉપર નિર્ભર છે **"અહં અન્નમ્ અહમ્ અન્નાદો"** જો આ વાતનું મને રિઅલાઈઝેશન્ થઈ જાય તો હું **"અહં વિશ્વં ભુવનમ્ અભ્યભવામ્"** હું સ્વયં વિશ્વાત્મક બની ગયો! એક નાનકડા રિઅલાઈઝેશન્માં મારામાં અહંની ભીતર વિશ્વાત્મક્તા પ્રકટ થઈ રહી છે **"સર્વથા વર્તમાનોડપિ સ યોગી મયિ વર્તતે"**.

એ બિઈન્ગ્ના અને ભૂતના બંનેના જ અહંકારોને એક-બીજાથી ઈક્વેટ્ કરો. જેવો તમે ઈક્વેટ્ કર્યો અને તમારો બધો ભય નિકળી જશે. તમને એ ખાઈ જશે કે તમે તેને ખાઈ જશો એવું ડરવાનું કોઈ કારણ નહીં રહી જાય. કોઈ કોઈને ખાઈ નથી શકતો. ગીતામાં કેટલી સરસ વાત કહી છે **"આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યો... સુખં વા યદિ વા દુઃખં, સ યોગી પરમો મતઃ"** (ભગ.ગીતા.૬/૩૨) મારે આના ઉપર પણ ઘણું એક્સપ્લેન્ કરવું છે. આ પણ અહંકારનો એક મોટો ખૂબસૂરત ફૅસેટ્ છે. પરંતુ એના પહેલાં હું તમને એક બતાવવા માગું છું.

ગીતામાં ભગવાને ઓછામાં ઓછી વીસેક વખત અહંકારને ગાળો આપી છે. **"યદ્ અહંકારમ્ આશ્રિત્ય 'ન યોત્સ્યે' ઈતિ મન્યસે મિથ્યા એષ વ્યવસાયઃ તે પ્રકૃતિઃ ત્વાં નિયોક્ષ્યતિ"** (ભગ.ગીતા.૧૮/૫૯) અને **"અહંકારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ"** (ભગ.ગીતા.૧૬/૧૮) આ પ્રકારની. બીજું તો ઠીક અહીં સુધી કહી દીધું કે અહંકાર તમારી ભીતર આસુરી આવેશ છે. ખૂબસૂરતીની સૌથી મોટી વાત આ છે કે ઓછામાં ઓછા બસ્સોછોંતેર વખત ભગવાન ખુદ 'અહં' બોલ્યા છે. આટલી વખત તો જીવ બિચારો અર્જુન પણ નથી બોલી શક્યો. પોતે ગણીને ક્યારેક જોઈ લો કે ભગવાન આખી ગીતામાં 'અહં' કેટલી વખત બોલ્યા છે. ભગવાનના અહંનો આપણે હિસાબ કરીએ તો ઓછામાં ઓછા બસ્સોછોંતેર વખત કે ત્રણસો વખત પણ બોલ્યા હોય તો નવાઈની વાત નથી. હવે આનો અર્થ કેવી રીતે સમજવો? આટલી વખત ખુદ 'અહં' કહીને પછી સમજાવતા હોય કે અહંકાર ન કરો તો વિદ્યાર્થી શું સીખ લેશે

તેનાથી?

અર્જુન હોય આપણે હોઈએ, એક વાત સાફ-સુથરા પ્રકારથી સમજવી પડશે કે કેટલાંક અહં શુદ્ધ અહં હોય છે અને કેટલાંક અહં એવા કે જેને ગાળો પણ આપવી જોઈએ. એ બંને અહંને છુટ્ટા પાડીને જોવા પડશે કે ક્યાં કયો શુદ્ધ અહં છે અને કયો મિશ્રિત અહં છે. ક્યા પ્રકારના અહંને ગાળો આપવામાં આવી રહી છે અને ક્યા પ્રકારના અહંને ભગવાન ખુદ રિપીટ્ કરે છે. મેં તો એમજ રફ્ કાઉન્ટિન્ગ્ કરી એગ્ઝેક્ટ કાઉન્ટિંગ્ નથી કરી. કેટલી જગ્યાએ 'હું છું' 'હું છું' 'હું છું' ભગવાન કરે છે. **"અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયઃ તથા મત્તઃ પરતરં ન અન્યત્ કિંચિદ્ અસ્તિ"** (ભગ.ગીતા.૭/૬-૭) આટલો અહંકાર ખુદ કેમ પ્રકટ કરી રહ્યા છો? પરંતુ ત્રણસો વખત અહંકાર કર્યા પછી પણ અહંકારને ગાળો દેતા હોય તો મતલબ કોઈ ને કોઈ બે પ્રકારના અહં છે.

આપણા આ અહંકારની આ એનાલિસિસ્‌ના અંતર્ગત નૅક્સટ્ સ્ટેપ્ ઉપર જઈએ છીએ. ભગવાનનો એક અહંકાર કેવો છે તે હું ગીતાના શબ્દોમાં સંભળાવું તો તમને મજા આવશે. ભગવાન કહે છે **"મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના મત્સ્થાનિ સર્વભૂતાનિ નચ અહં તેષુ અવસ્થિતઃ"** (ભગ.ગીતા.૯/૪). આખા જગતમાં હું ફેલાયેલો છું. જુઓ 'અહં' બોલી રહ્યા છે ભગવાન. જેટલા પણ ભૂત છે તે મારામાં છે. પરંતુ **"નચ અહં તેષુ અવસ્થિતઃ"** એક એંગલ એવો પણ હોઈ શકે છે કે તમને ભૂત મારામાં દેખાશે જ નહીં. કેમકે ભૂત તમને તમારી ભીતર કે કોઈ દેશ-કાલમાં દેખાતા હશે. **"નચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમ્ ઐશ્વરં ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ"**(ભગ.ગીતા.૯/૫) હું તો ભૂતભૃત્ છું, એટલે કે ભૂતોનું ભરણ કરનારો હું છું. **"ભૂતભૃત્ નચ ભૂતસ્થો"** ભૂતસ્થ નથી. કેમકે હું ભૂતભાવન છું આથી ભૂતભાવનની હોવાની હકીકતના એંગલથી જોઈએ તો ભૂત તમને મારામાં દેખાશે નહીં પરંતુ કહાનીના એંગલથી વિચારશો તો પ્રભુ કહે છે **"મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના મત્સ્થાનિ સર્વભૂતાનિ નચ અહં તેષુ**

**અવસ્થિતઃ''**. આકાશમાં જેવી રીતે વાયુ બધી જગ્યાએ ભરાયેલો રહે છે તેવી રીતે બધા ભૂત મારી ભીતર અવસ્થિત છે **''યથા આકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનિ ઈતિ અવધારય''**.(ભગ.ગીતા.૯/૬) આવી ફુલ્ ઑફ્ કૉન્ટ્રાડિક્શન્‌ની વાત કેવી રીતે સમજી શકાય? કેમ નક્કી કરવું કે આ સૅન્સિબલ્ સ્ટેટમેન્ટ્ છે કે નૉન્-સૅન્સિબલ્? આના સમાધાનાર્થ ભગવાન કહી રહ્યા છે કે હું તમને થોડોક મૉડેલ્ સમજાવું જે મૉડેલ્‌ના આધારે આ વાત સમજી શકાશે.

આકાશમાં જેમ બધી જગ્યાએ વાયુ ભરાયેલો છે, એમ જેટલા પણ ભૂત છે તે મારા ભીતર ભરાયેલા છે. હવે એક વાત ધ્યાનથી સમજો કે જો હવા પોલ્યુટેડ્ મિશ્રિત કે અપવિત્ર કે અશુદ્ધ થઈ જાય તો શું આકાશ 'પોલ્યુટેડ્' કહેવાશે? નહીં. હવા પોલ્યુટેડ્ થવાથી આકાશ પોલ્યુટેડ્ નથી થઈ જતો. એવી જ રીતે ભૂતમાં જે પણ ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ-હ્રાસ લય-નાશ કે પોલ્યુશન્ જેવા લાગતા હોય તેને કારણે મારામાં કોઈ પોલ્યુશન્ નથી આવી જતા. મારો અહં એકદમ શુદ્ધ છે અને મારા શુદ્ધ અહંમાં આ બધા ભૂતોની ઉત્પત્તિ-સ્થિતિ વૃદ્ધિ-હ્રાસ કે લય-નાશ થતા રહે છે. કોઈ રોઈ રહ્યો છે, કોઈ મરી રહ્યો છે, કોઈ કૂદી રહ્યો છે. અંતમાં જેમ ઘડો માટીમાં મળી જાય એમ બધા ભૂત મારામાં મળી જાય છે **''સર્વભૂતાનિ... પ્રકૃતિં યાન્તિં મામિકાં કલ્પક્ષયે, પુનઃ તાનિ કલ્પાદૌ વિસૃજામિ અહમ્''** (ભગ.ગીતા.૯/૭) કલ્પક્ષયમાં મળી જાય પરંતુ કલ્પના આદિમાં ફરીથી સાયક્લિકલી સર્ક્યુલર્ પાથ્‌માં એમને કન્ટિન્યુઅસ્ ક્રિએશન્ કરતો જ રહું છું. **''પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ-પુનઃ ભૂતગ્રામમ્ ઈમં કૃત્સ્નમ્ અવશં પ્રકૃતેઃ વશાત્, નચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ!''** (ભગ.ગીતા.૯/૯) અનીશ્વરવાદી સમજ્યા કે ભૂતગ્રામ ખુદની પ્રકૃતિને વશ ઉત્પન્ન-સ્થિત વધતા-ઘટતા લીન-નષ્ટ થતા રહે. ભગવાન કહે છે કે ''નહીં મારી પ્રકૃતિને વશ છે બધો અવશ ભૂતગ્રામ અને હું જ ભૂતગ્રામને ઉત્પન્ન વગેરે કરતો રહું છું.'' બ્રહ્મ પરમાત્મા ભગવાનન ત્રિવિધ હકીકતની આવી છે આ અનેકવિધ કહાની

જે ભગવાન ખુદ સંભળાવી રહ્યા છે.

## (ભાગવત અહંકાર)

અહીં આવીને તે ભગવાન બની રહ્યા છે. અહીં (ભગ.ગીતા.૯/૪-૧૯) સુધી તો પરમાત્મા હોવાની ભૂમિકા સમજાવીને હવે (ભગ.ગીતા.૯/૨૩-૩૪) એ પરમાત્મામાંથી ભગવાન કેવી રીતે ઈવૉલ્વ્ થયા તે ભગવાન સમજાવી રહ્યા છે. ઘણું લાંબુ પ્રકરણ છે. બધું હું નહીં બતાવી શકું પરંતુ જ્યાંથી ભગવાન કેવી રીતે ડૅવલપ્ થયા તે જોવા લાયક વાત છે :

**''સમો અહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપિ અહમ્ ।।''**

(ભગ.ગીતા.૯/૨૯)

બધા ભૂતોમાં તો ઈક્વલી ડિસ્ટ્રીબ્યુટેડ્ છું. મારો બિઈન્ગ્ કોઈ પણ ભૂતમાં અન્ઈક્વલી ડિસ્ટ્રીબ્યુટ્ નથી. **''ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ''** એથી મારા માટે ન કોઈ દ્વેષ્ય છે. મારા અહંકારમાં મને ક્યારેય એવું સ્ફુરિત નથી થતું કે આ વસ્તુથી હું દ્વેષ કરી રહ્યો છું કે આ વસ્તુ મને પ્રિય છે. અહીં સુધી તો પરમાત્મા આવી ગયો પરંતુ આના પછી અચાનક સમર્સોલ્ટ્ ખાઈ રહ્યો છે પરમાત્મા અને કહી રહ્યો છે કે **''યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચ અપિ અહમ્''** જે મારૂં ભજન કરે છે, તેમાં પોતાની પ્રેજન્સ્ સ્પેસિફિકલી હું પણ ફીલ્ કરૂં છું અને તે પણ મારી પ્રેજન્સ્ પોતાનામાં ફીલ્ કરે છે. તમે ફીલ્ નહીં કરી રહ્યા હો પરંતુ પરમાત્મા તો છે. આપણે ફીલ્ કરતા હોઈએ કે ન કરતા હોઈએ, જેમ આપણે હવાને ફીલ્ કરતા હોઈએ કે ન ફીલ્ કરતા હોઈએ, હવા નથી એમ કહી તો નહીં શકીએ. પરંતુ એક લાંબો શ્વાસ ખેંચો તો તમને ફીલ્ થશે કે ચારે તરફ હવા ભરાયેલી છે. નહીંતર હવા અહીં ભરેલી છે તે કેવી રીતે ખબર પડશે? હું સર્વત્ર ભરાયેલ છું પરંતુ ભજનનો લાંબો શ્વાસ ખેંચી

રહ્યો હોય તેને મારી પ્રેજન્સ્ ખુદની ભીતર પણ અને બહાર પણ અનુભવાશે. તેને આ રિયલાઈઝ થશે કે ''હું ભગવાન છું'' બાકી 'પરમાત્મા'ની જેમ તો હું બધી જગ્યાએ ભરાયેલો છું જ. તમને ખબર પણ નથી કે પરમાત્મા છે કે નથી. આપણે લાંબો શ્વાસ ન ખેંચીએ તો આપણને ખબર જ નથી પડતી કે શ્વાસ લઈ રહ્યા છીએ કે નથી લઈ રહ્યા. આમ એક લાંબો શ્વાસ, ભગવાનના ભજનનો, ભજનાત્મિકા શ્વાસ લો તો તુરત ખબર પડે કે અચ્છા આ 'પરમાત્મા' જ નથી 'ભગવાન' પણ છે, જેને આપણે ભજવો છે.

ભજનમાં આ શ્વાસની વાત ક્યાંથી આવી ગઈ? સંસ્કૃતભાષાના અનુસાર '' **'ભજ્'=સેવાયામ્''** ક્રિયાપદનો અર્થ ઢોલક-મંજિરા લઈને ભજન-કીર્તન કરવા એવો નહીં પરંતુ સેવન=ઉપભોગ કરવો છે. તે ઔષધિસેવન વાયુસેવન પથ્યસેવન સંગીતરાગસેવન સુગન્ધસેવન સિગરેટ-તમાકુ જેવા દુર્વ્યસનનુંસેવન, આમ બધા અર્થોમાં 'સેવા'શબ્દ કોમન્ જ છે. જેને આપણે ઈન્ટેક્ કરીએ તેનું નામ 'સેવન' છે. તો જ્યારે આપણે પરમાત્માને ઈન્ટેક્ કરતા હોઈએ તો તેનું આપણે સેવન કરીએ છીએ. ઈન્ટેક્ બેજિકલી સેવનનો ભાવ છે. એ ઓક્સિઝનને ઈન્ટેક્ નથી કરી રહ્યા તો તમે પોતાના અહંકારનો કાર્બન્ છોડી રહ્યા છો.

જ્યારે તમે તેનું સેવન શરૂ કર્યું તો તે પરમાત્મા ન રહીને ભગવાન બની જાય. તમે તેનું સેવન કરો તો તે 'ભગવાન' છે નહીંતર તો 'પરમાત્મા' છે. હવે 'છે' તો છે. તેને આપણે માનીએ તો 'છે' ન માનીએ તો પણ 'છે' જ. આપણે તેને ગાળો દઈએ તો પણ 'છે' પ્રસંશા કરીએ તો પણ 'છે'. એનું ખંડન કરવું હોય તો ખંડન કરો ત્યારે પણ તે તો 'છે'. ખંડન કરવાથી 'પરમાત્મા' થોડો ખંડિત થઈ જશે! આટલા માટે ભગવાન કહી રહ્યા છે :

**''ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે... તિષ્ઠતિ ।**

**ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥**
**તમેવ શરણં ગચ્છ: સર્વભાવેન ભારત!''**

(ભગ.ગીતા.૧૮/૬૧-૬૨)

પરમાત્મા છે તે ઈશ્વર બનીને, ભગવાન બનીને બધાના ભીતર પણ બિરાજમાન છે. આમ આપણે ભક્તાનુરાગરૂપ અહંકાર કરવાવાળા ભગવાન હોવાનો પહેલુ જોયો.

પરંતુ ભગવાન હોવું વિવિધ આયામની વસ્તુનો કોઈ એક અન્યતમ આયામ છે. આધુનિક વિજ્ઞાનમાં મૅટર્‌ના ત્રણ ડાયમેન્શન્ માનવામાં આવેલા છે લૅન્થ્ બ્રૅથ્ અને ડૅપ્થ્. એમ તે પરમ તત્ત્વના પણ અલગ-અલગ ડાયમેન્શન્ છે. એક ડાયમેન્શન્ છે તેના 'બ્રહ્મ' હોવાનો. જે પણ કાંઈ વસ્તુ છે તેનો સબ્સ્ટેન્સિયલ્ ફાઉન્ડેશન્ તે છે. જે પણ કાંઈ વસ્તુ નામ રૂપ છે અથવા જે પણ ક્રિયા છે તેનો સ્ક્રીન્ બ્રહ્મ છે. બ્રહ્મ હોવાનો મતલબ જેના અસ્તિત્વનો અસ્વીકાર વદતોવ્યાઘાત અર્થાત્ સૅલ્ફ-કૉન્ટ્રાડિક્શન્ જેવો હોય. 'બ્રહ્મ' પદનો અર્થ પરિપૂર્ણતા કે અપરિચ્છિન્નતા આને આપણે નૅગેટ્ કરી જ નથી શકતા. તમે સ્ક્રીન્‌ને કેવી રીતે નૅગેટ્ કરશો? તમે સ્ક્રીન ઉપર લખી દો કે *''દિસ્ સ્ક્રીન્ ડઝ નોટ્ ઍગ્ઝિસ્ટ્''* વુડ ઈટ્ મીન્ દિસ્ સ્ક્રીન્ ડઝ નોટ્ ઍગ્ઝિસ્ટ્. ઈફ સો વ્હેર હેવ્ યુ રીટન ઈટ્? ઓન્ દ્ સ્ક્રીન્ ઓનલી! આથી સિદ્ધ થાય છે કે સ્ક્રીન્‌માં શક્તિ છે કે તમારા અવિસ્કરણના લેખનને એ ધારણ કરી શકે પરંતુ તમારા લેખનમાં એ શક્તિ નથી કે સ્ક્રીન્‌ની રિયાલિટીને તે નૅગેટ્ કરી શકે કેમકે લખવા માટે પાછી સ્ક્રીન તો જોઈશે જ. તો બ્રહ્મ પણ આવી રીતે સ્ક્રીન્‌ના જેવો છે જેને નૅગેટ્ કરવો હોય તો પણ તેનો ઉપયોગ કર્યા વિના તેને ઈન્કારી પણ નથી શકાતો. તેને એડમિટ્ કરવો હોય તો પણ તેના આધાર વગર શક્ય નથી. બ્રહ્મની સ્ક્રીન્ ઉપર જ આપણે બ્રહ્મને નૅગેટ્ કરી શકીએ, આ પ્રકારનો બ્રહ્મનો નિખિલાધાર છે.

પરમાત્મા બીજા આયામની વાત તો થઈ જાય આ અર્થમાં કે તે ફક્ત બ્રહ્મ કે નિખિલાધાર જ નથી પ્રત્યુત જે કાંઈ તેના આધારિત હોય

તેના અંદર પણ તે વિદ્યમાન છે. જેમ માટી ઘડામાં વિદ્યમાન છે અથવા જેમ દોરા કપડામાં વિદ્યમાન છે.

ભગવાનની બાબતમાં કાંઇ કહેવું હોય તો ત્રીજા આયામની વાત આવશે. એટલે ચારે તરફ ઉપર-નીચે બ્રહ્મ સર્વત્ર છે. પરમાત્મા, પરંતુ, ભીતર છે અને ભગવાન્ ઉપર છે. ભગવાન હોવું ઉપરનું ડાયમેન્શન્ છે કેમકે આપણે ભક્ત છીએ અને તે ભગવાન છે. આપણું માથું તેના ચરણોંમાં જુકેલું હોય આથી તે તો આપણાથી ઉંચો છે અને આપણે તેનાથી નીચા છીએ. આ અર્થમાં ભગવાનનું ડાઇમેન્શન્ ઉપરનું ડાયમેન્શન્ છે. આટલા માટે આપણે બ્રહ્મ કે પરમાત્માને 'તું' કહી શકીએ પરંતુ ભગવાનને 'તું' કહો તો આપણને અમિતાભ બચ્ચનનો 'દીવાર' ફિલ્મનો ડાયલોગ્ લાગે *''અરે એ ભગવાન! કાહેકો મંદીરમેં બેઠા હુવા હે? ચલ બહાર આ!''* ભગવાનની સાથે 'તું'કારો સારો નહીં લાગે. ભગવાનના પ્રત્યે રિસ્પેક્ટ્ જ સારો લાગે. કેમકે 'ભગવાન' કહેતાં જ કાંઇક એક અસાધારણ માહાત્મ્ય પ્રકટ થઇ જાય : ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય જેવા સહજ સર્વાતિશાયી ગુણધર્મોનું.

'સાસ ભી કભી બહુ થી' ટી.વી.સિરીયલ્ની બાબતમાં ઝઘડો શા માટે થઇ રહ્યો છે? ઠાકુર નામ વાપર્યું તેથી ઝઘડો થઇ રહ્યો છે. બ્રહ્મ નામ વાપર્યું હોય તો ભાડ પણ બ્રહ્મ છે, *''ભાડમાં જાવ!''* કહેવાવાળો પણ બ્રહ્મ છે અને તેનો અપોજિશન્ કરવાવાળો પણ બ્રહ્મ છે **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** (છાન્દો.ઉપ.૩/૧૪/૧) ઝઘડો ક્યાંથી થશે? પરંતુ 'ઠાકોરજી'ના માટે *''ભાડમાં જાવ!''* પદોનો પ્રયોગ ઝઘડો કરવા લાયક વાત લાગશે જ. તત્ત્વ તો એનું એ જ છે 'બાપની બાયડી' કહો કે 'માં' કહો પરંતુ માં કહ્યા પછી માથું ઝુકાવવું પડશે. 'બાપની બાયડી' કહીને માથું નહીં ઝુકાવો તો ચાલશે. અન્યથા શબ્દ અને વ્યવહારનો આપસમાં મેળ નહીં ખાય. આથી આપણે 'ભગવાન' કહેતા હોઇએ તો અનાદર ન કરી શકાય. કેમકે એ માહાત્મ્યનો અંગીકાર છે.

**(દ્વાપરકાલીન લીલામાં શ્રીકૃષ્ણસ્વરૂપનો અહંકાર)**

ભગવાન ફક્ત ભગવાનજ ન રહી જાય તો પોતે-પોતાનું ડૅમોન્સ્ટ્રેશન્ પણ આપે છે. આથી જગતને બનાવીને જગતમાં પ્રવિષ્ટ કેવી રીતે થયા તેનુ ડૅમોન્સ્ટ્રેશન્ જ્યારે આપતો હોય ત્યારે તે ડૅમોન્સ્ટેશન્ને આપણે 'અવતાર' કહીએ છીએ. ભગવાને જગત્ને કેવી રીતે બનાવ્યું અને એ જગત્માં કેવી રીતે પ્રવિષ્ટ થયા તેનું જો ડૅમોન્સ્ટ્રેટિવ્ પ્રૂફ્ અપેક્ષિત હોય તો તે પ્રૂફ્ ભગવાનના બદલે ભગવદવતારના રૂપદ્વારા સરખી રીતે મળી શકે. આટલા માટે જ મહાપ્રભુજી નિબંધમાં બહુ સુંદર આજ્ઞા કરે છે :

**''સએવ પરમકાષ્ઠાપન્નઃ (ભગવાન્) કદાચિદ્ જગદુદ્ધારાર્થમ્ અખંડઃ પૂર્ણએવ પ્રાદુર્ભૂતઃ સન્ 'કૃષ્ણ' ઈતિ ઉચ્યતે''** (ત.દી.ની.૧।૧)

એજ ભગવાન, સેલ્ફ્-ડૅમોન્સ્ટેશન્ને માટે, અખંડ પૂર્ણતયા ભૂતલ ઉપર પ્રાદુર્ભૂત થાય તે વખતે એમને 'કૃષ્ણ' કહેવામાં આવે. સાતમા આસમાન ઉપર બેઠેલો પરમેશ્વર ભગવાન હોઈ શકે કૃષ્ણ ન હોઈ શકે . કૃષ્ણ તો એવા છે કે -

**''શેષ મહેશ દિનેશ ગણેશ સુરેશ હુ જાહિ નિરન્તર ગાવેં ।**
**જાહિ અનાદિ અનન્ત અખંડ અભેદ અછેદ સુવેદ બતાવેં ।।**
**નારદસે શુક વ્યાસ રટેં પચિહારે તઉ પૂનિ પાર ન પાવેં ।**
**તાહિ અહીરકી છોહરિયાં છછિયા ભર છાછપે નાચ નચાવેં ।।''**

જે ફક્ત આપણને નચાવવું જ જાણતો હોય પરંતુ આપણા આગ્રહ કરવાથી નાચી ન શકતો હોય તે કૃષ્ણ ન હોઈ શકે. રસખાનજી આટલા માટે જ કહે છે :

**''બ્રહ્મને ઢુંઢ્યો પુરાણન્ ગાયન વેદરિચા સુનિ ચોગુને ચાયન ।**
**દેખ્યો સુન્યો કબહું ન કહું વહ કૈસો સ્વરૂપ ઔ કૈસો સુભાયન!**

**ટેરત હેરત હારિ પર્યો રસખાન બતાયો ન લોગ લુગાયન ।**
**દેખ્યો દુર્યો વહ કુંજકુટીરમેં બેઠ્યો પલોટત રાધિકા પાયન ।।''**

વૈકુંઠમાં એના ચરણ લક્ષ્મીજીને દબાવવા પડતા હશે પરંતુ ભૂતલ ઉપર શ્રીકૃષ્ણના રૂપમાં જ્યારે તે અવતીર્ણ થાય ત્યારે તો તેને સ્વયં 'લક્ષ્મી' કહો કે 'રાધિકા' કહો, તેના ચરણ દબાવવા પડે! ભાગવતમાં તો દાઉજીના ચરણ પણ શ્રીકૃષ્ણએ દાબ્યા છે એવું પણ વર્ણન આવે છે **''સ્વયં વિશ્રમયતિ આર્યં પાદસંવાહનાદિભિઃ''** (ભાગ.પુરા. ૧૦/૧૫/૧૪) મુદ્દાની વાત તો આ જ છે કે જો આવું ડૅમોન્સ્ટ્રેશન્ આપી શકે કે ન આપી શકે જે ભગવાન છે તે તો ભગવાન જ રહેશે પરંતુ શ્રીકૃષ્ણ બની શકવાની લીલા તે નથી કરી રહ્યા જ્યાં સુધી આ પ્રકારની લીલા પ્રકટ ન કરે.

એ કૃષ્ણનો અહંકાર કેવો છે તે તમે જુઓ :

**''તસ્માદ્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહં''**

(ભાગ.પુરા.૧૦/૨૫/૧૮)

આ વ્રજનું શરણ/આશ્રય 'હું' છું. અરે! આખા બ્રહ્માંડનો આશ્રય છો તેનું શું થયું? ખાલી વ્રજનો આશ્રય કેવી રીતે હોઈ શકે? પરંતુ આખા બ્રહ્માંડનો આશ્રય, શ્રીકૃષ્ણના બ્રહ્મ હોવાના પાસામાં હોઈ શકે છે! આખા બ્રહ્માંડના શરણ્ય શ્રીકૃષ્ણ, ભગવાન હોવાના પાસામાં હોઈ શકે છે. પોતાના ભૂતલમાં પ્રકટેલા લીલાવિગ્રહસ્વરૂપના પાસામાં કૃષ્ણ નથી. કૃષ્ણની તો ખૂબસૂરતી જ આ છે કે **''તસ્માદ્ મચ્છરણં ગોષ્ઠમ્''** નાનકડું એક ગોકુલ ગામ તેનો માલિક હું છું આ કબૂલ કરીને પોતાના ખુદની સેલ્ફ્-ડિમોશન્ (સ્વ-પદાનવતિ) જેની તૈયારી હોય તે કૃષ્ણ બની શકે. પરફૅક્ટ્ સૅલ્ફ્ હોવા છતાં પણ સૅલ્ફ્-ડિમોશન્‌ની આટલી તૈયારી હોય તો કૃષ્ણ બની શકે છે. **''તસ્માદ્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્''.**

એજ વાત કાલે મેં તમને બતાવી હતી કે **''કભી તો સોચ વો શખ્સ કિસ કદર થા બુલંદ જો ઝુક ગયા તેરે કદમોંપે આસમાંકી તરહ''** તે

તરફ તે ઝુકી જાય છે તેને આપણે ત્યાં કૃષ્ણ કહેવામાં આવે છે :

**"તસ્માદ્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્ ।
ગોપાયે સ્વાત્મયોગેન સો અયં મે વ્રતઃ આહિતઃ ।।**

(ત્યાંજ)

આ તો ભગવાને વ્રત લીધું છે અવતારના વખતે કે વ્રજની રક્ષા ભગવાનજ કરશે. આ કૃષ્ણ છે હોં! આ ભગવાન નથી. કેમ ભગવાન નથી? **"મુખાદ્ ઈન્દ્રઃ ચ અગ્નિઃ ચ પ્રાણાદ્ વાયુઃ અજાયત"** (ઋક્સંહિ.૧૦/૯૦/૧૩) **"ઈન્દ્રાદયો બાહવઃ આહુઃ ઉસ્રાઃ"** (ભાગ.પુરા.૨/૧/૨૯) ઈન્દ્ર વગેરે કર્મફલોના પ્રદાતા દેવ તેના બાહુ હોય તો ખુદના બાહુની અવમાનના શા માટે કરાવવી જોઈએ? બાહુરૂપ સ્વર્ગના અધિષ્ઠાતા એવા કર્મફલોના પ્રદાતા ઈન્દ્ર વગેરે દેવતાઓનું બાહુરૂપ હોવું એક અલગ કથા છે અને તે જ્યારે કૃષ્ણરૂપમાં અવતીર્ણ થઈ ગયો ત્યારે તેના અહંકારનો નેચર્ બદલાઈ જાય છે. કેવો પોતાના વિરાટ્ અહંકારને એડજેસ્ટ્ કરી રહ્યો છે પોતાના લીલાત્મક અહંકારની સાથે!

સૌથી મોટી વાત બસ આ છે કે તમે સુધારવાનો અહંકાર છોડી દો તો સુધાર થઈ જશે. એમ કૃષ્ણએ સુધારવાનો અહંકાર છોડી દીધો કે મારે બધાને ભગવાન બનાવવા છે. ભગવાન બનાવવા નથી, મારે એમની સાથે ગોપાલ બનવું છે. આ ગોપાલોની વચ્ચે મારે ગોપાલ બનવું છે. આમ જે ખુદના અહંકારને સુધારી શકતો હોય તો તે કૃષ્ણ છે. એ કૃષ્ણ આ વાતને કબૂલ કરી શકે છે કે **"ન પારયે અહં નિરવદ્યસંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ"** (ભાગ.પુરા.૧૦/૩૨/૨૨) તમારૂં તો ઋણ હું ક્યારેય ચુકવી જ નહીં શકું. અસમર્થ છે શું? અસમર્થ નથી. પરંતુ સમર્થ હોવા છતાં પણ જેને અસમર્થ થતાં આવડતું હોય તે કૃષ્ણ છે.

અરવિન્દોએ બહુ સરસ વાત કહી છે **"હાં ભગવાન સર્વસમર્થ છે પરંતુ તેના સર્વસામર્થ્યમાં આપણે એક આઈટમ આ પણ રાખવી પડશે કે સમર્થ હોવા છતાં પણ તેને અસમર્થ થતાં આવડે છે"** જો

સર્વસમર્થને અસમર્થ થતાં ન આવડતું હોય તો તેના સામર્થ્યના લીસ્ટમાં એક આઈટમ્ ડેબિટ્ કરવી પડશે કે આ સામર્થ્ય નથી, મતલબ સર્વસમર્થ નથી. તો જેને અસમર્થ થતાં ન આવડતું હોય તે સર્વસમર્થ નથી હોઈ શકતો. બહુ જ સરસ વાત અરવિંદોએ કરી. ભગવાનને જે વખતે અસમર્થ થતાં આવડે તે વખતે તે 'કૃષ્ણ' બની જાય છે!

પ્રભુ આપણા અહંકારને એડજેસ્ટ્ કરી રહ્યા છે. અહીં બ્રહ્મમિમાંસા કે ભગવન્મિમાંસા કરવા નથી બેઠો હું, અહંકાર મિમાંસા કરી રહ્યો છું.

કોઈ પણ વાત હું બ્રહ્મના રૅફરન્સ્માં કહી રહ્યો હોઉં કે પરમાત્મા ભગવાન કૃષ્ણના રૅફરન્સ્માં કહી રહ્યો હોઉં તે મેગા સ્કેલ્ની વાત છે. મિનિ સ્કેલ્માં તો એજ વાત આપણી ભીતર પણ હોવી જોઈએ એ સમજાવવા માટે કહી રહ્યો છું. મીમાંસિત બ્રહ્મના અહંકારની દૃષ્ટિથી તેનો નજારો કેવો દેખાઈ રહ્યો છે તે ફક્ત આપને બતાવી રહ્યો છું. આ વાત બતાવવા માટે મેગા સ્કેલ્ના મૉડેલ્થી મિનિ સ્કેલ્ના અહંકારને તમે ઓળખો કે આપણો અહંકારનો 'મિનિ સ્કેલ્' શું છે.

કૃષ્ણ તો દ્વાપરમાં થયા હતા અને આમ તો આ પણ કહી શકીએ કે ખાલી સારસ્વતકલ્પમાં થયા હતા. તો-તો મોટી પ્રૉબ્લેમ્ થઈ ગઈ!

### (આપણા ઘરમાં બિરાજતા શ્રીકૃષ્ણના સ્વરૂપનો અહંકાર)

મહાપ્રભુજીએ એક વાત સમજાવી કે ચિન્તા ન કરો. એ સારસ્વતકલ્પમાં હોય કે દ્વાપરમાં હોય કે ત્રેતામાં હોય કે સતયુગમાં હોય, આપણે કાલની મર્યાદામાં છીએ તેમ કૃષ્ણ નથી. કૃષ્ણમાં કાલ અને દેશ છે. દેશમાં કૃષ્ણ પ્રકટ થાય છે પરંતુ કૃષ્ણ દેશ-કાલમાં બંધાયેલા નથી. હવે આને કેવી રીતે સમજવું?

ટી.વી.ના જે પણ વેવ્ઝ છે તે ટી.વી.ના ડબ્બામાં તમારા સ્વીચ ઑન્-ઑફ કરવાથી પ્રકટ કે અપ્રકટ થતા હોય છે. તેથી કરીને શું ટી.વી.ના વેવ્ઝ પેદા કે ખતમ થઈ રહ્યા છે? તમે સ્વીચ્ ઑન્ કરી તો

વેવ્ઝ પેદા થઈ ગયા તમારી સ્ક્રીન ઉપર? તમે સ્વીચ્ ઑફ્ કરી તો તે ખતમ થતા લાગશે તમને? ટી.વી.ના વેવ્ઝ ખતમ નથી થઈ જતાં. ડબ્બો રિસીવ્ કરે કે ન કરે ફક્ત આટલી જ વાત છે. તમે સ્વીચ્ ઑન્ કરશો તો તે રિસીવ્ કરવાનું શરૂ કરશે. તમે સ્વીચ્ ઑફ્ કરશો તો તે રિસીવ્ કરવાનું બંધ કરી દેશે. બાકી એ તો નિત્ય છે જ. તેવી રીતે કૃષ્ણ પોતાના બ્રહ્મ પરમાત્મા હોવાના પહેલુમાં નિત્ય છે જ. તમે તેને કોઈ રીતે ઘરમાં પધરાવી રહ્યા છો તો સ્વીચ્ ઑન્ કરી રહ્યા છો. તમે તેને ગ્વાલમંડલીમાં પધરાવી રહ્યા છો તો બિચારાની સ્વીચ્ ઑફ્ થઈ જાય. **''નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો''** તો તેની સ્વીચ ઑન્ થઈ જાય. જે કૃષ્ણની લીલા છે, જે ભગવાનની લીલા છે, જે પરમાત્માની લીલા છે, બધા અહંકારોની સ્વીચ્ ઑન્ કરી દેશો તો બધા પ્રકટ થઈ જાય વિરૂદ્ધધર્મોના એક અવિરૂદ્ધ તત્ત્વમાં આશ્રિતતા પ્રકટ કરીને. તમે તમારા ડબ્બામાં બંધ કર્યો તો તમારી ઈચ્છાની વાત છે, તેની સ્વીચ્ ઑફ્ થઈ જશે. તમે તમારૂં ડબલુ બંધ કર્યું તેથી તે ખુદ ઑફ્ નથી થઈ જતો. તમારા ડબલામાં શ્રીકૃષ્ણની રિસેપ્ટિવિટી ખતમ થવી શ્રીકૃષ્ણનું ખતમ થઈ જવું નથી. શ્રીકૃષ્ણના સ્વરૂપમાં ભગવાનનો અનુભવ કરવાની તમારી રિસેપ્ટિવિટી ઓછી થઈ જાય તો તે કેવળ મનુષ્ય લાગશે પરંતુ ઑન્ હોય તો એજ ભગવાન પણ લાગશે. એવી જ રીતે પરમાત્મા અને બ્રહ્મ હોવાના પહેલુની બાબતમાં પણ સમજવું. તમારૂં કદાચ એન્ટેના તુટી ગયું હોય કે કેબલ્ ડિસ્કનેક્ટ્ થઈ ગયો હોય તો શું ચક્કર થયું! તમારા અહંકારમાં કાંઈક લફ્ડું છે તેથી તમને લાગે કે ત્યાં શ્રીકૃષ્ણમાં કાંઈક લફ્ડું છે. ત્યાં કોઈ લફ્ડું નથી.

તમારા ઘરમાં બિરાજતા શ્રીકૃષ્ણના સ્વરૂપનો અહંકાર કેવો છે તેનું સરળ ઉદાહરણ બતાવું : પ્રભુદાસની વાર્તામાં કૃષ્ણનો અહંકાર પેદા થયો. પ્રભુદાસ, શ્રીમહાપ્રભુજીના સેવક, તેમનાથી એક દિવસ સામગ્રી બળી ગઈ. તો બળેલી સામગ્રી ઠાકોરજીને ભોગ કેવી રીતે ધરવી? તો એમણે વિચાર્યું કે બળેલી સામગ્રી ચરણામૃત મીલાવીને ખાઈ જવી જોઈએ. તેઓ ખાઈ ગયા અને ઠાકોરજીને ભોગ ધર્યો નહીં. પ્રભુદાસના

ઠાકોરજીએ મહાપ્રભુજીને ફરીયાદ કરી કે *"મને પધરાવી તો દીધો તેના માથે આજે હું આખો દિવસ ભૂખ્યો રહ્યો"*. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું *"ભૂખ્યા કેમ રહ્યા"?* પ્રભુએ કહ્યું *"પ્રભુદાસે મને ભોગ જ ન ધર્યો, પોતે ખાઈ ગયો"* એમના અહંકારની મીઠાસ તો જુઓ. પ્રભુદાસ ભોગ ધરે તો આરોગે નહીંતર ભૂખ્યા રહે. એમનો અહંકાર કેટલો મિનીમાઈઝ થઈ ગયો છે. પ્રભુદાસ ભોગ ધરે તો પેટ ભરાય નહીંતર હું ભૂખ્યો છું. હવેલીના બધા ઠાકુર આવી રીતે ભૂખ્યા છે હોં! કેમકે ત્યાં કોઈ પ્રભુદાસ છે જ નહીં, બધાજ હવેલીદાસ છે. કેમકે પ્રભુદાસના ઠાકોરજી એક દિવસ ભૂખ્યા રહી ગયા હશે પરંતુ પુષ્ટિમાર્ગીય હવેલીના ઠાકુર તો ૩૬૫ દિવસ ભૂખ્યા જ બિરાજી રહે. તેઓ આરોગે શા માટે? એમની સેવા કરવાવાળા કોઈ પ્રભુદાસ થોડા જ છે? તેઓ તો બધા હવેલીદાસ છે. આવો તેનો મિનિમાઈઝ અહંકાર મહાપ્રભુજીની કાનીને કારણે ચોક્કસ જ આધુનિક પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં ખંડિત કે આહત હશે.

કિશોરીબાઈની વાર્તામાં આવે કે *"તેને દૂસરેસુ માંગકે ક્યોં ધર્યો? મૈં તો તેરી સત્તાકો અંગીકાર કરવે તેરે ઘર બિરાજ્યો હું"* કેટલો મિનિમાઈજ્ડ્ છે! જે તારી સત્તાનું છે એ તું મને ભોગ ધરે તો હું આરોગું. પરંતુ મને ભોગ ધરવા માટે તું ગામ પાસેથી માંગે તો હું નથી આરોગતો. એનો ઈગો હર્ટ્ થઈ જાય. તેં મારા માટે ગામ પાસેથી શા માટે માંગ્યું? ઈગો હર્ટ્ થઈ ગયો. જા હવે હું નહીં આરોગું ભૂખ્યો રહીશ. તારી પાસે જે હતું તે તું મને ભોગ ધરત તો હું આરોગત. ગામ પાસેથી માંગે તો ઈગો હર્ટ્ થઈ જાય આપણા ઠાકોરજીનો. આ કેટલો મિનિમાઈજ્ડ્ ઈગો છે આપણા ઠાકુરનો? મમ્મી પાસેથી બાળકને છોડાવી લો તો તેને ઉંઘ નથી આવતી. પોરીયાએ ગાયું નહીં તો શ્રીનાથજીને ઉંઘ ન આવી નેત્ર લાલ થઈ ગયા. કેટલો મિનિમાઈઝ ઈગો છે! આટલા મેગા સ્કેલ્ના 'અહં'ને આટલો મિનિ સ્કેલ્નો થવામાં ઈલાસ્ટિસીટી જે મેઈન્ટેઈન્ કરતો હોય તે 'અહં'નો શુદ્ધ કર્તા છે. તેમાં કોઈ અશુદ્ધિ નથી.

## (પ્રશ્નોત્તરી)

**પ્રશ્ન :** (પ્રશ્ન માઈકમાં ન બોલવાના કારણે સંભળાઈ નથી રહ્યો)

**જવાબ :** દરેક દેવના બે પાસા : એક શક્તિમાન અને બીજી શક્તિ. જે શક્તિમાન છે તે દેવ છે અને જે શક્તિ છે તે દેવી છે. શક્તિ અને શક્તિમાન વચ્ચે ડિફરેન્સ્ શું છે? જો શક્તિ ન હોય તો કોઈ શક્તિમાન હોઈ શકે? જે શક્તિમાન હોય છે તેમાં શક્તિ તો હોય છે જ. જેટલી દેવીઓ છે તે બધી શક્તિઓ છે, જેમ વિષ્ણુ પાલન કરે છે તો પાલન કરવામાં એને શું જોઈએ? લક્ષ્મી. લક્ષ્મી એની શક્તિ છે. એટલે એક જ દેવ, શક્તિ અને શક્તિમાન બે રૂપે મેલ્-ફિમેલ્ બન્યા છે. શક્તિ શક્તિમાન વિના હોઈ નથી શકતી અને શક્તિ ન હોય તો શક્તિમાન નથી હોઈ શકતો. તો બંને મ્યુચ્યઅલી એક-બીજા ઉપર ડિપેન્ડન્ટ્ છે. જેમ કહાની અને હકીકત એક-બીજામાં સમાયેલી રહે તેવી રીતે શક્તિ શક્તિમાનમાં હોય છે અને શક્તિ વિના કોઈ શક્તિમાન થઈ નથી શકતો. રૂદ્ર સંહારના દેવ હોય તો કાલી એની શક્તિ છે જે બધાને ખતમ કરે છે. એ શક્તિ પણ શક્તિમાનમાં રહે છે. બ્રહ્મા જો જ્ઞાનના દેવ હોય તો સરસ્વતી એની દેવી છે. કામ જો દેવ હોય તો રતિ એની દેવી છે. તો આપણે ત્યાં એક જ વસ્તુના બે ફોર્મ્ છે. દેવી અને દેવતાઓના રૂપે વસ્તુઓ બે નથી.

કૃષ્ણલીલાના સંદર્ભમાં તમારે જોવું હોય તો રાધા-કૃષ્ણ ઉપર પણ તે નિયમ લાગુ પડી જશે. એકજ તત્ત્વ બે રૂપે પ્રકટ થયા, એકરૂપે રાધા અને બીજારૂપે કૃષ્ણ. રાધા એ કૃષ્ણની શક્તિ છે અને રાધાને કારણે કૃષ્ણ આરાધ્ય બને છે. 'રાધા' એટલે જે આરાધન કરે તે; અને, 'રાધ્ય' એટલે જે આરાધિત થતો હોય તે. અને આરાધિકા અને આરાધિત એક-બીજામાં શક્તિ અને શક્તિમાનની જેમ વણાયેલા છે. એટલે મેલ્-ફિમેલ્નો ડિસ્પ્યુટ્ આપણે ત્યાં એ રીતે પ્રકટ નથી થયો.

**પ્રશ્ન :** કાલે કહ્યું હતું કે ટેબલ ટાઈમ્ અને સ્પેસ્માં કન્ફાઈન્ડ્ છે અને ટેબલનેસ્ કે ટેબલનું જ્ઞાન ટાઈમ્-સ્પેસ્માં કન્ફાઈન્ડ્ નથી. આથી એ બંનેને પરસ્પરાશ્રિત માની લેવા જોઈએ અને ત્યારે તો બિઈન્ગ્નો કન્સેપ્ટ્

જો ન પણ વચમાં લાવીએ તો તકલીફ શું થશે?

**જવાબ :** એક વખત જો તું આમ કહી દે કે તેમાં બિઈન્ગ્ નહીં ધેટ્ મીન્સ્ દે આર્ નૉન્-બિઈન્ગ્. ટેબલ શક્તિમાન છે અને ટેબલનેસ્ તેની શક્તિ છે. જો ટેબલમાં ટેબલનેસ્ નથી તો ટેબલ, ટેબલ થવા માટે શક્તિમાન નથી. એનો સંબંધ પાછો બરાબર એજ સંબંધ છે કે તે બંને બિઈન્ગ્ના બે ફોર્મ્ છે. એક બિઈન્ગ્નો સબ્સિસ્ટિંગ્ ફોર્મ્ ટેબલનેસ્ છે અને બીજો બિઈન્ગ્નો એગ્ઝિસ્ટિંગ્ ફોર્મ ટેબલ છે.

**પ્રશ્ન :** તેના અહં અને મારા અહંમાં ફરક શું છે?

**જવાબ :** તારામાં એક મનુષ્ય હોવાનો અહં છે કે નહીં? ભારતીય હોવાનો અહં છે કે નહીં? ભાટિયા હોવાનો અહં છે કે નહીં? સતીશભાઈના દીકરા હોવાનો અહં છે કે નહીં? કલિન્દ હોવાનો અહં છે કે નહીં? હવે તને શું લાગી રહ્યું છે કે મનુષ્ય હોવાનો જે અહં છે અને કલિન્દ હોવાનો જે અહં છે તેમાં કોણ હોલ્ છે અને કોણ પાર્ટ્ છે? મનુષ્ય બધા કલિન્દ નથી. જો તને એમ લાગે કે મનુષ્ય હોવાનો અહં કલિન્દ હોવાનો પાર્ટ્ છે તો જેટલા મનુષ્ય છે તે બધા કલિન્દ થઈ જશે. આથી તારે આ કહેવું પડશે કે કલિન્દ મનુષ્ય છે, મનુષ્ય કલિન્દ નથી. મતલબ કલિન્દ હોવાનો તારો જે અહં છે તે તારા મનુષ્ય હોવાના અહંનો પાર્ટ્ છે.

એવી રીતે આપણા જે બ્રાહ્મિક અહં છે તેનો પાર્ટ્ પારમાત્મિક અહં છે, પારમાત્મિક અહંનો પાર્ટ્ ભગવાનનો અહં છે, તેના અહંનો પાર્ટ્ કૃષ્ણનો અહં છે. તેના અહંનો પાર્ટ્ ઘરના ઠાકોરજીનો અહં છે. પરંતુ એક વાત સમજ કે એ પાર્ટ્ છે તેનો મતલબ એ નથી કે તેના ટુકડા થયા છે પરંતુ એ અર્થમાં કે તે અહં એના વિના ન હોઈ શકે. જેમ તું મનુષ્ય ન હોય તો ભારતીય તો કદાચ હોઈ શકે છે પરંતુ ભાટિયા તો નહીં થઈ શકે. કોઈ ગૈર-મનુષ્ય ભાટીયા તો નથી હોતો! તારા ભાટિયા હોવાનો અહં તારા મનુષ્ય હોવાના અહંનો પાર્ટ્ છે. જેમ આપણે ઢોકળામાંથી એક

ટુકડો ખાઈ લઈએ તો તે ટુકડો અલગ થઈ ગયો અને ઢોકળા અલગ થઈ ગયા. તે રીતનો ટુકડો નહીં પરંતુ કન્સેપ્ચ્યુઅલ્ પાર્ટ્ થઈ ગયો.

એવી રીતે જેટલા અહં છે તે શુદ્ધ અહંના પાર્ટ્ છે, ઉપાદેય હોવાના કારણે. કારણ શું? માનીલો કે ઘડાનો અહં છે. તો ઘડાનો અહં માટીના અહં, પાણીના અહંનો પાર્ટ્ થશે કે નહીં થાય? તો જે આપણો અહં છે તે બ્રાહ્મિક અહંનો પાર્ટ્ છે. તને એમ ફીલ્ થઈ રહ્યું છે કે 'તું છે'. 'તું છે' તે તારા હોવાના અહં એ પારમાત્મિક અહંનો પાર્ટ્ છે. તું ભક્ત છે આ તારો અહં તારો કોઈ ભગવાન હોય તેના અહંનો પાર્ટ્ છે. તું કૃષ્ણભક્ત છે તો તારો કૃષ્ણભક્ત હોવાનો અહં કૃષ્ણના અહંનો પાર્ટ્ છે અને તું ઠાકોરજીની સેવા કરે છે તો તે તારા સેવક હોવાનો અહં તારા ઠાકોરજીના અહંનો પાર્ટ્ છે. જો એ ઠાકોરજી નથી તો તારો અહં પેદા જ નહીં થઈ શકે.

મારી સાથે એક વખત એવી ઘટના બની. એકને બ્રહ્મસંબંધ લેવું હતું. બહુ મારી પાછળ પડી ગયા. મેં કહ્યું ''ઠાકોરજીની સેવા કરો તો બ્રહ્મસંબંધ આપું! સેવા ન કરો તો બ્રહ્મસંબંધ કેવી રીતે આપું'' એમણે કહ્યું ''મારી પત્નીને આપના પિતાજી બહેન માનતા હતા. તેથી આપને ના ન કહેવી જોઈએ''. મેં કહ્યું ''હું તમને ફૂવા માનવા તૈયાર છું પરંતુ તમારા ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા ન કરો તો બ્રહ્મસંબંધ લેવા કે આપવાનું શું પ્રયોજન?''. એમણે કહ્યું કે ''સેવા તો બહુ મુશ્કેલ છે''. તો મેં કહ્યું ''બ્રહ્મસંબંધ લેવાની શું જરૂર છે?'' પછી તો એક દિવસ એમના ઠાકોરજી ચોરાઈ ગયા તો રાતના દોઢ વાગ્યે મારી પાસે કિશનગઢ આવ્યા. બોલ્યા ''બાવા! હવે તો બ્રહ્મસંબંધ આપવું જ પડશે''. મેં કહ્યું ''આપની પત્ની ચોરાઈ ગઈ અને કહો કે હસ્તમિલાપ કરાવવો જ પડશે તો કરાવું કોનાથી હસ્તમિલાપ, ચોરસાથે કરાવું, ઉચક્કાસાથે કરાવું ...કોનાથી આપનો હસ્તમિલાપ કરાવી દઉં''. ઠાકોરજી હોય નહીં તો સેવા કરવાવાળા ભક્ત હોવાનો અહં આવશે ક્યાંથી? સીધીજ વાત છે.

**પ્રશ્ન :** ભગવાનના પછી કૃષ્ણનો જે અહં છે એ તો સમજાયો

પરંતુ આપે જે ઉદાહરણ આપ્યું તે ઠાકોરજી માટે આપ્યું કે કૃષ્ણ માટે આપ્યું?

**જવાબ :** તારા ઠાકોરજીનો જે અહં છે તે કૃષ્ણના અહંનો પાર્ટ્ છે. વાર્તા વાંચી હોય તો કલ્યાણરાયજી જે વડોદરામાં બિરાજ્યા તે પહેલાં દેવીભક્તના માથે કલ્યાણી દેવી તરીકે બિરાજતા હતા. તો એના માટે એ કલ્યાણરાયજી નહોતા કલ્યાણી દેવી હતી. હવે સમજ કે આપણે ઠાકોરજીની આ વાત સાચી માનીએ કે **''યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામિ અહમ્''** (ભગ.ગીતા.૪/૧૧) અર્થાત્ જે મને જેવા ભાવથી ભજે છે તેને હું તે પ્રકારથી ભજું છું. આથી તે સાચા દેવીભક્ત હોય તો કલ્યાણરાયજી દેવી હતા કે નહીં? તો તે વખતે કલ્યાણરાયજીને લાગતું હશે કે ''હું દેવી છું'' અને જ્યારે મહાપ્રભુજી પધાર્યા ત્યારે એમને લાગ્યું, નહીં નહીં આ દેવી નથી આ તો કલ્યાણરાયજી છે. મહાપ્રભુજીએ શું કર્યું જબરદસ્તી એમના સાડીની જેમ ધરેલા વસ્ત્ર વડા કરી દીધા અને ધોતીની જેમ ધરાવી દીધા અને કહ્યું કે ''આ કલ્યાણરાયજી છે''.

તો તમારા ઠાકોરજીનો અહં કેટલો સીમિત છે કે ''આજે પ્રભુદાસે ભોગ ન ધર્યો તેથી હું ભૂખ્યો છું'', ''તેં તારી સત્તાનું મને ન ધર્યું તો તારી સેવા અંગીકાર કરવા માટે હું મોહતાજ નથી''. કેટલો સીમિત અહં છે! તમારો પણ અહં એ ઠાકોરજીમાં સીમિત હોવો જોઈએ. સીધીજ વાત છે. આપણા ઠાકોરજીને કૃષ્ણ તરીકે ભજતાં હોઈશું તો ઠાકુર કૃષ્ણ છે. તમને એમ લાગ્યું કે મારો ઠાકુર કૃષ્ણ છે. તમને એમ લાગ્યું કે મારો ઠાકુર કૃષ્ણ નથી મારી કમાણીનું સાધન છે ત્યારે તો ઠાકુર પણ એમ જ કહેશે કે *''તુ હે હરજાઈ તો અપના ભી યહી તૌર સહી તુ નહીં ઔર સહી ઔર નહીં ઔર સહી''*

આપણે ઠાકોરજીને પુષ્ટ કરીએ છીએ તેમાં શું કરીએ છીએ? ઠાકોરજીનું સ્વરૂપ તો કૃષ્ણનું હોય છે. લડુગોપાલ હોય કે મદનમોહન હોય કે દ્વારકાધીશ કે મથુરાધીશના સ્વરૂપ પધરાવીએ પરંતુ શ્રીગિરિરાજજીમાં કયું રૂપ હોય છે? પરંતુ આપણે કરીએ શું? કૃષ્ણ તરીકે એની સેવા

પધરાવીએ છીએ. શાલિગ્રામજી તો સાવ ગોલમટોલ હોય છે. તેમાં કૃષ્ણનું રૂપ ક્યાં છે? રૂપ તો નથી પરંતુ કયા તત્ત્વ તરીકે એની સેવા કરીએ? દરેક વખતે આ તો વાત સમજવી પડશે.

લોકોની તકલીફ શું છે? જેમ જે લોકો મૂર્તિનું ભજન નથી કરતા તેઓ એમ સમજે કે આપણે પત્થર પૂજીએ છીએ. પરંતુ સવાલ એ છે કે આપણે પત્થરને દેવ સમજીને પૂજી રહ્યા છીએ કે દેવને પત્થર સમજીને પૂજી રહ્યા છીએ? આ બેજિક્ ઈશ્યુ છે. આપણે પત્થરને દેવ તરીકે નથી પૂજતા. એ તો તે લોકોની ગેરસમજ છે. દેવ સર્વરૂપ છે તો પત્થરરૂપ નથી એમ તો નહીં કહી શકીએ? જે સર્વરૂપ છે તેને આપણે પત્થર કે ધાતુના રૂપમાં પૂજીએ છીએ, પત્થર કે ધાતુને નથી પૂજતા. બધા રૂપ બનવાના કારણે દેવ જ પત્થરરૂપ પણ બન્યો છે.

જેમ તું માર્વે કે જુહૂ કે ચૌપાટી બીચ્ ઉપર નહાવા ગયો હોય તે વખતે તું બીચ્ ઉપર ન્હાઈ રહ્યો છે કે સમુદ્રમાં ન્હાઈ રહ્યો છે? બીચ્ અલગ-અલગ છે પરંતુ સમુદ્ર તો એક જ છે. બસ કથા આ જ છે.

**કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના ।**
**અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્ ॥**

**(કૃષ્ણકૃપાનું ‘સ્પંદન’ અને ભક્તિનું ‘અનુસ્પંદન’)**

આ કારિકામાં કૃષ્ણની સર્વાત્મકતાનો પહેલો આધારભૂત સ્વરૂપ છે તે કાલે મેં તમને બતાવ્યું. અહંકારનું સ્વરૂપ છે તે બ્રહ્મ પરમાત્મા ભગવાન કૃષ્ણ અને આપણા ઘરના ઠાકોરજી સુધી આપણે જોયું. અસલમાં તેના મૂલ અહં અલગ-અલગ પ્રકારના હોય છે. અલગ-અલગ પ્રકારના તેના અહંમાં એક પ્રકારનું સ્પંદન છે. તે નિષ્પંદ અહં નથી સ્પંદનશીલ અહં છે. કેમકે આપણે જોયું કે બ્રહ્મની લીલા, પરમાત્માની લીલા, ભગવલ્લીલા, શ્રીકૃષ્ણલીલા અને આપણા ઘરમાં બિરાજતાં ઠાકુરની લીલાના વિવિધ પ્રકારોમાં તેના અહં પણ સ્પંદિત થતા રહે અને આવા સ્પંદનશીલ અહંથી આપણો અહં ટ્યુન્ થાય તો આપણે બરાબર

પુષ્ટિભક્તિ કરી શકીએ. આપણે આમ સમજી શકીએ કે તેનો સ્પંદનશીલ અહં જો 'પુષ્ટિ' છે તો તેનાથી અનુ-સ્પંદિત થતો આપણો અહં 'ભક્તિ' છે.

એ અહં જો આપણામાં અનુ-સ્પંદિત નથી થઈ રહ્યો, અનુ-સ્પંદિત મતલબ, જેમ સિતારમાં વગાડવાના કેટલાક તાર હોય છે અને તેના પાછળ મિજરાબના તાર હોય. વગાડવાના તારને છેડીએ તો મિજરાબના તાર એની-મેળે અનુ-સ્પંદિત થઈને બોલવા લાગે. આને 'રૅઝોનૅન્સ્' કહેવાય. પ્રભુનો અહં જે રીતથી સ્પંદિત થઈ રહ્યો હોય તો 'પુષ્ટિ' અને 'ભક્તિ'નું સ્વરૂપ તેમાં પ્રકટ થઈ જશે. સિતારમાં તે ક્યારેક-ક્યારેક નથી થતું, જ્યારે વગાડવાના તાર અને મિજરાબના તાર એક સુરમાં મળ્યા ન હોય ત્યારે. આથી એકને છેડો તો પણ બીજામાં રેજોનૅન્સ્ નથી સંભળાતા. મહાપ્રભુજી એ પરિસ્થિતિમાં શું કરતા? *"તોસોં ભગવત્સેવા નાહિં નિભેગી તાતેં તોકું બ્રહ્મસમ્બન્ધ નાહિં દેત હું!"* તો ભગવત્સેવામાં તત્પર થવાનો અહં તેમાં મહાપ્રભુજી જગાવતા નહીં. તેને "ગુડ્ બાય્!" કહેતા. *"જે જે જા રસકે અધિકારી ભરત સમ્હારે ન છલકે"*. જે જે રસનો અધિકારી હોય તેનામાં જ તે રસ ટકી શકે. તો જ એ રીતનો અહં સ્પંદિત થઈ શકે. ખોટી જગ્યાએ આપણે બાજના તાર બાંધી દઈએ અથવા બાજનો તાર કોઈ બીજા સુરમાં મળેલો છે અને મિજરાબનો તાર કોઈ બીજા સુરમાં મળેલો હોય તો સ્પંદિત થશે જ નહીં, ભલે ગમે તેટલું પણ કેમ ન વગાડતા રહો! બાકી સ્વરસિદ્ધાન્ત તો ત્યાં સુધી કહે છે કે એક તાનપુરો એક સુરમાં મેળવો, બાજુમાં બીજો તાનપુરો રાખો. અને એક તાનપુરાને છેડીને બીજા તાનપુરાના તુંબડા ઉપર કાન લગાવો તો તેમાં અનુરણન સંભળાવા લાગશે. આ એક્સ્પેરીમેન્ટેડ્ તથ્ય છે. અનુરણના સિદ્ધાન્ત જેવો જ આપણી ભક્તિના સ્વરને છેડવાનો સિદ્ધાન્ત છે. આ તરફ ભગવાનની કૃપાનો સુર છેડાતો હોય તો તે તરફ ભક્તિનો સુર આપણામાં છેડાઈ શકશે. એવીજ રીતે આ તરફ આપણી ભક્તિનો સુર આપણે છેડતા હોઈએ તો તે તરફ તેની કૃપાનો સુર છેડાઈ શકશે. કોણ પોતાના તારને પહેલાં છેડે તેના પછી

બીજો તાર એજ સુરમાં મળેલો હોય તો પોતાની-મેળે બોલવા લાગશે, વિના છેડ્યે.

કૃષ્ણના અહંના સ્પંદનની રેન્જ્ એટલી મોટી છે કે બ્રાહ્મિક અહંથી લઈને ઘરના ઠાકુરના અહં સુધીની રેન્જ્માં તે રણિત કે અનુરણિત થઈ શકે છે. આપણે જોઈ શકીએ છીએ કે તે જેટલો મેક્સિમાઈઝડ્ થઈ શકે છે એટલો જ મિનિમાઈઝ પણ થઈ શકે છે. તેનો અહં એવો જડ નથી કે જ્યાં ચોંટી ગયો એમાંજ ચોંટ્યો રહી જાય. બ્રહ્મના સ્પંદનશીલ અહંનો ફેલાવો સતરંગી જેવો આપણે વિચારી શકીએ છીએ. તેનો રંગ જ્યાં જે રંગમાં સ્પંદિત થઈ રહ્યો છે એ બધા રંગ તેની લીલાઓ છે અને બીજું તેનું સ્વરૂપ છે.

આ વાત બતાવવાનો પ્રયાસ કાલે કર્યો હતો કે કાંઈક બ્રહ્મની હકીકત છે કાંઈક તેમાંથી ઉભરતી કહાની છે. આટલા બધા સતરંગી સ્પંદનની તેની લીલાઓ એ બ્રહ્મની કહાની છે. તો બ્રહ્મના જેવી આપણી પણ કહાની અને હકીકત પણ હોઈ શકે છે, એક શરતે કે આપણા બંનેના સ્વર એક હોય તો. આટલા માટે જ તો 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા' ગ્રંથમાં કેટલા પૉસિબલ્ ટાઈપ્ના ઈન્સ્ટ્રુમેન્ટ્ હોઈ શકે, કેટલા પૉસિબલ્ ટાઈપ્ના સ્ટ્રિંગ્ હોઈ શકે કે જે સ્ટ્રિંગમાં ડિફ્રેન્ટ્ ટાઈપ્ના અનુ-સ્પંદન હોઈ શકે તેની પૂરી વૅરાયટી આપણા માટે વર્કઆઉટ્ કરીને મહાપ્રભુજીએ સમજાવી છે.

## (શું બ્રહ્મ પરમાત્મા વગેરેનું વિશ્લેષણ નિરર્થક?)

સૌથી મહત્ત્વપૂર્ણ વાત આ જંક્ચર્પર આ સમજવાની છે કે યુરોપમાં આધુનિક સાઈન્ટિફિક્ ડૅવલપમેન્ટ્ના પછી એટલી બધી સાઈન્સ્ની બ્રાન્ચિસ્ પ્રકટ થઈ અને દરેક બ્રાન્ચમાં સાઈન્સ્નું એટલું ટ્રિમેન્ડસ્ ડૅવલપમેન્ટ્ થયું. એ ડૅવલપમેન્ટ્ના કારણે સાઈન્સ્ કે સાઈન્ટિસ્ટોએ જે પણ દર્શનશાસ્ત્રના વિષય હતા તેને ધીરે-ધીરે દર્શનશાસ્ત્રથી આંચકવાના શરૂ કરી દીધા. જે વિષયો ઉપર દર્શનશાસ્ત્ર રાજાજ્ઞાના સુર બોલતું હતું તેમાં વિજ્ઞાન બોલવા લાગી ગયું. હવે જ્યારે

આપણા એક્સપેરિમેંટ્ કે ઑબ્ઝર્વેશન્‌ના પછી બોલવા લાગી ગયું તો નૅચરલી દર્શનશાસ્ત્રવાળાઓને ઈન્ફિરિયારિટી કૉમ્પ્લેક્સ્ જેવું આવી જાય ''આમાં સાઈન્સ્ બોલવા લાગી ગયું તો હવે આપણે અનધિકારચેષ્ટા કરવામાટે શું બોલી શકીએ?'' બધાને આવું લાગે!

મેં તમને બે બાટલીબાજોની કથા સંભળાવી હતી કે તે દારૂ પી ને ફરવા નિકળ્યા અને રિવર-બ્રિજના ઉપર ગયા. એક પૅસિમિસ્ટ્ હતો અને બીજો ઑપ્ટિમિસ્ટ્ હતો. પૅસિમિસ્ટ્‌ને લાગ્યું કે ચન્દ્રમાં નીચે આવી ગયો! કોણ જાણે શું ચક્કર છે આજે! ઑપ્ટિમિસ્ટ્‌ને લાગ્યું કે ચન્દ્રમાં થોડો નીચે આવી શકે છે, આપણે ચંદ્રમાંની ઉપર આવી ગયા છીએ!! બે ઈગોના પ્રભેદના કારણે આ પ્રકારથી દારૂડિયાઓને અલગ-અલગ અનુભૂતિ થવા લાગી. હવે સાઈન્ટિસ્ટે કયો દારૂ પીધો તે મને ખબર નથી, પરંતુ એક્જેક્ટલી મૉર્ડન્ ડૅવલપમેન્ટ્‌ના કારણે સાયન્ટિસ્ટમાં અને ફિલૉસૉફરોમાં આ પ્રકારના બે ખેમા (જૂથ) ફંટાઈ ગયા. ખાસ કરીને આ વાત છેલ્લા દોઢસો વરસની હું કરી રહ્યો છું. સાઈન્સ્‌ના ટ્રિમૅન્ડલ્ ડૅવલપમેન્ટ્‌ના કારણે ફિલોસૉફરોને ડિમૉરલાઈઝ થવું પડ્યું. પહેલાં જે પણ દર્શનની સમસ્યા હતી તેને વૈચારિક દાર્શનિક ઉન્નત ગગનમાં ઉપરની તરફ જોતા હતા. ઘણાં બધાં દર્શનના સબ્જેક્ટ્ જેને દર્શનશાસ્ત્ર વિચારોના લેવલ્ ઉપર ઉઠીને આમ ઉંચો જોતા હતા. સાઈન્ટિસ્ટ્ એનેજ એક્સપેરિમેન્ટલ્ ઑબ્ઝર્વેશન્‌ના બ્રિજથી હવે નીચેની તરફ જુએ છે, અચ્છા આ ચાંદ, ચન્દ્રયાનના કારણે નીચે આવી ગયો. નૅચરલી ઘણા પૅસિમિસ્ટ્ ફિલૉસૉફર પણ એને નીચે જોવા લાગી ગયા! બીજા કેટલાંક ઑપ્ટિમિસ્ટ્ ફિલૉસૉફરોએ ઉંચે જોવાની આદત છોડી નહીં, આમ બે મુખ્ય ખેમા થયા.

એક વાત સમજો કે સાઈન્સ્ એક અલગ પ્રકારની મિમાંસા છે અને સાઈન્ટિફિક્ ફિલૉસૉફી એક બીજા પ્રકારની. સાઈન્ટિફિક્ ફિલૉસૉફીની પણ બે ખેમાબંધી છે. એક ખેમાબંધીને તે 'લૉજિકલ્ પૉઝિટિવિઝમ્ કહે છે એટલે કે તાર્કિકભાવવાદ. અને એક બીજી

ખેમાબંધી એક્ઝિસ્ટેન્શિઆલિઝમની. આ બંને ફિલૉસૉફીકલ્ ટ્રેન્ડ્ કે કૅમ્પ્ છેલ્લા સો-પચાસ વરસમાં ડૅવલપ્ થયા અને ખાસ કરીને વર્લ્ડવૉર્ના પછી એક્ઝિસ્ટેન્શિઆલિઝમે તો ખૂબજ જોર પકડ્યું પરંતુ પછી તે ચાલ્યું નહીં. આમતો યુરોપમાં એક વાત સાચી છે કે લૉજિકલ્ પૉઝિટિવિઝમ પણ વિદાય થઈ ગયો છે. છતાં પણ ઘણાબધા તેના ઉત્તરાધિકારી આપણા ભારત દેશમાં તે છોડી ગયા છે. મોટાભાગે પશ્ચિમી રીતથી જે ભણેલ-ગણેલ લોકો આપણે ત્યાં હોય. તેઓ હજુ પણ લૉજિકલ્ પૉઝિટિવિઝમ્ની વિચારસરણીનું બહુ વધારે દબાણ પોતાના વિચારોમાં મહસૂસ કરતા હોય છે. કાંઈ પણ વિચારવાનું શરૂ કરે તો દરેક વખતે એમની સામે એજ આપત્તિ આવીને ઉભી રહી જાય. બીજો એવો જ એક ફેઈજ્ હતો સન્ ૧૯૪૦થી લઈને ૧૯૭૦ સુધી, એક્ઝિસ્ટેન્શિ-આલિઝમ્નો. હવે તે ટ્રેન્ડ્ ખતમ થઈ ગયો.

તેથી લૉજિકલ્ પૉજિટિવિસ્ટ્ એમ કહે છે કે ફિલૉસૉફીની પાસે કોઈ બિઝનેસ્ કે કામ રહ્યું નથી. જે પણ કાંઈ બિઝનેસ્ હતો તે સાઈન્સે છીનવી લીધો છે. હવે ફિલૉસૉફીને બેસીને શું કરવું જોઈએ? તો એમણે કહ્યું સાઈન્સ્ના ડિફરેન્ટ્ બ્રાન્ચિઝ જે કન્કલુઝન આપતા હોય એનો અર્થ ખાલી સમજતા-સમજાવતા રહેવું; વ્યાખ્યાના સિવાય ફિલૉસૉફીની પાસે ધંધો નથી બચ્યો, ફિલૉસૉફી બીજું કાંઈ કરે તો તે અનધિકારચેષ્ટા છે! તેઓ બિચારા પૅસિમિસ્ટિક્ હતા.

જે ઑપ્ટિમિસ્ટિક્ ફિલૉસૉફર્ હતા એનામાં આ ભાવના ઘર કરી ગઈ કે કાંઈ બચ્યું જ નથી તો શું થયું? બાહ્ય જગતની બાબતમાં આપણે કાંઈ ન બોલવું પરંતુ આપણી બાબતમાં બોલતા રહો કે અમે સાઈન્સ્ની અન્ડર્માં નથી. અમારામાં ઈચ્છાસ્વાતન્ત્ર્ય છે અને અમે જે વિચારીશું તે કરશું. ઈચ્છાસ્વાતન્ત્ર્યનો એકદમ વિસ્ફોટ એક્ઝિસ્ટેન્શિઆલિઝમમાં થયો. ક્રિશ્ચિયન્ ટ્રેડિશન્માં ઈચ્છાસ્વાતન્ત્ર્યનો રોલ્ ઘણોજ સ્ટ્રોંગ્ હતો. તેથીજ તે ૧૯૭૦ સુધી ઘણો પૉપ્યુલર્ પણ રહ્યો. ઘણાબધા નાટક, ઘણીબધી પેન્ટિંગસ્, ઘણાબધા લેખ આ ત્રણ દશકામાં તે પ્રકારથી

લખવામાં આવ્યા. પરંતુ હવે તો ત્યાં પણ ભૂલાવી દેવામાં આવ્યું છે તેને. હજુ પણ લૉજિકલ્ પૉઝિટિવિઝમનું એજ્યુકેશન્ લઈને બાળકો વિશ્વવિદ્યાલયમાંથી બહાર આવે છે એમનાથી આપણે ચર્ચા કરીને જોઈએ, તો બોલે કે ન બોલે પરંતુ, એમના મનમાં તે લૉજિકલ્ પૉઝિટિવિઝમનો ચોર તો હોય જ છે કે કેમ આ વિષયમાં ખોટી ખટપટ કરો છો? જે કાંઇ સચ્ચાઇ હશે તે સાઈન્સ્ તો બતાવી જ દેશે.

તો લૉજિકલ્ પૉઝિટિવિઝમની એક ખાસિયત છે કે તે ઈશ્વરને નથી માનતું, બ્રહ્મને નથી માનતું, આત્મા જેવી ઘણી ચીજોને નથી માનતું. સ્વર્ગને નથી માનતું બીજું તો ઠીક પણ સાચી વાત તો એ છે કે તે તો મૉરલ અને બ્યૂટિમાં પણ નથી માનતું. કેમકે મૂલ સિદ્ધાન્ત આ છે કે મૉરલ્‌ના જે કન્સેપ્ટ્ 'ઑટ્ ટુ ડુ' અર્થાત્ આ તો કરવું જ જોઈએ અથવા બ્યૂટિના જે કન્સેપ્ટ્ છે કે આવી જ વસ્તુ 'સુન્દર' કહેવાય. આ બધી ધારણા એમના અનુસાર આપણી કામચલાઉ ધારણા છે, જ્યાં સુધી આને સાઈન્ટિફિક્ પ્રૂફ્ ન મળે. હવે બતાવો કે મૉરલ્સ્‌નો સાઈન્ટિફિક્ પ્રૂફ્ ક્યાંથી લાવવો ? કેવા પ્રકારનો કન્ડક્ટ્ આપણું 'મૉરલ્' કહેવાશે તેમાં સાઈન્સ્ શું બતાવી શકે? કાંઈ પણ ન બતાવી શકે. સારા અને પાકા લૉજિકલ્ પૉઝિટિવિસ્ટ્ તો મૉરલ્/ઍથિકલ્ વૅલ્યુ અને ઍસ્થેટિકલ્ વૅલ્યુને પણ ડિનાય્ કરવા માગશે. આથી સ્પિરિચ્યુઅલ્ વૅલ્યુ કે ડિવાઈન્ વૅલ્યુ, મતલબ આધિદૈવિકતાની પતંગો તો ઢીલમાં કપાઈ જાય. તે લોકો એમ નથી કહેતાં કે ઈશ્વર નથી, ન એમ કહે કે ઈશ્વર છે. "ઈશ્વર છે" એમ કહેવું જ 'મીનિન્ગ્લેસ્ પ્રપૉઝિસન્' એટલે કે નિરર્થક વિધાન છે. આથી ખંડન કરવા લાયક પણ નથી તો એક્સૅપ્ટ્ કરવા લાયક માનવાની વાત તો દૂર રહી. મીનિન્ગ્લેસ્ સ્ટેટમેન્ટ્ એટલે "પંખો કોકાકોલા પી રહ્યો છે" અથવા "એર્‌કન્ડિશન્ કેક્ ખાઈ રહયું છે" આ કેવા મીનિન્ગ્લેસ્ સ્ટેટમેન્ટ્ છે આ પ્રકારના જ બ્રહ્મ પરમાત્મા કે ભગવાનની બાબતમાં જેટલાં સ્ટેટમેન્ટ્ હોય એ બધા નિરર્થક વિધાન હોય છે. અમુક શબ્દોને જોડીને એક વાક્ય બનાવી લેવામાં આવે પરંતુ એ વાક્યનો અર્થ કાંઈપણ નથી હોતો કેમકે કોઈ પણ વાક્ય કે વિધાન સાર્થક ત્યારે જ થાય જ્યારે

તેનો સાઈન્ટિફિક્ એક્સપરિમેન્ટ્ કે ઑબ્ઝર્વેશન્ કે ડૅમોન્સ્ટ્રેશન્ના દ્વારા વૅરીફિકેશન્ થઈ શકે. ન આપી શકો તો વાક્ય નિરર્થક. બ્રહ્મથી લઈને ઠાકોરજી સુધીનું જે વિશ્લેષણ આપણે કર્યું એને લૉજિકલ્ પૉઝિટિવિઝમ્ની સામે રાખીએ તો મીનિન્ગ્લેસ્ હોવાની વિપત્તિ આપણી સામે ઉભી કરી દેશે. આ બાધાનો પાર કેવી રીતે પામી શકાય!

## (શ્રૌત અને વૈજ્ઞાનિક તત્ત્વધારણાની સમાનતા)

અહંકારના બે ભેદ છે : એક ઉપાદાન અહંકાર છે અને બીજો ઉપાદેય અહંકાર છે. ઉપાદાન અહંકારના પાછા બે ભેદ છે : કર્તા અને ક્રિયાના રૂપમાં. તેમાં પણ સિમ્પલ્, કમ્પાઉન્ડ્ અને કૉમ્પ્લેક્સ્ આ પ્રકારના ત્રણ અવાંતર ભેદ વિચારી શકાય છે. હવે લૉજિકલ્ પૉઝિટિવિઝમ્ના હિસાબથી આ બધા નિરર્થક વાક્ય છે. આ મીનિન્ગ્લેસ્ છે કે નહીં આ પોઈન્ટ્ને ફૉર્ દ્ ટાઈમ્બિઈન્ગ્ બાજુમાં રાખી દઈએ. જે સાઈન્સ્ના પ્રપૉઝિશન્ કે સિદ્ધાન્ત કે જે વાદ છે, એને આપણે ચૅક્ કરીએ તો આપણને થોડોક પૅરલલિઝમ્ ખ્યાલમાં આવી શકે. જેવી વાત આપણે કરીએ છીએ તેવી વાત તેઓ પણ કરે છે કે નહીં. તે વૈજ્ઞાનિકોનું વિધાન જો મીનિન્ગ્લેસ્ ન હોય તો આપણે પણ જે કાંઈ કહેતા હોઈએ તેને મીનિન્ગ્લેસ્ શા માટે માનવું? આટલા માટે એક વાત નિશ્ચિત સમજો કે આવી ખોટી ધારણામાં ન રહેતા કે આથી બ્રહ્મ કે પરમાત્મા કે ભગવાન કે આપણા સેવ્યસ્વરૂપ ઠાકોરજીના સદ્વસ્તુ હોવાના આટલા બધા આયામસાથે સિદ્ધ થઈ જશે. આ તત્ત્વોના પ્રતિપાદનમાં જેમ આપણી કોઈ ફ્રેમવર્ક છે તેવીજ સાઈન્સ્ પણ એક્સેપ્ટ્ કરે છે કે નહીં? અને તે જો મીનિન્ગ્લેસ્ કે અપ્રામાણિક નથી તો આપણે પણ હિમ્મતથી કેમ ન કહી શકીએ કે તમારી વાતનો મીનિન્ગ્ બતાવો શું છે? જેવો તમારી એ વાતનો મીનિંગ્ છે તેવો જ અમારી વાતનો મીનિંગ્ છે.

એક સીધીજ વાત સમજો કે મને તરસ લાગી છે તો હું પાણી પીને તરસ છીપાવી શકું છું. હવે તમને તરસ લાગી રહી છે તે મને સમજમાં નહીં આવે આ તો વાત સાચી છે. હું છતાં પણ એટલી વાત તો

સમજી શકું કે મને તરસ લાગતી હોય અને હું પાણી પીને તરસ છીપાવી શકતો હોઉં તો તમને તરસ લાગી છે તો તમારી તરસ પણ પાણી પીને કેમ નહીં છીપાય! હવે હું કહું કે સાઇન્ટિફિક્ ડૅમોન્સ્ટ્રેશન્ બતાવો કેમકે મારી તરસ છીપાઇ તે તો અનુભવથી સમજાય પરંતુ તમારી તરસ છીપાણી હું કેવી રીતે સમજું? પરંતુ જેમ મારી બુજાણી છે તેવી જ રીતે તમારી કેમ ન બુજાઇ શકે! બસ સીધીજ વાત આટલી છે. આ તો કન્સેપ્ટ્ની કૉમન્ મૉડ્લિટિની આર્ગ્યુમેન્ટ્ છે.

થોડુંક ધ્યાન આપશો તો આ વાત સમજી શકાય છે. આપણે આ વાત કેવી રીતે કહી રહ્યા છીએ અને તેનું ડૅમોન્સ્ટ્રેશન્ આપવાવાળું સાઇન્સ્ પણ એજ મૉડેલ્માં કહી રહ્યું છે કે નહીં. આથી જ્યારે સાઇન્ટિસ્ટ્ એક્સેપ્ટ્ કરતા હોય, રીઝનેબલ્ માનતા હોય તો, આપણી વાત પણ કેમ એવી ન હોઇ શકે? આ સમાનતાના વિરૂધ્ધ આપણી વાત કેવી રીતે સિધ્ધ થઇ શકશે એ તો પછીની કથા છે. આ તો ''યક્ષાનુરૂપો બલિ'' છે એટલે કે જે દેવતાને બકરો ભાવતો હોય તો તેને બકરાની બલિ ચઢાવવી, જો દૂધ ભાવતું હોય તો દૂધ ચઢાવો, માખણ ભાવતું હોય તો માખણ ચઢાવવું જોઇએ. નવું સાઇન્સ્ ભણેલા બાળકોને પેટ જે વસ્તુની બલિ ચઢાવવાથી ભરાતું હોય તો બલિ એને ચઢાવવી જોઇએ. આપણે આપણું માખણ ખવડાવીએ એને ન ભાવે. એને કેંકડા કે બકરો ભાવતો હોય તો ચઢાવો કેંકડા કે બકરો જ. જેની ભૂખ બકરો ખાવાથી મટતી હોય તેને દુઃખી શા માટે કરવો! ખુલાસો સ્પષ્ટ કરીને ચાલશો તો કન્ફ્યૂઝ નહીં થાવ.

આપણી ભીતર અહંકાર હોવો જોઇએ કે આપણે આપણા મૉડેલ્ને કહેવામાં કોઇની સામે ગભરાઇ ન જઇએ. વ્યર્થમાં દીન ન બનવું જોઇએ. મહાપ્રભુજી જે આજ્ઞા કરી રહ્યા છે **''કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના''** કૃષ્ણની સામે એક વાર નહીં એકસો સાઠ વાર દીનભાવના કરીએ. સાથે સાથે જ આપણી શરણાગતિ કે ભક્તિની સાધનાની અંતર્ગત તો આપણી વાતને ન માનનારા પ્રત્યે પણ આપણે

દીનભાવના રાખવી જોઈએ. તત્ત્વચર્ચાના અંતર્ગત ખોટી દીનભાવના રાખવાની કોઈ જરૂરત નથી. કેમકે વ્યર્થમાં જ કોઈ સાઈસ્‌ની ખોટી આર્ગ્યુમેન્ટ્ કરતો હોય તો તેના સામે આપણે દીન બનવાની જરૂરત નથી. આથી હું મારી વાત સિદ્ધ કરવા નથી માગી રહ્યો. છતાં પણ બંને ધારણાઓમાં સમાનતા બતાવવા માગું છું. આથી ઉપાદાનાત્મક અહંકારના કર્તા અને ક્રિયાના જે ભેદ છે, સિમ્પલ્ અને કમ્પાઉન્ડ્‌વાળા, તે કેવી રીતે ઉપાદેયમાં કૉમ્પ્લેક્સ્ કર્તા અને ક્રિયાના ભેદ બની જાય છે. આ જે આપણો સેટ્ ઑફ્ પ્રપોઝિશન્સ્ છે, આના જેવું જ સાઈન્સ્‌નું મૉડેલ્ શું છે? આ હું તમને સમજાવવા માગું છું.

સૌથી પહેલી વાત અહીં એક સમજવાની આ છે કે અહંકારના ઉપાદાનરૂપ અને ઉપાદેયરૂપનો જે ઈન્ટર્‌રિલેશન્ છે, તે બાબતમાં શ્રુતિનું પોતાનું સ્ટૅન્ડર્ડ્ વાક્ય શું છે? **“સ એકાકી ન રમતે...”** (બૃહ.ઉપ.૧/૪/૩). જુઓ કે આમાં કેટલા ફ્રેઝિસ્ છે.

**[૧]“સ એકાકી” [૨]“ન રમતે” [૩]“સ દ્વિતિયમ્ ઐચ્છત્”**
**[૪]“સ આત્માનં દ્વેધા અપાતયત્” [૫]“પતિશ્ચ પત્નીશ્ચ”**
**[૬]“અભવતામ્”.**

આટલી વાતો આમાં કહેવાઈ રહી છે. પહેલાં આનો અર્થ હું સમજાવી દઉં.

[૧]તે પરમ તત્ત્વ એકમેવ અદ્વિતિય છે **“સ એકાકી”** અર્થાત્ જે બ્રહ્મ હોવાની હકીકત છે.

[૨]તેણે એકલું રહેવા ન ઈચ્છ્યું **“ન રમતે”**.

[૩]તેણે પોતાના સિવાય બીજું કાંઈક થવા ઈચ્છ્યું **“સ દ્વિતિયમ્ ઐચ્છત્”** હતો તો એ એકમેવાદ્વિતિય, તેના સિવાય કાંઈ છે જ નહીં. પરંતુ તે ખુદ બીજો થઈ શકે નહીં એવું થોડું જ છે., તો પોતાની એકમેવાદ્વિતિયતાના હોવા છતાં તેણે બીજું થવા ઈચ્છ્યું.


[૪]બીજાની તેની જે ડિમાન્ડ્ હતી તે સપ્લાય્ ક્યાંથી થઈ? તો ઉપનિષદ્ કહે છે કે તેણે પોતે પોતાને બે રૂપમાં વહેંચી લીધો **''સ આત્માનં દ્વેધા અપાતયત્''** અર્થાત્ એકના બદલે બે બની ગયો.


[૫+૬]આ વાતનું ઉદાહરણ આપ્યું પતિ-પત્ની. આમાં પિતા-પુત્ર, બે દોસ્ત, કે ગુરૂ-શિષ્ય વગેરે જે દ્વૈતના ઉદાહરણ, કે જેમાં ઘણી ઈન્ટીમસી એક-બીજાની સાથે હોય એવા પણ ઉપનિષદે અને બીજા અન્યાન્ય ધર્મોએ આપ્યા છે. આ એક-બીજા સાથે કન્ફ્લિક્ટિંગ્ ડ્યુઆલિટીના નથી. જે રીતની બંનેમાં ઈન્ટીમસી છે, જે રીતની બંનેમાં ઈન્ટર્ડિપેન્ડેન્સી અન્યોન્યનિર્ભરતા છે, તે પ્રકારનો દ્વૈત ત્યાં પેદા થયો. એક એવો દ્વૈત જેની બાબતમાં આપણે ત્યાં કહેવામાં આવ્યું છે કે **''વાગર્થાવિવ સમ્પૃક્તૌ વાગર્થપ્રતિપત્તયે જગતઃ પિતરૌ વન્દે પાર્વતીપરમેશ્વરૌ''** અર્થાત્ વાણી અને અર્થ જેમ એક-બીજાથી સમ્પૃક્ત રહે છે, અલગ ન થઈ શકે, ઈન્સેપરેબલ્ છે એ પ્રકારનું ''જગત્ પિતરૌ વન્દે પાર્વતીપરમેશ્વરૌ''ના દામ્પત્ય મોડેલનું ઉદાહરણ છે ''પતિઃ ચ પત્ની ચ અભવતામ્''. અન્યોન્યપર અનિર્ભર પતિ-પત્નીના અર્થમાં ન ઘટાવી લેતાં. જેમાં મ્યુચ્યઅલ્ ડિપેન્ડેન્સ્ આવતું હોય તેવા દ્વૈતનું ઉદાહરણ વિવક્ષિત છે.

આમાં એક સમજવા લાયક ખાસ વાત આ છે કે આ પ્રકારથી પોતે-પોતાના દ્વેધા આપાદનના છ સ્ટેજ્ બતાવ્યા છે. આ થોડોક માઈક્રોબાયોલોજીને વિષય છે, જોશો તો આનન્દ આવશે કે કેટલું પૅરેલલ્ ઉદાહરણ છે. આપણે જાણીએ છીએ કે માઈક્રોબાયોલોજીમાં સેલ્ના રિપ્રોડક્શન્ના છ સ્ટેજિસ્ માનવામાં આવ્યા છે : (ચાર્ટ નં.૩)

→

## ચાર્ટ–૩




**૧.પૉફેઈસ્ ૨.મેટાફેઈસ્ ૩.એનાફેઈસ્ ૪.અર્લી ટેલો ફેઈસ્ ૫.લેઈટ્ ટેલો ફેઈસ્ ૬. રિપ્રોડ્યુસ્ડ્ ડિવિઝન્. (ઈંટરથ ફેઈસ્)**

આવા છ ફેઈજિસ્ છે. આપણે બ્રહ્મના વિષયમાં જે પ્રકારની

વાત કરીએ છીએ તે રિપ્રોડક્શનના મૉડેલ્માં પણ આવીજ રીતે લાગુ પડે છે.

દરેક બાયોલૉજીકલ્ સેલ્માં એક ન્યૂક્લિઅસ્ હોય છે, તે સેલ્ની આજુબાજુ સાઈટોપ્લાઝ્મ્ અને તેની મેમ્બ્રેઈન્ હોય છે. ન્યૂક્લિઅસ્ જેવો એઝ્જેક્ટ્લી આપણે ત્યાં પુરૂષોત્તમ છે અને સાઈટોપ્લાઝ્મ્ જેવું અક્ષરબ્રહ્મનું મૉડેલ્ છે. પુરૂષોત્તમ જેમ ખુદનો દ્વૈધીભાવ અક્ષરબ્રહ્મમાં કરે, એવી જ રીતે ન્યૂક્લીઅસ્ પણ ખુદ પોતાને સૌથી પહેલાં સાઈટોપ્લાઝ્મ્માં રિપ્રોડ્યુસ્ કરે છે. સેલ્ના ન્યૂક્લીઅસ્માં ક્રૉમોઝોમ્ હોય છે. આપણું શરીર આવા કરોડો સેલ્થી બનેલું છે. 'સેલ્' એટલે કોષ. શરીરની અંદર દરેક ક્ષણમાં અનેક સેલ્ પેદા થાય અને અનેક સેલ્ મરતા રહે, આટલું ભારે જન્મ-મૃત્યુનું ચક્કર ચાલતું રહે છતાં પણ તેમાં આપણો અહં સ્થિર રહે છે.

બ્રહ્મના શ્રૌત લક્ષણ **''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ, યત્ પ્રયન્તિ અભિસંવિશન્તિ, તદ્ વિજિજ્ઞાસસ્વ, તદ્ બ્રહ્મ''** ની જેમજ આ આપણા અહંરૂપી બ્રહ્મની ભીતર પણ કેટલું બધું પેદા થઈ રહ્યું છે, કેટલું સ્થિત થઈ રહ્યું છે અને કેટલો બધાનો પ્રતિક્ષણ પ્રલય થઈ રહ્યો છે, આ વાતથી પણ પૅરેલલિઝમ્ સમજી શકાય છે. છતાં પણ આનો અહં કાયમ રહી રહ્યો છે!

બ્રહ્મ અવિકૃત-પરિણામી છે. બ્રહ્મ વિકૃત નથી થતો પરંતુ આ આખું જગત તેની ભીતર પોતાની વિકારિતા કે અવિકારીતા પ્રકટ કરતું હોય છે. આ બધાના પરિણત થતાં રહેતાં પ્રકારોમાં બ્રહ્મ અવિકૃત ફિનોમિનાના જેવો કાયમ રહે છે. જેમ આપણો અહં કાયમ રહે છે. આ તેની ખૂબસૂરતી પાછી જોવા લાયક છે. તો ન્યૂક્લિઅસ્ સાઈટોપ્લાઝ્મ કે આ ક્રૉમોઝોમ્ની સંરચનાને આપણે આમ સમજી શકીએ કે -

**અક્ષર (=સત્તા+ચૈતન્ય+અપરિચ્છિન્નતા)**

**+**

**પુરૂષોત્તમ [=સત્+ચિત્+આનન્દ(ઐશ્વર્યાદિ ષડ્ગુણાદિ)]**

**=બ્રહ્મ**

અર્થાત્ ધર્મિભૂત સત્ ચિત્ અને આનન્દ અને આનન્દના અંતર્ગત સ્વરૂપગત ઐશ્વર્ય વગેરે ગુણધર્મ તથા ધર્મરૂપ સત્તા ચેતના અને તેની અપરિચ્છિન્નતા બંને એક-બીજામાં સમાહિત છે. આવું ઈક્વેશન્ સરળતાથી સમજમાં આવી જશે. કેમકે અક્ષરબ્રહ્મ કોઈ પુરૂષોત્તમથી અલગ નથી અને પુરૂષોત્તમ કોઈ અક્ષરબ્રહ્મથી અલગ નથી. પુરૂષોત્તમ બ્રહ્મની ન્યૂક્લિઅસ્ છે અને અક્ષર પુરૂષોત્તમની આજુબાજુ સાયટોપ્લાઝ્મના જેવું છે, જેમાં પુરૂષોત્તમ રહે છે. તેને આપણે એટલા માટેજ ધામ કહીએ છીએ. અક્ષર રૂપી ધામમાં પુરૂષોત્તમ બિરાજે છે. સાયટોપ્લાઝ્મમાં જેમ ન્યૂક્લિઅસ્ રહે છે. એગ્ઝેક્ટ્ સિચ્યુએશન્ એ જ છે. ન્યૂક્લિઅસ્ છે તેમાં અપરિચ્છિન્ન ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્યના ક્રૉમોઝોમ્ છે, જે તે રિપ્રોડક્શન્માં તિરોહિત થઈ જાય છે.

આ પાછા મૅટોસિસ્ અને માયોસિસ્, જે રિપ્રોડક્શન્ના પ્રકાર છે તેમાં પહેલા પ્રકારમાં તો એગ્ઝેક્ટ્ રિપ્રોડક્શન્ થાય અને બીજા પ્રકારમાં તેના થોડાક ગુણ તિરોહિત થઈ જાય. ત્યારે તેના પછી બંને એવા ડિપેન્ડેન્ટ્ થઈ જાય જેમ **"પતિશ્ચ પત્ની ચ અભવતામ્"** બંનેના કૉમ્બિનેશન્થી પણ પાછું કાંઈક-કાંઈક પેદા થઈ શકે છે. તે રીતની કૉમ્પ્લેક્સ્ સ્થિતિ અહીં પણ છે. ક્રોમોઝોમ્ ન્યૂક્લિઅસ્માં રહેલો છે. ન્યૂક્લિઅસ્ એક હકીકત છે પરંતુ તેમાં રહેલો ક્રૉમોઝોમ્ કહાની ઘડવાવાળી સ્ક્રિપ્ટ્ જેવો હોય છે! દરેક ન્યૂક્લિઅસ્રૂપ હકીકતમાં ક્રૉમોઝોમ્ દ્વારા ઘડેલી કહાનીની સ્ક્રિપ્ટ્ છૂપાયેલી હોય છે. અને તે જે પ્રકારથી ક્રૉમોઝોમ્ ફોર્મ્યુલેશન્ કરશે તે પ્રકારથી તેનું ડેવલપ્મેન્ટ્ થતું ચાલ્યું જાય. તે હકીકતમાં છૂપાયેલી કહાની છે. તેના પછી જે પણ

હકીકતના રૂપોમાં રિપ્રોડક્શન્‌ની કહાની પ્રકટ થાય તેમાં કાંઇક હકીકત પાછી પ્રકટ થઇ જશે. પાછી એમાંથી પણ સ્ટેઇમ્‌ સેલ્‌ બનાવીને ફરી પાછી હકીકત અને કહાનીનો એક-બીજામાં અંતર્ભાવના સાયકલ્‌ની લીલા ચાલતી રહે છે. આપણો કન્સેપ્ટ્‌ આના પૅરેલલ્‌ જતો છે.

**''સ એકાકી''** કે **''એકમેવ અદ્વિતિયં''** અથવા **''તદ્‌ ઐક્ષત બહુ સ્યાં પ્રજાયેય''** કે **''સ આત્માનં દ્વેધા અપાતયત્‌. પતિશ્ચ પત્ની ચ અભવતામ્‌''** ના ઍન્ગલ્‌થી વાત ઘણીજ પૅરેલલ્‌ જતી લાગે છે. આ પ્રકારનું તેનું સ્વરૂપ છે.

પહેલાં ત્રણ સ્ટેજિસ્‌ જોઇએ. તેમાં [1]પ્રૉફેઇસ્‌ [2]મેટાફેઇસ્‌ કે [3]એનાફેઇસ્‌. પ્રૉફેસ્‌નું ચિત્ર જુઓ. આ સેલ્‌ અને આ ન્યૂક્લિઅસ્‌ છે. જે આપણે અહીં કહીએ છીએ કે **''એકાકી ન રમતે''**નું ચિત્ર માઈક્રોબાયોલૉજીમાં પણ એવું જ છે. આમાં ટૅન્શન્‌ પેદા થાય **''ન રમતે''** નો વિદિન્‌ દ સાયટોપ્લાઝ્મ્‌ ન્યૂક્લિઅસ્‌માં એક જાતનો અપોઝિટ્‌ ડિરેક્શન્‌માં ટૅન્શન્‌ પેદા થાય છે. તેના કારણે મેટાફેઇસ્‌માં, આને અક્ષરધામ જેવો સમજી શકીએ છીએ, તણાવ આવ્યો જ્યાં **''દ્વિતિયમ્‌ ઐચ્છત્‌''** ની મેટાફેઇસ્‌ની આ સ્ટેજ્‌ આવે. ત્રીજી એનાફેઇસ્‌માં તેનો આ પ્રકારથી ભીતર **''આત્માનં દ્વેધા અપાતયત્‌''** વિદિન્‌ દ્‌ સાયટોપ્લાઝ્મ્‌ ન્યૂક્લિઅસ્‌ આત્માને દ્વેધા ડિવાઇડ્‌ કરે છે. વિદિન્‌ દ્‌ વન્‌ સાયટોપ્લાઝ્મ્‌ બે ન્યૂક્લિઅસ્‌ થઇ ગયા. તેના પછી **'પતિ'** આવી રહ્યો છે (અર્લી ટૅલોફેસ્‌) આમાં ક્લિયરકટ્‌ લાગે કે આ આ પ્રકારથી છૂટ્ટા પડી ગયા. જ્યારે અર્લી ટૅલોફેસ્‌ ચાલ્યો જાય ત્યારે **'પત્ની'** (લેટ્‌ ટૅલોફેસ્‌). આમાં ક્લસ્ટર્‌ એવો જ છે. આ પતિરૂપ છે આ પત્નીરૂપ છે. એકદમ છૂટ્ટા નથી પડતા. જ્યારે આ લેટ ટૅલોફેસ્‌ આવી ગયો તેના પછી **'અભવતામ્‌'.** આ આપણો આખો ફોર્મ સમ્પન્ન થઇ જાય છે. આ પૂરી સિચ્યુએશન્‌ જુઓ તો મૉડેલ્‌ એકદમ પૅરલલ્‌ લાગશે.

## (અહંકારનો દ્વૈધીભાવ)

જો આપણી વાત ઈર્‌રૅશનલ્‌ હોય તો આ કેમ રૅશનલ્‌ રહી જશે? અને આ જો રૅશનલ્‌ છે તો આપણી વાત કેમ ઈર્‌રૅશનલ્‌ કહેવાશે? હકીકત અને કહાની માઈક્રોબાયોલૉજી જેવી જ તો છે. અને જ્યારે આપણે મૅટોસિસ્‌ અને માયોસિસ્‌નું ડિવિઝન્‌ જોઈએ તો મૅટોસિસ્‌નું ડિવિઝન્‌ છે તે સિમ્પલ્‌ ડિવિઝન્‌ છે. જેવો તે ખુદ છે તેવો એક કમ્પાઉન્ડ્‌ બીજો ક્રિએટ્‌ કરે છે પરંતુ જ્યારે માયોસિસ્‌ના લેવલ્‌ ઉપર ડિવિઝન્‌ આવે ત્યારે કૉમ્પ્લેક્સ્‌ સિચ્યુએશન્‌ થઈ જાય છે. તેના માટે શું કરે કે ક્રૉમોઝોમ્‌ વિભાજિત થઈ જાય. થોડોક અહીં ચાલ્યો જાય થોડોક ત્યાં ચાલ્યો જાય પછી વિભાજન થઈ જાય. લાસ્ટ્‌માં જે ડૉટર્‌ સેલ્‌ હોય તેમાં જઈને યુનિફાઈ થઈ જાય. વાત તો તે જ થઈ ગઈ! એજ વાત આપણે પણ બતાવી રહ્યા છીએ કે ઉપાદેય મિશ્રિત છે. શુદ્ધ કર્તા અને આત્મભૂત ક્રિયા એકાકી હોઈ શકે પરંતુ બધી ક્રિયા એકલા પેદા નથી થઈ શકતી. કોઈક ક્રિયાઓનો કોઈક તો વિષય હશે જ. ક્રિયાકર્તા અને ક્રિયાવિષયના પરસ્પર સહયોગથી જ ક્રિયા ઉત્પન્ન થઈ શકે છે. જેવું કાંઈક મિશ્રણ થાય તો કાંઈક પેદા થઈ શકે છે. સિમ્પલ્‌ હોય તે પેદા ન થઈ શકે. સિમ્પલ્‌ સસ્ટેઈન્‌ ન થઈ શકે. આ સ્વરૂપ આપણે જોયું. અહંકારના શુદ્ધ ક્રિયા-કર્તા અને મિશ્રિત કર્તા-ક્રિયાના એકમાંથી દ્વૈધીભાવની પ્રક્રિયા પણ આવી જ છે.

**પ્રશ્ન :** એક પતિરૂપ છે અને બીજો પત્નીરૂપ છે. પહેલાં તે પતિરૂપ બને અને પછી તે પત્નીરૂપ બને તો આગળનો ક્યાં ચાલ્યો જાય?

**જવાબ :** આમાં એવું થાય જ્યારે કોઈ એક ડૉમિનેન્ટ્‌ થાય અને બીજો રિસેસિવ્‌ બની જાય છે. તું અહંકાર છોડી દે તો તારા સામેવાળાને અન્તમાં અહંકાર છોડીને સુધરવું જ પડશે. વાત થોડીક કઠીન છે પરંતુ ધીરજ તો રાખવી જ પડશે. આથી જ્યારે તેણે પોતે-પોતાને બે પ્રકારથી વિભાજિત કર્યો તો એક રૂપમાં ભર્તા અને બીજા રૂપમાં ભાર્યા બની ગયો. પરંતુ એ ન ભૂલતા કે **''આત્માનં દ્વેધા અપાતયત્‌''** આઈ એમ ધી લોર્ડ ઈન માય હાઉસ એન્ડ માય વાઈફ હેઝ એલાઉડ્‌ મી ટુ સે સો. આથી કોઈ

ડૉમિનેટિંગ્ બની જતો હોય તો બીજો કોઈ રિસેસિવ્ બની જતો હોય છે. આ બંનેની વચમાં વૉટરટાઈટ્ કમ્પાર્ટમેન્ટ્ જેવું દ્વૈત નથી હોતું.

આપણે ત્યાં તો દરેક પત્ની શક્તિ છે અને દરેક પતિ શક્તિમાન માનવામાં આવે છે. તેને 'શક્તિ' ન કહીને 'શ્રી' તો શ્રીમાન્નો મતલબ પણ શક્તિમાન. શ્રી, શક્તિ જ તો છે અને શ્રીમાન્ છે તે શક્તિમાન છે. આમ આ ખરેખર ભાષાની ભૂલ છે કે દરેક પુરૂષ કે પતિની સાથે જેમ 'શ્રીમાન્' જોડીએ તેમ દરેક પત્નીની સાથે કેવળ 'શ્રી' શબ્દ જોડવાને બદલે 'શ્રીમતી' લગાવવામાં આવે છે. ખબર નહીં આ શું ચક્કર છે? મને લાગે છે કે નવા જમાનામાં નારીઓ બધી શક્તિમતી થઈ ગઈ છે આથી 'શ્રીમતી' શબ્દ રિસેન્ટલી કોઈન્ કરી લેવામાં આવ્યો છે. હું સમજું છું આ વાતની સ્પષ્ટતા થઈ હશે!

આજે આપણો વિષય એજ છે જે આપણે કાલે જોયું. શુદ્ધ કર્તા અને ઉપાદાનમાંથી ક્રિયા પેદા થાય છે તે શુદ્ધ હોય છે. ક્રિયા ડ્યુઆલિટિને સપોઝ કરીને ચાલે છે. કેમકે કયો કર્તા શું કરી રહ્યો છે, શેનાથી કરી રહ્યો છે વગેરે-વગેરે ઘણીબધી ક્રિયાની અપેક્ષાઓ છે. દરેક ક્રિયાને કારકની અપેક્ષા અને કારકની પાંચ વૅરાયટી તો રેડીમેઈડ્ હોય છે. જે વખતે જેટલી વૅરાયટી આપણે જોઈતી હોય તે વખતે તેટલી તે વખતે લેવી પડશે. જે આપણો અહંકર્તા જે વખતે અહંક્રિયાના રૂપમાં... એટલે જેમ ચાલનારો અને ચાલવાની ક્રિયા, જોનારો અને જોવાની ક્રિયા, એમ દૃષ્ટા અને દર્શનક્રિયા, એવીજ રીતે અહંકર્તા અને અહંક્રિયાને પણ સમજો. અહંક્રિયાને જે દ્વૈતની અપેક્ષા છે તે દ્વૈત આપણે કાલે જોયું. એ દ્વૈત સિમ્પલ્ છે. બે સિમ્પલ્નું દ્વૈત છે. તે કૉમ્પ્લેક્સ્ નથી શુદ્ધ છે. એ ક્રિયાને જે બે પૉઈન્ટ્ની અપેક્ષા છે તે બિલ્કુલ મૅટોસિસ્ની જેમ ડિવાઈડ્ થયેલ બે સેલ્ છે. આથી સૌથી પહેલા ક્રિયાની એનેલિસિસ્ જોઈએ.

**પ્રશ્ન :** જો ઉપાદાન છે એજ કર્તા બની રહ્યો છે, ઉપાદાન જ નિમિત્ત બની રહ્યું છે, તો કર્તા નિમિત્ત પણ બન્યો છે. ઉપાદાન જ્યારે સ્વયં કર્તામાં અને ક્રિયામાં ડિવાઈડ્ થઈ રહ્યું છે તો ઉપાદાન ખુદ

નિમિત્તકારણ પણ બની રહ્યું છે...


**જવાબ :** આ પ્રશ્નની પાછળ રહેલી મુશ્કેલી છે અને તેનું સમાધાન ઉપનિષદ્ આપી રહ્યું છે. કરોડીયો પોતાનામાંથી જાળ કાઢે. જાળનું ઉપાદાન કરોડીયો છે અને કાઢવાનું નિમિત્ત પણ કરોડીયો છે અને રહી ક્યાં રહ્યો છે? જાળામાં જ! બ્રહ્મ ઉપાદાન અને કર્તા થયા પછી પોતાના ઉપાદેયમાં **''તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્''** કરોળીયો જઈને તે જાળાની વચ્ચે બેસી જાય એમ બ્રહ્મ પણ જાળાની જેમ જગતને વણીને, યુનિવર્સનું નેટવર્ક્ વણીને, તેના સેન્ટર્માં બ્રહ્મ બેસી ગયો છે. ઉપનિષદે આ સમસ્યાને આ રીતે ટૅકલ્ કરી છે કે જે ઉપાદાન છે તે કર્તા કેવીરીતે થશે અને કર્તા છે તે ઉપાદાન કેવીરીતે થશે? તેનું સીધું ઉદાહરણ ઉપનિષદે કરોડીયાના જાળાના આધારે લીધું છે.

કાશ્મીર પ્રત્યભિજ્ઞા દર્શને પણ આ સમસ્યાને ટૅકલ્ કરી છે, જડ જીવ શિવ સદાશિવ અને પરમશિવના વિભિન્ન અહંકારના રૂપમાં. પરમશિવ ખુદમાં એક એવો કૅનવાસ્ બનાવે અને તે ખુદના અહંના બ્રશને લઈને જે-જે ચિત્ર બનાવે તે આ જડસૃષ્ટિ છે. વાત એની એજ છે. કૅનવાસ્ ખુદ શિવ છે, બ્રશ તેનો ખુદનો અહં છે, કયો અહં? **''એકો અહં બહુ સ્યામ્''** એક હું અનેક બની જાઉં.

આ પ્રકારથી બ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ અને ઘરના ઠાકુરની અહંકર્તા હોવાની વિવિધતા જોઈ. એવી જ રીતે અહંક્રિયાના પણ સ્ટેજિસ્ શાસ્ત્રના હિસાબથી જુઓ. આપણે સાઈન્સ્ને ''ગણપતિબાપા મોરિયા!'' કરીએ અને આપણે આપણા શાસ્ત્રની વાત કરીએ.

**ક્રિયા (ચાર્ટ.૪)**

### ચાર્ટ–૪




બ્રહ્મથી બ્રાહ્મિકી, પરમાત્માથી પારમાત્મિકી, ભગવાનથી ભાગવતી, કૃષ્ણથી કાર્ષ્ણિકી. 'કાર્ષ્ણિકી' એટલે કૃષ્ણની એ ક્રિયા જે મૂલકૃષ્ણ કે ભક્તગૃહમાં આરાધ્ય પ્રભુતયા જે પ્રકટ થતી હોય. આ બધા સ્ટેજિસ્‌માં અહંક્રિયા સમ્પન્ન થઈ શકે છે. અહંક્રિયાના કેવા સ્વરૂપ છે તે જોઈશું.

**(બ્રાહ્મિક અહંક્રિયાનું સ્વરૂપ)**

સૌથી પહેલાં બ્રાહ્મિકી ક્રિયા જોઈએ તો શ્રુતિઓમાં ખુબજ સુંદર

રીતથી બતાવવામાં આવી છે :

**ક.**

**''સો અહમસ્મિ ઈતિ અગ્રે વ્યાહરત્ તતો 'અહં'નામા અભવત્. તસ્માદપિ એતર્હિ આમન્ત્રિતો 'અયમ્ અહમ્' ઈત્યે અગ્રે ઉક્ત્વા અન્યદ્ નામ પ્રબ્રૂતે યદ્ અસ્ય ભવતિ. સ યત્પૂર્વો અસ્માત્ સર્વસ્માત્ સર્વાન્ પાપ્મનઃ ઔષત્. તસ્માત્ પુરૂષઃ ઓષતિ હ વૈ સઃ તં યો અસ્માત્ પૂર્વો બુભૂષતિ... સો વેદ 'અહં વાવ સૃષ્ટિઃ અસ્મિ' અહં હિ ઈદં સર્વમ્ અસૃક્ષીતિ તતઃ સૃષ્ટિઃ અભવત્. સૃષ્ટ્યાં હ એતસ્યાં ભવતિ યઃ એવં વેદ''**

**ખ.**

**''સ 'ભૂઃ' ઈતિ વ્યાહરત્ સેયં પૃથિવી અભવત્. સ 'ભૂવઃ' ઈતિ વ્યાહરત્ તદિદમ્ અન્તરિક્ષમ્ અભવત્... સઃ 'સુવઃ' ઈતિ વ્યાહરત્ સા અસૌ દ્યૌરભવત્''.**

(**ક.**-બૃહ.ઉપ.૧/૪/૧-૫, **ખ.**-શ.પ.૧૧/૧/૬/૩)

આ વચનોની ખૂબસૂરતી જુઓ! જે પણ અહંક્રિયાના કારણે સૃષ્ટિ પ્રકટ કરવામાં આવી તે નામોચ્ચારણપૂર્વક કરવામાં આવી 'નામ' એટલે ટેબલ્નેસ્ **''સ 'ભૂઃ' ઈતિ વ્યાહરત્''** આ વ્યાહરણ નામોનું સૃજન છે અને **''સેયં પૃથિવી અભવત્''** આ રૂપોનું સૃજન થયું. જે પોતાની ભીતર નામો હતા એને ઈનવોક્ કર્યા અને જે રૂપોને ધારણ કરવાની અર્થાત્ સર્વભવનસામર્થ્ય ખુદની ભીતર હતી એને ઈનવોક્ કરીને રૂપસૃષ્ટિને પ્રકટ કરી. 'ભુવ' એટલે સ્પેસ્=આકાશ. ભૂ અને સુવની વચ્ચેના સ્પેસ્નું નામ 'ભુવ' છે. 'ભૂ' એટલે પૃથ્વી અને 'ભુવ' એટલે ઈન્ટર્સ્પેસ્. એવીજ રીતે 'સુવઃ' એટલે પરલોક. આમ બધાના નિર્માણની સૂત્રાત્મક નિરૂપણશૈલીથી ત્રણે લોક આવરી લીધા છે.

ગીતામાં ભગવાને પણ ખૂબજ સુંદર બતાવ્યું છે **"ભૂમિઃ આપો અનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ અહંકારઃ ઈતિ ઈયં મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા. અપરા ઈયમ્ ઈતસ્તુ અન્યા પ્રકૃતિં વિદ્ધિ મે પરાં જીવભૂતાં... યયા ઈદં ધાર્યતે જગત્"** (ભગ.ગીતા.૭/૪-૫). ભગવાન કહે છે કે હું બે પ્રકારથી કારણ બનું છું. એક પ્રકૃતિ=ઉપાદાનકારણ, જેનાથી જગતની બધી ઉપાદેય=વિકૃતિ પેદા થાય. પ્રકૃતિ એટલે શું? જેમ દહીંની પ્રકૃતિ શું? દૂધ. ઘરેણાની પ્રકૃતિ શું છે? સોનું. એમ જગતની પ્રકૃતિ ભગવાન કહે છે કે હું બે રીતે બનું છું. પહેલો પ્રકાર ભૂમિ આપ = જલ અનલઃ= અગ્નિ વાયુ ખં=આકાશ મનઃ બુદ્ધિઃ અહંકાર આમ આઠ પ્રકારથી હું પ્રકૃતિ બનું છું. તેમાં ભગવાન ક્રિયાત્મક અહંક્રિયા બની રહ્યા છે. અહંકર્તા પોતાની અહંક્રિયા કરી રહ્યો છે. 'અધ્યેતા' એટલે અધ્યયન કરવાવાળો કર્તા, જે અધ્યયન કરી રહ્યો છે તે ક્રિયા. જે દ્રષ્ટા છે તે જોવાની ક્રિયા કરે છે. એમ અહંકર્તા, અહં કરવાનું શરૂ કરે છે. અહં શરૂ કેવી રીતે કરે? એક્શન્માં તેને ઈમ્પ્લીમૅન્ટ્ કેવી રીતે કરે? તો ભગવાન કહે છે કે આઠ પ્રકારથી હું કારણ બનું છું. આ બધા આઠ કારણસ્વરૂપ એની ભીતર રહેલાં છે. એના ભીતર રહેલો ક્રૉમોઝોમ્ છે અને બહાર સાયટોપ્લાઝ્મમાં પ્રકટ થઈ રહ્યો છે. **" 'અહંકારઃ'ઈતિ ઈયં મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા".** હકીકતમાં રહેલી કહાની છે તે આ રીતે પ્રકટ કરી રહ્યો છે. તેના પછી ભગવાન ગીતામાં કહી રહ્યા છે **"અપરા ઈયં ઈતસ્તુ અન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં જીવભૂતાં, મહાબાહો!, યયા ઈદં ધાર્યતે જગત્"** (ભગ.ગીતા.૭/૫). એક બીજા મારા સદંશરૂપથી હું પ્રકૃતિ બનું છું અને તે મારા ઉપાદાન હોવાનું રૂપ છે. એવીજ રીતે જીવરૂપથી પણ નિમિત્તકારણ બનું છું, સદંશમાંથી આ આઠેય રૂપોનું સૃજન કરીને અસંખ્ય ચિદંશોના રૂપ લઈને એમનો ધારણકર્તા બનું છું **"જીવભૂતાં, મહાબાહો!, યયા ઈદં ધાર્યતે જગત્".** અર્થાત્ જીવરૂપથી. ભગવાન એક જડરૂપ લે છે અને બીજુ જીવરૂપ લે છે. આ જડરૂપ અને જીવરૂપ ભગવાન ક્યાં લે છે? સાયટોપ્લાઝ્મમાં. અક્ષરબ્રહ્મમાંથી પુરૂષોત્તમ આ રીતથી **"દ્વેધા અપાતયત્"** થઈ રહ્યો છે. જડને પત્ની કહીએ તો ચેતન

પુરૂષ છે.

પત્નિઓ બધી જડ છે આ મારો મતલબ નથી. ઈક્વેશન્‌ની વાત કરી રહ્યો છું. આપણે જડને પત્ની ટ્રીટ્ કરતા હોઈએ તો ચેતન પુરૂષ છે. કેમકે તે ધારણ કરી રહ્યો છે અને ધારિત છે. તે શ્રી છે અને આ શ્રીમાન્ છે. મન અને બુદ્ધિને ધારણ કોણ કરે છે? ‘ચેતના’. ચેતના ધારણ કરે છે તેથી અહંકાર બે પ્રકારનો થઈ જાય. ડિવિઝન જુઓ કેવી રીતે થઈ રહ્યું છે! એક જડ અહંકાર. એક અહંકાર તે તરફ ગયો જે રિસેસીવ્ છે અને એક ડૉમિનેન્ટ્ અહંકાર છે જે જીવમાં આવી રહ્યો છે. હું ધારણ કરી રહ્યો છું એમ એક ‘અહંકાર’ અહંકર્તાનો, તે બે પ્રકારથી અહીં જઈને સૅલ્ફસ્પ્લિટિન્ગ્‌ની પ્રોસેસ્‌થી ડિવાઈડ્ થઈ ગયો. પરંતુ આ બંને ભગવદ્‌રૂપ છે આથી કમ્પાઉન્ડ્ હોય છે. અને હજુ કૉમ્પ્લેક્સ્ નથી બન્યો એ સ્ટેજ્ આપણે જોઈ લીધું દ્વેધા આપાતનમાં કે કેવી રીતે પતિ-પત્ની થયો. છેલ્લે બે થઈ ગયો. પરંતુ બંને એક જેવાજ છે. બંનેમાં ફરક નથી.

## (પારમાત્મિક અહંક્રિયાનું સ્વરૂપ)

આ બ્રહ્મની અહંક્રિયા છે. આના પછી પરમાત્માની બાબતમાં જોયું કે તે **“તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્”** (તૈત્તિ.ઉપ. ૨/૬) થયો છે. જે સૃજન કર્યું તે સૃજનમાં પાછો એન્ટર્ થયો. રસમલાઈના જેવો સિદ્ધાન્ત છે. રસમલાઈ દૂધથી બનેલી હોવાના કારણે મૂલમાં દૂધ તો છે જ, પરંતુ દૂધમાંથી પહેલાં છેના બન્યો. છેનામાંથી ગોળમટોળ બને. એ ગોળમટોળને પાછો દૂધમાં નાખો તો તે દૂધને શોષે જાણે કે ખુદ દૂધ ન હોય! આથી તેમાં દૂધ ઘુસી જાય. તેનો ટેસ્ટ્ અલગ થઈ જાય. છેનાનો ટેસ્ટ્ અલગ હોય. જેમાં દૂધ ન ઘુસેલું હોય એવા માવાનો સ્વાદ અલગ હોય, તો દૂધ ન ઘૂસેલ હોય એવા માવાનો સ્વાદ ડિફરેન્ટ્ થઈ જાય કે નહીં? **“તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશદ્ તદ્ અનુપ્રવિશ્ય સચ્ચ ત્યચ્ચ અભવત્”** (તૈત્તિ.ઉપ.૨/૬) આ રસમલાઈ પોતાના ઔપાદાનિક રૂપમાં દૂધ પણ રહી અને ઉપાદેયરૂપમાં રસમલાઈ પણ બની ગઈ. અવિકૃત પણ છે અને પરિણામ પણ થઈ ગયું. હવે એક રૂપ રસમલાઈનું છે અને એક

રૂપ દૂધના જેવું છે. ગોળમટોળ રસમલાઈ જીવ જેવી છે. એ જીવના ભીતર દૂધની જેમ ભીતર પરમાત્મા ઘૂસે છે. મૉલેક્યુલર્ બાયોલોજીમાં આ બધા પ્રિન્સિપલ્સ્ આવે કે સાયટોપ્લાઝ્મ્ જે વાતોથી ઘડાયેલો હોય તે બધા ફિનોમિના ક્લસ્ટર્‌ની જેમ, જેવો એક નવો સેલ્ ક્રિયેટ્ થાય તેને ઘેરે અને તેમાં એન્ટર્ થઈ જતા હોય છે. કેમકે જે ન્યૂક્લિઅસ્ છે તે પોતાનો ખોરાક તો સાઈટોપ્લાઝ્મમાંથી જ લે છે. તે ખોરાક અવેલેબલ્ ત્યાં છે તો તે બધા પાછા તેમાં ખોરાક બનીને ઘુસી જાય. **"અહમ્ અન્નં અહમ્ અન્નં અહમ્ અન્નમ્"** ની જેમ. **"અહમ્ અન્નાદો અહમ્ અન્નાદો અહમ્ અન્નાદઃ"** (તૈત્તિ.ઉપ.૩/૧૦/૬) ઉપનિષદ્ મૉડેલ્ બતાવે તે મૉડેલ્‌ના હિસાબથી પાછા બધા તેમાં ઘુસી જાય. તે ઘુસે પાછા સાયટોપ્લાઝ્મમાંથી જ. આ પ્રકારથી જ્યારે પરમાત્મા જગતને ક્રિએટ્ કરીને જગતમાં ઘુસી ગયો ત્યારે પરમાત્માના અહંકારમાં એક નવો સ્પંદન પેદા થાય છે.

અહંક્રિયાના સંદર્ભમાં પરમાત્માની જે પારમાત્મિક અહંક્રિયા છે તે કેવી છે? ગીતામાં ભગવાન કહી રહ્યા છે **"ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદેશે, અર્જુન! તિષ્ઠતિ, ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા. તમેવ શરણં ગચ્છ સર્વભાવેન, ભારત!, તત્પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્યસિ શાશ્વતમ્"** (ભગ.ગીતા.૧૮/૬૧-૬૨) **"ઈશ્વરઃ સર્વભૂતાનાં"**- ઈશ્વર બધા ભૂતોમાં, **"હૃદેશે, અર્જુન!, તિષ્ઠતિ"** જ્યાં તમારી આત્મા રહી રહી છે તેની ભીતર પરમાત્મા પણ રહી રહ્યો છે. **"ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા"** - તેના ભીતરી અહંકારથી તમારો બાહરી અહંકાર નિયન્ત્રિત થઈ રહ્યો છે. કેટલા એક્સટેંટ્ સુધી? આ વાતનું નિરૂપણ ભગવાન કેટલું સુંદર બતાવે છે, **"સર્વસ્ય ચ અહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્ જ્ઞાનમ્ અપોહનં ચ"** (ભગ.ગીતા.૧૫/૧૫), હું ભીતર બેસીને તમારી ભીતર જ્ઞાન પેદા કરૂં છું, સ્મૃતિ પેદા કરૂં છું અને અજ્ઞાન પણ પેદા કરૂં છું. આ અજ્ઞાન સ્મરણ જ્ઞાનના આપસી કૉમ્બિનેશન્ અને પરમ્યુટેશન્‌થી પરમાત્મા શું-શું નથી

કરી શકતો?

અહંકારમાં ત્રણ વાત ખાસ આવે, આની ખૂબસૂરતી ઉપર ધ્યાન આપો, સ્મૃતિ ભૂતકાળ, ભવિષ્યનું અજ્ઞાન અને વર્તમાનનું જ્ઞાન. ચેતનામાં ત્રણે જ તો ફંક્શન્ છે. ભૂતકાળથી જે કૅરી ફૉર્વર્ડ્ થાય તેનાથી તમને અવેયર્ રાખીને, તમારા અહંકારને જાગૃત રાખીને, એટલે કે આ જાનવરે મને કરડ્યો હતો હવે આની પાસે ન જવું. આ આપણી ચેતનાનું ફંક્શન્ છે તે ભીતર બેઠેલો પરમાત્મા કરાવી રહ્યો છે. આપણને લાગે કે ''અહં સ્મરામિ''. સાચી વાત છે ''અહમેવ સ્મરામિ'' પરન્તુ ''પરમાત્મા માં સ્મારયતિ''. આપણને લાગે કે ''અહં વિસ્મરામિ'' સાચી વાત છે ''અહમેવ વિસ્મરામિ ન ચ અન્તઃસ્થિતઃ પરમાત્મા વિસ્મરતિ તથાપિ સ પરમાત્મા માં વિસ્મારયતિ'' આ પણ ખ્યાલમાં રાખવું જોઈએ. આપણને લાગે કે ''અહમેવ ન જાનામિ''. ''કિન્તુ કો મામ્ અજ્ઞાનીં કરોતિ? અન્તઃસ્થિતો પરમાત્મૈવ''. આથી આ તેનો પારમાત્મિક અહંકાર છે કે **''સર્વસ્ય ચ અહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિઃ જ્ઞાનમ્ અપોહનં ચ''** સ્મૃતિના કારણે આપણે શું-શું કરીએ છીએ, જ્ઞાનના કારણે આપણે શું-શું કરીએ છીએ, અજ્ઞાનના કારણે આપણે શું-શું કરીએ છીએ, તે બધું તે હિસાબથી અહંકારની પોસ્ટ્-ડૅવલપમેન્ટ્ છે, કાળના ત્રણેય આયામમાં સક્રિય બનાવી રાખવા માટે. એને ટ્રેસ્ કરી શકીએ એમાં પરંતુ આ પારમાત્મિક અહંકારનું સ્વરૂપ ભગવાને ખુદે ગીતામાં સમજાવ્યું છે અહંક્રિયાનું.

## (ભાગવતી અહંક્રિયાનું સ્વરૂપ)

આના પછી ભાગવતી અહંક્રિયાનું સ્વરૂપ જુઓ : ભગવાનની ભાગવતી ક્રિયા. ભગવાનને 'ભગવાન' શા માટે કહીએ? ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય જેમાં હોય તે ભગવાન. આ તો પુરૂષોત્તમસહસ્રનામની જેમ આપણો રિપીટેડ્ ફૉર્મ્યુલા છે. ભગવાન ખુદ જે વખતે સ્પ્લિટ્ થાય અક્ષરમાં; અર્થાત્, પુરૂષોત્તમ જગતના રૂપથી ક્ષર અને અક્ષર પુરૂષોના રૂપથી સ્પ્લિટ્ થાય છે તે વખતે; મહાપ્રભુજીના નિબંધનું પ્રસિદ્ધ વાક્ય છે

કે **“સચ્ચિદાનન્દરૂપેષુ પૂર્વયોર્ અન્યલીનતા અતએવ નિરાકારૌ પૂર્વૌ આનન્દલોપતઃ”** (ત.દી.નિ.૧/૨૯) **“સતિ ચિદાનન્દધર્મયોઃ તિરોભાવઃ, ચિતિ આનન્દસ્ય. આનન્દાંશતિરોભાવસ્યાપિ જ્ઞાપકમ્ આહ અતએવ”** (ત.દી.નિ.પ્ર.૧/૨૯) ચિદંશના તિરોધાનથી સદંશ પ્રકટ થઇ જાય અને આનન્દાંશના તિરોધાનથી જીવ પ્રકટ થઇ જાય એ સંદર્ભની વાત છે આ.

**ચાર્ટ–૫**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગુણ ભાગવતી અહંક્રિયા | = | ઐ | વી | ય | શ્રી | જ્ઞા | વૈ |
| ક્રિયા | = | દૈન્ય | દુઃખ | હીનતા | જન્માદિ વિપદ્ | અહં મોહ | વિષયરાગ વિષયમમતા |
| દોષ | = | મદ | માત્સર્ય | લોભ | મોહ | ક્રોધ | કામ |
| વિદ્યા | = | શરણા. | યોગ | તપ | ભક્તિ | સાંખ્ય | વૈરાગ્ય |
| પુષ્ટિ | = | શરણા. | નિરોધ | સેવા | સમર્પણ | સર્વાત્મભાવ | ભક્તિ |
| ગૃહઠાકુર અહંક્રિયા | = | સ્વગૃહે | યથા લબ્ધો–પચાર | તનુ વિત્તજા | સર્વસ્વ તદર્થ | ભજનીય સર્વસ્વ | કૃષ્ણસેવા |

ઐશ્વર્ય તિરોહિત થવાના કારણે મહાપ્રભુજી ત્યાં સમજાવે છે કે

દૈન્ય આવે છે. વીર્ય તિરોહિત થવાના કારણે દુઃખ આવે છે. ઐશ્વર્યનો અપોજિટ્ દૈન્ય છે. જેમાં ઐશ્વર્ય છે તેમાં દૈન્ય નથી હોતું, જેમાં દૈન્ય છે તેમાં ઐશ્વર્ય નથી. વીર્યનું અપોજિટ્ દુઃખ છે. માણસ દુઃખી ક્યારે થાય? જ્યારે તેમાં સામર્થ્ય ન હોય. જેમાં સામર્થ્ય હોય તે તો દુઃખને પોતેજ હટાવી શકે. તો વીર્યનું ન હોવું મતલબ દુઃખી થવું છે. જેમાં વીર્ય છે, સામર્થ્ય છે તેના દુઃખી થવાનો પ્રશ્ન જ નથી. યશના માટે મહાપ્રભુજી બહુ સુંદર વાત કહે છે. યશના તિરોધાનના કારણે હીનતા આવે, શ્રીના તિરોધાનના કારણે જન્માદિની વિપત્ આવે.

'જન્મ' એટલે જે વિપત્તિએ ભગવાન બુદ્ધને વૈરાગ્ય લેવા માટે બાધિત કરી દીધા. ભગવાન બુદ્ધની સાથે સમસ્યા શું હતી કે એમની બાબતમાં ભવિષ્યવાણી હતી કે તેઓ વૈરાગ્ય લઈ લેશે. એમના પિતાએ એમને બહાર જ ન નિકળવા દીધા. અને ત્યારે જ્યારે એક દિવસ તેઓ ફરવા નિકળ્યા એમણે એક વૃદ્ધમાણસ જોયો. તો બુદ્ધે પોતાના સારથીને પૂછ્યું કે ''આ કોણ આવો વ્યક્તિ છે?'' આવો વૃદ્ધ ક્યારેય જોયો જ ન હતો! ઘણો ટ્રૉમેટિક્ એક્સ્પિરિયન્સ્ હતો. ભગવાન બુદ્ધની સામે વૃદ્ધ-બીમારને જવા દેવાની મનાઈ હતી. વૃદ્ધ જોયો તો બુદ્ધે કહ્યું ''આ એવો કેવો માણસ છે?'' સારથીએ કહ્યું ''આ તો વૃદ્ધ માણસ છે'' બુદ્ધે કહ્યુ ''આ વૃદ્ધ કેમ થઇ ગયો?'' સારથીએ કહ્યું ''રાજકુમાર! જે જન્મે તે વૃદ્ધ થાયજ છે'' બુદ્ધે કહ્યું ''હું પણ વૃદ્ધ થઈશ?'' સારથીએ કહ્યું ''એ તો થવું જ પડશે.'' આગળ ગયા તો બિમાર માણસને જોયો. બુદ્ધે પૂછ્યું ''આ જમીન ઉપર કેમ પડ્યો છે?'' સારથીએ કહ્યું ''બીમાર છે'' બુદ્ધ ભગવાને પૂછ્યું ''બીમાર કેમ થયો?'' સારથીએ કહ્યું ''માણસ જન્મે તો બીમાર અને વૃદ્ધ તો થાયજ''. જે જન્મે એ તો બીમાર ક્યારેક ને ક્યારેક પડશે. આ તો બહુ લફડાની વાત છે. અંતે બધી હિમ્મત તોડી નાખનાર દૃશ્ય હતું એક મડદુ જવાનું. બુદ્ધે પૂછ્યું ''આ શું જઈ રહ્યું છે?'' સારથીએ કહ્યું ''મડદું છે'' એમણે કહ્યું ''કેમ મડદું છે?'' સારથીએ કહ્યુ ''જે જન્મ્યો તે એક ને એક દિવસ તો મરશે જ!'' ફરી પાછો બુદ્ધને એક પ્રશ્ન થયો ''હું પણ મરીશ?'' એણે કહ્યું ''મરવું તો પડશે જ.'' અને

બુદ્ધ ભગવાનના હૃદયને હચમચાવી ગયો કે "આ જનમ બેકાર છે".

**"ન મૈં કુછ થા તો ખુદા થા ન મૈં કુછ હોતા તો ખુદા હોતા. ડુબોયા મુઝકો હોનેને ન મૈં હોતા તો ક્યા હોતા?"** બુદ્ધ આવા કન્કલુઝન્ ઉપર આવી ગયા. આ બધું ચક્કર પેદા થયું છે 'હું' પેદા થયો છું એટલા માટે. હવે મારે એવો ઉપાય કરવો કે 'હું' પેદા ન થાઉં જેથી મારે આ તકલીફ ન ભોગવવી પડે. જે આપણું સ્ટેન્ડ્ છે તેનાથી જસ્ટ્ અપોજિટ્ સ્ટેન્ડ્ છે. આપણે તો અહીં સુધી કહી રહ્યા છીએ કે બ્રહ્મ પોતે-પોતાનામાં સ્વયં પેદા થઈ રહ્યો છે. **"ત્રાયતે ત્રાતિ વિશ્વાત્મા, હ્રિયતે હરતિ ઈશ્વરઃ, આત્મૈવ તદિદં સર્વં, બ્રહ્મૈવ તદિદં તથા, ઈતિ શ્રુત્યર્થમ્ આદાય સાધ્યં સર્વૈઃ યથામતિ, અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્"** (ત.દી.નિ.૨/૧૮૪) આ વાત મહાપ્રભુજી કહી રહ્યા છે. આ વાતને સમજીને આપણને ટ્રૉમા ન થાય. પરંતુ જે આ વાતને સ્વીકારવા તૈયાર નથી તેનેતો નૅચરલી ટ્રૉમેટિક્ એકસ્પિરિઅન્સ્ થશે! જ્યારે પણ ટ્રોમેટિક્ એક્સ્પિરિયન્સ્ થાય ત્યારે આપણો અહંકાર થોડોક ડગમગી જતો હોય છે. પછી તે સ્થિર નથી રહી શકતો, લોલકની જેમ ટકટકાવા લાગી જાય. શું કરવું આ સ્થિતિમાં! આ સત્તાનું શું કરવું જે સત્તામાં આટલા લફડા હોય?

આપણે ત્યાં આ જ સત્તાના બધા ખિલવાડ છે. **"જાયતે અસ્તિ વર્ધતે વિપરિણમતે અપક્ષીયતે નશ્યતિ"** આપણે આને બ્રહ્મની હકીકતની કહાની માનીએ છીએ લીલા માની રહ્યા છીએ. અબ્રાહ્મિક ચિન્તનમાં આ ટ્રૉમા બનીને આવે છે. વાત તો એની એજ છે. જોઈ કેવીરીતે રહ્યા છો એના ઉપર બધો દારોમદાર છે. આ વાત તમારા ઑપ્ટિમિઝમ્ અને પૅસિમિઝમ્થી નિર્ધારિત થતી કથા છે. હકીકતમાં જેટલું શરબત છે એટલું જ છે, પરંતુ જો તમે પૅસિમિસ્ટ્ છો તો અડધો ગ્લાસ ખાલી લાગશે અને તમે ઑપ્ટિમિસ્ટ્ છો તો અડધો ભરેલો લાગશે. તમે ઑપ્ટિમિસ્ટ્ છો તો તમને લાગશે કે આ લીલા થઈ રહી છે, પૅસિમિસ્ટ્ છો તો તમને ટ્રૉમેટિક્ એક્સ્પિરિયન્સ્ થઈ જશે. બુદ્ધને

ટ્રૉમેટિક્ એક્સ્પિરિયન્સ્ થઈ ગયો; પરંતુ મહાપ્રભુજીને લીલાના દર્શન થઈ રહ્યા છે.

આથી ભગવાન બુદ્ધ અને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી બે ધ્રુવ પેદા કરે છે. મહાપ્રભુજી કહી રહ્યા છે કે ‘‘જન્માદિ વિપત્’’ શું છે? જન્માદિ વિપત્ આપણી ભીતર શ્રીનો અત્યન્તાભાવ નથી પરંતુ શ્રી તમારી ભીતર હકીકતની જેમ ઘુસી ગઈ હોય છે પરંતુ કહાનીની જેમ બહાર નથી આવી રહી. હકીકતમાં તમારી ભીતર શ્રી છે, ‘તિરોહિત’નો મતલબ બિહાઈન્ડ્ દ્ કર્ટન્ છે. ઑન્ દ્ સ્ટેજ્ નથી. ‘‘તિરઃ પશ્ચાત્ હિતં સ્થિતં તિરોહિતં’’ જે નાટક ચાલી રહ્યું છે તેના પડદાની પાછળ શ્રી છે. તેથી આપણને લાગી રહ્યું છે કે જન્માદિ વિપત્ છે. જાયતે વર્ધતે અપક્ષીયતે મ્રિયતેના લફડા લાગી રહ્યા છે. પરંતુ આપણા મહાપ્રભુજી આ વાત સમજાવી રહ્યા છે. આ શ્રી તમારામાં નથી એવી વાત નથી આપણા બધામાં શ્રી છે. ટેબલમાં પણ શ્રી છે પરંતુ તિરોહિત છે. જો પ્રકટ થઈ શકે છે તો અહીં પણ પ્રકટ થઈ શકે છે અને નથી થઈ શકતી તો આપણામાં પણ નથી થઈ શકતી. એ કથા અલગ છે. શ્રીના તિરોધાનથી જન્માદિ વિપત્ આવે છે.

એવી જ રીતે જ્ઞાનના તિરોધાનથી અહંનો મોહ આવે છે. વૈરાગ્યના તિરોધાનથી વિષયનો રાગ આવે છે. આ મહાપ્રભુજીએ બતાવ્યું છે. આનન્દ તિરોહિત થયો કેમકે બ્રહ્મ આપણો સચ્ચિદાનન્દ છે. જેવું બ્રહ્મના કોઈ એક પાર્ટમાં આનન્દનું તિરોધાન થયું, તે ભલે સદંશનો પાર્ટ હોય કે ચિદંશનો પાર્ટ હોય, અને તેમાં આ લક્ષણ આપણને દેખાવા લાગી જાય. જેમાં ચેતના હશે તેમાં દૈન્ય આવશે. ઈંટ-ચુના-પત્થરના ઘરમાં દૈન્ય નથી હોતું. દુઃખ પત્થરમાં ન આવે પરંતુ હીનતા પત્થરમાં આવે છે. કેટલી હીનતા આવે છે? જેટલા પણ ધ્યાનવાદી કે પ્રાર્થનાવાદી છે તે બધા એમ સમજે કે પત્થરને પૂજવો એ તો હીનતા છે. પોતે પોતાને પરમાત્મા માનો. પત્થરને કેમ પૂજી રહ્યા છો! પત્થરમાં હીનતા આવી ક્યાંથી! પત્થરને આટલો હીન કેમ માન્યો!

અરવિન્દોએ આ બાબતમાં ખૂબ સરસ કહ્યું છે કે કોઈ પણ આર્ટ્‌ની સાથે તિરસ્કાર કરવાવાળો, આર્ટ્‌નો પ્રેમી નથી હોઈ શકતો. જો આ જગત ભગવાનનું ક્રિયેશન્ છે અને ઈફ્ ઈટ્ ઈઝ એન આર્ટીસ્ટીક ક્રિએશન એન્ડ ઈફ યુ હેટ્ ધી વર્લ્ડ યુ કેન નોટ લવ ગોડ. આર્ટ્‌ને જે વખતે તમે હેટ્ કરો છો તો તમે આર્ટિસ્ટને પ્રેમ નથી કરી શકતા. આર્ટિસ્ટ્‌માં આર્ટના સિવાય છે શું? કાંઈ પણ તો નથી. પહેલા એક સંગીતના ઑર્ગેનાઈજર્ હતા. એમને એક સંગીતકાર સાથે જઘડો થઈ ગયો. બંનેમાં તુમુલ સંઘર્ષ થઈ ગયો. ઑર્ગેનાઈજરે કહ્યું ''અરે! કાંઈ થામે આર્ટ્ હે પર ટિસ્ટ્ નહીં હે.'' તેને લાગ્યું કે આર્ટ્ કોઈ અલગ ચીજ છે અને ટિસ્ટ્ કોઈ અલગ ચીજ છે. એ કથા અલગ છે. આર્ટ્‌ને ધૃણા કરે તે ટિસ્ટ્‌ને પણ ધૃણા કરે છે, જે ટિસ્ટ્‌ને ધૃણા કરે છે તે આર્ટ્‌ને આજ નહીં તો કાલ ધૃણા કરશે. કેમકે આર્ટ્ અને આર્ટિસ્ટ્ મળીને એક યુનિટ્ બને છે. અહંકર્તા અને અહંક્રિયા જેટલો તો ફરક છે!

આ તિરોભાવની સ્કિમ્ મહાપ્રભુજીએ આપણને સમજાવી છે. (આ જુઓ અહંક્રિયા છે) આ જેટલી પણ વાત છે કે હું દીન છું, હું દુઃખી છું, હું હીન છું, હું જન્માદિ વિપત્‌થી ગ્રસ્ત છું, હું વિષયાનુરાગી છું આ પ્રકારની આપણી ભીતર અહંક્રિયા થઈ રહી છે તે મૂળમાં કોના આભારી છે? ભગવાનના ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્યના ખાલી પડદામાં પાછળ જવાને આભારી છે. ક્રિયા તો એજ છે. મૅથેમેટિક્સ્‌ની દૃષ્ટિથી જોઈએ તો નંબર એના એજ છે પરંતુ પ્લસ્‌ને બદલે માયનસ્ થઈ ગયા છે.

સરમદ્‌ની એક રૂબાઈ છે–

**મુસલમાં ગર બેદાનિશ્તી કે બુત ચીસ્ત ।**
**બેદાનિસ્તી કિ દીં દર બુતપરસ્તીસ્ત ।।**
**ચું અશયા હસ્ત હસ્તીરા મજાહિર ।**
**બુવદ્ જુમ્લા યકે બુત બાશદ્ આખિર ।।**

મુસલમાનને સમજાવો કે ધર્મ કઇ ચીજનું નામ છે? સરમદ્ કહી રહ્યો છે "મુસલમાનને સમજ પડે કે બુત(મૂર્તિ)નું શું સ્વરૂપ છે તો મુસલમાનને સમજવામાં તકલીફ ન થવી જોઈએ કે સાચો દીન તો બુતપરસ્તીમાં જ છે. મૂર્તિપૂજામાં જ સાચો ધર્મ રહેલો છે." જે પણ કુરાનમાં કહ્યું તેનાથી ડાયમેટ્રિકલી ઑપોજિટ્ (વિરોધી) વાત સરમદ્ કહી રહ્યો છે. આ સરમદ્, દારા શિકોહનો ગુરૂ હતો. દારા શિકોહ ઔરંગઝેબનો મોટો ભાઈ હતો જેણે ઉપનિષદ્ રામાયણ મહાભારત ભાગવતનો અનુવાદ એ જમાનામાં પર્શિયનભાષામાં કરાવ્યો હતો. દિલ્હીમાં કાશ્મીરી ગેટ્ની પાસે તેની મદરસા હતી તેમાં તે અનુવાદ કરાવતો. ગુસાંઈજીના દોહિત્ર શ્રીજગન્નાથજી ત્યાં જતા હતા.

સરમદ્ શું કહી રહ્યો છે કે "ચું અશયા હસ્ત હસ્તીરા મજાહિર" કુરાન કહી રહી છે કે અલ્લાહનું નુર કણ-કણમાં પ્રકાશિત થઈ રહ્યું છે. એની જે કિરણ છે તેનું જે જ્ઞાન છે તેનાથી જગતનો કણ-કણ પ્રકાશિત થઈ રહ્યો છે "બુવદ્ જુમ્લા યકે બુત બાશદ્ આખિર" તો શું મૂર્તિને છોડીને પ્રકાશિત કરી રહી છે એ? આવો બ્લૅક્હોલ્ હોય તો ખુદા કમજોર થઈ ગયો અને બ્લૅક્હોલ્ પાવરફુલ્ છે. સરમદ્ આમ કહી રહ્યો છે કે "એક મૂર્તિને છોડીને બધી કિરણ તેની પ્રકાશિત થઈ રહી છે? કેવી બેવકૂફીની વાત કરી રહ્યા છો! સાચો દીન તો બુતપરસ્તીમાં છે." બહુજ જબરદસ્ત વાત તેણે કહી દીધી પરંતુ કપાઈ ગયું ગળું. રહસ્યની કથા છે કે હીનતાનો ભાવ છે એ અલ્લાહનું નૂર છે, તે દરેક શૅહમાં રોશન છે. જ્ઞાન ન હોવાના કારણે હીનતાનો ભાવ છે. જો જ્ઞાન હોય તો બુતમાં હીનતાનો પ્રશ્ન ન ઉભો થઈ શકે. બુતમાં જો હીનતાનો ભાવ થાય તો આ પ્રશ્ન મસ્જીદ સુધી જશે. જો અલ્લાહનું નૂર બુતમાં રોશન ન કરી શક્યો તો મસ્જીદમાં મહાશય રોશન કેવી રીતે થશે?

એક શાયરે બહુ સરસ વાત કહી કે **"શેખને મસ્જિદ બનાકર સાફ બુતખાના કિયા, પહલે એક સૂરત તો થી, અબ ઔર વીરાના કિયા"** અલ્લાહને ભજી શકવાની જોઈ શકવાની પહેલાં એક સૂરત તો

હતી, હવે તે ખતમ થઈ ગઈ. ''પહલે એક સૂરત તો થી અબ ઓર વીરાના કર દિયા''. જો બુત(મૂર્તિ)ની સાથે આવો દ્વેષ કરશો તો તે દ્વેષ મસ્જિદ સુધી પણ પહોંચશે. કેમકે મસ્જિદમાં અલ્લાહ આવી રહ્યો છે તો મૂર્તિમાં કેમ ન આવી શકે? સીધીજ વાત છે કે હીનતાનો ભાવ શેના કારણે આવી રહ્યો છે? ભક્ત હોવા છતાં પણ અલ્લાહના યશથી આપણે કન્વિન્સ્ નથી.

જેમ વલ્લભપંથી મહાપ્રભુજીના ભક્ત હોય પરંતુ મહાપ્રભુજીના વચન સાથે કન્વિન્સ્ નથી થતાં. એમને ફક્ત મહાપ્રભુજીના વચન જ નથી ગમતા બાકી બધું ગમે છે. મહાપ્રભુજીની ભક્તિ ગમે પરંતુ મહાપ્રભુજીના વચન કહો તો સૂતક લાગી જાય. આ વલ્લભપંથી પણ આવાજ હોય છે આપણા પુષ્ટિમાર્ગમાં.

શ્રી=શોભા. જે અસ્તિત્વ છે તેની કોઈ એક શોભા છે. અને જન્મ મૃત્યુ કે બિમારી વગેરે આપણા અસ્તિત્વની સ્ટેજિસ્ છે તે આપણને શ્રીહીન બનાવી રહી છે. આપણા અસ્તિત્વની શોભાને હરી લે છે જો આપણે જન્મી રહ્યા છીએ તો પછી ટ્રૉમેટિક્ ઍક્સપૅરિયન્સ્ થશે કે જન્મ્યા તો મરવું જ પડશે. શ્રી આપણા અસ્તિત્વની શોભા છે અને જન્માદિ વિપત્તિ આપણા અસ્તિત્વને શોભાહીન બનાવે.

જ્ઞાનનો તિરોભાવ અહંની મોહાત્મક ક્રિયામાં પ્રકટ થાય છે. વૈરાગ્યનો તિરોભાવ વિષયના રાગની ક્રિયામાં પ્રકટ થાય છે.

આના પછી નેકસ્ટ્ સ્ટેપ્ દોષ : કામ ક્રોધ મોહ મદ માત્સર્ય આ છ દોષ છે. આના કૉરસ્પોન્ડિન્ગ્ છે. મદ કોણ કરે? જેમાં દૈન્ય છે. જેમાં ઐશ્વર્ય હોય તેને મદ કરવાની જરૂરત નથી પડતી. કેવીરીતે આપણો અહંકાર કૉમ્પ્લેક્સીટીમાં જઈને મદ બની જાય છે. એજ અહંકાર ઐશ્વર્યના તિરોધાનથી મદ બની જાય, એજ અહંકાર વીર્યના તિરોધાનથી માત્સર્ય બની જાય, એજ અહંકાર યશના તિરોધાનના કારણે લોભ બની જાય. જેમાં ખુદમાં યશ છે તેને લોભની જરૂરત નથી પડતી. એવીરીતે જન્માદિ વિપત્તિ ભાસિત થઈ રહી છે તેને આપણા હોવામાં મોહ પેદા

થશે. જેને પોતાના અહંકારમાં જન્માદિ વિપત્તિ ભાસિત નથી થઈ રહી. તેને મોહ નહી થાય.

સરમદ્ જામા મસ્જિદના દાદરા ઉપર બેસીને *"લા ઈલાહ ઈલ્લિલાહ મોહમ્મદ રસુલ અલ્લાહ"* માંથી ખાલી "લા ઈલાહ" જપતો હતો. 'ઈલ્લિલાહ' નહોતો જપતો. "મોહમદ રસૂલ અલ્લાહ" પણ નહોતો જપતો. મુસલમાન ધર્મના હિસાબથી આ કલમા પૂરો ન જપવો કુફ્ર છે. તો ઔરંગઝેબે પૂછાવ્યું કે "તમે કલમા પૂરો કેમ નથી જપતા?" એણે કહ્યું "પૂરો જપીશ, પરંતુ જેટલું જાણું એટલું જપું. અત્યારે મને એટલું સમજમાં આવ્યું છે કે અલ્લાહના સિવાય કાંઈ નથી. અલ્લાહ એક છે કે બે છે તે હું સમજી નથી શક્યો. જે દિવસે સમજી જઈશ તે દિવસે એ પણ જપીશ. સમજું ત્યારે જપું ને! આટલી સમજ આવી છે કે 'લા ઈલાહ' એટલે અલ્લાહના સિવાય અહીં કાંઈ નથી. એટલા માટે આટલું જ જપી રહ્યો છું". ઔરંગઝેબે કહ્યું "કતલ કરી દો એની". ત્યાંજ એની ગરદન કાપી નાખવામાં આવી. ગરદન કાપી તે વખતે પણ તેણે એમ ન કહ્યું કે ઔરંગઝેબ ગરદન કાપી રહ્યો છે. એ તો અલ્લાહને માશુક માને છે. અલ્લાહને કહે કે "તું કેટલી નિષ્ઠુર માશુક છે કે હું તારો સાચો પ્રેમી છું કે નહીં તેની પરીક્ષા ગરદન કપાવીને લે છે? ગરદન કપાવીને તું જો સંતુષ્ટ થતી હોય, મારો પ્રેમ જો સાચો સિદ્ધ થતો હોય તો ગરદન કપાવવા તૈયાર છું." આ કહીને કપાણો. આ અહં એક અલગ અહં છે. અલ્લાહના આશિક હોવાનો જે અહં હતો એ બહુજ મીઠો અહં છે. દરેકના વસની વાત નથી. જન્માદિ વિપત્તિના કારણે મોહ થાય છે.

તેવીજ રીતે ક્રોધ શેના કારણે થાય છે? આપણને જ્ઞાન નથી હોતું ત્યારે ક્રોધ આવે છે. મારી જ વાત બતાવી તમને કે થાંભલો આડો આવ્યો તો ક્રોધ આવી ગયો. કેમ ક્રોધ આવી ગયો? ડ્રાઈવિંગ કરવાનું જ્ઞાન ન હતું એટલા માટે ક્રોધ આવી ગયો. ડ્રાઈવિંગનું જ્ઞાન હોત તો સ્ટેરિંગ ફેરવીને નિકળી જાત.

આવીજ રીતે કામ જે પેદા થાય છે તે આપણામાં સ્વસ્થ વૈરાગ્ય

નથી તો વિષયનો રાગ પેદા થઈ જાય. *"તર્કે સમંદરકા ભરમ ઔર પનાહે સાહિલ, ચાહ કર મોજને ફિતરતે ફાની ચાહી"*. જે લહેરો સમુદ્રમાં પેદા થઈ છે, સમુદ્રમાં લહેરાઈ રહી છે, સમુદ્રમાં લીન થઈ રહી છે પરંતુ અમથે-અમથો ભરમ એવો પેદા થઈ જાય કે અમારે "તર્કે સમંદર" કરવો છે એટલા માટે વિષયના કિનારા સુધી પહોંચીને સમંદર છોડી દઈશું.

એમ આપણી આત્મરતિનો જે સમુદ્ર લહેરાઈ રહ્યો છે **"આત્માનન્દ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્"** (સિ.મુ.૧૬) આત્માનન્દસમુદ્રસ્થ કૃષ્ણનું ચિંતન કરવાના બદલે "તર્કે સમંદર" આપણે કરી શકીએ છીએ અને કિનારા સુધી પહોંચીને સમુદ્રથી છુટકારો મેળવી શકશું; તો "તર્કે સમંદરકા ભરમ ઔર પનાહે સાહિલ" એક ભરમ આ કે આપણે સમુદ્રને છોડી શકશું અને બીજો ભરમ એ કે કિનારા ઉપર જઈને સમુદ્રથી સ્વતન્ત્ર થઈ શકશું. આ પ્રકારની મનોવૃત્તિના કારણે લહેરોને શું પ્રાપ્ત થાય છે? "ફિતરતે ફાની ચાહી." કિનારા ઉપર પહોંચ્યા પછી લહેર, લહેર નથી રહી જતી, લહેર ખતમ થઈ જતી હોય છે. આત્માનન્દસમુદ્રસ્થ કૃષ્ણને છોડીને જે વખતે આપણે વિષયરાગમાં જવા ઈચ્છીએ તો આપણે કામનો સહારો લેવો પડે છે. ભગવાન સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્"** (ભગ.ગીતા.૩।૩૭) **"કામાત્ ક્રોધો અભિજાયતે, ક્રોધાદ્ ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્ સમૃતિવિભ્રમઃ સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ"** (ભગ.ગીતા. ૨।૬૨-૬૩) આ જે દોષ છે તે આપણા અહંકારમાં આ રીતથી પ્રકટ થાય છે.

### (દોષાદિનું નિવારણ પંચપર્વાવિદ્યાથી)

આ અહંક્રિયા તેની છે પરંતુ આનો પ્રોડક્ટ્ આપણામાં છે. ભગવાનની અહંક્રિયાના માઈનસ્ હોવાના કારણે આપણી ચેતનામાં ઍજ્ એ પ્રોડક્ટ્ આવી રહી છે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આનંદના તિરોધાનથી સ્વરૂપવિસ્મૃતિ થાય છે, અને સ્વરૂપવિસ્મૃતિ થવાને કારણે

પંચપર્વા અવિદ્યાના કારણે આપણા ભીતર અધ્યાસ થાય છે. દેહાધ્યાસ, અન્તઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ અને સ્વરૂપવિસ્મૃતિ. અવિદ્યાના ચક્કરમાં આપણે જ્યારે આવીએ છીએ તેનો એન્ટીડોઝ મહાપ્રભુજી વિદ્યાના પાંચ પર્વ માની રહ્યા છે. વિદ્યાના પાંચ પર્વ આનાથી કેવી રીતે એસોસિએટ્ થઈ રહ્યા છે?

આ પ્રક્રિયાનો સૌથી પહેલાં ઐશ્વર્યના તિરોધાનના કારણે દૈન્ય પેદા થયું. દૈન્યને કારણે પેદા થતા મદનો એન્ટિડોઝ શરણાગતિ બને. **''ઉદ્ધરેદ્ આત્મના આત્માનં નાત્માન્ અવસાદયેત્, આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ આત્મૈવ રિપુરાત્મનઃ** (ભગ.ગીતા.૬/૫) **''અત્તા હિ અત્તનો નાથ કો હિ નાથો પરો સિયા''** (ધમ્મપદ.૧૨/૪). એ મદ આપણે કેવીરીતે છોડી શકીએ? ભગવાન અને મહાપ્રભુજી કહી રહ્યા છે કે **''દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે''** (ભગ.ગીતા.૭।૧૪): **''મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે, એવકારેણ સર્વેષામ્ અનુપાયત્વમાહ હિ''** (ત.દી.નિ.૨।૩૦૪) આ ગુણમયી માયા જે છે તે દૈવીમાયા છે, આ તમારી માયા નથી મારી માયા છે; અને **''મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે''** કેવીરીતે તરન્તિ, વિદ્યાદ્વારા તરન્તિ. **''અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયા અમૃતમ્ અશ્નુતે''** (કેનોપ.૧૧) સામવેદમાં આના માટે બહુ સરસ ગાન છે.

એક અંગ્રેજ હતી, તેણે એક વખત કહ્યું હતું કે જો તાજમહાલ જેવું સ્મારક મારા માટે કોઈ બનાવતું હોય તો હું મરવાનું પસંદ કરીશ. એમ સામવેદનું એક ગાન છે મરતા માણસને સેન્ડ્ઑફ઼(વિદાય) દેવાનું અને ખરેખર કોઈ આવો હોશહવાસમાં સેન્ડ્ઑફ઼ આપી શકતો હોય તો મરવાનું પણ પસંદ આવે આવું એક મધુરગાન છે 'સામ'નું.

**''સેતૂન્ તર દુસ્તરાન્ સેતૂન્ તર દુસ્તરાન્''** : આ સેતુને તરી જા તું. કયા-કયા સેતુઓને? **''અક્રોધેન ક્રોધં સેતૂન્ તરઃ દુસ્તરાન્'' :**

અક્રોધથી ક્રોધના સેતુને તરી જા. **''દાનેન અદાનં સેતૂન્ તર દુસ્તરાન્''** : આ અદાનની જે ખાઈ છે તેને દાનના સેતુથી તું તરી જા. એવીજ રીતે **''જ્ઞાનેન અજ્ઞાનમ્ સેતૂન્ તર દુસ્તરઃ દુસ્તરાન્''** : (અજ્ઞાનની ખાઈને જ્ઞાનના સેતુથી તરી જા) હકીકત સમજી લે તો બસ આ સેતુને તું તરી જઈશ. મરતી વખતે બોલવાનો મંત્ર છે! ખરેખર મરવું પણ પસંદ આવે આવું કોઈ કહેતો હોય તો. 'સેતુ સામગાન' આને કહેવામાં આવે છે. બહુજ મીઠો સામ છે. હું ખાસ શીખવા માટે ગયો હતો ગુરૂજીની પાસે. સેતુ સામગાન એટલું મને પસંદ આવ્યું.

આમાં એક વાત ધ્યાનથી જુઓ કે શરણાગતિ આપણા મદના સેતુને તરવાનો એક ઍન્ટિડોઝ છે. સિમિલર્લી આ જે માત્સર્ય છે તે યોગથી રિલેટેડ્ વાત છે. લોભનો ઍન્ટિડોઝ તપ છે. મોહનો ઍન્ટિડોઝ ભક્તિ છે. ક્રોધનો ઍન્ટિડોઝ સાંખ્ય (વિદ્યાના પાંચપર્વ) **''વિદ્યાયા પંચ પર્વાણિ તત્સાધનાનિ આહ. વૈરાગ્યં સાંખ્યયોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે''** (ત.દી.નિ.૧/૪૫) છે. અને કામનો ઍન્ટિડોઝ વૈરાગ્ય છે. વિદ્યાના પાંચ પર્વ પ્લસ્ શરણાગતિ, આ છ તેના કેવીરીતે ઍન્ટિડોઝ બને છે.

એ થોડું જુઓ (ચાર્ટને જોઈને) કે અહંતા મેં તમને બતાવ્યું કે શરણાગતિથી આપણે મદ છોડી શકીએ છીએ કેમકે જે વખતે આપણે એમ કહીએ કે **''સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ''** (શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્) : સર્વસાધન હીન છું, પાપપીન છું, તો આપણે શું કહીએ કે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ આત્મોદ્ધારના મદને આપણે છોડી રહ્યા છીએ. આ યોગ વિદ્યાના પાંચ પર્વવાળો શું છે? માત્સર્ય આપણને શા માટે થઈ રહ્યું છે કેમકે કોઈ સુખ આપણને જોઈએ છે તે સુખ આપણને નથી મળી રહ્યું પરંતુ કોઈ બીજો લઈ રહ્યો છે. આપણને માત્સર્ય થાય પરંતુ આપણે તેને ગાળ તો ન દઈ શકીએ અને ન તો આપણે કહી શકીએ કે આ સુખ અમારે જોઈતું હતું અને તેને મળી રહ્યું છે. તો આપણે શું કરીએ કે જેને સુખ મળી રહ્યું છે

તેને બદમાશ માનીએ છીએ. હકીકતમાં આપણે આ કબૂલ કરવા માટે તૈયાર ન થઈએ કે આ સુખ અમારે જોઈતું હતું અને અમને જ નથી મળી રહ્યું એટલા માટે તે માણસ બદમાશ લાગી રહ્યો છે. તેનો ઍન્ટિડોઝ કેવીરીતે આવી શકે? તમે તમારા ચિત્તને સમાહિત તમારામાં કરો. બીજાને શું સુખ મળી રહ્યું છે તેની ચિંતા ન કરો. તમને શું મળી રહ્યું છે, **''પ્રાપ્તં સેવેત નિર્મમઃ''** (વિ.ધૈ.આ.૧૫) આટલો યોગ જો તમે કરશો તો એનીમેળે માત્સર્યનો ઍન્ટિડોઝ થઈ જશે. આ પ્રકારથી યોગની જે પ્રક્રિયા છે વિદ્યામાં તે માત્સર્યની નિવારિકા બને છે.

જેટલો લોભ પેદા થાય છે તે શા માટે પેદા થાય છે? માણસમાં પોતાની ભીતર ક્યાંક ને ક્યાંક હીનતાની ગ્રન્થિ ભરેલી છે. ચિત્તા અને સિંહને ક્યારેય સંગ્રહ કરવાની જરૂરત નથી પડતી. પરંતુ ચિત્તો સિંહથી વધારે દોડતો હોય છે, સિંહ એટલો તેજ નથી દોડી શકતો. અને સિંહ બિચારો ઘણી વખત જાડ ઉપર નથી ચડી શકતો. ચિત્તાને જાડ ઉપર ચડતા પણ આવડે. છતાં પણ ચિત્તાને સેલ્ફ-કૉન્ફિડેન્સ્ ન હોવાને કારણે ખાવું ન હોય તો પણ મારી-મારીને લાશ લટકાવીને રાખે. પરંતુ સિંહની એ ખાસિયત છે કે તેને ખાવું ન હોય તો બકરો પણ સામે આવે તો આંખ મીંચીને બેઠો રહે. આવતો હશે મારે શું છે. જે વખતે ભૂખ લાગે તે વખતે હાથીને પણ મારી શકે કેમકે તેને પોતાની હીનતાનો બોધ નથી, સેલ્ફ-કૉન્ફીડેન્સ્ છે. એટલા માટે જ એક શ્લોકમાં કહેવાયેલું છે કે **''ભોક્તું ગજોપિ હન્તવ્યઃ ભોક્તવ્યશ્ચેત્ હતો યદિ''** : ખાવા માટે હાથીને મારવો હોય તો મારો, કોઈ મારીને દઈ જાય તો ખાઈલો ચુપચાપ. બહુ વધારે પંચાયત ન કરો. મળી રહ્યું છે કે નથી મળી રહ્યું ખાઈ લો ને યાર! ''ભોક્તવ્યશ્ચેત્ હતો યદિ ગજ ભક્ષણવ્યાપારે વ્યાઘ્રો વ્યાઘ્ર વૃકો વૃકઃ'' : હાથીને ખાવામાં જે શેર છે તે શેર જ છે, પરંતુ જે વૃક હોય ('વૃક'=વરૂ), વરૂ ક્યારેય હાથીને મારવાનું સાહસ ન કરે! પડેલો મળી જાય તો હાથીને પણ ખાઈ જાય વરૂ. કોણ મારીને ગયું છે? કોના માટે મારીને ગયું છે? મારા માટેજ મારીને ગયું હશે. જે અમારી હવેલીમાં ભેટ આવી રહી છે તે

અમારા માટે તો આવી રહી છે. આ એક વૃકવૃત્તિ છે, વ્યાઘ્રવૃત્તિ નથી. બંનેની વેલ્યુએશન્(સ્વાભાવિક ગુણ) આપણને બરાબર સમજમાં આવે કે હાથી બંને ખાઈ રહ્યા છે, હાથી ખાવામાં કોઈની કમ સામર્થ્ય નથી. પરંતુ કેવી રીતે ખાવો હાથી, એમાં બંનેના માદ્દા ખબર પડે કે સિંહ મારીને ખાય અને વૃક મરેલો ખાવાવાળો છે.

તો એ પ્રકારના હીનતાબોધને કારણે માણસ સમજતો જ હોય છે કે આપણે હીન છીએ. જે પણ મારીને દઈ જાય; તે આપણા ખાવા માટે જ તો છે. મળી ગયું છે તો ખાવ. રસિયામાં બહુ સરસ કહ્યું છે કે *"આયો હોરીકો ત્યોહાર મના લેં નાર હવેલીપે, ચરણામૃતસો ચાટ જાકે ચાટત ડોલે હોઠ ઝૂઝ પડે ભગત તપેલીપે. આયો હોરીકો ત્યોહાર મનાયલે નાર"*. આ બહુ મજેદાર રસિયો છે. એ ઝૂઝ પડ્યા ભગત આવા જ હોય બધા તપેલીપર ચાટવાવાળા. તો ચિત્તાની જેમ એ હીનતા આપણામાં લોભ તરીકે જે વખતે પેદા થાય તેનો ઍન્ટીડોઝ થાય તપ. 'તપ'નો મતલબ પોતાને તકલીફ દેવી. વધારે તકલીફની જરૂરત નથી પરંતુ એટલી તકલીફ આપવી શીખો કે જે તમારા અહંકારને અસ્વસ્થ બનાવતો હોય એવો લોભ કરવાની જરૂરત નથી. એટલો જ લોભ કરો જેટલો ભોગ કરવો છે. ભોગમાં દોષ નથી. જેમ સિંહ ભૂખ્યો છે તો હાથીને પણ મારીને ખાશે એ ભોગમાં દોષ નથી, તેનો ખોરાક છે. જે વખતે તમારે ખાવું નથી અને મારી-મારીને લાશોને લટકાવી રાખી છે. કોણ જાણે ક્યારે પાછું મળે કે ન મળે 'આજનો લ્હાવો લીજિયેજી કાલ કોણે દીઠી છે' એ વૃકવૃત્તિ આવી ગઈ. તો આનાથી આપણે બચવું જોઈએ. એ વિદ્યાનો એક ઍંગલ્ છે.

અને ભક્તિ. જુઓ આ વિદ્યાંગ જે ભક્તિ છે તે નેસેસરિલી આપણી કૃષ્ણથી રિલેટેડ્ ભક્તિ નથી. આ ભક્તિ કૃષ્ણભક્તિ ન થઈને ભક્તિમયી વૃત્તિનો પ્રશ્ન છે. જેમ તમારામાં શરણાગતિની વૃત્તિ હોવી જોઈએ, યોગવૃત્તિ હોવી જોઈએ, તપોવૃત્તિ હોવી જોઈએ એમ એક ભક્તિની વૃત્તિ છે. તમારામાં જે જન્માદિ વિપદ્નો મોહ છે તે મોહ ખુદ એક ભક્તિ છે પરંતુ ભક્તિ કોના માટે? મોહ વિષયની ભક્તિ છે અને તે

વિષયના સિવાય તમને કોઈ અવિષયની જે વખતે ભક્તિ જાગે તે તમારા મોહનો ઍન્ટીડોઝ થશે. એટલે જેને માટે આમ કહ્યું છે **"યા પ્રીતિઃ અવિવેકાનાં વિષયેષુ અનપાયિની ત્વામ્ અનુસ્મરતઃ સા મે હૃદયાદ્ મા અપસર્પતુ"** (વિષ્ણુ.પુરા.૧/૨૦/૧૯) તને અનુસ્મરણ કરીને મારા હૃદયમાંથી ભક્તિ ન જવી જોઈએ. આ વાત જરૂરી નથી કે ભક્તિ કૃષ્ણને માટે જ છે. શિવનો ભક્ત હોય તો તેને શિવના માટે છે, જે દેવીનો ભક્ત હોય તેને દેવીને માટે છે. જે ગણપતિનો ભક્ત હોય તેને ગણપતિના માટે છે. જે જેનો ભક્ત હોય તેના માટે પરંતુ જો તમે સાધના કરી રહ્યા છો તો તમારામાં કોઈ ભક્તિની વૃત્તિ હોવી જોઈએ.

સિમિલરલી સાંખ્ય. 'સાંખ્ય શું છે? અહંનો મોહ. અહંનો મોહ એક બહુ મોટી ખરાબ બલા છે. મેં તમને કાલે વાત બતાવી હતી કે ભગવાન ત્રણસો વખત અહં કહીને પાછી અહંને ગાળો દઈ રહ્યા છે. તે ક્યા અહંને ભગવાન ગાળો આપી રહ્યા છે? સ્વસ્થ અહંને નહીં પરંતુ અસ્વસ્થ અહંને. અસ્વસ્થ અહં કેવો હોય?

જેમ મેં તમને બતાવ્યું હતું કે આપણો અહંકાર સવારે ઉઠીને આપણા મોઢામાં આવતી વાસ જેવો ફિનોમીના છે કે જે આપણને ખબર ન પડે બીજાને ખબર પડે. પરંતુ આ તો અસ્વસ્થ અહંની કથા છે. સ્વસ્થ અહં કેવો છે? કોઈ પરફ્યૂમ કે અત્તર જેવો. દરેક અત્તર કે પરફ્યૂમને તમે લગાવો એટલી વાર તમને સુગંધ આવે તેના પછી તમને નહીં બીજાને સુગંધ આવે. લગાવ્યું નહીં અત્તર પરફ્યૂમ પાઉડર, મૅક્ઝિમમ્ તેની રૅન્જ્ પાંચ મિનિટ સુધી પણ બહુ મુશ્કેલ હોય છે. એ સુગંધ તમને ન આવે બીજાને આવે. તો આપણા અહંનું જે સ્વસ્થ હોવું છે તેની સુગંધ બીજાને આવતી હોય છે અને આપણા અસ્વસ્થ અહંની દુર્ગંધ પણ બીજાને આવતી હોય છે. આપણા સ્વસ્થ અહંની સુગંધ આપણને પાંચ મિનિટ આવે. હર કોઈ સ્વસ્થ અહંનો આ તકાજો(આદેશ,અનુરોધ) છે કે વધારે વખત લિંગર્ઑન્ ન કરવું જોઈએ, હૅંગ્ઓવર્ ન કરવું જોઈએ. હૅંગ્ઓવર્ કરી રહ્યો છે અહં તો વાસવાળો અહં છે, કોઈ અસ્વસ્થતા છે જે અસ્વસ્થ

અહંને ભગવાન ગાળો આપી રહ્યા છે કે અહંકાર તમને ભ્રષ્ટ કરશે. **''અહંકાર-વિમૂઢાત્મા 'કર્તાહમ્' ઈતિ મન્યતે''** (ભગ.ગીતા.૩/૨૭).

મેં એક મજેદાર જોક્ વાંચ્યો કે એક માણસ સ્ટીમરમાં જઈ રહ્યો હતો. તો જે ફર્સ્ટ્ક્લાસની ટીકીટ હોય તેમાં તો સારૂં સારૂં બધું મળે પરંતુ જે સેકન્ડક્લાસની કૅબિન હોય એમાં એક ગોળ બારી હોય. તે બારીની સામે એમની સીટ કે કેબિન હોય. તેને જેવી રિઝર્વ સીટ મળી ગઈ તે જઈને બેઠો. બારીમાંથી જોયું, પ્રસન્ન થઈ ગયો. પછી તે બહાર નિકળ્યો તો કેબિન નંબર ભૂલી ગયો. તેણે કેપ્ટનને જઈને પૂછ્યું કે ''મારી કેબિન ક્યાં છે?'' એણે કહ્યું ''તમારી કેબિનની મને કેવીરીતે ખબર હોય? તમને ખબર હોવી જોઈએ, નંબર બતાવો!'' ''એ જ તો તકલીફ છે નંબર જ યાદ નથી.'' તો એણે કહ્યું કે ''ત્યારે મને કેવીરીતે ખબર પડશે?'' તો તેણે કહ્યું ''જુઓ હવે હું એક વાત કહું. એ લાઈટ હાઉસ(દીવાદાંડી) મારી કેબિનની સામે હતી.'' દીવાદાંડી તો જ્યારે સ્ટીમર ચાલી ત્યારે સામે હતી. હવે તો સ્ટીમર ક્યાંની ક્યાં આવી ગઈ પરંતુ અહંકાર કાયમ રહી ગયો કે અમારી કેબિનની સામે દીવાદાંડી છે. હવે આ અહંને લઈને માણસ યાત્રા કરતો હોય તો પોતાની કેબિન કેવી રીતે શોધી શકે? કેબિન નહીં શોધી શકે. આવી ક્ષુદ્ર વાતો ઉપર આપણે જ્યારે આપણો અહં ટકાવી રાખ્યો હોય કે બીજાની કાચની બારીની સામે દીવાદાંડી ન હતી, હૂંહ...અમારી કેબિનની સામે તો દીવાદાંડી હતી. પરંતે એ તો સ્ટીમર ચાલી અને બીજાની તરફ ચાલી ગઈ! *''તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ. એ દિલે-નાદાં યે બદગુમાની હે.''*

આ તો એક ફની જોક્ની વાત છે પરંતુ જીવનમાં જોશો તો આમ કેટલી બધી દીવાદાંડી આપણે આપણી ઉભી કરી રાખી છે કે અમે એ છીએ અમે તે છીએ. 'ગામમાં કોઈ જાણે નહીં ને હૂં વરની ફઈ'. આવા દીવાદાંડી જેવા ઘણાંબધાં અહં આપણે પાળીને રાખ્યા હોય છે. એ અહંની ઠાકોરજી નિંદા કરે છે. સ્વસ્થ અહંની નિંદા નથી કરતા. સ્વસ્થ અહં તો એકદમ ભગવાનના આનંદથી મળેલો આપણી ચેતનાનો

ઉત્તરાધિકાર છે. જેમ બાપની સંપત્તિ દીકરાને મળે તે રીતથી. તો આ એક રહસ્ય છે તેનું.

સાંખ્ય શું કરે છે કે અહંના મોહને કારણે જે આપણને ક્રોધ આવે છે; જુઓ ક્રોધ કેમ આવે છે? કેમકે આપણે એમ માનીએ છીએ કે બધી વસ્તુ જે પ્રકારથી છે તે પ્રકારથી હોવી જોઈએ. કેમકે આપણે કોઈ-કોઈ દીવાદાંડીઓ સામે રાખી હોય છે. અને આપણે જે પ્રકારથી ઈચ્છી રહ્યા છીએ તે પ્રકારથી બધી વસ્તુ નથી થતી તેથી આપણને ક્રોધ આવે. આપણે જે વખતે દીવાદાંડીને આપણા સામેથી સરકાવી દઈએ અને સમજી લઈએ કે આપણે ઈચ્છીએ એમ બધું કાંઈ થવાનું નથી. આ તો સ્ટીમર ચાલી અને દીવાદાંડી ગાયબ થઈ જશે તો એનીમેળે ક્રોધ ગાયબ થઈ ગયો. પછી આપણને તે અહંનો મોહ નહીં રહી જાય.

સાંખ્યતો મતલબ એ છે કે કઈ વસ્તુ તમારી સાથે રહેનારી છે અને કઈ વસ્તુ છૂટી જનારી છે. ઍન્યુમરેટ્ કરીને જોઈ લો. જે છૂટી જવાની છે તેનો વ્યર્થમાં અહં પાળો નહીં; જે રહેનારી હોય તેનો અહં પાળો, એ તો તમારો પાર્ટ છે. જે વસ્તુને તમે નિભાવી નથી શકતા તે વસ્તુનો અહં પાળશો તો તે અંતમાં શું કરશે? ક્યાંક ને ક્યાંક તમારામાં ક્રોધ પેદા કરશે. જે વસ્તુને આપણે પાળી શકીએ છીએ તેને પાળશું તો ક્રોધનો કોઈ સવાલ નથી. આપણે મનમાં એ ફાંકો રાખીને ચાલીએ કે જે અમે ઈચ્છીએ છીએ તેવી રીતથી જ બધું થવું જોઈએ. એ રીતથી બધું થવાનું નથી કેમકે દુનિયામાં એકલા તમે જ તો છો નહીં. તમે હોત એકલા તો જીવતાં જ ન રહેત. દુનિયાનું સ્ટ્રક્ચર આ પ્રકારનું નથી કે કોઈ માણસ એકલો રહી શકે. તો તમે જીવતા કેવી રીતે રહેત? તમારે જીવતા રહેવું છે તો ઘણાનું હોવું જોશે. જેમ તમે ઈચ્છી રહ્યા છો એવી રીતે બધું નહીં થાય. પરંતુ જેમ ઍક્સિડેન્ટલી અહંકાર એટલે--

**"અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્,**
**વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્.**
**તત્રૈવ સતિ કર્તારમ્ આત્માનં કેવલં તુ યઃ,**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વાત્ ન સ પશ્યતિ દુર્મતિઃ."**

(ભગ.ગીતા.૧૮/૧૪-૧૬)

ભગવાન કહી રહ્યા છે કે તે દુર્મતિને દેખાતું નથી કેમકે ઘણી વસ્તુઓના સંયોગથી કોઈ એક ક્રિયાની કન્ડીશન, કોઈ એક રિઝલ્ટ પેદા થાય છે. એમાંથી અમથે-અમથું તમે પોતે-પોતાને ટચ્સ્ટોન્ કેવી રીતે માની લીધા કે હું ઈચ્છું તેમ બધું થવું જોઈએ. ઘણી વસ્તુઓ મળીને એક વસ્તુ પેદા થઈ રહી છે. પોતાની મેળે તો એકલાથી કોઈ વસ્તુ પેદા નથી થઈ રહી.

એક વાત સમજો કે ખાલી પેશાબ જ કરવો હોય તો આપણી ઈચ્છાથી નથી કરી શકતા. તેમાં પણ ઘણીબધી તકલીફ છે, ઘણા ફૅક્ટર આપણે કામમાં લાવવા પડશે. ઉંઘ પણ, આપણે વિચારીએ કે આપણે આપણી ઈચ્છાથી સૂઈ જઈએ પરંતુ નથી સૂઈ શકતા. મચ્છર કરડશે માંકડ કરડશે તો ઉંઘ નહીં આવે. હવે તમે રાતના ઉંઘશો કે મચ્છર મારતા રહેશો? તમે એમ વિચારીને ચાલશો કે અમે ઉંઘવા ઈચ્છીએ છીએ સારી વાત છે, કોણ ના પાડી રહ્યું છે. પરંતુ ઉંઘવાની ક્રિયા સંપૂર્ણ તમારા હાથમાં નથી. એમાં થોડુંક મચ્છરનું યોગદાન છે થોડુંક માંકડનું યોગદાન છે. કોઈ બહારના અવાજ-પ્રદુષણનું યોગદાન છે. લાઈટ ચાલી ગઈ પંખો ચાલતો નથી તેનું યોગદાન છે. હવે લીતરયામાંથી પીતરયા કાઢતા જાઓ તે એક ઉંઘવામાં કેટલા બધા લોકો ઉપર આધારિત થવું પડે છે. સમજો ઠંડી ન હોય અને ગરમીમાં પંખો અચાનક ચાલતો બંધ થઈ ગયો તો ઉંઘી શકશો? હવે તમે કહી રહ્યા છો કે ઉંઘવું તો અમારા આધિનની વાત છે, અમે ઈચ્છીએ ત્યારે ઉંઘી જઈએ. અરે! ઉંઘી જ નહીં શકો. ઉંઘવા જેવી ક્રિયા આપણા હાથમાં નથી. પેશાબ કરવા જેવી ક્રિયા આપણા હાથમાં નથી. બીજું પછી શું આપણા હાથમાં હશે અહીં! જે કાંઈ થશે તે બધાના નેટ્રિઝલ્ટ્ આવશે તેનાથી થશે. એમાં અમથે-અમથો કોઈ ક્રોધ કરે તો કરતો રહે! હુ કૅઅર્સ્ ફૉર્ યુ. દુનિયા કોઈ તમારા ક્રોધથી ખતમ થવાની નથી!

એક બાલકે મને કહ્યું કે ''બધા બાલકો અન્યથા કરી રહ્યા છે. આપ કહો તો હું કિરીટભાઈને સર્ટિફિકેટ્ આપી દઉં કે તે બ્રહ્મસંબંધ આપી

શકે''. મેં કહ્યું ''જુઓ એક વાત બતાવું તમને કે પુષ્ટિમાર્ગ આપણા પુરૂષાર્થથી ચાલી નથી રહ્યો અને આપણી બેવકૂફીથી ખતમ નહીં થઈ જાય''. એમણે કહ્યું ''આપે મારા વિષે શું કહ્યું?'' મેં કહ્યું ''આપના વિષે નથી કહી રહ્યો. પુષ્ટિમાર્ગના વિષે કહી રહ્યો છું. પુષ્ટિમાર્ગ આપણા પુરૂષાર્થથી ચાલી નથી રહ્યો અને આપણી બેવકૂફીથી ખતમ નહીં થાય.'' બોલ્યા ''નહીં આપ મારા વિષે બતાવો.'' મેં કહ્યું ''હું પુષ્ટિમાર્ગ વિષે કહી રહ્યો છું. આપ પુષ્ટિમાર્ગીય છો કે નહીં? પુષ્ટિમાર્ગ આજની તારીખમાં આપણા પુરૂષાર્થથી ચાલી નથી રહ્યો અને આપણી બેવકૂફીથી ખતમ નહીં થાય. બસ આટલી જ વાત હું કહી રહ્યો છું. હવે આપના વિષે બતાવવાવાળો હું કોણ!'' તેઓ પિન્પૉઈન્ટ્ કરીને પૂછવા માગી રહ્યા હતા ''નહીં! આપને મારા વિષે શું કહેવું છે?'' ''હું આપને કાંઈ કહેવા જ નથી માગતો. પુષ્ટિમાર્ગના વિષે હું કહી રહ્યો છું. આપ પુષ્ટિમાર્ગમાં હો તો આપપર સાચી નહીં તો ખોટી.'' હવે શું કહી શકીએ આપણે! તો આ એક મોટી ગુંચવણવાળી પરિસ્થિતિ છે કે આપણને ક્રોધ આવે છે. કેમ ક્રોધ આવે છે? કેમકે આપણે એમ માનીને ચાલીએ છીએ કે બધું જ કાંઈ આપણી ઈચ્છાના અનુસાર થવું જોઈએ.

તેનો ઍન્ટીડોઝ સાંખ્ય છે. સાંખ્ય તમને ઍનેલાઈઝ કરીને બતાવી દે કે તમારા ક્રોધને તમે નિભાવી શકો એવા ફૅક્ટર્ તમારી સાથે પરમૅનેન્ટ્ કેટલા છે અને ઈમ્પરમૅનેન્ટ્ કેટલા છે? જે ફૅક્ટર્ ખુદ ઈમ્પરમૅનેન્ટ્ છે દીવાદાંડીની જેમ, એના આધારે તમે જો ક્રોધ કરવા જશો તો યાર માલ ચાલશે કેટલા દિવસ! તેના માટે સાંખ્ય ઍન્ટીડોઝ કરે છે.

અને જે વૈરાગ્ય છે તે કામનો ઍન્ટીડોઝ છે કેમકે વિષયરાગને કારણે કામ પેદા થાય છે. 'વિષયરાગ'નો મતલબ સમજો. વિષયરાગ અને કામ એક વસ્તુ નથી. 'રંજયતિ ઈતિ રાગ' : જે વસ્તુ આપણને ખુશ કરે તેને 'રાગ' કહેવામાં આવે છે. રાગની જે નોટ્સ્ છે તે આપણને ખુશ કરે છે તેથી એ રાગ છે અને ખુશ ન કરી શકતો હોય તે રાગ નથી. જ્યાં રાગ

નથી ત્યાં વિરાગ આવે છે. વિષય જે વખતે આપણને રંજિત કરવા લાગી જાય તે વખતે આપણને કામ પેદા થઈ જાય. અને એ કામનો ઍનટીડોઝ વૈરાગ્ય છે. આ પ્રકારથી મહાપ્રભુજીની પંચપર્વાવિદ્યાનો આમાં સમાવેશ છે.

તેના પછી પુષ્ટિ આવી રહી છે. ગુણ ક્રિયા દોષ વિદ્યા અને પુષ્ટિ. (ચાર્ટના સંદર્ભ) પુષ્ટિમાં શરણાગતિ તો ઍઝ ઈટ્ ઈઝ કાયમ રહેશે કેમકે શરણ તો પહેલી વાત છે. પરંતુ યોગને ઠેકાણે આપણે ત્યાં નિરોધ આવે છે. ઑબ્જેક્ટ્ જે યોગનો વિદ્યામાં રોલ છે તે આપણી પુષ્ટિમાર્ગીય સાધનામાં નિરોધનો રોલ છે જે નિરોધલક્ષણમાં મહાપ્રભુજીએ બતાવ્યું છે કે **‘‘દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતિ સદા, શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ’’** (નિ.લ.૧૭-૧૮) આપણો નિરોધ છે, તે આપણે ત્યાં યોગના પેરેલલ્ આવતી વાત છે સાધનાપ્રણાલીમાં.

તેના પછી તપ છે. તપના પેરેલલ્ આપણી પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીમાં સેવા આવે છે. **‘‘સેવા ધર્મો પરમગહન યોગીનામ્ અપિ અગમ્ય’’** ૧૨૦ વચનામૃતકારની વાર્તામાં આવે છે કે એક સંન્યાસી હતા. તે એક વખત મહારાજને ત્યાં રહેવા આવ્યા. અને ઠંડીના દિવસો હતા, શ્રીનાથજીમાં ચાર વાગ્યે મંગલા થતા હતા. મહારાજ પલંગ ઉપર રજાઈ ઓઢીને સુતેલા હતા અને ખબર આવી કે ઠાકોરજીના શંખનાદનો સમય થયો છે. તો રજાઈમાંથી તુરત નિકળીને સ્નાન કરીને ઠાકોરજીને જગાવવા પધાર્યા. તે સંન્યાસીએ કહ્યું કે ‘‘હું તો રજાઈ ઓઢીને ગાદલા ઉપર નહોતો સુતો ગોદડીમાં સુતો હતો પરંતુ તે વખતે ઠંડીમાં ઉઠવું મારા માટે થોડી અઘરી વાત હતી અને આપ રજાઈમાંથી નિકળીને ન્હાવા કેવી રીતે ચાલ્યા ગયા?’’ તો જ્યારે આપણે કોઈની પણ સેવા કરીએ છીએ તો કાંઈક ને કાંઈક કાઉન્ટર્પાર્ટમાં તપ-તપસ્વિતા આપણામાં હોય તોજ આપણે સેવા કરી શકીએ. જો તપસ્વિતાની તમારી વૃત્તિ નથી અને મોંજાવતારની વૃત્તિ છે તો દરેક વખતે...‘‘જાગવાની ખબર છે અન્નદાતાજી!’’ એમણે કહ્યું ‘‘પોંહચો’’. ‘‘મંગલાઆરતીકી ખબર હે

અન્નદાતાજી!'' એમણે કહ્યું ''પોંહચો''. ''ઠાકુરજીકી શૃંગારકી ખબર હે અન્નદાતાજી!'' એ કહે કે ''પોંહચો''. તો પોંહચતા જ રહે પછી. એમાં જે વસ્તુ ખતમ થઈ જાય છે તે છે આપણું પુષ્ટિમાર્ગીય તપ. હવે તમે 'પોંહચો પોંહચો' કરી રહ્યા છો તો પછી તે પોંહચતા પોંહચતા એક દિવસ એવો પોંહોચી જાય કે આપણા ઠાકોરજી આપણા બદલે મુખિયા ભીતરિયા અને ટ્રસ્ટીઓને માથે પોંહોચી જાય કેમકે તમે 'પોંહચો પોંહચો' કહેતા રહ્યા અને ઠાકોરજીની જ કથા નથી વહુજીની પણ આવીજ કથા હોય હોં! આપણે પોંહચો પોંહચો કરીએ તો વહુજી પણ કોઈકની સાથે ભાગી જશે. હવે પોંહચો ન કહો ખુદ પોંહોચો. આપણે દરેક વખતે કહેતા રહીએ 'પોંહચો પોંહચો' તો કોઈ પહોંચી જાય ત્યાં સુધી આપણને શું ખબર?

આ રહસ્ય સમજવું જોઈએ કે પુષ્ટિમાર્ગમાં આપણી સેવા બહુ મીઠું તપ છે. એકદમ એ પ્રકારનું તપ છે કે જે પ્રકારનું તપ એક માતા પોતાના બાળકના સેવન કરવા માટે કરે છે. રાતના દશ વખત જાગે છે, દશ વખત સુવે. એને બધી વાતો ઉપર કાબુ રાખવો પડે. તેમાં ઠંડી અને ગરમીનો ભેદ નથી ચાલી શકતો. જેમ માં પોતાના બાળકનું લાલન-પાલન કરે તેમાં જેટલું તપ સામેલ થાય છે તે એક મીઠું તપ છે. તે આત્મક્લેશનું તપ નથી પરંતુ પરસુખ દાનનું તપ છે. એટલે આપણે ત્યાં કહેવામાં આવે છે કે સ્વસુખના નહીં પરંતુ ભગવત્સુખના વિચારથી સેવા થાય છે. તો ભગવત્સુખના વિચારથી આપણામાં તપ આવશે. આપણા તપની એક ખાસિયત છે કે આપણું આત્મક્લેશનું તપ નથી પરંતુ ભગવત્સુખનો ક્લેશ છે, તપ છે. ભગવત્સુખ કેવીરીતે આપણે વિચારીએ તેનું આપણે ત્યાં 'તપ' છે. આપણે ત્યાં સેવા છે તે તપનું સ્વરૂપ ડૅવલપ્ કરે છે.

અને તેના પછી આવે છે ભક્તિ. એ જે ગામની ભક્તિ છે તે પુષ્ટિમાર્ગમાં ભક્તિ નથી માઈન્ડ્ ઈટ્. પુષ્ટિમાર્ગમાં એ સમર્પણ બની જાય છે. હું આમાં એકજ વાત કહી શકું છું કે જેમ વિવેકાનંદ કહે છે કે જ્યાં

વેસ્ટર્ન ફિલૉસૉફીનો અંત આવે છે ત્યાંથી ઇન્ડીયન્ ફિલૉસૉફી સ્ટાર્ટ થાય છે. એમ જ્યારે ગામની ભક્તિ ખતમ થાય છે ત્યાંથી આપણું સમર્પણ સ્ટાર્ટ થાય છે. અને આ વાત કેવીરીતે છે : **''શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્, અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમ્ આત્મનિવેદનમ્''** (ભાગ.પુરા.૭/૫/૨૩) આત્મનિવેદન લાસ્ટ્સ્ટેજ્ છે ભક્તિની ત્યાંથી આપણી ભક્તિ સ્ટાર્ટ થાય છે કે સમર્પણપૂર્વિકા ભક્તિના આપણે અધિકારી થઇએ છીએ.

જે ગામની ભક્તિ છે તે આપણે ત્યાં સમર્પણના રૂપમાં ખિલીને આવે છે. આ વાતને ન ભૂલતા ક્યારેય, નહીંતર તમને લાગશે કે ભક્તિ આવી ગઇ પછી સમર્પણની શું જરૂર છે? પરંતુ તે ભક્તિ પંચપર્વાવિદ્યાવાળી ભક્તિ છે. અને તે પંચપર્વાવિદ્યાવાળી ભક્તિ આપણે ત્યાં સમર્પણ બનીને આવે છે. બધુંજ કાંઇ આપણે પ્રભુને સમર્પણ કરી રહ્યા છીએ તે આપણા ભક્તિભાવનું સમર્પણ છે. એ પરાજયનું સમર્પણ નથી. એ પ્રભુ પાસે કાંઇક કામ કઢાવવાનું સમર્પણ નથી. પરંતુ પ્રભુને આપવાનું સમર્પણ છે. આ એક આપણો પ્રોગ્રામ્ છે અહંક્રિયાના વિસા-વિસ્.

સમર્પણના પછી આવી રહ્યું છે સાંખ્ય. તે પુષ્ટિમાં સર્વાત્મભાવ સાંખ્યના સ્થાનપર આવે છે. સાંખ્યસ્થાની છે તેનું કારણ સમજો. સાંખ્ય શું કરે છે કે દરેક વસ્તુને ઍનેલિસિસ્ કરીને આપણને બતાવે છે કે આ રિટેન્ કરો અને આ રિટેન્ ન કરો. આપણા પુષ્ટિભક્તિમાર્ગમાં જે સાધના છે તેમાં આપણી એનેલિસિસ્નું સ્વરૂપ શું છે? જે પણ કાંઇ નામ-રૂપ-કર્મમાં અબ્રાહ્મિકતા જોવામાં આવી રહી છે તેને રિટેન્ ન કરો. બધામાં બ્રહ્માત્મભાવ પેદા કરો, આ આપણું સાંખ્ય છે. ઍન્યુમરેશન્ છે. નામ-રૂપને આપણે ઍન્યુમરેટ્ નથી કરતા એવી વાત નથી, ઍન્યુમરેટ્ કરીએ છીએ પરંતુ ઍન્યુમરેટ્ કરીને તેનો (સાંખ્યનો) બ્રહ્મ નહીં હોવાનો જે પહેલુ છે તેને ડ્રૉપ્ કરીને તેમાં બ્રહ્મ હોવાનો પહેલુ જોઇએ છીએ. આપણે ત્યાં સાંખ્યના વિસા-વિસ્ સર્વાત્મભાવ આવી રહ્યો છે. તેના પછી છેલ્લે

જુઓ (ચાર્ટના સંદર્ભમાં) વૈરાગ્ય. વિષયરાગના પછી કામ (અવિદ્યા) અને ત્યાગ (વિદ્યા) છે. ''તિયા ગઈ સબ સંપત્તિ નાસી મૂંડ મુંડાયે ભયે સંન્યાસી'' વાળો વૈરાગ્ય નથી. પરંતુ કયો વૈરાગ્ય આપણો? જેને મહાપ્રભુજી આજ્ઞા કરે છે. **''ઉત્કર્ષશ્ચ અપિ વૈરાગ્યે હરેરપિ હરિર્ યદિ''.** ('' 'હરેઃ' સર્વદુઃખહર્તુર્ 'અપિ યદિ હરિઃ' સર્વદુઃખહર્તા સ્યાત્ તદા તસ્મિન્ પુરૂષે વૈરાગ્યોત્કર્ષો જ્ઞેયો.) (સુબો.કારિ.૧૦/૧૮/૧૧/૨૬) હરિના તમે હરિ બની રહ્યા છો! તો વૈરાગ્યનો તમારો ઉત્કર્ષ છે. **''ઉત્કર્ષશ્ચાપિ વૈરાગ્યે હરેરપિ હરિર્ યદિઃ''** એ આપણી ભક્તિનું સ્વરૂપ છે. આ આપણી પુષ્ટિભક્તિની સાધનાનો પ્રોગ્રામ્ છે અહંકારના વિસા-વિસ્.

આ પ્રકારથી મેં કાલે બતાવ્યું કે બ્રહ્મ પરમાત્મા ભગવાન કૃષ્ણ અને આપણા ઘરના ઠાકોરજીની ક્રિયા. તેમાં આ રીતનો આપણો અહંકાર પ્રકટ થવો જોઈએ. આપણા ઠાકોરજીના વિસા-વિસ્ આ અહંકાર આપણને હોવો જોઈએ કે હું શરણાગત છું. મારૂં બધું જ કાંઇ પ્રભુમાં નિરૂદ્ધ થવું જોઈએ. મારે પ્રભુની સેવા કરવી છે. મારે સમર્પણ કરવું છે. મને સર્વાત્મભાવ છે. મને ભક્તિ છે. આ આપણા ઘરના ઠાકોરજીના વિસા-વિસ્ આપણા અહંકારનું આ સ્વરૂપ હોય તો આપણું સ્વરૂપ તેને અનુસ્પંદિત કરી રહ્યું છે. જે આપણા ઠાકોરજીનો અહં છે કે ''હું તારી સત્તાનું આરોગવા તારે ઘરે પધાર્યો છું તેં ગામ પાસેથી લઈને મને કેમ ધર્યું, આજે તારી સત્તાનો ભોગ ન ધર્યો તેથી હું ભૂખ્યો રહ્યો''. આ જે ઠાકોરજીનું સ્પંદન છે કે બધો રાજભોગ આરોગી રહ્યા હતા પરંતુ તેમાં (ગિરિધરજીએ) કહ્યું કે મુખારવિન્દ ઉપર આવી ઉદાસી કેમ ઝલકી રહી છે? મથુરાધીશજીએ કહ્યું કે છોલાની યાદ આવી રહી છે. કેટલો સીમિત/મિનિમાઈઝ અહં છે! બધા ભોગ આરોગવાવાળાને છોલાની યાદ કેમ આવી રહી છે? કેમકે પ્રભુનો અહં પદ્મનાભદાસજીના અહંથી ટ્યુન્-અપ્ થવા માટે મિનિમાઈઝ થઈ ગયો છે. કેટલા એક્સટેન્ડ્ સુધી મિનિમાઈઝ થયો કે ખુદ મહાપ્રભુજીના વહુજીએ બધો સીધો(રસોઈની કાચી સામગ્રી) મોકલ્યો અને પદ્મનાભદાસજીને લાગ્યું કે ક્યાંક

મથુરાનાથજીનો અહં તો ગડબડાઈ નથી ગયો? આપને આરોગવું હોય તો બિરાજો મહારાજ! બધી સામગ્રી તૈયાર છે. મથુરાધીશજીએ કહ્યું "નહીં નહીં આરોગવા તૈયાર નથી, ચાલો". સીધો મહાપ્રભુજીને ત્યાં મોકલીને પછી મથુરાનાથજીને છોલાના/(પુષ્ટિભક્તિસાધનાના) પ્રોગ્રામમાં (પધાર્યા). આટલો મિનિમાઈઝ અહં છે આપણા ઠાકોરજીનો. આપણા ઠાકોરજીનો આટલો મિનિમાઈઝ અહં છે કે બહુ મોટા તાડ જેવા મથુરાધીશજી પ્રકટ્યા ત્યારે મહાપ્રભુજીએ કહ્યું "મહારાજ! કોણ કરશે સેવા? થાવ નાના." અને નાના કરી દીધા. ગોદમાં બિરાજે તો મારો ઠાકુર કહેવાય. ગામમાં બિરાજે ગોમટેશ્વરની જેમ તો તે મથુરાધીશ થોડા કહેવાશે? આપણા ઠાકુરનો એ મિનિમાઈઝ અહંકાર આપણામાં પુષ્ટિસાધનાનો કૉરસ્પોન્ડસ્ પેદા કરશે. આ બધી વાત ભાગવતી અહંક્રિયાના અંતર્ગત બતાવી છે.

## (કાર્ષ્ણી અહંક્રિયાનું સ્વરૂપ)

આના પછી કાર્ષ્ણી અહંક્રિયા બહુજ મીઠી મહાપ્રભુજીએ સમજાવી છે. *"ઉનકી મરજી ન હો તો ક્યા દે તૂલ દાસ્તાં ખત્મ એક આહમેં હે."* આમ એક આહમાં મહાપ્રભુજી સમજાવી રહ્યા છે. **"યદા કૃષ્ણઃ રોચતે તદૈવ વિષયાઃ ન રોચન્તે"**. (સુબો.૧/૬/૨૭) આપણો અહં આપણને આ કહેશે કે જો **"યદા કૃષ્ણઃ રોચતે તદૈવ વિષયાઃ ન રોચન્તે યદા વિષયાઃ રોચન્તે તદા કૃષ્ણઃ ન રોચતે."** બસ "ઉનકી મરજી ન હો તો ક્યા દે તૂલ દાસ્તાં ખત્મ એક આહમેં હે" એ કાર્ષ્ણી અહંતા છે. કેમ કાર્ષ્ણી અહંતા છે? તેનું કારણ સમજો. ભગવાન ખુદ ત્યાં કબૂલ કરી રહ્યા છે **"તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્, ગોપાયે સ્વાત્મયોગેન સોઽયં મે વ્રત આહિતઃ."** (ભાગ.પુરા. ૧૦।૨૫।૧૮) આ ગોકુલ તો મારૂં છે. ગામને છોડીને એ તમારા ઘરમાં આવીને બિરાજ્યો, તમારા ગોકુલમાં બિરાજ્યો અને તમે તેને છોડીને 'વિષયા રોચન્તે' કરશો તો તેની હાલત શું થશે એ તો જુઓ! *"કભી તો સોચ કિ વો શખ્સ કિસ કદર થા બુલંદ જો ઝુક ગયા તેરે કદમોંપે*

*આસમાંકી તરહ''*. ક્યારેક તો વિચાર કર કે કોટિબ્રહ્માંડનો નાયક હોવા છતાંય તમારા ઘરમાં આવીને બિરાજ્યો એ ઠાકુરને તમે પૂરા વૉલ્ટેજ્નો ન માનો. હવેલીમાં બિરાજતા ઠાકુરને તમે પૂરા વૉલ્ટેજ્ના માનો. તો આ વિચારો કે તેનો અહં કેટલો હર્ટ્ થઇ રહ્યો છે તમારે ત્યાં બિરાજવામાં! જો તમારો પતિ આવું કરે, જો તમારી પત્ની આમ કરે તો તમારો ઈગો કેટલો હર્ટ્ થશે? એકદમ એટલોજ તમારા ઘરના ઠાકોરજીનો ઈગો હર્ટ્ થઇ રહ્યો છે કે તું મને છોડીને ક્યાં જઇ રહ્યો છે! હું તારા ઘરમાં તારા ભરોસે આવીને બેઠો અને તું મારા દર્શન ન કરીને ગામના દર્શન કરવા જઇ રહ્યો છે! શું થયું એ ઈગોનું?

અકબર ઈલાહાબાદીએ બહુજ સરસ કહ્યું છે કે *''બે પરદા નઝર આયી જો કલ ચંદ બીબીયાં અકબર ઝમીનમેં ગેરતસે ગઢ ગયા. મૈંને જો પૂછા આપકા પરદા વો ક્યા હુઆ? તો બોલી કી અક્લપે મર્દોકે પડ ગયા''* (પુરૂષોત્તમોની). શું હાલત છે? આપણે બેપરદા થઇ ગયા છીએ. ઉઘાડા અહંકારી થઇ ગયા છીએ. આપણે આપણા ઠાકોરજીના ઈગોનો ખ્યાલ નથી રાખતા. ક્યા ઈગોથી ઠાકુર આપણા ઘરમાં બિરાજી રહ્યો છે! આજે પુષ્ટિમાર્ગમાં એ ઈગોને આપણે રિસ્પેક્ટ્ નથી કરવા માગી રહ્યા અને પાછા આપણે કહી રહ્યા છીએ કે અમે પુષ્ટિમાર્ગીય છીએ. શેની વાતના પુષ્ટિમાર્ગીય છો? કુષ્ઠિમાર્ગીય છીએ આપણે બધા. પુષ્ટિમાર્ગીય નથી. કોઇ પ્રકારનો કોઢ છે જે આપણને આ પ્રકારથી પરાધીન કરી રહ્યો છે. આપણા ઘરમાં બિરાજતા ઠાકુરનો અહં વિચારો. અને જો તમારામાં તેના અહંના કૉરસ્પોન્ડિંગ્ અહં છે તો આપણા ઘરના ઠાકુરમાં બધી વૃત્તિઓ હોવી જોઈએ. ત્યારે તો તમે પુષ્ટિમાર્ગીય છો. નહીં તો કુષ્ઠિમાર્ગીય. આ એક રહસ્ય છે. તો કાષ્ણીનો જે મહાપ્રભુજીએ ખુલાશો આપ્યો તે બહુ નાનો ખુલાસો આપ્યો. **''યદા કૃષ્ણઃ રોચતે તદૈવ વિષયાઃ ન રોચન્તે''** (ત્યાંજ)

**(ગૃહઠાકુરની અહંક્રિયાનું સ્વરૂપ)**

અને પછી જે ગૃહનો ઠાકુર છે આ તો આપણી થિયરીની વાત

થઈ. ઘરના ઠાકુરમાં આ થિયરીને આપણે પ્રૅક્ટિસ્‌માં ઇમ્પ્લિમેન્ટ્‌ કેવીરીતે કરશું? એ તો ઘરના ઠાકુરનો ઈંગો આપણને બતાવશે. તો એને ધ્યાનથી સમજો કે શરણાગતિ=સ્વગૃહ છે. કઈ જગ્યાએ તમે શરણ થશો? **"શરણં ગૃહરક્ષિત્રોઃ"**. (અમ.કો.૩/૫/૨૪-૪૦) 'શરણ'નો મતલબ છે ઘર. કોનાથી શરણ લેવા ઈચ્છો છો? કેવો રક્ષક તમે શોધી રહ્યા છો? તમારે ત્યાં જે રક્ષક બેઠેલો છે તેને તમે શોધી નથી રહ્યા અને તમે બીજી એજેન્સીને બોલાવી રહ્યા છો. "દુવિધામેં દોનોં ગયે માયા મિલી ન રામ".

સ્વગૃહના પછી જે આપણો નિરોધ છે તેના કૉરસ્પૉન્ડિંગ્‌ છે **"યથા લબ્ધોપચાર"** ઠાકોરજીને ન વધારે જરૂરીયાત છે જ ઓછી જરૂરીયાત છે. તમારા ઘરમાં શું એવેલેબલ્‌(પ્રાપ્ત) છે, બસ એટલું તમે ઠાકોરજી માટે કરો. ઠાકોરજી એટલામાં સંતુષ્ટ છે એ તમારો સાચો નિરોધ છે. **"સેવનં સ્વયોગ્યાનુસારેણ, ન ત્વલ્પં બહુ વા પ્રયોજકમ્‌"** (ત.દી.નિ.કા.પ્ર.૨ ।૩૧૬) આપણે એમ નથી કહેતાં કે અમારે સેવા કરવી છે તેથી એક તાજમહાલ લાવીએ. તાજમહાલ લાવવાની શું જરૂરત છે? તારા ઘરમાં એક તાંતીના વ્યાજ ઉપર પાળવા માગી રહ્યો છે કે સેવા કરવા માગી રહ્યો છે? આ આપણા નિરોધનું સ્વરૂપ છે.

અને આપણું સેવાનું સ્વરૂપ તનુવિત્તજા છે. કેમ તનુવિત્તજા છે? કેમકે સેવાની પરિભાષામાં મહાપ્રભુજીએ સ્પષ્ટ આ વાતનો ખુલાશો કર્યો છે. **"તત્‌સિદ્ધ્યૈ તનુવિત્તજા"**. ખૂબસૂરતી જુઓ આપણા સમર્પણની કે આપણે ફક્ત આત્માજ સમર્પણ નથી કરતા પરંતુ દારા આગાર પુત્ર આપ્ત વિત્ત આત્મા અને મારૂં જે આત્મીય છે તે બધાનું સમર્પણ કરી રહ્યો છું. આત્મસમર્પણ આપણે ત્યાં આત્મીયસમર્પણ સુધી એક્સટેન્ડ્‌ કરી રહયું છે. આપણા ઘરના ઠાકુરના માટે સર્વસ્વસમર્પણનો જે સિદ્ધાન્ત છે આ વાત સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃત્તિમાં શ્રીગુસાંઈજીએ કરી છે કે **"એતેન ભગવદર્થં નિરૂપધિસ્વસર્વસ્વનિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ જાતે સા ભવતિ."** (સિ.મુ.વિવૃત્તિ-૨)

સર્વસ્વસમર્પણનો સિદ્ધાન્ત ત્યાં શ્રીગુસાંઈજીએ સમજાવ્યો છે.

આના પછી આવી રહ્યો છે સર્વાત્મભાવ. પુષ્ટિના અંતર્ગત જે સર્વાત્મભાવ છે તે આપણા ઘરમાં સેવાના પ્રોગ્રામ્માં કેવો છે? આપણા ઠાકુરમાં આપણો સર્વાત્મભાવ હોવો જોઈએ. **"સર્વોઽપિ આત્મનો ભાવઃ"** (સુબો.૧૦/૪૪/૨૭) ='સર્વાત્મભાવ'. જેનું વર્ણન મહાપ્રભુજીએ વેણુગીતના સુબોધિનીજીમાં કર્યું છે કે **"અક્ષણ્વતાં ફલં ઈદં ન પરં વિદામઃ"** એટલે કે **"ઈદમ્ એવ ઈન્દ્રિયવતાં ફલં મોક્ષોઽપિ નાન્યથા યથા અંધકારે નિયતા સ્થિતિર્નાક્ષ્ણોઃ ફલં ભવેત્"** (સુબો.૧૦।૧૮।૭) આ સર્વાત્મભાવ હોય તો પ્રભુ આપણા હૃદયમાં બિરાજે. આ સર્વાત્મભાવ ન હોય તો પ્રભુ આપણા હૃદયમાં બિરાજે જ નહીં. આ જે સર્વાત્મભાવ છે કે આપણા ભજનીયને આપણું સર્વસ્વ માનવા. તેને ઈન્વોક્(જગાવવા) કરવા માટે ઈન્વેરિયેબલી મહાપ્રભુજી જે વખતે ઠાકોરજી પધરાવતા તો આમ કહીને પધરાવતા કે **"મૈં તોકોં અપનો સર્વસ્વ પધરાય રહ્યો હું. ઈનકોં તુ અપનો સર્વસ્વ કરી જાનિયો"**. આ પ્રકારનો એક મંત્ર હતો મહાપ્રભુજીનો. જેનો અર્થ હતો કે આપણા ઠાકોરજીમાં આપણો સર્વાત્મભાવ હોવો જોઈએ અને તે જ્યારે થઈ જાય ત્યારે આપણી ભક્તિ કૃષ્ણસેવાના રૂપમાં પ્રકટ થઈ ગઈ અને આપણો આ અહંકાર આપણા મનમાંથી ક્યારેય ન જાય કે "હું તારો સેવક છું અને તું મારો સ્વામી છે." એ તરીકેના અહંકારને સ્વસ્થ રાખવાનો પુષ્ટિમાર્ગીય એંગલ્થી પ્રોગ્રામ્ છે જે બ્રાહ્મિક અહંક્રિયા પારમાત્મિક અહંક્રિયા ભાગવતી અહંક્રિયા કાર્ષ્ણી અહંક્રિયા અને આપણા ઘરના ઠાકોરજીની અહંક્રિયાના કૉરસ્પૉન્ડિંગ્ આપણામાં મહાપ્રભુજી જગાવવા માગી રહ્યા છે. તે સ્ટેજ્વાઈઝ આ પ્રકારથી જાગે છે.

## (તિરોભાવની પ્રક્રિયા)

કાલે આપણે શુદ્ધ અહંક્રિયા કેવીરીતે થાય તે વાતને જોઈ રહ્યા હતા અને જેમ કે તમે જાણો છો કે કોઈ પણ ક્રિયા જ્યારે ઉત્પન્ન થાય તે એકરૂપમાં સમાપ્ત થઈ જાય તો બીજા રૂપમાં કોઈ બીજી ક્રિયાને ઉત્પન્ન

કરતી હોય છે. કોઈ પણ ક્રિયા એવી નથી હોઈ શકતી કે ક્રિયા થાય અને તેમાંથી કાંઈ ઉત્પન્ન ન થતું હોય. બીજી ક્રિયા તો ઉત્પન્ન થાયજ છે. આ અલગ વાત છે કે આપણે જે રિઝલ્ટ્ જોઈએ તે આવે કે ન આવે. જેમ પંખો ચાલે તો આપણા કપડા હલે. પંખાની ક્રિયા આપણી પાસે આવીને ખતમ થઈ જાય છે પરંતુ કપડા હલવાની ક્રિયા ઉત્પન્ન થાય છે. આ ક્રિયાથી ક્રિયા જનરેટ્ થાય. એટલા માટે કાલે મેં પૂરૂં લીસ્ટ્ આપી દીધું.

આમાં ધ્યાનથી સમજવાની વાત એ છે કે શુદ્ધ અને મિશ્રિતનું ક્લાસિફિકેશન્ જોઈ રહ્યા હતા. શુદ્ધ ઉપાદાનની ક્રિયાઓ કોઈ ન કોઈ વસ્તુને કમ્પાઉન્ડ્ કરીને પેદા થાય છે, ત્યારે તે શુદ્ધ થાય છે. (ચાર્ટના સંદર્ભમાં) આમાં સમજવાની વાત એ છે કે ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય આના તિરોભાવની ક્રિયા શુદ્ધક્રિયા છે. કેમકે મહાપ્રભુજી પંચરાત્રના આધારે આ વાતનો ખુલાશો કરે છે **"આવિર્ભાવતિરોભાવૌ શક્તી વૈ મુરવૈરિણઃ"** (ત.દી.નિ.૨/૧૪૦) એ ભગવાનની શક્તિ છે. કેવી શક્તિ? કોઈ ને કોઈ ક્રિયાજનિકા શક્તિ છે. શક્તિ=શક્યતે. કિં શક્યતે? જેમ અંગ્રેજી વ્યાકરણમાં 'કૅન' કે 'મે' નાઉન્ને ન લાગીને વર્બને લાગે છે. 'આઈ કૅન્ ડુ' મતલબ કરવામાટે શક્તિમાન છું. આઈ કૅન ગો. 'કૅન્' નો મતલબ શક્તિ. શક્તિ કોઈને કોઈ ક્રિયાની હોય છે. એમ આવિર્ભાવ એક શક્તિ છે પરંતુ કોઈને કોઈ ક્રિયાની શક્તિ છે.

એવીજ રીતે તિરોભાવ પણ એક શક્તિ છે અને તે પણ કોઈને કોઈ ક્રિયાની શક્તિ છે. આવિર્ભાવ તિરોભાવની સિમ્પલ્ પરિભાષા આપણે કરવી હોય તો 'ભગવાન્ કૅન્ ડુ ઈટ્' અને 'ભગવાન્ કૅન્ અનડુ ઈટ્'. જેને આપણે કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ કહીએ છીએ. એ પણ મેં તમને અરવિંદોના ઉદાહરણથી બતાવ્યું કે જો પ્રભુ સર્વસમર્થ છે તો તેમાં અસમર્થ હોવાનું સામર્થ્ય પણ આપણે સ્વીકારવું પડશે, નહીંતર એના સામર્થ્યમાં કોઈ પ્રકારની કમી આવી જશે.

આ તિરોભાવનો ઍરો છે. (ચાર્ટના સંદર્ભમાં) ત્યાં સુધી તો તે શુદ્ધ અહંક્રિયાનું સ્વરૂપ છે. તેના પછી જે દૈન્ય દુઃખ હીનતા વિષયરાગ

વગેરે છે તે શુદ્ધની નહીં મિશ્ર એરિયાની વાત છે. પરંતુ તે તેથી(શુદ્ધથી) જન્ય છે. એ કન્ટિન્યુટીમાં મેં બતાવી દીધું. અહીં સુધી ઉપાદાન અને ઔપાદાનિક ક્રિયાના વર્તુલમાં વાત કહી છે.

તેના પછી આ (દૈન્ય દુઃખ વગેરે) બ્રહ્મધર્મ નથી કેમકે બ્રહ્મે પોતાના ગુણધર્મોનો તિરોભાવ કર્યો તેનાથી પેદા થયેલા કેટલાક ગુણધર્મ છે, જે ઉપાદેયમાં થઈ રહ્યા છે આ  બધા ગુણધર્મ ઉપાદેયાત્મક અહંકર્તા કે ઉપાદેયાત્મક અહંક્રિયામાં પેદા થઈ રહ્યા છે. આ ષટ્ગુણ જ આ ચાર્ટમાં ઉપાદાનની અહંક્રિયાના અંતર્ગત આવતી કથા છે અને દૈન્ય દુઃખ વગેરે જે ક્રિયાઓ છે તે ઔપાદાનિક ક્રિયાના અંતર્ગત આવતી કથા ન હોઈને ઉપાદાનમાંથી ઉપાદેયમાં આને એક્સપોર્ટ કરવું છે.

આ મિશ્રિત કેવી રીતે થઈ તેના પહેલાં કેટલાક ખુલાશાના રૂપમાં બતાવવા માગીશ. દૈન્યથી મદ, દુઃખથી માત્સર્ય, હીનતાથી લોભ, જન્માદિ વિપદથી મોહ, મોહથી ક્રોધ અને વિષયરાગથી કામ પેદા થાય છે. હવે આપણે સમજી ગયા છીએ કે આ કમ્પાઉન્ડ્ નથી કૉમ્પ્લેક્સ્ ઉપાદેય છે. આ કૉમ્પ્લેક્સિટી શું છે? તો જુઓ આ બહુ સિગ્નિફિકન્ટ્ છે કે જ્ઞાન વૈરાગ્યનો જે તિરોભાવ થયો જેને માટે મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"આનન્દાંશસ્તુ પૂર્વમેવ તિરોહિતઃ યેન જીવભાવઃ"** (બ્ર.સૂ.ભા. ૩।૨।૫) આનન્દાંશ પહેલાં તિરોહિત થઈ જાય છે તેથી આનન્દના જે ફંક્શન્ છે, ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય તે એનીમેળે તિરોહિત થઈ જાય તેના પ્રેસર્ના(પ્રભાવ) અંતર્ગત. પરંતુ બ્રાહ્મિક અહં તિરોહિત નથી થયો. બ્રહ્મનો પ્રકૃતિરૂપ અહં કેવો છે કે–

**ભૂમિઃ આપો અનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**'અહંકાર'ઈતિ મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા ।।**

(ભગ.ગીતા.૭/૪)

જે બ્રાહ્મિક અહં છે તે તિરોહિત નથી થઈ રહ્યો પરંતુ જ્ઞાનાદિ તિરોહિત થઈ રહ્યા છે.

એ તિરોહિત પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ કરીએ કે કેવીરીતે આપણા હ્યુમન્ બ્રેન્માં (માનવ બુદ્ધિ) બધી ફૅકલ્ટી અનુભવની ઈન્ટૅક્ટ્ (અખંડ) રહે અને સડન્લી મૅમોરી લૉસ્ (અકસ્માત યાદશક્તિ ખોવાઈ જાય) થઈ જાય તો તેનું પરિણામ શું થાય? કોઈ પણ વસ્તુને પ્રૉપર્લી રૅકગ્નાઈઝ (ઓળખવું) કરવાની આપણી શક્તિ ખતમ થઈ જાય. ઑલ્મોસ્ટ્ એ પ્રકારથી કોર્સ્ સ્ટાર્ટ્ થાય કે જેમ બાળક ગર્ભમાંથી નિકળ્યું અને ફ્રૅશનર્ થાય કે દરેક વસ્તુને તે એકદમ વિસ્મિત થઈને જુએ કે આ શું! આ શું! અને બધા નવા ઈન્પુટ્ના કાર્યક્રમમાં ફરીથી તેને જાણવું પડે કેમકે મૅમરી લૉસ્ થઈ ગઈ.

## (ચેતનાનો પ્રથમ આયામ અહંતા-મમતા અને અહંતાનો રોલ્)

મોટાભાગના દાર્શનિક લોકો હો-હલ્લા મચાવી રહ્યા છે કે અનુભવ વર્તમાનકાલનો વિષય છે. મેં પણ તમને બતાવ્યું હતું કે સ્મૃતિ ભૂતકાળનો વિષય છે અને ઈચ્છા આશા આ બધા ભવિષ્યકાળના વિષય છે. તો આપણી ચેતના આ પ્રકારથી થ્રી ડાયમેન્શનલ્ ચેતના છે. પરંતુ હકીકતમાં એક વાત ધ્યાનથી સમજો કે કોઈ સ્મૃતિ એવી નહીં હોય કે જે સ્મૃતિમાં કોઈ આશા અને કોઈ અનુભૂતિ છૂપાયેલી ન હોય! અને આપણા જીવનમાં કોઈ આશા એવી ન હોઈ શકે કે જે આશા કે આકાંક્ષામાં સ્મૃતિ અને અનુભવ છુપાયેલા ન હોય, નૉટ્ પૉસિબલ્, સિમ્પ્લી નૉટ્ પોસિબલ્.

જેમ એક નાનકડી વાત તમને બતાવું કે આ નેપકિન્ છે, આ તમને અનુભૂતિ થઈ રહી છે. તમે સમજી રહ્યા છો કે અમને અનુભૂતિ થઈ રહી છે. પરંતુ અનુભૂતિ થઈ રહી છે તે કેટલી? આનો સફેદ રંગ આનો ચોરસ આકાર. પરંતુ ખરેખરતો એ પણ અનુભૂતિ શુદ્ધ નથી કેમકે સફેદ રંગ છે તે આપણે પાછો પહેલાં અનુભવ કરી રાખ્યો હોય પહેલાનો સફેદ આવો હોય તો તમને આ સફેદ રંગ સમજમાં આવશે. નહીંતર બાળકની જેમ આને જોશો કે આ શું છે? અને ચોરસનો કન્સેપ્ટ્ તમારા માઈન્ડ્માં હોય તો તમને ચોરસ સમજમાં આવશે. 'નૅપકિન્' નામ પણ જેને અંગ્રેજી

ન આવડતી હોય તેને સમજમાં નહીં આવે. તેને રૂમાલ સમજમાં આવશે. આપણે ત્યાં કોઈ શબ્દ નથી નૅપકિન્‌ના માટે પરંતુ 'હસ્તમુખપ્રક્ષાલનવસ્ત્રખંડ' કહીએ તો કહી શકીએ. પરંતુ તે નૅપકિન્ શબ્દથી ઘણો મોટો થઈ ગયો કે જેને સમજવામાં ફરી પાછું કોણ જાણે કેટલી સ્મૃતિમાં કૂદવું પડશે કે હસ્ત-મુખ-પ્રક્ષાલન-વસ્ત્ર-ખંડ બહુ ગંભીર ઘટના થઈ જશે! તો આ પ્રકારથી આપણે જેને અનુભૂતિ સમજી રહ્યા છીએ તે અનુભૂતિમાં પણ જુઓ કે સ્મૃતિનો કેટલો રોલ્ છે!

જ્યારે પણ ઈન્ફૉમેશન્ તમે રિટેન્ કરી ત્યારે રિટેન્ કરવામાં કોઈને કોઈ તમને ઉપાદેયતા લાગેલી હશે. આપણા બ્રેઈન્‌ની કે બુદ્ધિની આટલી ગજબની વ્યવસ્થા છે. કોણ જાણે કેટલી વસ્તુ આપણે દિવસમાં જોઈએ છીએ. બધી ઈન્ફોરમેશન્ જો આપણે માઈન્ડ્‌માં રાખીએ તો પાગલ થઈ જઈશું. આપણું બ્રેઈન્ આ વાતને બરાબર સૉર્ટઆઉટ્ કરતો રહે છે કે કઈ અનુભૂતિ થઈ તેને સ્ટોર્ કરવી છે અને કઈ નથી કરવી; કયો એસ્‌એમ્‌એસ્ આવ્યો તેને ફોલ્ડર્‌માં નાખવો અને કયો એસ્‌એમ્‌એસ્ આવ્યો તેને ડિલીટ્ કરવો છે આ આપણો મોબાઈલ્ બરાબર જાણે છે. મોબાઈલ્‌માં તો આપણે ડિલીટ્ બટન્ દબાવવું પડે છે. અથવા એક સર્ટેન્ નમ્બર્‌ના પછી તે ઑટોમેટિકલી ડિલીટ્ થાય છે. બ્રેઈન્‌માં તો ચટ મંગની પટ બ્યાહ. એજ વખતે ડિસાઈડ્ થઈ જાય કે આને રાખવું છે કે હટાવવું છે. અને રાખવા અને હટવવાનો મુખ્ય ક્રાઈટેરિયા(માપદંડ) તમારો ઈન્ટ્રેસ્ટ્ છે. તમારૂં બ્રેઈન્ તેને રિટેન્ કરે કે અચ્છા 'રિટેન્ ઈટ્', માય્ ફોલ્ડર્‌માં નાખો આને.

અને તમારો લૅક્ ઑફ્ ઈન્ટ્રેસ્ટ્ હોય તો રિટેન્ ન કરે જેમ આજે જે લોકો જ્યાં-જ્યાંથી આવ્યા છો, ત્યાં કેટલા ચહેરા તમે જોયા, હમણાં હું તમને પુછી લઉં કે ચાલો બતાવો? બતાવી શકશો? કેમ નહીં બતાવી શકો? ઈન્ટ્રેસ્ટ્ નથી. અનુભૂતિ નથી કહી શકો. જ્યારે તમે ટ્રેનમાં કે બસમાં આવ્યા ત્યારે બસમાં બધું કોણ રિટેન્ કરશે! શું રિટેન્ કરશે! પરંતુ જ્યાં ઈન્ટ્રેસ્ટ્ આવ્યો ત્યાં આવતાં જ એ સ્વિચ્ દબાઈ જાય છે કે સ્ટોર્

ઇટ્ ઇન્ માય્ ફોલ્ડર્ તો જેને આપણે સ્મૃતિ કહી રહ્યા છીએ તેમાં પણ અહંતાનો રોલ્ છે.

તેના પછી જ્યારે આપણે અનુભૂતિ ઉપર આવી રહ્યા છીએ તો આપણે ઑલરેડી જોયું કે એ અહંતા સ્મૃતિની પાછળ પ્રૉક્સી તો આપી જ રહી છે. જ્યારે તમે કોઇ વસ્તુનો અનુભવ કરી રહ્યા છો, ટુ દિ એક્સ્ટેન્ડ્ કે રિકગ્નિશન્ના લેવલ્ સુધી તો પાછી અહંતા પ્રૉક્સી આપશે. રિકગ્નાઇઝ શા માટે કરશો, કેમકે તમે પહેલાં તેને જાણ્યું છે, જોયું છે. 'કગ્નાઇઝ' એટલે જાણવું. 'રિ-કગ્નાઇઝ' એટલે જેનો પહેલાં અનુભવ કર્યો હોય તેનો ફરીથી અનુભવ કરવો. મતલબ સીધીજ વાત એ આવી ગઇ કે એક વખત તમે અનુભવ કર્યો છે અને તમારૂં મન ખુદ આ વાતની સાક્ષી આપી રહ્યું છે કે અમે આનો ફરીથી અનુભવ કરી રહ્યા છીએ. ''હાં હાં જોયેલી વસ્તુ છે. અમે જાણીએ છીએ કે આ નેપકિન્ છે'' દૅટ્ મીન્સ્ કે તમારો કોઇને કોઇ ઇન્ટ્રેસ્ટ્ છે આમાં. પછી ભવિષ્યમાં કોઇને કોઇ એક્સપૅક્ટેશન્ કે આશા કે કામના છે તેના માટે સૉર્ટિંગ્ કોણ કરશે કે મારા લાયક અનુભૂતિ થઇ કે નહીં? મારા લાયક અનુભૂતિ થઇ તો માય્ ફોલ્ડર્માં જશે, નહીંતર નહીં જાય. કૉમ્પ્યુટર્માં જેમ રિસાયકલ્બિન્ હોય તેમ રિસાયકલ્ ડસ્ટ્બિન્માં ચાલી જશે. હમણાં તો જવાદો કચરાને, પછી ઇન્ટ્રેસ્ટ્ની પ્રોસેસ્થી આવશે ત્યારે જોશું.

## (ચેતનાનું સ્વરૂપ)

આ પ્રકારથી આપણો મેન્ટલ્ કોર્સ્ ગવર્ન્ થઇ રહ્યો છે તેમાં આપણને અહંનું જ્ઞાન તિરોહિત થઇ ગયું છે. અને આપણી જે ચેતના છે તે એકદમ ફૅશનર્ની જેમ અહંને ખાલી એક્સપિરિયન્સ્(અનુભૂતિ) કરી રહી છે. તે એક્સપીરિયન્સ્ની સાથે જ્યારે પણ આપણે અહંનો અનુભવ કરીએ છીએ, ત્યારે અહંના વિસા-વિસ્ જે નાહં છે જે મને દેખાઇ રહ્યું છે, જે મારી આસપાસ છે તેને આપણે એઝ એ વિષય જોઇએ છીએ કે આ વિષય છે (નાહં). હું અહં છું. એટલા માટે જ સંસ્કૃત ભાષામાં અહંને 'વિષયી' કહેવામાં આવે છે. 'વિષય' શબ્દનો સંસ્કૃતમાં બહુ સરસ અર્થ

છે. ''સિનોતિ બધ્નાતિ ઈતિ ષયઃ'' ''વિશેષેણ સિનોતિ બધ્નાતિ ઈતિ વિષયઃ''. જે તમારી ચેતનાને કે અવેર્નેસ્‌ને કોઈ પ્રકારથી કૅપ્ચર્ કરે, બાંધીને રાખે છે, ફોર્ લોંગર્ પિરિયડ્ કે ફોર્ એડહૉક્ રીઝન્. કઈ તમારી ચેતના? જે 'હું'ને પ્રકાશિત કરી રહી છે તે ચેતનાને જે કોઈ કારણથી બાંધીને રાખે તે બાંધીને રાખવાવાળી વસ્તુને આપણે 'વિષય' કહીએ છીએ. હવે તે આંખને બાંધીને રાખે તો આંખનો વિષય છે. કાનને બાંધીને રાખે તો કાનનો વિષય છે. જીભને બાંધીને રાખે તો જીભનો વિષય છે. અક્કલને બાંધીને રાખે તો અક્કલનો વિષય છે. સ્મૃતિને બાંધીને રાખે તો સ્મૃતિનો વિષય છે. આકાંક્ષા કે એક્સપૅક્ટેશન્‌ને બાંધીને રાખે તો તેનો વિષય છે એઝ એ કેસ્.

હવે ક્યાં વિષય તમને બાંધીને રાખે છે આ જ્યારે પ્રશ્ન ઉભો થશે, કેમકે તમને વૈરાગ્ય તો છે નહીં. ફ્રૅશનર્ છો તમે! આનંદના તિરોધાનથી જ્ઞાન અને વૈરાગ્ય ગયા. આપણી ચેતના એકદમ ફ્રૅશ્ થઈ ગઈ. કેવી? જેમ હું આ બોર્ડ્‌ને ડસ્ટર્‌થી ભૂંસી નાખું. હવે જે લખવું હોય તે લખું પાછું. કાંઈક લખાયેલું હશે તો આ બૉર્ડ રૅજિસ્ટ્ કરશે, જે લખું તેમાં તે અક્ષર આડા આવશે, લખી નહીં શકું. પરંતુ ભૂસી નાખ્યું તો ફરી પાછું તૈયાર છે જે લખવું હોય તે લખો.

આ પ્રકારથી આપણી ચેતનામાં જ્ઞાન અને વૈરાગ્ય ભૂંસાઈ જવાના કારણે આપણી ચેતના ફ્રૅશનર્ થઈ જાય. બોલ-ચાલની ભાષામાં 'જ્ઞાન' મતલબ કોનામાં પેદા થયેલું જ્ઞાન અને કોનું જ્ઞાન? આ જ્ઞાનને આપણે 'અંડર્સ્ટૅન્ડિંગ્ કે બોધ' કહેશું. આ સકર્મક હોય છે. પરંતુ જે ચેતના છે તે કોઈનું જ્ઞાન નથી અને કોઈના વિષયમાં જ્ઞાન નથી. 'ચેતના'નો મતલબ છે ફક્ત સૅન્સિટિવિટી. સૅન્સિટિવિટી અને સૅન્સેશન્‌માં કેટલો ફરક છે?

જેમ એયર્પોર્ટ ઉપર જ્વેલરીની દુકાન હોય. એમાં દરવાજા ઉપર સૅન્સર્ લાગેલા હોય કે કોઈ પણ આવે એટલે ખુલે. કોઈ પણ જાય તો બંધ થઈ જાય. તેમાં દરેક વખતે સૅન્સેશન્ નથી થતું, સૅન્સિટિવિટી હોય

ખાલી. જેવો કોઈ આવે ત્યારે તેને સૅન્સેશન્ થાય. તો તે સૅન્સેશન્માં જે ઈન્ફૉર્મેશન્ રજિસ્ટર્ થઈ તે પાછી સ્ટોર્ થાય અથવા ક્યાંક જઈને કોઈના મૉનિટર્માં પ્રકટ થાય. અથવા જે પણ વ્યવસ્થા હોય ત્યાં પ્રકટ થાય નહીંતર તે પાછી ઉડી જાય. વિષય ગયો નહીં અને પાછી સૅન્સિટિવિટી રહી જાય, સૅન્સેશન્ ન રહી જાય. ચેતના મૂળમાં જ્ઞાન નથી પરંતુ જ્ઞાનના લાયક એક પ્રકારની તૈયારી છે.

જેમ રેસ્ થાય તો બાળકો બધા આમ (દોડવાની મુદ્રામાં) ઉભા રહે. સીટી વાગતાં જ દોડવાનું શરૂ કરે. આ પ્રકારથી જ્ઞાનનું ફંક્શન્ છે તેની એક પ્રકારની એલર્ટ્નેસ્ છે કે કોઈ પણ વિષય આવ્યો અને સૅન્સેશન્ના રૂપમાં ડૅવલપ્ થશે. ચેતના સૅન્સેશન્ (સંવેદના/જ્ઞાન/અનુભવ) નથી, સૅન્સિટિવિટી(સંવેદનશીલતા) છે. આ એક થોડો સટલ્ ડિફરેન્સ્ છે. ચેતનામાં કેમકે જ્ઞાન તિરોહિત થઈ ગયું છે માટે આપણી જીવચેતના છે તે સૅન્સિટિવ્ રહી ગઈ છે.

## (ચેતના અહં વિષયનો પારસ્પરિક પ્રભાવ)

હવે એની સામે સૌથી પહેલો વિષય આવે છે અહં. તો અહં તે ચેતનાનો પહેલો વિષય સૅન્સેશન્ થાય. અહંના સૅન્સેશન્ના ભરોસે હવે એ ચેતના શું કરે કે અચ્છા આ 'હું' તો મારૂં સરાઉન્ડિંગ્ શું? આમ જ્યારે આપણાથી કૉન્ટ્રાસ્ટ્માં એ વિષયનું સૅન્સેશન્ પેદા કરે છે ત્યારે જઈને અહં આપણો કન્ફર્મ્ થઈ જાય. આ કન્ફર્મેશન્નો રોલ્ ખૂબ મહત્ત્વપૂર્ણ છે! આ વાતને ધ્યાનથી સમજજો કે આપણો અહં અન્કન્ફર્મડ્ જ હોય છે, જ્યાં સુધી કોઈ વિષયની સાથે એન્કાઉન્ટર્માં આપણી ચેતના ઉલ્ઝી નથી રહી. જેવું વિષયની સાથે આપણું એન્કાઉન્ટર્ થયું ફર્સ્ટ્ ઑફ્ ઑલ્ આપણો અહં કન્ફર્મ્ થાય અને અહં કન્ફર્મ્ થયા પછી વિષયને કન્ફર્મ્ કરે. પ્રોસેસ્ ધ્યાનથી સમજો કે ચેતના એ સૅન્સિટિવિટી, સૅન્સિટિવિટીના પછી તેની સામે અહં આવ્યો. એ સમજી લો કે જવેરીનો દરવાજો જેમાં અહં નામનો વ્યક્તિ દાખલ થયો. દાખલ થતાંજ આપણી ચેતના દરવાજા ઉપર લાગેલા સૅન્સર્ની જેમ સૌથી પહેલાં અહંને રજિસ્ટર્ કરે કે આવ્યો

અહં. પરંતુ તે આવેલો અહં કન્ફર્મ્ ત્યારે થાય જ્યારે વિષયનું સૅન્સેશન્ થાય. ત્યારે તે અહં કન્ફર્મ્ થાય. અહં એટલે ‘હુ’. અહંની ખૂબસૂરતી જુઓ. અહં સૅલ્ફ્રિફ્લેક્ટિવ્ હોય છે અને જ્યારે વિષય આવે છે ત્યારે અહં કન્ફર્મ્ થાય કે ‘‘અચ્છા મને વિષય દેખાઈ રહ્યો છે’’. ‘સૅન્સિટિવિટી’ એટલે એક જાતની પોટેન્શિયાલિટી છે, એક્ચ્યુઆલિટી નથી.

જેમ નાના બાળકમાં આગળ જઈને મોટા થવાની, બુદ્ધિમાન થવાની, બિઝનેસ્મૅન્ થવાની વગેરે ઘણી જાતની પોટેન્શિયાલિટી હશે. પરંતુ એક્ચ્યુઅલી તે બાળક તે વખતે તે બધું (બુદ્ધિમાન વગેરે) નથી. તો સૅન્સિટિવિટી, સૅન્સેશન્‌ની પોટેન્શિયાલિટી છે અને તે પોટેન્શિયાલિટી એક્ચ્યુઅલાઈઝ (કાર્યાન્વિત) થઈ જાય છે તે વખતે સૅન્સેશન્ થાય છે. પરંતુ સૅન્સેશન્ પોતાની મેળે તો થઈ ન શકે. સૅન્સેશન્ ઑલ્વેઝ ડિમાન્ડ્સ્ સમ્ સૅન્સા, સમ્ ઑબ્જેક્ટ્ .(વસ્તુ/પદાર્થ) વિના ઑબ્જેક્ટ્ તો તે સૅન્સેશન્ થશે નહીં. સૅન્સિટિવિટી તો ચેતનામાં છે, સબ્જેક્ટિવ્ (વ્યક્તિપરક કે આત્મગત) છે; પરંતુ સૅન્સેશન્ ત્યારે ડૅવલપ્ થશે જ્યારે સામે કોઈ ઑબ્જેક્ટ્ આવે. તો તે પોતાની સૅન્સિટિવિટીની સામે સૌથી પહેલો ઑબ્જેક્ટ્ અહંનો પ્રોવાઈડ્ થઈ રહ્યો છે. જ્યારે અહં પ્રોવાઈડ્ થયો તો સૌથી પહેલો સૅન્સેશન્ ચેતનાને કયો થાય? ‘અહં’. એ શુદ્ધ અહંકર્તાની વાત યાદ કરો. **‘‘સો અનુવીક્ષ્ય ન અન્યદ્ આત્મનઃ અપશ્યત્, સો ‘અહમ્ અસ્મિ’ ઈતિ અગ્રે વ્યાહરત્, તતઃ ‘અહં’ નામ અભવત્’’** (બૃહ.ઉપ.૧।૪।૧) અને અહંના સૅન્સેશન્‌ના પછી વિષય તેને બાંધે છે તેથી તે અહં કન્ફર્મ્ થાય છે કે યુ આર્ અહં. તમે અહં છો પરંતુ વિષય અહં નથી. તે વિષય પરથી સૅલ્ફમાં રિફ્લેક્ટ્ થઈને અહંને કન્ફર્મ્ કરે અને જ્યારે તમે વિષયને કન્ફર્મ્ કરો છો કે અચ્છા વિષય મને દેખાઈ રહ્યો છે. આ આપણા અનુભવની પ્રોસેસ્ છે કેમકે જ્યાં સુધી તમને વિષય ન દેખાણો ત્યાં સુધી અહં તમારો કન્ફર્મ્ નથી થતો.

ખૂબજ નાનું બાળક, જન્મેલું હોય, તેને અહં હોય છે પરંતુ

કન્ફર્મ્ નથી હોતો. એ તો નિરંતર માઁ તેને દૂધ પીવડાવે, માઁ તેની સંભાળ લે ત્યારે પોતાના અહંથી અલગ માઁ તેને દેખાવાની શરૂ થાય કે જ્યારે મારી કોઈ તકલીફ છે, જે મારી આકાંક્ષાઓ છે, જે મારી જરૂરિયાતો છે, તે વિષયથી ફુલફિલ્ થઈ રહી છે. ત્યારે તેને સડન્લી ક્લિક્ (અચાનક સમજમાં આવવું) થાય છે કે જે મારી જરૂરિયાતો છે, ભૂખની કે ઉંઘ આવવાની કે સુસુ થઈ ગઈ તો તેને જે ત્રાસ થાય ફિજિકલી (શારીરિક) એ બધા ત્રાસમાં કમ્ફર્ટ્ (અનૂકુળતા) માઁ જ આપી રહી છે. તો માઁ એજ્ એ વિષય તે વખતે તેને સૅન્સેશન્ થાય છે. પરંતુ જન્મેલું બાળક માઁને ઓળખતું નથી હોતું, ઘણો બધો સમય લે છે માઁને ઓળખવામાં, બાપ તો બધી પછીની કથા છે. એટલો સમય લઈને અને તે પોતાના અહંને જે દિવસે કન્ફર્મ્ કરી લે કે 'હું અને મારી માઁ', પછી બુદ્ધિનો બધો વ્યાપાર શરૂ થઈ જાય. ત્યાં સુધી વ્યાપાર શરૂ નથી થતો. તો એઝ એ ઑબ્જેક્ટ્ પહેલાં 'માઁ' કન્ફર્મ્ થશે તેના વિસા-વિસ્ પહેલાં તેને પોતાનો 'અહં' કન્ફર્મ્ થાય કે હું કાંઈક છું અને મારી જે જરૂરિયાત છે તે મારાથી ફુલ્ફિલ્ ન થઈને મારા સિવાય કોઈ બીજી વસ્તુથી ફુલ્ફિલ્ થઈ રહી છે. આ નિરંતર તેને જે વખતે અનુભવ કે સૅન્સેશન્ થતું રહે પછી ધીરે-ધીરે તે પોતાના 'અહં'ને કન્ફર્મ્ કરે કે અચ્છા 'હું' એટલે આ. અને ઘણી તકલીફો જે મને થાય સમયે-સમયે, તે મારાથી દૂર નથી થઈ રહી પરંતુ આ વિષયથી દૂર થઈ રહી છે.

સાયકૉલૉજીમાં અહીં સુધી પ્રયોગ કરવામાં આવ્યા છે કે જન્મેલા બાળકને ડૉલ્ (ઢીંગલી) આપી દેવામાં આવી પછી તેની જે પણ તકલીફો છે તે દૂર કરવામાં આવી. તો બાળકને ડૉલ્થી બધી તકલીફો દૂર થઈ રહી છે એવો ભાવ જાગ્યો. આનું રશિયન્ સાયકૉલૉજીસ્ટ્ પાવલોનું બહુ પૉપ્યુલર્ એક્સ્પેરિમેન્ટ્ છે કે તે જ્યારે પણ કુતરાને બ્રેડ્ આપતો હતો ત્યારે ઘંટડી વગાડીને આપતો હતો. કુતરાને એ ભાવ જાગી ગયો કે ઘંટડી વાગી એટલે રોટલી આવશે. તો રોટલીમાં જે લાળ ટપકતી તે ઘંટડીના કારણે ટપકવા લાગી ગઈ.

તે અહંનો સૅન્સેશન્ છે, તેના કારણે વિષયનું સૅન્સેશન્, વિષયના કારણે અહંનું કન્ફર્મેશન્, અહંનું કન્ફર્મેશન્ થયા પછી વિષયનું કન્ફર્મ્ થવું આ બધી પ્રોસેસ્ છે. વિષયનો અને અહંનો આ મ્યુચ્યુઅલ્ કન્ફર્મેશન્ છે. આટલા માટે જ સંસ્કૃતમાં અહંને 'વિષયી' કહેવામાં આવે છે. જેમ ''જ્ઞાનમ્ અસ્ય અસ્તિ ઈતિ 'જ્ઞાની'''. ''ધનમ્ અસ્ય અસ્તિ ઈતિ 'ધની'''. ''માનમ્ અસ્ય અસ્તિ ઈતિ 'માની'''. એમ ''વિષયઃ અસ્યા અસ્તિ ઈતિ 'વિષયી'''. જેને વિષય હોય તેને 'વિષયી' કહેવામાં આવે છે. તો અહં વિષયી છે અને અહંનો બધો વિષય જગતમાં નિરંતર ઉલઝતો અને સુલઝતો રહે છે. આપણો અહં ઉલ્ઝે પણ છે કેમકે ''વિશેષેણ સિનોતિ બધ્નાતિ ઈતિ 'વિષય'.

બાળકો ઉપર સાયકોલોજીસ્ટોએ પ્રયોગ કરીને ઘણા સારા પરિણામ તેના આપ્યા છે કે બાળક જન્મ્યા પછી કઈ વસ્તુઓને વિષય તરીકે ટ્રીટ્ કરે છે? તમે જોયું હશે કે બાળકના ઘોડીયા ઉપર ફરતું હોય તેવું રંગવાળું કોઈક ટીન્-ટીન્ વાગતું રમકડું બાંધી દે. એ બધું શું છે? ધ્યાનથી જુઓ, તે બાળકના અહંને કન્ફર્મ્ કરે છે. અને બાળક જ્યારે તેને પકડવા માગે છે તો બાળકને હકીકતમાં આટલી સમજ નથી હોતી કે તે મારા હાથમાં આવશે. પરંતુ કોઈ પણ ઘોડીયામાં સૂતેલો બાળક આમ આમ (બાળકના હાથ હલાવવાની મુદ્રા બતાવતા) હાથ કરતો રહેશે. તેને ખબર નથી હોતી કે આમ હાથકરવાથી આવશે. પરંતુ ધીરે-ધીરે આ તરફ તેનો હાથ ઉપડે અને તે તરફ કોઈ વિષયનું હોવું તેને રિલેશન્ લાગે છે કે ''અચ્છા આ મારી પાસે ન હોઈને મારા હાથ જ્યાં છે ત્યાં આ વિષય છે''. અને ભૂલે-ચૂકે તે તેના હાથમાં આવી જાય તો પછી બાળક નિરંતર તે ટ્રાયલ્-એરર્ મૅથડ્થી તેને એઝ એ વિષય ટ્રીટ્ કરીને, વગાડવાની વસ્તુ હશે તો વગાડતો રહેશે, જોવાની વસ્તુ હશે તો જોતો રહેશે, ફરતી હશે તો ફેરવતો રહેશે. આ પ્રકારથી તેના અહંને કન્ફર્મ્ કરવાની પ્રોસેસ્ છે. આટલા માટે જ મોટાભાગે બાળકને નીચે સૂવડાવીને ઉપર પંખો ચાલુ કરી દો. પછી બાળકને યોગીઓના જેવી જોવાની એક સિદ્ધિ થઈ જાય કે ચાલી કેમ રહ્યો છે? આ કઈ બલા છે જે ચાલી રહી છે?

કેમકે સ્થિર વસ્તુના બદલે આંખને ચાલતી વસ્તુ વધારે કૅપ્ચર્ કરતી હોય છે. બાળકની સામે બધી વસ્તુઓ સ્થિર રાખો તો બાળકની આંખને ઍક્સાઇટ્મેન્ટ્ નહીં થાય કેમકે તે ઍક્સેપ્ટ્ કરી લેશે કે મારી ચેતનામાં આટલો બૅક્ગ્રાઉન્ડ્ તો છે જ. પરંતુ અચાનક હલતી કોઈ વસ્તુ દેખાય તો બાળકની તેના ઉપર દૃષ્ટિ જાય કે લફ્ડું શું છે? કોઈ સોર્સથી લાઈટ્ આવે તો તે તરફ બાળક જુએ. સુતેલા બાળકની સામે બીજી દીશામાં લાઈટ્ કરો બાળક તુરત આમ કરશે (આંખ ઉપર હાથ રાખી દેશે). આ બધું શું ચક્કર છે? તે વિષય તેના અહંને કન્ફર્મ્ કરવા માટે આ પ્રોસેસ્માં બાળક ઉલઝતો હોય છે. આ પ્રોસેસ્માં તે પોતાના અહંને કન્ફર્મ્ કરતો ચાલ્યો જાય.

## (મમતાની પ્રક્રિયા અને મમતાનું બ્રાહ્મિકરૂપ)

જે દિવસે તેનો અહં પરફૅક્ટ્લી કન્ફર્મ્ડ્ થઈ જાય ત્યાર પછી તે વિષયને કન્ફર્મ્ કરે છે કે મારા અહંના વિસા-વિસ્ આ વિષય શું છે? વિષય અને અહં બંને કન્ફર્મ્ થઈ ગયા એ કન્ફર્મેશન્ના ચક્કરમાં તે વિષય મમતા બની જાય. જેમ તે દિવસે મેં તમને કહ્યું (ઑફિસરે મને કહ્યું) ''આ સહી નહીં ચાલે''. ''કેમ નહીં ચાલે?'' ''નહીં ચાલે'' (હલાવતા હાથ મારી સાથે આવ્યા, પાંચસો રૂપિયાની નિશાની પાંચ આંગળી દેખાડીને પૂછ્યું) ''શું વાત છે? કેમ નહીં ચાલે?'' એણે કહ્યું ''અચ્છા ચાલશે, લાવ.'' તો આવી રીતે કોઈ વિષય તેને ઈશારો કરી દે કે કેમ નહીં ચાલે? કેમ નહીં ચાલે? તે કહે કે અચ્છા ચાલશે. એ વિષય મમતા બની જાય. કોઈ વિષય તેને લલચાવી દે. કેમ નહીં ચાલે? તે સમજે કે યાર કાંઈક લફ્ડું છે આમાં. પોતાના અહંના વિસા-વિસ્ મમતાની જેમ તેને કન્ફર્મ્ કરે.

મોટાભાગે જુઓ, બાળકની સાથે વધારે તેજ લાઈટ્, વધારે લાઉડ્ સાઉન્ડ્, વધારે કોઈ સડન્ ઍક્સપિરિઅન્સ્, બાળકને ગભરાવી દેતો હોય છે. ધીમી લાઈટ્, ધીમો સાઉન્ડ્, ગ્રેજ્યુઅલ્ ઍક્સપિરિઅન્સ્ બાળકને ઍક્સેપ્ટ્ કરવામાં અનુકૂલ થાય છે. આટલા માટેજ એક વાત તમે

જુઓ. તેવો હેંગ્ ઓવર્ મોટાઓને પણ રહી જાય અને ઘણી વખત મને પણ થાય છે. પરંતુ બાળકની ખાસ આ પ્રૉબ્લેમ્ છે. અમે તો (ગોસ્વામી)બાલક છીએ તો સ્વાભાવિક કથા છે! પરંતુ કારમાં બેસાડ્યો નહીં અને બાળકને આનંદ આવી જાય. કારણ શું છે? કેમકે વિષય એટલો ફાસ્ટ્ જાય જેટલો જોવા માટે બાળકની આંખ અને મગજ તૈયાર નથી હોતું અને આટલો ફાસ્ટ્ વિષય જાય તો બાળકનું મગજ પહેલાં થાકી જાય તેથી આંખને બંધ કરી દે. જેમ વિષય ફાસ્ટ્ થવાથી પ્રવચનમાં તમારા લોકોની આંખ બંધ થઈ જાય.

આ તેનું મૂલ રહસ્ય છે કે વિષયને એટલો ફાસ્ટ્ રિસીવ્ કરવા માટે પોતાની તૈયારી નથી હોતી. આપણી સમજણની પ્રણાલી છે તે પ્રણાલીના અંતર્ગત આપણને વિષયમાં મમતા જાગે. એ વિષયની મમતા આપણા અહંને વધારે કન્સોલિટેડ્ (ઘનીભાવ) કરે. આ કન્સોલિડેશન્માં વિષયની મમતાને બદલે વિષયકામ પેદા થઈ જાય. કેમકે એ કન્સોલિડેશન્ થયું છે તે વખતે આપણી અહંતા આપણને ક્લિયર્કટ્ આ સંદેશ આપવાનું શરૂ કરે કે આ વિષય જે મારી આજુબાજુ છે તેમાં મારે આ જોઈએ છે કેમકે તે મને કમ્ફર્ટ્ પ્રોવાઈડ્ કરે છે. આ મને ડિસ્કમ્ફર્ટ્ પ્રોવાઈડ્ કરે છે તે મારે નથી જોઈતો. જે વિષય નથી જોઈતો તે વિષય ઉપર તેને ક્રોધ આવવા લાગી જાય. જે તેના અહંને અનુકૂલ ન કરતો હોય, તેને મમતાને સેટિસ્ફાય્ ન કરતો હોય તે વિષય ઉપર તેને ક્રોધ આવવો શરૂ થાય. આટલા માટે ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે **"કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્"** (ભગ.ગીતા.૩/૩૭)

જુઓ અહંતા અને મમતામાં, મમતા ઘણો મોટો બ્રાહ્મિક ફિનોમિના છે. મમતાને આવિદ્યક ફિનોમિના ન સમજતા. આ અહીં ઈન્સિડેન્ટ્લી જેમ અહં ત્યાંથી કૅરિઑન્ થઈ રહ્યો છે, જેમ ચોપડામાં ગયા વરસના ખાતાની કોઈ આઈટમ્ કે ફિગર્ કૅરિફોરવર્ડ્ થાય એમ ઉપાદાનથી જ આપણી આત્મરતી કૅરિફોરવર્ડ્ થઈને ઉપાદેયમાં મમતા

બની રહી છે. મૂલમાં એ આત્મરતિ છે જે બ્રાહ્મિક અંશ છે આ વાતને નહીં ભૂલતા. એ ઉપાદાનના વરસમાં આત્મરતિ છે. પરંતુ ઉપાદેય અહંકર્તામાં તે કૅરિફોરવર્ડ્ થઈને મમતા બની જઈ રહી છે. અને તે ઈન્સિડેન્ટ્લી વિષયની સાથે ઈન્ટરેક્શન્માં ઈન્વોલ્ થઈ રહી છે તેથી મમતા બની રહી છે. એ તો બ્રાહ્મિક છે. એ લોકો મૂર્ખ છે જે લોકો મમતાને ગાળો આપે છે. કેમ? શુદ્ધ ઉપાદાની મમતા તો ભગવાનની આત્મરતિની અભિવ્યક્તિ છે. નિર્મમ તો રાક્ષસ જ હોઈ શકે. ઍક્ચ્યુઅલી તો ખરેખર કોઈ રાક્ષસ, ખૂઁખારમાં ખૂઁખાર માણસ પણ સંપૂર્ણ નિર્મમ નથી હોઈ શકતો. જો કોઈ પ્રાણી છે તો નિર્મમ હોઈ નથી શકતો. આટલી વાત છે કે તેની મમતામાં ચૉઈસ્ની થોડી આઈટમ્ ઓછી હશે થોડી આઈટમ્ વધારે હશે. ફરક આટલો જ પડે છે. જેને આપણે નિર્મમ સમજીએ તે નિર્મમ આ અર્થમાં છે કે પોતાની મમતાની આઈટમ્માં જેટલું આપણે ઍન્યુમરેટ્ કરીએ છીએ તેમાં આપણને ઓછી લાગે તો આપણે તેને નિર્મમ સમજીએ છીએ; વસ્તુતઃ મમતારહિત થવું થિઓરિટિકલી પૉસિબલ્ નથી. જ્યાં સુધી જીવ **"સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે"** (બાલબોધ.૭) ત્યાં સુધી ન જઈએ ત્યાં સુધી મમતા તો પીછો નહીં છોડે. છોડશે તો અહંતા પીછો છોડશે. પરંતુ મમતા તો પીછો ત્યાં પણ નહીં છોડે આ આપણો સિદ્ધાન્ત છે.

## (ચેતનાનો બીજો આયામ કામ-ક્રોધ)

તે ધ્યાનથી સમજો કે કામ અને ક્રોધ છે આ મુખ્ય છે. જેટલો વિસ્તાર છે તે કામ અને ક્રોધની અલગ-અલગ ડિગ્રીની ઈન્ટૅન્સિફિકેશન્(તીવ્રતા) છે. કામનો ઈન્ટૅન્સિફિકેશન્ લોભ છે. લોભનો ઈન્ટૅન્સિફિકેશન્ મોહ છે. મોહનો ઈન્ટૅન્સિફિકેશન્ મદ છે. તો મૂલમાં વૃત્તિ ઈન્ટૅન્સિફાય્ થાય છે. આટલા માટે ભગવાને ગીતામાં ષડ્ગુણ નથી ગણાવ્યા પરંતુ **"કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્"** (ત્યાંજ) આમ કહ્યું છે. આપણી ચેતનામાં ઉભરતા બે ડાયમેન્શન્ છે. પહેલું ડાયમેન્શન્ આપણી

ચેતનામાં આવે છે અહંતા-મમતાનું. બીજું ડાયમેન્શન્ આવે છે કામ અને ક્રોધનું. અને કામ અને ક્રોધના પછી ડિફરન્ટ્ લેવલ્ના ઈન્ટૅન્સિફિકેશન્ છે તે મદ માત્સર્ય લોભ અને મોહ છે. અને જેમ-જેમ ઈન્ટૅન્સિફાય્ થતી જાય તે પ્રકારથી અહંતાનો પણ ઈન્ટૅન્સિફિકેશન્ થતો જાય. પહેલાં અહંનો મોહ ક્રોધમાં ઈન્ટૅન્સિફાય્ થયો, તે જે વખતે મદમાં ઈન્ટૅન્સિફાય્ થઈ જશે અને અહં જબરદસ્ત બોલશે. એવીજ રીતે મમતા ઈન્ટૅન્સિફાય્ થઈને કામ બની અને કામ જે વખતે ઈન્ટૅન્સિફાય્ થાય ત્યારે લોભ થઈ જાય છે. મેં કાલે એટલા માટેજ ચિતાનું અને સિંહનું ઉદાહરણ આપ્યું હતું કે ચિતા અને સિંહનો બેજિક ડિફરન્સ્ આ છે કે કામ બંનેની વચમાં કૉમન્ છે. પરંતુ તેમાં સેલ્ફ્ કૉન્ફિડન્સ્ ન હોવાના કારણે ચીતાનો જે કામ છે તે લોભ બની જાય અને સિંહનો જે કામ છે તે કામ સુધીજ રહે છે. લોભ સુધી નથી જતો. આ ચોપગા ચિતાની અને સિંહની કથા છે એમ બેપગા ચીતા અને સિંહની કથા પણ આ જ છે.

જે વખતે કામ ઈન્ટૅન્સિફાય્ થાય છે તે વખતે તે લોભ બને છે. તેનો ઈન્ટૅન્સિફીકેશન્ ઘટાડી દેશો તો કામ રહી જશે. એવીજ રીતે લોભ વધારે ઈનટૅન્સિફાય્ થયો તો એકદમ નૅગેટીવ્ વેમાં (અધોગામી) માત્સર્યના રૂપમાં પ્રગટ થશે અને એટલો ઈન્ટૅન્સિફાય્ ન થયો તો તે લોભના રૂપમાં રહેશે. મારે જોઈએ છે પરંતુ બીજાની પાસે છે તેમાં મને જેલસી(ઈર્ષા) નથી થઈ રહી. 'લોભ'નો મતલબ કે જે મારી પાસે છે તેને હું સંપૂર્ણ ભોગવવા માગું છું. સંપૂર્ણ રીતથી રૅલિશ્ કરવા માગું છું. તેનો સંગ્રહ પણ કરવા માગું છું. પરંતુ બીજા પાસે છે તેમાં મને કોઈ પ્રૉબ્લેમ્ નથી.

પરંતુ પછી આ મુકામ આવી જાય કે જે મારે જોઈએ છે તે બીજા પાસે ન હોવું જોઈએ. મારી પાસેજ હોવું જોઈએ. આ જે વખતે મનમાં જાગ્યું તે માત્સર્ય પેદા કરે. અને એવીજ રીતે ક્રોધથી પહેલાં પેદા મોહ થાય. મોહ કેમ ક્રોધ બને? જે વસ્તુ પસંદ નથી તેના ઉપર ક્રોધ આવશેજ આ સ્વાભાવિક કથા છે. એટલી અસ્વાભાવિક કથા નથી. એટલે

જ્ઞાનીઓને માટે અને મોટા-મોટા સંત-મહંતોને માટે કામ-ક્રોધ કોઈ અસ્વાભાવિક કથા હોઈ શકે. પરંતુ સામાન્ય માણસ માટે કામ-ક્રોધ કોઈ અસ્વાભાવિક કથા નથી સ્વાભાવિક કથા છે. ઉલટું સર્ટન્ સાયકૉલૉજી અહીં સુધી કહે છે કે કામ-ક્રોધથી વર્જિત બાળક છે તે હેલ્ધી ચાઈલ્ડ્ (સ્વસ્થબાળક) નથી સાયકૉલૉજીકલી અન્હેલ્ધી ચાઈલ્ડ્ (અસ્વસ્થબાળક) છે. તેમાં કાંઈકને કાંઈક કામ ક્રોધ હોવા જોઈએ કેમકે એક ઍવરેજ્ પર્સન્ થવા માટે કામ-ક્રોધ આપણો બહુજ મોટો ડાયનેમિક્ ફોર્સ છે. કેમ ડાયનેમિક્ ફોર્સ છે? તેને ધ્યાનથી સમજો કેમકે આપણા બાળપણમાં આપણને વિવેક નથી સદ્-અસદ્નો શુભ-અશુભનો હિત-અહિતનો. ત્યાં સુધી આ કામ અને ક્રોધ પણ ભયાવહ પણ થઈ શકે છે. પરંતુ જે વખતે તમને વિવેક આવી ગયો કે શુભ શું છે? અશુભ શું છે? હિત શું છે? અહિત શું છે? સત્ શું છે? અસત્ શું છે? સાચું શું છે? ખોટું શું છે? તે વખતે આ કામ-ક્રોધ તમારી પર્સનાલિટીના ડૅવલપ્મેન્ટ્ ફાઉન્ડેશન્ બનશે. કેમકે તમે અસદ્થી ક્રોધ નહીં કરો, જો તમે અશુભથી ક્રોધ નથી કરી રહ્યા, જો તમે શુભને સત્ને સુંદરને નથી ચાહી રહ્યા, કામના નથી કરી રહ્યા તો તમારી પર્સનાલિટી ડૅવલપ્ નહીં થાય.

આ પ્રવચનકાર જે પ્રકારથી કામ-ક્રોધની ધોકો લઈને ધોલાઈ કરતા હોય, ઍવરેજ્ પર્સન્ના માટે કામ-ક્રોધ એટલી ખતરનાક વાત નથી. જેનો પ્રોગ્રામજ મુક્ત થવાનો છે તેના માટે ચોક્કસ આ ખરાબ વાત છે. પરંતુ જેને દુનિયામાં મુક્ત થવાનો પ્રોગ્રામ્ નથી; જીવવાનો પ્રોગ્રામ્ છે તેને માટે કામ-ક્રોધ પોતાના ભીતર અતિ વાઈટલ્(મહત્વપૂર્ણ) ફોર્સ છે. આટલી મોટી જબરદસ્ત બેટરી ભગવાનની છે. ખરેખર તો આપણી પુષ્ટિભક્તિ છે. 'પુષ્ટિભક્તિ'નો મતલબ શું? પુષ્ટિથી પેદા થતી ભક્તિ. ભગવાનની જીવાત્મા ઉપર કૃપા. ભગવાનની કરવામાં આવેલી બહુ ભારી આ ક્રિયા છે જેને કારણે આપણને ક્રોધ અને કામ આવી રહ્યા છે. જો કામ-ક્રોધથી આપણે વંચિત થઈ ગયા તો સત્યાનાશ થઈ ગયો આપણો. કેમ? કેમકે અશુભથી અસત્થી અહિતથી આપણો ક્રોધ આવવો બંધ થઈ જશે. ક્રોધ આવવો બંધ થઈ ગયો મતલબ વિવેક જાગ્યો તો ફાયદો નહીં

થાય. સદ્-અસદ્ વિવેક જાગ્યો તો પણ ફાયદો નહીં થાય. કેમકે ક્રોધ આવીજ નથી રહ્યો.

### (કામ-ક્રોધનો સદુપયોગ તેમજ દુરૂપયોગ)

શુભથી હિતથી આપણને કામ ન જાગ્યો અને સદ્-અસદ્ વિવેક પણ થયો તો તે દુર્યોધનની જેમ **"જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ"** હું શું કરી શકું? તો પર્સનાલિટી ડૅવલપ્મૅન્ટમાં કામ-ક્રોધનો બહુ મોટો રોલ્ છે. જે વાતને આપણે સમજતા નથી. જેમ એ.કે.૪૭ સિવિલીયન્ના માટે ખરાબ વસ્તુ છે તેનો કોઈ એવો ખરાબ અર્થ કરે કે મિલિટરીવાળાઓને એ.કે.૪૭ ન આપવી જોઈએ. મતલબ દેશની રક્ષા ખંડિત થઈ ગઈ. મિલિટરીવાળાઓ પાસે હોવી જોઈએ તેથી સિવિલીયન્ પણ માંગવા લાગી જાય તો દેશની રક્ષા થશે ત્યારે થશે, પહેલા દેશમાં આંતરિક અસુરક્ષા વધારે થઈ જશે. કેમકે બધા એ.કે.૪૭ લઈને એક-બીજોને ઢીશૂમ્-ઢીશૂમ્ કરવા લાગી જાય. તો દરેક વસ્તુનો સદ્-અસદ્ વિવેક છે. તે વિવેકના આધારે જો કામ-ક્રોધ ચાલી રહ્યો છે તો આપણી પર્સનાલિટીને ડૅવલપ્ કરનારી આ મેજર્ ફોર્સ છે. પરંતુ ફરી પાછી વાત એજ કે અસ્વસ્થ અહંકાર મોઢાની વાસ જેવો છે અને સ્વસ્થ અહંકાર આપણે છાંટેલા પરફ્યુમ્ જેવો છે. તે જેટલી વખત છાંટ્યો તેટલી વખત તો તમને સુગંધ આપી રહ્યો છે. બાકી ફોર્ લોંગર્ ટાઈમ્ તે તમને નહીં બીજાને હેલ્પ્ કરે છે.

બહુ પ્રસિદ્ધ મજાક છે, જે તમે પચ્ચીસ વખત સાંભળ્યું હશે. એક આંધળા માણસને કોઈએ ટૉર્ચ આપી દીધી. તો તેણે કહ્યું કે "આ ટૉર્ચ્નું મારે શું કામ? મારે તો જેમ દિવસ છે તેમ રાત! મારી આંખથી તો ચાલતો નથી. લાકડી ઠક-ઠકાવીને ચાલું છું, તેમાં ટૉર્ચ્થી શું ફરક પડે?" (જેણે ટૉર્ચ આપી) એણે કહ્યું કે "તમને ફરક નહીં પડે પરંતુ કોઈ તમારી સાથે ન ભટકાઈ જાય તેના માટે તો એક ટૉર્ચ્ રાખો!" તો તેના પણ મગજમાં ગમી ગઈ વાત. "હાં! કોઈ મારી સાથે ટકરાઈ નહીં તેના માટે ટૉર્ચ્ કરવી સારી વાત છે." હવે આંધળા માણસને ખબર જ ન પડી કે

ટૉર્ચ્‌ની બેટરી ક્યારે ખતમ થઇ ગઇ અને બંધ થઇ ગયેલી ટૉર્ચ્‌ લઇને ચાલી રહ્યો હતો. પછી એક માણસ ટકરાયો તો આંધળાએ કહ્યું ''જોતો નથી ટૉર્ચ્‌!'' તેણે કહ્યું ક્યાં છે ટૉર્ચ્‌?'' આંધળાએ કહ્યું ''હાથમાં તો છે.'' ટકરાયો એણે કહ્યું ''ક્યાં છે? ચાલુ તો છે નહીં.'' આપણી સાથે આ પ્રકારની પ્રૉબ્લેમ્‌ કે ઘટના બની જાય છે. જે સદ્‌-અસદ્‌ વિવેક નથી કરી શકતો તે પ્રકારનો જે આંધળો હોય એના હાથમાં કામ-ક્રોધની ટૉર્ચ્‌ હશે તે ફાયદો નહીં કરે. પરંતુ આટલો વિવેક થઇ શકે છે કે સદ્‌-અસદ્‌ વિવેક શું છે? શુભ-અશુભનો વિવેક શું છે? હિત-અહિતનો વિવેક શું છે? તેના માટે કામ-ક્રોધ તેના અહંકારની બહુ મોટી ડાયનૅમિક્‌ ફોર્સ્‌ થઇને આવે. જે આપણી પર્સનાલિટીને ડૅવલપ્‌ કરવામાં મેજર્‌ રોલ્‌ અદા કરે છે.

અને હું સમજું છું કે કોઇ ધર્મ, કોઇ સંપ્રદાય આ વાતથી બચીને જઇ શકે છે કે જેની પાસે કોઇક વસ્તુ શુભ-અશુભની, હિત-અહિતની, સત્ય-અસત્યની ન હોય. કોઇ પણ ધર્મસંપ્રદાય હોય, ત્યાગ વૈરાગ્ય ભક્તિ કર્મ જ્ઞાન, એ બધાની પાસે કાંઇક-ને-કાંઇક આ લિસ્ટીંગ્‌ તો છે કે નહીં કે આ આપણા ધર્મના હિસાબથી સાચું છે, આ આપણા ધર્મના હિસાબથી ખોટું છે, આ આપણા ધર્મના હિસાબથી સારૂં છે કે આપણા ધર્મના હિસાબથી ખરાબ છે. તેના ઉપર ક્રોધ નથી આવી  રહ્યો મતલબ તમે તમારા ધર્મને જીવવા લાયક સમર્થ જ નહીં થઇ શકો. જે સાચું છે તેના ઉપર તમને કામના નથી જાગી રહી. મતલબ કે તમે તમારા ધર્મને સાચી રીતથી જીવી નહીં શકો. કામ-ક્રોધ એટલી ખરાબ વસ્તુ નથી. પરંતુ કામ-ક્રોધ ક્યારે ખરાબ બની જાય છે? આંધળાના હાથમાં જઇને સદસદ્‌નો હિતાહિતનો વિવેક નથી તેના માટે આ કામ અને ક્રોધ નુકશાન કરી જાય છે. કેમકે માણસ દોડવા લાગી જાય અને દેખાતું ન હોય ત્યારે પડવાની વધારે સંભાવના (ખતરનાક) બની જાય છે. એવા વખતે ધીરે-ધીરે ચાલનારો માણસ એટલી જલ્દી નથી પડતો, એટલા માટે કામ-ક્રોધની નિંદા કરવામાં આવી છે. **''કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્‌ભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્‌ ઇહ વૈરિણમ્‌''** (ત્યાંજ)

તો આ આપણા સદસદ્વિવેક શુભાશુભવિવેક હિતાહિતવિવેકની સાથે કામમય ક્રોધમય અહંકાર ‘સ્વસ્થ અહંકાર’ છે. પરંતુ સદ્-અસદ્ વિવેકરહિત અહંકાર આપણા માટે નુકશાન આપી શકે છે. તે આપણે આ જંક્શન્ ઉપર સમજવું જરૂરી છે. અને બાકીની ચાર વસ્તુ છે, એ તો આના ડિફરન્ટ્ ડિગ્રીના ફક્ત ઇન્ટૅન્સિફિકેશન્ છે. અને તે જેટલાં ઇન્ટૅન્સિફાય્ થતાં જશે તેમાં તમારો અહં અને મમ ટ્રૅપ્ થવા લાગે છે. અને તેનું નૅટ્ રિઝલ્ટ્ ડૅન્જરસ્ આવી રહ્યું છે. એ ડૅન્જરસ્ ઇન્ટૅન્સિફિકેશન્‌ને કારણે આવી રહ્યું છે. શુદ્ધ અહંતા અને શુદ્ધ મમતા આ રીતથી કોઈ ડૅન્જરસ્ ફિનોમીના નથી. આ આપણને ઉપાદાન અહંકર્તા, ઔપાદાનિક અહંકર્તા અને ઔપાદાનિક અહંક્રિયાનું વિવેચન અહીં સુધી આ રહસ્ય સમજાવી રહ્યું છે. કોઈ રીતે આપણી અહંતા અને મમતા આ બિમારીમાં ફસાઈ ગઈ તેનો ઍન્ટિડોઝ શાસ્ત્રએ જનરલ્ આ આપ્યો.

## (અહંતા-મમતાને ‘સ્વસ્થ’ કરવાના ઉપાય)

શાસ્ત્રએ આ ઍન્ટિડોઝ ધર્મના ઍંગલ્‌થી આપ્યા. શાસ્ત્ર ધર્માત્મક પણ હોઈ શકે છે, અર્થાત્મક પણ હોઈ શકે છે, કામાત્મક પણ હોઈ શકે છે, મોક્ષાત્મક પણ હોઈ શકે છે. આ ધર્માત્મકના ઍન્ટિડોઝ છે પરંતુ અર્થાત્મક કામાત્મક મોક્ષાત્મક ઉપદેશ પણ તેના હોઈ શકે છે. એ શક્યતાને આપણે ભૂલવી ન જોઈએ. તેમાં આ વસ્તુના બદલે બીજી વસ્તુ પણ આવશે જે પ્રેજન્ટ્ આપણી અહંતા-મમતાનો વિષય નથી.

ઇન્સિડેન્ટલી એ કન્ટિન્યુટીમાં પુષ્ટિમાં આપણે શરણાગતિ નિરોધ સેવા સમર્પણ સર્વાત્મભાવ ભક્તિને ઍન્ટિડોઝ માન્યા છે. કેમકે આપણી પદ્ધતિ છે કે આપણી ચેતનામાં શરણાગતિમાં ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’નો ભાસ થવો જોઈએ. આપણી ચેતનામાં એ પ્રકારની નિરોધાત્મકતા ભાસિત થવી જોઈએ કે જે કાંઈ છે તે કૃષ્ણાર્થ છે. એ પ્રકારની નિરોધાત્મકતા આપણામાં ભાસિત થવી જોઈએ. એટલે કે આપણામાં સ્વસુખના બદલે સેવ્યસુખનો ભાવ થવો જોઈએ. સમર્પણનો ભાવ થવો

જોઈએ તો આપણી ભક્તિ બરાબર ખિલી શકશે. તેનો આ બધો પ્રૅક્ટિકલ્ ઈમ્પ્લિમેન્ટેશન્ છે. જે આપણા ઘરના ઠાકોરજીમાં આપણે કરીએ છીએ. આ આપણો આખો પ્રોગ્રામ્ હતો. અહીંથી પછી બધો વિષય શુદ્ધનો ન હોઈને મિશ્રિતનો છે. મેં આટલા માટે બતાવ્યું કેમકે આ કન્ટિન્યુટીમાં આવી રહ્યો છે. અને આ પ્રોડક્ટ્ ત્યાંનો હોઈને ઍક્સપોર્ટ્ના માટે છે. ફૉર્ લોકલ્ યૂઝ નથી. આ હાફુસ કેરી જેવું પ્રોડક્ટ્ છે. પેદા અહીં થાય અને જાય ગલ્ફ્માં. એમ ઉપાદાનના એરિયામાં આ બધા પેદા થયા. ઔપાદાનિક ક્રિયાથી માલ પેદા થયો છે, પરંતુ નોટ્ ફૉર્ લોકલ્ યૂઝ, ફૉર્ ઍક્સપોર્ટ ઈન્ ટુ ઉપાદેય એરિયા. વાત આ રીતે સમજશો તો કોઈ કન્ફ્યુઝન નહીં થાય.

**પ્રશ્ન :** મમતા આત્મરતિના કારણે પેદા થાય. તેનેજ ઈન્હિયરન્ટ્ માનીએ છીએ જે સ્વાભાવિક છે. અહીં જે ગ્રાફ બતાવી રહ્યા છો તેમાં એવું લાગે છે કે તે સ્વાભાવિક ન હોઈને ઔપાધિક દેખાઈ રહી છે જેમ વિષયમાં રહેલી આપણી મમતા. એવીજ રીતે આપણી અહંતા સ્વાભાવિક ન હોઈને ઍક્વાયર્ડ્ છે પરંતુ ગ્રાફ્ના હિસાબથી ઍક્વાયર્ડ્ નથી લાગી રહી, સ્વાભાવિક લાગી રહી છે તો આ વાતમાં મને થોડું કન્ફ્યુઝન્ લાગી રહ્યું છે.

**જવાબ :** ભાગવતી અહંતા ઈન્હિયરન્ટ્ લાગી રહી છે કે ઍક્વાયર્ડ્ લાગી રહી છે?

**પ્રશ્ન :** ઍક્વાયર્ડ્ લાગી રહી છે કેમકે મને એવા સંસ્કાર છે કે પંચશ્લોકીમાં પણ આ વાત ચાલી હતી કે આપણે બ્રહ્મની અહંતા છે તે મૂલ અહંતા છે. જ્યારે તે આપણામાં કૅરીફૉર્વર્ડ્ થાય તે વખતે તે ઍક્વાયર્ડ્ છે તેમાં કદાચ આ વચન આપે આપ્યું છે કે **''ભૂમિઃ આપો અનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ અહંકાર ઈતિ મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા''** અહંકારની ત્યાં વાત કહી છે તે અહંકાર ઍક્વાયર્ડ્ છે અને અહીં સ્વાભાવિક લાગે છે તો થોડું કન્ફ્યુઝન્ છે.

**જવાબ :** મેં આટલા માટે આપણા પહેલા દિવસે એક વક્તવ્યમાં આ વાતનો ખુલાશો કર્યો કે દરેક હકીકતમાં કાંઈક કહાની છુપાયેલી છે અને દરેક કહાનીમાં એક હકીકત છે. બ્રહ્મનું જે સ્વરૂપ છે તે આપણે ત્યાં હકીકત છે. અને તેમાંથી પ્રકટ થઈ રહેલી આ કહાની છે. તેથી આપણામાં જે પણ કાંઈ સ્વાભાવિક છે કે ઔપાધિક છે ઈન્‌હિયરન્ટ્ છે કે ઍક્વાયર્ડ્ છે તે બ્રહ્મની કહાની છે. અને બ્રહ્મની કહાની છે આ રહસ્યને તું એક વખત બ્રોડ્ સેન્સ્‌માં સ્વીકારી લે પછી આ વાતને ક્યારેય ન ભૂલ કેમકે કાલે મેં આટલા જ માટે બતાવી દીધું કે દરેક ન્યૂક્લિયસ્‌માં ક્રૉમોઝોમ્ કહાનીની જેમ છુપાયેલ છે. તે ત્યાં પ્રકટ નથી. પરંતુ તેમાંથી પ્રકટ થનારા રિપ્રોડક્શન્‌માં એ કહાની પ્રકટ થશે. હું કદાચ ગડબડ ન કરતો હોઉં તો સાયન્સ્‌માં પણ આવું માનવામાં આવ્યું છે કે કેટલાક સેલ્ એવા હોય છે જેમાં લાઈટ્ રિસીવ્ કરવા માટે કોઈ એક પોઈન્ટ્ હોય છે. આમ તો પૂરો સેલ્ હોય છે. પરંતુ તે આપણી આંખના સ્થાનીય છે. ઍક્ચ્યુઅલી આંખ નથી હોતી; પરંતુ એક પોઈન્ટ્ હોય છે. જે પોઈન્ટ્ પર એ સેલ્ લાઈટ્‌ને રિસીવ્ કરે છે. સમુદ્રમાં અલગ-અલગ ઉંડાઈ ઉપર કોઈક એવી વનસ્પતિ હોય છે, જે લીલા રંગની હોય છે. અને કોઈક વનસ્પતિ લાલ રંગની હોય છે અને તેમાં આ જ કારણ માનવામાં આવેલું છે. એમાં જે રંગના ભેદ છે તેનું મૂલ કારણ છે કે ઉંડાઈ ઉપર તે લાઈટ્ જઈ રહી છે અને એટલી લાઈટ્‌ને તે લઈ રહી છે. બાકીની લાઈટ્ તો તે લઈ નથી શકતી માટે એનો કલર્ એ પ્રકારથી થઈ રહ્યો છે. તો સેલ્‌માં પણ આ પ્રકારનું કોઈ તાત્ત્વિક પ્રકાશને ગ્રહણ કરવાનું કરણ હોય છે. એક સેલ્‌માં તે એટલો કૉમ્પ્લીકેટેડ્ હોય છે કે તેને આંખ માની શકો, ખાવાનું મુખ માની શકો, કેમકે પ્રકાશ ખાઈ પણ શકાય છે. આપણા લેવલ્ ઉપર આપણને એમ લાગે છે કે આપણે પ્રકાશ ખાઈ નથી રહ્યા. સિમ્પલ્ પ્રકાશ ખાઈ નથી રહ્યા. પરંતુ કૉમ્પ્લેક્ષ પ્રકાશ જ આપણે ખાઈ રહ્યા છીએ. એક વખત વનસ્પતિશાસ્ત્રનું રહસ્ય પૂરી રીતે સમજી જઈએ તો આપણે પ્રકાશના સિવાય કાંઈ પણ ખાઈ નથી રહ્યા. આપણે એમ બહાનું કરીએ કે અમે ઢોકળા ખાઈ રહ્યા છીએ અને ફાફડા ખાઈ રહ્યા છીએ. ઢોકળા ખાઈએ કે ફાફડા ખાઈએ, ખાઈ તો પ્રકાશ જ રહ્યા છીએ. પ્રકાશના સિવાય આપણે

ત્યાં ખાદ્ય પદાર્થ કોઈ છે જ નહીં. તો સેલ્માં પ્રકાશગ્રાહી જે અંગ છે તે તેનું મુખ છે કે આંખ છે? પરંતુ તેમાં ''એકો અહં બહુસ્યામ્''ની જેમ ધીરે-ધીરે આંખ પાછી મુખ પણ બને છે. જેમ માંકડ છે એવા કેટલાય જાનવર છે જેમને આંખ નથી હોતી; પરંતુ તો પણ પ્રકાશ એમને ગ્રહીત થાય છે. લાઈટ્ થતાંજ માંકડ કેમ ભાગી જાય? તેનું મૂલ કારણ આ છે કે આંખથી તેને નથી દેખાતું પરંતુ તેને પીઠપર પ્રકાશ દેખાય છે. જેમ સાંપને કાન નથી હોતા; પરંતુ પેટપર તેને સંભળાય છે. તો જો અંગ કે કરણ નથી; પરંતુ ક્રિયા પહેલાં પ્રકટ થાય છે સાયન્સ્માં. એ ક્રિયાને નિરંતર કરતાં-કરતાં ફરી પાછો અચાનક તેનો કરણ ફૂટે છે. અને આ વાતને વેદમાં એટલી ખૂબસૂરતીથી કહી છે કે **''પશ્યન્ ચક્ષુર્ ભવતિ, ધાવન્ ચરણૌ ગૃહણન્ કરૌ ભવતિ''** તે જોવા લાગે છે એટલે આંખ બની જાય છે. પકડવા લાગે છે એટલા માટે હાથ બની જાય છે. દોડવા લાગે છે એટલા માટે પગ બની જાય છે. ક્રિયાથી કરણ વિકસિત થઈ રહ્યો છે જે શુદ્ધ અવસ્થા છે તેમાં અને કૉમ્પ્લેક્સ્ અવસ્થામાં કરણથી પાછી ક્રિયા પેદા થાય છે. આટલા જ માટે આપણા બ્લડ્ના જે સેલ્ હોય છે એમાં પણ વાઈટ્ સેલ્માં આ જ પ્રૉબ્લેમ્ હોય છે. કોઈ પણ વસ્તુ આવે તો વ્હાઈટ્ સેલ્ શું કરે છે? તે જાય, એને મુખ નથી હોતું પરંતુ તેને ઘેરો ઘાલીને ચારેતરફથી ચોંટી જાય અને ચોંટીને પછી ધીરેથી મુખ વગર ખાવા લાગ જાય. તે મુખ વગર ખાવા લાગે છે માટે ઍડવાન્સ્ સ્ટેજ્માં મુખ ખાવા માટે ડૅવલપ્ થાય છે. તો આ સુવ્યવસ્થા ત્યાં છે. શુદ્ધ અવસ્થામાં ક્રિયામાંથી કરણ વિકસિત થઈ રહ્યો છે. તે આપણા ઉપનિષદ્માં પણ મૅન્શન્ કર્યું છે કે શુદ્ધાવસ્થામાં ક્રિયાથી કરણ વિકસિત થઈ રહ્યું છે. અને ઉપાદેય અવસ્થામાં એટલો સ્ટ્રક્ચર્ કૉમ્પ્લેક્સ્ થઈ જાય છે તો એટલો તેને સંભાળવા માટે પાછું અલગથી એક કરણની જરૂરત પડે છે. મહાભારતમાં બહુ સરસ કહ્યું છે :

**''ન રાજ્યં ન ચ રાજા આસીત્ ન દંડો ન ચ દાંડિકઃ ।**
**ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના પરસ્પરમ્ ।।**

જ્યારે પ્રજા ધાર્મિક છે તો રાજાની રાજ્યની કે દંડની કોઈ અપેક્ષા ન હતી. પરંતુ આપણી જીવનપ્રણાલીમાં એટલી કૉમ્પ્લેક્સિટી પેદા થઈ કે કોઈ માણસ ધર્મ ઈચ્છવા છતાં ધર્મ કરી નથી શકતો. કોઈ ધર્મનું કપટ કરીને ધર્મ કરી રહ્યો છે. કોઈ અધર્મના નામ ઉપર ધર્મ કરી રહ્યો છે. આટલી બધી વૅરાયટી થઈ તો તેનો કન્ટ્રોલ્ કરવા માટે એક ઈન્સ્ટ્રુમેન્ટ્ તો જોઈએ માટે રાજા રાજ્ય અને દંડ આવ્યા. મહાભારત સ્પષ્ટ આ વાતને કહે છે કે **''ન રાજ્યં ન રાજા આસીત્ ન દંડો ન ચ દાંડિકઃ ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના પરસ્પરમ્''**

જેમ આપણા બ્લડ્-સેલ્નો પોતાનો ધર્મ છે કે તે કોઈને રહેવા દે છે, કોઈને નથી રહેવા દેતા. ત્યાં કોઈ રાજા થોડા છે! કોઈ ઑર્ડર્ કરે? કાંઈ નથી. જેટલા પણ બ્લડ્ના વ્હાઈટ્-સેલ્ છે તે **''ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના પરસ્પરમ્''** પરંતુ ફૉરેન્ ઍલિમેન્ટ્ આવ્યો તો દોડીને તુરત ખાઓ પચાઓ ખાતમો કરો. ''ધર્મેણૈવ પ્રજા સર્વા'' આ આપણને જરૂરત પડે છે કેમકે આપણું જે સ્ટ્રક્ચર્, બિહેવીઅર્ છે તે એટલી કૉમ્પ્લેક્સિટી લીધેલું છે માટે આપણે રાજાની જરૂરત પડે છે. કેમકે તેના વગર આપણો વ્યવહાર ઠેકાણે આવે નહીં. બાકી તો જ્યાં ''ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના પરસ્પરમ્'' ત્યાં કોઈ જરૂરત જ નથી. કરણની જરૂરત નથી. ત્યાં ક્રિયા સફિસીયેન્ટ્ છે. કરણની જરૂરત ક્યારે પડે? રાજા એક કરણ છે. દંડ રાજાથી પણ વધારે એક કૉમ્પ્લેક્સ્ કરણ છે. તો દંડને કાનુની ભાષામાં 'એડ્જ્યુડિકેશન્' કહેવામાં આવે છે. તેની ક્યારે જરૂરત પડે? જ્યારે કોમ્પ્લેક્સિટી વધી જાય ત્યારે. બધા લોકો શાંતિથી રહે તો તેમાં શા માટે રાજાની જરૂરત છે? અને શા માટે પનિશમૅન્ટ્ પૅનલ્ટીની જરૂરત છે? નો એડ્જ્યુડિકેશન્.

મૂલમાં હિન્દુસ્તાની લોકો વિદેશોની સામે એટલા માટે હારી ગયા કે આપણે ત્યાં બધું એવું આનંદનું ખાતુ જ હતું. બધા લોકો ''ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના પરસ્પરમ્''. લડાઈ થતી રહેતી. અહીં કિસાન ખેતી કરતો રહેતો. આપણને ખબર નહોતી કે આવું પણ યુદ્ધ થઈ શકે જેમાં

યુદ્ધમાં ભાગ ન લીધો હોય તેને પણ મારી શકાય! આપણા એક-એક ધર્મ હતા. જે લડી રહ્યા છે એમને લડવા દો. તો રસ્તાની આ બાજુ કિસાન ખેતી કરતો તે બાજુ યુદ્ધ ચાલતું. પરંતુ આ આતતાયી લોકો એવા આવ્યા, તે જે યુદ્ધ કરી રહ્યો છે તેને મારો, જે યુદ્ધ નથી કરી રહ્યો તેને પણ મારો, બધાને મારો. તેમાં તે પ્રકારની લડાઈના માટે આપણે તૈયાર ન હતા. નાલાયક હતા કે લાયક હતા એ કથા બીજી છે; પરંતુ આપણો તે પ્રકારનો સેટ્અપ્ હતો કે સાંજ પડી ગઈ તે લડાઈ નહીં કરીએ. સૂર્યોદય થતાં પાછો શંખ વાગવા લાગી જાય **“તતઃ શંખાઃ ચ ભેર્ય ચ પણવાનકગોમુખાઃ”** (ભગ.ગીતા.૧/૧૩) સૂર્યાસ્ત થતાં પાછા બેસી જતા. આ તો આપણને પાછળથી ખબર પડી કે રાતના સૂતા હશું ત્યારે પણ હુમલો થઈ જશે. આપણને કલ્પના જ ન હતી કે આવી રીતે પણ યુદ્ધ થાય. તેમાં લદ્-પદ્ હારી ગયા. લડનાર માણસ શરણાગત થઈ ગયો તો લડાઈ બંધ થઈ જતી. પૉલિટીકલી બેવકૂફ હતા કે ધર્મના હિસાબથી મોસ્ટ્ ઍડ્વાન્સ્ હતા? એ ચર્ચાનો વિષય હોઈ શકે. પરંતુ આપણે હતા આવા, ‘અમે એવા રે’. તેમાં આપણે હારી ગયા. નહીંતર હારવાનું કોઈ કારણ ન હતું.

રાણા સાંગાના માટે આવે છે કે બાબર તોપ લઈને આવ્યો. બધા કિલ્લાઓની ભીંતો તુટવા લાગી. રાણા સાંગાએ કહ્યું “અરે યાર કિલ્લાઓની ભીંતો તુટવા માંડી છે ચાલો સામે ચાલો.” તોપો ચાલી રહી હતી, તલવાર ફેરવતા-ફેરવતા બધા ત્યાં પહોંચી ગયા, બધા મરી ગયા. કલ્પનાજ ન હતી કે આવું પણ કાંઈક થઈ શકે છે. આપણે ત્યાં તો ભાગી જાય તો તેનો પીછો ન કરતા. સરેન્ડર્ (શરણાગત) થઈ જતા તો મારવામાં ન આવતા. આપણે સારીરીતે જાણીએ છીએ કે પૃથ્વીરાજે ૧૬વખત મહમદ ઘોરીને છોડી મૂક્યો સરેન્ડર્ થયો ત્યારે. અને પૃથ્વીરાજ એક વખત બિચારો હાર્યો તો તેને છોડ્યો નહીં. તો આપણી “ધર્મેણૈવ પ્રજા સર્વા નિયમાના” હતી તેમાં આપણે જાણી ન શક્યા કે શું લફડું થઈ ગયું અચાનક? ટ્રૉમેટિક્ ઍક્સ્પીરિયન્સ્ હતો આપણા માટે કે નાગરિકોને પણ મારી શકાય છે અને ટૉર્ચર્ કરી શકાય છે, માટે આપણે હારી ગયા.

આપણે ત્યાં પ્રૉપર્ કરણ ન હતા. એ લોકો પાસે બધા કરણ પ્રૉપર્ હતા માટે તે લોકો જીત્યા. કેમકે જ્યારે પણ કરણ ડૅવલપ્ થાય છે ત્યારે અફૅર્ની કૉમ્પ્લૅક્સિટી વધારે હોય છે. ભલે સોશિયલ્ કમર્શિયલ્ રિલિજીયસ્ અફેર્ હોય પરંતુ જ્યારે કૉમ્પ્લૅક્સિટી આવી ગઈ તો પછી કરણ બની જાય, પછી ઈન્સ્ટિટ્યુશન્ બની જાય, પછી ટ્રેઈનિંગ્ બની જાય, પછી તેમાં સિસ્ટમૅટિક્ કામ થવા લાગે. તેમાં જે અન્સિસ્ટમૅટિક્ છે તેને ખતમ થવું જ પડશે. સીધીજ વાત છે કે જે તું કહી રહ્યો છે તે વાત ક્રિયાના લેવલ્ ઉપર સાચી છે પરંતુ હકીકતમાં એક રહસ્ય તેનું એ છે કે આપણને જે પણ કાંઈ મળ્યું છે અહંતા-મમતા, એ મળ્યું તો ત્યાંથી(બ્રહ્મથી/ઉપાદાનથી) જ ને! કેમકે તે કહાની ત્યાં છે! ક્રોમોઝોમ્ તો તેના(ન્યૂક્લિઅસ્માં) છે તે તેમાં ન હોત તો આપણને મળત કેવીરીતે? આ રહસ્યને સરખી રીતે સમજો.

**પ્રશ્ન :** આપ એમ કહેવા માગી રહ્યા છો કે આ જો ભાગવતી અહંક્રિયા છે તો ક્રિયાના લેવલ્ ઉપર તેને સ્વાભાવિક માની લેવું. તેના પછી જે અહંરૂપ કરણ પેદા થાય તે ઍક્વાયર્ડ્ થાય કૉમ્પ્લૅક્સિટિના કારણે.

**જવાબ :** તે ક્રિયા જે વખતે કરણરૂપમાં ડૅવલપ્ થઈ ગઈ તો ઍક્વાયર્ડ્ થઈ ગઈ. એજ વાત મમતામાં લાગુ થશે.

**પ્રશ્ન :** પરંતુ મમતાના માટે આપણે દરેક વખતે કહીએ છીએ કે મમતા ઈન્હિયરન્ટ્ છે એટલેકે આત્મરતિ તેનું મૂળ છે. જેમ આપ દરેક વખતે કહો કે **"નવા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ"** (બૃહ.ઉપ.૨/૪/૫, ૪/૩/૨) મતલબ એ જે ભીતરની આપણી રતિ છે અને મહાપ્રભુજી પણ કહી રહ્યા છે કે **"અતઃ સ્નેહઃ પદાર્થાન્તરમ્..."** તો તે સ્નેહને આપણે ક્યારેય ઍક્વાયર્ડ્ નથી માનતા?

**જવાબ :** તું ઉલ્ટી વાત કરી રહ્યો છે. ઍક્ઝૅક્ટ્ તેં ઓપોઝિટ્

વાત કરી દીધી. સાચી વાત જો હું તને બતાવું. મહાપ્રભુજી જ્યારે **''અતઃ સ્નેહઃ પદાર્થાન્તરમ્''** કહી રહ્યા છે અને મહાપ્રભુજી જે વખતે આત્મરતિ કહી રહ્યા છે તે વખતે મહાપ્રભુજીનો વિવક્ષાસંદર્ભ પરમાત્મા છે વિષયમાં નથી. અને આપણો પારમાત્મિક સંદર્ભ ન લઈને વૈષયિક સંદર્ભમાં એ વાતને લઈશું તો પછી ખોટી થશે. મહાપ્રભુજીનો સંદર્ભ છે તે પારમાત્મિક સંદર્ભમાં આત્મરતિ છે **''અતઃ સ્નેહઃ પદાર્થાન્તરમ્''** (સુબો.૧/૧૯/૧૬) પરંતુ તમારો સંદર્ભ વૈષયિકનો આવી ગયો તો **''વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ''** (સં.નિ.૬) કહેવાની મહાપ્રભુજીની હિંમત તુટી જતી. પરંતુ મહાપ્રભુજીએ તો દમ-ખમથી કહ્યું છે **''વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ''** શા માટે કહ્યું? જે વ્યક્તિ એક વાત કહી રહ્યો છે કે **''અતઃ સ્નેહઃ પદાર્થાન્તરમ્, સ ભગવન્નિષ્ઠએવ ભગવદ્વિષયકો''** (ત્યાંજ) એ વ્યક્તિ આ વાત કેવીરીતે કહી શકે? પરંતુ કહી રહ્યા છે કે નથી કહી રહ્યા? મતલબ બે સંદર્ભમાં આપણે તેને પૃથક્ કરીને સમજવા પડશે. આવ્યુંને સમજમાં?

**પ્રશ્ન :** આપે દોષમાં એમ સમજાવ્યું કે ક્રોધ અને કામ નૅસેસરી છે. તો પછી ઍન્ટિડોઝ કેવી રીતે? આ જે બધી વસ્તુ થઈ રહી છે તો પુષ્ટિના લેવલ્માં અને ગૃહઠાકુરના લેવલ્માં એનો ઍન્ટિડોઝ કહીએ તો રિવર્સમાં વાત જ થઈ થઈ?

**જવાબ :** કામ અને ક્રોધ એક લેવલ્ ઉપર આપણી અહંતા-મમતાનો કોઈ ડૅવલપમેન્ટ્ છે. અહંતા-મમતા શેનો ડૅવલપ્મૅન્ટ્ છે તે આપણે પૂરી ટેબ્યુલાર્ ફોર્મ્માં જોઈ ગયા. એ ડૅવલપ્મૅન્ટ્ના માટે, હું બહુજ સાવધાનીથી આ બોલ્યો છું કે જો સદ્-અસદ્ શુભ-અશુભ હિત-અહિતના વિવેક સહિત છે તો તે તેને સ્વસ્થ કરી દેશે. ઘણીબધી વસ્તુઓ એવી હોય કે અસ્વસ્થ પણ હોય તો કોઈ ફિનોમીના તેને સ્વસ્થ કરવાવાળો હોઈ શકે છે. અને જો શુભાશુભ હિતાહિત અને સદસદ્ના વિવેક વગર કામ-ક્રોધ છે તો તે હાનિકારક થશેજ. તો મેં એક તો પહેલાં આ વાત ખુલાસામાં સ્પષ્ટ કહી છે. આપણે જ્યારે તેને ઍન્ટિડોઝ તરીકે

કહી રહ્યા છીએ તો તે સદ્-અસદ્ના આધારપર તો કહી રહ્યા છીએ. આ કામ અને ક્રોધનો ઉપયોગ સદસદ્વિવેકથી કરો. અને જો સદસદ્વિવેકથી તમે નથી કરી રહ્યા તો તમે ક્રોધનો અને કામનો દુરૂપયોગ કરશો. જ્યારે તમે દુરૂપયોગ કરશો ત્યારે કૃષ્ણ સુધી પહોંચવાના બદલે ક્યાંક બીજે પહોંચી જશો.

**પ્રશ્ન :** ગૃહઠાકુરમાં અહંક્રિયામાં સેવાનો પ્રેક્ટિકલ્ આપે તનુવિત્તજા બતાવી અને ભક્તિનો પ્રેક્ટિકલ્ કૃષ્ણસેવા. આમાં ઍક્ચ્યુઅલ્ થોડો ઍક્સપ્લેશન્ જોઈએ, કેવીરીતે કહેવા માગી રહ્યા છો?

**જવાબ :** હું પહેલાં તમને પૂછવા માગી રહ્યો છું આપને કોઈ આપત્તિ છે કે શંકા છે?

**પ્રશ્ન : નહીં!** મતલબ હું એમ વિચારી રહ્યો હતો કે આ કૃષ્ણસેવાનો મતલબ ચિત્તપ્રવણતા કદાચ લેતા હો અને તનુવિત્તજાનો મતલબ સેવાને પ્રૅક્ટિકલી પોતાના તનુવિત્તથી કેવીરીતે નિભાવવી અને આપણી અહંતા-મમતા જેમાં છે તેનાથી તે સેવાને પ્રૅક્ટિકલી કરવાની છે. આ ઠીક છે કે મારી સમજ કાંઈ ખોટી છે?

**જવાબ :** મેં આટલા માટે બાવા કાલે વાત બતાવી હતી કે આ બધી આઈટમ્ થિયોરિટિકલ્ છે, પ્રૅક્ટિકલ્ આઈટમ્ નથી. થિયોરિટિકલ્ હોવાના કારણે આપણે કૃષ્ણભક્તિ કરીએ છીએ. આપણે કૃષ્ણને પરબ્રહ્મ માની રહ્યા છીએ માટે આપણી ભક્તિ કૃષ્ણભક્તિ હોવી જોઈએ પરંતુ આપણે આ તો ન કહી શકીએ કે બધાને કૃષ્ણભક્ત થવું જોઈએ! **"અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતૌ હિતકારકૌ"** (બાલબોધ.૧૧) જે વખતે મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે તો ત્યાં શું કહેવા માગી રહ્યા છે? **"તદાશ્રય તદીયત્વ બુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્, સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા."** (બાલબોધ.૧૯) જો તમે તમારો આરાધ્ય શિવને માની રહ્યો છો તો શિવના પ્રત્યે તમારે શરણાગત અને સમર્પિત થવું જોઈએ. તેનો મતલબ કે શિવની સામે પોતાના અહંને ડાયલ્યુટ્ કરો,

શિવના અહંમાં પોતાના અહંને ટ્યુન્-અપ્ કરો, શિવના પ્રત્યે તમારા મમત્વને ડાયવર્ટ્ કરો.

ઈન્સિડેન્ટલી આપણા માટે આપણો આરાધ્ય કૃષ્ણ છે તો કૃષ્ણના પ્રત્યે તે બધી વાત કરી રહ્યા છીએ, આપણા અહંને આપણે કૃષ્ણની સામે ડાયલ્યુટ્ કરી રહ્યા છીએ. **'દાસોઽહમ્'** જે વખતે કહી રહ્યા છીએ તે **'સોઽહમ્'** ને આપણે ડાયલ્યુટ્ કરવા માટે તો કહી રહ્યા છીએ. **'સોઽહમ્'** તો આપણે કહી જ શકતા હતા. આપણે ન કહી શકીએ તો કોણ કહી શકે! એક બહુ રિમાર્કેબલ્ વાત આપને બતાવું, જેમણે સરખીરીતે કેવલાદ્વૈત ભણ્યો છે એમને આ ભ્રાંતિ ક્યારેય થવી જ ન જોઈએ કે 'સોઽહમ્' સિદ્ધાંત કેવલાદ્વૈતનો છે કેમકે શંકરાચાર્યનો સ્પષ્ટ સિદ્ધાંત છે સોઽહમ્=-સો+-અહમ્ આ ઈક્વેશન્ છે. તો 'સોઽહમ્' ક્યાં છે એમનો? 'નાઽહમ્', 'ન સોઽહમ્' થઈ ગયો. આપણે તે 'ન સોઽહમ્' નથી માની રહ્યા, 'સોઽહમ્' જ માની રહ્યા છીએ. પરંતુ 'ન સોઽહમ્' આપણે હકીકતના અંતર્ગત માની રહ્યા છીએ. કહાનીમાં આપણે શું કહી રહ્યા છીએ 'દાસોઽહમ્'. સ્ટોરી તો આમ બની રહી છે આપણી! આપણા 'સોઽહમ્'ની હકીકતમાં 'દાસોઽહમ્'ની સ્ટોરી છુપાયેલી છે. એ લોકો શું કહી રહ્યા છે? **"'દાસોઽહમ્' ઈતિ યા બુદ્ધિઃ પૂર્વમ્ આસીત્ જનાર્દને 'દા'કારો અપહૃતઃ તેન ગોપીવસ્ત્રાપહારિના"** = બહુ મજેદાર વાત છે કે પહેલાં મેં સાધના શરૂ કરી ત્યારે 'દાસોઽહમ્' બુદ્ધિ હતી; પરંતુ ભગવાન ચોર છે તેણે ગોપીઓના જેમ વસ્ત્રો ચોર્યા તેમ મારો 'દા' ચોરી ગયો અને મને 'સોઽહમ્' બનાવી દીધો. કોઈ ખરાબ વાત નથી સારી વાત છે જો ભગવાને 'સોઽહમ્' બનાવી દીધો હોય તો, પરંતુ આ તો વાત ખાલી કહેવાની છે. થોડીક પણ શાંકરવેદાંતની પરિભાષા 'સિદ્ધાન્તલેશસંગ્રહ'માં વાંચો તો ખ્યાલમાં આવી જશે કે 'સોઽહમ્'થી એમને ત્યાં મતલબ છે કે -સઃ + -અહમ='સોઽહમ્'. ત્યારે તો 'સોઽહમ્'નો મત એમનો ક્યાં છે? 'સોઽહમ્' તો આપણો મત છે. પરંતુ આપણે એટલા માટે બ્રહ્મસમ્બન્ધમાં 'સોઽહમ્'ની સાથે 'દાસોઽહમ્'

જોડ્યું છે. ટુ મેક્ ઈટ્ એ સ્ટોરી આઉટ્ ઑફ્ દેટ્ ટ્રુથ. એ જે ફેક્ટ્ છે 'સોડહમ્'નો તે ફેક્ટ્માંથી એક સ્ટોરી ડિરાઈવ્ કરવા માટે આપણે તેમાં 'દા' જોડ્યો છે, 'દાસોડહમ્', ત્યારે તો સ્ટોરી બનશે. ભગવાન જો 'દા' ચોરતા પણ હોય જેમ ગોપીઓના વસ્ત્ર ચોર્યા, તો આપણે પાછા આ જ કહેશું :

**''હમારો અંબર દેહો મુરારી,**
**લેકર ચીર કદંબ ચઢ બૈઠે**
**હમ જલ માંજ ઉઘારી**
**હમારો અંબર દેહો મુરારી.''**

(વ્રતચર્યા પદ)

જો ચોરતા પણ હોય તો આપણે આ પદ ગાઈશું કે ભઈ ચોરો નહીં

**''જાય કહું નંદબાબાકે આગે કરત અનીતિ લલારી!''**

અહીં અનીતિ ન કરો. 'દા' ચોરતા હોય તો પણ આપણે એમને આવો પોલાઈટ્લી થ્રેટ્નીંગ્ કરીશું જ કે ભઈ! જઈને ફરીયાદ કરશું કે આ લફડા કરી રહ્યા છે, ચોરી રહ્યા છે.

તો ભક્તિ આપણી 'કૃષ્ણસેવા'ના રૂપમાં પ્રગટ થવી જોઈએ. ભક્તિ કૉમન્ છે. જે જેનો ભક્ત હોય તેની ભક્તિ ત્યાં પ્રગટ થાય. આપણી ભક્તિ જો 'કૃષ્ણસેવા'ના રૂપમાં પ્રગટ ન થઈ તો વી આર મિસિંગ્ સમથિંગ્, વી લૅક્ સમથિંગ્. અને તે 'કૃષ્ણસેવા' મેં શા માટે કહી તેનું કારણ સમજો કેમકે આપણા ઘરમાં જે વખતે સેવા કરશું; હવે તે કૃષ્ણની મૂર્તિ છે કે કૃષ્ણ છે શું છે? આ તો લફડાની વાત છે, એ જે સ્વરૂપ ઘરમાં બિરાજી રહ્યું છે તેને તમે સાક્ષાત્ કૃષ્ણ ન માન્યા તો, સ્વરૂપસેવાથી કૃષ્ણસેવા નહીં થઈ જાય, મેક્ ઈટ્ સ્યોર્! ભલે તમે ઘરમાં પણ પધરાવ્યા, 'યથાલબ્ધોપચાર'થી તમે તેને વિનિયોગ પણ કરી રહ્યા હો, તનુવિત્તજા પણ કરી રહ્યા હો, પોતાનું સર્વસ્વ પણ માની રહ્યો હો તો

પણ તે કૃષ્ણસેવા નહીં થાય!

જેટલા મ્યુજિયમ્માં ઠાકોરજી બિરાજી રહ્યા છે તે બધા મ્યુજિયમ્વાળા સર્વસ્વ માનીને ચાલે છે પરંતુ એની એન્ટિક વૅલ્યુ છે, સ્પિરિચ્યુઅલ્ વેલ્યુ નથી. મ્યુજિયમમાં દરેક બિરાજેલા કૃષ્ણ, રાધા, મહાદેવ અને પાર્વતી, બ્રહ્મા બધા સ્વરૂપોની એન્ટિક્ વૅલ્યુ કાંઈ નહીં તો દશ-દશ કરોડ રૂપિયાથી પણ વધારે છે, પરંતુ સ્પિરિચ્યુઅલ્ વૅલ્યુ તેની નથી! આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની એન્ટિક્ વૅલ્યુ હોય કે ન હોય પરંતુ સ્પિરિચ્યુઅલ્ વૅલ્યુ તો આપણે કહી જ ન શકીએ. ઈન્વેલ્યુએબલ્(અમુલ્ય) છે એ, પ્રાઈઝલેસ્ છે! તો એ વાત આપણે સમજવી પડશે. એ પ્રાઈઝલેસ્નેસ્ (અમુલ્યતા) જે ભાવ છે તે ક્યારે આવશે કે જ્યારે ઘરમાં બિરાજતા સ્વરૂપને આપણે સાક્ષાત્ કૃષ્ણ માન્યો ત્યારે, અદરવાઈઝ ન આવી શકે. એન્ટિક્ વૅલ્યુ તો માનીને ચાલીએ કે તેની ખતમ થઈ ગઈ.

તો એટલા માટે મેં અહીં 'કૃષ્ણસેવા' કહ્યું છે. પૉઈન્ટ્ એક તો આ છે. અને તનુવિત્તજા સેવામાં સેવાની તો કેટલી વૅરાયટી હોઈ શકે. નોકર ઘોડો કાર પણ આપણી સેવા કરી રહ્યા છે, આજકાલ તો કૉન્ટ્રેક્ટ્ સિસ્ટમની સેવા છે.

**પ્રશ્ન :** તનુવિત્તજા અને કૃષ્ણસેવામાં શું અંતર છે?

**જવાબ :** કૃષ્ણસેવામાં 'કૃષ્ણની સેવા' છે. તે તનુવિત્તજામાં સેવા નથી તેમાં તનુવિત્તના વિનિયોગની વાત છે. 'પોતાના તનથી ને પોતાના ધનથી', વિનિયોગની ત્યાં પ્રધાનતા છે, ત્યાં ક્રિયાની પ્રધાનતા નથી. સેવાત્મિકા ક્રિયાની નહીં પરંતુ સેવાર્થ વિનિયોગ કરવામાં આવતા તનુવિત્તની ત્યાં પ્રધાનતા છે. 'જા'તો પાછળથી આવી રહ્યો છે 'સેવા'ના અર્થમાં. તો તેને તમે સેવાથી કન્ફ્યુઝ ન કરો.

સેવાના તો ઘણા પ્રકાર થઈ શકશે. આજ-કાલ તો બર્થ-ડેમાં મૅનેજમેન્ટ્ કરવાવાળા આવે, તમને નાચતા આવડતું ન હોય તો પણ

નચાવી દે, ગાતા ન આવડતું હોય તો ગવડાવી દે તમને, કવિતા બનાવતા ન આવડતું હોય તો કવિતા  બનાવી દે, મેક્-અપ્ કરતા ન આવડતું હોય તો મેક્-અપ્ કરાવી દે. એ બધી સેવા કરી રહ્યા છે. તે સર્વિસ્ કહેવાય. અને કદાચ હું એમ સમજું છું કે સર્વિસ્ ટેક્સ્ પણ લાગતો જ હશે. આ તો આપણાં પુષ્ટિમાર્ગના એમબીએ પૂ.પા.ઓનું માહાત્મ્ય છે કે છપ્પનભોગ થતા જ જાય અને ટૅક્સ્ લાગેજ નહીં!

**પ્રશ્ન :** આમાં અવિદ્યાના પર્વ ક્યાંય પણ ન બતાવ્યા કે કોઈ તેના અંતર્ગત આવી ગયા એમ લઈ રહ્યા છો?

**જવાબ :** અવિદ્યાના પર્વ મેં એટલા માટે ન બતાવ્યા કે જ્યારે કામ ક્રોધ લોભ મોહ માત્સર્ય આવી રહ્યા છે તો તે, અવિદ્યાના પાંચ પર્વ વગર તો આવીજ નથી શકતા! તો હું કૉમ્પ્લિકેટેડ્ નથી કરવા માગતો.

**પ્રશ્ન :** કાષ્ણીં અહંકાર અહંક્રિયા છે તે કાલે ઘણો બતાવ્યો હતો આપે **''યદૈવ કૃષ્ણઃ રોચતે તદા વિષયાઃ ન રોચન્તે''** તેનું વિવેચન આજે ન થયું.

**જવાબ :** તેમાં એવી કથા છે કે આપે પ્રમેયરત્નાર્ણવ ભણ્યો પણ છે અને ભણાવ્યો પણ છે. મહાપ્રભુજી સોગંદ ખાઈને કહી રહ્યા છે કે **''વિષયો ભગવાન્ વિષયતા માયાજન્યા''** (સુબો.૨/૯/૩૩) અને એજ મહાપ્રભુજી પાછા આ પણ આજ્ઞા કરી રહ્યા છે કે **''યદા કૃષ્ણઃ રોચતે તદા વિષયાઃ ન રોચન્તે''** તો આ બંને પંક્તિઓનું સ્વારસ્ય આપણે જ્યારે સમજશું તો 'કાષ્ણીં અહંક્રિયા' આપણને સમજમાં આવશે. કૃષ્ણ એમ નથી કહી રહ્યા કે વિષય મિથ્યા છે, વિષય માયિક છે. વિષય તો હું છું.

**મનસા વચસા દૃષ્ટ્યા ગૃહ્યતે અન્યૈરપિ ઈન્દ્રિયૈઃ ।**
**'અહમ્ એવ' 'ન મત્તઃ અન્યદ્' ઈતિ બુધ્યધ્વમ્ અંજસા ॥**
(ભાગ.પુરા.૧૧/૧૩/૨૪)

જે મનથી, જે ચક્ષુથી, વાણીથી બધાથી ગ્રહીત થઇ રહ્યો છે **''અહમ્એવ' 'ન મત્તઃ અન્યદ્' ઈતિ બુધ્યધ્વમ્ અંજસા'** (ત્યાંજ) કહ્યા પછી કૃષ્ણની અપેક્ષા શું છે? યદ્યપિ 'અહમેવ'=મારી અહંક્રિયા ત્યાં સુધી એક્સ્ટેન્ડેડ્ છે, પરંતુ તમારી અહંક્રિયામાં તે એક્સ્ટેન્ડેડ્ નથી માનવા માગી રહ્યા. **''યદૈવ કૃષ્ણઃ રોચતે તદા વિષયાઃ ન રોચન્તે''** તેથી મહાપ્રભુજીએ કહ્યું **''વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ''** (સં.નિ.૬)

તો કાર્ષ્ણી અહંક્રિયા એવી છે અને તે કાર્ષ્ણી અહંક્રિયાને રિસ્પૉન્સ્ આપવા માટે આપણે ફક્ત પ્રિકૉશન્ કેટલો લીધો છે આપણી સાધનાપ્રણાલીમાં નિરૂપાધિક સેવા, નિરૂપાધિક ભક્તિ જ ભક્તિ છે. વિષયોપાધિક, વિષયકામનોપાધિક કૃષ્ણની સેવા કરી રહ્યા છો તો કૃષ્ણ, કૃષ્ણ નથી એ ક્ષુદ્ર દેવતા છે. આ ગુસાંઈજી આજ્ઞા કરે છે કેમકે કૃષ્ણના અહંકારને આપણે રિસ્પૉન્સ્ આપવો છે. આજેને આજે નહીં આપી શકીએ. પરંતુ એક પ્રોગ્રામ્માં ઈન્વૉલ્વ્ થવું પડશે. હવે આપણે આપણા ઘરના ઠાકોરજીની સાથે આ પ્રોગ્રામમાં ઈન્વૉલ્વ્ થઈને સૌથી પહેલાં કૃષ્ણને રિસ્પૉન્સ્ આપશું કે ''ભઈ તું જો વિષય હોવા છતાં પણ અમારી પાસે આ અપેક્ષા રાખતો હોય કે અમે વિષયને ન ચાહીએ અને તને ચાહીએ તો અમે વિષયને નહીં ચાહીએ તનેજ ચાહશું''. આ કૃષ્ણની અહંક્રિયાને આપણા દ્વારા આપવામાં આવેલો રિસ્પૉન્સ્ છે. તે સિદ્ધ થશે તો ભાગવતી અહંક્રિયાને આપણે રિસ્પૉન્સ્ આપી શકશું, ત્યારે પારમાત્મિક આત્મરતિ આપણને રિસ્પૉન્સ્માં ખીલશે, ઉભરશે. તે ઉભરશે તો બ્રાહ્મિકિ અહંક્રિયા આપણને રિસ્પૉન્સ્માં આવશે. એમ રિવર્સલ્ ઑફ્ ઑર્ડર્ છે તેમાં.

**પ્રશ્ન :** આ જે કાર્ષ્ણી અહંક્રિયા બતાવી આપે ''વિષયાઃ ન રોચન્તે'' તે ઉપાદેયના ઍંગલ્થી લેવી?

**જવાબ :** આ ટૉપિક્ 'કઠ્'નો (કઠોપનિષદ્નો) છે. નચિકેતા જ્યારે યમ પાસે જાય છે તે વખતે તે જઈને કહે છે કે – **''યો અયમ્ વરો**

**ગૂઢમ્ અનુપ્રવિષ્ટઃ ન અન્યં તસ્માત્ નચિકેતા વૃણીતે''** (કઠોપ.૧/૧/૨૯) **''જે તું સૌથી સારી વાત જાણતો હોય તે મને સમજાવ.''** યમ આને શું કહે છે કે- **''યે યે કામા દુર્લભા મર્ત્યલોકે સર્વાન્ કામાન્ છન્દતઃ પ્રાર્થયસ્વ, ઈમા રામાઃ સરથાઃ સતૂર્યા ન હિ ઈદૃશા લમ્ભનીયા મનુષ્યૈઃ''** (કઠોપ.૧/૧/૨૫)

''ખૂબજ સારી રીતે અલંકૃત સુંદર-સુંદર સ્ત્રીઓ છે, એમાંથી જેટલી જોઈએ તેટલી લઈ જા.'' પરંતુ તે કહે છે **''ન અન્યં તસ્માત્ નચિકેતા વૃણીતે''** નચિકેતાએ યમને કહ્યું કે ''હું તારી પાસે આટલા માટે નથી આવ્યો, એ તો દુનિયામાં ઍવેલેબલ્(પ્રાપ્ત) હતી. હું તારી પાસેથી કાંઈક બીજું લેવા આવ્યો છું.'' સ્વર્ગમાં પણ અપ્સરા છે, સ્વર્ગમાં પણ ગન્ધર્વ છે. ભૂતલ ઉપર પણ અપ્સરા છે, ભૂતલ ઉપર પણ ગન્ધર્વ છે. આપણે ભૂતલની અપ્સરાને છોડીને સ્વર્ગની અપ્સરાને શોધવા જઈએ અને સ્વર્ગમાં ચાન્સ્ ન મળ્યો તો આપણી બંને અપ્સરા ખોવાઈ જશે. એવીજ રીતે ભૂતલના ગન્ધર્વને છોડીને સ્વર્ગના ગન્ધર્વને પકડવા જશું તો બંને ગયા. એટલા માટે નચિકેતા કહી રહ્યો છે કે ''મારે અપ્સરા જોઈતી હોય તો ભૂતલ ઉપર અવૅલેબલ્ હતી. હું આપની પાસે આ માટે નથી આવ્યો કે મારે અપ્સરા જોઈએ છે. મારે એ ગૂઢ વર જોઈએ છે તે બતાવ.''યમે તેને બહુજ લલચાવ્યો છે.

એ યમે જ લલચાવ્યો છે એવું નથી. જુના જમાનામાં ગુરૂ-શિષ્યની ડિસીપ્લિન્ની વાત હતી. ગુરૂ શિષ્યને લલચાવતા હતા કે દીક્ષા ન લે. જેનો આપણે ત્યાં પણ ઉલ્લેખ મળે છે કે *''બરજે હતે પર આયે તાકો ફલ પાવત હે.''* મહાપ્રભુજી બરજતા હતા. મહાપ્રભુજી બરજતા કેવી રીતે હશે? દેવકીનન્દનાચાર્યજી મોટેભાગે સિન્ધીમાં આજ્ઞા કરતા *''બ્રહ્મસમ્બન્ધ ગેન્ધાસી તો જાતમાંથી વેન્ધાસી, મરજાદ ગેન્ધાસી તો અસામાંથીય વેન્ધાસી''* = બ્રહ્મસંબંધ લેશો તો જાતમાંથી કાઢી નાખવામાં આવશો. બધા ગુરૂઓની પ્રાચિન ડિસીપ્લિન્ હતી, એનામાં ડિગ્નિટી હતી. ઘણાબધાં શાસ્ત્રમાં તો લખ્યું છે કે એક યુગ પર્યંત તેને

તમારી પાસે રાખીને જુઓ પછી તેને દીક્ષા આપો.

બીજા ધર્મ પાળતા હોય કે ન પાળતા હોય પરંતુ બૌદ્ધધર્મ જૈનધર્મ ઘણી હદ સુધી આ સિદ્ધાંતને પાળે છે. ઈસાઈ લોકો બાર વરસ બ્રદર્હુડ્માં રાખ્યા પછી ફાદર્ તરીકે કૉન્સીક્રેટ્ કરે છે. આપણે ત્યાં આ નગ્નનૃત્ય ચાલી રહ્યું છે *"કહત સબનસોં આવો આવો ભેટ રૂપૈયા લાવો લાવો"*. એ કથા બીજા ધર્મોમાં નથી. બધા ગુરૂ બરાબર ચૅક્ કરતા હતા. જાણવામાં આવતું કે કરશે ત્યારે તેને દીક્ષા આપતા હતા. એટલા માટે ઉપનિષદ્ કહે છે **"ઈમામ્ અદ્ભિઃ પરિગૃહીતાં ધનસ્ય પૂર્ણાઃ દદ્યાદ્ એતદેવ તતો ભૂયઃ"** (છાન્દો.ઉપ.૩/૧૧/૬)=આખી પૃથ્વીને પાથરીને જો કોઈ તમને દાન દેતો હોય તો પણ તે ઉપદેશને તમે મોંઘો સમજો સસ્તો ન સમજો. આટલો મૂલ્યવાન ઉપદેશ છે.

**પ્રશ્ન :** જે શુદ્ધ અહં છે તે સેલ્ફ્ રિફ્લૅક્ટિંગ્ છે. પહેલાં આપણી ચેતનામાં અહં રિફ્લૅક્ટ્ થાય તેને અહંનો અનુભવ થાય?

**જવાબ :** ચેતનામાં અહં રિફ્લૅક્ટ્ નથી થતો, અહંમાં ચેતના રિફ્લૅક્ટ્ થાય. અહં ચેતનાની સાથે અટેચ્ડ્ થઈ (જોડાય) જાય. અને એ અહંમાં ચેતના રિફ્લૅક્ટ્ થવાથી ચેતનાને સૌથી પહેલાં અહંનો મોહ થઈ જાય કે "હું અહં છું".

ઑલમોસ્ટ્ આ નાર્સિઝમ્ છે. જેમ ચકલી કાચની સામે રિફ્લૅક્શન્ (પ્રતિબિંબ) જુએ પછી તેને ખબર જ ન પડે કે શું થયું? સામે ચકલી દેખાઈ રહી છે અને રિસ્પૉન્સ્ કેમ નથી આપતી? કાચમાં મારી-મારીને ચાંચ! એમ આપણી ચેતનાને લફડું થઈ જાય. અહં એક મિરર્ની જેમ સામે આવી રહ્યો છે તેમાં ચેતના રિફ્લૅક્ટ્ થઈ રહી છે. રિફ્લૅક્ટ્ થયા પછી ચેતનાને મોહ થઈ જાય.

*"મેં તેરા અક્સ હૂં કે તૂ મેરા (અક્સ=રિફ્લૅક્શન્)*
*ઈસ સવાલોં-જવાબોંને મારા,*
*સબકો મારા જિગરકે શેરોંને,*
*ઔર જિગરકો શરાબને મારા."*

આ મોહ થઈ જાય. અહંમાં જે વખતે ચેતના રિફ્લૅક્ટ્ દેખાય તો ચેતનાને મોહ થઈ જાય કે 'હું તું' કે 'તું હું'?

**પ્રશ્ન :** કામ-ક્રોધનો ઈન્ટૅન્સિફિકેશન્ મોહ-મદમાં થાય છે. મોહ-મદનો ઈનટૅન્સિફિકેશન્ બતાવ્યું એવીરીતે વૈરાગ્યમાં ભક્તિ અને શરણાગતિનું થશે? અને સાંખ્યમાં તપ અને યોગનું થશે?

**જવાબ :** હું મારી વાત સ્પષ્ટ કરૂં. આ કામ ક્રોધ અહંતા-મમતાનું પહેલું ડૅવલપ્મૅન્ટ્ છે અને આ બધા (ચાર્ટ) તેનું ઈન્ટૅસિફિકેશન્ છે. આ જે રિલેશન્ છે તે હું અહીં કૅરીફોર્વર્ડ્ નથી કરી રહ્યો કેમકે દોષોના પ્રબલ હોવાની ઈન્ટિગ્રેટેડ્ સિસ્ટમ્ છે અને આ સાધનાઓ છે આ ઈન્ટિગ્રેટેડ્ સિસ્ટમ્ બનાવીને ચાલી રહી છે. તેથી ઈન્ટિગ્રેટેડ્ સિસ્ટમ્ બનાવીને ચાલવાથી કોઈ પણ આઈટમ્ તમે ડ્રૉપ્ કરી તો મોટરના એક ટાયરના પંક્ચર થયા પછી ત્રણ ટાયર હોય તો પણ કામ ન આવે. એ તકલીફ થઈ જાય. આ પૂરી ઈન્ટિગ્રેટેડ્ સિસ્ટમ્ છે અને એક્ચ્યુઅલી આ પણ ઈન્ટિગ્રેટેડ્ દોષ છે. દોષોની કોઈ એક ઈન્ટિગ્રિટી છે. એ સમજાવવા માટે કામ ક્રોધની મૂલરૂપતા બતાવી.

**પ્રશ્ન :** અહં ક્રોધમાં ઈન્ટૅન્સિફાય્ થવાથી મોહ થાય તો આ વન્ વે ટ્રાફિક્ છે પરંતુ મદમાંથી અહંને ઓછો કરવાથી રિવર્સ્માં પણ જઈ શકે છે?

**જવાબ :** મદ ઓછો કરી દઈએ તો જરૂરી નથી કે ક્રોધ ઓછો થઈ જશે. ક્રોધ એટલો જ રહેશે પરંતુ મદ નહીં થાય. ક્રોધ ઓછો થઈ ગયો પરંતુ આનો મતલબ એ નહીં કે તમને અહંનો મોહ નહીં રહી જાય. ક્રોધ રહિત વ્યક્તિમાં પણ અહંનો મોહ ઈન્ટૅન્સિફાય્ થાય છે. રિટ્રોસ્પૅક્ટિવ્ ઈફૅક્ટ્ તેની નથી.

**પ્રશ્ન :** શરણાગતિનો પણ ગૃહઠાકુરના પ્રત્યે અહંક્રિયાના રિસ્પૉન્સ્માં કાંઈક તો રોલ્ જરૂરી છે. આપે શરણાગતિ ઍક્સ્ટેન્શન્ ગૃહઠાકુરના રૅફરન્સ્માં સ્વગૃહને લીધું તેનું કાંઈ સ્પેસિફિક્ કારણ છે?

**જવાબ :** તેનું કારણ સમજો. પૂજામાર્ગવાળી જે સાધારણ શરણાગતિ છે, તે મર્યાદામાર્ગથી કૉમન્ છે. જ્યારે આપણી ભક્તિ ન નભે ત્યારે એઝ એ અનુકલ્પ તેને આપણે શૅઅર્ કરીએ છીએ. ત્યાં તો સ્પષ્ટ મંદિરનું વિધાન છે **"જગન્નાથે વિટ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા, યત્ર પૂજાપ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેત્ તત્પરઃ."** (ત.દી.નિ.૨/૨૫૧) તો ત્યાં ઘરનું મહત્વ નથી. જે આપણો ભક્તિમાર્ગીય પ્રોગ્રામ્ છે તેમાં લાવશું તો સૌથી પહેલાં આપણા ઘરના ઠાકુરમાં આપણી શરણાગતિ હોવી જોઈએ. આપણા ઘરના ઠાકુરમાં શરણાગતિ નથી તો આપણા પ્રોગ્રામ્ના અંતર્ગત શરણાગતિ નહીં કહેવાય. મર્યાદામાં 'શરણગતિ' છે, આપણે ત્યાં 'શરણાગતિ' છે. "સુબહકો ભૂલો સાંઝ ઘર આયે તો ભૂલો નહીં કેહવાવે" જે મર્યાદામાં સાધારણ શરણ છે તે 'શરણાગતિ' નથી. દરઅસલ 'શરણગતિ' છે. આગતિ તો ઘરમાં થાય, જાય ઘરથી. આપણે તો શરણાગતિ છે. આ બેસિક્ ડિફરેન્સ્ છે.

**પ્રશ્ન :** જ્ઞાન તિરોહિત થવાના કારણે અહંમોહ થઈ રહ્યો છે તો અહં મોહનો રૅફરન્સ્ અહં અજ્ઞાનથી રિલેટેડ્ છે? જ્ઞાન તિરોભાવથી અજ્ઞાન થઈ રહ્યું છે એમ લઈ શકીએ?

**જવાબ :** દુનિયામાં એક જ્ઞાન છે એક અજ્ઞાન છે. અજ્ઞાનનું આપણને જ્ઞાન ન થવાથી ઈક્વેટ્ ન કરી શકીએ. જેમ કોઈ કલર્નું ન હોવું શું કાળો કલર્ છે? ફિઝિકલી જ્યારે કોઈ પણ લાઈટ્ રિફ્લૅક્ટ્ ન કરે તો ત્યાં તે વખતે સર્ફેસ્ આપણને કાળી દેખાય. નૉર્મલ્ આપણે શું સમજશું? કોઈ રંગ ન દેખાવો કાળું છે. પરંતુ આ વાત એટલા માટે ખોટી છે કે પ્રકાશનો બધો કલસ્ટર્ છે, સરાઉન્ડિંગ્ છે તેની વચમાં કોઈ પૉઈન્ટ્ જો પ્રકાશની બધી રેંજ્ને એબ્જોર્બ્ કરી રહ્યો છે એ પૉઈન્ટ્માં વિદિન્ દ્ પ્રકાશ જે આપણને કાળો રંગ દેખાઈ રહ્યો છે અને પ્રકાશ ન દેખાવો, અંધારૂં દેખાવું તે અંધારાનો કાળો રંગ છે. બે કાળા રંગના નૅગેટિવ્ અને પૉઝિટિવ્ ક્લીયર્કટ્ બે ભેદ આવે છે. કાળા રંગને અંધારૂ ન કહી શકીએ કેમકે બધા પ્રકાશના સરાઉન્ડિંગ્માં એ કાળો દેખાઈ રહ્યો છે. તો આપણે એમ તો ન

કહી શકીએ કે આ મૅજિક્ થયું છે. બહુ ખૂબસૂરતીથી એટલી સર્ફેસ્ ઉપર બધી લાઈટ્ ઍબ્જોર્બ્ કરી રહી છે તેના લીધે કાળો રંગ દેખાઈ રહ્યો છે. એ વાત શું કે ચારેબાજુ પ્રકાશ છે આના કારણે અંધારાથી ઈક્વેટ્ નથી કરી શકાતું તેથી કાળો રંગ પોતે પોતાનામાં બીજો રંગ છે. તે ફક્ત બધા પ્રકાશનો અભાવ છે એમ આપણે આપણી ઈમ્પૅરીકલ્ એવીડૅન્સ્થી (અનુભવજન્ય પ્રમાણથી) ન કહી શકીએ કેમકે આપણે સ્પષ્ટ સમજીએ કે કાંઈ ન દેખાવું અને કાળું દેખાવું તેમાં અન્તર છે. કાંઈ ન દેખાવાને આપણે અંધારૂ કહીશું, કાળું દેખાવાને આપણે અંધારૂ નહીં કહી શકીએ. તો તે કાંઈક દેખાવું છે અને દેખાવામાં જે કાંઈ કાળું દેખાઈ રહ્યું છે આની એક પોતાની અલગ સ્ટેટસ્ છે. વિબ્ગ્યૉર્ (સપ્તરંગ)માંથી કોઈ પણ આ આઈટમ્ નથી. આ જ તો ખૂબસૂરતી છે. કોઈ પણ કલર્ નથી છતાં પણ એઝ એ કલર્ સ્ટેન્ડ્ કરી રહ્યો છે અને મોહવશ અહં દેખાઈ રહ્યો છે તે કાળો રંગ છે.

**પ્રશ્ન : ''વિષયાઃ ન રોચન્તે''** એ અહંક્રિયાના રિસ્પૉન્સ્માં ઉપાદેયના ઍન્ગલ્થી કહેવામાં આવતી વાત છે શું?

**જવાબ :** કૃષ્ણની અહંક્રિયા છે તે અહંક્રિયાને આપણા દ્વારા આપવામાં આવતો રિસ્પૉન્સ્ છે. જગજીતની ગઝલ છે–

*''મૈં ઝમીપર ઘના અંધેરા હૂં*
*આસમાનોંકી રોશની તુમ હો*
*અજનબી કૈસે અજનબી તુમ હો?*
*આરજૂ અબ કોઈ નહીં બાકી*
*જુસ્તજૂ મેરી આખરી તુમ હો*
*એસા લગતા હે જિંદગી તુમ હો''*

આ કૃષ્ણ હોવો જોઈએ. ભલે એ વિષય કૃષ્ણ હોય પરંતુ મને આરજૂ કોઈ નથી બાકી રહી. ભૂલે–ચૂકે આપણે એમ કહી દઈએ કે ''ઐસા લગતા હે જિંદગી તુમ હો'' તો બસ ''કૃષ્ણઃ રોચતે'' થઈ જશે. કૃષ્ણના ખુદના શું લફડા છે તેની સાથે આપણે શું લેવા–દેવા! કૃષ્ણ

જગત બન્યો છે તે બનતો રહે જગત, એ એનું લફડું છે આપણું નહીં. આપણે તો ''જુસ્તજૂ મેરી આખરી તુમ હો''.


ધરમવીર ભારતી હતા ધર્મયુગના સમ્પાદક. એમણે બહુજ સારૂં એક કાવ્ય લખ્યું છે 'કનુપ્રિયા'. તેમાં રાધાજી યમુના તટ ઉપર બેઠેલા છે અને નિરન્તર એમને રૂમર્ (અફવાહ) સંભળાઇ રહી છે કે કૃષ્ણએ મહાભારતમાં હિંસાકાઁડ કરાવ્યું છે. રાધાજી તેને એનેલાઇઝ નથી કરી શકતા કે શું લફડું છે? રાધાજીએ કહ્યું ''અંધારામાં જવામાં કૃષ્ણ ડરતા હતા, મેં ઘણી વખત ઘર સુધી પહોંચાડ્યા હતા. આટલી બધી મારા-મારી કરી કેવીરીતે?'' તેણે કહ્યું ''કપાઇ-કપાઇને શબ આવી રહ્યા છે.'' રાધાજીએ કહ્યું ''આ કોઇ બીજું કરતો હશે. મારો કૃષ્ણ આવું કામ ન કરી શકે. એ તો બહુજ ડરપોક હતા. અંધારામાં જવામાં ડરતા હતા.'' તેમાં રાધાજીની ફિલિંગ્ને ધરમવીરજીએ બહુ સરસ રીતથી સમજાવી છે.

આપણો તો આવો કૃષ્ણ છે. જ્યારે આપણે રિસ્પૉન્સ્ ન આપીએ અને આપણે કહીએ કે ''તમે અસુર કેવીરીતે માર્યા અને નાગ કેવીરીતે નાથ્યો?'' ઠાકોરજીએ કહ્યું ''નાગ નાથ્યો અને અસુર માર્યા તો તેના માટે તારા ઘરમાં બિરાજવાની મારે શું જરૂર છે? વૈકુંઠમાં શા માટે ન બિરાજું? તારા ઘરમાં એટલા માટે બિરાજું છું કે બિલાડીથી ડર લાગી રહ્યો છે. બિલાડીથી ડરવા માટે તારા ઘરમાં બિરાજી રહ્યો છું''. જ્યારે એણે કહ્યું ''અસુર કેવી રીતે માર્યા તમે?'' તેણે કહ્યું ''ચાલ છુટ્ટી થઇ.'' ઈગોનો રૅઝોનેન્સ્ ખતમ થઇ ગયો. આપણા ઘરમાં એ બહુ મિનિમાઇઝ ઈગોની સાથે બિરાજી રહ્યો છે. બિલાડીથી ડરે, અંધારાથી ડરે.. ખબર નહીં શેના-શેનાથી ડરતો હશે. તેને આપણે આશ્વસ્ત કરવાનો છે કે ડર નહીં, અમે બેઠા છીએ તને બચાવવાવાળા. શેઠીયા ભાટીયા ટ્રસ્ટીઓથી ડરવાની કાંઇ જરૂર નથી. એ આશ્વાસન આપવું જોઇએ ઠાકોરજીને કે અમે બેઠા છીએ બચાવવાવાળા. આપણે પોતે ડરી રહ્યા છીએ તો તે વધારે ડરી જશે. જેના ભરોસે હું ઘરમાં આવ્યો છું તે ખુદ ડરે છે. ખતમ થઇ દાસ્તાન.

**પ્રશ્ન :** આપે કહ્યું સ્મૃતિમાં આશા અને અનુભૂતિ સન્નિહિત હોય છે તો સ્મૃતિમાં આશા કેવી રીતે સન્નિહિત હોય છે?

**જવાબ :** સ્મૃતિના ઘણા પહેલુ છે. સ્મૃતિનો સૌથી પ્રથમ પહેલુ રિટૅન્શન્‌નો છે. આપણે આપણી જે અનુભૂતિ છે તેનો સંચય કરીએ છીએ. બીજો પહેલુ છે રિમૅમ્બરન્સ્. ત્રીજો પહેલુ છે રિકલૅક્શન્. જેને તમારે રિકલૅક્શન્ નથી કરવું તેને તમે રિમેમ્બર્ નહીં કરો. જેને તમારે રિમેમ્બર્ નથી કરવું તેને તમે રિટેઈન્ નહીં કરો. તો રિટૅન્શન્ રિમૅમ્બર્ અને રિકલૅક્શન્ સ્મૃતિના પાછા ત્રણ આયામ છે.

ચેન્નાઈમાં મારૂં પ્રવચન હતું તેમાં મેં એક મજેદાર વાત બતાવી હતી. આપણે તો હિન્દી ગુજરાતીમાં એટલો પ્રભેદ નથી પરંતુ અંગ્રેજીમાં ઘણો પ્રભેદ છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળ છે. એ ભૂતમાં પણ પાછો વર્તમાન અને ભવિષ્ય; વર્તમાનમાં પણ પાછો ભૂત અને ભવિષ્ય; એમ ભવિષ્યમાં પણ પાછો ભૂત અને વર્તમાન. તો મેં કહ્યું કે આપણે લોકો બધા વર્તમાનમાં પણ ભૂત છીએ તે વાત ન ભૂલતા. કેટલાક ગોસ્વામી વર્તમાનના ભવિષ્ય હશે. સ્મૃતિમાં જે રિટૅન્શન્ છે તે ભૂત છે, રિમૅમ્બર્ છે તે તેનો વર્તમાન છે અને રિકલૅક્શન્ ફ્યુચર્ છે. જો રિકલૅક્શન્ નથી કરવું તો શેની સ્મૃતિ કરશું?




**(શુદ્ધ ઉપાદાન એટલે કે સચ્ચિદાનન્દ બ્રહ્મની વિવેચના)**

સૌથી પહેલા આ તથ્યને યાદ રાખો માયટૉટિક્. આ (પુરૂષોત્તમ) અક્ષરની ન્યૂક્લિયસ્ છે. આ અક્ષરનો સાયટોપ્લાઝ્મ્ છે. આ આનન્દ સત્ અને ચિત્ ત્રણે કૉમ્પોનેન્ટ્ છે સચ્ચિદાનન્દ બ્રહ્મ હોવાના કારણે. આ ‘બ્રહ્મની આનન્દરૂપતા’ એટલેકે તેની સત્તા અને તેની ચેતનાની દેશ કાલ અને સ્વરૂપમાં અપરિચ્છિન્નતા છે.

દેશમાં પરિચ્છિન્ન એટલેકે આ ટેબલ અહીં છે ત્યાં નથી. કાલમાં પરિચ્છિન્નતા એટલેકે આ ટેબલ જે દિવસે બન્યું, જેટલા દિવસ રહેશે એટલા દિવસ છે તેના પછી નહીં રહે. સ્વરૂપ પરિચ્છિન્નતા એટલેકે આ ટેબલ છે પરંતુ આસન નથી, ટેબલ છે પરંતુ માઇક્ નથી. પરબ્રહ્મની જે સત્તા છે તે ચાહે અક્ષરબ્રહ્મના લેવલ્ ઉપર હોય કે પુરૂષોત્તમના લેવલ્ ઉપર હોય તે દેશ-કાલ-સ્વરૂપના પરિચ્છેદથી રહિત છે. સરળ ભાષામાં સમજવું હોય તો કોઈ દેશ(સ્થાન) એવો નથી કે જ્યાં પરબ્રહ્મ એટલેકે પુરૂષોત્તમ અને અક્ષરબ્રહ્મ ન હોય. કોઈ ટાઈમ્ (કાળ,સમય) એવો નથી

કે જે ટાઈમ્‌માં પુરૂષોત્તમ કે અક્ષરબ્રહ્મ ન હોય અને દુનિયાના કોઈ નામ-રૂપ-કર્મ એવા નથી કે ને નામ-રૂપ-કર્મ અક્ષર કે પુરૂષોત્તમના ન હોય. તે દેશ-કાલ-સ્વરૂપની અપરિચ્છિન્નતા=આનન્દ. આપણને જે પણ તકલીફ થઈ રહી છે તે બધી તકલીફ દેશિક પરિચ્છેદમાં, આપણા કાલિક પરિચ્છેદમાં અને આપણા સ્વરૂપ પરિચ્છેદના કારણે થઈ રહી છે. યદ્યપિ મેં કલર્ લીજેન્ટ્‌માં સાત્વિક રાજસ તામસ કહ્યા છે તે અહીં માટે નથી કહ્યા.

હું એક ખુલાસો કરવા માગું છું જે મહાપ્રભુજીએ કર્યો છે. સચ્ચિદાનન્દ બ્રહ્મના સદંશમાંથી 'સત્ત્વ' પ્રકટ થાય છે, ચિદંશમાંથી 'રાજસ' પ્રકટ થાય છે અને આનન્દાંશમાંથી 'તામસ' ગુણ પ્રકટ થાય છે. ત્રણે ગુણોનું જે પ્રપોર્શનેટ્ ડિસ્ટ્રીબ્યુશન્‌નું નામ 'પ્રકૃતિ' છે.

સમષ્ટિપુરૂષ અને વ્યષ્ટિપુરૂષનો ડિફરન્સ્ શું? એક યુનિવર્સલ્ કૉન્શીયસ્‌નેસ્ છે અને બીજી ઈન્ડિવિજ્યુઅલ્ કૉન્શિયસ્‌નેસ્ છે. (ચાર્ટ સમજાવ્યો છે) આપણા પ્રવચનની શરૂઆતમાં લૉજિકલ્ પૉજિટિવિઝમ્‌ની (તાર્કિક ભાવવાદી) વાત બતાવી કે જ્યાં પૉજિટિવિઝમ્‌ની દાદાગીરી ચાલતી હતી. હવે એ જમાનો બદલાઈ ગયો. હવે બધા લોકો આ વાતને થોડી-થોડી માનવાની શરૂ કરે છે કે જે જડ સૃષ્ટિનો વિસ્તાર છે એ વિસ્તારમાં જે પ્રકારથી એક સિસ્ટમૅટિક્ ડૅવલપ્‌મૅન્ટ્ જોવામાં આવી રહી છે, તે અન્‌કૉન્સિયસ્ હોઈ નથી શકતી. હવે નૅચરલી એ જે કૉન્સિયસ્‌નેસ્ છે તે આપણી કૉન્સિયસ્‌નેસ્ નહીં હોય કે ક્લોરોફોર્મ સૂંઘાડી દીધું તો અન્‌કૉન્સિયસ્ થઈ ગયો, માથા ઉપર ડંડો મારી દીધો તો અન્‌કૉન્સિયસ્ થઈ ગયો. એ તો આપણી કૉન્સિયસ્‌નેસ્‌ના બહુ ક્ષુદ્ર પૅરામીટર છે. પરંતુ તે યુનિવર્સલ્ છે આ અર્થમાં કે તે ઘણીબધી વસ્તુઓને સસ્ટેન્ કરી શકે છે. તો એક યુનિવર્સલ્ કૉન્સિયસ્‌નેસ્ (સમષ્ટિપુરૂષ કે સમષ્ટિચેતના) છે. એ યુનિવર્સલ્ કૉન્સિયસ્‌નેસ્ જો ન હોય તો જગતમાં જે પણ કાંઈ ડૅવલપ્ થયું છે તે ઈશ્વરે કર્યું કે શૈતાને કર્યું કે મેં કર્યું કે અલ્લાહે કર્યું કે ભગવાને કર્યું, સાયન્સ્‌ના હિસાબથી બધી

ઈમ્‌મટિરીયલ્ વાત છે. સાયન્સ્ ફક્ત આટલી વાત કહી રહ્યું છે કે કોઈ એક યુનિવર્સલ્ કૉન્સિયસ્‌નેસ્ હોવી જોઈએ. અદરવાઈઝ આટલો કલ્ક્યુલેટેડ્ ડૅવલપ્‌મેન્ટ્ થઈ જ ન શકે અને આ આખી સૃષ્ટિના વિકાસમાં કલ્ક્યુલેશન્ જોવામાં આવી રહ્યું છે. જે વાત મેં તમને બતાવી કે વિકાસ જેવો આપણે કહીશું તો વિકાસ નથી માની રહ્યા સરક્યુલર્ માની રહ્યા છીએ. 'વિકાસ' આ ટર્મિનોલૉજી સ્ટ્રેટ્ લાઈન્ માનનારાઓના મોહની ટર્મિનોલૉજી છે. તેમાં ભલે આપણે ડિફરેન્સ્ ઑફ્ ઓપિનીયન્ હોઈએ પરંતુ એક વાત સાફ-સુથરા પ્રકારથી સમજી લો કે સાયન્સ્ તો દરેક લેવલ્ ઉપર-ફિઝીકલ્ કૅમિકલ્ બાયોલૉજીકલ્ સોશિયલ્ ઈકોનૉમિકલ્ સાયકૉલૉજીકલ્-વિકાસ માની રહ્યું છે. દરેક લેવલ્ ઉપર સાયન્સ્ એન્થ્રોપોલોજીકલી (નૃતત્ત્વ વિજ્ઞાન/માનવ વિકાસ વિજ્ઞાન) થિયરી ઑફ્ ઈવોલ્યુશન્ પ્રપોઝ કરી રહ્યું છે. જ્યારે થિયરી ઑફ્ ઈવોલ્યુશન્ જો સાચી છે તો ઈવોલ્વ્ ક્યાં સુધી થાય છે? જેમ રેસ્‌નો ઘોડો દોડી રહ્યો છે તો 'વિન્'નું સાઈન્ બોર્ડ ક્યાં છે? એ જ્યાં સુધી નહીં હોય ત્યાં સુધી રેસ્ કેવીરીતે ખબર પડશે કે તે અહીં સુધી દોડતો આવ્યો તો 'વિન્' કહેવાશે. 'વિન્' સાઈન્‌બોર્ડ જો ન હોય તો ઘોડો દોડ્યો, આ કેમ ખબર પડશે?

આઈન્સ્ટાઈન્‌ની આ જ સમસ્યા હતી કે જો આકાશમાં ફક્ત બે વિમાન છે બીજું કાંઈ નથી અને બે વિમાન સાથે ચાલી રહ્યા છે. તો એ બે વિમાન ચાલી રહ્યા છે કે નથી ચાલી રહ્યા સિદ્ધ નહીં થાય. કેમકે ચાલવાનો મતલબ શું? એક સ્થિર છે અને બીજું ચાલ્યું. પહેલા અહીં હતું અહીંથી અહીં આવ્યું. તો કોઈ ટાઈમ્ સ્પેસ્ મૅટર્‌માં માઈલ્‌સ્ટોન્ હોવા જોઈએ. જે સ્થિર હોય તેના રૅફરન્સ્‌માં કોઈ વસ્તુ ચાલતી હોય તો ચાલતી માની શકાય. જો બે વિમાન સાયમલ્‌ટેનિયસ્‌લી આકાશમાં ચાલી રહ્યા છે, જ્યાં કોઈ માઈલ્‌સ્ટોન્ નથી, એ ચાલી રહ્યા છે કે નથી ચાલી રહ્યા તે સિદ્ધ નહીં થાય. સિદ્ધ નહીં થાય એટલું જ નથી પરંતુ; ચાલવામાં લફડું શું છે? થિયરીના હિસાબથી સમજો કે ચાલવા માટે એનર્જી જોઈએ છે. હવે જો ચાલી નથી રહ્યા તો એનર્જીનું શું થયું? તેથી તેણે 'થિયરી ઑફ્ રિલેટિવિટી'નો સિદ્ધાંત આપ્યો. 'થિયરી ઑફ્

રિલેટિવિટી'નો સૌથી મોટું રહસ્ય એ છે કે તે આપસના રિલેશન્માં નહીં ચાલી રહ્યા હોય પરંતુ કોઈ એક પૉઈન્ટ્ એવો છે કે જેમાં ચાલી રહ્યા છે. જો વર્લ્ડ્ ઈવોલ્વ્ થઈ રહ્યો છે તો 'વિન્ સાઈન્બોર્ડ' તો જોઈએ કે ન જોઈએ? અને 'વિન્ સાઈન્બોર્ડ્' રાખ્યું કોણે? કૉન્સિઅસ્નેસ્ના વગર આવશે ક્યાંથી? તેના માટે સાયન્ટિસ્ટ્ લોકો પણ હવે કબૂલ કરી રહ્યા છે કે કાંઈક 'યુનિવર્સલ્ કૉન્સિઅસ્નેસ્' છે જે આ ઈવોલ્વ્મૅન્ટ્નો આઈડિયલ્ છે. જે ઈવોલ્વ્મૅન્ટ્ને લેન્ડ્માર્ક્ બતાવી રહી છે કે અહીં સુધી તમારે ઈવોલ્વ્ થવાનું છે. કોઈ સાયન્સ્ની એવી બ્રાન્ચ્ નથી કે જેમાં 'વિન્'નો સાઈન્ ન દેખાડતો હોય! તો આ રહસ્યને જે વખતે આપણે સમજશું તો સમજમાં આવી જશે, એક યુનિવર્સલ્-કૉન્સિઅસ્નેસ્ છે અને એક આપણી ઈન્ડિવિજ્યુઅલ્ કૉન્સિઅસ્નેસ્ પણ (વ્યષ્ટિપુરૂષ કે વ્યષ્ટિચેતના) છે. એ યુનિવર્સલ્ કૉન્સિઅસ્નેસ્ને 'પુરૂષ' કહે છે અને યુનિવર્સલ્ મેટર્ને 'પ્રકૃતિ' કહે છે.

પરંતુ આ જે રિપ્રોડક્શન્ છે આ માયટોટિક્ છે. સિમ્પલ્ છે. શુદ્ધ છે. આમાં બીજો કોઈ ઍલિમેન્ટ્ આવી નથી રહ્યો. કોઈ કૉમ્પેક્સિટી આવી નથી રહી. સિમ્પલી આવું થયું છે, કાંઈક છુપાયેલ છે, કાંઈક પ્રકટ છે અને તે પ્રકટ થઈ ગયો છે. આ તેનો સ્ટ્રક્ચર્ છે. આ મૂલમાં સચ્ચિદાનન્દ છે. જે આનન્દ છે તે 'તમ્' બની જાય છે. જે ચેતના છે તે 'રજ્' બને છે. અને જે સત્તા છે તે 'સત્ત્વ' ગુણ બને છે. એટલા માટે અક્ષર(બ્રહ્મ)નો શુદ્ધ સત્ત્વ એવો રૅફરન્સ્ આવે છે.

> **"વિશુદ્ધસત્ત્વં તવ ધામ શાન્તં, તપોમયધ્વસ્તરજ-સ્તમસ્કમ્ ।** (ભાગ.પુરા.૧૦/૨૪/૪) **"શુદ્ધં રજસ્તમોભ્યામ્ અસમ્પૃક્તં વિશેષેણ શુદ્ધં સત્ત્વેન અપિ અસમ્પૃક્તમ્। તત્ તવ ધામ સ્થાનં "સત્ત્વં વિશુદ્ધં વસુદેવશબ્દિતભિઃ"તિ, તત્ર ભગવાન્ આવિર્ભવતિ ઈતિ વાસુદેવઃ કિંચ ધામ તેજોऽપિ સાત્ત્વિકમેવ ભગવત્તેજઃ સત્ત્વમેવ વા, કિંચેદં સત્ત્વં શુદ્ધસત્ત્વાન્તરેણ**

**અપિ અમિશ્રિતં તદ્ જીવસ્થં તરતમભાવાપન્નં ભવત્યત ઈદં સત્ત્વં પરમકાષ્ઠાપન્નમેવ.** (સુબો.૧૦/૨૪/૪)

"'શુદ્ધ સત્ત્વ'નો મતલબ એવી સત્તા એટલે બેઅર્ એક્ઝિસ્ટેન્સ્ નથિંગ્ એલ્સ્ બટ્ શુદ્ધ સત્ત્વ. અને 'મિશ્રિત સત્ત્વ'નો મતલબ કે જ્યાં તમ્ અને રજ્થી તે મિક્સ્-અપ્ થઈ. તો આ લેવલ્ ઉપર આવીને જો ગાડી ચાલશે તેમાં મિશ્રણ આવવું શરૂ થશે.

કેમ અહીંથી ઈન્ટ્રોડ્યુસ્ કર્યું છે? અહીં સુધી ભગવાન કબૂલ કરી રહ્યા છે. હવે આપણને થયું કે અહીં મિશ્રિત થઈ ગયું પરંતુ આટલાજ માટે શાસ્ત્રમાં આનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે આ બધું અમિશ્રિત શુદ્ધ છે. કેમકે આની ઈક્વલ્ પ્રપોશન્ (સમતા) પ્રકૃતિ છે. પરંતુ આમાં ડિસ્ટર્બન્સ્ના કારણે જે અન્ઈક્વાલીટી (વિષમતા) આવે છે તેનાથી આમાં રેસ્ટ્ ઑફ્ દ્ રિપ્રોડક્શન્ આવે છે. તો આ એક સેટ્-અપ્ છે. અને આ આવે છે તેનું પણ કારણ છે કે આ પુરૂષ અને પ્રકૃતિમાં પાછું ઈન્ટરૅક્શન્ છે. અને 'ઈન્ટરૅક્શન્'નો મતલબ જેમ કાચની સામે આપણે ઉભા રહીએ તો કાચનો જે ફ્રન્ટ્ છે તેમાં આપણું રિફ્લેકશન્ આવે. કાચની બૅક્માં જ્યાં તે સિંદૂર લાગેલો હોય ત્યાં રિફ્લેકલન્ ન આવે. તો પ્રકૃતિનો 'સત્ત્વગુણ' (કાચના) ફ્રન્ટ્માં છે. તેમાં પુરૂષ રિફ્લૅક્ટ્ થાય. પછી સિંદૂર છે તે ગ્લાસ્ને મિરર્ બનાવી રહ્યો છે. તો તે રિફ્લેક્ટિવ્ મિરર્ થઈ જાય એમ પ્રકૃતિનો જે ગ્લાસ્ છે તેને મિરર્ આ તામસ અને રાજસ્ બનાવે અને સત્ત્વ તેના કન્ફ્રટિંગ્ છે યુનિવર્સલ્ કૉન્સિયસ્નેસ્ના કારણે, માટે તેમાં તે રિફ્લેક્ટ્ થાય છે. આમ બંનેમાં એક પ્રકારનું ઈન્ટરેક્શન્ બતાવ્યું છે. આ બધો માય્ટોટિક્ છે (પહેલાં) માય્ટોટિક્ આવ્યો, (તેના પછી) રિપ્રોડક્શન્ (આવ્યો) નૅક્સટ્ (અને હવે) આ માયોટિક્ છે. આ પ્રકૃતિ પુરૂષના ઈન્ટરેક્શન્ આપણે જોઈ લીધા.

### ('તમ્'ની આપણી તાત્ત્વિક દષ્ટિ)

હવે સત્ ચિત્ આનન્દ હતા તેમાં આનન્દની બાબતમાં એક બીજી વાત બતાવી દઉં. મહાપ્રભુજીએ આ સમસ્યા બહુ જોર-શોરથી

ઉઠાવી છે. આનન્દાંશ કન્વર્ટ્ થઈને તમોગુણ કેવીરીતે થઈ ગયો? આનન્દને તો આપણે આટલો ગ્લોરિફાય્ કરી રહ્યા છીએ. **"આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્, આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે, આનન્દેન જાતાનિ જીવન્તિ".** (તૈત્તિ.ઉપ.૩/૬) એ આનન્દ તમ્ કેવીરીતે થઈ ગયો? અને મહાપ્રભુજી બહુ સરસ વાત તેમાં સમજાવે છે કે જે દેશ-કાલ-સ્વરૂપની અપરિચ્છિન્નતા છે તે અપરિચ્છિન્નતા નષ્ટ થઈ. 'નષ્ટ' એટલે તિરોહિત થઈ. તો શું પ્રકટ થશે? દેશ-કાલ-સ્વરૂપનો પરિચ્છેદ. એ પરિચ્છેદ માઈન્ડ્‌ને ક્લોઝ-અપ્ કરી દેશે, સ્ટોપ્. હવે પછી શું? કૅન્સર્‌વાળાને કહી દો કે હવે તમે મરશો તો તેને દુઃખ થઈ જાય કે આવું કેમ બોલે! અરે ભાઈ કૅન્સર્ થયું તો મરવાનો તો છેજ! તે સહન ન થઈ શકે. માઈન્ડ્ ક્લોઝ-અપ્ થઈ જાય. કેમકે આપણો એગ્સિસ્ટેન્સ્‌નો (સ્વઅસ્તિત્વવૃત્તિત્વ) નેચર્ છે. જીવવા માટે આપણી ભીતર અદમ્ય સ્વભાવ ભરાયેલો છે, એગ્સિસ્ટ્‌ને એગ્સિસ્ટ્ રહેવાનો. રાધાકૃષ્ણન્ કહે છે "દેટ્ વિચ્ ઈઝ બિલ્ટ્ ફૉર્ એવર્, ઈઝ ફૉર્ એવર્-બિલ્ડિંગ્. દેટ્ વિચ્ હેજ્ એ બિઈન્ગ્, ઈજ્ ફૉર્ એવર્ બિઈન્ગ્. એ પ્રકારનો આપણો એક નૅચરલ્ ઈન્ક્લીનેશન્ છે. એ ઈન્ક્લીનેશન્ બ્રહ્મનો સ્વભાવ છે. માઈન્ડ્ ઈટ્. એ બ્રાહ્મિક અહં છે. પરંતુ એ બ્રાહ્મિક અહં આપણી ભીતર આ વાતને સાંભળતાજ એકદમ સ્તબ્ધ થઈ જાય જેમ મોબાઈલ્‌ના જામર્ જામ કરી દે છે. એમ બધું જામ થઈ જાય છે. આપણો ઈન્ટરેક્શન્ ખતમ થઈ જાય તેના કારણે આનન્દ તમ્ બને છે. મહાપ્રભુજીનો આ મેટાફિજીકલ્ એક્સપ્લેનેશન્ છે.

પરંતુ એક પોએટિકલ્ જસ્ટિફિકેશન્ મહાપ્રભુજીએ બીજું આપ્યું છે કે માણસને જ્યારે પણ મોહ થાય છે તો આનંદમાં હોય છે અને જ્યારે પણ મોહ થાય તો તામસ છે. બહુ પોએટિકલ્ મીઠો જસ્ટિફિકેશન્ છે કે માણસ મુગ્ધ શેના ઉપર થાય છે? તે કહે કે આનંદ થાય તો માણસ મુગ્ધ બની જાય છે. જ્યારે પણ તમે ઢોકળા ખાઈ રહ્યા છો તેને અવેરનેસ્ તમને ક્યારેય મુગ્ધ નહીં કરે પરંતુ; ઢોકળામાં સ્વાદ આવી ગયો, થોડાક વખત માટે દુનિયા ભૂલી જાય માણસ આ હા હા! મજા આવી ગઈ,


દુનિયાને આપણે ભૂલી જઈએ છીએ. એ આનંદને જ લીધે તો મોહ પેદા થાય છે. કોઈ પણ વિષયનો જેમાં જેને આનંદ આવી ગયો તેમાં તે આખી દુનિયાને ભૂલી જાય. મહાપ્રભુજી આનું પોએટિક્ જસ્ટિફિકેશન્ વધારે આપે છે કે આ તો આનંદનો સ્વભાવ છે કે બધી વસ્તુ ભૂલાવી દે. તે આનંદ 'તમ' બની ગયો તો તમ્ પણ બધી વસ્તુને ભૂલાવી દે અને આનંદ પણ બધી વસ્તુને ભૂલાવી દે છે. પરંતુ દેશતઃ કાલતઃ સ્વરૂપતઃ જે અપરિચ્છિન્ન હતો તે પરિચ્છિન્ન થઈ ગયો. તને તારા હોવામાં પરિચ્છેદ દેખાઈ રહ્યો છે કે તું અહીં (પ્રવચનસ્થળ-સુખધામ) છે, ચીરાબજારમાં (મુંબઈના એક સ્થળનું નામ) નથી. તને તારા જન્મ-મરણનો પરિચ્છેદ પોતાની ચેતનામાં ભાસિત થઈ રહ્યો છે. અને જે પણ તને આનંદ આવી રહ્યો છે તે પણ પરિચ્છિન્ન જ તો આવી રહ્યો છે. એ 'પરિચ્છિન્ન આનંદ'=સુખ છે. 'અપરિચ્છિન્ન સુખ'=આનંદ છે. જે વસ્તુને આપણે ચાહી રહ્યા છીએ તેને પણ એક ટેમ્પર્રી ફ્રેમવર્ક્માં જ ચાહી રહ્યા છીએ. કેટલી આપણી ખતરનાક પરિસ્થિતિ છે કે જે વસ્તુને આપણે સૌથી વધારે સારી માનતા હોઈએ જેમ કે ઢોકળા જ લઈ લો. એક અડધો કલાક ખાલી એક ઢોકળાને ચાવતા રહો જુઓ કેટલું કષ્ટ થશે. આપણે શું કરીએ છીએ? આનંદની સ્પૃહામાં એ ચાવ્યા વગર જીભ ઉપર મૂક્યો અને નાખ અંદર. લૅટર્-બોક્સ્ની જેમ નાખતા જઈએ, નાખતા જઈએ. એવીરીતે આપણે પેટમાં ઢીંચી લઈએ છીએ. ચાવવાનું શરૂ કરો અને બે-ચાર મિનિટ તો બહુ મજા આવશે પરંતુ અડધો-પોણો કલાક એક ઢોકળાને ચાવતા રહો, તમને ઢોકળા ભાવતા જ બંધ થઈ જશે. આ તેની પરિસ્થિતિ છે. તો આપણું સુખ આ પ્રકારનું છે કે જે વસ્તુને આપણે ચાહી રહ્યા છીએ તેને પણ એક ટૅમ્પરરી ફ્રેમવર્ક્માં જ ચાહી રહ્યા છીએ. તેનાથી વધારે તે ગળે પડવા લાગી જાય તો ભારે પડી જાય.

**પ્રશ્ન :** ચેતના તમ્નો અનુભવ કરે તો પ્રકૃતિમાં પરિછિન્નતા કેવી રીતે આવે?

**જવાબ :** આપણે જોયું કે પ્રકૃતિ ખુદ સદંશ છે. હવે પ્રકૃતિ સદંશ

હોવાના કારણે તેમાં ચેતન પુરૂષ રિફ્લેક્ટ્ પણ થઈ રહ્યો છે. રિફ્લેક્ટ્ હોવાના કારણે પ્રકૃતિ તો અનુભવ નહીં કરે. પ્રકૃતિની પાસે તો મટીરિયલ્ તૈયાર છે, તેની અસર અહીં પડી રહી છે.

**Meiotic**




આ તેનો સંદર્ભ છે. હવે આ ઈન્ટરૅક્શન્ થઈ ગયો ત્યારે અહીં રિફ્લૅક્શન્ પડ્યો. તેને કારણે પ્રકૃતિના સદંશમાંથી 'ચિત્ત' પેદા થાય છે. એ ચિત્તને પણ પુરૂષની સાથે માઈક્રો અને મૅક્રો બંને લેવલ્ ઉપર ઈન્ટરૅક્શન્ થાય છે. તેને કારણે ચિત્તમાંથી અહંકાર પેદા થાય છે.

જે અહંકારના પાછા ત્રણ પ્રોડક્ટ્ છેઃ મન તન્માત્રા અને ઈન્દ્રિય.

આ આપણો સૅટ-અપ્ છે. ચિત્ત શું છે? ચિત્ત પ્રકૃતિના સદંશમાંથી પેદા થયું છે. સદંશથી પેદા થયું છે માટે ચિત્તમાં પણ ચેતનાને રિફ્લૅક્ટ્ કરવાની મૅક્જિમમ્ કપૅસિટી છે. (મિરર્ના જેવી) અને જ્યારે ચિત્તમાં રિફ્લૅક્ટ્ થાય છે ત્યારે તેમાંથી અહંકાર પેદા થાય છે. (ચાર્ટને જોઈને) એ ચિત્તની ભીતર અહંકાર પેદા થાય છે. ચિત્તની બહાર અહંકાર પેદા નથી થતો. ચિત્તમાં અચાનક અહંકાર પેદા થાય કેમકે ચિત્ત જ્યારે નિરંતર આની (અહંકારની) સાથે કૉન્ટેક્ટ્માં આવે તો તેમાં સૅલ્ફ્ અવૅરનેસ્ આવે છે કે ''અહમ્ અસ્મિ અહમ્ અસ્મિ અહમ્ અસ્મિ''. એ અહંકાર જ્યારે પેદા થાય ત્યારે તેમાંથી પાછી ચોઈસ્ પેદા થાય કે ''યદા અહમ્ અસ્મિ તદા કં પશ્યામિ?'' જો હું છું તો કોને જોઉં? હવે જેમ આપણા બાળકમાં અહંકાર પેદા થયો તે તુરત તેને થાય કે હવે હું કોને જોઉં? જે વસ્તુ ચુભી રહી છે તેને જોઉં કે જે કમ્ફર્ટેબલ્ છે તેને જોઉં? જે મને રોવડાવી રહ્યો છે તેને જોઉં કે મને હસાવી રહ્યો છે તેને જોઉં? જે મને ડરાવી રહ્યો છે એને જોઉં? કે જે દૂધ પીવડાવી રહ્યો છે એને જોઉં? તો બાળક કોને સિલૅક્ટ્ કરે છે? એમ આપણો અહં સિલૅક્ટ્ કરે છે.

એ સિલૅક્શન્ના જે ફંક્શન્ છે તે 'મન' આવી જાય છે અને આ ઈન્ટરૅક્શન્નું જે ફંક્શન્ છે, થ્રુ દ્ (તેના દ્વારા) ઈન્દ્રિય અને ટુવર્ડસ્ તન્માત્રા જે સૅન્સેશન્ છે, તેની સાથે આપણી ઈન્દ્રિયોથી આપણો અહં ઈન્ટરૅક્ટ્ શરૂ કરે છે. અને એજ અહંનો ગેમુટ્ છે. બુદ્ધિ ચિત્તનો પાર્ટ છે.

**પ્રશ્ન :** વૈરાગ્યના અભાવથી રાગ ઉત્પન્ન થાય છે અને કામરૂપી દોષ આવે છે અને એ દોષ દૂર કરવાનો ઉપાય વૈરાગ્ય કઈ રીતે? કારણ કે આપણાં સાધનથી કાંઈ વૈરાગ્ય દૂર નહોતો થયો તેથી આપણે વૈરાગ્યરૂપી સાધન કઈ રીતે કરી શકશું?

**જવાબ :** (ચાર્ટમાં) જો! વૈરાગ્ય ભગવાનના આનંદના તિરોધાનની ઈચ્છાથી તિરોહિત થયો અને તેને કારણે વિષયમાં મમતા આવી, કામ આવ્યો. આ તો ભગવાને જે તિરોધાનની ક્રિયા કરી તે ક્રિયાથી પેદા થતી ક્રિયા છે. હવે તમને વિવેક જાગ્યો તો તમને લાગશે કે

નહીં; વૈરાગ્ય હોવો જોઈએ. અને વિવેક તો કેટલી જલ્દી જાગી જાય છે! એક સાધારણ વાત સમજો કે થોડો પણ આપણો કામ આપણને ઉલ્ટી થપ્પડ લગાવડાવે તુરત વિવેક જાગી જાય. નહીં નહીં, આ અમારા માટે ન હતું! આમાં જ્ઞાનની પણ જરૂરત નથી. બે-ચાર થપ્પડની જરૂરત છે. આપણે તો આપણા કામને તૃપ્ત કરવાની પ્રક્રિયામાં હોઈએ છીએ. પરંતુ જરા પણ થપ્પડ લાગે તો તુરત વૈરાગ્ય આવી જાય કે નહીં આમ તો કરવું ન જોઈએ. તો વૈરાગ્ય આવી જાય. એ વૈરાગ્ય આવવુ, કદાચ તો વિદ્યા હોઈ શકે છે. કોઈ કારણથી પણ વૈરાગ્ય આવ્યો-થપ્પડના કારણે આવ્યો, સમજને કારણે આવ્યો-એ વિદ્યા હોઈ શકે. પરંતુ એ વૈરાગ્યને ભક્તિમાં તમે એડવાન્ટેજ્ ન લીધો તો પુષ્ટિમાર્ગમાંથી તમે ગયા.

આટલા માટેજ આપણે ત્યાં ચોરાસી-બસોબાવન વૈષ્ણવની વાર્તા ખોલીને જોઈલો કે આ સિચ્યુએશન્‌માં જ્યાં-જ્યાં વૈરાગ્ય આવ્યો છે અને જ્યારે-જ્યારે મહાપ્રભુજીને એપ્રોચ્ કર્યા છે, ત્યારે મહાપ્રભુજીએ ટોકીને કહ્યું છે કે ભક્તિ કરો. રાણાવ્યાસનો પ્રસંગ જોઈલે, વૈરાગ્ય આવી ગયો. કૃષ્ણદાસ અધિકારીનો પ્રસંગ જોઈલે વૈરાગ્ય આવી ગયો. જેને-જેને વૈરાગ્ય આવ્યો તેને-તેને મહાપ્રભુજીએ વૈરાગ્ય આવતાંજ પીઠ થપથપાવી કે સારૂં બહુ સારી વાત થઈ ગઈ વૈરાગ્ય આવી ગયો! (ચાર્ટમાં બતાવીને) તો તેને માટે તો ભક્તિ અને કૃષ્ણસેવા ત્યાંથી (વૈરાગ્યમાંથી) આવી રહી છે. હવે એ તમારા વિવેકથી આવી રહી છે કે કદાચ એક્શન્-રિએક્શન્‌ની પ્રોસેસ્‌માં આવી રહી છે, ઑટોમેટીકલી નથી આવી રહી. પરંતુ કાલે જ્યારે આપણે સુબોધિનીજી ઉપર જઈશું ત્યારે આ રહસ્ય સમજાશે કે આપણા અહંનું મિકૅનિઝમ્ કેટલું સુંદર છે કે જે ઑટોમેટીકલી આવી રહ્યું છે તેને પણ પોતાના અહંથી જે વખતે કરો તે વખતે તમારા વૉલેન્ટરી ફંક્શન્‌માં ઑટોમેટીકલી આવી રહ્યું છે.

તેનુ એક પ્રસિદ્ધ ઉદાહરણ આપું કે શ્વાસ તમારો ચાલી રહ્યો છે. એટલે કે ઑટોનોમસ્ નર્વસ્ સિસ્ટમ્‌થી શ્વાસ ચાલી રહ્યો છે. તમારી ઈચ્છાથી ચાલી રહ્યો છે? ઈચ્છાથી શ્વાસ ચાલી રહ્યો હોત તો માણસ

ક્યારેય મરત જ નહીં. ભીષ્મની જેમ શ્વાસ લેતો જ રહેત તો મરત કેવીરીતે? તો વગર ઈચ્છાએ શ્વાસ ચાલી રહ્યો છે. વગર ઈચ્છાએ શ્વાસ ચાલતો હોય તો પણ તમે પ્રાણાયામ કરવો હોય તો ઈચ્છાથી શ્વાસ લઈ શકો કે નહીં? ભસ્ત્રા (ભસ્ત્રિકા પ્રાણાયામ) કરી શકો કે નહીં? કેમ કરી શકો? કેમકે જે ઑટોમેટીકલી ચાલી રહ્યો છે તેનો તમારા અહંકારથી કોઈને કોઈ ઈન્ટરૅક્શન્ પણ એસ્ટાબ્લિશ્ કરવામાં આવ્યો છે. તે એક લેવલ્ ઉપર જે ઑટોમેટીકલી ચાલી રહ્યું છે તેને બીજા લેવલ્ ઉપર તમે ઈચ્છો તો વૉલેન્ટરી પણ ચલાવી શકો છો. તેના લિમિટેશન્ હશે, અનલિમિટેડ્ સ્કોપ્ નથી. એ વાત બધી જગ્યાએ લાગુ થશે. આથીજ કાલે કહ્યું હતું કે પેશાબ પણ આપણા સામર્થ્યથી નથી કરી શકતા. જ્યારે કિડની ભરાય છે ત્યારે કિડનીમાં તે પ્રેસર્ આવે. અને ભરાઈને જ્યારે દબાવી શરૂ થાય ત્યારે પેશાબ આવે. આપણી કોઈ ઈચ્છાથી પેશાબ પણ નથી આવતો. પરંતુ આપણે યુરીન્-ટેસ્ટ્ કરાવવા જઈએ ત્યારે કરી ન શકતા હોઈએ એવું નથી. જે ઑટોમેટીકલી આવી રહ્યું છે તેને પણ આપણે વૉલેન્ટરી કરી શકીએ છીએ. આવા ઘણા લેવલ્ ઉપર આપણામાં ઑટોમેટીકલી ફંક્શન્ થઈ રહ્યા છે. બાળકને ઑટોમેટીકલી આવી જતો હોય છે. તેને ઘણા સમય પછી તે કન્ટ્રોલ્માં આવે. પેશાબ ઑટોમેટીકલી ન કરવો જોઈએ, આપણે વૉલન્ટરી કરવો જોઈએ આ વાત બાળકને ઘણી મોડી સમજમાં આવે છે. તો ડેથ્ (મૃત્યુ) પણ આમ ઑટોમેટિક્ હોઈ શકે છે વૉલન્ટરી હોઈ શકે છે. બંને પ્રકારની સિસ્ટમ્ આપણે ત્યાં પ્રોવાઈડ્ કરવામાં આવી છે.

ઘણાબધાં ઑટોનર્વસ્ સિસ્ટમ્ના ફંક્શન્ છે તેની આપણા વૉલેન્ટરી ફંક્શન્ સાથે થોડીઘણી લિંક્ જોડવામાં આવી છે અને એ કેટલી ખૂબસૂરત પ્લાનિંગ્ છે કે તમે ભૂલી જાઓ તો તે (ઑટોનર્વસ્ સિસ્ટમ્) ખુદ કરશે. અને નહીં તો, તમને ઈચ્છા થાય તો તમે પણ કરી શકો. આ કેટલી મોટી પ્લાનિંગ્ છે. વિચારીએ તો આપણે ચકિત થવું પડે. નહીંતર લૉજીકલી વિચારો કે જે ઑટોમેટિક્ ચાલી રહ્યું છે તે વૉલેન્ટરી નહીં ચાલે. જે વૉલેન્ટરી ચાલી રહ્યું છે તે ઑટોમેટિક્ નથી ચાલી શકતું. પરંતુ

બાયોલૉજીએ આપણી ભીતર કેટલું ખૂબસૂરત બૅલેન્સ્ એસ્ટાબ્લિશ્ કર્યું છે કે કેટલા બધા ફંક્શન્ ઑટોમેટિક્ ચાલી રહ્યા છે અને એમાં કોઈ-કોઈ જગ્યાએથી આપણે કેટલો વૉલેન્ટરી ફંક્શન્થી કન્ટ્રોલ્ કરી શકીએ છીએ. આ કોઈ સાધારણ વાત છે? એ 'બ્રાહ્મિક અહં'ના વગર 'પારમાત્મિક અહં'ના વગર 'ભાગવતી અહં'ના વગર આ કેવીરીતે પૉસિબલ્ થઈ શકે? મશીન્ હજી સુધી એવા વધારે નથી બન્યા કે જે ઑટોમેટિક્ પણ હોય અને વૉલેન્ટરી પણ હોય! એક કોઈ વ્યવસ્થા સ્થિર થયેલી છે અને તે વ્યવસ્થામાં તમારો કાંઈક અહંનો રોલ્ આપી દેવામાં આવ્યો છે. આ તેનો સેટ્-અપ્ છે. તેના કારણે થઈ શકે.

**પ્રશ્ન :** આ હિસાબથી સાધનરૂપા વૈરાગ્ય અને મૂલ વૈરાગ્યમાં શું અંતર આવશે?

**જવાબ :** બ્રહ્મનો વૈરાગ્ય ક્યારેય સાચો વૈરાગ્ય હોઈ ન શકે ખોટો જ વૈરાગ્ય હોય. તેનું કારણ શું? બ્રહ્મના સિવાય કાંઈ હોય તો તેમાં બ્રહ્મ વિરક્ત થશે. વિરક્ત કોણ થઈ શકે છે? પોતાના સિવાય કોઈ વસ્તુ હોય તેમાં વ્યક્તિ વિરક્ત થઈ શકે છે. જો બ્રહ્મના સિવાય કોઈ છે જ નહીં તો બ્રહ્મ વિરક્ત કેવીરીતે થશે. વિરક્ત થવું તેની સૅન્સિટિવિટી છે, તેનું સૅન્સેશન્ નથી. આપણા માટે વિરક્ત થવું સૅન્સિટિવિટી હોત તો માણસ વિષયાનુરક્ત ન થાત. આપણા માટે તો સૅન્સેશન્ છે. આપણો વૈરાગ્ય જ સાચો વૈરાગ્ય છે. આપણી પાસે અનુરક્ત અને વિરક્ત થવાના માટે દશ ઑલ્ટર્નેટિવ્ છે તેમાં જ્યારે વિરક્ત થઈએ ત્યારે આપણો સાચો 'વૈરાગ્ય' કહેવાય.

**કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના ।**
**અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્ ।।**

## (કૃષ્ણ ગૃહઠાકુર અને આપણા અહંને મૉલ્ડ્ કરવાની પ્રક્રિયા)

કાલે આપણે જે કાંઇ વિચાર કર્યો તેમાં મુખ્ય મુદ્દો એ હતો કે ઉપાદાનાત્મક અહંકર્તા અને ઉપાદાનાત્મિકા અહંક્રિયાથી ઉપાદેયાત્મક અહંકાર કેવીરીતે પેદા થાય છે જે અહંકારને કારણે અહંકર્તા અને અહંક્રિયાનો બોધ થાય છે.

કાલે એ પણ બતાવ્યું હતું કે સૌથી પહેલાં આપણા અહંની બાબતમાં અહંનો સૅન્સેશન્ થાય છે. અહંના વિષે સૅન્સેશન્ થયા પછી તે વિષયનો અનુભવ કરે છે. જ્યારે વિષયનો અનુભવ થાય ત્યારે અહં આપણો કન્ફર્મ્ થાય છે. તેના પછી તે વિષય તરીકે કન્ફર્મ્ કરે છે. આ પ્રક્રિયામાં અહંતા-મમતા કેવીરીતે પનપે, પછી કામ-ક્રોધ કેવીરીતે પનપે અને તેનો ઈન્ટૅન્સિફિકેશન્ કેવીરીતે થાય તેનો ઍન્ટિડોઝ શું છે? વગેરે વગેરે કાલે તમને બતાવ્યું.

એક વાત ધ્યાન આપવાની છે કે માઁને બાળક સૌથી પહેલા વિષય તરીકે ઓળખે. કેમકે તેની સાથે પ્રથમ ઈન્ટરૅક્શન્માં ઈન્વૉલ્વ્ થાય છે. અને માઁના વિસ્-અ-વિસ્ તેનો અહં કન્ફર્મ્ થાય છે. હવે એ નૅસેસરી કન્ડિશન્ નથી. જો સર્વેન્ટ્ કે આયા, આ રીતથી પાળતા હોય તો તેના વિસ્-અ-વિસ્ થઈ શકે છે. આમાં માઁ નૅસેસરી કન્ડિશન્ નથી પરંતુ ટૅન્ટેટિવલી કન્ડિશન્ છે. માઁ આના માટે પહેલો ઈન્ટરૅક્શન્નો પૉઈન્ટ્ હોય છે.

એ સંદર્ભમાં એક મજેદાર વાત બતાવું. પલનાનું બહુજ સુંદર પદ છે. **''વારી મેરે લટકન પગ ધરો છતિયાં''** એમાં મજેદાર ખેલ આવે છે, માઁ બાળકની સાથે ખેલે છે. ''યહ મેરી યહ તેરી યહ બાબા નન્દજુકી, યહ બલભદ્ર ભૈયાકી, યહ તાકી જો ઝુલાવે તેરો પલના.'' આ માઁ બાળકની સાથે કેવીરીતે ખેલે છે! બાળક ને જે વખતે આ વાત

સમજાવવામાં આવે કે આ આંગળી તારી છે, આ મારી છે. હવે બાળક કઇ આંગળી પકડે છે? જે પકડે છે તેના ઉપર બાળકનો કાંઇક-ને-કાંઇક પૉઇન્ટ્ ઑફ્ અટ્રૅક્શન્ થાય છે. કેમકે આપણે તેની સામે પાંચેય આંગળીઓ રાખી. હવે બાળક જે આંગળી પકડે તેનાથી બાળકનો ઇન્ટ્રેસ્ટ્ ક્યાં છે તે ટેસ્ટ્ થઇ શકે. (ચાઇલ્ડ્ સાયકોલોજીના હિસાબથી) કેટલી ખૂબસૂરત અને મીઠી વૅરાયટી છે કે બાળક પોતાની આંગળી પકડે કે મમ્મીની આંગળી પકડે કે પપ્પાની આંગળી પકડે અથવા જે પલના ઝુલાવી રહ્યો છે તેની પકડે?

આપણી સેવામાં કૃષ્ણનો ઈગો જગાવવાની પ્રક્રિયા અને આપણને કૃષ્ણલીલામાં ઈગો જગાવવાની પ્રક્રિયા કે ‘‘યહ તાકી જો ઝુલાવે તેરો પલના’’ આ તો સમકાલીન સંદર્ભમાં આવી રહેલી વાત છે. તો એકોર્ડિન્ગ્લી કૃષ્ણના અહંમાં ઠાકુરજીના અહંને મોલ્ડ્ કરવો અને આપણા અહંને એ કૃષ્ણલીલાના મૂડ્માં મોલ્ડ્ કરવો બહુ મીઠી પ્રક્રિયા છે.

જે આંગળી બાળક પકડે છે તેમાં બાળકનો ઇન્ટ્રેસ્ટ્ કોણ ગવર્ન્ કરી રહ્યો છે એ ખબર પડે. એ પ્રકારથી બાળકનો ઈગો કન્ફર્મ્ થાય છે. આપણા અહંને પનપવાની પ્રક્રિયા છે. બાળકની બાળપણથી આ પ્રકારથી રોલ્-મૉડેલ્ સિલૅક્ટ્ કરવાની પ્રક્રિયા છે. બાળક પોતાનો કયો રોલ્-મૉડેલ્ સિલેક્ટ્ કરે છે. આજ-કાલ રિવર્સલ્ ઑફ્ ઑર્ડર્ થઇ ગયો છે. આજની તારીખમાં પુષ્ટિમાર્ગમાં *આ મારી (ઠાકોરજીને ઠેંગો દેખાડીને) યે તેરી, યે બાબા ટ્રસ્ટીજુકી, યે મનોરથીકી, યે અધિકારીકી જો લાવે તેરે સબ ધંધા. વારી મેરે લટકન પગ ધરો છતિયાં.* અહંની વિકૃત પ્રક્રિયાના કારણે આ બધો ઉધમ થયો છે.

**(સ્વસ્થ અહંકારને માટે રોલ્-મૉડેલ્નું મહત્વ)**

પોતાનો રોલ્-મૉડેલ્ બાળક ફૅમિલીના એટ્મોસ્ફિયર્માં પસંદ કરે છે અને તે હિસાબથી પોતાનો ઈગો સંવારે છે. માઁ જ્યારે પોતાના બાળક સાથે આ પ્રકારથી ખેલતી હતી તે બાળકનો એ પ્રકારનો ઈગો સંવરતો હતો. આટલા માટેજ આપણે ત્યાં આ વાત કહેવામાં આવતી હતી કે

"યથા રાજા તથા પ્રજા". જેવા બાપ એવા બેટા, જેવા ગુરૂ એવા શિષ્ય વગેરે વાત કહેવામાં આવતી હતી તે આનાજ કારણે કહેવામાં આવતી હતી. કેમકે પ્રાચિન રોલ્-મૉડેલ્ હતા જે રોલ્-મૉડેલોને બનાવીને પોતાના ઈગોને લોકો સંવારતા હતા. આજની આપણી પરિસ્થિતિમાં આ બધી વિકેટ્ ડાઉન્ થઈ ગઈ છે. આજ-કાલ આપણા હીરો-હીરોઈન્ રોલ્-મૉડેલ્ છે, ક્રિકેટવાળા રોલ્-મૉડેલ્ છે. આમ રોલ્-મૉડેલ્ બદલાઈ ગયા તો આપણો ઈગો પણ એ રીતથી આપણે સંવારીએ છીએ. એ પ્રકારથી બાળક ઑટોસજેશન્ આપે છે. ઓવર્ એક્સપોજિશન્ના કારણે આખી સિચ્યુએશન્ બદલાઈ ગઈ છે. બાળક પહેલાં ફેમિલીમાં મોટો થતો હતો હવે ગ્લોબલાઈજેશન્ (વૈશ્વીકરણ)ના વાતાવરણમાં મોટો થઈ રહ્યો છે. રોલ્-મૉડેલ્ બદલી ગયા. પરંતુ આપણા અહંકારને ઘડવામાં રોલ્-મૉડેલ્નો મેજર્ રોલ્ છે. આપણે આપણો રોલ્-મૉડેલ્ કયો પસંદ કર્યો? આ વાત ખાસ ધ્યાન આપવાની છે. મોટાભાગે શું થાય છે કે જ્યારે આપણે કોઈ સ્વસ્થ રોલ્-મૉડેલ્ પસંદ કરીએ છીએ તો આપણો અહં સ્વસ્થ વિકસિત થાય છે. સત્યાસત્યના હિતાહિતના શુભાશુભના વિવેક વગર કોઈ જાતના વિજ્ઞાપનના પ્રમોશન્ના કારણે, તેના આકર્ષણના કારણે બાળકો કે મોટા લોકો પોતાનો રોલ્-મૉડેલ્ પસંદ કરી લે, તેના કારણે અહં પનપે છે તે સ્વસ્થ નથી થતો એ પ્રાયઃ અસ્વસ્થ જ થાય છે.

(ચાર્ટ જોઈને) આપણો રોલ્-મૉડેલ્ આ (બ્રાહ્મિકથી ગૃહઠાકુર) હતો અને આપણો ઈગો અહીં (ગૃહઠાકુરમાં) વિકસાવી રહ્યા છીએ. તેના રોલ્-મૉડેલ્થી મેં તમને બ્રાહ્મિક પારમાત્મિક ભાગવતી કાર્ષ્ણી અને ઘરના ઠાકુરનો જે રોલ્-મૉડેલ્ છે એ રોલ્-મૉડેલ્થી આપણો ઈગો વિકસાવીને, સજાવીને આપણો અહંકાર ઘડીએ. તેની એક સ્વસ્થતા અને હૅપ્હજાર્ડ્લી કોઈ એક્સિડેન્ટલ્ (આકસ્મિક) એટ્રેક્શન્ના કારણે આપણે આપણો રોલ્-મૉડેલ્ પસંદ કરી લીધો અને તેના હિસાબથી આપણો અહંકાર સંવારીએ સજાવીએ તો કાંઈક ને કાંઈક અસ્વસ્થતા આવવાની સંભાવના રહે છે. માણસ કે બાળક પોતાના અહંના કન્ફર્મેશન્ના કારણે આત્મવિશ્વાસથી ભરેલો હોય છે. જો કોઈ પરિસ્થિતિને કારણે અહંને

કન્ફર્મ્ ન કરી શક્યો હોય તો તેને કારણે તેનો સેલ્ફ્-કૉન્ફિડેન્સ્ ઓછો થાય છે. બાળપણમાં થતા લાલન-પાલનથી બાળકનો આત્મવિશ્વાસ ક્યારેક બૂસ્ટ્ થઈ જતો હોય અને ક્યારેક આત્મવિશ્વાસ લૂઝ કરી જાતો હોય. જેણે પોતાનો આત્મવિશ્વાસ લૂઝ કરી દીધો એનો અહંકાર કેવીરીતે વિકસિત થાય અને જેણે પોતાનો આત્મવિશ્વાસ બરાબર નિભાવી રાખ્યો છે તેનો પોતાનો અહંકાર કેવીરીતે વિકસિત થાય છે આ બધાનો પોતાના અહંના વિકાસમાં અને અહંની સ્વસ્થતા અને અસ્વસ્થતા ઉપર બહુ ઉંડો પ્રભાવ પડે છે.

એક પ્રસિદ્ધ જોક્ છે. એક ગામના મુખિયા હતા. તે ગામવાળાઓ માટે રોલ્-મૉડેલ્ હતા. એ સરપંચનો લાકડાનો પગ તુટી ગયો. એ યુવાન છોકરાની સામે ગંભીર સમસ્યા પેદા થઈ ગઈ. બગલ-ઘોડીથી એણે ચાલવાનું શરૂ કર્યું. એણે સારો કાબુ મેળવ્યો. એટલું જ નહીં પરંતુ તેણે રેસ્ લગાવવાનો, નાચવાનો કરતબ બતાવવો શરૂ કર્યો. ગામવાળાને લાગ્યું કે આ આપણો રોલ્-મૉડેલ્ છે. જેને પગ હતા તેઓ પણ બગલ-ઘોડી લગાવી-લગાવીને ચાલવાની પ્રેકટીસ્ કરવા લાગી ગયા. એકાદ જનરેશન્માં તો એ ફૅશન્ની જેમ ચાલ્યું. બીજા-ત્રીજા જનરેશન્માં બધાએ નૉર્મલ્ ચાલવાનુંજ છોડી દીધું, બધા બગલ-ઘોડીથી ચાલે. કોઈએ પૂછ્યું ‘‘આ પગ છે તો બગલ-ઘોડીથી શા માટે ચાલો?’’ તો બોલ્યા ‘‘અમારે ત્યાં પાપ લાગે પગથી ચાલીએ તો! પગથી ચાલીએ તો અહંકાર કહેવાય. બગલ-ઘોડીથી ચાલો તો સાચો દૈન્યભાવ.’’ એ પગ ક્યા? પુષ્ટિમાર્ગના. ગૃહસેવા અને નિત્યનિયમપૂર્વક ભાગવતકથા કરવી એ પોતાના પગ હતા. એ બગલ-ઘોડી કઈ? હવેલીના ઠાકોરજી, મહારાજ અને ભાગવત સપ્તાહ કરવાવાળા કથાવાચક. એમની બગલ-ઘોડી ઉપર આપણે ચાલવા માગીએ, નાચવા માગીએ. તો આપણો અહંકાર બગડી ગયો. આપણો અહંકાર સ્વસ્થ ન રહી ગયો. આપણે આપણા પગ છે. જેને પગ ન હોય તે આ રીતથી બગલ-ઘોડીથી ચાલે તો કોઈ જસ્ટિફિકેશન્ છે. પરંતુ ચાર-પાંચ જનરેશન્ આપણે બગલ-ઘોડીથી ચાલવાની આદત પાડી દીધી. હવે બધા કહે કે ઘરમાં સેવા ન કરવી. ઘરમાં

ભાગવત ન ભણવું. સપ્તાહ થાય ત્યારે સાંભળી લેવું. હવેલીમાં દર્શન કરી લેવા. એ બધું બગલ-ઘોડી ઉપર જ ચાલવું પરંતુ જેમના પગ છે તે પણ બગલ-ઘોડી ઉપર ચાલે આ એક જાતનો અસ્વસ્થ અહંનો વિકાસ થઈ ગયો. બહુ રિમાર્કેબલ્ (ધ્યાનમાં લેવાજેવી) કથા છે. આમ કેમ થયું? તેનું કારણ આપણે રોલ્-મૉડેલ્ ખોટો પસંદ કરી લીધો. કોઈની કમજોરી આપણો રોલ્-મૉડેલ્ ન હોવો જોઈએ.

એક મજેદાર જોક્ વાંચ્યો. કોઈ એક બાળક સાથે ટીચર્ લડી રહ્યો હતો. "તને ડ્રેસ્ પહેરવાની કોઈ તહજીબ નથી, આવા ભદ્દા-ભદ્દા ડ્રેસ્ પહેરે છે!" એણે કહ્યું, "સર્! ડ્રેસ્માં શું ખરાબી છે?" ટીચરે કહ્યું "જા તારા બાપને જો. કેટલો વેલ્ ડ્રેસ્-અપ્ હતો!" તો વિદ્યાર્થીએ કહ્યું કે "બાપનો તો શર્ટ્ પહેરીને આવ્યો છું". બાપનો શર્ટ્ પહેરીને બાળક આવ્યો તો રોલ્-મૉડેલ્ બાપને પસંદ કર્યો તેથી નહીં પરંતુ બાપે કઈ અવસ્થામાં કયો શર્ટ્ પહેર્યો હતો અને તું કઈ ઉંમરમાં કયો શર્ટ્ પહેરી રહ્યો છે? સત્યાસત્યના હિતાહિતના શુભાશુભના સુંદરઅસુંદરના વિવેક વગર રોલ્-મૉડેલ્ પસંદ કર્યો તેથી ઈગો અસ્વસ્થ થઈ ગયો. ખોટો રોલ્-મૉડેલ્ પસંદ કરવો આપણા અહંકારને વિકૃત બનાવવામાં હેતુ બને છે.

આના માટે આપણે ત્યાં બ્રાહ્મિક અહંકાર, પારમાત્મિક અહંકાર, ભાગવતી અહંકાર, કાષ્ણી અહંકાર, ઘરના ઠાકુરનો અહંકારને રોલ્-મૉડેલ્ બનાવીને પોતાના અહંકારને સજાવો તો તમારો અહંકાર એ મૂડ્માં સ્વસ્થ થઈ શકશે અને ફિક્સેશન્ (જડતા) વિનાનો થશે. જે વખતે આપણે તેની પસંદગી બરાબર ન કરી શકીએ તો આપણો અહંકાર અસ્વસ્થ થઈ જાય.

બીટલ્ એક પ્રસિદ્ધ સિન્ગર્-ચોકડી હતી. એની હેઅર્ સ્ટાઈલ્, એની ગિટાર્ વગાડવાની સ્ટાઈલ્નો ટ્રેન્ડ્ તે વખતે શરૂ થયો હતો. તેને કારણે ઘણાબધા યન્ગસ્ટર્નો રોલ્-મૉડેલ્ બની ગયો હતો. કેટલા એક્સટેન્ટ્ સુધી કે લોકો એ રીતથી નાચવા લાગી ગયા. એ રોલ્-મૉડેલ્ના કારણે વાળ કપડા બધું એના જેવું રાખવા લાગી ગયા. તેમાં એક બાળકને ખરેખર એવી ભ્રમણા થઈ ગઈ કે હું બીટલ્ છું. (તેનું નામ જ્હોન્ લૅનૉન્

હતું) બાળકે પોતાનો રોલ્-મૉડેલ્ બનાવીને પોતે-પોતાનામાં 'અહં બ્રહ્માસ્મિ' શરૂ કર્યું. હવે જે પૉપ્યુલરિટી, જે રેકગ્નિશન્ બીટલ્ને મળી તે આ બિચારાને રોલ્-મૉડેલ્ એડોપ્ટ્ કર્યા પછી પણ મળી નહીં. તો એક દિવસ ફ્રસ્ટ્રેશન્માં પોતાને ગોળી મારવાને બદલે તેણે જઈને બીટલ્ને ગોળી મારી દીધી. જ્યારે કેસ્ ચાલ્યો ત્યારે તેણે કબૂલ કર્યું કે મેં તેનું મર્ડર્ નહોતું કરવા ચાહ્યું હતું મેં તો સ્યુસાઈડ્ (આત્મહત્યા) કરવા ઈચ્છ્યું હતું. પરંતુ "અહં જ્હોન્ લૅનૉન્ અસ્મિ" થવાના કારણે પોતાના ઉપર ગોળી ચલાવવાના બદલે એ બિચારા ઉપર ગોળી ચલાવી દીધી. એનો કાંઈ ગુનો નહોતો.

સદસત્ના વિવેક વગર આપણે જ્યારે ખોટા રોલ્-મૉડેલ્ પસંદ કરી લઈએ તો સહજ આપણા અહંકારમાં દોષોની પ્રોગ્રેસ્ થવામાં એ મુખ્ય કારણ બને છે. આપણે અહંક્રિયામાં જઈશું તો આ દોષોના કેવા ફરદર્ ડૅવલપ્મૅન્ટ્ છે તે આગળ જોઈશું.

આપણને અહંનો રોલ્-મૉડેલ્ જરૂરી નથી કે સીધો બ્રાહ્મિકીથી જ શરૂ કરીએ પરંતુ આપણા ઘરના ઠાકુરના રોલ્-મૉડેલ્થી આપણે શરૂ કરીએ. ધીરે-ધીરે તેનો વિકાસ કરીએ છીએ. **"બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ"** (ભગ.ગીતા.૧૮/૫૪) ભગવાન પણ ગીતાજીમાં આજ્ઞા કરે છે **"યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ, તસ્ય અહં ન પ્રણશ્યામિ સચ મે ન પ્રણશ્યતિ"** (ભગ.ગીતા.૬/૩૦) તો તેના અહંને હું ક્યારેય ખતમ કે અસ્વસ્થ નહીં થવા દઉં. રાદર્ આ ઈમ્પ્લિકેશન્માંથી નિકળતો અર્થ છે.

આ બધી વાત આપણે મહાપ્રભુજીના વચનથી ટેલી કરીને જોઈશું. મહાપ્રભુની આજ્ઞા કરે છે **"અહંકારં ન કુર્વીત. કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના."** તો સર્વાત્મક કૃષ્ણમાં દીનભાવના કરવી. આ બધા ઉપદેશની પાછળ મહાપ્રભુજીનો મૅટાફિજિકલ્ અને સાયકૉલોજીકલ્ એપ્રોચ્ શું છે તે આપણે પોતે મહાપ્રભુજીના શબ્દોમાં, સુબોધિનીજીમાં જોવાનું છે.

## (ચિત્તનું સ્વરૂપ)

આમાં સૌથી પહેલાં ચિત્તનું બહુ મહત્વપૂર્ણ સ્વરૂપ મહાપ્રભુજી બતાવે છે. કાલે આ વાત કહી હતી કે પ્રકૃતિમાં પુરૂષનું પ્રતિબિંબ પડે છે અને પ્રતિબિંબની વાત ખોટી મેં નથી સમજાવી. પરંતુ પ્રતિબિંબને રાઈટ્ પરસ્પેક્ટિવ્માં નહીં સમજો તો ક્યારેક-ક્યારેક ગરબડ થઈ શકે છે.

કેમકે પ્રતિબિંબની સાથે એક અર્થ એવો પણ નિકળે છે કે મિથ્યા છે, સાચું નથી. અને કાચમાં જેમ આપણું પ્રતિબિંબ પડે, તે જોઈએ તો સાચા જેવું છે પરંતુ ત્યાં આપણી પ્રેજેન્સ્ નથી. પ્રેજેન્સ્ નથી અને પ્રેજેન્સ્ દેખાઈ રહી છે તો તે એજ્ ગુડ્ એજ્ ઈલ્યુઝન્ છે. આવો પણ પ્રતિબિંબનો અર્થ નિકળે છે એ અર્થ અવોઈડ્ કરવાનો છે.


પુષ્ટિમાર્ગીય સેન્સ્માં રૅક્ટિફાય્ કરવો હોય તો એક વાત ધ્યાનમાં લેવાની છે. જેમ પ્રતિબિંબનું આ સ્વરૂપ છે એવીજ રીતે; જેમ કૅમેરામાં પડી રહ્યું છે તો મિથ્યા નથી. ત્યાં હકીકતમાં આપણું રૂપ અને આકૃતિ પ્રકટ થઈ જાય છે. એ મિથ્યા નથી. દર્પણ એને કૅરી નથી કરતું, પેદા નથી કરતું પણ દેખાડે છે એટલા માટે દર્પણમાં ઈલ્યુઝન્ બને છે અને કૅમેરામાં તો આપણું રૂપ-આકૃતિ હકીકતમાં આવે છે આ અર્થમાં ઈલ્યુઝન્ નથી. પરંતુ આનાથી એક સક્ષમ ઉદાહરણ એ રીતથી સમજી શકીએ. પુરૂષોત્તમજીએ આ જ ઈશ્યુને 'પ્રસ્થાનરત્નાકર'માં આપ્યું છે. 'અયોગોલકન્યાયેન' એટલે જેમ એક લોઢાનો ગોળો છે, એ લોખંડના ગોળાની પાસે આગ આવે છે ત્યારે તે આગની ગરમી લોખંડમાં પેદા થઈ જાય. જેટલો ગરમ થતો જાય અલ્ટિમેટ્લી લોખંડનો ગોળો ખુદ આગ ન હોવા છતાં પણ આગની જેમ જલતો થઈ જાય છે. આપણા ચિત્ત અને પુરૂષને સમજાવવા માટે એકજેક્ટ્ આ એપ્રોપ્રિયેટ્ સિમિલી છે. ચિત્ત લોખંડનો ગોળો છે અને પુરૂષ આગ છે. અને તેની ક્લોઝનેસ્ના કારણે જે ગુણધર્મ છે તે ચિત્તમાં પ્રકટ થાય છે. આજની તારીખમાં આપણે આ વાતને આવીરીતે સમજી શકીએ જેમ ઈલેક્ટ્રિસિટીનો ગુણધર્મ છે કે જેટલા પણ ઈલેક્ટ્રિકલ્ ગૅજેટ્ (સાધન) હોય છે તેમાં પ્રકટ થાય છે, તેના

વગર એ ઈન્એક્ટિવ્ હોય છે. નહીં તો નૉન્-ફંક્શનિંગ્ હોય છે. એટલા માટે પુરૂષોત્તમજીએ અયોગોલકનું ઉદાહરણ આપ્યું છે.

પ્રતિબિંબ મિથ્યાના સેન્સ્માં નહીં પરંતુ આગની સામે લોખંડનો ગોળો આગના ગુણધર્મ લઈને આગના જેવો થઈ જાય તે પ્રકારથી ચિત્ત, ચૈતન્યના જેવું થઈ જાય છે. ચિત્ત ચિદંશ નથી થઈ જતું પરંતુ ચૈતન્યવાન્ થઈ જાય છે. આ વાતને અત્યારે પણ શરીરમાં સમજી શકીએ કે આપણા શરીરમાં ચેતના હોવાથી આખા શરીરમાં ચેતના જાય છે. અયોગોલકન્યાયથી જ આવી રહી છે પ્રતિબિંબન્યાયથી નથી આવી રહી. ચિત્ત જે વખતે ચેતનાવાન્ થઈ જાય છે, પુરૂષના સાનિધ્યના કારણે, તે વખતે ચિત્તમાં અહંકાર પેદા થાય છે. કાલે આ જ વાત સ્ટોરીના રૂપમાં બતાવી. આ જ વાત આજે થિયરીના રૂપમાં એક્સપ્લેન્ કરી રહ્યો છું.

ચિત્ત અને બુદ્ધિને બે ફિનોમિના(તથ્ય) માનીને નથી ચાલતા. ચિત્ત છે તે બુદ્ધિની એક એવી અવસ્થા છે કે આપણે જ્યાં અહંક્રિયાનો વિચાર કરશું તેમાં બુદ્ધિની વિભિન્ન અવસ્થાનો વિચાર કરશું. બુદ્ધિની કોઈ પ્રાઈમરી અવસ્થા ચિત્ત છે અને ચિત્તની કોઈ મૉડિફાઈડ્ અવસ્થા બુદ્ધિ છે. બુદ્ધિ અને ચિત્તનો અવસ્થાનો ડિફરેન્સ્ છે. ફિનોમિનાનો ડિફરેન્સ્ નથી. એક અવસ્થામાં ડૅવલપ્ થયા પછી ચિત્ત બુદ્ધિની જેમ ફંક્શન્ કરે છે. એ ફંક્શન્ બુદ્ધિ ન કરતી હોય તો પાછી ચિત્તની જેમ સબ્સાઈડ્ થઈ જાય. આ વાત મહાપ્રભુજી આગળ જઈને સમજાવી રહ્યા છે. તેથી તેનો સૅપરેટ્ એક્સપ્લેશન્ આપ્યો નથી.

મહાપ્રભુજીએ ચિત્તનું બહુજ સુંદર વર્ણન કર્યું છે. સૌથી પહેલાં ચિત્ત શું છે? **"વાસુદેવાવિર્ભાવસ્થાનત્વાત્"** (સુબો.૩/૨૬/૨૧) = આ ચિત્ત તો વાસુદેવના આવિર્ભાવનું સ્થાન છે. જન્મપ્રકરણમાં પણ જ્યાં ઠાકોરજી જન્મ્યા ત્યાંની સુબોધિનીજીમાં મહાપ્રભુજીએ ખુલાસો કર્યો છે કે ઠાકોરજી સૌથી પહેલાં દેવકીજીના ગર્ભમાં નથી આવ્યા પરંતુ વસુદેવજીના ચિત્તમાં પધાર્યા. ચિત્તમાં પધાર્યા તેથી દેવકીજીના ગર્ભમાં આવ્યા. પ્રથમ આવિર્ભાવનું સ્થાન ચિત્ત છે. તો સવાલ એ થયો કે વસુદેવ શું?




(ચાર્ટ જોઈને) આ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મમાં જે ચેતના છે એ ચેતનામાં પુરુષસમષ્ટિ પ્રકટ થાય છે. જે સમષ્ટિને આપણે યુનિવર્સલ્ કૉન્સિયસ્નેસ્ કહી. તેના વિષયમાં જ્યૂમ્ ઍડલરે ઘણુંબધું ડિસ્કશન્ કર્યું. તે આગળ કરશું. આપણે ત્યાંનો પ્રિન્સીપલ્ સમજી લો. અક્ષરબ્રહ્મની ચેતનામાંથી પુરુષ પ્રકટ થાય. એ ચેતનાને મહાપ્રભુજી 'વસુદેવ' કહી રહ્યા

છે. વસુદેવજીના ચિત્તમાં પ્રકટ્યા છે એટલા માટે 'વાસુદેવ' છે. ચિત્તનો ફિનોમિના છે તેમાં બધો (સમષ્ટિ)પુરૂષ પ્રતિબિંબિત થશે અને ચિત્તના જે પાર્ટસ્ છે તેમાં વ્યષ્ટિપુરૂષ અયોગોલકન્યાયથી આવિષ્ટ થશે. પહેલાં (પ્રકૃતિમાં) ત્યાં ગયો આવેશ. એ આવેશના કારણે તેમાં (પ્રકૃતિમાં) એક્ટિવિટી આવશે. એ એક્ટિવિટીના કારણે તેમાંથી (પ્રકૃતિમાંથી) ચિત્ત પેદા થયું. ચિત્ત પણ એજ પ્રકારથી પેદા થયું કે જેમાં એ (પુરૂષ) આવિષ્ટ થઈ શકે.

જેમ ઘણી વસ્તુ બૅડ્-કન્ડક્ટર્ હોય, ઘણી વસ્તુ ગુડ્-કન્ડક્ટર્ હોય. વિજળીનો તાર જો આપણે લાકડાને અડાડીએ તો તેમાં વિજળીનો આવેશ નહીં આવે. પરંતુ જો મૅટાલિક્ તાર હશે તેમાં તુરત વિજળીનો આવેશ આવી જાય છે. તામસ અને રાજસ સામે પણ હોય તો તે બૅડ્-કન્ડક્ટર્ થાય. તાર ઉપર પ્લાસ્ટિક લપેટી દઈએ તો પછી ત્યાં કરન્ટ્ ન લાગે. પરંતુ ત્યાં જરાક પણ પાણી પડ્યું અને તારને અડો તો ફરી પાછો કરન્ટ્ આવે છે કેમકે ગુડ્-કન્ડક્ટર્ છે. એમ સત્ત્વ પ્રકૃતિનો ગુણ ગુડ્કન્ડક્ટર્ હોવાના કારણે પુરૂષની ચેતનાનો આવેશ થાય છે. એ આવેશના કારણે ચિત્ત પ્રકટ થાય છે.

એ ચિત્તમાં ચેતનાનો આવેશ આવે છે તો તુરત અહંકાર પ્રકટ થઈ જાય. બાળકના જન્મમાં અને ગર્ભમાં પણ સેલ્ની અલગ અહંતા છે. પરંતુ બાળકનું ફિઝીયોલોજીકલ્ સ્ટ્રક્ચર્ છે તેમાં અહંતા તુરત ગર્ભસ્થ થતાંજ ન આવી જાય. એ તો ગર્ભમાં પાછો ઘણો બધો સમય લે છે. સેલ્વાળી માઈક્રો અહંતા તો દરેક સેલ્માં હોય છે. પરંતુ એ સેલ્નો આખો સંઘાત બન્યો છે, જે ઑર્ગેનિક્ સ્ટ્રક્ચર્ બન્યો છે એ સ્ટ્રક્ચર્માં પાછી અહંતા તુરત પ્રકટ નથી થતી. ગર્ભમાં આવ્યા પછી તેને બધા સ્પષ્ટ ખુલાસા નથી થતા કેમકે ગર્ભમાં બાળકને સાઉન્ડ્ સમજમાં આવતો હોય છે. કાંઈક જર્ક્, કમ્ફર્ટ્, ડિસ્કમ્ફર્ટ્ સમજમાં આવતા હોય છે. ગર્ભના વાતાવરણમાં એટલી બધી લાઈટ્ હોતી નથી તેથી સ્ટિમ્યુલેશન્ ઓછો થતો હતો. હવે તો બાળકના જનમતાજ લાઈટ્ એટલી વધારે હોય છે કે

બાળકની આંખમાં સ્ટિમ્યુલેશન્ વધારે થાય છે. અત્યારના બાળકને જનમતાંજ બધું દેખાવા લાગી જાય. બાળક જ્યારે આંખ ખોલે છે ત્યારે તેને અહં અને વિષયનો પ્રભેદ ધીરે-ધીરે સ્પષ્ટ થવા લાગે.

અહંકારનો જે [1]સત્ત્વ ફન્કશન્ હોય છે તેમાં [1]મન પેદા થાય છે. [2]રાજસ છે તેમાં [2]ઇન્દ્રિયના ફંક્શન્ પેદા થાય છે અને અહંકારનો જે [3]તામસ ફન્કશન્ હોય છે તેમાંથી [3]તન્માત્રાઓ પેદા થાય છે. મતલબ [1]ઇન્સ્ટ્રુમેન્ટ્ ઑફ્ સૅન્સેશન્ અને [2]સૅન્સેશન્ અને [3]અટૅન્શન્ આ ત્રણ ફન્કશન્ અહંકારમાં પેદા થાય છે.

## (ચિત્તનું આધિદૈવિકરૂપ)

મહાપ્રભુજી કહે છે **"વાસુદેવસ્ય આવિર્ભાવસ્થાનત્વાત્"** (સુબો.૩/૨૬/૨૧) = વાસુદેવના આવિર્ભાવનું સ્થાન ચિત્ત છે. **"વસુદેવે આવિર્ભવતિ ઇતિ 'વાસુદેવ':"** (ત્યાંજ) = વસુદેવમાં આવિર્ભૂત થતો હોય તેને 'વાસુદેવ' કહેવામાં આવે છે. કૃષ્ણલીલાના વસુદેવમાં જે વખતે આવિર્ભૂત થયા એ કૃષ્ણ 'વાસુદેવ' કહેવાયા. એમ ચિત્ત છે તે વસુદેવ છે. એમાં પુરૂષચેતના આવિષ્ટ થાય છે ત્યારે એ આવિષ્ટ ચેતનાનું નામ 'વાસુદેવ' છે. વસુદેવમાં આવિષ્ટ થવાના કારણે એ પુરૂષ ચેતના ચિત્તમાં જાય ત્યારે તેને 'વાસુદેવ' કહેવામાં આવે. મહાપ્રભુજી એક સરસ વાત કહે છે કે ચિત્તને 'વસુદેવ' શા માટે કહે છે? આનો ખુલાસો કરે છે કે ચિત્ત શુધ્ધ છે. પ્રકૃતિના પ્રોડક્ટ્માંથી કોઈ શુધ્ધતમ્ પ્રોડક્ટ્ હોય તો તે ચિત્ત છે. ચેતનાને માટે ગુડ્-કન્ડક્ટર્ હોય એવું વિશુધ્ધ સત્ત્વ છે અને એ સત્ત્વમાંથી પેદા થવાના કારણે ચિત્ત એકદમ સ્વચ્છ અને વિશુધ્ધ છે. તેથી વસુદેવ છે. **"તદેવ અસ્ય આધિદૈવિકં રૂપમ્"** (ત્યાંજ)=અને એ ચિત્તનું 'આધિદૈવિકરૂપ' કહેવાય.

## (ઉપાદેય સૃષ્ટિના ત્રણ પહેલુ-આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક)

ઉપાદાન સૃષ્ટિનું વર્ણન જોઈ લીધું. જેટલી પણ ઉપાદેય સૃષ્ટિ છે

આમાં ઉપાદેય અહંકાર પણ આવી જશે અને ઉપાદેય બુદ્ધિ મન અને બધો નામરૂપકર્મનો વિસ્તાર છે તે બધાને ઈન્કલૂડ્ કરીને ઉપાદેયમાં મહાપ્રભુજી ત્રણ ભેદ કરે છે. પ્રત્યેક ઉપાદેયનું કોઈ એક આધિદૈવિક રૂપ છે, પ્રત્યેક ઉપાદેયનું કોઈ એક આધ્યાત્મિક રૂપ છે અને પ્રત્યેક ઉપાદેયનું કોઈ એક આધિભૌતિક રૂપ છે. આપણે એમ સમજીએ છીએ કે ત્રણ ફિનોમિના છે. મહાપ્રભુજીનો મત એ નથી. મહાપ્રભુજીનો મત એ છે કે એકજ વસ્તુ જે પ્રકટ થઈ છે તેના ત્રણ પ્રકારના ફંક્શન્ કે રોલ્ છે. ત્રણ રીતથી એ ફંક્શન્ કરે છે. કાંઈક આધિભૌતિક રોલ્ કરે છે, કાંઈક આધ્યાત્મિક રોલ્ અદા કરે છે, કાંઈક આધિદૈવિક રોલ્ અદા કરે છે.


બેસિક્ ડિફરેન્સ્ શું? એ મહાપ્રભુજી બહુજ સુંદર સમજાવે છે. જે પણ કાંઈ ભૂત (જે પેદા થયું હોય તે) હોય, ભૂતથી રિલેટેડ્ 'ભૌતિક', પેદા થનારી દરેક વસ્તુ ભૌતિક. એ ભૌતિકમાં જે પણ કાંઈ ગુણધર્મ હોય એ 'આધિભૌતિક' કહેવામાં આવે. 'આધિ' શબ્દનો અર્થ થાય છે અંદર. 'આધિભૌતિક' એટલે ભૌતિકની અંદર જે કાંઈપણ હોય તે આધિભૌતિક. એમ આત્માથી રિલેટેડ્ હોય તે આત્મિક. એ આત્મિકની અંદર જે ક્રિયા-કલાપ હોય તે બધા આધ્યાત્મિક. (આધિ+આત્મિક) એમ દેવથી રિલેટેડ્ હોય તે 'દૈવિક'. તેમાં જે કાંઈ પણ હોય તે આધિદૈવિક.

આ આધિભૌતિક વસ્તુ પેદા થઈ છે તેના ત્રણ પહેલુ છે. ત્રણ પ્રકારના તેના કોશ છે. (ચાર્ટ બતાવતા) આધિભૌતિકની ભીતર આ આધ્યાત્મિક છે તેના ભીતર આ આધિદૈવિક છે. તો આધિદૈવિકનો જે શેપ્ છે તે આધિભૌતિક સુધી પ્રકટ થાય છે. પરંતુ દરઅસલ આ ઉદાહરણ પર્યાપ્ત નથી. તેનું કારણ શું? કેમકે આમાં આપણે ત્રણ વસ્તુ વાપરી રહ્યા છીએ તેથી ત્રણે વસ્તુઓ અલગ-અલગ છે. આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક એમાં ત્રણ હોવાનો ગુણધર્મ નથી પરંતુ એમાં ત્રણ પ્રકારનો કોશ થઈ જાય છે. આ પણ પાછો બાયોલોજીનો વિષય છે.

બાયોલોજીકલી આપણી ચામડીમાં એક આવરણ હોય છે. તેના ભીતર એક બીજું આવરણ હોય છે અને તેના ભીતર પણ બીજા

આવરણ હોય છે. એ ચામડી બે નથી ચામડી એક જ છે તે આ રીતથી કોશ બનીને કામ ચલાવી રહી છે. જેમ આંખની પલક એક આવરણ છે. પછી આંખની ઉપર, આંખની ભીતર ચામડી એક હોવા છતાં ત્રણ પ્રકારના રોલ્ અદા કરી રહી છે. જે બહારનો રોલ્ અદા કરી રહી છે તે ભૌતિક છે એના ભીતર જે અદા કરી રહી છે તે આત્મિક (આધ્યાત્મિક) છે એ લાઈવલીને કન્ટ્રોલ્ કરનારૂં ફેક્ટર્ છે તે આધિદૈવિક છે.

## ચાર્ટ–૯




(ચાર્ટ સમજાવતા) સાયટોપ્લાઝમ્‌ની જે મેમ્બ્રેન્ છે તે આધિભૌતિક છે. આ બધા (સાયટોપ્લાઝમ્) આધ્યાત્મિક છે. અને તેની ભીતર જે ન્યૂક્લિઅસ્ છે તે આધિદૈવિક છે. આ આખો પૅરેલલિજમ્ મહાપ્રભુજીએ સમજાવવા માગે છે કે **"વિચ્છિન્નતયા ન તિષ્ઠતિ અવિચ્છિન્નતયા તિષ્ઠતિ."** (ત.દી.નિ.૨/૧૦૧) = આ એકબીજાથી વિચ્છેદમાં અવસ્થિત નથી અવિચ્છિન્નતયા તિષ્ઠતિ છે. પરંતુ ખુદનું આવરણ પણ કરે છે એટલેકે સ્વાવરણની જે સિફ્ત છે તે બાયોલોજીકલ્ સેલ્‌માં છે. આપણામાં તો તોપણ ઘણી ઓછી છે. સ્નેલ્‌માં (ઘોંઘા) જુઓ તો સ્વાવરણની કેટલી સિફ્ત હોય છે. શાર્ક દાંત મારે તો પણ શૅલ્‌ની બોડી તુટે નહીં. ભીતરી સ્નેલ્‌ની ખોલીને આંગળી દબાવો તો પચકી જાય એટલી કમજોર હોય છે. કાચબાના પેટથી પણ વધારે નરમ હોય છે. બહારની સ્વાવરણની શૅલ્ તોડવી કેટલી કઠીન બની જાય છે. દાંતથી તુટી ન શકે. ખુદને ખુદથી આવૃત કરવું એ જે સિફ્ત છે કે આધિદૈવિકને આધ્યાત્મિક આવૃત કરે છે, આધ્યાત્મિકને આધિભૌતિક કોશ આવૃત કરે છે. એ ખુદને ખુદથી આવૃત કરે છે એ પ્રકારની સિફ્ત છે.

આ આપણે કેવીરીતે સમજી શકીએ? જેમ બટેટાવડાના ફિનોમિનામાં ઉપરનું આવરણ વેસણનું હોય છે. ભીતર બટેટા હોય. આ બે વસ્તુ થઈ ગઈ. પરંતુ બંને તળવાને કારણે એક-બીજાથી જોડાઈ જાય પરંતુ તત્ત્વતઃ અલગ-અલગ છે. પરંતુ બાટી કે બ્રેડ્ શેકીએ તેમાં બહારનું આવરણ કઠોર થઈ જાય અને ભીતર નરમ રહે. એ પ્રકારનો છે. એ ખુદને ખુદથી આવૃત કરી રહ્યું છે. તેમાં આવરણ કરવાવાળો બીજો કોઈ ફિનોમિના નથી. એક તત્ત્વ પેદા થયું છે તે ઈન્ટર્નલી આધિદૈવિક છે તેના ઉપર એક્સટર્નલ્ કવર્ આધ્યાત્મિક છે. તેના ઉપર એક્સટર્નલ્ શીટ્ આધિભૌતિકની છે. મહાપ્રભુજીના હિસાબથી આ આખું સ્વરૂપ છે. એ ચિત્ત મન અહંકારમાં પણ છે. મહાપ્રભુજીને તો આ બાબતમાં એટલો ઑબ્સેશન્ છે કે કોઈ વસ્તુ લાવો તો મહાપ્રભુજીને ત્રણ વસ્તુ જોવામાં આવેજ. એમની દૃષ્ટિની સિફત છે તેથી સિદ્ધાન્તમુક્તાવલીમાં ગંગાજીને આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક બતાવી દીધા. કૃષ્ણને પણ ત્રણ રીતે બતાવી દીધા. મહાપ્રભુજીની આ દૃષ્ટિ છે.

એટલા માટે ભગવાનનો ઉપદેશ છે

**“યો આધ્યાત્મિકોયં પુરૂષઃ સોऽસાવેવાધિદૈવિકઃ**
**યસ્તત્રોભયવિચ્છેદઃ સ સ્મૃતો હ્યાધિભૌતિકઃ”**

(ભાગ.પુરા.૨/૧૦/૮)

આ ઉપદેશને કારણે મહાપ્રભુજીને આ ઑબ્સેશન્ ડૅવલપ્ થયો. **“યો આધ્યાત્મિકો અયં પુરૂષઃ”** = જે આધ્યાત્મિક પુરૂષ છે તે જ આધિદૈવિક પુરૂષ છે. પરંતુ તેના ડિફરેન્સીએશન્ આપણને આધિભૌતિકને કારણે સમજમાં આવે છે. તેના કારણે એક જ ત્રણે વસ્તુ છે. તેના કારણે મહાપ્રભુજી કહે છે કે **“તત્રૈવ દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દૃશ્યતે ક્વચિત્, ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધયે. પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા જલે.”** (સિ.મુ.૭) ગંગાના પાણીમાં ગંગાની મૂર્તિ કાચબાની જેમ રહેતી હોય, એ મૉડેલ્ નથી. પરંતુ **“તત્રૈવ દેવતા મૂર્તિઃ”** =

ગંગાની દરેક બુંદમાં ગંગાદેવી છે. યમુનાની દરેક બુંદમાં યમુનાદેવી છે.

જ્યારે ચંદ્રમાં ઉપર આર્મસ્ટ્રોંગ્ ગયો ત્યારે માલવીય શાસ્ત્રીજી હતા એમને આપત્તિ આવી ગઈ. કેમકે ગીતામાં લખ્યું છે કે ગીતાના આટલા પાઠ કરો તો ચંદ્રલોક મળે. અમેરિકાવાળા અચાનક ત્યાં પહોંચી ગયા. તે વખતે અમેરિકાના પ્રૅસિડેન્ટ્ નિકસન્ હતા. માલવીજીએ પ્રોટેસ્ટ્ ટેલીગ્રામ મોકલ્યો કે 'આ અમારા શાસ્ત્રથી વર્જિત છે ગીતાના પાઠ કર્યા વગર ચંદ્રમા ઉપર જવું'' તેને (પ્રૅસિડેન્ટ્‌ને) બિચારાને સમજમાં ન આવ્યું તેથી તેણે ટેલીગ્રામનો જવાબ આપ્યો કે ''પ્રભુ તમારૂં સ્વાસ્થ્ય સારૂં રાખે!''

પછી શાસ્ત્રીજી પ્રસન્ન થઈ ગયા. મને આવીને દેખાડ્યું અને કહ્યું કે, ''અહીંના પ્રૅસિડેન્ટ્‌ને લખ્યું હોત તો જવાબ ન આપત. એમણે જવાબ આપ્યો.'' પરંતુ અમેરિકાવાળાને ખબર છે કે તમે પાગલ છો. અહીંયા વાળાને ખબર નથી કે તમે પાગલ છો. માલવીજીને ડર હતો કે ચંદ્રલોકમાં ચાલ્યા ગયા અને ચંદ્રદેવતા મળ્યા નહીં તો પછી નીચે હલ્લો મચાવશે કે ભારતીય શાસ્ત્ર બધા ખોટા છે તો પછી માલવીજીને પ્રવચનમાં શું જવાબ દેવો? પ્રોટેસ્ટ્‌નો મૂળ મુદ્દો આ હતો.

જે વખતે તેનસિંગ્ એવરેસ્ટ્ ચઢવા માગતો હતો તે વખતે પણ પંડિતોએ બહુ વિરોધ કર્યો કે એવરેસ્ટ્ ઉપર ચઢવું પાપ છે. કેમકે ચઢી ગયા અને ત્યાં શિવજી અને પાર્વતીજી ન દેખાણા તો આપણા શાસ્ત્રને જસ્ટીફાય્ કેવી રીતે કરવા? પ્રૉબ્લેમ્ ત્યાં આવી જાય તેથી પહેલાં જ પ્રૉટેસ્ટ્ લેટર્ મોકલવા શરૂ કરતા કે હિમાલય ચઢવો પાપ છે. આમ એમને ડર લાગતો હતો. અહંકારના કેટલા-કેટલા રોલ્ છે!

પરંતુ આમાં રહસ્ય સમજો કે ભારતીય દર્શનની દષ્ટિ છે, જેને આપણે 'થિયોલોજી' (દેવવિદ્યા) કહીએ છીએ. એ થિયોલોજીમાં દેવ ઘરમાં ભાડુત રહે એ રીતથી નથી રહેતા. એ તો જેમ બ્રેડ્‌નો ભીતરનો ભાગ અને બહારનો ભાગ એ રીતથી રહે છે. બ્રેડ્‌ની ભીતર શોધવા જશો કે આમાં દેવ ક્યાં છે? તો એ દેખાવાવાળો નથી. પ્રવાહથી અભેદબુદ્ધિ

હશે તો દેવ-દર્શન થશે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અભેદબુદ્ધિ ન હોવાને કારણે તેનો જે કન્ટ્રોલિંગ્ ફૅક્ટર્ છે તે આપણને દેખાતો નથી. આપણે તેને એનેલાઇઝ નથી કરી શકતા કે તેની તકલીફ શું છે.

મહાપ્રભુજીની થિયરી સમજો કે આધિદૈવિક આધ્યાત્મિક આધિભૌતિક આ ત્રણે ત્રણ પ્રકારના ફંક્શનલ્ રૂપ છે. તેમાં કોઈ ત્રણ જાતના મટીરિયલ્ વાપરવામાં નથી આવ્યા.

મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે **''તત્ર સદ્રૂપતામ્ આહ-સ્વચ્છમ્ અતિનિર્મલં, શાન્તં ચિદ્રૂપં, જ્ઞાનમેવ હિ શાન્તરૂપં, ભગવતઃ પુરૂષોત્તમસ્ય પદમ્ આનન્દરૂપમ્. એવં સચ્ચિદાનન્દરૂપમ્. સત્ત્વસ્ય સત્ત્વમ્''** (સુબો.૩/૨૬/૨૧) પ્રકૃતિનો સત્ત્વગુણ છે જેમાં આવેશ આવી રહ્યો છે એ સ્વચ્છ છે. સ્વચ્છ, ચૈતન્યને માટે ગુડ્-કન્ડક્ટર્ છે. રાજસ અને તામસ ગુણ અસ્વચ્છ છે તે આ માટે કે ચૈતન્યને માટે બૅડ્કન્ડક્ટર્ છે. **''તત્ ચિત્તં સર્વેષુ પ્રાણિસુ ચેતનારૂપેણ સ્થિતમ્''** (ત્યાંજ) દરેક પ્રાણીમાં ચેતનાના રૂપમાં આ (ચાર્ટમાં બતાવ્યો એમ) ચિત્ત સ્થિત છે. પુરૂષ તો તેમાં આવિષ્ટ થઈ ગયો. ચિત્તને ફાડીને જોશો તો પુરૂષ નહીં દેખાય. કેમકે પ્રૉબ્લેમ્ ચંદ્રમાં થઈ એ પ્રૉબ્લેમ્ બાયપાસ્ સર્જરીમાં પણ થઈ. હવે તો લોકો હાર્ટ્ ચીરીને જોઈ લે છે, તેને ટેબલ ઉપર રાખી દે છે, આત્મા તો ક્યાંય મળતો જ નથી.

આપણો કન્સૅપ્ટ્ શું છે? દરેક આધિભૌતિકમાં આધ્યાત્મિક છૂપાયેલું છે. દરેક આધ્યાત્મિકમાં તેનું આધિદૈવિક રૂપ છૂપાયેલું છે. બધું મળીને થ્રી-ઈન્-વન્ છે થ્રી નથી. આ આપણો આધિદૈવિક આધ્યાત્મિક અને આધિભૌતિકનું સ્વરૂપ છે. આટલા જ માટે પૃથ્વી ખોદીએ તો રામાયણની જેમ પૃથ્વી દેવી નથી નિકળતી. **''તત્રૈવ દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્''** (સિ.મુ.૭) એમને ભક્તિ હતી તેથી પૃથ્વી દેવી ત્યાં પ્રકટ થઈ. આપણને ભક્તિ નથી અને ખાલી ક્યુરિયોસિટી છે તો પૃથ્વીની દેવી પ્રકટ નહીં થાય પરંતુ પૃથ્વીના ભાટા પ્રકટ થશે. વધારે ખોદ્યું અને લાવારસ પ્રકટ થયો તો તમે બળી જશો. તો આવો ઉપદ્રવ કરવો શા

માટે? આપણા સિદ્ધાન્તનું સ્વરૂપ સમજો. **"તત્રૈવ દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્"** દેવતા જે આધિદૈવિક છે તે વસ્તુનો ઈનર્મોસ્ટ્ કોર્ છે. તેની મિડલ્લૅયર્ આધ્યાત્મિક છે અને તેનો એક્સ્ટર્નલ્ મૅમ્બ્રેન્સ્ છે તે આધિભૌતિક છે. પૃથ્વીમાં કેટલા બધા સ્ટ્રક્ચરલ્ ડિફરેન્સ્ છે પરંતુ એ બધું મળીને પૃથ્વી બે નથી પૃથ્વી એક છે. તે આપણું મૉડેલ્ છે. **"તત્ ચિત્તં સર્વેષુ પ્રાણિષુ ચેતનારૂપેણ સ્થિતમ્, તસ્ય ઉપાસનાર્થં નામાન્તરમ્ આહ યદ્ આહુર્ 'વાસુદેવા'ખ્યમ્ ઈતિ"** (ત્યાંજ) ચિત્તને આપણે વાસુદેવ કહી રહ્યા છીએ. તેને વાસુદેવ કેમ કહી રહ્યા છીએ? કેમકે તે ગુડ્કન્ડક્ટર્ છે આમાં કૉન્શિયસ્નેસ્ આવિષ્ટ થઈ શકે છે. ચિત્ત પણ વાસુદેવ છે. વાસુદેવ કેમ છે? મહાપ્રભુજી કહે છે **"વસુદેવશરીરત્વાદ્"** વાસુદેવનું શરીર બની જઈ રહ્યું છે આ ચિત્ત. **"વસુદેવાધારત્વાદ્ વા"** (ત્યાંજ) વાસુદેવનો આધાર બની રહ્યો છે. **"મહત્-તત્ત્વરૂપમેવ ચિત્તં, તેન મહદુત્પત્ત્યૈવ તસ્ય ઉત્પત્તિઃ ઉક્તા ઈતિ અર્થઃ"** (સુબો.૩/૨૬/૨૧) અહીં ચિત્ત કેમ કહી રહ્યા છે? મહત્=બુદ્ધિ. અહીં બુદ્ધિને ચિત્ત તરીકે રિફર્ કરીને કહી રહ્યા છે કે બુદ્ધિની આ પ્રાયમરી સ્ટેજ્ ચિત્ત છે અને ચિત્તની એડવાન્સ્ સ્ટેજ્ બુદ્ધિ છે. આટલા માટે બંનેના માટે કૉમન્ શબ્દ 'મહત્' છે. ચિત્ત અને બુદ્ધિ બંનેને રિફર્ કરે છે. જ્યારે મહત્ નથી બોલવું તો આપણે ચિત્ત અને બુદ્ધિને અલગ બોલશું. મહત્ અહંકાર પંચતન્માત્રા પંચમહાભૂત આમ બોલવામાં આવે. અને મન બુદ્ધિ અહંકાર ચિત્ત, કરણની વાત કરીએ ત્યારે ચારેયને ડિવાઈડ્ કરીને બોલીએ છીએ. આ આપણી ટર્મિનોલોજી છે.

### (અહંકારનું લક્ષણ)

આના પછી એ ચિત્તમાંથી અહંકાર પેદા થાય છે.

**"મહત્તત્ત્વાદ્ વિકુર્વાણાદ્ ભગવદ્વીર્યસમ્ભવાત્ ।**
**ક્રિયાશક્તિઃ અહંકારઃ ત્રિવિધઃ સમપદ્યત ।।**

(ભાગ.પુરા.૩/૨૬/૨૩)

મહત્ તત્ત્વ=ચિત્ત+બુદ્ધિ. 'મહત્' કહેવાથી બુદ્ધિ અને ચિત્ત બંને ઈન્કલુડ્ થઈ જાય છે. અને 'ચિત્ત' કહેવાથી બુદ્ધિ ઈન્કલુડ્ નથી થતી. તો મહત્ તત્ત્વ જે વખતે કાર્યોન્મુખ થાય છે, તેમાં કોઈ પ્રકારનું જામણ નાખ્યા પછી કાંઈક ખલલ આવે છે. એમ ચિત્તમાં જે વખતે પુરૂષ ચેતનાનો આવેશ આવે અને તેના કારણે કાંઈક ખળળ-ભળળ પેદા થાય છે. ચંદ્રમાના ઉગવાથી સમુદ્રમાં ભરતી આવે તે ફૅશન્થી.

## (અહંકારરૂપ કાર્યમાં કાલની ભૂમિકા)

**'વિકુર્વાણાત્'**ના પછી મહાપ્રભુજી કહી રહ્યા છે **''કાલેન હિ ગુણક્ષોભે વિકૃતં સત્કાર્યં ઉત્પાદયતિ''** (સુબો.૩/૨૬/૨૩) કાલના કારણે તેના ગુણોમાં ખળ-ભળી થાય છે. કોઈ પણ વસ્તુ; જેમ દૂધ કે પાણીને ગરમ કરવા રાખીએ તો નીચે જે ગરમ થાય તે ઉપર આવવા માગે છે. તો ઉપર હોય તેને નીચે જવું પડે છે.

એ મૅકેનિઝમ્ના ભીતરનો પ્રિન્સિપલ્ જુઓ. એ મૅકેનિઝમ્માં કોઈ પણ ફંક્શન્ બહાર પ્રકટ થતો હોય તેની ભીતર કોઈ એક એવો ફિનોમિના હોય છે. જેમ ક્વાર્ટસ્ હોય છે, કમાન હોય છે, બૅટ્રી હોય છે. તેમાં માઈક્રો ચેષ્ટા થતી હોય છે. એ માઈક્રો ચેષ્ટા ધીરે-ધીરે એનલાર્જ થતી-થતી મોટી થઈ જાય. ઘડીયાલની કમાનનો સિદ્ધાંત બહુ નાનકડો હતો. તેમાં કસાયેલી કમાન ધીરે-ધીરે ખુલે છે. કમાન ખુલે તેથી તે કાંટાને ચલાવે. આ કાંટો બીજાને ચલાવે. સેકન્ડ્નો કાંટો ભાગી રહેલો લાગે. તે એકદમ મૉશન્ રિવીલ્ થઈ જાય. ચેષ્ટા, ક્રિયા બની જાય અને એ ક્રિયાને ચેષ્ટારૂપ કમાન ખુલી રહી છે. આમ ક્વાર્ટર્સમાં કાંઈક ચેષ્ટા છે ક્રિયા નથી. ક્વાર્ટસ્ના કારણે જે ઘડીયાલ ચાલી રહી છે તેમાં ક્રિયા આપણને દેખાય છે. જેમ બૅટ્રીમાં ક્રિયા નથી પરંતુ કોઈ ચેષ્ટાને કારણે તેમાં ક્રિયા પ્રકટ થાય છે. માઈક્રોલેવલ્ ઉપર ચેષ્ટા પેદા થાય છે જે ચેષ્ટા ધીરે-ધીરે એક્શન્-રિએક્શન્ના પ્રિન્સીપલ્થી મૅકેનિકલ્ ફંક્શન્માં ફુલ્ફ્લેજ્ ડૅવલપ્ થઈ જાય છે.

પ્રભુની સૃષ્ટિની જે ચેષ્ટા છે તે મહાપ્રભુજી 'કાલ' તરીકે કહી રહ્યા

છે. એ ચેષ્ટા શરૂ થઈ તો એ ચક્કર તેને મૂવ્‌મૅન્ટ્‌માં લાવે છે. શરૂઆતમાં પ્રકૃતિ પુરૂષને મૂવ્‌મેન્ટ્‌માં લાવશે. તેના પછી ચિત્તને મૂવ્‌મેન્ટ્‌માં લાવશે. તેના પછી અહંકારને મૂવમેન્ટ્‌માં લાવશે. અને એ બધા ચક્કર ચાલવા લાગી જાય છે. નૅટ્‌ રિઝલ્ટ્‌માં આપણને લાગે કે સૂરજ ઉગી રહ્યો છે અને તારા ચાલી રહ્યા છે અને પૃથ્વી ચાલી રહી છે. ઘણીબધી ક્રિયાઓ છે. પરંતુ ચેષ્ટા કઈ છે? **"ચેષ્ટામ્‌ આહુ ચેષ્ટતે યસ્ય વિશ્વમ્‌"** (ભાગ.પુરા.૧૦/૩/૨૬) લાઈક્‌ એ ક્વાર્ટસ્‌. બ્રહ્મમાં રહેલી ચેષ્ટા છે તે બધા ક્રિયા-કલાપોનું મૂલ છે. એજ ચેષ્ટા કૉમ્પ્લેક્સ્‌ થતી થતી અહીં (ચાર્ટ) થઈ જાય. આપણે અહંકારના સંદર્ભમાં આજ પ્રકારથી વિચારવું પડશે. અહંકારની કોઈ ચેષ્ટા બ્રહ્મમાં પરમાત્મામાં ભગવાનમાં છે અને તે ચેષ્ટા આપણે ત્યાં ફુલ્‌ફ્લૅઝ ક્રિયાના રૂપમાં પ્રકટ થઈ રહી છે તેનાથી આપણી અહંક્રિયા સમજમાં આવે. પરંતુ યુનિવર્સલ્‌ અહંક્રિયા આપણને સમજમાં નહીં આવે. કેમ નહીં સમજમાં આવે? કલાકનો કાંટો ચાલતો સમજમાં આવે? મિનિટનો કાંટો થોડોક સમજમાં આવે પરંતુ અક્કલ વાપરીએ તો સમજમાં આવે. અહીંથી અહીંયા આવ્યો તેથી ચાલે છે. ચાલતો ક્યો કાંટો દેખાય છે? સેકન્ડ્‌નો કાંટો.

ચેષ્ટા એક્શન્‌માં પ્રકટ થાય છે ત્યારે દેખાવા લાગે છે. આટલા જ માટે મર્ડર્‌ની ચેષ્ટા અને મર્ડર્‌નું એક્શન્‌ તેમાં (આ બંનેમાં) કૉગ્નિજેબલ્‌ ક્રાઈમ્‌ એક્શન્‌માં વધારે સિવિયર્‌ થઈ જાય છે. ચેષ્ટા એટલી નથી હોતી. કેમકે ચેષ્ટા કરી રહ્યા હતા, કર્યું તો નહીં મર્ડર્‌! ચેષ્ટાનો અને ક્રિયાનો ડિફરૅન્સ્‌ સમજવાનો પ્રયાસ કરો. ચેષ્ટા બહુ માઈક્રો લેવલ્‌ ઉપર થાય છે અને એક્શન્‌ તેનો ફુલફ્લેજ્‌ ડૅવલપ્‌મૅન્ટ્‌ થઈ જાય છે. કાલ ચેષ્ટા છે. તેના કારણે તેમાં કાંઈક ખદ-બદ થવી શરૂ થાય છે. ત્યારે એમાં પાછી ક્રિયા પ્રકટ થઈ જાય.

મહાપ્રભુજીએ આ અહંકારના વિષયમાં સમજાવ્યું છે. **"કાલેન હિ ગુણક્ષોભે વિકૃતં સત્કાર્યમ્‌ ઉત્પાદયતિ. ન કેવલં વિકારમાત્રેણ."** (સુબો.૩/૨૬/૨૩) તે ઉપાદેય કાર્યનું ઉત્પાદન કરે. બ્રહ્મના આનંદના

પહેલુ સુધીનો કૉન્સેપ્ટ્ મહાપ્રભુજી બતાવી રહ્યા છે. ત્યાં (આનંદના પહેલુમાં) એ ચેષ્ટાના રૂપમાં છે, અહીં (અહંકારમાં) તે ક્રિયાના રૂપમાં પ્રકટ થઈ જશે. આ સિદ્ધાંત મહાપ્રભુજી બતાવે છે.

### (અહંકારરૂપ કાર્યમાં ભગવદ્વીર્યરૂપ શક્તિની કારણતા)

આટલા માટે મહાપ્રભુજી બોલીને પાછો રૅક્ટિફાય્ કરે છે. **"ન કેવલં વિકારમાત્રેણ કિન્તુ અન્તર્ભગવત્શક્તિરપિ સાર્વજનિકા અપેક્ષ્યતે"** (ત્યાંજ) જે પણ કાંઇ કાર્ય ઉત્પન્ન થઈ રહ્યું છે તેનું મટીરિયલ્ ઈન્ટર્પ્રિટેશન્ ફ્રૉમ્ એ ટુ ઝેડ્ મળશે. સ્પિરીચ્યુઅલ્ ઈન્ટર્પ્રિટેશન્ જોઈતું હોય તો એ ટુ ઝેડ્ મળશે. ડિવાઈન્ ઈન્ટર્પ્રિટેશન્ જોઈતું હોય તો પણ એ ટુ ઝેડ્ મળશે. કોઈ પણ ઈન્ટર્પ્રિટેશન્ ઉપર તમે સ્ટક્-અપ્ થઈ ગયા તો તમારી ખોપડીની ખરાબી છે.

### (ભૌતિક પદાર્થની ચેતનારૂપતા અને ચેતનની ભૌતિકરૂપતા)

આટલા જ માટે હું એક મજાકની વાત કરતો રહું. બર્ટ્રેંડ્ રસેલ્ની દાદી તેને ચીઢાવતી હતી જ્યારે તે ફિલોસૉફી ભણવા જતો હતો. એ કહેતી "'ફિલોસૉફી' શું છે? ગોરખધંધા છે." એવો મુહાવરો પણ છે કે ફિલોસૉફર્ હોય તે અડધો પાગલ હોય છે. ફિલોસૉફર્ દુનિયાને પૂરી પાગલ સમજે અને દુનિયા ફિલોસૉફર્ને અડધો પાગલ સમજે. પરંતુ ફિલોસૉફિકલ્ ટૉપિક્સ્ના અંતર્ગત તેની દાદી મજાક ઉડાવતી હતી. વ્હોટ્ ઈઝ મૅટર્?(ભૌતિક પદાર્થ) નેવર્ માઈન્ડ્. વ્હોટ્ ઈઝ માઈન્ડ્? (ચેતના) ડઝ નોટ્ મેટર્.

આ રિમાર્કથી રસેલ્ને ટીઝ્ કરવામાં આવ્યો તેની અહંતા એટલી બૂસ્ટ્ થઈ ગઈ. "માઈન્ડ્ ઈઝ ઈમ્મટીરિઅલ્ એન્ડ મેટર્ ઈઝ નૉન્મેન્ટલ્" માટે તેણે ન્યુટ્રલમોનિઝમ્ની થિયરી પ્રસ્થાપિત કરી. દુનિયાની રિયાલિટી છે તે નાઈદર્ મૅન્ટલ્ નૉર મૅટર્ છે. દાદીની ટીજિંગ્ના કારણે ઈગો કૉન્સોલિડેટ્ થઈ ગયો. રસેલે અભૌતિક અનાત્મિક અદ્વૈતવાદનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. દુનિયામાં ભૌતિક આત્મિક વસ્તુ નથી. કોઈ પણ મૅટર્નો તે મૅન્ટલ્ એક્સ્પ્લેશન્ આપી દેતો હતો. મેટર્ના

કોઈપણ સ્વરૂપ ડેટા તરીકે પ્રસ્તુત કરો અને એવી લૉજિક્ ઉભી કરી.

ઉદાહરણથી સમજમાં આવશે. આ ટેબલ છે. રસેલ્ શું કહે છે? ટેબલ=શું? અ શેપ્, અ સાઈઝ, અ કલર્? એ બધા મૅન્ટલ્ પરસેપ્શન્ છે. એ બધાને ગાયબ કરો પછી ટેબલ બતાવો. માઈન્ડ્ના જેટલા પણ ફંક્શન્ છે એ બધાની મટીરિયલ્ વ્યાખ્યા કરી દઈએ. જેમ આજે પણ ડૉક્ટર્ લોકો કહી રહ્યા છે કે ટેસ્ટોરોન્ એસ્ટ્રોજન એન્ડ્રોફિનના કેટલાક આ કૅમિકલ્ સિક્રેશનથી કામ પેદા થાય, એમ બધી મટીરિયલ્ વ્યાખ્યા થઈ જશે. જેટલાં પણ બૌદ્ધિક ફંક્શન્ છે તેની કૅમિકલ્ વ્યાખ્યા થઈ શકે છે. એ તો મટીરિયલ્ થઈ ગયા. આ મૅન્ટલ્ થઈ ગયા. લેહાજા રસેલે કન્કલુઝન ડ્રો કર્યો. વ્હોટ ઈઝ મેટર્? નીવ માઈન્ડ્. એ તેની ફિલોસૉફી થઈ ગઈ.

આપણા મહાપ્રભુજીને પૂછો. એ શું કહી રહ્યા છે? તમે નૅગેટિવ્ કન્કલુઝન્ ડ્રૉ કર્યો. મહાપ્રભુજી કહી રહ્યા છે ''વ્હોટ ઈઝ મેટર? ઈટ ઈઝ મેન્ટલ. વ્હોટ ઈઝ માઈન્ડ? ઈટ ઈઝ મટીરિયીલ'' માઈન્ડ્= કૉન્શિયસ્નેસ્. માઈન્ડ્ અને મૅટર્ના ઈન્ટરૅક્શન્થી દુનિયા બની છે. આમાં માઈન્ડ્ મટીરિયલી એપિયર્ થશે અને મૅટર્ મૅન્ટલી એપિયર્ થશે. જ્યારે બંનેના ઈન્ટરેક્શન્થી બધી વસ્તુ પેદા થઈ છે તો તેમાં બંને વસ્તુ રહેશે. તેનું બંને રીતથી વ્યાખ્યાન થઈ શકશે. સિન્ગલ્-આઉટ્ કરીને કહો કે ન માઈન્ડ્ છે ન મૅટર્ છે. મહાપ્રભુજી કહે છે કે પૉઝિટીવ્ એપ્રોચ્ રાખો. બંનેજ છે. મૅટર્ મૅન્ટલ્ છે અને માઈન્ડ્ મટીરિયલ્ છે. તે આપણે આજે પણ જોઈ શકીએ છીએ. બાય્પાસ્ સર્જરી થઈ જાય તો પણ માઈન્ડ્ છે. કૅમિકલ્ સિક્રેશન્ થઈ જાય તો  પણ મૅટર્ છે.

### (નાઈટ્રોજન્ચક્રમાં આત્માનું પ્રાકટ્ય)

મૅટર્ માઈન્ડ્ની તરફ; દરઅસલ, આપણે આપણી મૉડલિટીનો ક્યારેય વિચાર ન કર્યો. **''તદ્ યથા પંચમ્યામ્ આહુઃ''** શું પ્રોસેસ્ છે એ અમને બતાવો. જે પ્રોસેસ્ને કારણે ગર્ભસ્થ શિશુમાં આત્મા આવી રહી છે. એ પ્રોસેસ્ને ઉપનિષદે એક્સપ્લેન્ કેવી રીતે કરી છે? સૌથી પહેલાં

આત્મા વરસાદમાં વરસે છે, જમીનમાં જાય છે, અનાજ બને છે, અનાજ બનીને મોઢામાં જાય છે, પછી શરીરમાં જાય છે, પછી વીર્ય બને છે, વીર્ય બનીને સ્ત્રીમાં જાય છે અને ત્યાંથી એ જન્મે છે. આમાં આત્મા ક્યાં આવી બતાવો! સ્ટાર્ટ્ પૉઈન્ટ્ ક્યાંથી છે? વરસાદથી. આત્માએ એન્ટ્રી ક્યાંથી લીધી છે? વરસાદથી. આપણે હાર્ટનું બાયપાસ્ કરીને જોઈશું કે આમાં આત્મા ક્યાં છે તે બતાવો. આટલા માટે આત્મા નથી. મૉડેલિટી સમજો બરાબર. આત્મા વરસાદના પાણીથી પૃથ્વીમાં આવી છે. ઉપનિષદ્ કહે છે કે નાઈટ્રોજન્‌ની સાઈકલ્‌માં આત્મા પ્રકટ થઈ રહી છે.

ફળમાં મચ્છર ઘુસ્યો એમ શરીરમાં આત્મા ઘુસશે અને હાર્ટ્ ખોલીને જોયું અને આત્મા મળી નહીં, ત્યારે આપણે નાસ્તિક થઈ ગયા. કેવીરીતે આત્મા આવી રહી છે તેમાં આપણું ઉપનિષદ્ શું કહી રહ્યું છે? જુઓ, તે આમાં (પ્રકૃતિમાં) આવિષ્ટ થઈ રહ્યો છે. તે આવિષ્ટ થઈને અહીં (ચિત્તમાં) આવી રહ્યો છે. અહીં (ચિત્તમાં) આવીને એ બધું બની રહ્યો છે. આમાં આ પ્રોસેસ્‌થી આત્મા રહી રહી છે. તેનું આપણે અલગથી પ્રૂફ ક્યાંથી લાવશું. અલગથી પ્રૂફ તો આવશે નહીં ને! આપણને પ્રૂફની ચિંતા થઈ જાય.

એક ગામઠી માણસ અચાનક મુંબઈ આવ્યો તેણે જોયું ઘરડી સ્ત્રી લિફ્ટ્‌માં ઉપર ગઈ અને એક જુવાન છોકરી નીચે આવી. એણે કહ્યું ''આ સારૂં મશીન છે ઘરડાને જુવાન કરવાનું. હમણાં ગામડેથી મારી સ્ત્રીને લઈ આવું.'' અરે! આ કોઈ લિફ્ટ્ ઘરડીને જુવાન કરવાનું મશીન નથી. તમારી સમજમાં ખોટ છે. એમ કોઈ જુવાન થઈ જશે! ગામડીયાપણું છે આ. અને આપણે પ્રૂફ્ માગી રહ્યા છીએ. તેની જરૂરત નથી. ઈશ્વરનું પ્રૂફ્ ક્યાંથી લાવશું આ સ્થિતિમાં.

**(સર્વભવનસામર્થ્યરૂપા એકમાત્ર ભગવત્‌શક્તિ જ નિયત)**

ઈશ્વરનું પ્રૂફ્ અલગ ક્યાંથી આવી શકે છે? જ્યારે ઈશ્વર આનાથી અલગ જ ન હોય. આ જગત્ બન્યો છે તે ઈશ્વરજ તો બન્યો છે. જગત્ છે તો ઈશ્વર છે. ઈશ્વર છે તો જગત્ છે. એ તો એકજ ફિનોમિનાના બે

પહેલુ છે. આધિદૈવિક સ્વરૂપ છે એમાં એબ્સોલ્યુટલી આપણી મૅન્ટલ્ ફ્રેમ્ સાફ હોવી જોઈએ કે મહાપ્રભુજીની શું થિયરી છે. જે છે તે વિકારમાત્રથી નહીં **"કિન્તુ અન્તર્ભગવદ્શક્તિરપિ સાર્વજનિકા અપેક્ષ્યતે. તદ્ આહ ભગવદ્વીર્યસમ્ભવાદ્ ઇતિ"** (સુબો.૩/૨૬/૨૩) 'ભગવદ્વીર્ય' એટલે ચેષ્ટાની કેટલીક પોટેન્શ્યાલિટી છે. મહાપ્રભુજી ત્યાં સુંદર આરગ્યુમૅનટ્ આપી રહ્યા છે **"નહિ જલે મથ્યમાને તત્ર અવિદ્યમાનં ધૃતમ્ ઉત્પદ્યતે"** (ત્યાંજ) એક જલનું તપેલું લઈને દિવસભર મથતા રહો તો જલના મથવાથી કોઈ માખણ પેદા થશે? માખણ ક્યાં પેદા થશે? જ્યાં માખણ હશે. દૂધને દશ મિનિટ પણ મથશો તો માખણ પેદા થઇ જશે. **"નહિ જલે મથ્યમાને તત્ર અવિદ્યમાનં ધૃતમ્ ઉત્પદ્યતે કિન્તુ દુગ્ધે દધ્નિ વા"** (ત્યાંજ) ઘણીજ સારી સારી વાતો મહાપ્રભુજીએ અહીં સમજાવી છે. ઈન્ બ્રીફ્ મહાપ્રભુજી એક વાત કહી રહ્યા છે **"અચેતના હિ સર્વે નિયન્તું શક્યાઃ, ઈશ્વરએવ કેવલમ્ અનિયમ્યઃ"** (ત્યાંજ) જે ભૌતિક પહેલુ છે તેને આપણે વૉલેન્ટરી (એચ્છિક) કન્ટ્રોલ્માં લાવી શકીએ છીએ. ઈન્વૉલેન્ટરી (અનૈચ્છિક) પહેલુની પરાકાષ્ઠા છે ઈશ્વર તે આપણા કન્ટ્રોલ્માં ન આવે. તેને કન્ટ્રોલ્માં લેવું બહુ મુશ્કેલ કામ છે. એટલે જે આધિદૈવિક છે તેને કન્ટ્રોલ્માં લેવું, એ વૉલેન્ટરી ફંકશન્માં નથી આવતું. જેમ આપણે જોયું કે ઘણાબધા આપણા વૉલેન્ટરી નર્વસ્ સિસ્ટમ્થી ગવર્ન્ થતા ફંકશન્ છે તે આપણા વૉલેન્ટરી ફંકશનોથી ગવર્ન્ થઇ જાય છે પરંતુ જે ગવર્નિંગ્ (નિયામક) ફૅક્ટર્ છે તે આપણા વૉલેન્ટરી ફંકશનથી કંટ્રોલમાં નથી આવતા. આટલા માટે મહાપ્રભુજી કહે છે કે **"અતો ભગવદ્શક્તિર્ એકૈવ સર્વભવનરૂપા, પ્રતિનિયતા સમુદાયે, પ્રત્યેકં વા, યત્રએવ અવતિષ્ઠતે ભગવન્નિયમાત્"** (ત્યાંજ) આટલા માટે ભગવાનની પોટેન્શ્યાલિટી દરેક મૅટર્માં એનર્જીની જેમ અવેલેબલ્ છે; જેમ મૅટર્માં એનર્જી અવેલેબલ્ છે અને એ એનર્જી મૅટર્થી અલગ નથી. મૅટર્માં (દ્રવ્ય) પણ એજ એનર્જી (શક્તિ) છે. એમ ભગવાનની જે શક્તિ છે તે મૅટર્માં એનર્જીની જેમ રહી રહી છે. એ મૅટર્ ફંકશન્ કરી રહયો છે તે સમજી જાવ કે એનર્જી એકટીવેટ્ થઇ છે. નહીં તો એનર્જી કોઈ

ઈનરશિયામાં (જડતા) ગઈ છે.

**(અહંકારનું આધ્યાત્મિક લક્ષણ)**

હવે જુઓ જે અહંકારનું રૂપ આપણે લઈએ છીએ તે અહંકારને માટે મહાપ્રભુજી કહે છે કે અહંકાર ત્રિવિધ છે. એ ત્રિવિધતામાંથી ત્રિવિધ કાર્ય ઉત્પન્ન થઈ રહ્યા છેઃ તન્માત્રાઓ ઈન્દ્રિય અને મન. પરંતુ બેજિકલી અહંકાર ત્રિવિધ છે તે આપણે ત્રણ પ્રકોષ્ઠથી બતાવી રહ્યા છીએ. અહંકાર ત્રિવિધ હોવાના કારણે **"વૈકારિકઃ તેજસશ્ ચ તામસશ્ ચ યતો ભવઃ,"** **"વૈકારિકઃ સાત્વિકઃ".** (સુબો.૩/૨૬/૨૪) આ **'સાત્વિક'** જેને આપણે સફેદ બતાવી રહ્યા છીએ. **'તેજસ'** તે લાલ અને **'તામસ'** તે લીલો. આ બધું મેં તમને બતાવી દીધું કે આ કેમ સફેદ લાલ અને લીલો છે. **"આધ્યાત્મિકે ગુણાએવ સધર્માઃ લક્ષણાનિ"** (ત્યાંજ) આ ત્રિગુણાત્મક હોવું અહંકારનું આધ્યાત્મિક સ્વરૂપ છે કે આમાં ત્રણે ગુણ છે. અને આ અહંકારને માટે મહાપ્રભુજી એક વાત બીજી કહી રહ્યા છે કે પુરૂષ જે વખતે ચિત્તમાં આવિષ્ટ થયો અને ચિત્તમાં જ્ઞાનની પોટેન્શ્યાલિટી (અન્તર્નિહિત શક્તિ) રીયલાઈઝ (ક્રિયાન્વિત) થઈ એ રીયલાઈઝ થયા પછી ચિત્તમાંથી પેદા થતો અહંકાર કોગ્નેટિવ્ (જ્ઞાનાત્મક) ફિનોમિના ન હોઈને એકટીવ્ (ક્રિયાત્મક) ફિનોમિના છે. મતલબ હવે એ ચેષ્ટા અહીં એક્શન્નું રૂપ લઈ રહી છે. કાલે મેં આટલા માટેજ બતાવ્યું હતું 'સૅન્સિટિવિટી' અને 'સૅન્સેશન્'. સૅન્સેશન્ એક્શન્ને ઈન્વૉલ્વ્ કરે છે. સૅન્સિટિવિટી એક્શન્ને ઈન્વૉલ્વ્ નથી કરતી.

અહીં મોશન્ હવે સ્ટાર્ટ્ થઈ રહ્યો છે. એ ક્વાટ્ર્સની જેમ ન રહી ગયો; પરંતુ એ ક્વાટ્ર્સના કારણે પેદા થઈ રહેલ જે મોશન્ છે તે હવે અહીં પ્રકટ થવા શરૂ થયા **"મનસઃ ચ ઈન્દ્રિયાણાં ચ ભૂતાનાં મહતામપિ"** (ભાગ.પુરા.૩/૨૬/૨૪) 'મહતાં' મતલબ તન્માત્રાણામ્. તે આ અહંકારના કાર્ય છે. અહંકારનું સ્વરૂપ શું છે? આધ્યાત્મિક. એ ત્રિવિધ છે. ત્રિવિધ=ત્રણ પ્રકારની ક્રિયા કરવામાં સક્ષમ છે. સાત્ત્વિકી ક્રિયા, રાજસી ક્રિયા અને તામસી ક્રિયા; અને તે ત્રણ પ્રકારની ક્રિયા કરવામાં સક્ષમ

અહંકારના કાર્ય શું છે? મન ઈન્દ્રિય અને તન્માત્રા.

### (અહંકારનું આધિદૈવિક લક્ષણ)

અને તેના પછી મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"આધિદૈવિકં લક્ષયતિ...સહસ્રશિરસં સાક્ષાદ્ યમ્ અનન્તં પ્રચક્ષતે, 'સંકર્ષણા'ખ્યં પુરૂષં ભૂતેન્દ્રિયમનોમયમ્"** (સુબો.૩/૨૬/૨૫) આ અહંકારને તમે આમ સમજો કે શેષનાગના હજાર ફેણ હોય. મેં આટલા માટે આપણા પ્રવચનના આરંભમાં તમને વાત બતાવી કે અહંકાર શું-શું રૂપ ન લઈ શકે! હવે તે આને સંસ્કૃતનો 'ફણ' સમજો કે 'ફન' સમજો. કે ઉર્દુનો 'ફન' સમજો. કે ત્રણે 'ફન' સમજો. ત્રણે જાતના 'ફન' છે અહંકારમાં. એક ઉર્દુનો 'ફન' અલગ હોય છે. ઉર્દુનો 'ફન' એટલે જેમ ફનકાર. ફનકાર એટલે આર્ટ્. આર્ટ્ પણ છે અને ટિસ્ટ્ પણ છે આમાં. તો ફન પણ છે અને ફણ પણ છે. સહસ્રશીર્ષ આ શેષનાગના જેવો અહંકાર છે કે જેમાં હજારો ફન હોઈ શકે છે. આ મહાપ્રભુજી કહી રહ્યા છે. હું નથી કહી રહ્યો. એમણે ફન શબ્દ નથી વાપર્યો. પરંતુ મહાપ્રભુજી બહુ ખૂબસૂરત આ વાતને કહે છે **"યથા પૂર્વં વાસુદેવઃ, તથા અત્ર સંકર્ષણઃ"** (ત્યાંજ) ચિત્તનું આધિદૈવિક રૂપ વાસુદેવ છે તો અહંકારનું આધિદૈવિક સ્વરૂપ સંકર્ષણ છે. વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ આ ચાર વ્યુહ છે. તે અહીં આધિદૈવિકરૂપમાં કેવીરીતે કામ કરે છે તે વાત મહાપ્રભુજી સમજાવી રહ્યા છે. પાછા ખોલતા જશો તો અહંકારની બાયપાસ્ હાર્ટસર્જરી કરશો તો કાંઈ મળશે નહીં હોં! હું આથીજ ખુલાશાથી કહી રહ્યો છું કે ન વાસુદેવ મળશે ન સંકર્ષણ મળશે ન પ્રદ્યુમ્ન મળશે ન અનિરૂદ્ધ મળશે. એ આઈડૅન્ટિટીને સમજશો તો ત્રણ રીતથી આ કામ કરી રહ્યો છે. કાંઈક સૅલ્ફ્-કન્ટ્રોલિંગ્ ફૅક્ટર્નું કામ કરી રહ્યો છે.

### (દ્વૈતવાદીની સમસ્યા)

આટલાજ માટે એક વાત ધ્યાનથી સમજવાની છે કે યુરોપનો જે કન્ફ્રન્ટેશન્ હતો સાયન્સ્નો થિયોલોજીની સાથે કે રિલિજીયન્ની સાથે તે કેમ થયો? તેની હીસ્ટ્રીમાં જશો તો જણાશે કે દરેક વખતે નાના-મોટા

દરેક પૉઈન્ટ્ સાયન્સ્ અને ધર્મ આપસમાં એક-બીજા સાથે ભયંકર સંઘર્ષમાં સામ-સામા આવી ગયા. તેના મોટા-મોટા ફની ઉદાહરણ ત્યાં છે.

જેમ સૌથી પહેલાં જિયોસેન્ટર્ના હેલિયોસેન્ટર્ સાથે ઝઘડો થયો કે સૂરજ કેન્દ્રમાં છે કે પૃથ્વી. અને ગેલેલીયોએ બિચારાએ કહી દીધું કે સૂર્ય કેન્દ્રમાં છે. તો પચાસ હંટર મારવાનો પોપે ઓર્ડર આપ્યો કે દર્રોજ આને પચાસ હંગર મારો. એક-બે હંટર ખાતાંજ તેની અક્કલ સુધરી ગઈ. એણે કહ્યું "જાવા દ્યોને, મારૂં શું જાય! પૃથ્વી કેન્દ્રમાં છે." યુરોપમાં બે પેઢી ન વીતી અને પોપને પોતાને કબૂલ કરવું પડ્યું કે સૂર્ય કેન્દ્રમાં છે. પછી કોઈએ પૂછ્યું "મહારાજ! તેને પચાસ હંટર કેમ માર્યા?" એણે કહ્યું "તમે નાસ્તિક લાગી રહ્યા છો! અહંકારી છો!" અમે કેમ નાસ્તિક? કુદડીમાં પ્લેસ્ બદલી જાય કે નહીં. પહેલા પોપે ના પાડી તે વખતે સૂર્ય કેન્દ્રમાં ન હતો, પૃથ્વી કેન્દ્રમાં હતી. હવે પોપે હા પાડી દીધી. હવે પૃથ્વી સરકી ગઈ પૃથ્વી પણ સમજદાર છે. હવે સૂર્ય કેન્દ્રમાં આવી ગયો. આવા-આવા કન્ફ્રન્ટેશન્ થયા. એટલે અહીં સુધી કે ઍનેસ્થેસીયા જે વખતે ડૅવલપ્ થયો તે વખતે પણ પાદરીઓએ તોબા મચાવી દીધી હતી કે જો પ્રસવમાં પીડા થવી પરમાત્માને અભિપ્રેત ન હોત તો પરમાત્માએ સ્ત્રી એવી બનાવી હોત કે જેમાં પીડારહિત પ્રસવ થાય. તેને તમે ઍનેસ્થેસીયા આપી રહ્યા છો આ પરમાત્માના સામર્થ્ય સાથે તમે ઝઘડો કરી રહ્યા છો. હવે તો જુઓ કેટલા ક્રિશ્ચઅનોએ મૅટરનિટી હોસ્પિટલ્ ખોલી દીધી! હવે પરમાત્માનું ઈન્સ્લ્ટ્ થયું કે ન થયું? આવી એક વાત નથી! બલ્બ બન્યો તે વખતે પણ જઘડો થયો કે પરમાત્માને રાતના અંધારામાં રાખવા ન હોત તો પરમાત્મા શું મૂરખ હતો કે તેણે દિવસમાં સૂરજ બનાવ્યો. અને તમે બલ્બ બનાવીને અજવાળુ શા માટે કર્યું? એડીશન સાથે પણ બહુ જઘડો થયો અને સૌથી મજેદાર સ્ટોરી બતાવું કે અમેરિકાના પ્રૅસિડેન્ટે રાતના ડિનર્ આપી. હવે પ્રૅસિડેન્ટ્ તો આવાજ હોય આખા ગામની ખટ-પટ રાખવાવાળા. તેણે પોતાના પ્રૅસિડેન્સીઅલ્ એડ્રેસ્માં કહ્યું કે આપણો અમેરિકા દેશ બહુજ આગળ વધી રહ્યો છે અને હવે એ દિવસ

બહુ દૂર નથી કે આપણે પક્ષીઓની જેમ આસમાનમાં ઉડવાનું શરૂ કરશું. ત્યાં પાદરી પણ ડિનર્માં આમંત્રિત હતો તો તુરત ઉભા થઈને ડિનર્માં પ્રોટેસ્ટ્ કર્યું. એમને ત્યાં ડિનર્માં એક સ્પીચ્ આપવામાં આવે પછી અથવા પહેલા. તો એ ડિનર્ની સ્પીચ્માં પાદરીએ પ્રોટેસ્ટ્ કર્યું. ''મિસ્ટર્ પ્રૅસિડેન્ટ્! આ જે તમે વિધાન કરી રહ્યા છો કે માણસ પક્ષીની જેમ ઉડવા લાગશે. આ વાત તમારી મને સહમત નથી કેમકે ભગવાનને જો માણસ પક્ષીની જેમ ઉડતો બનાવવો હોત તો ભગવાને માણસને પાંખ આપી હોત. (અમેરિકાના પ્રેસિડેન્ટ્ને આ સૌગંધ ખાવી પડે કે ગોડમાં બિલીફ઼ રાખીને આવું કરીશ.) વ્હૅન્ યુ હેવ ટેકન્ ઓથ ઑફ઼ ગૉડ્ યુ કૅન્ નૉટ્ પ્રોનાઉન્સ્ સચ્ એથિસ્ટીક્ સ્ટેટમેન્ટ્ (નાસ્તિક વાક્ય)''. પ્રૅસિડેન્ટ્ બિચારો ગભરાઈ ગયો. હવે તે પાદરીના છોકરાએ પહેલું પ્લેન્ બનાવ્યું. હવે ક્યાં જાય! ''દરિયામાં પડું મરી જાઉં!!'' આ પરિસ્થિતિ હતી. દરેક વાતમાં આટલો કન્ફ઼્રન્ટેશન્.

## (મહાપ્રભુજીની બ્રહ્મવાદી દૃષ્ટિ)

આનું ધીરજથી કારણ સમજો કેમકે તેઓ માને કે દુનિયા અહીં છે અને ભગવાન ત્યાં છે. આપણે ત્યાં આ કન્ફ઼્રન્ટેશન્ નથી થતો તેનું મૂળ કારણ આ છે કે ભગવાન ત્યાં પણ છે અહીં પણ છે, ભીતર પણ છે બહાર પણ છે. તેમાં કન્ફ઼્રન્ટેશન્નો સવાલ ક્યાં છે? કોઈ વસ્તુ કોઈપણ રીતે ફ઼ંક્શન્ કરી રહી છે તે ભગવાનના ફ઼ંક્શનજ તો છે. તેમાં બીજા ફ઼ંક્શન્ની જરૂરત શું છે? જો તમે વિમાનમાં ઉડી રહ્યા છો તો ભગવાનનું ફ઼ંક્શન્ છે. મહાપ્રભુજી આ જ આજ્ઞા કરી રહ્યા છે. **''યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્-યદ્ યથા યદા, સ્યાદ્ ઈદં ભગવાન્ સાક્ષાત્ પ્રધાનપુરૂષેશ્વરઃ''** (ત.દી.નિ.૧/૬૯) કાંઈપણ તમે ચમત્કાર કરીને બતાવો તેમાં આપણને આપણા જે પણ થિયોલૉજીકલ્ કન્સૅપ્ટ્ છે તેને શૉક્ નથી લાગતો. તેનું મૂળ કારણ શું છે? કેમકે આપણે માનીને ચાલીએ છીએ કે ભગવાન કોઈ સાતમા આસમાન ઉપર બેઠેલો અને નિગરાની રાખવાવાળો; ''બડા હી સી.આઈ.ડી. હે નીલી છત્રીવાલા'', આવો કોઈ

ભગવાન નથી. ભીતર બેઠેલા છે, બહાર બેઠેલા છે, બધી જગ્યાએ બેઠેલા છે. બધા રૂપોમાં તે છે. જ્યારે બધા રૂપમાં તે છે તો આપણે કોઈ વસ્તુને કોઈરીતે પણ પૂજ્ કરીએ તેમાં તેનીજ શક્તિ પ્રકટ થઈ રહી છે.

આપણે આ વાતને માનીને ચાલી રહ્યા છીએ અને તેનું સૌથી મોટું ઉદાહરણ યદ્યપિ એ ફની લાગે પરંતુ સમજવા લાયક વાત છે. જે વખતે ટી.વી. ઉપર રામાયણ આવતી હતી તો લોકો ટી.વી.ને પણ માળા પહેરાવતા હતા. અરૂણ ગોવિલ જેણે રામનું પાત્ર કર્યું તેને પણ માળા પહેરાવતા હતા. અને દીપિકા ચિખલિયા તો બિચારી વડોદરામાં સિગરેટ ફૂંકી રહી હતી તો બધા ગુસ્સે થઈ ગયા કે ''અરે સીતાજી થઈને તમે સિગરેટ ફૂંકો!'' ભાઈ! સીતાજી સિગરેટ નથી ફૂંકતી. દીપિકા ચિખલિયા સિગરેટ ફૂંકે છે. **''યત્ર યેન''** બધી જગ્યાએ ભગવાન જોવાની આપણી વૃત્તિ કેટલી પ્રબલ છે કે દીપિકા ચિખલિયામાં આપણને સીતાજી દેખાય છે. ટી.વી.માં આપણને પૂરી રામલીલા દેખાય છે. હવે ગુસાંઈઓમાં પુરૂષોત્તમ બેવકૂફોને દેખાતા હોય, તો તેમાં ગભરાવાની વાત નથી. પુરૂષોત્તમ દેખાશેજ ને! જ્યારે દીપિકા ચિખલિયામાં સીતાજી દેખાય અને અરૂણ ગોવિલમાં રામ દેખાય તો તમને બેવકૂફોને ગુસાંઈઓમાં પુરૂષોત્તમ દેખાય. પરંતુ આપણે ત્યાં કોઈ બેજ્ છે કે દરેક જગ્યાએ ભગવાન્ જોવા.

પરંતુ તકલીફ ક્યાં છે? અસ્વસ્થતા ક્યાં છે કે તમે ફક્ત ગુસાંઈઓમાં પુરૂષોત્તમ જુઓ અને પોતાનામાં પુરૂષોત્તમ ન જુઓ **''આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્''** (સિ.મુ.૧૬) ત્યાં તમે અડધો-પડધો નિયમ લાગુ કરો છો કેમકે તમારી ટેવ ખરાબ થઈ ગઈ છે. ખુદની પાસે તમારા પગ મૌજુદ છે છતાં પણ બૈસાખી લગાવીને ચાલવાની આદત પડી ગઈ. તમારો ઠાકુર મૌજુદ છે, તમારી ભક્તિ મૌજુદ છે. તમને લાગે કે કોઈ બીજા પાસે કરાવીએ ત્યારે કાંઈક થશે. બાકી થિયોરેટિકલી આપણે ત્યાં ગભરાવા જેવી કોઈ વાત છે જ નહીં. બધી જગ્યાએ પુરૂષોત્તમ છે. એક જગ્યાએ તેને કન્ફાઈન્ડ્ કરવો, આ ભ્રાન્તિ છે. આ રહસ્યને સમજો સરખી રીતથી.

## (અહંકારનું સ્વાભાવિક રૂપ)

આ વાત મહાપ્રભુજી કહે છે કે **''સ્વભાવતો અયં તામસઃ પ્રલયકર્તા ચ''** (સુબો.૩/૨૬/૨૫) આ સંકર્ષણ શું છે? આ તામસ છે. તામસનો મતલબ શું? તમોગુણ જો બુદ્ધિમાં પેદા થાય તો વસ્તુ એક્ટિવ્ થવાને બદલે ઈનર્શિયામાં ચાલી જાય. ઑલમોસ્ટ્ જે બ્લૅકહોલ્નો પ્રિન્સિપલ્ છે કે બધી વસ્તુને એબસોર્બ્ કરીને ઈનર્શિયા પેદા કરી દે. **''અહંકારેણ ઉત્પાદિતં નાશકમેવ''** (ત્યાંજ) એટલા માટે અહંકારથી કોઈ વસ્તુ પેદા કરી તો તે નાશનું જ સાધન થશે! હવે જુઓ અહીં કયા અહંકારની વાત કરી રહ્યા છે. **''અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્'' ''અહંકારેણ ઉત્પાદિતં નાશકમેવ. તસ્ય અનેકધા ઉત્પત્તિજ્ઞાપનાર્થં દેવતાયામ્ અનન્તાનિ શિરાંસિ નિરૂપયન્તે''** (ત્યાંજ) આ જ સંકર્ષણ દેવતા પણ છે, શેષ છે. શેષ સંકર્ષણ એકજ વસ્તુ છે. આ દેવતા છે. અને તેને દેવતા બતાવવા માટે અનન્ત શીર્ષ બતાવી રહ્યા છે. **''અતએવ અહંકારેણ કાલનિરૂપતિકર્માણિ સફલાનિ અનન્તાનિ.''** સફલ હોય છે તે ત્રણ જાતના છે. પહેલો આપણા અહંકારમાં કાંઈક [1]ઑબ્જેક્ટ્ જોવામાં આવે છે. કેટલાક અહંકારમાં આપણને [2]ઈન્સ્ટ્રુમેન્ટ્ જોવામાં આવે છે અને કેટલાક આપણા અહંકારમાં આપણને [3]એટૅન્શન્નો ફૅક્ટર્ જોવામાં આવે છે. તેથી તેના માટે તેના ત્રણ કારણ બતાવી રહ્યા છે કે [1]ઈન્દ્રિય [3]મન અને [2]તન્માત્રા, તે અહંકારના કાર્ય છે. તો આ પ્રકારથી અહંકારનું આ લક્ષણ બતાવ્યું.

## (અહંકારનું આધિભૌતિક લક્ષણ)

**''આધિભૌતિકં લક્ષયતિ''** (સુબો.૩/૨૬/૨૬) અહંકારનું આધિભૌતિક લક્ષણ શું છે? તો મહાપ્રભુજી બહુ સુંદર બતાવે છે **''કર્તૃત્વં કારણત્વં ચ કાર્યત્વં ચ ઈતિ લક્ષણમ્''** (ભાગ.પુરા.૩/૨૬/૨૬) અહંકારના આધિભૌતિક લક્ષણ ત્રણ છે. આધિદૈવિક લક્ષણ હતું કે તે સંકર્ષણ છે. આધ્યાત્મિક લક્ષણ હતું અહંકારનું કે તે રાજસ તામસ

સાત્ત્વિક ત્રિવિધ ક્રિયાત્મક છે. ત્રણ પ્રકારની ક્રિયાના મોશન્નો પ્રિન્સિપલ્ છે. તે તેનું આધ્યાત્મિક લક્ષણ છે. આધિભૌતિક લક્ષણ અહંકારનું શું છે? કે **"કર્તૃત્વં કારણત્વં ચ કાર્યત્વં ચ ઈતિ લક્ષણમ્"** તેમાં અહંકારના કારણે તમારામાં પોતાની ભીતર કતૃત્વનો બોધ થાય છે. અહંકારના કારણે તમને પોતાનામાં એમ લાગે છે કે હું આનું કારણ બની શકું કે મારાથી આ વસ્તુ પેદા થઈ શકે છે. અને અહંકારના કારણે તમારાથી કોઈ કાર્ય વસ્તુતઃ પેદા થાય પણ છે. આ ત્રણ તે કાર્યરૂપ અહંકારના લક્ષણ છે.

### ('કતૃત્વ' આધિભૌતિક અહંકારનું સાત્ત્વિક લક્ષણ)

તેમાં મહાપ્રભુજી કહે છે કે **"કર્તૃત્વં પ્રાણીષુ વિદ્યમાન અહંકારસ્ય સાત્ત્વિકસ્ય લક્ષણમ્"** (સુબો.૩/૨૬/૨૬) પ્રાણીમાં વિદ્યમાન અહંકારના સાત્ત્વિક પહેલૂનું લક્ષણ શું છે? તે કર્તા થઈ શકે છે આ તેનું સાત્ત્વિક લક્ષણ છે. મતલબ એક વાત ધ્યાનથી સમજો કે તમે ફક્ત ક્રિયાજ નથી. તમે કન્સોલિટેડ્ ક્રિયાને કરવાવાળા કર્તા પણ છો.

### (શું કર્તૃત્વ કે કર્તા, ક્રિયાનો સમાહાર છે?)

આ બહુ ડિસ્પ્યુટેડ્ ઈશ્યુ છે ફિલોસોફીમાં કે જે પણ કામ ચાલી રહ્યું છે તે કામ કર્તાના કારણે ચાલી રહ્યું છે કે કર્તા ફક્ત ક્રિયાનો લમ્-સમ્ હોલ્ છે. બુદ્ધ ભગવાન આમ કહે છે કે કર્તા નામનો કોઈ ફિનોમિના છે જ નહીં. મલ્ટિપલ્ મોશન્સ્નો એક સંઘાત છે તેનું એક યુનિટ બની જાય છે, તેને પોતાનામાં કર્તા માનવાનો એક ભ્રમ થાય છે. જેમ બુદ્ધના ઉદાહરણના હિસાબથી સમજાવી રહ્યો છું કે એક કારને ચાલવા માટે ફક્ત કારના મૅકેનિજમ્ના હિસાબથી વિચારો કે કેટલી ક્રિયાઓ ઉત્પન્ન થવી જોઈએ. જેમ ટાયર્ ગોળ ફરવું જોઈએ. પિસ્ટન્નું મુવમૅન્ટ્ થાય છે. પૅટ્રોલનું કમ્બશન્ થશે. આ બધી ક્રિયાઓનો સમાહાર ટોટલ્, દ હોલ્ ઑફ્ મલ્ટીપલ્ મોશન્સ્=કાર. હવે એક વાત ધ્યાનથી સમજો કે આ કાર કેમકે આપણે અહીં બેઠેલા છીએ, આપણે ચલાવી રહ્યા છીએ એટલા માટે આપણને લાગે કે કાર કર્તા નથી. પરંતુ સમજો કે ઉપરના લોકમાંથી કોઈ વ્યક્તિ ટૅલિસ્કોપ્ લગાવીને જુએ કે મરીન્-ડ્રાઈવ્ ઉપર કાર જ કાર

ઘુમી રહી છે તો તે શું વિચારશે? પૃથ્વી ઉપર અલગ-અલગ રંગના, અલગ-અલગ સાઈઝના, મોટા-મોટા જીવજંતુઓ ખદબદી રહ્યા છે. આવું લાગશે કે નહીં લાગે? તેને લાગશે કે કાર કોઇ વેહીકલ્ છે? આપણે પણ દૂરથી કોઈ વસ્તુને આવી રીતે ચાલતી જોઈએ તો શું સમજશું? જે રીતથી મલબાર હીલથી મરીન્-ડ્રાઈવ્ ઉપર કાર ચાલતી દેખાય તે રીતથી આપણને કોઈ વસ્તુ ખદબદતી દેખાય તો આપણે શું સમજશું કે ઘણાબધા જીવ-જંતુઓ ભરાઈ ગયા. તો તે એક્જૅક્ટ્ કર્તા છે કે ક્રિયાનો સમટોટલ્ કર્તા છે? આ ડિસ્પ્યુટેડ્ ઈશ્યુ રહેલો છે. તેમાં બુદ્ધ ભગવાને આ સ્ટૅન્ડ્ લીધું કે કર્તા જેવો કોઈ ફિનોમિના હોતો જ નથી. ક્રિયાનો સમ્ટોટલ્ છે તેમાં કર્તાની ભ્રાંતિ થાય છે.

મહાપ્રભુજી ઑલવેઝ બુદ્ધ ભગવાનની સામે ઉભા જ છે. નહીં નહીં નહીં!! આવી વાત નથી. કર્તા એક છે. કર્તા છે અને ક્રિયા પણ છે. રસેલ્ કહે છે કે માઈન્ડ્ના કારણે મૅટરને ગાયબ કરી દો અને મૅટર્ના કારણે માઈન્ડ્ને ગાયબ કરી દો!! મહાપ્રભુજી ઑલવેઝ પ્રોટેસ્ટ્ કરે છે કે નહીં નહીં!! કર્તાના કારણે ક્રિયા ગાયબ નહીં થાય. ક્રિયાના કારણે કર્તા ગાયબ નહીં થાય. ઉદાહરણ શું? કાર કર્તા હોય કે ન હોય, ઈન દ્ સૅન્સ્ ઑફ્ હ્યૂમન્ સાયકોલોજી. પરંતુ કાર ચાલવાની ક્રિયાનો જો કર્તા ન હોય તો તે બધી પ્રક્રિયા ડિસ્-ઑરગેનાઈજ્ડ્ (અનાયોજિત) થતી હોય તો કાર ચાલશે? તે બધી ક્રિયાઓ ક્યાંક ઑરગેનાઈજ્ડ્ વે (આયોજિત પ્રકાર)માં જે વખતે કાંઈક કરી રહી છે ત્યારે ચાલવાની ક્રિયા સમ્પન્ન થઈ રહી છે. એ ચાલવાની ક્રિયા તો કાર જ સમ્પન્ન કરી રહી છે અને તે ચાલવાની ક્રિયાના સમાહારના કારણે કારમાં એક કર્તૃત્વ પ્રકટ થાય છે.

આવીજ રીતે એગ્જેક્ટલી આપણામાં પણ ઘણીબધી ક્રિયાઓ કામ કરી રહી છે તે કારની તો કાંઇ ક્રિયા નથી પરંતુ; આપણા શરીરની ભીતર બત્રીશ ફંકશન્ માનવામાં આવે છે. મતલબ બ્લડ્-સર્ક્યુલેશન્ રૅસ્પિરેશન્ ડાયજેશન્ વગેરે. બત્રીશ ફંક્શન્ની ક્રિયાજ તો ચાલી રહી છે. તેમાં આપણે કર્તા કેવીરીતે કહેવાશું. એક ક્રિયા ડ્રૉપ્ થઈ અને ‘‘ચલન

ચહત કૃપાનિધાન'' થઈ જશે. બ્લડ્-સર્ક્યુલેશન્ ક્રિયા બંધ થઈ કે રૅસ્પિરેશન્ ગયું તો ''ચલન ચહત અબ કૃપાનિધાન'' થઈ જશે. બધી ક્રિયાનો સમાહાર થયા પછી આપણામાં કર્તૃત્વ પ્રકટ થઈ રહ્યું છે કે નહીં? થઈ રહ્યું છે તો ક્રિયાઓ ક્યાં પ્રકટ થઈ રહી છે? આનો તો ખુલાસો કરવો પડશે ને! જેમાં ક્રિયા પ્રકટ થઈ રહી છે એજ તો કર્તા છે. આટલા માટે પાણિનિએ બહુ સુંદર વાત સમજાવી **''સ્વતન્ત્રઃ કર્તા''** (પા.સૂ.૧/૪/૫૪) ''સ્વતન્ત્ર કર્તા''નો મતલબ શું? ઘણીબધી ક્રિયાઓ પોતાની મેળે ઑટોમેશન્માં ચાલી શકતી હોય તે ડિપૅન્ડેન્ટ્ થશે. એક-બીજા ઉપર મ્યુચ્યુઅલી ડિપૅન્ડેન્ટ્ થશે. કેમ મ્યુચ્યુઅલી ડિપૅન્ડેન્ટ્ થશે? સમજો કે રૅસ્પિરેશન્ સિસ્ટમ્ તમારી ડિસ્ટર્બ્ થઈ ગઈ તો બ્લડ્-સર્ક્યુલેશન્ બંધ થઈ જશે. તો ડાયજેશન્ બંધ થઈ જશે. ડાયજેશન્ બંધ થઈ જશે તો રૅસ્પિરેશન્ પણ અંતે બંધ થઈ જશે.

ક્રિયાઓ મોટાભાગે મ્યુચ્યુઅલી ડિપેન્ડેન્ટ્ છે. એક-બીજાપર નિર્ભર છે પરંતુ આમાં જે લેવલ્પર જઈને તમને પોતાનો ક્યાંય ઈન્ડિપેન્ડેન્સ્ સમજમાં આવી રહ્યો છે કે અચ્છા હું શ્વાસ લઈ શકું છું. હું પચાવી શકું છું. જાણે કે ન પચતું હોય; અમારે ત્યાં મોટા મંદિરમાં શું થતું હતું કે જે લોકો બિચારા ચાલવાના શોખીન હતા, તે સાંજના જમીને મોટા-મંદિરથી મરીન-ડ્રાઈવ્ સુધી ચાલતા, પરંતુ જે આટલે દૂર જાવાના શોખીન ન હતા તેઓ ભોજન પછી ગિરિરાજની પરિક્રમા કરતા. મુખ્ય સિધ્ધાંત શું? ગિરિરાજની પરિક્રમા નહીં, ડાયજેશન્ સુધરી જાય. રાતના ભોજન કર્યું અને ગિરિરાજની ભક્તિભાવથી પરિક્રમા! કોઈ પચાસ કરી રહ્યો છે, કોઈ એકસો આઠ કરી રહ્યો છે. આપણને લાગે કે બહુ ભાવુક ભક્ત છે. ભાવ-ભક્તિ કાંઈ નથી, ખાલી ડાયજેશન્નો પ્રિન્સિપલ્ છે. ભાઈ! બેઠા-બેઠા પચશે નહીં તો શું કરવું? ગિરિરાજની પરિક્રમા કરવી. ડાયજેશન્ તો થઈ જાય ને! **''સ્વતન્ત્રઃ કર્તાઃ''**! ડાયજેશન્ ડિપેન્ડેન્ટ્ છે. ગિરિરાજની પરિક્રમા કરીને ડાયજેશન્ કરવું આમાં એ ઈન્ડિપેન્ડન્ટ્ છે. ગિરિરાજની પરિક્રમા ગિરિરાજની ભક્તિથી કરે છે કે ડાયજેશન્ના માટે કરે છે? જે પાણિનિએ કહ્યું **''સ્વતન્ત્રઃ કર્તાઃ''** છે. પરતન્ત્ર છે

મ્યુચ્યુઅલી ડિપેન્ડેન્ટ્ છે એ 'ક્રિયા'.

મજેદાર વાત બતાવું તમને. જુનાગઢવાળા બેટીજીના વિવાહમાં હું ગયો હતો. ત્યાં બહુ ભીડ અને ક્યાંય પગ મુકવાની જગ્યા ન મળે. હું એક ઠેકાણે જઈને બેસી ગયો છાનોમાનો. પુરૂષોત્તમ કાકાજીની પાસે એક 'દેવી દ્વિજ' કરીને કવિ હતા. એ પણ બિચારો મારી જેમ પરેશાન હતો. અને રાતના બે-અઢી વાગી ગયા. શાદીનું પ્રકરણ ચાલતું રહ્યું. હું એક પસંદગીના ખુણામાં જઈને બેઠો કે હવે અહીં કોઈ તકલીફ નથી. દેવી દ્વિજે આવીને મને સાક્ષાત્ દંડવત્ કર્યા. મેં કહ્યું ''બહુ ભક્તિવાન છે વ્રજવાસી''. બે મિનિટ પાંચ મિનિટ ઉભોજ ન થયો! મેં કહ્યું ''ગયો લાગે છે આ તો!'' તો મને ગભરામણ થઈ. મેં જગાડ્યો. મેં કહ્યું ''ભાઈ દેવી દ્વિજ, તબિયત તો સારી છે ને!'' (તેણે કહ્યું) ''નહીં કૃપાનાથ તબિયત તો સારી છે પણ આપની સામે સૂવાનો અવિવેક કેમ કરી શકું. દંડવત્ તો કરી શકું ને!'' ''એકશન્ (ક્રિયા) સર્વાપિ સૈવાત્ર પરં ભાવો ન વિદ્યતે''. દંડવત્‌ની જ ક્રિયા પરંતુ દંડવત્‌નો ભાવ ન હતો. પણ બિચારો શું કરે, થાકી ગયો હતો તો સૂઈ ગયો. આ **''સ્વતન્ત્રઃ કર્તાઃ''** કર્તા ચાહે તેમ કરે. ''કરવાનું ય કરે, ન કરવાનું ય કરે. પુરૂષોત્તમ ચાહે સો કરે. બાલક સબ બ્રહ્મ જાનિયે'' આવું સોમાભાઈ કહેતા **''સ્વતન્ત્રઃ કર્તાઃ''** ક્રિયાઓ બધી એક-બીજા પર ડિપેન્ડેન્ટ્ છે. એ મ્યુચ્યુઅલી ડિપેન્ડેન્ટલ્ ક્રિયાઓમાં જ્યાં સ્વતન્ત્રતાનો એલિમૅન્ટ્ આવી રહ્યો છે તે એલિમૅન્ટ્‌નું નામ, તે ફૅસેટ્‌નું નામ 'કર્તા' છે અને તે કર્તામાં જ્યાં મ્યુચ્યુઅલી ડિપેન્ડેન્ટ્ ફંકશન્ પ્રકટ થઈ રહ્યા છે તે ફૅસેટ્‌નું નામ 'ક્રિયા' છે. તો અહંકાર કર્તા પણ છે અને અહંકારની ક્રિયા પણ છે. આ પ્રકારનું અહંકારનું સ્વરૂપ મહાપ્રભુજી સમજાવી રહ્યા છે. પરંતુ અહંકારમાં ફક્ત કર્તા અને ક્રિયા છે એટલું જ નહીં. અહંકારનું કાર્ય પણ છે. તે આપણે અહીં જોયું. મહાપ્રભુજીના હિસાબથી આ આખું સ્વરૂપ છે. આપણે ગ્રાફિકલી પણ જોયું. તમને કોઈ ડિફીકલ્ટી હોય તો તમે પૂછી શકો છો. ખેર! કોઈ પ્રશ્ન આવ્યો છે. તેને જોઈ લઈએ.

**પ્રશ્ન :** આપે 'ભાગવતી અહંક્રિયા'માં પુષ્ટિના સ્ટૅપ્‌માં ભક્તિ સમજાવી. તેમાં 'બાલબોધ'નો રેફરન્સ્ લીધો કે જે જે દેવતાના ભક્ત હોય તે દેવની ભક્તિ કરે. તો એ પુષ્ટિના અંતર્ગત ભક્તિ કરે તો કેવી રીતે સમજવું?

**જવાબ :** સૌથી મુખ્ય વાત આમાં એ છે કે મહાપ્રભુજીના ભાગવતના અથવા ગીતાના કોઈ પણ વચન અપ્રમાણ નથી. આ એક કથા. આ વિભૂતિઓના કોઈ પણ વચન અપ્રમાણ નથી, એ એક કથા છે. પરંતુ કોના માટે પ્રમાણ છે તે બીજી કથા છે. બે કથાઓને કન્ફ્યુઝ ન કરવી જોઈએ. વચન કોઈ પણ અપ્રમાણ નથી, પરંતુ વચન કોના માટે પ્રમાણ છે? જ્યારે આપણે અધિકારીનો વિવેક ન કરીએ ત્યારે તો એ જ કન્ફ્યુઝન પેદા કરી શકે. જ્યારે અધિકાર-વિવેક કરીએ, આટલા માટેજ ધર્મના અંગ બતાવ્યા; દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મ, એના વિવેકથી જે વખતે આપણે કોઈ પણ ક્રિયા કરીએ છીએ, તો તે ક્રિયા સ્પેસિફિકલી આપણા માટે 'ધર્મ' બને છે. **"ષડ્‌ભિઃ સંપદ્યતે ધર્મઃ"** (ત.દી.નિ.૨/૨૧૪) ધર્મ નામની કોઈ એક ક્રિયા એવી છે જ નહીં દુનિયામાં કે જે બધાને માટે ધર્મ હોય. એક ક્રિયા મને એવી બતાવો. હું એક ઉદાહરણના રૂપમાં આપને વાત કહું 'સાચું બોલવું'. એક ગુંડો નિરીહ(અસહાય) પ્રાણીની પાછળ મર્ડર્ કરવા પડ્યો છે. આપણે સાચું બોલશું કે તે અહીં છૂપાયું છે. ધર્મ છે કે અધર્મ? સાચું બોલવું ધર્મ છે પરંતુ એ ગુંડો એને મારી નાખવાનો છે તમારા સાચા બોલવાને કારણે તો તે મર્ડર્‌ના અપરાધી તમે પણ છો. તો સાચું બોલવું કોના માટે ધર્મ છે? ક્યારે ધર્મ છે? ક્યાં ધર્મ છે? કેવીરીતે ધર્મ છે? એ બધા ફૅક્ટર્સનું જ્યાં સુધી આપણે વિશ્લેષણ ન કરીએ ત્યાં સુધી પોતે પોતાનામાં કોઈ પણ ક્રિયા 'ધર્મ' નથી. મર્ડર્ અધર્મ છે પરંતુ દેશની સીમા ઉપર લડનારો સૈનિક જો આ સિદ્ધાંત માનીને ચાલે કે નહીં! મર્ડર્ તો અધર્મ છે, જે પણ ટેરરિસ્ટ્ આવે તેને આવવા દો, એમનું સ્વાગત છે. ભારત તો બધાનું સ્વાગત કરતું આવ્યું છે. ટેરરિસ્ટોનું પણ દિલથી સ્વાગત કરીએ. તો ધર્મ છે કે અધર્મ છે? અધર્મ થઈ ગયો. કોઈ પણ ક્રિયાનું એક્ઝામ્પલ્ લો. કોઈ

ક્રિયા દુનિયામાં એવી નથી કે જે ક્રિયા બધાને માટે બધી જગ્યાએ બધા હેતુથી ધર્મ જ હોય. જે પણ ક્રિયા ધર્મ છે તે એક સાધનથી કરવામાં આવે તો ધર્મ છે. બીજા સાધનથી કરવામાં આવે તો અધર્મ છે.

આ જે આજે ઈશ્યુ છે કે જેમ; સેવા એક ક્રિયા છે. તનુવિત્તજાથી કરો તો ધર્મ છે. તનુવિત્તજાના બાયફર્કેશન્‌થી કરો તો સેવા અધર્મ છે. એજ સેવા ઘરમાં કરો તો ધર્મ છે. ક્યાંક હવેલીઓમાં ભટકીને કરી રહ્યા છો તો અધર્મ છે. કોઈ મને એક ક્રિયા બતાવો એવી કે જે ક્રિયા બધાને માટે બધી જગ્યા સર્વત્ર ધર્મ હોય. આવી કોઈ ક્રિયા હોઈ જ ન શકે. હમણાં એક સામાન્ય વાત બતાવું. આપણે કહીએ કે મહાપ્રભુજીની વાણીનું અવગાહન પ્રત્યેક વૈષ્ણવને માટે ધર્મ છે. પરંતુ વલ્લભપંથીઓ શું કરે? સુબોધિનીજીનો પાઠ કરે પછી યુરિન્‌-આઉટ્‌પુટ્‌ શું આવ્યો? બ્લડ્‌-પ્રેશર્‌ ટેસ્ટ્‌ કરે કે કેટલું રહ્યું? હવે મહાપ્રભુજીની વાણીનો પાઠ કરીને યુરિન્‌-આઉટ્‌પુટ્‌ શું આવ્યો, સ્ટુલ્‌-આઉટ્‌પુટ્‌ શું આવ્યો અને બ્લડ્‌-પ્રેશર્‌ શું આવ્યું, આ ટેસ્ટ્‌ કરવું ધર્મ છે કે અધર્મ છે? આ હેતુથી કરી રહ્યા છો તો મહાપ્રભુજીની વાણીનો પાઠ અધર્મ છે. બેવકૂફ છે એટલા માટે કરતા રહે આવા ઉટપટાંગ કામ.

તો એક વાત સમજવાની છે કે કોઈ વસ્તુ ધર્મ છે કે અધર્મ છે. પોતે પોતાનામાં કોઈ ક્રિયાના આધારપર કોઈ કર્મ ન તો ધર્મ છે. એજ છરાથી કોઈનું પેટ ચીરવું અધર્મ છે અને એજ છરાથી કોઈનું ઑપરેશન્‌ કરવું ધર્મ છે. બોલો ધર્મ શું છે અધર્મ શું છે? તેનું માપદંડ ક્યારેય ક્રિયા હોઈ નથી શકતી. એવીજ રીતે જ્ઞાન શું છે? અજ્ઞાન શું છે? તેનું માપદંડ ક્યારેય પ્રમાણ નથી થઈ શકતું. કઈ વસ્તુ કોના માટે પ્રમાણ છે અને કઈ વસ્તુ કોના માટે પ્રમાણ નથી તેમાં કર્તા સાધન પ્રયોજન, આ બધાનો હોલિસ્ટિક્‌ એપ્રોચ્‌ જ્યાં-સુધી આપણે ન અપનાવીએ ત્યાં-સુધી આપણને નેટ્‌ કોઈ સાચો નિશ્ચય આપણને મળી નથી શકતો.

‘મુંબઈ મહારાષ્ટ્ર જાલા ચ પાઈજે’ આ દંગલ થયું હતું ત્યારે અમારા મોટા મંદિરમાં ચાંદી બજારને લૂંટવા ગુંડાઓ આવ્યા હતા. હવે

બહુ ભારે પ્રૉબ્લેમ્ થઇ ગઇ. કોઇ રીતે પત્થર મારી–મારીને બધાને ભગાડ્યા તે વખતે. ત્યારે પાછી થ્રેટનીંગ્/રૂમર એવી આવી રહી હતી કે તેઓ રાતના પાછા લૂંટવા આવશે તો મોટા મંદિરના બધા લોકોએ નક્કી કર્યું કે આખી રાત આપણે ચોકી–પહેરો દેશું. પહેરા માટે કેટલું પાસે રાખવું :એક સીટી બૅટરી અને ડંડો. ક્યાંય પણ કોઇ ગુંડા આવે તો બૅટરીથી જુઓ અને સીટી વગાડો. હવે આ ધર્મ હતો. એક ભાઇસાહેબે કોઇકના ઘરમાં બૅટરી કરીને જોવાનું શરૂ કર્યું. ઘરવાળાઓએ કહ્યું ‘‘શું કરો છો?’’ એણે કહ્યું ‘‘ગુંડો તો નથી આવ્યો જોઉં છું.’’ ‘‘અરે ભાઇ! ગુંડો આવશે તો હું બોલીશ કે તું બોલશે?’’ જે બૅટરી આપી હતી તે પહેરો ભરવા માટે આપી હતી કે કોઇના ઘરમાં લાઇટ્ ફેંકવા માટે આપી હતી? જબરદસ્તી કોઇના ઘરમાં બૅટરી કરીને જોઇ રહ્યા છો. તો બૅટરી ચલાવીને જોવું, જે ધર્મ છે તે અધર્મ થઇ ગયો કે નહીં. રાતના એટલો ઝઘડો થયો કે ખરેખર બધા લોકો જાગી ગયા કે ક્યાંક ગુંડા તો નથી આવી ગયા પાછા! પછી ખબર પડી કે કોઇ બહારના ગુંડા ન હતા ઘરના જ ગુંડાઓ બૅટરી કરીને જોઇ રહ્યા હતા કે ગુંડો તો નથી આવ્યો. તો કોઇ ક્રિયા કોઇ સાધન કોઇ પણ વસ્તુ, કર્તા કરણ સંપ્રદાન અપાદાન અધિકરણ કાલ દેશના વિવેક વગર ક્યારેય ધર્મ નથી હોઇ શકતો.

આ એક શિલાલેખ લખીને રાખો. જે પણ ધર્મ છે તે કોઇ દેશમાં, કોઇ કાલમાં, કોઇ કર્તાને માટે, કોઇ કારણથી, કોઇ પ્રયોજનથી, ક્યાંય ધર્મ છે એજ વસ્તુ ક્યાંક અધર્મ પણ હોઇ શકે છે. બાલબોધમાં આજ્ઞા કરી રહ્યા છે કે આવું ભજન કરો. એ વચન પરંતુ જેના માટે છે તેના માટે પ્રમાણ છે. આપણા માટે એ વચન તે અર્થમાં પ્રમાણ નથી. આ અર્થમાં પ્રમાણ છે. મહાપ્રભુજીનો દૃષ્ટિકોણ કેટલો ઉદાત્ત છે કે જેનું ભજન કરવા માગી રહ્યા છીએ તેનું ભજન કરવા દઇ રહ્યા છે. જેમ ગુસાંઇજીએ તુલસીદાસજીને કહી દીધું કે તમે કૃષ્ણના પદ ન ગાઓ. તમારા જેવા મારી પાસે ઘણા છે પરંતુ જેવું તમે રામનું ભજન કરો છો એવા દુનિયામાં કોઇ નથી. તેથી તમે રામનું ભજન કરો. એ ગુસાંઇજીની વિશાળતા હતી. એ વિશાળતાને સમજ્યા વગર આપણે ભળતી વાત સમજી જઇએ કે અહીં

કહી દીધું તો આપણા માટે ભજન છે. આપણા માટે એ ભજન નથી આ વાતને ધ્યાનથી સમજો. આજનું આપણે અહીં રાખીએ. કાલે આપણે થોડુંક કર્તાનું સિંહાવલોકન કરીને અને અહંક્રિયા ઉપર જશું. જે ઉપાદેય ક્રિયા આપણે અહીં સુધી મહાપ્રભુજીના (વચનથી) અને ગ્રાફિકલી આ બધા કન્સેપ્ટ્‌ને જોયા.

કાલે આપણે પુરૂષોત્તમથી કે પુરૂષોત્તમના અહંકારથી પુરૂષના અહંકાર સુધીની ડૅવલપમૅન્ટ્ના ગ્રાફિકલ્ ઈલસ્ટ્રેશન્ અને તેને ટેક્સટ્થી કેવીરીતે ટૅલી કરવું તે જોયું. મૂલમાં આમાં સમજવાની વાત એ હતી. (ચાર્ટ બતાવતા) આ જે પુરૂષોત્તમ છે આને આપણે 'અક્ષર-શરીરી' પણ કહી શકીએ. કેમકે જે સાયટોપ્લાઝ્મ્ બતાવ્યો તેની ભીતર પુરૂષોત્તમ છે. એ (અક્ષર) તેના (પુરૂષોત્તમના) શરીરની જેમ છે. તો 'પુરૂષોત્તમશરીર' (અક્ષરને) (પુરૂષોત્તમ=શરીરી) કહી શકીએ અને આના કૉન્ટ્રાસ્ટ્માં જો પુરૂષનો કોઈ પ્રકારથી ડિસ્ક્રિપ્શન્ તમારે કરવો હોય, પુરૂષ છે નહીં અત્યારે અહીં, અહંકાર સુધીજ આપણે લીધો છે. (ચાર્ટ બતાવીને) એ પુરૂષ અહીં છે. પુરૂષનો ડિસ્ટ્રિક્શન્ કરવો હોય તો હમણાં તો આપણે એ માઈટૉટિક્ અને મેટોટિક્ પ્રોસેસ્થી ડિવિઝન્ જોયું અને રિપ્રોડક્શન્ની બધી સ્ટેજિજ્ જોઈ પરંતુ ફાઈનલ્ સ્ટેજ્ આની જોઈ નથી. હમણાં આપણે તેનો ગ્રાફ નથી બનાવ્યો પરંતુ તેને સંક્ષેપમાં સમજી શકીએ છીએ કે પુરૂષોત્તમ જેમ 'અક્ષર-શરીરી' છે, એમ પુરૂષ 'ક્ષર-શરીરી' છે. પુરૂષોત્તમ અક્ષર-શરીરી છે કેમકે અક્ષર તેનું શરીર છે અને આ પુરૂષ છે તેને અહંકારના ઓનવર્ડ્ કાંઈક રિપ્રોડકશન્ કે એ પ્રકારના ઉત્તરોત્તર આવરણ ચઢતા જાય તેને કારણે એ ક્ષર-શરીરી બની જાય છે. આ તેનો ખાસ પહેલુ છે અને તેના આ નૅચર્ને કારણે પુરૂષોત્તમનું જે પણ કાંઈ આત્મવિભાજન છે એ વિભાજન અને પુરૂષોત્તમના અહંકારના જે ગુણધર્મો છે, એ ગુણધર્મોને આપણે માયટોટિક્-વે માં જોઈ શકીએ પરંતુ પુરૂષના બધા ગુણધર્મ આપણે માયટોટિક્માં સમજવા પડશે. આ મૂલ વાત આપણે અહીં સુધી જોઈ કેમકે આ ક્ષર-પુરૂષ (માયોટિક્ સંદર્ભમાં) છે તે અક્ષર-પુરૂષ (માઈટોટિક્ સંદર્ભમાં) છે. ક્ષર-શરીરી પુરૂષ છે તે અક્ષર-શરીરી પુરૂષોત્તમ છે. તેના કારણે આ મૌલિક અંતર આવી રહ્યું છે. તેના અંતર્ગત આજે આપણે થોડું ધ્યાન આપશું. કેમકે ક્ષર-શરીરી અહંકર્તાના ક્ષરત્વના અનુરૂપ તેને દરેક ચીજ એક-બીજાની સાથે કૉમ્પ્લેક્સિટીમાં સંઘાત બનીને મળી છે. એક સામાન્ય નિયમ એ છે કે જે ચીજ જોડાય તે છુટ્ટી પણ પડે છે. જે જોડાય છે તેને 'ઉત્પત્તિ' કહેવાય

છે અને છુટ્ટી પડે છે તે તેનો 'વિનાશ' કહેવાય છે. વિનાશને/વિનાશવાનને આપણે 'ક્ષર' કહીએ છીએ. **"ક્ષરતિ ઈતિ ક્ષરઃ" "વિનશ્યતિ=ક્ષરતિ"** તેનું જે શરીર છે તે ક્ષર છે. અને ક્ષર-શરીરમાં એ હોવાના કારણે અહંકારના જે કાંઈ પહેલુ છે, તે સમજવા લાયક પહેલુ છે.

**(અહંકારના ત્રણ પહેલુ)**

એ અહંકારને મુખ્ય આપણે આમ સમજી શકીએ છીએ, તેના ત્રણ-ડાયમેન્શન્ સમજી લો. તે હું થોડુંક તમને બતાવી દઉં.

**(૧) કો અહમ્**

**(૨) કુત્ર અહમ્**

**(૩) કુતો અહમ્**

**ચાર્ટ-૧૦**



## (કો અહમ્)

સૌથી પહેલાં તેના અહંકારનો ડાયમેન્શન્ એક આ પ્રશ્નમાં 'હું કોણ છું?' આ એક અહંકારનો સૌથી પહેલો ડાયમેન્શન્ છે. જ્યારે આ પ્રશ્ન ઉભો થાય કે 'હું કોણ છું?' તેને આપણે જાણી રહ્યા છીએ કે તેનું ક્ષર-શરીર છે અને ક્ષર-શરીર હોવાના કારણે તેનો જવાબ આપણને શું મળે છે? જે બહુ પ્રસિદ્ધ જવાબ છે. **''આહાર નિદ્રા ભય મૈથુનં ચ સામાન્યમ્ એતત્ પશુભિઃ નરાણામ્''**. પશુની અને મનુષ્યની ક્ષર-શરીરની જે માંગ છે જેમ આહાર નિદ્રા ભય મૈથુન વગેરે. એ સંતુષ્ટ થાય તો તેનો 'કો અહમ્?' સંતુષ્ટ થાય. આને સાયકોલૉજીમાં 'ડ્રાઈવ્' કહે છે. ક્યારેક 'અર્જ' કહે છે. ક્યારેક 'ઈન્સ્ટિંકટ્' કહે છે. એક પ્રકારની શરીરની માંગ કે શરીરને આ જોઈએ જ છે. ખાવાનું જોઈએ જ છે, સૂવાનું જોઈએ જ છે. આરામ જોઈએ જ છે. શરીરની આ માગણીઓ ઉપર આપણો કન્ટ્રોલ્ નથી અને તે માગણીઓ આપણી ઈચ્છાથી નથી પેદા થઈ રહી. એ માંગ શરીરના સ્વભાવથી પેદા થઈ રહી છે. આપણે ઈચ્છાથી તેને મેનિપ્યુલેટ્ કરી શકીએ. મેનિપ્યુલેશન્ એક અલગ વસ્તુ છે પરંતુ ઈચ્છાથી તે માંગ પેદા નથી થઈ રહી. પેદા થઈ રહી છે તે શરીરના સ્વભાવથી.

'કો અહમ્' મતલબ આહાર-નિદ્રાદિ ઈન્દ્રિયાદિકોનો સંતોષ શોધવાવાળો. જો ઈન્દ્રિયાદિકને સંતોષ મળતો રહે તો તેનો અહં સંતુષ્ટ રહે છે. જે બાળકોને નાનપણથી જ મળવો બંધ થઈ જાય કે મોટા થયા પછી પણ, જેમની આ પ્રકારની માંગ કોઈ કારણથી અસંતુષ્ટ રહી જાય તો તે અસ્વાભાવિક રૂપથી વધી જાય. જે સંતુષ્ટ જ ન થઈ શકતી હોય તેમના અહં અસ્વસ્થ થઈ જતા હોય છે. અહંની અસ્વસ્થતાની પહેલી નીંવ આમાં રહે છે. જેમ હમણાં-હમણાં રિસેન્ટલી મેં વાંચ્યું કે જે બાળક વધારે સૂઈ ન શકે તે ચિડીયો બની જાય. તેની ડાયાબિટિજ્ પણ વધી જાય. તેના કારણે ઘણાબધા રોગ વધી જાય. જેને મોટાભાગે સરખી રીતે ખાવાનું ન મળતું હોય તો તેને મૉરાલિટિ પાછળથી ખ્યાલમાં આવે, ચોરી કરવાની વૃત્તિ પહેલા જાગી જતી હોય છે. આ જે શરીરની માંગણીઓ છે

તે માંગોથી તે સંતુષ્ટ રહી શકે છે. હવે આઉટ્ ઑફ્ પ્રપોર્શન્ કોઈની માંગ કોઈ કારણથી વધી શકે છે. અને તે સંતુષ્ટ ન થઈ શકે તો ફરી પાછી તે અહંને અસ્વસ્થ કરશે પરંતુ વિદિન્ પ્રપોર્શન્ એ તરીકેની માંગો સંતુષ્ટ થઈ શકતી હોય તો તેનો અહં સ્વસ્થ રહે છે. આ સાયકોલૉજીનો મૂલ સિદ્ધાંત છે. આ હું ધર્મના એંગલ્થી નહીં પરંતુ સાયકોલૉજીના એંગલ્થી બતાવી રહ્યો છું કે અહંના અસ્વસ્થ થવાની શરૂઆત કેવીરીતે થાય છે. તો તેની બાયોલૉજીકલ્ શરૂઆત થાય છે. પછી લૉજીકલ્ શરૂઆત છે, અહંના અસ્વસ્થ થવાની પ્રથમ પહેલુમાં.

## (કુત્ર અહમ્)

(૨) બીજો પહેલુ સાયકોલૉજીમાં આ માને છે 'હું ક્યાં છું?' અહંની અવેરનેસ્ જાગે છે. તે આ જ ડાયમેન્શન્માં, આ જ પ્રોસ્પેક્ટિવ્માં જાગતી હોય છે. સૌથી પહેલી માંગ આ નથી હોતી કે 'હું ક્યાં છું?' કેમકે ક્યાં છું ની માંગ તો ક્યારે થઈ શકે કે જ્યારે પહેલા 'કો અહમ્' આ સમજમાં આવે. 'કો અહમ્'ની બાબતમાં તેની થોડી પણ અવેરનેસ્ ક્લિઅર્ થાય ત્યારે તેને 'કુત્ર અહમ્'ની માંગ થશે. તો સૌથી પહેલી તેની માંગ હોય કે 'કો અહમ્' કેમકે જોવામાં આવી રહયું છે અને 'હું છું' આમાં દેખાઈ રહ્યો છે તેને જોવાવાળો 'હું' છું. આ દેખાઈ રહ્યું છે તેના વિસા-વિસ્ તેને પોતાનો અહં કન્ફર્મ કરવો પડે. જે મેં તમને કાલે વાત વિસ્તારથી સમજાવી. આ જે 'કો અહમ્' છે તે શુદ્ધ બાયોલૉજીકલ્ ફિનોમિના છે કેમકે શરીર જે માંગી રહ્યું છે તે માંગથી તેનો 'અહમ્' કન્ફર્મ થતો ચાલ્યો જાય. ભૂખ લાગે છે, ઉંઘ આવે છે, વગેરે વગેરે જે પણ કાંઈ તેને જોઈએ છે તેના અહંના સવાલના જવાબ રૂપમાં. જ્યારે આ જવાબ તેને સ્વસ્થતયા સંતુષ્ટ થાય ત્યારે ધીરેથી તેને આ સવાલ થાય કે મારા 'કો અહમ્' ના સવાલનો જવાબ દેનારી સપ્લાય્ ક્યાંથી થઈ રહી છે? ત્યારે તેને અચાનક આ અવેરનેસ્ આવે ('અહમ્'માં) કે 'કુત્ર અહમ્?'

અહંનો આ બહુ મોટો એક ડાયમૅન્શન્ ધીરેથી બાળકમાં ખુલે છે, તે કયા દિવસે કયા મહિનામાં ખુલે તે ન કહી શકાય. ઈન્ડિવિજ્યુઅલ્

વૅરિએશન્ના (વ્યક્તિગત ભિન્નતાના) હિસાબથી પરંતુ ખુલે છે બધાનો. 'કુત્ર અહમ્'વાળો પહેલુ અચાનક ખુલવા લાગે છે. અને તે પહેલુ ખુલે છે તો તે અહંને સ્વસ્થ રાખવાની જે આવશ્યકતા છે ('કુત્ર અહમ્'ના સવાલના જવાબ રૂપથી અહંને સ્વસ્થ રાખવાની) તે જુઓ; સાયકોલૉજીમાં બહુ સુંદર બતાવી છે. જે પરિવારમાં બાળક રહી રહ્યો છે તે પરિવારથી તેને સ્નેહ મળતો રહે, તો તેનો અહં અસ્વસ્થ ન થાય. આ સ્નેહની બાબતમાં થોડીક ભ્રાંત ધારણા ઘણા લોકોમાં કામ કરે છે. 'સ્નેહ'નો એક મતલબ આપણે સમજીએ છીએ જે બાળકની યોગ્ય-અયોગ્ય ડિમાન્ડ્ને પૂરી કરવી સ્નેહ છે. એ તો બાળકના વિનાશનો હેતુ બને છે કેમકે જ્યારે આપણે બાળકને આ વાત ન સમજાવી શકીએ કે આ તારી અયોગ્ય માંગ છે ત્યારે બાળકના અહંની સાથે શું થાય છે? હું જે પણ કાંઈ માંગુ તે મારી માંગ પૂરી થવીજ જોઈએ. તે માંગ તેની પરિવારમાં પૂરી થઈ શકશે. જેવો પરિવારની બહાર નિકળ્યો અને આ માંગના કારણે તેને થપાટો લાગવાની શરૂઆત થઈ તો તે એકદમ ટ્રૉમેટિક્ (માનસિક આઘાત) એક્સપિરીઅન્સ્ થઈ જશે કે આ શું થઈ ગયું? અને તે પોતે પોતાને પછી સમાજમાં ફિટ્ નથી કરી શકતો. મોટાભાગે ઘણા લાડલા બાળકો કેમ મિસ્-ફિટ્ થઈ જાય છે? તેનું મૂલ કારણ આ છે. આપણે એ બાળકને બિચારાને મિસ્-ફિટ્ માનીએ છીએ પરંતુ મૂલ કારણ માઁ-બાપોના દ્વારા કરવામાં આવેલો સ્નેહનો ખોટો પ્રકાર. સ્નેહનો સાચો પ્રકાર તેની દરેક માંગને સપ્લાય્ કરવો નથી. સૅટિસ્ફાય્ કરવો નથી પરંતુ તેની દરેક લૅજિટિમેટ્ (લાયક/ઉચિત) માંગને આ પ્રકારથી કન્વે કરતા કે ''ભાઈ! આ તારી માંગ લૅજિટિમેટ્ છે અને આ તારી માંગ લૅજિટિમેટ્ નથી. અમે શા માટે કહી રહ્યા છીએ કેમકે તું અમારો વહાલો છે''. આ તેને કન્વે થવું જોઈએ. આ તમારા માટે યોગ્ય છે.

બાળકની સાથે સૌથી પહેલી તકલીફ શું થાય? બાળકને કાંઈ ખબર તો પડે નહીં ને! બીજું કોઈ બાળક ઘરમાં આવ્યું તો તેની વસ્તુ મારે જોઈએ. જોઈએ તેનાપર ઝઘડો શરૂ કરે. હવે આપણે એને અપાવી દઈએ. કોઈ વસ્તુ બાળક સાચી-ખોટી માંગી રહ્યો છે તેને આપણે

અપાવતા જ જઈએ. દરેક તેની માંગ આ રીતથી પૂરી કરતા જાઓ. બાળકનો ઈગો આ પ્રકારથી બગડી જાય કે તે પછી એમ સમજે કે ''બધુંજ કાંઈ મારા માટે છે''. ''બધું કાંઈ મારા માટે છે'' આ એક વખત બાળકને કન્વે થઈ ગયું ત્યારે તેના પછી બાળકને દુનિયાને ફેસ્ કરવામાં તકલીફ આવે. ઘરમાંથી જેવો બહાર નિકળ્યો તેને ફ્રસ્ટ્રેશન્ પેદા કરશે કેમકે આખી દુનિયા તેના માટે છે નહીં. તેના હિસાબથી કાંઈ થશે નહીં.

ઈગોની માંગ છે તેને પૂર્ણ કરીએ પરંતુ તેની અયોગ્ય માંગ ઉપર તેની સાથે આપણે એટલો ત્રાસ ન ગુજારી દઈએ કે તેને પોતાની માંગની બાબતમાં ગિલ્ટ્ ફીલ્ થવા લાગી જાય. આ પહેલી મુખ્ય વાત છે. બાળકના અહંને સ્વસ્થ રાખવા માટે તેની જે યોગ્ય-અયોગ્ય માંગ છે, કાંઈક માંગ હોય જ છે બાળકની. બાળકને વિવેક હોત તો બાળક જ ન કહેવાત! પરંતુ તેની જે અયોગ્ય માંગ છે એ અયોગ્ય માંગોને આપણે ફુલ-ફિલ્ નથી કરવાની. ત્યાં સુધીનો માતા-પિતાનો પરિવારનો રોલ્ સાચો અને સારો છે પરંતુ એ અયોગ્ય માંગ ઉપર દરેક વખતે આપણે પનિશ્મૅન્ટ્નો એપ્રોચ્ અપનાવ્યો. તેનાથી બાળકના અહંકારમાં પછી સ્પ્લિટ્ પર્સનાલિટી પેદા થાય કે ભઈ! જે કાંઈ મને સારૂં લાગે છે તે મારા મોટાઓને સારૂં નથી લાગતું. એટલા માટે મને સારૂં લાગે તેને મોટાઓની સામે પ્રકટ ન કરવું પરંતુ મોટા એબ્સૅન્ટ્ હોય ત્યારે તેને કોઈ રીતથી પૂરો કરવો. અને આ રીતનો તેના અહંમાં દ્વૈતભાવ પેદા થઈ જાય કે મોટાઓની સામે એક આપણો મુખોટો રાખવો છે અને એબ્સૅન્સ્માં બીજો મુખોટો રાખવો છે.

મોટાભાગે ઘરના નોકરને માટે એમ કહેવામાં આવે છે કે તે માલિકની વસ્તુ વાપરી ન શકે તો આ જ વાટ જોતો હોય કે ક્યારે માલિક બહારગામ જાય અને તે પોતે જઈને પલંગ ઉપર સૂઈ જાય. જે-જે વસ્તુ ન વાપરી શકતા હોય તે બધી વસ્તુઓ વાપરીને એક વખત જોઈ લે કે અમે પણ માલિક છીએ! કોઈ સાધારણ વાત થોડી છે! દરેક નોકરની આ સહજ વૃત્તિ હોય છે કે માલિક ગયો નહીં અને માલિકની બધી વસ્તુ

વાપરવાની શરૂ કરે કેમકે માલિકની સારી વસ્તુ વાપરવાનો ફ્રસ્ટ્રેશન્ એના દિલમાં વધતો જ જાય. માલિકને દરેક વસ્તુ વાપરતા જોઈને અને પોતાના ડિપ્રાઈવેશન્‌ને (વંચિત) જોઇને એ વાત બાળકમાં પેદા થાય છે કે બાળક જ્યારે આ વાતને સમજી જાય કે મોટાઓ તો આ કરી શકે, આપણે ન કરી શકીએ તો તેને કોઇ ને કોઇ પ્રકારનો ડિપ્રાઈવેશન્ બોધ થાય કે મને ડિપ્રાઇવ્ કરવામાં આવી રહ્યો છે. જે મારી માગણી છે, જે મારી અર્જી છે તેનાથી મને ડિપ્રાઇવ્ડ્ કરવામાં આવી રહ્યો છે અને હું આમના પ્રેજેન્સ્‌માં સૅટિસ્‌ફાય્ નહીં કરી શકું. તેથી પછી તે વાટ જોવાની શરૂ કરે. ક્યારેક તો બહાર જશો ને! જ્યારે બહાર જશો ત્યારે બધું કરશું. જેમ ચૉકલેટ્‌ની નાનકડી વાત લો. બાળકને વધારે ચૉકલેટ ખાવાની ના પાડીએ તો બાળક વાટ જોતો રહે કે જ્યારે બહાર ગયા તો ખોલીને ચૉકલેટ ખાવી. આટલા નાનકડા લેવલ્ ઉપર એ વાત શરૂ થાય પરંતુ તે આગળ જઈને મોટાભાગે એમ કહેવામાં આવેકે બાળકને કોઈ કામ કરાવવા માટે જે વખતે આપણે ચૉકલેટ આપીને તેની પાસે કામ કરાવીએ તો બાળકને ઘૂંસ ખાવાની પહેલી તાલીમ મળે. કેમકે જે વખતે નાનો છે તે વખતે ચૉકલેટ માંગી રહ્યો છે. મોટો થઇ જશે તે વખતે પેટી માંગશે. વાત તો એની એજ છે. પ્રિન્સિપલ્ એજ કામ કરી રહ્યો છે. બે પ્રિન્સિપલ્ કામ નથી કરી રહ્યા. બાળકને આપણે જ્યારે મોટા થઈને એ ટ્રેનિંગના હિસાબથી ડિમાન્ડ્ કરીએ તો આપણે કહીએ કે કરપ્શન્ વધી ગયું. કરપ્શન્ તો વધશે જ. કેમકે બાળકને ટ્રેઈન્ જ આપણે એવો કર્યો છે. દરેક વખતે સાવધાની વર્તવી જોઈએ કે બાળક પાસે સારૂં કામ ક્યારેય પણ લોભ અને ભય બતાવીને ન કરાવવું જોઈએ. તેના અહંને સ્વસ્થ રાખવાની આ પહેલી શરત છે. લોભ અને ભયથી બાળક પાસે આપણે સારૂં કામ કરાવ્યું નહીં અને બાળકની અહંતા દૂષિત થઈ. બની શકે એટલું તેની સાથે સમજાવી–ફોસલાવીને આપણે કરીએ તો તે બાળકની અહંતા સ્વસ્થ રહે.

આપણે ત્યાં તો નથી પરંતુ મુસલમાનોમાં એક બહુ સારી આ બાબતમાં કથા છે કે કોઈ કુરાનના બહુ મોટા જાણકાર હતા અને એક સંત રજિયા હતી. તેને કોઈએ કહ્યું કે કુરાનનું બહુજ સારૂં એક્સપ્લેનૅશન્ આપે

છે તેઓ અને કુરાનની દરેક આયાતને બહુ સરસ રીતથી સમજાવે છે. તો જવું જોઈએ. તેણે કહ્યું જરૂર જશું. તો જ્યારે તે ગયા ત્યાં તો એ જાણકાર એના ઘોડાને (એ રસ્સી તોડીને ભાગી ગયો હતો ઘોડો, તો તેને) લલચાવવા માટે ઘાસ બતાવી-બતાવીને પાછો તબેલામાં લાવવાનું કરી રહ્યા હતા. એ રજિયાએ કહ્યું આની પાસે કુરાનની આયાત નહીં શીખું. એણે કહ્યું કે ઘોડાને લલચાવીને તબેલામાં લાવવાની વૃત્તિ છે તો આ જેમ ઘોડા સાથે ખેલ-ખિલવાડ કરી રહ્યા છે તે મારી સાથે પણ આવોજ ખિલવાડ ન કરે!!(રજિયાની, જે એમને ત્યાંની મોટી સૂફી સંત થઈ મોટાભાગે તેનાજ જીવનની આ વાત છે.) એણે કહ્યું "કુરાનનો અર્થ મારે જાણવો છે, એક વખત નહીં સો વખત. સાચી વાત છે! પરંતુ આ પંડિતની પાસે હું કુરાનનો અર્થ નહીં સમજું કેમકે ઘોડાને જ્યારે ઘાસ આપીને લલચાવી રહ્યો છે મતલબ તેને વૃત્તિ તો તેણે સાફ કરી દીધી!" આપણી વાત સમજાવવા માટે લાલચ આપીએ છીએ તો વાત સાચી ન રહી ગઈ.

બાળકને સ્વસ્થ રાખવાની સાવધાની છે. કયા લેવલ્ ઉપર? 'કો અહમ્' લેવલ ઉપર નહીં. 'કુત્ર અહમ્'ના લેવલ ઉપર કે જ્યારે તે પોતાના પરિચિતોથી સ્નેહ મેળવી રહ્યો છે, તો તે સ્નેહ, લોભ અને ભયથી રહિત હોવો જોઈએ. જ્યારે તેને લોભ અને ભયથી રહિત સ્નેહ મળશે તો તેની ભક્તિ પણ નિરૂપાધિક સ્નેહ સાથે થશે. જો નાનપણમાં આપણે તેને લોભ અને ભયથી ટ્રેનિંગ્ આપી છે અને મોટા થઈને આપણે તેને સમજાવીએ કે ભગવાનની ભક્તિ નિરૂપાધિક કરો તો તે વાત તેના માટે પરદેશી ભાષા થઈ જાય છે. કેમકે તેને આજ વાત સમજમાં આવે છે કે મારે આવુંજ કામ કરવાનું છે કે જેમાં કાં તો મને થપ્પડ પડે અથવા જેનાથી મને પૂરો લાભ થાય. ભગવાન સાથે પણ તે પોતાના અહંની ડિલિંગ્ આ જ પ્રકારથી કરતો હોય કે જો મારૂં કામ કરતો હોય તો ભગવાન, નહીં તો શેનો ભગવાન.

રાય સાહેબની વાત મેં બતાવીને તમને. રાય સાહેબનો આ નિયમ

હતો કે રોજ સવારે બધા મંદિરોમાં જતા. અમારા બાલકૃષ્ણલાલને ત્યાં પણ આવતા અને નમસ્કાર કરતા પછી બાજુમાં એક ગરદનનો ઝટકો દેતા. એ કોઈ ફિલ્મ્ડાયરૅક્ટર્ના આસિસ્ટન્ટ્ ડાયરેક્ટર્ હતા. મેં એમને પૂછ્યું કે તમે આમ બાજુમાં ગરદનનો ઝટકો શા માટે આપો છો તો એમણે મને કહ્યું કે ''નમસ્કાર તો એટલા માટે કરૂં કે ભગવાન છે અને બાજુમાં ગરદનથી ઝટકો એટલા માટે આપું કે કોઈ ફાઈનેંસર્ નથી મળી રહ્યો. રાય સાહેબની પ્રૉબ્લેમ્ આ જ હતી કે તેઓ ભગવાનથી ડરતા એટલા માટે નમસ્કાર કરતા અને પોતાની અહંતાને તેમની સામે ઝુકાવવા છતાં કેમકે ફાઈનેંસર્ નહોતો મળતો એટલા માટે ગરદનનો ઝટકો પણ આપતા કે શેનો ભગવાન. આ જે વૃત્તિ છે; બાળકને આપણે આ રીતથી તો સમજાવીએ છીએ. જ્યારે આ રીતથી સમજાવીએ ત્યારે બાળકના મોટા થયા પછી આ વૃત્તિને સુધારી ન શકીએ કેમકે તેની અહંતાએ તે કલર્ લઈ લીધો હોય છે. સ્નેહનો મતલબ બાળકને ભયભીત કરવો નથી, તેને લાલચ આપવી નહીં; ભય અને લાલચથી રહિત જ્યારે આપણે બાળકને સ્નેહ આપી શકીએ ત્યારે બાળકના મનમાં શુદ્ધ સ્નેહનો ભાવ સ્થિર થઈ શકે. તેના સ્નેહને સ્વસ્થ કરવાનો 'કુત્ર અહમ્'ના રૂપમાં, આ પહેલો સ્ટૅપ્ છે. આ તો તેના પરિવારના લોકોની વાત થઈ. હવે જે તેના ઘરના નથી એમની વચ્ચે તેને સુરક્ષા ફીલ્ થવી જોઈએ. મોટાભાગે શું થાય છે કે આપણે એક-બીજાના પ્રત્યે વર્ગ-વિદ્વેશના કારણે, સમુદાય-વિદ્વેશના કારણે એક-બીજાથી ડરતા હોઈએ છીએ. એ ડરને આપણે બાળકમાં ઈમ્પ્લાન્ટ્ (જમાવી દેવો) કરતા હોઈએ છીએ તેનાથી શું થાય છે કે બાળક પોતાની જાતને અસુરક્ષિત સમજતો હોય. એ કારણથી તેનો અહમ્ સ્વસ્થ નથી રહી જતો.

હું મારી વાત બતાવું. મારો એક બહુજ સારો મિત્ર હતો આસિફ. હું તેના ઘરે જતો ભણવા. તેનો એક ભત્રીજો હતો, જેને બધા 'પોંગા પંડિત' કહેતા. એક દિવસ આસિફ ઘરે નહોતો તો મેં તેને કહ્યું કે ''પોંગા પંડિત કેમ છો.'' એણે કહ્યું ''અમે પોંગા પંડિત નથી.'' મેં કહ્યું કે ''કેમ પોંગા પંડિત નથી?'' એણે કહ્યું કે ''નહીં! પોંગા પંડિત બહુ ખરાબ હોય

છે. બધાને છુરો મારી દે છે.'' મેં કહ્યું ''અરે! હું પંડિત છું'' એણે કહ્યું કે ''નહીં! આપ તો ડિયર્ અંકલ્ છો.'' હવે જુઓ કે એક ફિક્ટીશિયસ્ કૅરેક્ટર્ (અવાસ્તવિક ચરિત્ર) ઘડાઈને તે બાળકમાં ડૅવલપ્ થઈ રહ્યો છે. તો આ રીતથી આપણે બાળકમાં ભય પ્લાંટ કરતા હોઈએ છીએ. બાળપણમાં તે ભયભીત હોય પછી મોટો થઈને તે દ્વેષ કરતો થઈ જાય છે. આપણે આપણા ભયને જે વખતે બાળકમાં પ્લાંટ્ કરીએ તો બાળક સમાજમાં પોતાની જાતને અસુરક્ષિત સમજે છે. આથી તે ડરતો થઈ જાય છે. આ સૌથી મોટી વાત બાળકના અહમ્‌ને અસ્વસ્થ કરવાની છે.

હું મારા ઘરની વાત બતાવું. એક દિવસ ઢબ્બુ અને ટીકૂમાં ચર્ચા ચાલી રહી હતી. ઢબ્બુ કહી રહી હતી કે ''આ લાલ કીડી છે ને! આ મુસલમાન હોય છે અને કાળી કીડી હિંદુ હોય.'' મેં તેને પૂછ્યું કે ''લાલ કીડી કેમ મુસલમાન હોય.'' તો તેણે કહ્યું કે ''કાટે છે ને કાકા.'' હું તેને આસિફના ઘરે લઈ ગયો અને તેને કહ્યું કે જો આસિફ તને કેટલું વહાલ કરે છે!'' તો સમજો કે જ્યાં સુધી આપણે બાળકનો ડર નથી કાઢતા ત્યાં સુધી તે સમાજમાં સ્વસ્થ એન્ટ્રી નથી લઈ શકતો. તે ડરવા લાગી જાય છે. જ્યાં સુધી તે બાળક છે ત્યાં સુધી ડરશે. જ્યારે મોટો થશે તો તે દ્વેષ કરશે. તેના પછી તે ષડ્યંત્ર કરશે, તેના પછી સત્યાનાશ કરશે. એ એક સાયકલ્ ચાલે છે. બાળકને સૌથી પહેલાં સુરક્ષિતતાનો અનુભવ થવો જોઈએ. જેમ ઘરમાં અને પરિચિતોમાં તેને ભીતિ અને લાલચ રહિત સ્નેહનો અનુભવ થવો જોઈએ. એવીજ રીતે જ્યારે તે સમાજમાં પ્રવેશ કરી રહ્યો છે તો તેને સુરક્ષાનો અનુભવ થવો જોઈએ.

હું એક ઘરમાં જતો હતો. મહીના-મહીના સુધી રહેતો ત્યાં. એ ઘરના છોકરાઓ બધા મારી પાસે એકઠા થઈ જતા, વાર્તા સાંભળતા. એક દિવસ એ છોકરાઓના ચચેરા ભાઈ ઘરમાં આવ્યા. આવતાની સાથેજ મને જોઈને, મારી લાંબી દાઢી, મૂંછ, ધોતી જોઈને થરથર કાંપવા લાગ્યા અને બધા છોકરાઓને બોલાવીને પૂછવા લાગ્યા કે આ સાધુ-બાબા ક્યાંથી આવી ગયા. તો છોકરાઓ તેને કહેવા લાગ્યા કે ''આ સાધુ નથી, આ તો

બહુ સારા માણસ છે.'' એટલે સાધુ જેમ કોઈ ગુંડા કે બદમાશ હોય. હવે કોઈ સાધુ કહીને બાળકને ડરાવતો હોય તો બાળક તો આ જ સમજશે ને કે કોઈ બહુ ખતરનાક પ્રાણી હશે જે સમાજમાં વિધ્વંસના સિવાય કોઈ કામ કરતો જ નથી. આપણે આ રીતથી બાળકના મનમાં ભય પેદા કરીએ છીએ કે બાવો આવશે તો તને પકડીને લઈ જશે. બાળકના મનમાં ભય પેદા થઈ જાય. જ્યાં સુધી બાળક છે ત્યાં સુધી ભય રહે છે. જ્યારે મોટો થાય ત્યારે એજ ભય દ્વેષનું રૂપ લઈલે છે. પછી તે સાધુથી એસોશિયેટેડ્ જે પણ વાત હશે તેનાથી દ્વેષ કરશે. મોટાભાગે આપણે જોઈએ છીએ કે કોઈ ક્રિશ્ચન્ બાળક પાદરીથી ડરતો નથી. પરંતુ આપણા બાળકો કેમ સાધુથી ડરે છે? કેમકે આપણે મહારાજોનો ડર એવો બેસાડી દઈએ. બાળક વિચારે કે ખબર નહીં મહારાજ આવ્યો છે, તો શું બવંડર કરશે? એ વાત બાળકની સામે કન્વે ન થવી જોઈએ. આપણે ડરતા પણ હોઈએ તો પણ બાળકની સામે આપણો ડર જાહેર ન થવો જોઈએ. જુના જમાનાનો નિયમ આટલા માટે જ એવો હતો કે તમને રોવું આવી રહ્યું છે તો રોઈ લો તેમાં કોઈ ખરાબ વાત નથી પરંતુ બાળકની સામે ન રડો. કેમકે બાળકની સામે જો તમે રડશો તો બાળકની માનસિકતા ઉપર બહુજ ખરાબ અસર પડી જાય છે. આ ભાવથી આપણે ત્યાં ઠાકોરજીની સામે રડવાની મનાઈ છે. તમારે રડવું છે તો ક્યાંક બીજે જઈને રડી લો ઠાકોરજીની સામે ન રડો. આપણા ઠાકોરજીનો અહં શા માટે આપણે બગાડીએ? આપણે રડશું, એક વખત નહીં હજાર વખત રડશું પરંતુ આપણા ઠાકોરજીની સામે આપણે દુઃખડા નહીં રોઈએ કેમકે ઠાકોરજીનો અહમ્, આપણા અહમ્ની સાથે ઈન્ટરૅક્શન્માં ક્યાંક બગડી ન જાય. બાળકના અહમ્ને સ્વસ્થ રાખવાની પહેલી આવશ્યકતા આ છે કે બાળક જ્યારે સમાજમાં પહેલું ડગલું માંડે તો તેને અસુરક્ષા અનુભવ ન થવી જોઈએ.

અમારા બાળપણની વાત હું તમને બતાવું. સન પીસ્તાલીશથી પચાસની વચમાં જ્યારે અમે બાળકોમાં ઝઘડો થતો તો અમે એક-બીજાને ગાળ શું આપતા કે ''જા તું ગાંધી છે.'' કેમકે ગાંધી અને મંદિરમાં આ જ ઝઘડો ચાલતો કે આજે ગાંધીએ અહીં હરીજનને પ્રવેશ કરાવ્યો,

આજ ત્યાં પ્રવેશ કરાવી દીધો. તો બીજો કહેતો કે જા તું મુસલમાન છે. કેમકે એ વખતે હિન્દુ-મુસલમાનના પણ ઝઘડા ચાલતા હતા. અમારા ઝઘડામાં નિરંતર આ જ ગાલી-ગલોચ ચાલતા કે 'તું ગાંધી છે' કે 'તું મુસલમાન છે'. તો મનમાં એ રીતનો ભય ઘર કરી જાય કે બહુ ખતરનાક વાત છે. જ્યારે કે ગાંધી તો બિચારો બહુ સીધો માણસ હતો પરંતુ ઘરમાં નિરંતર આ જ ચર્ચા ચાલતી, કાં તો ગાંધીની કે મુસલમાનની. અમને એમજ લાગતું કે આ કોઈ બહુ ખરાબ પ્રાણી છે. એમ લાગતું કે આપણા ઘરમાં આપણે સુરક્ષિત છીએ, બહાર નિકળ્યા નહીં કે ગાંધી અને મુસલમાન આવી જશે. આ પ્રકારથી એક અસુરક્ષાનો ભાવ આવે અને એ ભાવથી બાળકનો અહમ્ અસ્વસ્થ બની જાય. આપણે ચર્ચા કરવી જોઈએ. ચર્ચા કરવી કોઈ ખરાબ વાત નથી પરંતુ બાળકની સામે આટલી સાવધાની રાખવી જોઈએ કે બાળકના મનમાં કોઈ અસુરક્ષાનો ભાવ ઘર ન કરી જાય. એક વખત જો અસુરક્ષાનો ભાવ આવ્યો તો પછી મોટા થયા પછી દ્વેષ આવે અને પછી કામ ક્રોધ લોભ મોહની પ્રોસેસ્ ત્યાંથી શરૂ થઈ જાય. પછી અહંતા-મમતાની લગામ આપણા હાથમાં ન રહી જાય.

અનાગારક લામા ગોવિંદની મેં એક ડાયરી વાંચી છે. તેમાં તેણે એક બહુજ સારી વાત લખી છે કે જેને વાંચીને મને રોમાંચ થઈ ગયો. એ જર્મન હતો અને આજથી સવાસો વરસ જુની વાત છે કે તે પહેલો બહારથી આવેલો વ્યક્તિ હતો જે તિબેટ ગયો હતો. ત્યાં તેનાથી પહેલાં હિન્દુસ્તાનથી રાહુલ સાંકૃત્યાયન ગયો અને એ તેને ત્યાં મળ્યો હતો. એ લખે છે કે "જે વખતે હું તિબેટની સીમામાં ઘૂસ્યો અને એક ચટ્ટાન ઉપર બેઠો હતો તો ત્યાં બધી ચકલીઓ મારા ખંભા ઉપર આવીને બેસી ગઈ." તેણે લખ્યું છે કે "મેં મારા જીવનમાં ક્યારેય આટલો રોમાંચ અનુભવ નહોતો કર્યો કે ક્યારેય ચકલીઓ મનુષ્ય જાતિ ઉપર આટલો વિશ્વાસ કરી શકે!!" ચકલી ગધેડા ઉપર બેસે, ભેંસ ઉપર બેસે પરંતુ મનુષ્ય ઉપર બેસવાનો વિશ્વાસ ચકલીઓ ન કરે. એનું મૂલ કારણ છે કે ચકલીઓના માઁ-બાપ હશે તે પોતાના બાળકોને ડરાવી દેતા હશે કે "આ મનુષ્ય બહુ ખતરનાક પ્રાણી છે, આનાથી બચો. ભેંસથી બચવાની જરૂર નથી." એ

ભેંસના કાનમાંથી મેલ સાફ કરે, એના શરીરના કીડા ખાઈ જાય. એને ભેંસ ઉપર એટલો વિશ્વાસ પરંતુ મનુષ્ય ઉપર વિશ્વાસ નથી. ઘણી ચકલીઓ તો મગર ઉપર જઈને બેસી જાય. એના દાંતની વચ્ચેના કચરા સાફ કરે. હવે વિચારો કે મગરને ચકલીને ખાતાં કેટલી વાર લાગે. પરંતુ એમને મગર ઉપર પણ વિશ્વાસ હોય કેમકે એમના માઁ-બાપને વિશ્વાસ હોય. મનુષ્ય ઉપર એમને વિશ્વાસ નથી. જે પેરેન્ટલ્ ફિયર્ છે તે બાળક ઉપર કન્વે ન થવા દેવો જોઈએ. આ પહેલી શરત છે. જો આનું પાલન તમે કરી રહ્યા છો તો બાળકના અહંનો વિકાસ બરાબર થવા દઈ રહ્યા છો. તમને ડર લાગી રહ્યો છે તો કોઈ વાંધો નથી, તમે ભલે ડરો પરંતુ બાળકની સામે એ ડરને પ્રકટ ન થવા દો. એ તમારા દિલની ચોરી બાળકની સામે પ્રકટ ન થવી જોઈએ. આ 'કુત્ર અહમ્'નો ખાસ પહેલુ છે.

પ્રાયઃ આ વાત ઉપર કોઈ પણ સાયકૉલોજીસ્ટ્નો મતભેદ નથી અને મને નથી લાગતું કે કોઈપણ ધાર્મિક સિદ્ધાંત પણ આ સિદ્ધાંત સાથે વિવાદ કરી શકે કેમકે આ તો યુનિવર્સલ્ ફેક્ટ્ છે. થોડુંક પણ ધ્યાનથી જુઓ તો સમજમાં આવી શકે છે. આપણે વિચારતા નથી. વિચારીએ તો વિરોધનો કોઈ પ્રસંગ આવીજ ન શકે આમાં અને ધાર્મિક સિદ્ધાંતોમાં.

### (કુતો અહમ્)

અહમ્નો ત્રીજો પહેલુ કે કેમ આપણો અહં સ્વસ્થ રહે છે અને કેવીરીતે અસ્વસ્થ થઈ શકે છે તેમાં સાયકૉલૉજીસ્ટોનો આ અભિપ્રાય છે; પહેલો 'હું કોણ છું', બીજો 'હું ક્યાં છું' અને ત્રીજો 'હું શા માટે છું' જ્યારે બાળકને સ્વસ્થતયા આ સમજમાં આવી જાય કે 'હું કોણ છું', જ્યારે તેને આ સમજમાં આવી જાય કે 'હું ક્યાં છું'. સ્વસ્થતયા ત્યારે તેની સામે આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે 'હું શા માટે છું'. મારા હોવાનું પ્રયોજન શું છે? આપણે એમ સમજીએ છીએ કે આ પ્રશ્ન સાયકૉલૉજીસ્ટ્ના મગજમાં જ આવે છે આવું નથી. આ પ્રશ્ન દરેક વ્યક્તિના મગજમાં આવે છે. અંતર કેટલું પડે છે કે સાયકૉલૉજીસ્ટ્ તેને થિયૉરાઈજડ્ કરીને સામે લાવે છે અને આપણી સામે જ્યારે પણ આ

પ્રશ્ન ઉભો થાય તો આપણે તેને સ્થગિત કરી દઈએ છીએ કે હમણાં મૂકો આને પછી ક્યારેક વિચારશું આ વિષય ઉપર. જેમ કોર્ટમાં કેસ સ્થગિત કરતા રહે છે તેવીજ રીતે 'હું શા માટે છું' આ વાતને આપણે સ્થગિત કરતા રહીએ છીએ. ઈન્ટેશનલી એ પ્રશ્નને આપણે પોસ્ટ્પોન્ કરતા રહીએ છીએ. જ્યારે નિરંતર આવું કરીએ તો એક સમય એવો આવી જાય કે જેમ કોર્ટમાં કેસ સ્થગિત થતાં-થતાં બંને પાર્ટીઓ મરી જાય અને કેસ કાયમ રહી જાય તેવીજ રીતે આપણે મરી જઈએ અને 'કુતોહં' ત્યાં કાયમ જ રહી જાય. આપણને ખબરજ ન પડે કે આપણે અહીં શા માટે આવ્યા છીએ. *"લાયી હયાત આયી કજા લે ચલી ચલે. અપની ખુશી ન આયે ન અપની ખુશી ચલે."* એ પ્રકારથી પોસ્ટ્પોન્ કરતા-કરતા આવું થઈ જાય. પરંતુ જે વ્યક્તિની ચેતનામાં આ વાત સ્પષ્ટતયા ઉભરીને આવે કે 'હું શા માટે છું', અને આ વાતનો ઉત્તર જો તે શોધી શકે તો તેનો અહમ્ ક્યારેય અસ્વસ્થ નહીં થાય. આ સાઈકૉલોજિસ્ટ્ કહે છે.

## ('કો અહમ્'નું મૅનેજમૅન્ટ્)

આ જુઓ! (ચાર્ટ જુઓ) જે નાનું સર્કલ્ છે તેનાથી મોટું એક બીજું છે અને તેનાથી મોટું પણ એક બીજું છે. નીંવ નાની છે અને તેના ઉપર ભવન ધીરે-ધીરે મોટું ઉભું થતું જાય છે. આ ઈશ્યુ ધીરે-ધીરે મોટો થતો જાય છે. તેનું કારણ સમજો કે આપણા શરીરની જે ડિમાન્ડસ્ છે, આહાર નિદ્રા વગેરે, એ ડિમાન્ડસ્ની આપણા મનુષ્ય જગતમાં આપણે સોસાયટી ફૉર્મ કરી છે, સોશિયલ્ ઈન્ટરૅક્શન્માં આપણે પાર્ટી છીએ, તો આ કારણે આપણી એ ડિમાન્ડસ્ એ સેટ્-અપ્થી પૂરી થતી રહે છે. તે આ સેટ્-અપ્થી પૂરી થાય આ કારણથી એને પૂરી કરવાની આપણી સ્ટ્રગલ્ એટલી ઈન્ટેંસ્ નથી હોતી જેટલી કે જાનવરમાં હોય. કેમકે એમને ત્યાં તેવી સોસાયટી નથી. દરેક જાનવરને પોતાનો ખોરાક ખુદ શોધવો પડે છે. દરેક જાનવરને પોતાનો સાથી ખુદ શોધવો પડે છે. ન તો ત્યાં કોઈ કોર્ટ-મૅરેજ્ છે અને ન ગોર મહારાજ પુરોહિત છે. ચકલી તેને સ્પષ્ટ કહી દે છે કે માળો બનાવીને બતાવ તો આપણા મૅરેજ્ થાય નહીંતો ન થાય.

પૅંગ્વિન્‌ની કોઈક સેમી સોસાયટી જેવી કલ્ચર્ હોય. એનામાં જે નર હોય એ બિલકુલ સ્ત્રી ટાઈપનો હોય. જ્યારે ત્રણ-ચાર માદાઓ આવી જાય તો એનામાં મોટો જઘડો થાય કે આ નર મારો કે તારો? તે એક-બીજા સાથે લડતી રહે છે અને તે નર ઉભો જોતો રહે છે. જે માદા જીતે તે એ નર પૅંગ્વિનને લઈ જાય. લઈ જાય મતલબ મરી ગયો પૅંગ્વિન્. કેમકે ઈંડુ આપ્યા પછી કોઈ માદા પોતાના ઈંડા ઉપર બેસે નહીં. એના ઉપર નરને બેસવું પડે. ફસાઈ ગયો ગરીબ. ઈંડુ દેતાંજ માદા તો ચાલી જાય. એમને ત્યાં કાંઈક આવો સેટ્-અપ્ છે. સિંહને ત્યાં કાંઈક મનુષ્ય જેવો સેટ્-અપ્ છે. જ્યારે બે સિંહ ભેળા થઈ જાય તો તેનામાં એક સિંહણ માટે લડાઈ થાય. તેમાં જે સિંહ જીતે તેની ચારે તરફ સિંહણો ઘેરો નાખીને ઉભી રહી જાય અને ઘુર્રાવે. ખબર નહીં શું બોલે? જે સિંહ જીતે બધી સિંહણ તેની. એમને ત્યાં આવો સેટ્-અપ્ છે. પરંતુ આ બધો પ્રયાસ એને ખુદને કરવો પડે. ન કોઈ ગોર મહારાજ છે, ન કોઈ મૅરેજ્-બ્યૂરો છે. ટૅરિટરીનો પણ જાનવરમાં બહુ ભારી ઈશ્યુ છે. તે પોતાની ટૅરિટેરી બનાવતા રહેતા હોય અને પોતાની ટૅરેટરીમાં તે કોઈને ઘુસવા નથી દેતા. મેં નૅશનલ્ જિયોગ્રાફીમાં એક વખત જોયું હતું કે જે વખતે સહારાના રેગિસ્તાનમાં પાણીની કમી આવે તે વખતે સિંહ પોતાના પરિવાર સહિત પહેલાથીજ ત્યાં ડેરો નાખી દે છે. એકદમ મનુષ્યની જેમ તે ત્યાં પોતાનો અધિકાર જમાવીને બેસી જાય. કોઈ પણ જાનવર ત્યાં પાણી પીવા આવે તો સિંહણો તેને ભગાવતી રહે છે. સિંહ કાંઈજ નથી કરતો. માત્ર એક સુપર્‌વાઈઝર્‌ની જેમ બેસીને જોતો રહે. પરંતુ જ્યારે હાથી આવે પાણી પીવા ત્યારે સિંહણ તેનાથી ડરે અને ફક્ત ઘુર્રાતી રહે. આ જોઈને સિંહ પોતાની આંખ બંધ કરી લે છે કે જાવા દ્યોને, વ્યર્થમાં ઝઘડો કરીને ફાયદો શું? ખોટો ઝઘડો શા માટે કરવો. સિંહનો આવો મસ્ત સિદ્ધાંત હોય મનુષ્ય જેવો.

આવોજ એક મેં જોક્ સાંભળ્યો હતો કે એક સિંહને થોડો કૉન્‌ફિડેન્સ્ હલી ગયો હતો તો તેણે એક જાનવરને પૂછ્યું કે ‘‘ઓળખે છે હું કોણ છું.’’ એણે કહ્યું કે ‘‘મહારાજ આપને કોણ નથી ઓળખતું.

આપ તો જંગલના રાજા છો.'' એ સિંહે કહ્યું ''ઠીક છે, જાવ.'' આવું એણે ઘણા જાનવરોને પૂછ્યું. બધાએ આ જ જવાબ આપ્યો. પછી ત્યાં હાથી આવ્યો. એને પણ પૂછ્યું એ સિંહે તો હાથી જોરથી બોલ્યો કે ''શું કહે છે.'' અને એ સિંહને સૂંઢમાં ઉપાડીને ફેંકી દીધો. એ સિંહે કહ્યું કે ''અરે ભાઈ! નારાજ કેમ થાવ છો. જો તમને ખબર નથી તો પૂછી લો કે હું કોણ છું. હું જંગલનો રાજા છું, પુરૂષોત્તમ છું. આમાં ગુસ્સે થવાની શું વાત છે.'' આ પ્રકારની વ્યવસ્થા જાનવરોમાં પણ હોય છે પરંતુ બધી વ્યવસ્થા તેનો કોઈ સમાધાની ન કરે. એ બિચારા પોતાનેજ બધું કરવું પડે, આ મૅનેજમેંટ્ ઑફ પુરૂષોત્તમ. જેમ મૅનેજમેન્ટ્ ઑફ બિઝનેશ્ હોય, જેમ મૅનેજમેન્ટ્ ઑફ ઈવેંટ્ હોય, એમ પુરૂષોત્તમતાનો મૅનેજમૈંટ્ દરેક જાનવરને પોતાને કરવો પડે. ત્યાં કોઈ સમાધાની અને મુખિયા નથી હોતા સાવધાન સાવધાન! કરવાવાળા. તો આ તકલીફ છે એમને પોતાના અહંને કાયમ રાખવાની.

## ('કુતો અહમ્'નું મૅનેજમેન્ટ્)

પરંતુ જ્યાં સુધી 'કુતોહં'નો પ્રશ્ન છે તે મનુષ્યની સોસાયટીમાં એકદમ સામે ઉભરીને આવે. ત્યારે સૌથી પહેલી તેની અવસ્થા આ હોય છે કે તેણે પોતાનું સ્વરૂપ વિચાર્યું છે કે 'હું આ છું'; હવે તે સ્વસ્થ હોય કે અસ્વસ્થ હોય, પરંતુ તેણે જેવું વિચાર્યું છે; તેની હકીકતમાંથી જે તેના અહંની કહાની બની, એ કહાનીને જો તે જીવી શકતો હોય તો તેનો અહં સંતુષ્ટ થાય. અને જો તે કહાનીને ક્લાઈમેક્સ્ સુધી ન પહોંચાડી શકતો હોય તો તે માણસનો અહં ખંડિત થાય, દુઃખિત થાય, ત્રસ્ત થાય અને તે જ પોતાના અહંને અસ્વસ્થ બનાવવાનું સૌથી મોટું કારણ બને. આજેજ એક પ્રોફેસર્ મને પૂછી રહ્યા હતા કે આજ-કાલ આપનું શેના ઉપર લૅક્ચર્ ચાલી રહ્યું છે. તો મેં તેને કહ્યું કે આજ-કાલ મારૂં પ્રવચન મૅનેજમેન્ટ્ ઑફ્ ઈગો ઉપર ચાલી રહ્યું છે. આ સબ્જેક્ટ્ આજ-કાલ બહુ મોટો ઈશ્યુ છે કે કેવીરીતે આપણા ઈગોને મૅનેજ્ કરવો. આ એક આપણી લાઈફ્ની બહુ મોટી સમસ્યા છે. જે વખતે આપણે આપણા અહંને સરખી રીતે

મૅનેજ્ કરી શકીએ છીએ તો તેમાં સૌથી પહેલા આ આવશે કે તેણે સૌથી પહેલા પોતાના વિષે વિચાર્યું છે કે 'હું આ છું', જો તે કરી શકે છે તો તેનો અહં સંતુષ્ટ થશે અને જો તે નથી કરી શકતો તો તેનો અહં અસંતુષ્ટ રહેશે, અસ્વસ્થ રહેશે. એ અવસ્થાના કારણે તે સમાજમાં કોઈ ને કોઈ ઉપદ્રવ કરશે કરશે અને કરશેજ. માણસના ઈગો મૅનેજમેન્ટ્નો આ એક બહુ મોટો ઈશ્યુ છે. આમાં આત્માભિવ્યક્તિ; એ શરીર અને આત્માવાળી આત્મા નહીં. 'આત્મા' એટલે ખુદનો; મતલબ જે પ્રકારથી તેણે અહંને બીજ માનીને ખુદની કહાની ઘડવા ઈચ્છી છે, તેને ક્લાઈમેક્સ્ સુધી પહોંચાડવો એટલે આત્માભિવ્યક્તિ અને તે આત્માભિવ્યક્તિથી થનારી આત્મતુષ્ટિ, એ પ્રાઈમરી ઈશ્યુ છે. 'કુતોહં'વાળા ડાયમેંશન્ને સ્વસ્થ રાખવા માટે. તેમાં જે સફળ થઈ જાય, એ વ્યક્તિ બાય્ ડિફોલ્ટ્ સુખી રહેશે. જેમાં અસફળ રહ્યો તેના અહંમાં, તેના વ્યવહારમાં તો અસ્વસ્થતા આવવી સ્વાભાવિક છે. તો તે ગડબડાધ્યાયમાં વધતો જ ચાલ્યો  જાય છે.

## ('કુતોહમ્'નું અસ્વાસ્થ્ય : 'શેમ્ ટૂ યુ')

અંગ્રેજીમાં એક બહુ સરસ કહેવત છે કે તમે વૉવેલ્નું(સ્વરનું) ઉચ્ચારણ બરાબર રીતે કરો, કૉન્સોનેંટ્ (વ્યંજન) તો આપમેળે પ્રોનાઉન્સ્ (ઉચ્ચરિત) થઈ જશે. કેમકે અંગ્રેજીની જે સૌથી મોટી તકલીફ છે તે એ છે કે જેમ ટૅસ્ટ્ (test)(તપાસ) અને ટેસ્ટ્ (tast)(સ્વાદ); યુરિન્ ટૅસ્ટ્ અને યુરિન્ ટેસ્ટ્; બહુ ફરક પડી રહ્યો છે. ત્યાં મોરારજીભાઈ આવી રહ્યા છે. આપણે તે સાવધાની ન રાખીએ તો બહુ લફડા થઈ જાય. આટલા માટેજ અંગ્રેજીની ડિક્શનરીમાં લખેલું હોય છે કે વૉવેલ્નું ઉચ્ચારણ સરખી રીતે કરો, કૉન્સોનેન્ટ્ પોતાની સંભાળ એનીમેળે લઈ લેશે. આ વાત બરાબર સમજવી જોઈએ કે જો આપણે આપણા અહંની સંભાળ બરાબર લઈશું તો અહં આપણી ક્રિયાની સંભાળ લેશે. તે પોતાની મેળે નૅચરલ્ કોર્સ્માં આવવા લાગશે. પરંતુ જો અહંની સંભાળમાં આપણે કાંઈક ગડબડાધ્યાય કરી દીધો તો વિચિત્ર-વિચિત્ર ઉચ્ચારણ આવતા રહેશે. આ એક બહુ ભારી રહસ્ય છે.


આમતો એક વાત સાચી છે કે અહંનો આટલો પ્રાઈમરી રોલ્ છે વૉવેલ્ના જેટલો, તો આપણે કૉન્સોનેન્ટ્ કૅયર્ લેવી જ નહીં; જેમ કે બંગાલી 'સ'ને 'શ' બોલે છે તો એક બંગાલીને કોઈએ કહ્યું કે ''કૉન્ગ્રેચ્યુલેશન્સ્''. તો બંગાલીએ જવાબ આપ્યો ''શેમ્ (શરમ) ટૂ યુ.'' તો થોડીઘણી સંભાળ આપણે કૉન્સોનેંન્ટ્ની પણ લેવી પડશે નહીંતર 'શેમ ટૂ યુ' થઈ જાય. આ એક તકલીફ છે પરંતુ ખાસ તકલીફ વૉવેલ્ના ઉચ્ચારણની છે. તે પહેલા સંભાળ લો. તે લેશો તો શેમ્ ટૂ યુ નહીં થાય.

આ મૂલ સાયકૉલૉજીની વાત છે અને આટલા માટે આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે અહંની સ્વસ્થતાનો, અહંની અસ્વસ્થતાનો પ્રશ્ન ઉભો થાય છે તો સાયન્સ્ની ઘણીબધી થિયરીઓ પોત-પોતાના પ્રૅપોજિશન્ની સાથે આગળ આવે છે. એ ઈશ્યુ માત્ર સાયકૉલૉજીનો નથી, સાયકૉલૉજી તો અહંનું ફાઈનલ્ કલ્મિનેશન્ છે જેમાં અહંની ઈવૅલ્યુએશન્ આપણે કરશું. આપણે જાણીએ છીએ કે સેલ્યુલર્ બાયોલૉજીનો અહંની સાથે કાંઈક ને કાંઈક સંબંધ છે. ફિજિયોલૉજીનો અહંની સાથે સંબંધ છે. ફિજિયો-એન્થ્રોપોલૉજીનો સોશિયોલૉજીનો અને પૉલિટિક્સ્નો અહંની સાથે સંબંધ છે. ઈકોનૉમિક્સ્નો અહંની સાથે સંબંધ છે. સ્વસ્થ અને અસ્વસ્થ અહંના ઘણાબધા ઈશ્યુ ઈકોનૉમિક્સ્થી સૉલ્વ્ થઈ શકે છે, સોશિયોલૉજીથી સૉલ્વ્ નથી થઈ શકતા. આ જ રીતથી ઘણાબધા અહંના ઈશ્યુ સોશિયોલૉજી સૉલ્વ્ કરી શકે છે, ઈકોનૉમી સૉલ્વ્ નથી કરી શકતી. અહંના કાંઈક આસ્પૅક્ટસ્ એવા છે જેને સાયકૉલૉજી જ ડિલ્ કરી શકે છે. તો આપણે આ વિચારી શકીએ છીએ કે વિષયની ગંભીરતા કેટલી છે અને એ બધા અહંના વિષયને આપણે સાયન્સ્ના હિસાબથી સૉલ્વ્ કરવા બેશીએ તો રામાયણ જ પૂરી નહીં થઈ શકે. આ કારણે અહંના જે પહેલુને આપણે પૂરા ફોકસ્ની સાથે સમજવા માગી રહ્યા છીએ, તેને આપણે ગ્રાફિકલી જોયું, એ અહંના બધા પહેલુમાં તેનો મૅટાફિજિકલ્ પહેલુ પણ આપણે જોયા જે અહંની ઉપાદાન-કર્તા અને ઉપાદાન-ક્રિયાના હતા. તેના સિવાય ધર્મવાળા પહેલુ આપણે જોયા તો નહીં પણ આપણે સમજી

શકીએ છીએ કે જો ઈશ્વર પાર્ટી છે તો તેની સાથે ઈન્ટરૅક્શન્માં ધર્મવાળા પહેલુ તો આવીજ રહ્યા છે. અહંથી રિલેટેડ્ કાંઈક ને કાંઈક ઈશ્યુ તો આપણે વિચારવા જ પડે છે. ફાઈનલ્ તો આપણે જે વિષયની બાબતમાં વિચાર્યું, જે મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર છે, જે મહાપ્રભુજીના કૉન્ટેક્સ્ટ્થી આપણે જોયા. જે કેવળ સાયકૉલૉજીકલ્ ઈશ્યુ છે અને તે સાયકૉલૉજીકલ્ હોવાના કારણે મૉર્ડન્ સાયકૉલૉજી આ બાબતમાં શું વિચારે છે તે બધાને આપણે અહીં લાવી નથી શકતા પરંતુ આ વખતે જે આપણી વાતથી રિલેટેડ્ સાયકૉલૉજીએ કહ્યું છે તે વાતને આપણે જરૂર અહીં લેવાનો પ્રયાસ કરશું.

**(મહાપ્રભુજીનો અહંકારનો સાયકૉલૉજીકલ્ સિદ્ધાંત)**

**(ચાર્ટ ૧૧)**




એક વખત આપણે આ ચાર્ટ્ને રિફર્ કરીએ તો આપણે જે કહેવા માગી રહ્યા છીએ તેને મૉડર્ન્ સાયકૉલૉજીની સાથે ક્યાં રિલેટ્ કરે છે તેને આપણે બરાબર સમજી શકશું. આપણો સાયકૉલૉજીનો સિદ્ધાંત છે તે મેં ગયા વરસે પણ સમજાવ્યો હતો કે 'ચિદંશ' મતલબ જીવાત્મા અને આ તેની ચારે તરફનો સાયકૉલૉજીકલ્ સ્ટ્રક્ચર્. એ સ્ટ્રક્ચર્માં વિષય

જ્ઞાનેન્દ્રિયથી આવે છે અને એ વિષયની બાબતમાં ક્રિયા કર્મેન્દ્રિયથી પ્રકટ થાય છે. તે વખતે કૃષ્ણ અને સેવાનો વિષય હતો તે કારણે તેને બીજા રૂપમાં સમજાવ્યું હતું પરંતુ આ વાતને આ રીતથી સમજો કે વિષય જ્ઞાનેન્દ્રિયથી પ્રકટ થાય અને ક્રિયા કર્મેન્દ્રિયથી પ્રકટ થાય છે. આ બંનેમાં આ પ્રકારથી ઈન્ટરેક્શન્ થાય છે. આ પહેલો પ્રાઈમરી સૅન્સિટિવિટી અને સૅન્સેશન્નો ઈશ્યુ છે.

જ્યારે વિષય જ્ઞાનેન્દ્રિયથી આવે છે તો ઘડામાં (ઘડાની કિનારી બતાવીને) સૌથી પહેલાં મન તેને અટૅન્ડ્ કરે છે. જેમ જે વખતે કોઈ વિષય આપણને આપણી અનુભૂતિમાં એન્ટર્ થતો દેખાઈ રહ્યો છે, તે વખતે પણ અહંકાર સ્વયંને અને તે વિષયને કન્ફર્મ કરે છે. આ વાત હું કાલે પણ બતાવી ગયો છું કે આપણે આપણા અહંને, વિષયને જોઈને કન્ફર્મ કરીએ છીએ અને જ્યારે વિષય કન્ફર્મ થઈ જાય તો વિષયને તેનાથી (અહંથી) કન્ફર્મ કરીએ છીએ. જુઓ આ લેવલ્ ઉપર પણ અહંકાર કામ કરી રહ્યો છે. આ ઘડાની કિનારી છે, તે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયની કિનારી છે. તેના ભીતર જે ઘડાનું ગળું છે તેમાં મન આપણા હિસાબથી રહે છે. તેમાં પણ અહંકાર આપણો અટૅચ્ડ્ છે. અહંકાર તેનાથી અન્-અટૅચ્ડ્ નથી. મન સંકલ્પ-વિકલ્પ કરે છે. 'સંકલ્પ'નો મતલબ કોઈ ક્રિયાનો સંકલ્પ કરે છે અને 'વિકલ્પ'નો મતલબ કે જે જ્ઞાનેન્દ્રિયથી ઈન્ફૉર્મેશન્ સપ્લાય્ થઈ છે તેના પ્રોઝ એન્ડ્ કૉન્સ્ ની (પક્ષ અને વિપક્ષ) બાબતમાં મન વિચારે. જેમ કોઈ કાળુ મોટું ડિલ-ડોલવાળું પશુ દેખાયું તો તે ભેંસ છે કે હાથી છે કે ગેંડો છે, આ બધા વિકલ્પ મન વિચારે છે. આ બધા એક ફ્રૅક્શન્ ઑફ સૅકન્ડમાં (તત્ક્ષણ) થાય છે અને આમાંથી કોણ શું છે આ વાતનો વિચાર મન કરે છે. મનની પરિભાષામાં મહાપ્રભુજીએ બહુ સુંદર બતાવ્યું છે કે **"યત્ સંકલ્પવિકલ્પાભ્યામ્"** (સુબો. ૩/૨૬/૨૭) મન સૌથી પહેલાં વિકલ્પ કરે કે જે ઈન્ફૉર્મેશન્ સપ્લાય્ થઈ છે તેમાં તે ચયન કરે છે કે આ કે આ, આ કે આ, આ કે આ. જેમ કોઈ પણ ઈચ્છા શરીરમાં પેદા થઈ તો આ ઈચ્છાને હું આ રીતથી પૂરી કરૂં કે તે રીતથી પૂરી કરૂં. અને એ વિકલ્પોથી રિલેટેડ્ સંકલ્પોને પણ મન જ કરે છે. આ મનનો

રોલ્ છે જે આ ઘડાની ગરદનમાં બતાવ્યું છે.


આ ઘડાની ગરદનની નીચે જે ઘડાનો ઉપરનો ભાગ છે તેમાં બુદ્ધિ છે. તેમાં પણ અહંનો એક રોલ્ છે. બુદ્ધિનો ફંક્શન્ છે સંશય વિપર્યાસ (ભ્રમ) નિશ્ચય સ્મૃતિ સ્વપ્ન અને નિદ્રા વગેરે, આ બધા બુદ્ધિના કામ છે. એ બધા કામ બુદ્ધિ કરે છે અને અહંકાર દરેક વખતે તેની સાથે અટૅચ્ રહે છે. સંશય થાય તો મને લાગે કે સંશય થઈ રહ્યો છે. નિશ્ચય થઈ રહ્યો છે; જેમ આ ઘડો છે આ નિશ્ચય થઈ રહ્યો છે તો મને લાગે કે આ ઘડો જ છે. ભ્રમ પણ આપણે ત્યાં બુદ્ધિનુંજ ફંક્શન્ માનવામાં આવ્યું છે કેમકે સીપમાં આપણને ચાંદી દેખાઈ રહી છે, રસ્સીમાં આપણને સાંપ દેખાઈ રહ્યો છે અને અહંકાર ત્યાં બધી જગ્યાએ અટૅચ્ડ્ છે. અને તે બધું જ્યારે થઈ જાય મતલબ સંશય નિશ્ચય વિપર્યાસ સ્મૃતિ નિદ્રા કે સ્વપ્ન તો તેના સંસ્કાર આપણા ચિત્તમાં જઈને બેસી જાય છે, સ્ટોર્ડ થઈ જાય છે. અને રિક્વાયર્મેંટ્ના હિસાબથી તે બહાર; જેમ રેંટ ચાલે છે તેમ બહાર આવતો રહે છે. આ આપણે ત્યાંની સાયકૉલૉજીના હિસાબથી તેના સ્વરૂપ છે આપણી અહંતાને સંભાળવાવાળો અને અહંતાની દરેક વસ્તુને ક્લબ્ થવાનો.

કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયની રિલેશન્શિપ શું છે? કર્મેન્દ્રિય; આપણને જે ઈચ્છા થઈ રહી છે, તેના હિસાબથી આપણે ચેષ્ટા કરીએ છીએ. એ ચેષ્ટા સૌથી પહેલા મનથી પ્રાદુર્ભૂત થાય સંકલ્પના રૂપમાં. મન તેને મોટિવેટ્ કરે છે. તેના પછી કર્મેન્દ્રિય જેમ હાથ છે, પગ છે, જીભ છે, આ બધા મોટર્ ઑર્ગન્સ્ છે. સેન્સરી ઓર્ગન્ અને મોટર ઓર્ગન્, એમ આપણા શરીરમાં બે પ્રકારના ઓર્ગન છે. તો જે મોટર્ ઑર્ગન્માં મનથી પહેલાં આપણને સંકલ્પ થાય. મન સંકલ્પ કરીને મોટર્ ઑર્ગન્ને કામ કરવાની એક પ્રકારની ડાઈનેમિક્ ફોર્સ્ આપે છે. એ ક્રિયા કર્મેન્દ્રિયથી થાય છે જ્ઞાનેન્દ્રિયના દ્વારા અનુભૂતિના ઈન્ટરૅક્શન્થી. આવી બધી પ્રક્રિયા બરાબર ચાલતી રહે છે, આ આપણે ત્યાં બતાવવામાં આવ્યું છે. આ આપણે ત્યાંની સાયકૉલૉજીનું રૂપ છે.

## (મૉડર્ન સાઈકૉલૉજીસ્ટ્ ફ્રૉઈડ્ની દૃષ્ટિથી અહંકારનું સ્વરૂપ)

હવે આ જ ગ્રાફ્ને પ્રિજર્વ કરીને મૉડર્ન સાયકૉલૉજી શું કહી રહી છે, તે બતાવવા માગી રહ્યો છું. મૉડર્ન સાયકૉલૉજિસ્ટ્ આવી રીતે વિચારે છે કે; આ વિષયની સૌથી પહેલી સુવ્યવસ્થિત સોચ ફ્રૉઈડ્ની છે. બીજી પણ છે જેમ એડ્લર્, જુંગ્, પરંતુ એ બધાને અહીં લાવીને વ્યર્થમાં વિષયને વધારવા નથી માગતો. આપણે અહીં ફ્રૉઈડ્ને જ લઈશું.

### (ચાર્ટ ૧૨)




હમણાં આપણે કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયના કૉન્ટેક્સ્ટ્ને થોડી વાર માટે રાખી દઈએ કેમકે તે આપણે તેને આપણી થિયરીના હિસાબથી જોઈ લીધું છે. મૉડર્ન સાયકૉલૉજી આ બાબતમાં વધારે અલગ નથી કહેતી, થોડુંક જ અલગ કહે છે. મૉડર્ન સાયકૉલૉજીમાં ચિદંશ નથી. તે જેમ આપણે ત્યાં બતાવ્યું છે કે ''સાવરણ ચિદંશ જીવાત્મા''. એ પણ નથી મૉડર્ન સાયકૉલૉજીમાં. પરંતુ મૉડર્ન સાયકૉલૉજીમાં આપણી જે કૉન્સિયસ્નેસ્ છે અને આપણો અહં છે તેના વિશ્લેષણ ફ્રૉઈડ્ના બહુ સારા છે.

### ('ઈડ્' : શારીરિક અહંતા)

આપણે આપણે ત્યાં 'કોહમ્' જોયું હતું. તમને 'કોહમ્' યાદ

હશે તો મારી વાત સમજવામાં જરા પણ તકલીફ નહીં પડે. 'કોહમ્'વાળો બેજ્માં રહેલો જે બાયોલૉજીકલ્ આસ્પૅક્ટ્ છે, તે 'કોહમ્'ની જેટલી ડિમાન્ડસ્ છે કે મારે આ જોઈએ આ જોઈએ, એ બધી ડિમાન્ડસ્થી એસોસિયેટેડ્ એક 'ઈડ્' હોય છે. જોઈએ એટલે જોઈએ. તેમાં કૉમ્પ્રોમાઈઝનો કોઈ સવાલ જ નથી કેમકે તે બાયોલોજીથી ગવર્ન થતો ફિનોમિના છે. 'ઈડ્'નો આ આપણી અહંતામાં કે મારે ભોજન જોઈએ, મારે ઉંઘ જોઈએ છે, મારે આરામ જોઈએ છે, કોઈ મને સારૂં લાગી રહ્યુ છે, કોઈ મને ખરાબ લાગી રહ્યું છે વગેરે વગેરે. જે પણ કાંઈ **''આહાર નિદ્રા ભય મૈથુનં ચ સામાન્યમ્ એતદ્ પશુભિઃ નરાણામ્''** મતલબ પશુના સમાન જે પણ કાંઈ આપણી આવશ્યકતા છે, તે આપણા 'ઈડ્' નામના અહંકારથી ગવર્ન થાય છે. આપણા અહંકારનો એક પહેલુ ઈડ્ છે.

સાયકૉલૉજીના હિસાબથી આ ઈડ્ આપણી ઈન્સ્ટિક્ટિવ્ નૅચરલ્ (સહજ સ્વભાવ) અહંતા છે. આને આપણે અહંતાનો રૉ-મટિરિયલ્ કહી શકીએ. તે ઈડ્ના હિસાબથી બાળક બધો બિહેવિયર્ સ્ટાર્ટ કરે છે. જે જોઈએ તે જોઈએ, જે નથી જોઈતું તે નથી જોઈતું. તેના હિતમાં હોય, અહિતમાં હોય, આ ઈશ્યુ નથી. ઈડ્ જે કહી રહ્યો છે તે બાળકને જોઈએ. બાળકને ગળ્યું કેમ ભાવે?કેમકે વધતા બાળકના શારીરિક વિકાસને માટે શુગર્ની જરૂરત હોય છે. એટલા માટે તેને સાકર ભાવે છે. ઘરડો શાકર ખાય તો ડાઈબિટીજ્ વધે કેમકે શરીર ના પાડી રહ્યું છે કે હવે બહુ થઈ ગયું, હવે વિકાસની આવશ્યકતા નથી. તો બધું આ પ્રકારનું છે કે જે કાંઈ જોઈએ આપણને , તેની શરીર માંગ કરે છે. આની ખૂબસૂરતી સમજો કે માંગ તો શરીરના બીજા અંગ કરી રહ્યા છે. શરીરના અલગ-અલગ ફંક્શન્ માંગ કરી રહ્યા છે પરંતુ તેનો કો-રિલેશન્ આપણી ઈડ્થી થાય કે નહીં! જેમ આપણને ભૂખ કેમ લાગે? કેમકે આપણા ડાઈજેશન્નો જે એન્જાઈમ્ છે તે કાંઈ ન મળે તો પેટની ભીંતને કોતરવાનું શરૂ કરે. ત્યાં પેટમાં કાંઈક દર્દ થઈ રહ્યું છે પરંતુ આપણી ઈન્ટર્પ્રિટેશન્ આ હોય કે મને ભૂખ લાગી રહી છે. જ્યારે પાણી આપણા શરીરમાં ઓછું થઈ જાય તો શરીરની ઑરગેનિજમ્ પાણીની ડિમાન્ડ્ કરે છે. પરંતુ આપણે તેને

કેવીરીતે કહીએ છીએ કે ''મને તરસ લાગી રહી છે''. આમ શરીરની જે માંગ છે તેનો આપણા અહંમાં એક ઈમોશનલ્ પહેલુ હોય છે જે આપણી ઈડ્થી એસોસિએટેડ્ થઈને આપણી સામે પ્રકટ થાય છે. ''મને તરસ લાગી છે, મને ભૂખ લાગી છે, મને ઉંઘ આવે છે, મને ડર લાગી રહ્યો છે, હવે મારે જાગવું છે,'' વગેરે વગેરે. આ બધી બાયોલૉજીકલ્ ડિમાન્ડ્ છે તે ઈડ્ના દ્વારા રિવીલ્ થાય છે. એક્ચ્યુઅલી ઈડ્ને આપણે એવો ચમચો સમજી લઈએ કે જે આપણી બાયોલૉજીકલ્ ડિમાન્ડ્થી તેને ચમચો ભરીને આપણે કૉન્શિયસનેસ્ને સોંપી દે તે આપણને લાગે કે આ આપણે જોઈએ. પરંતુ તે ઈડ્ની સાથે તકલીફ આ છે; કેમકે બાળક પરિવારમાં જીવી રહ્યો છે, સમાજમાં જીવી રહ્યો છે તો તેને ઈડ્ના દ્વારા જે ડિમાન્ડ્ પેશ કરવામાં આવી રહી છે, તે બધી ફુલ્-ફિલ્ તો થઈ નથી શકતી.

જેમ એક સામાન્ય ઉદાહરણ બતાવું કે આપણે બાળકને લઈને દોસ્તને મળવા ચાલ્યા જઈએ. આપણી અને તેની જીગર-જાન દોસ્તી છે પરંતુ આપણી વાતો એ બાળકને તો સમજમાં નથી આવી રહી ને! તો બાળક બહાર જવાની જીદ્દ કરે ત્યારે આપણને ગુસ્સો આવે. પરંતુ તેમાં બાળકની શું ભૂલ છે? આવી વાત બાળક કેમ કરી રહ્યો છે? કેમકે તેના ઈડ્ના લેવલ્ ઉપર એ બધી વાતો સમજમાં નથી આવી રહી. તે ત્યાં ડિસ્કમ્ફર્ટ્ ફીલ્ કરી રહ્યો છે કેમકે તેને લાગે કે મારા હોવાનું અહીં શું પ્રયોજન? જે સિચ્યુએશન્માં તેની ડિમાન્ડ્ પૂરી નથી થઈ રહી, તેને એટૅન્ડ્ કરે નહીં તો તે રોવાનું શરૂ કરે કે ''બહાર જવું છે.'' બાળકની સૌથી પહેલી આવશ્યકતા છે કે તેને કોઈ એટૅન્ડ્ કરવાવાળો જોઈએ. પરંતુ જ્યારે બે મોટા મળી જાય તો બાળકને એટૅન્ડ્ કરે નહીં તો બાળક નર્વસ્ ફિલ્ કરે કે મારૂં શું થયું આમાં. બાળકની પ્રાઈમરી આવશ્યકતા છે સુરક્ષાની કે મને કોઈ અટૅન્ડ્ કરે કેમકે ક્યાંક ને ક્યાંક બાળકના ઈગોમાં એક અવેયર્નેસ્ હોય છે કે હું ડિપૅન્ડેન્ટ્ છું. કોઈ મને જો અટૅન્ડ્ કરી રહ્યો છે તો હું સુરક્ષિત છું. જો કોઈ અટૅન્ડ્ નથી કરી રહ્યો તો હું અસુરક્ષિત છું. જેવો એ બાળક પોતાની જાતને અન-અટૅન્ડેડ્ ફિલ્ કરે તો તે અસુરક્ષિતતા મહેસુસ કરે છે. એ જે અસુરક્ષિત હોવાની ફિલિંગ્ છે તેનાથી

તેને રોવું આવે છે.

મોટાભાગે આપણા ઠાકોરજી પણ આટલા માટે જ અસુરક્ષિત ફિલ્ કરે કેમકે આપણે હવેલીઓમાં ચક્કર મારતા રહીએ, તેને અટૅન્ડ્ ન કરીએ તો તે પણ રોવા લાગી જાય કે મારે મથુરા જવું છે અને આટલા માટેજ તે ગ્વાલમંડલીમાં પધારી જાય. બાળકની અહંતા આટલી અસ્વસ્થ થઇ જાય, એ પ્રકારથીજ આપણા ઠાકોરજીનો ઈગો પણ હર્ટ થઇને એવો થઇ જાય કે એ વિચારે કે "ભઇ! તમે મને અટૅન્ડ્ નથી કરી રહ્યા, હવેલીમાં જઇ રહ્યા છો તો ત્યાં શું છે?" એ વિચારીને પણ ફરી પાછા ત્યાં ચાલ્યા જાય. તેનો ઈગો ડિસ્ટર્બ થઇ જાય કેમકે આપણે આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીને અટૅન્ડ્ નથી કરી રહ્યા. બેસિક્ ઈશ્યુ આ છે. બાલ-ભાવ હોવાના કારણે એ અસુરક્ષિત અનુભૂતિ કરે છે.

**(સુપર્-ઈગો : પરમ અહંતા)**

જે ઈડ્ની ડિમાન્ડ્ છે તેને જ્યારે પ્રસ્તુત કરવામાં આવે તે વખતે જે એલ્ડરલી એન્વાયર્મૅન્ટ્ છે, તે ક્યારેક તેને સંતુષ્ટ કરે ક્યારેક ન પણ કરે. આથી બાળક ઉપર નિરંતર એક પ્રકારની હૅમરિંગ્ થતી રહે છે કે કોઇક વાતો એવી છે કે જે હું કહી શકું છું અને કેટલીક વાતો એવી છે કે જે હું કહી નથી શકતો અને સહી પણ નથી શકતો. આ કારણે બાળકમાં એક સુપર્-ઈગો ડૅવલપ્ થઇ જાય કે મને આમ જોઇએ પરંતુ મોટાઓને આમ જોઇએ. જ્યારે પણ મારે કોઇ કામ કરવું છે ત્યારે મારે આ ખ્યાલ રાખવો પડશે કે મોટાઓને શું જોઇએ. એ બાળકનો સુપર્-ઈગો કહેવાય. સુપર્-ઈગો, ઈડ્ની ઉપર સુપર્-ઇમ્પોજ થઇને આવે છે. આ ફ્રૉઇડ્ની બહુજ સરસ ઍનેલૅસિસ્ છે.

આપણે આને આમ સમજી શકીએ છીએ કે એક ડાયરેક્ટર્ એક ફિલ્મ્ બનાવે અને સૅન્સર્-બોર્ડ તેના ઉપર 'એ' કે 'યૂ' નો બોર્ડ લગાવે કે આ સીન્ કાપો તે સીન્ કાપો. આ સૅન્સર્-બોર્ડ ડાયરેક્ટરની ઉપર સુપર્-ઈગો છે. તે સુપર-ઈગો બાળકમાં ઘણીબધી અસ્વસ્થતા પણ પેદા કરી શકે છે પરંતુ સુપર્-ઈગોના ડૅવલપ્મૅન્ટ્ની સ્ટેજ્પર જો બાળકને એક

સ્વસ્થ વાતાવરણ પ્રદાન કરવામાં આવ્યું છે તો તેનો સુપર્-ઈગો પણ સ્વસ્થ થશે. જ્યારે આવું થશે તો બાળકના સુપર્-ઈગો અને ઈડ્માં કન્ફ્લ્ન્ટેશન્ નહીં થાય. એ બંને એક-બીજાથી કૉ-ઓર્ડિનેટેડ્ થશે. ત્યારે તે બાળકની અહંતા કે ઈગોના અસ્વસ્થતાની સંભાવના બહુજ ઓછી થઈ જાય છે. ફ્રૉઈડે તેનું નામ 'સુપર્-ઈગો' આપ્યું છે. 'ઈડ્' મતલબ શારીરિક અહંતા અને 'સુપર્-ઈગો' મતલબ પરમ-અહંતા મતલબ મોટાઓના દ્વારા આપણા ઉપર લાદવામાં આવેલો જે ઈગો છે તે.

## ('ઈગો' : અહંતા)

હવે ઈડ્ અને સુપર્-ઈગોના જે વખતે કન્ફ્લ્ન્ટેશન્ શરૂ થાય તો જેમ-જેમ બાળક મોટો થાય તો આ કન્ફ્લ્ન્ટેશન્‌ના કારણે તેમાં આ જઘડાને કારણે એક નવા પ્રકારનો અહં ડૅવલપ્ થાય. જેને આપણે આપણી ભાષામાં 'શુદ્ધ કે મધ્યસ્થ અહંતા' કહી શકીએ છીએ સમજવા માટે. તે અહંતા કેવી હોય? ઈડ્ અને સુપર્-ઈગોના જઘડા મટાડવા માટે પેદા થયેલી એનામાં અહંતા છે. આ અહંતા આપણા વ્યવહારને સમાજમાં સંભાળવાનું સૌથી મોટું કારણ બને છે કેમકે આપણી ભીતર; મોટાઓથી, અહીંથી, ત્યાંથી, ધર્મથી આવી રહેલા સુપર્-ઈગો છે તે આપણી ઇડ્‌ની સાથે નિરંતર મહાભારત કરી રહેલા છે. આને આમ સમજો કે જેમ મહાભારતમાં પાંચ પાંડવ અને સો કૌરવ હતા તેમ અહીં પણ ઇડ્ જો સો છે તો સુપર્-ઈગો પણ હજારથી ઉપર છે. ઈડ્‌ના અને સુપર્-ઈગોના આસ્પૅક્ટ્ ઈન્યુમરેબલ્ (અસંખ્યાત) છે અને એ બંનેની વચમાં મધ્યસ્થતા કરવાવાળો જે અહં છે તે આપણો સાચો અહં છે. તે આપણા વ્યવહારને કન્ટ્રોલ કરે છે. આજે આપણે જે પણ વ્યવહાર કરી રહ્યા છીએ તેને ફેસ્-વૅલ્યુ ઉપર કન્ટ્રોલ્ કરવાવાળો આપણો અહં છે. તે ન ઈડ્ હોય છે ન સુપર્-ઈગો હોય છે કેમકે ઇડ્ કાંઇક કહી રહ્યો છે અને સુપર્-ઈગો કાંઇક બીજું કહી રહ્યો છે. એ બંનેને બૅલેન્સ્ કરીને પ્રસ્તુત કરવા, તેને બહાર આઉટ-લેટ્ આપવો તે કામ આપણા અહંનું છે. પ્રકટ વ્યવહારમાં સૌથી વધુ રોલ આ અહંનો છે. નતો તે ઈડ્‌નો છે અને નતો

સુપર્-ઈગોનો છે. જો તે આ બંનેના જઘડાને સંભાળી શકતો હોય, આ બંનેના ટૅન્શન્‌ને સહન કરી શકતો હોય તો તે સ્વસ્થ અહં છે. પરંતુ એ ઈગોની સાથે પ્રૉબ્લેમ્ આ હોય છે કે તે આ બંનેના જઘડામાં જ્યારે તે ખુદ સ્પ્લિટ્ થવા લાગી જાય ત્યારે તેમાં આપણા વ્યવહારને મૅનેજ્ કરવામાં બહુ ભારે તકલીફ પેદા થવા લાગી જાય છે. આ ફ્રૉઈડ્‌ની સાયકૉલૉજીનો સિદ્ધાંત છે.

કન્ફ્રન્ટેશન્ શા માટે થાય છે કેમકે જેટલી ઈડ્‌ની સ્પોન્ટેનિયસ્ ડિમાન્ડ્ છે એટલો સ્પોન્ટેનિયસ્ આપણે સમાજમાં એ ડિમાન્ડસ્‌ને જીવી નથી શકતા. આ પ્રૉબ્લેમ્ છે.

જેમ એક વાત બતાવું કે જાનવરોમાં કેટલી સારી વ્યવસ્થા છે કે કોઈ જાનવરને આપણાથી ડર લાગી રહ્યો છે તો કાં તો તે ભાગી જશે અથવા તે આપણી શક્તિનું માપ-તોલ કરશે. અને જરાક પણ તેને એમ સમજમાં આવ્યું કે આપણે કમજોર પડી રહ્યા છીએ તો તે આપણા ઉપર અટૅક્ કરશે. તેને બે ભાષા આવડે છે. તે ક્યારેય આપણી નિંદા નહીં કરે કે પ્રતીક બહુ ઘમંડી લાગી રહ્યો છે અમેરિકા જઈને આવ્યો છે એટલે. પ્રતીક શા માટે અમેરિકા ગયો? કેમકે હિન્દુસ્તાનમાં ચાલ્યું નહીં. આ બધા લફડા જે આપણા ઈગોમાં પેદા થઈ રહ્યા છે. આ કેમકે હું તને સીંગડા મારવા માગી રહ્યો છું, પરંતુ મારી તો નથી શકતો તો હવે શું કરૂં? કાંઈક તો કરૂં કે ન કરૂં? પછી હું એવી વાતો શોધી-શોધીને લાવું કે પ્રતીક આ રીતથી લાયક નથી અને પ્રતીક તે રીતથી લાયક નથી. હવે તું સમજીજ ન શકે કે મૂલ હેતુ શું છે? તું સમજે કે ગાળો આપી રહ્યો છું. એક્ચ્યુઅલી ગાળો નથી આપી રહ્યો. પરંતે કેમકે મને તે વ્યક્તિ માફક નથી આવી રહ્યો. આ જે કન્ફ્રન્ટેશન્ છે ઈડ્‌નો અને સુપર્-ઈગોનો કે મને ખબર છે કે પ્રતીકને થપ્પડ મારીશ તો પોલિસમાં કમ્પ્લેન્ કરશે. પછી શું કરવું? હું જોતો રહું કે શું કરવાથી થપ્પડ પણ લાગી જાય અને પોલિસમાં કમ્પ્લેન્ કરવાનો મોકો પણ નહીં રહે.

હું કૉલેજ્‌માં હતો ત્યારે આ જ ડ્રેસ્‌માં જતો. અમારો એક પ્રૉફેસર્

હતો. તે મારા ઉપર બહુ નારાજ રહે. તેને બહુજ ગુસ્સો આવતો કે આવા ધોતી-ઉપરણા પહેરીને કૉલેજ્માં કેમ આવી જાય? કોઈ-કોઈ બહાના બનાવીને મારી સાથે લડતો. જે પોઈન્ટ્ ઉપર આવો તે વાત ઉપર ગાળો આપે. મેં કહ્યું હવે આ પ્રૉફેસર્નું કરવું શું? કાંઈક તો કરવું ને! તો મેં મારા દોસ્તો સાથે શરત લગાવવાની શરૂ કરી કે આના મોઢામાં દાંત નથી. ક્લાસમૅટ્ કહેતા ‘‘નહીં નહીં આવું કેમ હોઈ શકે ગોસ્વામી?'' મેં કહ્યું ‘‘જો! દશ-રૂપિયા ચાલ શરત લગાવ.'' (એ પઠ્ઠો જોઈને હસતા) તે એટલો કૉન્શિયસ્ થઈ ગયો મોં ઢાંકવા લાગી ગયો. આપણે તો દશ-રૂપિયા હારવા જ હતા. પરંતુ કાંઈક બદલો તો લઈ લીધો કે નહીં? હવે ઝાડ તો ન શકે પ્રૉફેસર્ને પરંતુ આ તો કરી શકે બધા તેના મોઢામાં જઈને જોઈ રહ્યા છે. તેને સમજમાં જ ન આવતું કે કેમ બધા અહીં જોઈ રહ્યા છે? ગૅમ્બ્લિન્ગ્ સારી હતી તેનાથી રિવેન્જ્ લેવાની. આવું થાય માણસ શું કરે! ‘સચ્ ઈજ્ દ્ લાઈફ્’.

**પ્રશ્ન :** એ જે ઈગો સૅપરેટ્ છે તે ડૅવલપ્ પોતાની મેળે થાય?

**જવાબ :** નહીં, એ થપ્પડ ખાઈ-ખાઈને જ ડૅવલપ્ થાય. એક બાજુથી ઈડ્ ખેંચે. એક બાજુથી સુપર્-ઈગો ખેંચે. પછી કરીએ શું? માણસને પોતાનો ઈગો ડૅવલપ્ કરવો જ પડે. જુઓ હું એક બહુ મજેદાર વાત બતાવું.

જયપુરમાં મુંદડાજીને ત્યાં હું ગયો. એક વખત ફરીથી ગયો તો અપરસમાં નહાયો. એમને ત્યાં નિધિસ્વરૂપ બિરાજી રહ્યા છે. એમણે બહુ દૈન્યભાવથી મને કહ્યું કે સેવામાં કોઈ ભૂલ હોય તો આપ સુધારો. કોઈ ભૂલ ન દેખાણી. મેં કહ્યું કોઈ ભૂલ નથી. બહુ સરસ રીતથી સેવા થઈ રહી છે. એમણે કહ્યું નહીં અમારા પિતાજી એમ આજ્ઞા કરી ગયા ‘‘જે બાલક આવે તે જે આજ્ઞા કરે તે બાલકની સામે તે રીતથી સેવા કરવી. બાલક ચાલ્યા જાય પછી આપણી રીતથી સેવા કરવી. આપ કાંઈક આજ્ઞા કરો.'' હું સમજી ગયો રહસ્ય. કેમકે બધા બાલકો અલગ-અલગ આજ્ઞા કરે. હવે એ જાય ક્યાં? એમનો કોઈ ઈડ્ છે બિચારાનો સેવા કરવાનો. દરેક બાલક

ત્યાં જઈ-જઈને નવી-નવી આજ્ઞા કરે. તેનાથી એક સુપર્ ઈગો થાય કે ભઈ આ બાલક આવી ગયા. એ કહી દે કે આમ નહીં આમ કરવું. હવે તો બાલકને ના પાડે તો બાલકનો ઈગો હર્ટ થઈ જાય. તો એમના પિતાજી પહેલાથી જ આજ્ઞા આપી ગયા કે જે બાલક આવે તેમની સામે તેવીરીતે સેવા કરવી. બાલક જાય પછી આપણી રીતથી સેવા કરવી. અને ફરી મને કહ્યું કે કાંઈક આજ્ઞા કરો. મેં કહ્યું ‘‘છે જ નહીં કાંઈ આજ્ઞા.’’ હવે તો બ્રહ્મજ્ઞાન મળી ગયું મને. હવે શેની આજ્ઞા! આ ઈગો ડૅવલપ્ થાય જ છે કેમકે જ્યારે બંને સાઈડ્માં કન્ફ્ન્ટેશન્ આવતા હોય, ટેન્શન્ આવતું હોય તો માણસને ઈગો ડૅવલપ્ કર્યા વિના છૂટકારો જ નથી.

જ્યાં સુધી આપણી ભીતર જે બાયોલૉજિકલ્ ડિમાન્ડ્ છે એને મૅનેજ્ કરવાનું તમે ખુદ ન શીખો, ત્યાં સુધી ઈડ્ ડૅવલપિંગ્ પ્રોસેસ્માં રહે છે. જ્યારે તમે તેને મૅનેજ્ કરતા શીખી જાવ, વિદ્ દ્ કૉન્ટ્રાડિક્શન્ ઑફ્ દ્ સુપર્-ઈગો, ત્યારે ઑલ્મોસ્ટ્ ઈડ્ તમારી સ્ટેબલ્ થઈ જાય છે કેમકે તમે જાણો છો કે કયા પ્રકારની ઈડ્ને એક્સપ્રેસ્ કરવાથી સુપર્-ઈગો સૅન્સર્ થશે અને તેના કારણે પછી આપણી લાઈફ્માં કન્ફ્ન્ટેશન્ આવે છે. એ કન્ફ્ન્ટેશન્ને આપણે મૅનેજ્ કરીએ છીએ. જેમ-જેમ આપણે મૅચ્યોર્ થતા જઈએ, તે પ્રકારના આપણા ઈગો ડૅવલપ્ થાય છે. એ ઈગો કોઈને સપોર્ટ ન કરે. ઈગો તો ફક્ત મધ્યસ્થતા કરે, દલાલી. દલાલ કેમ તારી પાસેથી પણ પૈસા લે મકાન અપાવવાના. તેની પાસેથી પણ પૈસા લઈ લે મકાન વેંચાવવાના. બંનેની દલાલી ખાય. આવીરીતે ઈગો બંનેની દલાલી ખાય. ઈડ્ની પણ દલાલી ખાય. તેની (સુપર્-ઈગોની) પણ પીઠ થપથપાવી આવે. તે એકતરફી દલાલી ન કરે.

અમારે ત્યાં કિશનગઢમાં હોલકર લૂંટવા આવ્યા. કિશનગઢ બિચારૂં નાનકડું રાજ્ય. લૂંટવા આવ્યો તો કિશનગઢ હોલકર સાથે લડી કેવી રીતે શકે? કિશનગઢે કહ્યું લડશું તો આપણે મરશું. હોલકરને જઈને મળ્યા. શિવાજીના વખતમાં શિવાજીએ ચોથકર લાગુ કર્યો હતો. તેના સક્શેસન્માં મરાઠાઓએ પછી જે-જે મુગલ ટૅરેટરી હતી કે મુગલના સપોર્ટર્ હતા

એમને લૂંટવાનો એક પ્રોગ્રામ્ બનાવ્યો. એવીરીતે આપણા નાથદ્વારા કિશનગઢ પણ લૂંટવા આવ્યા હતા. કિશનગઢ દરબારે કહ્યું જુઓ, અમને લૂંટશો તો તમને કાંઈ નહીં મળે. કીડી ખાવા મળશે. એક કામ કરો. આપણે બંને દોસ્તી કરીને જયપુર લૂંટીએ. હોલકર ચક્કરમાં આવી ગયો ગરીબ. તેને ખબર નહીં કે શું લફ્ડું છે. તેણે કહ્યું સારૂં આપણે બંને મળીને જયપુર લૂંટવા જઈએ. બંને જયપુર લૂંટવા માટે જયપુર ટૅરેટરી આવતા પહેલાં અટકી ગયા કે પહેલાં જઈને જોઈ આવીએ કે જયપુરનો એટમોસ્ફિયર્ કેવો છે? જયપુર દરબારને કહ્યું કે ‘‘હોલકર લૂંટવા આવ્યો છે આટલા પૈસા લાવો.’’ ત્યાંથી જયપુરથી લઈ લીધા. અહીંથી હોલકરથી લઈ લીધા. અમારા કિશનગઢમાં એ બાંદરસીંદરી ગામ જયપુર પાસેથી લેવામાં આવેલું છે, જે હોલકરથી ડરાવીને લઈ લીધું હતું. એ બંનેનું સમાધાન કરાવી દીધું. ત્યાં જઈને કહી દીધું કે અત્યારે જયપુરમાં આર્મી એલર્ટ છે. અત્યારે લૂંટવા જશો તો પ્રૉબ્લેમ્ થઈ જશે. કાંઈક તેની પાસેથી પણ લઈ લીધું. કાંઈક આની પાસેથી પણ લઈ લીધું. શાંતિથી નિવૃત્ત કરી દીધો હોલકરને. ઈગો આ પ્રકારનું કામ કરે. તેને એકબાજુના ટૅન્શન્‌ને ફેસ્ નથી કરવાનો ને! બંને બાજુના ટૅન્શન્‌ને જોવા પડે. મોટા શું કહી રહ્યા છે તેને પણ જોવાનું છે અને હું શું કહી રહ્યો છું એને પણ જોવાનું છે અને બંનેની વચમાં કૉમ્પ્રોમાઈઝ કરવાની છે. એ સોલ્યુશન્ તો આપણે જ લાવવું પડે.

**પ્રશ્ન :** તે ઈગો સ્વસ્થ રહેશે?

**જવાબ :** સ્વસ્થ તો કેવીરીતે રહેશે. આ દલાલીમાં તો બધાના હાથકાળા થાય ને! દલાલને તો બિચારાને સ્વસ્થ રહેવાનો ચાન્સ્ જ નથી. પરંતુ એ ઈગો સુપર્-ઈગોની તરફ આ બાજુ ઈડ્‌ની પણ પૂરી સંભાળ લે.

### (ફ્રૉઈડ્‌ની દૃષ્ટિથી ચેતનાનું સ્વરૂપ)

આ પ્રકારનો અહંતાનો રોલ્ ફ્રૉઈડે બહુ ખૂબસૂરત બતાવ્યો છે. વીસા-વિસ્ ફ્રૉઈડ્ આપણી અહંતાની બાબતમાં એક બીજી વાત બતાવે છે. ફ્રૉઈડ્ આપણી ચેતનાના ત્રણ પ્રકારના લૅવલ્ બતાવે છે. એક અન્-

કૉન્શિઅસ્ લૅવલ્, બીજું સબ્-કૉન્શિઅસ્ લૅવલ્ અને ત્રીજું કૉન્શિઅસ્ લૅવલ્ હોય છે. ઑલમોસ્ટ્ ઈગો કૉન્શિઅસ્ લૅવલ્ ઉપર કામ કરે છે અને જે સુપર્-ઈગો છે તે સબ્-કૉન્શિઅસ્ લૅવલ્ ઉપર કામ કરે છે. એ સબ્-કૉન્શિઅસ્ લૅવલ્ આપણી ભીતર પ્લાન્ટેડ્ થઈ જાય છે. જ્યારે પણ આપણે કોઈ કૉન્શિયસ્ ડિસિઝન્ લેવા જઈએ તો તે અંતરાત્માનો અવાજ છે, તે સબ્-કૉન્શિઅસ્ અવાજ છે કે જે આપણે સાંભળીને કરવું છે.

બીજો એક તેનો અન્-કૉન્શિઅસ્ લૅવલ્ છે. અન્-કૉન્શિઅસ્ લૅવલ્માં ઑલમોસ્ટ્ એ જ લૅવલ્ છે જેને આપણે 'ચિત્ત' કહી રહ્યા છીએ કે જેમાં બધી વસ્તુઓ સ્ટોર્ થાય છે. સંસ્કાર આપણા સ્ટોર્ થાય છે. જે પણ કાંઈ જ્ઞાન થયું, ઈચ્છા થઈ, જે પણ આપણે કાંઈ કરવા માગી રહ્યા છીએ કે નથી કરવા માગતા કે જે કાંઈ આપણાથી થઈ રહ્યું છે એ બધો ભાવ આપણા અન્-કૉન્સિઅસ્માં સ્ટોર્ થઈ જાય છે અને તે ઈડ્ને પ્રોવૉક્ કરે છે. તે અન્-કૉન્સિઅસ્માં રહેલો ભાવ ઈડ્ને પ્રોવૉક્ કરે. ખુદ સામે નથી આવતો. અને ઈડ્ પછી જઘડો કરે. સબ્- કૉન્શિઅસ્ શું છે? સુપર્-ઈગોને પ્રોવૉક્ કરે કે ''ભઈ! આની તો મનાઈ છે. કેવીરીતે કરશું?'' અને કૉન્શિઅસ્ લૅવલ્ ઉપર આપણે તેને ઈગોથી તોડી કાઢીએ કે ''અચ્છા આમ કરી લો તો ન આ ગુસ્સે થશે કે ન તે ગુસ્સે થશે. અને બંને કામ આપણા થઈ જશે.'' અન્-કૉન્શિઅસ્ બિલકુલ બૉટમ્ ઉપર રહે છે અને બહુ મોટો છે.

સૌથી વધારે આપણી ભીતર અન્-કૉન્સિઅસ્નો જ પાર્ટ છે. તેનાથી ઓછો સબ્-કૉન્સિઅસ્નો પાર્ટ છે કેમકે અન્-કૉન્સિઅસ્ જે લૅવલ્ છે, આપણા ચિત્તની જેમ એ તો આપણા બાયોલૉજીકલ્ સ્ટ્રક્ચર્થી કો-રિલેટેડ્ ફિનોમિના છે આપણી કૉન્સિઅસ્નેસ્નો. તેનો બહુજ મોટો રોલ્ છે. તેની ભીતર બધી ઈન્ફૉમેશન્ સ્ટોર્ડ છે. આપણી બધી અનુભૂતિ, ભાવના, કરવાની ઈચ્છા, અનિચ્છા, રાગ દ્વેષ લોભ મોહ મદ માત્સર્ય બધાનો ભંડાર અન્-કૉન્શિઅસ્માં ભરાયેલો રહે છે અને તે

સ્વયં સામે નથી આવતી પરંતુ ઈડ્‌ને પ્રોવૉક્‌ કરે છે. ''આ કરીને જો તે કરીને જો.'' અને તે ઈડ્‌ જે વખતે કરવા માટે જાય તે વખતે તુરત સબ્‌-કૉન્શિઅસ્‌ તેને એલાર્મ વગાડીને જગાડે કે ''જો! કાંઈક આવી રહી છે વાત. સાવધાન થા. ચોરને કહે ચોરી કર શાહુકારને કહે જાગતો રહે. આપણો કૉન્સિઅસ્‌ આ પ્રકારથી કામ કરે છે. અન્‌-કૉન્સિઅસ્‌ ચોરને ચોરી કરવાનું કહે અને શાહુકારને સુપર્‌-ઈગોને કહે કે જાગતો રહે. એ સબ્‌-કૉન્સિઅસ્‌ લૅવલ્‌ ઉપર જઈને બટન્‌ દબાવી આવે. અંતમાં કૉન્સિઅસ્‌ લૅવલ્‌ ઉપર આપણે તેને રિજોલ્વ્‌ કરવો પડે ''કે ભઈ! આ બંનેના પ્રોજ્‌ એન્ડ્‌ કોન્‌ વિચાર. મારા માટે સેફેસ્ટ્‌ શું કોર્ષ છે તે હું કરૂં.'' હવે જો તેણે કોઈ સેફેસ્ટ્‌ કોર્ષ એડૉપ્ટ્‌ કરી લીધો, બરાબર કલ્ક્યુલેશન્‌ની સાથે કે આ સેફેસ્ટ્‌ કોર્સ છે અને તે કોર્સને કરીને સૅટિસ્ફાઈડ્‌ થઈ ગયો તો ઈગો તેનો કન્ફર્મડ્‌ થઈ જાય કે હા આને કરવાની આ રીત છે. જો તેમાં કોઈ ફ્રસ્ટ્રેશન્‌ આવી ગયું પછી આપણો ઈગો જટકો ખાઈ જાય. પછી તે તુટવાનો શરૂ થાય, કેટલી-કેટલી જાતની ક્રિયાઓ શરૂ થાય.

આવીરીતે મૉડર્ન સાયકોલૉજીમાં ઈગોની સૅલ્ફ્‌ ડિફેન્સ્‌ મૅકેનિઝમ્‌ની બહુ ઈન્ટ્રેસ્ટીંગ્‌ પંદર ક્રિયાઓ બતાવી છે. અને એ ક્રિયાઓના અર્ગૅઈન્ટ્સ્‌ કેવીરીતે આપણને બચાવવા તેની બાબતમાં સાયકૉલૉજીના જે ઉપાય છે તે એજ્‌ વેલ્‌ એજ્‌ આપણા મહાપ્રભુજીએ જે ઉપાય બતાવ્યા છે; તે આજે તો ટાઈમ્‌ નથી મારી પાસે. પરંતુ શકય હશે તો કાલે એ ક્રિયાઓને જોઈશું કે (ઈગો ડિફેન્સ્‌ મેકેનિજમ્‌;) જે વખતે ઈડ્‌ અને સુપર્‌-ઈગોના ટૅન્શન્‌ના કારણે ઈગોમાં આ રીતની પ્રૉબ્લેમ્‌ ક્રિએટ્‌ થાય છે, કાઉન્ટર્‌ ટેન્શન્‌ને કારણે તે વખતે ઈગો જે પ્લાન્‌ આઉટ્‌ કરે છે, તે પ્લાન્‌ આઉટ્‌ના સકસેસ્‌ અને અન્‌-સકસેસફુલ્‌ હોવાના, બંનેના ચાન્સ્‌ છે. તેના કારણે તેમાં જે તકલીફ પેદા થાય છે, તેને કારણે પાછો ઈગો અસ્વસ્થ થવો શરૂ થાય છે. સાઈકૉલૉજીનો ઈગો-ડિફૅન્સ્‌ મૅકેનિજમ્‌ બહુ ઈન્ટ્રેસ્ટિંગ્‌ ચેપ્ટર્‌ છે. તે આપણે સાયકૉલૉજીથી પણ ભણી શકીએ છીએ. પરંતુ એના તે પ્રૉબ્લેમ્‌નું સૉલ્યુશન્‌ મહાપ્રભુજીએ કેવીરીતે વિચાર્યું છે તે આપણી પ્રૉબ્લેમ્‌ છે. તે આપણે

જોઇએ તો ખબર પડે કે આપણો ઈગો મૅનેજમૅન્ટ્નો મહાપ્રભુજીનો શું પ્રોગ્રામ્ છે? પરંતુ તે આજે નહીં થઇ શકે. કાલે બતાવીશ. થોડોક આજે ઇન્ટરવલ્ કરી લઇએ તેના પછી કરશું.

## (અન્-કૉન્સિઅસ્નો રોલ્)

અન્-કૉન્સિઅસ્ની બાબતમાં મને એક બહુ મજેદાર વાત યાદ આવી ગઇ. તેનાથી અન્-કૉન્સિઅસ્નું સ્વરૂપ સમજમાં આવી જશે કે કેવો છે? અમારા મોટા જમાઇ અંકિતજીએ મને બતાવ્યું કે એમના ઉદયપુરમાં એક વોહરાજી છે. તે એક દિવસ અંકિતજીની સાથે ટ્રેનમાં યાત્રા કરી રહ્યા હતા. અપર્-બર્થ ઉપર વોહરાજી દૂધની બૉટલ્થી દૂધ પીને સૂતા. આમને હસવું આવી ગયું કે આ શું નાટક છે! તો તેઓ ગુસ્સે થઇ ગયા. ''હસો છો શું! આમાં કોઇ ખરાબ વાત છે શું દૂધ બૉટલ્થી પીવું?''

આપણને હસવું આવે તેનું મૂલ રહસ્ય તમને બતાવું. કેવીરીતે અન્-કૉન્સિઅસ્ ઈગો કામ કરે તેનો એક પરફેક્ટ્ એગ્ઝામ્પલ્ છે કેમકે બાળપણમાં બાળકના દાંત આવવાના શરૂ થાય તે વખતે તેને પેઢામાં ખંજવાળ આવે. એ ખંજવાળને મટાડવા માટે તેને કાંઇક ચાવવા માટે જોઇએ અને તેનાથી તેની ખંજવાળ મટે. હવે એમાં જો દૂધ આવવાનું શરૂ થઇ જાય તો બાળક દૂધ પીવા લાગી જાય તેનાથી. હવે તેને કોઇ જંક્શન્ ઉપર રિમૂવ્ ન કરીએ તો આદત સીત્તેર-એસીં વરસ સુધી ચાલે પછી ઉંઘ પણ આવવાની બંધ થઇ જાય જો દૂધની બૉટલમાં દૂધ ન પીવે તો. તે અન્-કૉન્સિઅસ્ હવે આ પ્રકારથી આપણને ગવર્ન્ કરે કે એ બોટલથી દૂધ પીવે ત્યારે તેને ઉંઘ આવે. આવા ઘણાબધા આપણા પૉઇન્ટ્ પણ હશે. આપણને વોહરાજી ઉપર હસવું આવે પરંતુ આપણા બાળપણના ઘણાબધા પૉઇન્ટ્ હશે કે જે આપણને હેંગ્-ઓવર્ થાય છે. જે હેંગ્-ઓવર્ના કારણે આપણને સૂવું ખાવું; મોટાભાગે સાસુ-વહુઓના જઘડા કઇ વાત માટે થાય? કેમકે માઁ બાળકમાં કોઇ એક જાતનો ટેસ્ટ્ ડૅવલપ્ કરી દે અને તે ટેસ્ટ્ બિચારી સ્ત્રી બનાવી શકતી ન હોય. પછી એવો

જઘડો થાય અને તે કહે કે 'નથી ગમતું' અને એ કહે કે 'નથી ગમતું શું માવડીયો છે સાલો'. એ બિચારી ત્યાં (માવતર)થી કોઈ ટેસ્ટ્ ડૅવલપ કરીને આવી હોય જે તેના માઁ-બાપે તેનો ડૅવલપ્ કર્યો હોય. હવે એ બંને ટેસ્ટ્નું કન્ફ્રન્ટેશન્ થાય. અહીં તેને એપ્રિસિયેશન્ ન મળે તો તેનો ઈગો હર્ટ થઈ જાય કે એક તો સવારથી રાહ જોઉં અને તે પાછું પસંદ ન આવે. માઁની જ બનાવેલી રસોઈ પસંદ આવે. એ પણ બિચારો શું કરે? એણે એજ ટેસ્ટ્ લીધો છે તે એને એજ સૅટિસ્ફૅક્ટરી લાગે. વહુની બનાવેલી રસોઈ પસંદ ન આવે તો શું કરે? તો આ પ્રકારથી આપણો ઈડ્ આપણી ભીતર કામ કરતો હોય, અન્-કૉન્સિઅસ્ પ્રેશર્ના કારણે કેમકે વાત જ્યારે અન્-કૉન્સિઅસ્માં ચાલી જાય તો તે પાર્ટ ઑફ્ દ્ પર્સનાલિટી થઈ જાય છે. અને ઘણી ડીપર્ પાર્ટ ઑફ્ દ્ પર્સનાલિટી થઈ જાય તેથી તે આપણા આખા કોર્સને ગવર્ન કરતી હોય છે. અને કોર્સને ગવર્ન કરે તો નૅચરલી પછી તે બીજાથી કૉમ્પ્રોમાઈજ્ કરવા માણસ ન ઈચ્છે. સીધુંજ રહસ્ય તેનું આ છે.

હું સમજું કે કૉન્સિઅસ્ અન્-કૉન્સિઅસ્ ઈડ્ અને સુપર્-ઈગોની વાત તમને સમજમાં આવી ગઈ હોય તો આપણે આગળ વધીએ કેમકે આપણે આ વાત એટલા માટે નથી કરી કે આપણે ફ્રોઈડ્ને સમજવો છે પરંતુ આપણે એ સમજવું છે કે ફ્રોઈડ્ શું કહી રહ્યો છે અને આપણે શું કહી રહ્યા છીએ? કમ્પૅરેટિવ્ વ્યૂ તેનો સમજવો છે. તો પાછા આપણે વિષય ઉપર આવીએ. આ તો આપણે ખાલી પિક્નિક્ માટે ગયા ત્યાં. પાછા ઘરે આવીએ. પાછા આવવા માટે એક વાત તમને સમજાવવા માગી રહ્યો છું. આ સમજશો તો બધી વાત મારી પૂરી સમજમાં આવશે. જુઓ વાત આપણી શરૂ ક્યાંથી થઈ હતી?

### (ફ્રૉઈડ્ના અને મહાપ્રભુજીના 'અહંકાર'ના સ્વરૂપમાં તરતમતા)

બ્રહ્મની કોઈ હકીકત છે અને તે હકીકતના કારણે તેમાં અહંની જે અવેયરનેસ્ આવી. બ્રાહ્મિક અહં પાછો કેવીરીતે પારમાત્મિક અહં બન્યો અને તે કેવીરીતે ભાગવતી અહં બન્યો? કેવીરીતે કાષ્ણીં અહં બન્યો?

કેવીરીતે ઘરના ઠાકુર સુધી તેનો એક પ્રોગેસિવ્ ડૅવલપ્મૅન્ટ્ આપણે જોયો, એ આપણી મૂળ વાત હતી. જેમ અહીં પણ તમે સમજી શકો છો કે જે આપણી અહંતાનું સ્વરૂપ છે ક્રિયાત્મક ન હોઈને તત્ત્વાત્મક છે. આપણી ભીતર બાયોલૉજીકલ્ આપણી ડિમાન્ડસ્ છે તે ક્રિયાત્મક નથી. એ તો આપણી બિલ્ટ્-ઈન્ સિસ્ટમ્ના અંતર્ગત આપણી ભીતર કામ કરી રહી છે. એ તો આપણી ભીતર જ છે. આપણે શું કરી રહ્યા છીએ? સુપર્-ઈગો પાછો આપણે નથી કરી રહ્યા. સુપર્-ઈગો આપણામાં કોઈ બીજો કરી રહ્યો છે.

આપણે જે અહંકાર કરી રહ્યા છીએ, તે કયો છે? ઈગો વાળો. હવે જુઓ વાત સમજમાં આવશે કે કેટલાક અહંકાર આપણી ભીતર તત્ત્વાત્મક હોય છે. કેટલાક અહંકાર આપણી ભીતર ક્રિયાત્મક હોય છે. કેટલાક આપણી ભીતર અહંકાર કાર્યાત્મક હોય છે જે કાલે મેં મહાપ્રભુજીની વાત તમને બતાવી, કર્તા કારણ કાર્ય અને જ્યારે કાર્ય આપણે કહી રહ્યા છીએ તો કાર્ય અને કારણની વચમાં ક્રિયા ઈન્વૉલ થઈ રહી છે તેથી અહંકારના ચાર ફૅસેટ્ બને છે. તે મેં આપણા પહેલાનાં પ્રવચનમાં પણ બતાવ્યું કે કર્તા ક્રિયા કારણ અને કાર્ય આવા અહંકારના ચાર પહેલુ બની રહ્યા છે, અહંકર્તા અહંક્રિયા અહંકારણ અને અહંકાર્ય. (ચાર્ટ ફ્રૅાઈડ્વાળો ઘડાનો ચાર્ટ) તે જુઓ અહીં પણ આપણને સમજમાં આવી શકે છે એવી એનલેસિસ્ છે કે આ અન્-કૉન્સિઅસ્ લૅવલ્ ઉપર આપણો ઈડ્ કામ કરી રહ્યો છે એ તો આપણો ઉપાદાનાત્મક છે. બ્રાહ્મિક રૅફરન્સ્માં નહીં પરંતુ આપણું જે બાયોલૉજીકલ્ સ્ટ્રક્ચર્ છે અને આપણો જે સાયકૉલૅજીકલ્ ઈગો છે અને બાયોલૉજીકલ્ ઈગો છે; તો બાયોલૉજીકલ્ ઈગો આપણા સાયકૉલૉજીકલ્ ઈગોનું ઉપાદાન બને છે. અને કૉન્સિઅસ્ લૅવલ્વાળો ઈગો ઉપાદેય ઈગો છે અને આ સુપર્-ઈગો ઈમ્પોજડ્ ઈગો છે, જે આપણામાં પ્લાન્ટ્ થઈ રહ્યો છે. તે આપણામાં ભીતરથી પણ નથી, બહારથી પણ નથી. આપણામાં આપણી ક્રિયાત્મકતા પણ નથી પરંતુ તે કેમકે મેં કૉમ્પ્લૅક્સિટી બતાવી.


આપણા આખા ઈગોને કૉમ્પ્લૅક્સ્ બનાવનારૂં એ ફૅક્ટર્ છે કે આપણે આપણા ઈગોમાં પોતેજ નથી બીજા પણ ઘણાબધા મૌજુદ છે. જ્યારે હું કોઈ ઈગો મારો સમજી રહ્યો છું કે 'હું આ છું'. તો વાત નિશ્ચિત્ સમજો કે મારા 'હું' હોવામાં ઘણીબધી કૉમ્પ્લૅક્સિટી ઈન્વૉલ્વ્ છે અને તેમાં મારા દાદાજી, મારી માઁ, મારા કાકા, મારો ભત્રીજો, મારા મોટા તાતજી વગેરે અને જે-જે લોકોને હું મળ્યો હોઈશ બાળપણમાં, તે-તેઓએ જે-જે કાંઈ સુપર્-ઈગો મારામાં તૈયાર કર્યા તે બધા મારા ઈગોની ભીતર મારા કૉન્સિઅસ્નેસ્માં સબ્-કૉન્સિઅસ્માં મૌજુદ છે. અને તે મારા ઈગોની સાથે, ઈડ્ની સાથે જ્યારે કન્ફ્રન્ટેશન્માં આવી રહ્યા છે તો એને હું રિજોલ્વ્ કરૂં છું. મારા દરેક ઈગોમાં એક ઈડ્ અને સુપર્-ઈગો છૂપાયેલ છે અને દરેક સુપર-ઈગોને અને ઈડ્ને ટ્રીટ્ કરવામાં મારો કયાંક ને ક્યાંક ઈગો છૂપાયો હશે. આમ એ હકીકત અને કહાનીની કૉમ્પ્લૅક્સિટી વધતી ચાલી જાય છે. આ મૂલ મુદ્દાના મેં પહેલાથી જ ખુલાશા કરી દીધા હતા. આટલા માટે હવે તમે આને સરખી રીતે અહીં જોઈ શકો છો કે કેવીરીતે એ કૉમ્પ્લૅક્સિટી આપણા ઈગોમાં આવી રહી છે. એ સિમ્પલ્ ઈગો નથી. આ કૉમ્પ્લૅક્સ્ ઈગો છે. જે મેં પહેલા દિવસે ટેબલ બનાવ્યું હતું તેમાં મેં બતાવ્યું હતું કે આ મિશ્રિત છે. એ ફક્ત આપણે કહી રહ્યા છીએ એવી વાત નથી, ફ્રોઈડ્ પણ આને એજ પ્રકારથી કહી રહ્યો છે આ વાત રિયલાઈજ્ કરો.

જ્યારે આ વાત રિયલાઈજ્ કરશો ત્યારે તમને એક બીજું; આપણે ઘરે પાછા ફરવા માટે હું બતાવવા માગી રહ્યો છું કેમકે આપણું જે ઉપાદાન છે તે આપણે બાયોલૉજીમાં સમાપ્ત નથી કરી રહ્યા. આપણે જ્યારે ઉપાદાનની ચર્ચા કરી રહ્યા છીએ તો આપણે બ્રહ્મ સુધી જઈ રહ્યા છીએ. એ લોકોની ઉપાદાન ચર્ચા બાયોલૉજીમાં આવીને સમાપ્ત થઈ જઈ રહી છે. આપણી ઉપાદાનની ચર્ચા બાયોલૉજીમાં સમાપ્ત નથી થઈ રહી. આપણી ચર્ચા ઉપાદાનથી બ્રહ્મ સુધી જઈ રહી છે. તેથી આપણે જ્યારે ઉપાદાન અને ઉપાદેયના રિલેશન્ આપસમાં કમ્પૅરેટિવ્ ઈવૅલ્યુએશન્ને માટે જોવા પડશે તો બ્રહ્મ સુધી જવું પડશે. અને પાછા ફરીને આપણી

સાયકૉલૉજી સુધી આવવું પડશે. તો આપણો કોર્સ ઘણો લાંબો છે! એમનો કોર્સ ટૂંકો છે. એક થોડાકમાં ફ્રૉઈડ્‌ની વાત સમાપ્ત કરી શકીએ. બાયોલૉજી અને બાયોલૉજીના પછી ફિજિયોલૉજી અને ફિજિયોલૉજીના પછી એન્થ્રોપોલૉજી, ફિજીકલ્ એન્થ્રોપોલૉજી અને સોશિયોલૉજી અને ફરી સાયકૉલૉજી અને સાયકૉલૉજી ઉપર આવીને સર્કલ્ પૂરો થઈ જાય. પરંતુ આપણું સર્કલ્ તો આટલું નાનું નથી. આપણા સર્કલ્‌ની યાત્રા ઘણી લાંબી છે માટે તે આપણે પૂરી હવે આ ફ્રેમવર્કમાં સમજવી પડશે કે ઈગો કેવીરીતે આપણો સ્વસ્થ રહે અને ઈગો કેવીરીતે આપણો અસ્વસ્થ થાય? તો હું તમને થોડો બતાવવા માગી રહ્યો છું. આપણી વાત શરૂ થઈ હતી અહંની લીલાથી. તે આપણો સ્ટાર્ટિંગ્ પૉઈન્ટ્ હતો.

(અહંલીલાવાળો ચાર્ટ ૧૪)

**ચાર્ટ–૧૪**




## (અહંની લીલા)

આપણી ભીતર અને આપણે જે પદાર્થથી બન્યા છીએ અને તે પદાર્થના ભીતર પણ; કાલે મેં આટલા માટેજ તમને આ પૉઈન્ટ્ ઉપર ખુલાશો કર્યો હતો કે **"ચેષ્ટામ્ આહુ ચેષ્ટતે યસ્ય વિશ્વમ્"** જડ

ચેતનાત્મક વિશ્વ જે પણ ચેષ્ટા કરી રહ્યું છે, એ ચેષ્ટા કેવી ચેષ્ટા છે? મિનિટ્ કે સૅકન્ડ્ના કાંટાની જેવી ચેષ્ટા છે અને તે જે ચેષ્ટા તેણે કરી છે તે કેવી ચેષ્ટા છે? જેમ ઘડીયાલમાં ક્વાર્ટસ્ના જેવી કમાનના જેવી. એ પ્રકારની ચેષ્ટા છે. હવે તે ચેષ્ટા આપણા સુધી આવતાં-આવતાં આટલી કૉમ્પ્લૅક્સિટી એક્વાયર્ કરી લે છે. તો તે **"ચેષ્ટામ્ આહુ ચેષ્ટતે યસ્ય વિશ્વમ્"** જે વાત બતાવી તેના આધારે આપણે જે-જે તત્ત્વોથી ઘડાયેલા છીએ એનામાં પણ તો એ ક્રિયા પેદા થઈ રહી છે. એક દોઢ વરસ પહેલાં મેં 'ગીતગોવિન્દ'ની ભૂમિકા લખી હતી. ક્યાંયથી મળે તો લઈને વાંચજો. તેમાં મેં આ બધી વાત બતાવી છે કે કેવીરીતે ક્યાંથી તે ડૅવલપ્મૅન્ટ્ થઈ રહ્યો છે. એ વિષય ઉપર અત્યારે જઈ નહીં શકું. અન્-નેસેસરી વિસ્તાર થશે પરંતુ કોઈને જિજ્ઞાસા હોય તો ત્યાં આને જોશો તો ખ્યાલ આવશે કે કેવીરીતે ડૅવલપમૅન્ટ્ થાય બધી વાતનો? પરંતુ આપણે સમજી શકીએ છીએ જેમ ફિજિક્સ્ના લૅવલ્ ઉપર કૅમેસ્ટ્રીના લૅવલ્ ઉપર, બધા લૅવલ્ ઉપર હ્યુમન પર્સનાલિટીનું અને મધુરભાવનું ડૅવલપમૅન્ટ્ છે. તે મેં એક સાઈકલ્ તેમાં બતાવી છે.

## (અહંક્રિયા)

હમણાં અહીં આપણને આટલું જાણવું પર્યાપ્ત છે કે તે અહંલીલાને કારણે જડ ચેતન બંનેમાં કોઈક અહંક્રિયા ઉત્પન્ન થાય છે. હવે તમે એમ કહેશો કે જડમાં અહંક્રિયા કેમ ઉત્પન્ન થઈ રહી છે? જડમાં તો અહં છે નહીં? ભાઈ! જડમાં 'અહં નથી'નો મતલબ જડમાં અહં તિરોહિત છે. રિસેસિવ્ (અપ્રભાવશાળી) થઈ ગયો છે. ડૉમિનેન્ટ્ (પ્રભાવશાળી) નથી પરંતુ છે નહીં એવું ન સમજી લેતા કેમકે તે આપણી થિયરી નથી. એ રિસેસિવ્/સાઈલૅન્ટ્ થઈ ગયો છે. સાઈલૅન્ટ્ કેવીરીતે થઈ ગયો? જેમ આપણે સમજી શકીએ કે આપણો બાળક પણ માઁ-બાપના ટ્વેન્ટી-ફોર્ ક્રોમોજોમ્, માઁના ટ્વેન્ટી-ફોર્ ક્રૉમોજોમ્ અને બાપના ટ્વેન્ટી-ફોર્ ક્રોમોજોમ્ , આ રીતે ફોર્ટી-એઈટ્ થઈ જાય. પરંતુ આપણા કોન્સ્ટિટ્યુશન્માં જે ક્રોમોજોમ્સ્ તેણે લીધા નથી. બીજા ચોવીશ અને એ

ચોવીશ તેમાં નથી એવી વાત નથી કેમકે જો તેમાં ન હોય તો દાદાનો રંગ, દાદાની હાઈટ્, નાનીનું નાક ખુદમાં કેવીરીતે આવી શકે! પરંતુ આવે છે કે નથી આવી રહ્યા! દાદાની હાઈટ્ આવી જાય. નાનીનો રંગ આવી જાય. નાનીનું નાક આવી જાય. આવી જાય અચાનક પૌત્રમાં, નાતીમાં. ક્યાંથી આવી રહ્યું છે? માઁ-બાપમાં આવ્યું ક્યાંથી? શું એક્સિડેન્ટ્લી આવ્યું? એક્સિડેન્ટ્લી નથી આવ્યું. એ જે નાક હાઈટ્ હતા બાળકે પોતાના માઁ-બાપની હાઈટ્ પકડી, માઁ-બાપનો રંગ પકડ્યો સમજો પરંતુ અચાનક પૌત્ર કે નાતીમાં આવીને દાદા અને નાનીના જે કૅરેક્ટર્ આવી રહ્યા છે. એ કૅરેક્ટર્ ક્રોમોજોમ્માં ડૉમિનેટિંગ્ નહોતા, રિસેસિવ્ હતા તેથી તે સાઈલૅન્ટ્ હતા. તે બોલી નથી રહ્યા, ચુપ રહી રહ્યા છે. તે અચાનક નાતી અને પૌત્રમાં પ્રકટ થાય છે.

એગ્જેક્ટ્ એ જ પ્રિન્સિપલ્ અહીં પણ કામ કરી રહ્યો છે કે બ્રહ્મનો જે બ્રાહ્મિક અહં છે, પારમાત્મિક અહં છે, ભાગવતી અહં છે તે જે વખતે બ્રહ્મ જડરૂપ લે છે તે વખતે તે બધા અહં ત્યાં રિસેસિવ્ થઈ જાય છે પરંતુ તેની ક્રિયા પ્રકટ હોય છે. જેમ આપણો બાયોસાયકૉલૉજિકલ્ અહં આપણ નખ અને વાળમાં બોલવાનું બંધ કરી દે પરંતુ વધે અને ખુદના રંગ-રૂપ આપણી આનુવંશિકતાના હિસાબથી નિભાવે. એ અહંથી જે પેદા થનારી ક્રિયા છે તે પ્રકટ થાય પરંતુ; અહં રિસેસિવ્ થઈ જાય. ક્રિયા ડોમિનેટિંગ્ રહે તેથી અહંલીલામાં જે ક્રિયા પ્રકટ થઈ, તે જડ પદાર્થમાં ક્રિયાના તરીકે ડૉમિનેટિંગ્ પ્રકટ થાય છે. ચેતનામાં ક્રિયા પ્રકટ થતાં પહેલાં અહં પ્રકટ થઈ જાય છે ડૉમિનેટિંગ્ થઈને, ક્રિયા પછી પ્રકટ થાય. આ તરીકેનો માયોટિક્ રિપ્રોડક્શન્ છે. આ તેની ખૂબસૂરતી સમજો.

## (સ્વભાવ અને પ્રભાવથી અહંક્રિયા)

અહંક્રિયા પેદા થાય છે અને આ જે અહંક્રિયા પેદા થઈ રહી છે (આ અહંક્રિયા બેજિક્ અહંક્રિયા છે) તે સ્વભાવથી કે પ્રભાવથી પેદા થાય છે. સ્વભાવ અને પ્રભાવનું અંતર શું? જેમ પાણીનો વહેવું સ્વભાવ છે.

પરંતુ વહેવું સ્વભાવ હોવા છતાં પણ પાણી આ દિશામાં વહે કે તે દિશામાં, તે પાણી ન નક્કી કરે, સ્લોપ્ નક્કી કરે. એ સ્લોપ્‌ના પ્રભાવના કારણે પાણી પોતાની દિશા સિલૅક્ટ્ કરે. પાણીનો વહેવું સ્વભાવ છે અને દિશા તેને કોણ આપે? ગ્રાઉન્ડ્‌નો સ્લોપ્. જે પ્રકારનો સ્લોપ્ છે તે દિશામાં પાણી વહેવા લાગી જાય. હવે આપણે આ સમજીએ કે પાણીનો વહેવું સ્વભાવ છે. પરંતુ વહેવું સ્વભાવ હોવા છતાં પણ દિશાનો વહેવામાં સિલેક્શન્ પ્રભાવવશ છે સ્વભાવવશ નથી.

હું મોટાભાગે બતાવતો રહું છું તમને કે એક 'બારૂક સ્પિનોજા' હૉલેન્ડ્‌નો થયો. તેણે આ વાત બહુ દમ-ખમથી કહી છે. મહાપ્રભુજીના કાંઈક ચાલીશવર્ષ પછી તે જન્મ્યો હતો. એ જમાનામાં એ બિચારો કહી રહ્યો છે આ વાતને કે પત્થર જો પહાડ ઉપરથી ગબડતો હોત અને ચેતન હોત તો ક્યારેય તે ન કહેત કે હું 'લૉ ઑફ ગ્રેવિટેશન્'ના કારણે નીચે આવી રહ્યો છું. પત્થર આમ છાતી ઠોકીને કહેત કે મારે નીચે જવું છે અને જઈ રહ્યો છું. તમારે ઉપર રહેવું હશે મારે નીચે જવું છે. આ તરીકેની તેની ઈન્ટિગ્રલ્ સિસ્ટમ્ હતી. એ જમાનામાં તે પ્રોમિનેન્ટ્ શુદ્ધાદ્વૈતી થયો. બલ્કે થોડાક અર્થમાં તો મહાપ્રભુજીથી વધારે સ્ટૉન્ચ્ શુદ્ધાદ્વૈતી હતો. તેના તો શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મ અને પરમાત્મા જ છે. ભગવાન્ નદારદ છે. અને મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈતમાં ખાલી બ્રહ્મ પરમાત્માના પછી એડિશનલ્ ભગવાન્ વધારે છે. કૃષ્ણ આવી ગયો તેના માટે થોડુંક આપણે તેનાથી અલગ ભાષા બોલીએ છીએ. બાકી જ્યાં સુધી બ્રહ્મ અને પરમાત્માનો સવાલ છે તો તે મહાપ્રભુજીની ભાષા બોલી રહ્યો છે, જે આપણે બોલી રહ્યા છીએ. વરબેટમ્ (શબ્દશઃ) મેળવીને આપણે જોઈ શકીએ બંનેની એકજ વાત છે. સ્પિનોજાએ આમ કહ્યું કે પત્થર ચેતન થઈને ગબડતો હોય તો તે આમ કહેશે કે હું લૉ ઑફ્ ગ્રેવિટેશન્‌થી નથી ગબડી રહ્યો. તે ફ્રિડમ્ ઑફ્ વિલ્‌ની મજાક ઉડાવવા માટે કહી રહ્યો છે. ક્રિશ્ચિયન્ કૉન્સેપ્ટ્ જે ફ્રિડમ્ ઑફ્ વિલ્ છે તેના ઉપર તે કહી રહ્યો છે. સ્પિનોજાના ઘણા વરસ પછી ફ્રૉઈડે આ સબ્-કૉન્સિઅસ્ અને ઈડસ્ શોધ્યા. પરંતુ સ્પિનોજા તે વખતે આ વાત કહી ગયો હતો કે ફ્રિડમ્ ઑફ્ વિલ્ ખાલી

ઢકોસલાની વાત છે. આ તમારી ભીતર રહેલો અન્-કૉન્સિઅસ્ માઈન્ડ્ છે તે તમને કમ્પૅલ્ કરી રહ્યો છે. તમારામાં એક કૉરસ્પૉન્ડિંગ્ કોઈ ફિલિંગ્ જાગી ગઈ છે તેથી તમે સમજી રહ્યા છો કે ફ્રિડમ્ ઑફ્ વિલ્ના કારણે હું કરી રહ્યો છું. ફ્રિડમ્ ઑફ્ વિલ્ના કારણે તમે નથી કરી રહ્યા. જે પ્રકારથી બિહેવ્ કરવાનો તમારો કૉન્સ્ટિટ્યુશન્ છે તે પ્રકારથી તમે બિહેવ્ કરી રહ્યો છો. તેના ઉપર તેણે મજાક ઉડાવી છે.

જેને ભગવાન્ ગીતામાં કહી રહ્યા છે કે

**યદ્ અહંકારમ્ આશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે**
**મિથ્યૈવ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ**

(ભગ.ગીતા. ૧૮/૫૯)

અને

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન! તિષ્ઠતિ ।**
**ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥**

(ભગ.ગીતા. ૧૮/૬૧)

એ વાત સ્પિનોજાએ પણ તે વખતે કહી હતી. તો આ એક અલગ પહેલુ છે. પરંતુ એ લૅવલ્ ઉપર સ્વભાવ અને પ્રભાવથી ક્રિયા પ્રકટ થાય છે.

## (અહંકર્મ)

તેના પછી સાઈકલ્નો એક પહેલુ છે ‘અહંકર્મ’. આ હવે આપણે શુદ્ધાદ્વૈતની વાત કરી રહ્યા છીએ! પરંતુ શુદ્ધાદ્વૈતની એવી વાત કરી રહ્યા છીએ કે જે ફ્રૉઈડ્ને તમે સમજ્યા હશો તો તમને સરખી રીતે સમજમાં આવશે. અને નહીં સમજ્યા હો તો બરાબર સમજમાં નહીં આવે. એટલા માટે મેં ફ્રૉઈડ્ પહેલા સમજાવ્યો. આ અહંકર્મ જે છે; ‘કર્મ’નો મતલબ શું? જે ક્રિયા થઈ રહી છે તે ક્રિયાનું જો તમને ભાન છે, તે ક્રિયાના વિસા-વિસ્ કોઈ ઈચ્છા છે, જેમ સ્પિનોજા રહી રહ્યો છે કે મને નીચે

જવાની ઈચ્છા છે, નીચે પડવાનું ભાન છે, નીચે જવાનો પુરૂષાર્થ પણ પ્રકટ થઈ જાય તો ઈચ્છા તમારી ક્રિયા ન કહેવાઈને 'કર્મ' કહેવાશે. કર્મની પહેલી શરત એ છે કે આપણે જે કામ કરી રહ્યા છીએ તેનું ભાન છે કે નહીં, તેની ઈચ્છા છે કે નહીં, તે બાબતની આપણામાં ચેષ્ટા છે કે નહીં. તો ભાન ઈચ્છા અને ચેષ્ટા આ ત્રણ ફૅક્ટર્ મળતાંજ ક્રિયામાં તે કૉમ્પ્લૅક્સિટી પેદા થાય છે કે તે ક્રિયાને બદલે તુરત કર્મ બની જાય. અહંકર્મ અહંનું એક કર્માત્મકરૂપ છે. અહંનું એક જેમ ક્રિયાત્મકરૂપ છે. ફ્રૉઈડ્ના ઈડ્માં અને અન્-કૉન્સિઅસ્માં બિલકુલ ક્રિયાત્મકરૂપ જોઈ શકે કે તે ક્રિયાત્મકરૂપથી અહંકારક્રિયા પેદા થઈ છે. પરંતુ જે વખતે તે ઈગોના લૅવલ્ ઉપર આવી રહી છે ત્યારે અહંકર્મ બની રહી છે. તે અહંક્રિયા નથી કેમકે એ જે કરવા જઈ રહ્યો છું તેનું મને જ્ઞાન છે તેની મને ઈચ્છા થઈ રહી છે અને તે ઈચ્છાના હિસાબથી હું કાંઈક એફર્ટ્ પણ કરી રહ્યો છું, પુરૂષાર્થ પણ કરી રહ્યો છું ચેષ્ટા પણ કરી રહ્યો છું તો તે કર્મ બની જાય.

**પ્રશ્ન :** આપે જ્ઞાન નહીં 'ભાન' કહ્યું. કર્મમાં જ્ઞાનેચ્છાપ્રયત્ન આવે છે તો શું કારણ છે?

**જવાબ :** જ્ઞાન નહીં અને ભાન આટલા માટે કે બુદ્ધિથી જ્ઞાન આવે. આ તો કૉન્સિઅસ્ના વિસા-વિસ્ વાત બતાવી રહ્યો છું. એટલા માટે ભાન કહી રહ્યો છું. આમતો ભાનમાં હું બહુ હાર્ડ્ એન્ડ્ ફાસ્ટ્ વાપરવા નથી માગી રહ્યો. પરંતુ અત્યારે કૉન્સિઅસ્નેસ્ની વાત ચાલી રહી છે તેથી 'જ્ઞાન' ન કહીને 'ભાન' કહી રહ્યો છું

આ બાજુ તેનું ફૅક્ટર્ છે ભાન ઈચ્છા અને ચેષ્ટા કે પ્રયત્ન. તે બાજુ તેના બીજા મજેદાર ફૅક્ટર્સ્ છે, એને જુઓ. જેમ જ્યારે પણ આપણે અહંકર્મ કરી રહ્યા છીએ ત્યારે તે અહંકર્મમાં પહેલી વાત શું આવશે? આપણું કર્મ ગવર્ન ક્યાંથી થાય છે? જેમ એક તેનો સાયકોલૉજીકલ્ આસ્પૅક્ટ્ છે, ભાન ઈચ્છા અને પ્રયત્ન આ તેનું રિઝલ્ટ્ છે. અને તેની કન્ડિશન્ કેવી રીતે છે?

સૌથી પહેલાં આનુવંશિકતાને કારણે કર્મ થાય છે. જેની જેવી

હૅરિડિટરી હશે તેવું કર્મ તેનામાં પ્રકટ થશે. જેમ આપણે મેં..મેં.. કરવું હોય તો શીખવું પડશે પરંતુ; બકરીના બચ્ચાને મેં..મેં.. કરવું હોય તો શીખવું નહીં પડે. બાય્ હૅરિડિટરી તે મેં..મેં..છે. કેમ? કેમકે તેને તો અનુવંશથી આવી રહ્યું છે. બાય્ હૅરિડિટરી તે આવી રહ્યું છે. આનુવંશીકતાને આપણે સ્વભાવ લઈ લઈએ. જે અહંકર્તા છે તેનો સ્વભાવ લઈ લઈએ, તો વાતાવરણ પ્રભાવનું કામ કરશે. તેના પછી અહંકર્મ જે વખતે આપણે કરી રહ્યા છીએ તેમાં ફક્ત સ્વભાવ અને પ્રભાવ ક્રિયામાંથી આવી રહ્યા છે. ત્યાં (અહંક્રિયામાં) જે સ્વભાવ અને પ્રભાવ છે તે અહીં આનુવંશિકતા અને વાતાવરણ બનીને આવી રહ્યા છે. તેના પછી આ અહંકર્મ જે છે તે આપણી ઈચ્છા મતલબ આપણી અપેક્ષા કે નિરપેક્ષા; કોઈ વસ્તુની આપણને અપેક્ષા છે આને ફલાકાંક્ષા આપણે સમજી શકીએ. કોઈ વસ્તુની ફલાકાંક્ષા નથી તો જેવું ફલ જોઈતું હશે તેવું કર્મ આપણે પેદા કરશું. જેવું ફલ નથી જોઈતું તેવું કર્મ પેદા નહીં કરીએ.

અને જે આપણા યુક્તાયુક્તના, હિતાહિતના સંસ્કાર છે જેમ પહેલાં આપણે આમ કર્યું તે વખતે આ ઘટના બની ગઈ હતી. અરે ભાઈ! સંભાળીને રહો. કોણ આ લફડામાં પડે. એ યુક્ત છે કે અયુક્ત છે, હિત છે કે અહિત છે સુખ છે કે દુઃખ છે, એ જે આપણે કર્મ કરવા જઈ રહ્યા છીએ તેમાં શું થઈ રહ્યું છે, તેના આપણા સંસ્કાર ફ્રૉઈડ્ના હિસાબથી સબ્-કૉન્સિઅસ્માં રહે છે. આપણા હિસાબથી ચિત્તમાં રહે છે. આપણે અપેક્ષા મનમાં રહીરહી છે. સ્વભાવ અને આનુવંશિકતા આપણા મનમાં નથી રહેતાં. આપણા શરીરના આખા સંસ્થાનમાં રહે છે. કેમકે શરીર માંગી રહ્યું છે તે પ્રકારથી અને તે પ્રભાવથી શરીર તેવીરીતેજ વ્યવહાર કરશે, તેથી અહંકર્મના આ બધા ફૅક્ટર્ છે. આપણે સમજીએ કે અહંકર્મમાં જ્ઞાન ઈચ્છા અને ચેષ્ટાના કારણે આપણું સ્વાતંત્ર્ય છે. ફરીથી હું તમને યાદ અપાવી દઉં. સ્વાતંત્ર્ય કેટલું છે? આટલું સ્વાતંત્ર્ય છે કે ચાલી રહેલા શ્વાસમાં પ્રાણાયામના ભસ્રા કરવાનું આપણું સ્વાતંત્ર્ય છે. કરી રહ્યા છો તો કરી પણ શકો છો અને નથી કરી રહ્યા તો તે પોતાની મેળે કરશે. આ બધી વાતો પોતાની મેળે સંભાળ લેશે (અહંકર્મની). આ અહંકર્મનો

કૉન્સ્ટિટ્યૂશન્ છે. હું સમજું છું કે હવે કોઈ તકલીફ ન હોવી જોઈએ આને સમજવામાં.

### (અહંવ્યવહાર)

જો આ આપણે સમજી ગયા તો કર્મના પછી મેં આટલા માટેજ બતાવ્યું કે અહંનો જે વિષય છે તે કેટલો કૉમ્પ્લૅક્સિટી લીધેલો છે કે તેમાં બાયોલૉજી ઈન્વૉલ્વ્ છે, માઈક્રોબાયોલૉજી ઈન્વૉલ્વ્ છે અને કેટલીબધી સાયન્સ્‌ની બ્રાન્ચિસ્ ઈન્વૉલ્વ્ છે. આપણે આને અહીં જોઈ શકીએ છીએ. (એ સાઈકલ્ પાછો અહંવ્યવહાર) અહંકર્મ અને અહંવ્યવહારનો મતલબ શું? કર્મ આપણી ભીતરના જે રિસોર્સિસ્ છે તેના આધારે કરી રહ્યા છો. તે કર્મ છે પરંતુ ભીતરના રિસોર્સિસ્ નથી, તમે બહાર કેવીરીતે ઈન્ટરૅક્ટ્ કરવા માગી રહ્યો છો, એ રિસોર્સિસ્‌ને કેવીરીતે ચેનલાઈજ્ કરવા માગી રહ્યો છો એ લૅવલ્ ઉપર જઈને તે કર્મ, કર્મ નહીં રહીને તમારો ‘વ્યવહાર’ કહેવામાં આવે. આપણે કહીએ કે ‘‘ફલાણા ભાઈનો વ્યવહાર સારો નથી’’. આપણે એમ નથી કહેતાં કે ‘‘ફલાણા ભાઈનું કર્મ સારૂં નથી’’. કેમકે જ્યારે આપણા પ્રત્યે તે ઈન્ટરૅક્શન્‌માં કોઈ કર્મ થઈ રહ્યું છે તો આપણે તેને કર્મ ન કહીને પાછો ‘વ્યવહાર’ કહેતા હોઈએ. તેથી એક અહંકર્મમાંથી પાછો એક અહંવ્યવહાર પ્રકટ થાય છે.

અને તે અહંવ્યવહારના વિષયમાં કાનૂન નીતિ ધર્મ અને ભક્તિ પણ આવશે કેમકે આપણે તો આપણા અહંની બરાતમાં બરાતી છીએ ને! આપણો વ્યવહાર આપણા ઠાકોરજીની સાથે, આપણા કૃષ્ણની સાથે, આપણા ભગવાનની સાથે, પરમાત્માની સાથે અને બ્રહ્મની સાથે જે કરી રહ્યા છીએ તે આપણો ભક્તિમય વ્યવહાર છે. જ્યારે જેવું આ આવ્યું તો તમે જુઓ કે સુપર્-ઈગોનો કેટલો રોલ્ આવી રહ્યો છે? કેવીરીતે બચી શકશો સુપર્-ઈગોથી. અહંકર્મથી જે વખતે તમે અહંવ્યવહારના ફેસ્ ઉપર આવ્યા અને તરત સુપર્-ઈગોનો રોલ્ આવીજ જશે. હવે તે સ્વસ્થ અસ્વસ્થ પણ સુપર્-ઈગો હોઈ શકે, કાનૂનમાં નીતિમાં ધર્મમાં અને ભક્તિમાં પણ. કાનૂન આપણે જાણી રહ્યા છીએ કે આવો છે.

દરેક કાનૂનનું નીતિ હોવું જરૂરી નથી. કેમકે વૉલેન્ટરી ડિસ્ક્લોજર્ સ્કિમ્માં બ્લૅક્થી પણ કમાયેલું હોય તો પૈસા વ્હાઈટ્ થઈ જાય. કાનૂની થઈ જાય. પરંતુ જો તમારામાં મૉરલ્ છે તો કૉન્સિઅસ્ બાઈટ્ કરશે. તો કાનૂન અને નીતિ એક વસ્તુ નથી. કાનૂન એક અલગ વસ્તુ છે, નીતિ એક અલગ વસ્તુ છે. મૉરલ્ એક અલગ વસ્તુ છે. મૉરલ્માં તમને જજ્ પનિશ્ ન કરે. મૉરલ્માં તમને કૉન્સિઅસ્નેસ્ પનિશ્ કરે છે. કેસ તમારો હાઈકોર્ટમાં નથી ચાલતો. તમારી ભીતરની સાઈકો-કોર્ટમાં ચાલે છે કેસ કે તમે આમ કર્યું. એણે બહુ સરસ કહ્યું છે *"અપની નજરોંમેં ગુનહગાર ન ક્યોં હોતે, કાફીર દિલ હી દુશ્મન હે મુખાલિફકે ગવાહોંકી તરહ"*. મારૂં દિલ કબૂલ કરી રહ્યું છે કે મેં ગુનો કર્યો છે. તો મારી નજરમાં હું ગુનહગાર કેવીરીતે ન થાઉં. *"અપની નજરોમેં ગુનહગાર ન ક્યોં હોતે કાફીર દિલ હી દુશ્મન હે મુખાલિફકે ગવાહોંકી તરહ"*. જે મારા દુશ્મન છે એમની જેમ મારૂં દિલ મને કહી રહ્યું છે કે યાર તું બદમાશ છે. *"દિલ હી દુશ્મન હે મુખાલિફકે"* જે વિરોધ પક્ષવાળા છે એમના દ્વારા લાવવામાં આવેલ સાક્ષીની જેમ મારૂં દિલ કહી રહ્યું છે મને કે તું યાર બદમાશ માણસ છે. સારો માણસ નથી. તો નીતિના પ્રશ્ન અહંતાથી જોડાયેલા નથી? તેનો કેસ કોર્ટમાં નથી ચાલતો પરંતુ ભીતર ચાલે છે. અને સાક્ષીમાં આપણું દિલ જ પાછું આવી જાય કે *"દિલ હી દુશ્મન હે મુખાલિફકે ગવાહોકી તરહ"*. તો નીતિ એક અલગ વસ્તુ છે કાનૂન એક અલગ વસ્તુ છે.

અને તેના પછી ધર્મ એક અલગ વસ્તુ છે. કેમકે ઘણીબધી વસ્તુઓ નીતિથી યોગ્ય હોઈ શકે છે પરંતુ દરેક ધર્મના પોત-પોતાના વિધિ અને નિષેધ છે. તે નીતિના હિસાબથી યોગ્ય હોવા છતાં પણ ધર્મ તેમાં કાંઈક પોતાની વાત કહેવા માગી રહ્યો છે.

અને તે ધર્મથી પણ ઉપર જઈને આપણો એક ભક્તિનો ઈશ્યુ આવી રહ્યો છે. આપણે જેને ધર્મની જેમ ખપાવવા નથી માગતા. આજે પુષ્ટિમાર્ગની પ્રૉબ્લેમ્ આ છે કે આપણે ભક્તિને ધર્મ સમજી રહ્યા છીએ એટલા માટે પ્રૉબ્લેમ્ આવી રહી છે. ભક્તિ ધર્મ નથી. મહાપ્રભુજીના

હિસાબથી ભક્તિ તો ધર્મથી ઉંચો પંચમ પુરૂષાર્થ છે. આપણા વ્યવહારમાં ગડબડાધ્યાય આવી રહ્યો છે. કેમકે ભક્તિમય વ્યવહારની આપણી અહંતા અસ્વસ્થ થઈ ગઈ છે. તેનું મૂલ કારણ આ છે. અહંવ્યવહારનો ઈશ્યુ આમાં છે જેમાં ઘણીબધી સોશિયલ્-સાયન્સ્ની બ્રાન્ચિસ્ આવી રહી છે. તે આપણે જોઈ શકીએ.

## (પુષ્ટિઅસ્મિતાનો ક્લાઈમૅક્સ્ શું?)

અને તેના પછી આ અહંવ્યવહાર; જે મૉડર્ન સાયકૉલૉજી, મૉડર્ન ઈકોનૉમિક્સ્ છે, મૉડર્ન પૉલિટિક્સ્ છે તે અહીં આવીને રોકાઈ જઈ રહી છે પરંતુ આપણી વાત અહીં રોકાઈ ગઈ તો આપણે પણ પાછા **"પ્રવાહેણ ક્રિયારતાઃ"** (પુ.પ્ર.મ.૧૫) થઈ ગયા. આપણે તો પ્રવાહેણ ક્રિયારતા નથી. મતલબ **"ભગવદ્-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્."** (ત્યાંજ ૧૨) આપણામાં જો પુષ્ટિની અસ્મિતા છે તો આપણી કહાની વધારે આગળ વધશે. અહીં આપણી કહાનીનો ક્લાઈમેક્સ્ નથી આવી જતો. આ તો આપણી કહાનીનો એક ઈન્ટરવલ્ છે. આપણી કહાનીનો ક્લાઈમેક્સ્ તો હજુ આવવાનો બાકી છે. પુષ્ટિજીવની પુષ્ટિઅસ્મિતાની કહાનીનો ક્લાઈમેક્સ્ અહીં નથી આવતો. પુષ્ટિજીવની પુષ્ટિઅસ્મિતાનો જે ક્લાઈમેક્સ્ છે તે આ લૅવલ્ ઉપર આવે છે કે જે વખતે પરબ્રહ્મની લીલા છે, બ્રાહ્મિકી અહં, પારમાત્મિકી અહં, ભાગવતી અહં, કાષ્ણીં અહં અને આપણા ઘરના ઠાકોરજીના અહં સુધી લીલાથી તમારો અહં ટ્યુન્-અપ્ થાય. જે વખતે એ ટ્યુન્ થાય અને તે રીતનો સુર આમાંથી નિકળવા લાગે ત્યારે આપણી જે પુષ્ટિઅસ્મિતા છે તેનો ક્લાઈમેક્સ્ આવ્યો. ત્યારે તમારો પુષ્ટિજીવ હોવાનો અહં છે, તેનો ક્લાઈમેક્સ્ આવ્યો. એ સાઈકલ્ ત્યાંથી તમને પાછા તે અહંલીલા ઉપર પહોંચાડી દે છે. જ્યાંથી આ સાઈકલ્ શરૂ થયો હતો. આ પ્રકારથી અહંનો એક સાઈક્લિકલ્ સરક્યુલર્ પાથ્ છે.

જો આપણે ભક્તિમાર્ગી છીએ તો લીલાની રસાનુભૂતિની વાત આપણે સમજી શકીએ. જો ભક્તિમાર્ગી નથી અને જ્ઞાનમાર્ગી કે કર્મમાર્ગી

છીએ તો ગીતાની સ્થિતપ્રજ્ઞતા અને વિદ્ ઈન્ દ્ ભક્તિમાર્ગ જો આપણે ભક્તિને એજ્ એ સેવા જીવી રહ્યા છીએ તો રસાનુભૂતિ નહીં પરંતુ રસાનુભાવકતા આપણામાં આવવી જોઈએ કે આપણે ભગવાનને ભક્તિરસનો અનુભવી કરાવીએ. ભાઈ! તું પણ થોડો સમજ કે આપણા ભીતર ભક્તિરસના ક્યા અનુભાવ છે? ત્યાં ભગવાનને આપણે દર્શક બનાવીએ છીએ અને આપણે પાછા ભગવાનના દર્શક બનીએ છીએ. રસાનુભાવ આપણે પ્રકટ કરીએ છીએ જેનો એસ્થેટિક્ એપ્રિસિયેશન્ ભગવાન કરે છે. ભાઈ, આમણે આ પ્રકારનો પોતાનો ભાવ પ્રકટ કર્યો અને એ ભાવની મને મજા આવી રહી છે. જે મેં પ્રભુદાસની બાબતમાં બતાવ્યું કે **''આજ પ્રભુદાસે ભોગ ન ધર્યો તેથી હું ભૂખ્યો રહી ગયો.''** એ રસાનુભવ પ્રકટ કરવાનો જે અહં છે ત્યાં સુધી પણ આપણે સેવા કરી રહ્યા છીએ તો તે વાત આવશે. વાત નિકળશે તો પછી બહુ દૂર સુધી જશે. આ પ્રકારથી બહુ દૂર સુધી આ વાત પહોંચી છે. આ બધો સાયક્લિકલ્ પ્રોસેસ્ આપણે સમજી શકીએ. થોડોક વિષય આમાં બીજો રહી ગયો.

'રસાનુભાવ' મતલબ લીલાનો જે આનંદ છે તેનો આપણે અનુભવ કરીએ. એ તો પ્રભુની અહંતાથી પ્રકટ થતી લીલાની મજા આપણે લઈ રહ્યા છીએ. પરંતુ આપણે જ્યારે સામે કોઈ એવી ભક્તિની લીલા કરીને દેખાડીએ કે જેની મજા પ્રભુ લેવા લાગી જાય, તે આપણા અહંના ડૅવલપ્મૅન્ટ્ની પરાકાષ્ઠા છે કે જ્યાં પ્રભુ આપણા અહંની મજા લઈ રહ્યા છે. ડોકરીના બાળકો મરી ગયા અને ઠાકોરજી તેને સમજાવતા ''રો નહીં'. હવે તે એમ સમજાવતી હતી ઠાકોરજીને કે ''ભઈ! હું મારા માટે થોડી રોઈ રહી છું. તારા માટે રોઈ રહી છું કે તારા રમકડા ક્યાં ગયા બધા.'' અને પછી ઠાકોરજી પણ માની જાય કે ''હાં હાં! બરાબર છે બરાબર છે આ તો બહુ દુઃખની વાત બની ગઈ.'' મરવું અને જીવવું ભગવાન ગીતામાં કહી રહ્યા છે કે **''ન જાયતે મ્રિયતે વા કદાચિત્ નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે''** (ભગ.ગીતા.૨/૨૦) પરંતુ ઠાકોરજી પણ દુઃખી થઈને

બેસતા હોય કે ‘‘હાં ભઈ! ક્યાં ગયા ડોકરીના બાળકો બધા.’’ તો લીલાની મજા લેવાની જે ઠાકોરજીની વૃત્તિ છે, જે ભક્ત એને ભક્તિભાવમાં આપી રહ્યો છે, એ અહંતા ડૅવલપ્ થવી કે મારે ઠાકોરજીને ખુશ કરવા છે અને ભગવાન પણ *‘‘યે તેરી યે મેરી યે બાબાનન્દજુકી યહ બલભદ્રભૈયાકી યહ તાકી જો ઝુલાવે તેરો પલના.’’* અને ભોળપણાથી ભગવાનની કોઈ એક આંગળી પકડીને બતાવે કે જો મારો અહં અહીં ફસાયેલો છે. આપણે ભક્તિરસનો, લીલારસનો અનુભવ કરી રહ્યા છીએ અને આપણી ભક્તિરસનો અનુભવ ભગવાન કરવા લાગી ગયા. એ પ્રકારનો અહંનો એક મોસ્ટ્ એડવાન્સ્ વર્જન્ પણ આપણે ત્યાં માનવામાં આવેલો છે. આપણે આ સાયકલ્થી અહંના બધા સ્વરૂપ જોઈએ.

એટલા માટે આપણે કન્કલુડ્ કરતા પહેલાં એક વાત બીજી જોઈ લઈએ.

**(અહંના સ્તર)**

આ અહંની ડૅવલપ્મેન્ટ્ બતાવી. હવે હું તમને સ્ટેજિસ્ શું છે એ સમજાવી રહ્યો છું જુઓ. બહુ મજેદાર પહેલુ છે.

**૧) જીવોહં = તવ અંશો અહમ્ (બ્રહ્મસંબંધ)**
**૨) તદીયોહં =આત્મનિવેદન (મમતા+આત્મરતિસંબંધ)**
**૩) ત્વદ્દાસોહં = ભગવતે કૃષ્ણાય સ્વીયસમર્પણમ્ (ભજનીયસંબંધ)**
**૪) ત્વત્સેવકોહં = સ્વીયવિનિયોગ અહં (સેવ્યસંબંધ)**

**(જીવોહં = તત્ત્વાત્મક અહં)**

એક સ્ટેજ્ છે ‘જીવોહં’ ‘હું જીવ છું’ હવે આપણે ત્યાં જીવનો મતલબ અલગ છે. તે આપણે ગ્રાફ્માં જોઈ લીધું. તે માયટોટિક્ અને માયોટિક્ પ્રોસેસ્માં કે જીવ શું છે? જ્યારે આપણે ‘જીવોહં’ કહી રહ્યા છીએ, તે અહં શું છે? ‘‘તારો હું અંશ છું’’. મહાપ્રભુજી શું કહે છે કે જડ જીવ અને અંતર્યામી, ત્રણ ભગવાનના અંશ છે. **‘‘અંશો નાનાવ્યપદેશાત્’’** (બ્ર.સૂ.૨/૩/૪૩) **‘‘યથા અગ્નેઃ ક્ષુદ્રાઃ વિસ્ફુલિંગાઃ**

**વ્યુચ્ચરન્તિ, એવમેવ અસ્માદ્ આત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે દેવાઃ સર્વાણિ ભૂતાનિ વ્યુચ્ચરન્તિ'' ''સર્વએવ આત્મનઃ વ્યુચ્ચરન્તિ''** (બૃહ.ઉપ. ૨/૧/૨૦) તો જડ જીવ અને ઈશ્વર, ભગવાનના અંશ છે અને જે વખતે આપણે 'જીવ' કહી રહ્યા છીએ તે વખતે આપણો એક અહં છે કે ''હું જે કાંઈ પણ છું તેનો અંશ છું''. આ અહં આપણો તત્ત્વાત્મક અહં છે. આ ક્રિયાત્મક અહં નથી. આ તો ફૅક્ટ્ છે. આ આપણો ડિફૅક્ટો અહં છે. (આ તો આપણે છીએજ) આના કોઈ અસ્વસ્થ થવાનો પ્રશ્ન જ પેદા નથી થઈ રહ્યો કેમકે ક્રિયાત્મક અહં નથી. આમાં કોઈ કૉમ્પ્લૅક્સિટી નથી. આ તો આપણે મૅટોટિક્ પ્રોસેસ્થી બન્યા છીએ.

**(તદીયોહં = આત્મરત્યાત્મક અહં)**

તેના પછી જ્યારે આપણને લાગ્યું કે આપણે તેના અંશ છીએ. ત્યારે એક અહં બીજો પેદા થઈ રહ્યો છે 'તદીયોહં'. જો 'હું તેનો અંશ છું'નો મતલબ હું તેનો છું. જેનો હું અંશ છું તેનો જ તો છું ને. એ અહં આપણો ડૅવલપ્ થઈ રહ્યો છે. એ અહં બ્રાહ્મિક અહં નથી પરંતુ તે પારમાત્મિક અહંને રિસ્પૉન્સ્ આપતો આપણો અહં છે કે તે પરમાત્મા આપણો શરીરી છે. અને આપણો આત્મા તેનું શરીર છે. હું 'તદીયોહં' જે વખતે વિચારી રહ્યો છું તે વખતે મને લાગી રહ્યું છે કે હું મારા આત્માને તેને નિવેદન કરી રહ્યો છું કે ભઈ! હું તારો છું. ગુસાંઈજી કહે છે **''તદીયોહં ન ચાન્યથા''** ''હું તારો છું તારો છું અને તારો જ છું''. બીજા કોઈ પ્રકારથી મારામાં ભાવ જાગ્યો તો મારા માટે દુર્ગતિ છે. આ તદીયોહંનો ભાવ આપણા આત્માને પરમાત્માની સામે એક્સપોજ્ કરવાનો, નિવેદિત કરવાનો છે.

આજ-કાલ નિવેદિત કરવાનો ભાવ આમ સમજે છે કે તુલસીપત્ર હાથમાં લઈને કાંઈક બોલવું. 'નિવેદન'નો મુખ્ય મતલબ છે **''નિતરાં વેદનં નિવેદનમ્''**. ટુ મેક્ સમ્ વન્ અંડર્સ્ટેન્ડ્. પરમાત્માની સામે આપણે આ વાતનો દાવો કરીએ છીએ કે હું તારો છું. જ્યારે હું તારો છું

તો તે પરમાત્માને સમજાવવા માગીએ છીએ કે ભઈ તું મારી ભીતર બેઠેલો છે એટલા માટે હું તારો છું અને જે વખતે આ પ્રકારથી આપણે પરમાત્માની સામે નિવેદન કર્યું તે વખતે આપણે શું કરી રહ્યા છીએ; જુઓ! આ બ્રહ્મસંબંધ છે આપણું. હું આના એક્સપ્લેશન્‌માં નહીં જાઉં પરંતુ જે વખતે 'જીવોહં' = 'તવ અંશો અહમ્' કહી રહ્યા છીએ ત્યારે આપણું બ્રહ્મસંબંધ થયું અને જે વખતે આપણે 'તદીયોહં' આત્મનિવેદન કરીને કહી રહ્યા છીએ ત્યારે આપણી મમતાને તેની આત્મરતિ સાથે ઈક્વેટ્ કરી રહ્યા છીએ. આત્મરતિથી આપણી મમતાનો સંબંધ કરી રહ્યા છીએ. પરમાત્માની આત્મરતિ **"અહમ્ આત્મા આત્માનં ઘાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩/૯/૪૨) તેથી આપણી જે મમતા છે; ભગવાન ખુદ ત્યાં કહી રહ્યા છે કે "હું તમારા આત્મામાં પણ આત્માની જેમ બેઠેલો છું. એટલા માટે તમારી મમતાને મારી આત્મરતિ સાથે ટ્યુન્-અપ્ કરો". જ્યારે તમારી મમતા મારી આત્મરતિ સાથે ટ્યુન્-અપ્ થઈ ગઈ તો આપણી આત્મરતિ અને પરમાત્માની આત્મરતિ એક-બીજાની સાથે એક સુરમાં બોલવા લાગશે. એ જેમ બ્રહ્મસંબંધ છે એમ પરમાત્મસંબંધ છે, પરમાત્મરતિસંબંધ છે. એ એક તદીયોહંનો આપણો અહંકારનો ભાવ છે.

**(ત્વદ્દાસોહં = ભજનાત્મક અહં કે સમર્પણાત્મક અહં)**

અને તેના પછી જે મેં તમને પ્રોગેસિવ્ ડૅવલપ્મેન્ટ્ બતાવ્યું તેનાજ આધારે ચાલતા રહેશો તો તકલીફ નહીં અનુભવો. તેના પછી આવી રહ્યો છે. "ત્વદ્દાસોહં". ત્વદ્દાસોહંમાં આપણે કહી રહ્યા છીએ 'સ્વીય(સર્વસ્વ)સમર્પણ' કેમકે 'દાસ'નો શુદ્ધ મતલબ છે જેના ઉપર હું મારી માલીકી માની રહ્યો છુ તે મારી માલીકી તારી માલીકી છે. જેના ઉપર મારી માલીકી છે તેના ઉપર તારી માલીકી આવી ગઈ. આપણી ઑનર્શિપ્‌ની વસ્તુઓ ઉપર તેની ઑનર્શિપ્ કન્ફર્મ કરવું તે 'સ્વીયસમર્પણ' છે. આત્મનિવેદન નહીં પરંતુ આત્મીયનિવેદન થઈ ગયું. તે વખતે તેની સામે આપણે 'દાસોહં' કહીને એ પ્રકારથી આપણા અહંને

કન્ફર્મ કર્યો. જેમ માતાને જોઈને બાળક પોતાનો અહં કન્ફર્મ કરે, આપણા અહંને કન્ફર્મ કરીને પછી આ મારી માઁ છે એમ કન્ફર્મ કરીએ છીએ. એજ પ્રકારથી આપણે આપણા ઠાકોરજીને જોઈને આપણો અહં કન્ફર્મ કરીએ કે હું તેનો દાસ છું. જ્યારે આપણે દાસપણું કન્ફર્મ કરીએ તેના પછી ઠાકોરજી કન્ફર્મ કરે કે અચ્છા આ મારો છે. જે વખતે આપણે કહી રહ્યા છીએ કે આ મારો કૃષ્ણ છે, જે વખતે 'દાસોહં' કહી રહ્યા છીએ તે વખતે આપણે થોડુંઘણું સુધારવું હોય તો એ રીતથી સુધારી શકીએ છીએ 'ભગવતે કૃષ્ણાય સ્વીયસમર્પણ' કેમકે દાસ કોના રૅફરૅન્સ્માં આવશે? પરમાત્માના કોઈ થોડા દાસ થઈશું? બ્રહ્મના આપણે દાસ નથી થઈ શકતા, બ્રહ્મના તો આપણે અંશ છીએ. પરમાત્માના તો આપણે શરીર છીએ. પરંતુ જો તે ભગવાનનું રૂપ ધારણ કરી રહ્યો છે, જો તે કૃષ્ણનું રૂપ ધારણ કરી રહ્યો છે તો પછી આપણે તે સ્થિતિમાં તારા દાસ છીએ. 'ભગવતે કૃષ્ણાય સ્વીયસમર્પણમ્' આ જે આપણો અહં છે તે અહં ભજનીયસંબંધ છે. આ બ્રહ્મસંબંધ આત્મરતિસંબંધ અને આત્મરતિમાંથી ભજન જે ડૅવલપ્ થઈ રહ્યો છે તે ભજનીયસંબંધ પ્રકટ થઈ રહ્યો છે.

### (ત્વત્સેવકોહં = વિનિયોગાત્મક અહં)

તેના પછી લાસ્ટ્ 'ત્વત્સેવકોહં'. હું તારો સેવક છું. આમાં ફક્ત ભક્ત નથી. મેં જે કાંઈપણ તેને મારી ઑનર્શિપ્ સરેન્ડર્ કરી છે તે નથી. પરંતુ જે કાંઈ હું અને મારૂં છે તે સેવામાં વાપરતો થઈ જાઉં ત્યારે તો સેવકતા આવી. ત્યારે જઈને આપણો સેવાનો કન્સૅપ્ટ્ ફુલ્-ફિલ્ થઈ રહ્યો છે. ભક્તિવર્ધિની નિરોધલક્ષણ સિદ્ધાન્તમુક્તાવલી કેમ ગૃહસેવા ઉપર ભાર આપી રહ્યા છે. સિદ્ધાન્તમુક્તાવલી **''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''** ઉપર કેમ ભાર આપી રહી છે? શા માટે નિરોધલક્ષણ ભગવાનમાં આપણા વિનિયોગ ઉપર ભાર આપી રહ્યો છે? શા માટે સિદ્ધાન્તરહસ્ય સર્વસમર્પણ ઉપર ભાર આપી રહ્યો છે? તેનું કારણ સમજો કે મહાપ્રભુજીની ભીતર અહં બોલી રહ્યો છે 'ત્વત્સેવકોહં'. આ ઉપદેશોમાં મહાપ્રભુજી આ વાતને એમ્ફેસાઈજ્ કરી રહ્યા છે. તે અહં બોલી રહ્યો છે.

આજે આપણામાં કોઈ કારણથી તે અહં ખંડિત થઈ થયો છે. સ્વસ્વીયનો વિનિયોગી અહં છે આપણો. અને આ આપણો સેવ્યસંબંધ છે.

આપણે ત્યાં બ્રહ્મસંબંધ ટર્મિનોલૉજી પ્રયુક્ત બની છે એવીરીતે આત્મરતિસંબંધ કે ભજનીયસંબંધ કે સ્વીયસંબંધ ટર્મ યૂજ્ નથી કરી પરંતુ ગ્રંથ જોશો તો આ સંબંધોના વિવેચન મળે છે. બ્રહ્મસંબંધનું ડૅવલપ્મૅન્ટ્ કેવીરીતે આત્મરતિમાં કેવીરીતે ભજનીયસંબંધમાં અને કેવીરીતે સેવ્યસંબંધમાં થવું જોઈએ અને તેના વિસા-વિસ્ આપણો અહં કેવો ડૅવલપ્ થવો જોઈએ! તેની કથા સમજાવવા માટે અહંકારના કર્તા જે આપણે છીએ તેમાં કેવા પ્રકારની ક્રિયાઓ પુષ્ટિમાર્ગના રૅફરન્સ્માં પ્રકટ થવી જોઈએ એ સંબંધમાં આ વાત સમજાવી.

ભક્તિની અહંતાની જે કૉમ્પ્લૅક્સિટી છે તેનું કાવ્યાત્મક વર્ણન એક ઉર્દૂ ગઝલમાં છે.

*'યે હકીકત હે જહાં મેં યહાં ઠોકર ખાકર,*
*મૈં ગિરા હૂઁ સંભલ જાઉંગા ચલને દો મુઝે,*
*બિન જફાકે(અપકાર) મૈં મુહબ્બતકો ભી નિભા ન સકા,*
*ઈસ સુલગતે હુએ એહસાસમેં જલને દો મુઝે,*
*ઈશ્ક હે બારેગરાં(વજનદાર) ઔર યે હવસ(વાસના) લાહિબ*
*(ધધકતી),*
*તંગફુરસત હૂઁ તઅમ્મુલમેં(ઈમ્પ્લિમેન્ટેશન્)ભી ઢલને દો મુઝે,*
*ખુદકો પહચાન ન પાયા ન ખુદકાકો દેખા,*
*તુમકો ચાહા હે ચાહો તો સંભલને દો મુઝે.*

''યે હકીકત હે જહાંમે હરેક ઠોકર ખાકર'': આપણી અહંતાને દરેક વિષયની ઠોકર લાગે અને જેવી વિષયના આકર્ષણની ઠોકર લાગે તેવીજ આપણી અહંતા તુરત પડી જાય આ હકીકત છે.

''મૈં ગિરા હૂઁ સંભલ જાઉંગા ચલને દો મુઝે'': હું પડ્યો છું પરંતુ મને ભક્તિમાર્ગ ઉપર ચાલવા દો હું મને સંભાળી લઈશ.

‘‘બિન જફાકે(અપકાર) મૈં મુહબ્બતકો ભી નિભા ન સકા’’ : તારો અપકાર કર્યા વગર હું સ્નેહ નિભાવી શક્યો.

‘‘ઈસ સુલગતે હુએ એહસાસમેં જલને દો મુઝે’’ : આ સળગી રહેલો એહસાસ છે (તાપકલેશાનન્દમાં) બળવા દો મને.

‘‘ઈશ્ક હે બારેગરાં (વજનદાર) ઔર હવસ (વાસના) લાહિબ (ધધકતી)’’ : જે પ્રકારનો મારો અહં છે તેમાં પ્રેમ કરવો વેઈટ્‌લિફ્ટિંગ્‌ના જેવો લાગે છે. સ્નેહનો વજન કમરતોડ છે. વિષયાસક્તિથી પેદા થયેલી વાસનાથી બળી રહ્યો છું.

‘‘તંગફુરસત હૂઁ તઅમ્મુલમેં (ઈમ્પ્લિમેન્ટેશન્) ભી ઢલને દો મુઝે’’: સ્નેહનો વજન ઉપાડવા માટે સમયની મર્યાદા છે. ઉપાડવાની તાલીમ તો મને લેવા દો.

‘‘ખુદકો પહચાન ન પાયા ન ખુદાકો દેખા તુમકો ચાહા હે ચાહે તો સંભલને દો મુઝે.’’: હું શું છું તે જાણી નથી શકતો. બ્રહ્મ ભલે ન દેખાય પરંતુ જગત્રૂપથી બન્યો છે એ તો દેખાઈ રહ્યો છે. પરમાત્મા ભગવાન કૃષ્ણ ક્યાં દેખાઈ રહ્યા છે! પરંતુ પોતાના ઠાકોરજીને કહી દો કે મેં બ્રહ્મને જોયો અને તને જોયો છે. ‘‘ખુદકો પહચાન ન પાયા’’ મતલબ તદીયોહં અને ત્વદ્દાસોહં હું નથી ઓળખી શક્યો પરંતુ ‘સેવકોહં’ની બાબતમાં મારી અવેર્‌નેસ્ જગાવી શકું તો હું મને સંભાળી લઈશ.

### (રૂપરેખાના આધારે અહંકારની દોષરૂપતા અથવા નિર્દોષતા)

કાલે જે પોઈન્ટ્ છૂટી ગયો હતો તેમાં આ વાત સમજવી જરૂરી છે કે અહંતાનું જે તત્ત્વાત્મક સ્વરૂપ છે તે નિર્દોષ કે ઉપાદાનાત્મક છે. તેનું ક્રિયાત્મક સ્વરૂપ છે તે પણ વિશુદ્ધ છે. દોષ આપણી ભીતર અનુભવ કરવામાં છે અને તેનાથી આપણે ઘડાયેલા છીએ. તેનાથી આપણે કૉન્સ્ટિટ્યુટેડ્ છીએ આમાં કોઈ દોષ નથી. તેને દોષરૂપ માનશું તો ગડબડ ફેલાશે. થિયૉરિટિકલી પૉસિબલ્ નથી કે તેને આપણે એવોઈડ્ (ટાળવું) કરી શકીએ. આપણી ભીતર જે અહંકર્તા છે તેમાં પણ દોષ નથી. પરંતુ તે અહંકર્તાના નેચર્ની કૉમ્પ્લેક્સિટી છે તેમાં જે વખતે અહંતા અને મમતા અહંમોહમાં અને વિષયમોહમાં ફેલાય જાય, તેમાંથી કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય પેદા થાય છે. એ પ્રકારનું ક્રિયાત્મક રૂપ પ્રકટે છે તેમાં દોષ આવે છે. અહંકારને એ રૅફરન્સ્માં કેમ કહેવામાં આવી રહ્યો છે આ વાત આપણે સંક્ષેપમાં સમજી ચુક્યા.

તેમાં અહંમોહ અને વિષયમોહ એમ બે માનીને ચાલીએ તો મહાપ્રભુજીએ અહંથી પેદા થતા જેટલા પણ મોહ છે તેના એન્ટિડોઝ 'વિવેકધૈર્યાશ્રય'માં બતાવ્યા છે તેમાં 'વિવેક'ના ચારેય ઉપાય જ્યારે આપણે અપનાવીએ તો ઘણાબધા અહંકારના વિકૃત હોવાના દોષોથી આપણે બચી શકીએ છીએ. બીજાના હિસાબથી દોષ હોઈ શકે પરંતુ કોઈપણ અહં દોષ છે કે નિર્દોષ છે એતો કોઈને કોઈ ફ્રેમ-વર્ક્માં જાણી શકાશે. કેમકે એકજ અહં, દોષ હોઈ શકે છે અને એજ અહં, નિર્દોષ પણ હોઈ શકે છે. જેમ કોઈ આર્મીનો સૈનિક કોઈને મારી રહ્યો છે તે દોષ નથી પરંતુ તેને પરમવીરચક્ર મળશે. આપણે કોઈને મારી રહ્યા છીએ તો હત્યા કહેવાશે. આવીરીતે અહંકાર કોઈના માટે દોષ હોઈ શકે છે પરંતુ કોઈના માટે નિર્દોષ હોઈ શકે છે. આપણો અહંકાર ભગવત્શરણાગતિ ભગવદ્ભક્તિના એ પ્રોગ્રામમાં દોષરૂપ નહીં રહી જાય. આટલું કાલે જોયું હતું.

### (અહંતા-મમતાને સ્વસ્થ રાખવાનો પ્રોગ્રામ : વિવેકધૈર્યાશ્રય)

આપણા વિષયમોહને ભક્તિમાર્ગના અનુકૂલતયા આપણે કેવીરીતે

કન્ટ્રોલ્માં લાવી શકીએ? આટલા માટે મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં 'ધૈર્ય'નો ઉપદેશ આપ્યો છે. **''ત્રિદુઃખસહનં ધૈર્યમ્''** (વિ.ધૈ.આ.૬) બહુજ ઈમ્પોસિબલ્ ટાસ્ક્ લાગે છે. **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''** (વિ.ધૈ.આ.૧) તેનો એક્સેપ્ટેન્સ્ પણ ડિફિકલ્ટ્ છે પરંતુ આનાથી પણ ડિફિકલ્ટ્ **''ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા''** છે; પરંતુ તે ડિફિકલ્ટી મહાપ્રભુજીએ કયા ઉપાયોથી સરળ બનાવી છે તે ઉપાયો ઉપર ધ્યાન આપીએ તો સમજમાં આવશે કે *''તંગફુરસદ્ હૂઁ તઅમ્મુલમેં ભી ઢલને દો મુઝે''* આ ઉપાયોને આપણે કરશું તો કરી શકશું. મૂળમાં તો બધા અહંતાના મોહ અને મમતાના મોહના કાઉન્ટર્-ડોઝ તરીકે આપણે ત્યાં મહાપ્રભુજીએ આને સુધારવાના, સ્વસ્થ રાખવાના માટે વિવેક અને ધૈર્ય બતાવ્યા છે. એમના અંતર્ગત આનાથી રિલેટેડ્ ષોડશગ્રંથની ટૉપિક્ છે. એ બધા આજ વાતોના મૅન્યુઅલ્ છે. આને કેવીરીતે ઈમ્પ્લિમૅન્ટ્ કરવા તેના બધા મૅન્યુઅલ્ છે. વિવેકધૈર્યનો પ્રોગ્રામ્ છે; પરંતુ આને આપણે એડૉપ્ટ્ નથી કરી શકતા તો 'આશ્રય' કરવો. તે આશ્રયની પણ બધી વાતો જોઈશું કે કઈ-કઈ પરિસ્થિતિમાં કરવો. એ જોવાથી ચોક્કસ આપણને ખ્યાલ આવી શકે કે વિવેક-ધૈર્યને પણ સુધારવાનો ઉપાય આશ્રયમાં રહેલો છે. તેવા આશ્રયની સ્વસ્થતા વિવેકધૈર્યાશ્રયથી સારી થાય છે. તે આ પ્રકારની ઈન્ટર્-ડિપૅન્ડન્સી, મ્યુચ્યુઅલ્ ડિપૅન્ડન્સી (પરસ્પરાશ્રિતતા) વિવેકધૈર્ય વિસાવિસ્ આશ્રયની છે આ આપણી અહંતા-મમતા-મોહને સુધારવાનો પ્રોગ્રામ્ છે. આ બધી વાતો મહાપ્રભુજીએ ભગવદ્ગીતામાંથી મેળવી છે.

**('અહંતા-મમતા' સ્વસ્થ રાખવાનો મહાપ્રભુજીનો પ્રોગ્રામ્ ગીતાદ્વારા)**

સંક્ષેપમાં થિયરીના પ્રકારથી બતાવું કે ભગવદ્ગીતામાં ૧૭મા અને ૧૮મા અધ્યાયમાં કઈ વાતોને સાત્ત્વિક રાજસ તામસ પ્રભેદ બતાવ્યા છે **''ત્રિવિધા ભવતિ શ્રદ્ધા''** (ભગ.ગીતા.૧૭/૨) એની જે આઈટમ્ છે અને ત્રિવિધતાનો જો ભેદ જોઈએ તો એ ભેદોમાં કેવીરીતે તામસ નુકશાન

પહોંચાડે છે તો કેવો અવિવેક જાગે છે. કેવીરીતે સાત્ત્વિકની પ્રભુ પ્રશંસા કરી રહ્યા છે. તો એ સાત્ત્વિકતાના પ્રભુએ ઉપદેશ ગીતામાં આપ્યા છે. આપણો વિવેક કેવીરીતે પ્રકટ થઈ રહ્યો છે તે ફક્ત કો-રિલેટ્ કરીએ તો આપણે જોઈ શકીએ છીએ કે મહાપ્રભુજીએ એ બધા વિસ્તારોને સૂત્રીકૃત કર્યા છે. સૂત્રના રૂપમાં લઈ લીધા છે. ભેદ આ તરીકેનો છે. બધી આઈટમ્‌ને તમારી સામે એન્યુમરેટ્ કરીશ.

જેમ આહાર શ્રદ્ધા તપ દાન યજ્ઞ કર્મ બુદ્ધિ ધૃતિ સુખ આ બધાનું ત્રૈવિધ્ય ભગવાન બતાવી રહ્યા છે કે આ સાત્ત્વિક રાજસ તામસ પણ હોય છે. દરેક વખતે તેનો સમ આ જ પ્રકારથી આવે છે. શ્રદ્ધાના આહારના તપના દાનના યજ્ઞના કર્મના બુદ્ધિના ધૈર્યના તામસ પ્રકાર આવે છે. એ પ્રકારોમાં આપણે જ્યારે ગુંચવાઈ જઈએ તે વખતે આપણી અહંતા-મમતાને અસ્વસ્થ કરવાનો કાર્યક્રમ આપણે એડૉપ્ટ્ કરી રહ્યા છીએ. અને એના સાત્ત્વિક પ્રકારોને આપણે આપણામાં કલ્ટિવેટ્ કરવાનો પ્રયાસ કરીએ તો અહંતા-મમતાને સ્વસ્થ કરવાનો પ્રોગ્રામ્ કરી રહ્યા છીએ.

એ બધુંજ એકસાથે તો થનારૂં નથી તો પાછી એજ વાત *"તંગફુરસત હૂઁ તઅમ્મુલમેં ભી ઢલને દો મુઝે"* પરંતુ જ્યાંથી આપણે સાત્ત્વિક પ્રકાર શરૂ કરી શકતા હોઈએ; ઘણા લોકોને સહજ-સંભવ હોય કે સુખથી ન કરતા હોય એમને કર્મથી કરવું જોઈએ. કર્મથી ન કરતા હોય તો બુદ્ધિથી કરવું જોઈએ. બુદ્ધિથી ન કરી શકતા હોય તો શ્રદ્ધાના લેવલ્ ઉપર તેને સુધારવું જોઈએ. જ્યાંથી પોતાની-જાતને પકડવાનો પૉઈન્ટ્ મળતો હોય, ત્યાંથી શરૂ કરવું જોઈએ. જ્યાં બૅગ્‌નું હૅન્ડલ્ લાગેલું છે ત્યાંથી ઉપાડવાનું છે. અહંતાને ઉંચકવાના કે સુધારવાના આ બધા હૅન્ડલ્ જેવા છે. આહાર શ્રદ્ધા તપ દાન યજ્ઞ વગેરે, બધામાં અહંકાર ગુંથાઈ જાય છે. કાલે આટલા માટેજ મેં તમને બતાવ્યું કે કેવીરીતે ઈડ્ ઈગો સુપર્ઈગો આપણા કૉન્સિઅસ્‌માં ઘર કરીને બેસી જાય! આપણી પુષ્ટિમાર્ગની માનસિકતાનો જે ઘડો હતો (ગ્રાફમાં) તેમાં ચિત્ત બુદ્ધિ મન ઈન્દ્રિય ક્રિયા જ્ઞાન બધામાં અહંકાર કેવીરીતે બધી જગ્યાએ ફેલાઈ રહ્યો છે ઑલમોસ્ટ્

જે પ્રકારથી વટવૃક્ષ ફેલાઈ રહયું છે. વટવૃક્ષની જડ એટલી મજબુત હોય કે છૂટી ન શકે. એવીરીતે અહંકારની પકડ વટવૃક્ષની જડ જેવી છે. ખાલી પકડે નહીં, સંપૂર્ણ રીતથી તેને ચોંટીને જમીનમાં ઘુસી જાય. આપણા હિસાબથી ચિત્તમાં કે ચિત્તથી પણ પ્રાથમિક સ્ટેજ્ પ્રકૃતિના ગુણોની છે. એ લેવલ્ સુધી ઘુસવાનું સામર્થ્ય તે રાખે છે. ઈન્દ્રિય તન્માત્રા મન સુધીમાં આપણો અહંકાર ઘુસી શકે છે. તે ચાર્ટમાં જોયું હતું. એ કમજોર થઈ જાય પરંતુ એ તેને પડવા ન દે. અહંકારની આ સિફત છે. દરેક સિફતનો સદુપયોગ પણ થઈ શકે છે અને દુરૂપયોગ પણ થઈ શકે છે. એવીરીતે અહંકારની સિફત છે. (ચાર્ટ બતાવીને) આપણા મન તન્માત્રા ઈન્દ્રિયમાં અહંકારનું ઘુસવું સ્વાભાવિક કથા છે કેમકે હું સાંભળી રહ્યો છું, હું કરી રહ્યો છું પરંતુ તન્માત્રા જે વિષય છે તેમાં અહંકાર કેવીરીતે ઘુસે?

દરેક વિષય આપણને તન્માત્રાની બદૌલત દેખાઈ રહ્યા છે અને જે તન્માત્રાઓ છે તે દરેક દ્રષ્ટાની એકદમ પર્સનલ્ એસૅટ્ છે. તેનું કારણ શું? જેમ હું તમારી સામે પૅન્ રાખું તો તમને દેખાશે કે હું પૅન્ જોઈ રહ્યો છું. અને જો તમે આ પૅન્‌ને જોવા લાગી જાવ તો તમારા ચહેરાને જોઈને હું ઓળખી શકું કે તમને આ પૅન્ દેખાઈ રહી છે. આ બૅરિયર્ આવી ગયું. હું આ જોઈ શકું કે તમને પૅન્ દેખાઈ રહી છે. તમે એ જોઈ શકો કે મને પૅન્ દેખાઈ રહી છે; પરંતુ હું એ ન જોઈ શકું કે તમને પૅન્ કેવી દેખાઈ રહી છે, શું દેખાઈ રહી છે. તે તમારી પર્સનલ્ એસેટ્ છે તે તન્માત્રા છે. તન્માત્રા મારી ચેતનાની સંપત્તિ છે. મારા અહંની સંપત્તિ છે જે હું પોતેજ જાણી રહ્યો છું. આપણો અહંકાર આપણી તન્માત્રા સુધીમાં પોતાની જડ ફેલાવે છે. જેમ આપણે આપણો અહંકાર શેર્ ન કરી શકીએ. તેવી રીતે આ પણ શેર્ ન કરી શકે. અહંકારની જડો બાહ્યવિષય સુધી જઈ રહી છે. આ તેની ખાસ ખાસિયત છે.

આટલી પકડવાળા અહંકારને આપણે ક્યાંથી સુધારવાનો પ્રયત્ન કરશું! તમારી પાસે જે હેન્ડલ્ હોય ત્યાંથી પ્રોગ્રામ્ સ્ટાર્ટ્ થઈ શકે છે. તમને લાગતું હોય કે તમારા સુખનું સ્વરૂપ તામસ છે અને એ સ્વરૂપને

અનુરૂપ અહંકારને સુધારવા જશો તો અહંકારને વધારેમાં વધારે તામસ બનાવતા જશો. પરંતુ તમને લાગી રહ્યું છે કે સુખની અપેક્ષા ભલે તામસ હોય; પરંતુ મારી કર્મ કરવાની જે અપેક્ષા છે, કરવાનો જે સંકલ્પ છે તેમાં તામસતા નથી તો ચાલો કર્મને પકડી લો. તમને કર્મમાં લાગી રહ્યું છે કે આદત ખરાબ પડેલી છે તો સુધરનારી નથી, તો યજ્ઞને પકડો.

કર્મ આપણે જે કરી રહ્યા છીએ તેમાં આનુવંશિકતાનો, વાતાવરણનો, ફલાકાંક્ષાનો, પૂર્વકર્મના સંસ્કાર કે વાસનાનો પણ રોલ્ હોય છે જેના કારણે આપણને કર્મ કરવું પડે છે. મોટાભાગે જ્યારે કોઈ માણસ કોઈને લૂંટવા જાય અને તેમાં પ્રતિબંધ આવે તો તેનું મર્ડર્ પણ કરે. મર્ડર્ કરવા માટે મર્ડર્ નથી કરી રહ્યો હોતો; પરંતુ લૂંટવાનું કર્મ એડૉપ્ટ્ કર્યું તેની કોરોલરીમાં તેનું મર્ડર્ પણ કરવું પડે છે. એ કર્મ કરવાની હકીકતમાં આપણી આકાંક્ષા નથી હોતી. એ કર્મ, કર્મના કારણે કરવું પડતું હોય છે. આવા કર્મ પણ પાછા કર્મને જનરેટ્ કરતા હોય છે. એ બધા કર્મોમાં કર્મના દ્વારા જનરેટ્ થતા કર્મ છે. એ કર્મોમાં જે વખતે અહંકારને ફસાવું પડે તે વખતે આપણો સાથ તો અહંકાર જ આપે. દિલ પણ કહેતું હોય કે આ કામ નથી કરવું પરંતુ જે વખતે આપણો અહંકાર કહી રહ્યો છે કે આ કર્મ કરવું છે તો તે કર્મની કોરોલરીમાં કોઈ બીજું પણ કર્મ કરવું પડે. એ કર્મ જે વખતે કરીએ તે વખતે આપણે ગિલ્ટી પણ ફીલ્ કરતા હોઈએ છીએ કેમકે આપણે આ કર્મ કરવા માગતા હોઈએ અને તે કર્મ ન કરવા માગતા હોઈએ. પરંતુ એક કર્મ જે આપણે ખોટું અપનાવ્યું છે તે કર્મના પરિણામસ્વરૂપે આપણે બીજું કર્મ કરવું પડે છે, એવું કે જે આપણે કરવા નથી માગતા. ત્યાં સાથ આપનારો અહંકાર છે. મારા આ કર્મને સાથ આપવા માટે પરિણામ સુધી પહોંચવા માટે મારે આ કર્મ પણ કરવું પડશે. જેવી અહંકારે આ વાત સમજાવી તો આપણે જસ્ટિફાય્ કરી દઈએ કે આપણે કરવા નહોતા માગતા; પરંતુ કર્મ જ આવું કરાવી રહ્યું છે.

આપણે હિન્દુસ્તાનમાં બિજનેસ્ કરવો હોય તો ટૅક્સ્ની ચોરી કરવી જ પડશે. કોઈ ઉપાય નથી. ટૅક્સેશન્નો પ્રકાર એ રીતનો છે કે ચોરી

ન કરે તો બિજનેસ્ કરવો હોય તો પણ ન કરી શકીએ. કેમકે કેટલાય ઑફિસરોને ખવડાવવું પડે એ પૈસા વ્હાઇટ્માંથી કેવીરીતે ખવડાવશો! નૅચરલી બ્લૅક્ જનરેટ્ કરવું પડે. બિજનેસ્ કરી રહ્યા છીએ તો તેની કોરોલરીમાં આવતું કર્મ છે. આના કારણે પૂર્વકર્મના સંસ્કાર અને વાસના પણ કર્મને જનરેટ્ કરતા હોય છે. કર્મને પકડીને જો અહંકારને નથી સુધારી શકતા તો ઠીક છે યજ્ઞને પકડીને સુધારો. યજ્ઞમાં ન સુધારી શકાય કેમકે યજ્ઞમાં લોકોની આદત બગડી ગયેલી છે. તો કોઇ ચિંતાની વાત નથી, શ્રદ્ધાને પકડીને સુધારો. શ્રદ્ધા પણ ત્રિવિધ હોય છે. ક્યાંથી તમને હેન્ડલ્ મળી રહ્યું છે જે તમારો પૉઇન્ટ્ (સાત્ત્વિક) છે. આહાર શ્રદ્ધા તપ દાન યજ્ઞ કર્મ બુદ્ધિ ધૃતિ સુખ આવી આઇટમો ભગવાને એન્યુમરેટ્ કરી છે. એમાંથી તમને જે આઇટમ્ સાત્ત્વિક લાગતી હોય એ સાત્ત્વિકતાને પકડીને ધીરે-ધીરે બધાને સુધારો અને અહંકાર સુધીનો સુધારવાનો કોર્સ્ થઇ શકે; પરંતુ જેમાં તમે ખુદ તામસ છો તો અહંકારને સુધારવાને માટે સમર્થ નથી થઇ શકતા. એ તો અહંકારને વધારે તામસી બનાવશે.

દરેક વખતે મજાક કરૂં આવીરીતે કે અહંકાર ન કરો દીન રહો, દૈન્ય રાખો. તો કેટલું દૈન્ય રાખ્યું? **''કે યૂયં? હરિપાદપદ્મનિરત-શ્રીપાદપાયૂદક-ક્લિદ્યન્મૂત્રલુઠત્-પિપીલવધૂદાસાઃ''** મૂલમાં વૃત્તિ ખરાબ છે તો દૈન્યમાં પણ અહંકાર પ્રકટ થઇ જશે. ત્યાંથી નહીં સુધરી શકે. આપણને કોઇએ કહ્યું કે ''દૈન્ય કરો'' મતલબ શું? વાણી દીનતાની બોલો. હવે દીનતાની વાણી બોલવામાં અહંતાનો હાઇડ્રોજન્ બમ્બ્ના જેવો એક્સપ્લોજન્ થઇ જાય. વાણી દીનતાની બોલી રહ્યા છીએ પરંતુ આમાં વિસ્ફોટ અહંકારનો થઇ રહ્યો છે. આ પ્રકારની પરિસ્થિતિ આવે છે. આપણે ક્યાંથી સુધારવું એ પૉઇન્ટ્ વિવેકથી સરખી રીતે સિલેક્ટ્ કરવો પડશે. આ પ્રોગ્રામ્ મહાપ્રભુજીએ ગીતાજીમાંથી ડિરાઇવ્ કર્યો છે. એમાં આ મૅથડ્ને એડૉપ્ટ કરીને ડિરાઇવ કરી છે કે આ દરેક વસ્તુઓના ત્રિવિધ ભેદ બતાવવામાં આવ્યા છે. એ ભેદોમાંથી ક્યાંથી સાત્ત્વિકતાથી આપણે સુધારવી તે ઉપાય વિવેકધૈર્ય અંતર્ગત છે. બાકી આશ્રયના અંતર્ગત છે. એની કાંઇક દશ-બાર સર્કમ્સ્ટેન્સિસ્ બતાવવામાં આવી છે.

મહાપ્રભુજીએ આપણી અહંતા-મમતાને સુધારવા માટે આ પ્રોગ્રામ બનાવ્યો છે. જ્યારે વિવેકધૈર્યાશ્રયનો ઉપદેશ મહાપ્રભુજી આપી રહ્યા છે તો એ કર્મના અંતર્ગત મહાપ્રભુને નવરત્ન અંતઃકરણપ્રબોધ કહેવા પડ્યા છે, આ તરફ કૃષ્ણાશ્રય પણ કહેવો પડ્યો છે કેમકે એક વખત નક્કી કર્યું છે કે વિવેકધૈર્યાશ્રય સમજાવવો છે તો તેની અવાંતર ટૉપિક્ સમજાવવી પડશે. કર્મમાંથી કર્મ કેવીરીતે જનરેટ્ થાય તે આપણે ષોડશગ્રંથ જોઈએ તો સમજમાં આવશે. વિવેકધૈર્યાશ્રય સમજાવવો છે તો વિવેકના બધા પાસા સમજાવવા પડશે, ધૈર્યના બધા પાસા સમજાવવા પડશે, આશ્રયના બધા પાસા સમજાવવા પડશે. વિવેકધૈર્યાશ્રયના અગીયાર પાસા છે, એ ન સમજાવી શક્યા તો કૃષ્ણાશ્રયમાં સમજાવી દીધા.

**(જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાનથી 'કર્મવિધિ' અને કરણ કર્મ કર્તાથી 'કર્મસંગ્રહ')**

આ રીતે એક કર્મ આપણે પકડીએ તો તેના અંતર્ગત બીજું કર્મ પણ આપણે પકડવું પડે છે; પરંતુ આમાં ખાસ ધ્યાન આપવા લાયક વાત છે ગીતાના અંતર્ગત. ગીતામાં ભગવાને બહુ સરસ વાત કહી છે. **"જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના, કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ"** (ભગ.ગીતા.૧૮/૧૮) જ્ઞાન જ્ઞેય અને પરિજ્ઞાતા, કોઈ પણ કર્મની વિધિ શાસ્ત્ર જે વખતે કરવાનો આદેશ આપે છે તો તે કયા આધારે શાસ્ત્ર તમને આદેશ આપે છે? સૌથી પહેલાં ભગવાન કહી રહ્યા છે **"જ્ઞાનં જ્ઞેયં અને પરિજ્ઞાતા"** કયા પ્રકારનું જ્ઞાન છે? કયા પ્રકારનું જ્ઞેય છે અને એ જ્ઞેયની સાથે જે જ્ઞાતા છે તે કયા પ્રકારના જ્ઞાનથી ઈન્ટરૅક્ટ્ કરી રહ્યો છે એ વાતને ઉદ્દેશમાં રાખીને કર્મની વિધિ હોય છે.

મહાપ્રભુજીના દર્શનના હિસાબથી વિચારવું હોય તો ક્રિયાની વિધિ નથી હોતી. ક્રિયા તો પોતાનીમેળે સ્વભાવથી ચાલે અથવા પ્રભાવથી ચાલે. તેમાં વિધિ નથી. આપણે હવાને કહેવું નથી પડતું કે ચાલો રે ચાલો. ન તો પાણીને કહેવું પડે છે કે વહો. આપણા શરીરની અંતર્ગત પણ જેટલી ક્રિયાઓ ચાલી રહી છે; ચરક બહુ સરસ વાત કહે છે **"અલ્પં હિ**

**પ્રત્યક્ષં અનલ્પમ્ અપ્રત્યક્ષમ્ અસ્તિ''** એટલે કે પ્રત્યક્ષ બહુજ ઓછું છે. અપ્રત્યક્ષ જ્ઞાન ઘણું વધારે છે. રેશિયો ૮૦ થી ૨૦નો છે. આપણું અપ્રત્યક્ષ જ્ઞાન ૮૦ ટકા હોય તો તેની સરખામણીમાં પ્રત્યક્ષ જ્ઞાન ૨૦ ટકા હોય છે. ''અલ્પં હિ પ્રત્યક્ષમ્ અનલ્પમ્ અપ્રત્યક્ષમ્ અસ્તિ'' તેમાં ચરક બહુ સરસ વાત કહે છે **''યૈઃ ઈન્દ્રિયૈઃ તાવત્ પ્રત્યક્ષં ગૃહ્યતે તાન્યેવ ખલુ અપ્રત્યક્ષાણિ''** જે ઈન્દ્રિયોથી તમને પ્રત્યક્ષ થઈ રહયું છે તે ઈન્દ્રિય ક્યાં પ્રત્યક્ષ છે? આંખથી દુનિયા દેખાઈ રહી છે તે આંખ ક્યાં દેખાઈ રહી છે? કાનથી જે સંભળાઈ રહ્યું છે તે કાન ક્યાં સંભળાઈ રહ્યા છે? જીભથી સ્વાદ આવી રહ્યો છે તે જીભનો ક્યાં સ્વાદ આવી રહ્યો છે? ચરક નથી કહી રહ્યા પરંતુ ચરકના સિદ્ધાન્તથી આપણે સારી રીતે સમજી શકીએ છીએ કે ''અલ્પં હિ કર્મ અનલ્પા હિ ક્રિયા અસ્તિ.'' કર્મ આપણા શરીરમાં બહુ ઓછા છે ક્રિયાઓ અનલ્પ છે. ૮૦ અને ૨૦ નો રેશિયો મળશે. આપણે આ શરીરથી જે પણ કાંઈ કર્મ કરી શકીએ તે ૨૦ ટકા હોય છે અને ૮૦ ટકા એવી ક્રિયાઓ ચાલી રહી છે જેના ઉપર આપણો કોઈપણ કાબુ નથી. જેમ લોહી-પરિભ્રમણ, ડાયજેશન્, કેટલી બધી ક્રિયાઓ શરીરમાં ચાલી રહી છે તેના ઉપર આપણો ક્યાં કાબુ છે? ૮૦ ટકા એવી ક્રિયાઓ છે જેની સાથે આપણો પરિજ્ઞાતા તરીકે કોઈ સંબંધ નથી, એ ક્રિયાઓ આપણી જ્ઞેય નથી બની રહી. ડૉક્ટર્ આપણું બ્લડ્-પ્રેશર્ માપે ત્યારે ખબર પડે. બાકી તો આપણું માથું દુખી રહ્યું છે આપણે કાંઈક સમજીએ અને ભીતર ક્રિયાઓ કાંઈક બીજી જ થઈ રહી છે. બાળકને ઉંઘ આવતી હોય તો પણ સમજમાં ન આવે. એટલી ક્રિયાઓ આપણી ભીતર ચાલી રહી છે. ક્રિયાનો ૮૦ ટકા રેશિયો આવો છે જે ક્રિયાને આપણે જ્ઞેય નથી બનાવી શકતા, જે ક્રિયાનું જ્ઞાન હોય છે તે કોઈને કોઈ સાધનથી ખબર પડે. આવી અનલ્પ ક્રિયાઓ ચાલી રહી છે. તેમાં જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતાની કર્મવિધિ શક્ય નથી.

પરંતુ કેટલાંક કર્મ કરવાના સાધન છે. જેમકે લખવું હોય તો પૅન્ કરણ છે. આ પૅન્ને હાથમાં લઈને ચલાવવી કર્મ છે અને હું તેનો કર્તા. કર્મસંગ્રહ છે તે કરણ કર્મ કર્તા દ્વારા થશે. પરંતુ કર્મની વિધિ જ્ઞાન જ્ઞેય અને

જ્ઞાતાથી થાય છે. આ વાત ભગવાને બહુ ખૂબસૂરત બતાવી છે. જે પણ કર્મની વિધિ છે તે ઈન્ રૅફરેન્સ્ જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતા છે પરંતુ કર્મને જે તઅમ્મુલમાં ઢાળવાની વાત છે ત્યાંથી તો સમજમાં આવી શકશે પરંતુ કર્મ કરવું છે તો **''કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ''**(ત્યાંજ) તો આ ત્રણ ફૅક્ટર્ને પાછા લાવવા પડશે. ત્યાં જ્ઞાન જ્ઞેય પરિજ્ઞાતા કામ નહીં આવે. આ વાત સમજાવતા ભગવાને બહુ મસ્ત વાત કહી છે. ગીતાથી સંભળાવું તો બહુ મજા આવશે.

## (તામસકર્તાના લક્ષણ)

**''મુક્તસંગોનહંવાદી''** (ભગ.ગીતા.૧૮/૨૬) કયા કર્તાને હું સાત્ત્વિક કહી રહ્યો છું? તામસ સમજી જશો તો વધુ સાત્ત્વિક સમજમાં આવી જશે. **''અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકઃ અલસઃ વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા 'તામસ' ઉચ્યતે''** (ભગ.ગીતા.૧૮/૨૮) કર્તા છું પણ ક્રિયામાં પોતાની જાતને એપ્લાય્ કરવા નથી માગતો. જેમ ચાલી રહ્યું છે તેમ ચાલવા દો તો 'પ્રાકૃતઃ'. 'સ્તબ્ધઃ'=આ પ્રકારનો ઈગોઈસ્ટ્. શઠઃ=બદમાશ પાછો કેલ્ક્યુલેશન્ કરે. નૈષ્કૃતિકઃ=કોઈએ આપણું કામ કર્યું તેની નિષ્કૃતિ કરવી. કોઈએ મને આપ્યું તેનો ધન્યવાદ આપવા. અલસઃ=આળસુ. વિષાદી=દરેક વખતે રોતો જ રહે. આપણા આ બધા દુર્ગુણોના ટોપલા પોતાના માથે ન નાખતાં ગામ માથે નાખે કે જમાનો કલિયુગનો આવી ગયો. આ પ્રકારનો વિષાદ નિરંતર કરતો રહે. અને દીર્ઘસૂત્ર=કામ કરવાનો મોકો આવે તો પચાસ વખત અંગડાઈ લેશે, પચાસ વખત ઉઠશે. ત્યારે જઈને કાંઈક કામ થઈ શકે. આવા જે કર્તા હોય તે 'તામસ' કહેવામાં આવે. હવે જુઓ આનું ઉલટુ ભગવાન શું કહી રહ્યા છે કે તામસકર્તા સમજો તો સાત્ત્વિકકર્તા તુરત સમજમાં આવી જશે.

## (સાત્ત્વિકકર્તાના લક્ષણ)

ભગવાન બતાવી રહ્યા છે કે **''મુક્તસંગોઽનહંવાદી''** (ત્યાંજ) કામ કરવું છે તો કોઈ સાથ આપે તો કરવું છે અને કોઈ સાથ ન આપે તો પણ કરવું છે. કામ કરવું છે તે તો કરવું જ છે. મારે એકલાને કરવું પડે તો

તેનો હું અહંવાદ નથી કરી રહ્યો. અનહંવાદી બનીને કરૂં. **"ધૃત્યુત્સાહ-સમન્વિતઃ"** મનમાં ધ્યાન ધારણા બરાબર છે કે આ કામ મારે કરવું છે. હૅફેજાર્ડ્લી નહીં કે 'કહાં જા રહે થે ઔર કહાં આ ગયે કિસીકી નિગાહોંમેં ટકરા ગયે', એમ નહીં. અધૃતિ અનુત્સાહથી સમન્વિત નહીં કે ક્યાંય પણ ટકરાઈ ગયા.


એક છોકરી જઈ રહી હતી તેને જોતાં જોતાં એક છોકરો પણ જઈ રહ્યો હતો. જોતાં જોતાં તે કચરાની પેટીમાં પડી ગયો. એકે કહ્યું કે "આવીરીતે પણ શું તાકવું કે કચરાની પેટીમાં પડ્યો?" છોકરાએ કહ્યું "તું સમજતો નથી કે જો આ છોકરી ન મળી તો કચરાની પેટી જ મારી નિયતિ છે". તાકવું ખરાબ વાત નથી પરંતુ કચરાની પેટીને નિયતિ માનવી ખરાબ વાત છે. મતલબ લફરૂં છે. **"ધૃત્યુત્સાહ-સમન્વિતઃ સિદ્ધ્યસિદ્ધ્યોઃ નિર્વિકારઃ"** (ભગ.ગીતા.૨૮/૨૬) સિદ્ધિ અને અસિદ્ધિમાં જેનું મન વિકૃત ન થતું હોય. સિદ્ધિને કારણે જેને અહંકાર ન થતો હોય. અસિદ્ધિને કારણે ડિસ્હાર્ટન્ ન થઈ જતું હોય એવો જે કર્તા છે તે 'સાત્ત્વિક' છે.

આ પાછો *"ઇશ્ક હે બારેગરાં ઔર યે હવસ લાહિબ"* કર્તા ન સુધારી શકો તો કર્મને સુધારો. કર્મને ન સુધારી શકતા હો તો કરણને સુધારો. કરણને સુધારશો તો તેના સંપર્કથી ક્રિયા સુધરશે. ક્રિયા સુધરશે તો કર્તા સુધરશે. કોઈ કારણથી તમારી પાસે તામસકરણ પ્રાપ્ત છે અને કરણને સુધારવા જશો તો રોગ ફેલાવશે. પરંતુ તમારાથી કોઈ કર્મ સુધારી શકાતું હોય તો તેને સુધારો. અલ્ટિમેટ્લી તે કરણને અને કર્તાને સુધારશે. આ ભગવાનની સુધરવાની અને બગડવાની પૉલીસી છે જેમાં આપણો અહં અટવાયેલો હોવાના કારણે સુધરી કે બગડી શકે છે.

(અહંમાનીવાળો ચાર્ટ ૧૫)

→

**ચાર્ટ–૧૫**




આમાં એક મજેદાર પહેલુ ઉભરી રહ્યો છે. કેટલી જાતની પૉસિબિલિટી છે એ જુઓ. કર્તા જ્યારે ક્રિયા કરે છે, કેમકે આજે આપણે ‘અહંક્રિયા’નું વિશ્લેષણ કરવા જઈ રહ્યા છીએ. કર્તા અહંકારી હોઈ શકે છે. ‘માન’ મતલબ નિરન્તર એ મૂડમાં રહેવાવાળો.

**(કર્તાના અહંમાન અહંકાર અહંવાદને કારણે પ્રકટ થતી અહંની સત્ક્રિયા કે વિક્રિયા)**

‘અહંમાની’ મતલબ નિરન્તર અહંના મૂડમાં રહેવાવાળો. ‘અહંઅમાની’નો મતલબ તેમાં અહં છે પરંતુ નિરન્તર અહંના મૂડમાં ન રહે. જે મેં પહેલાં દિવસે સુગંધની વાત બતાવી. સુગંધ આપણા શરીર

ઉપર લગાવી તો બે મિનિટ સુગંધ આવે પછી આપણને રિટેઈન્ થઈ જાય. બીજાને આવે અને આપણને ન આવે તે 'અહંઅમાની'. અહં નથી એ મતલબ નથી. છે અહં પરંતુ તેને દરેક વખતે અહંના જ મૂડમાં દરેક કામ નથી કરવું. તો તે અહંઅમાની છે. કોઈ વખત અહંમાની હોય છે.

તે અહંમાની પાછો અહંકારી અને અહંઅકારી હોઈ શકે છે. 'અહંકારી' અને 'અહંઅકારી'નો મતલબ શું? માને કે ન માને પરંતુ તેની ક્રિયામાં અહંકાર ઝલકે.

અમારા એક મેનેજર દુર્વાસા હતા. એમની તકલીફ એ હતી કે કોઈ કામ વગર ફટકાર્યે કરી ન શકે. અમે લોકો મુંબઈથી દૂર જઈને દવા આપતા. મોટા મંદિરથી બેસતા જ ત્યાંથી ફાયરિંગ્ સ્ટાર્ટ થાય. ડૉક્ટર નર્સને બધાને ફાયર્. એક દિવસ શું થયું, ગરમીના દિવસો હતા. અમે લોકો જ્યારે બસથી નિકળ્યા ત્યારે કમ્પાઉન્ડરે કહ્યું "શેઠ, માટલું ફૂટેલું છે." તો મેનેજરે કહ્યું "છેલ્લે બોલે છે કે માટલું ફૂટેલું છે, ફૂટેલા માટલામાં પાણી લઈને ચાલો." અમે લોકો ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં માટલાનું બધું પાણી વહી ગયું. હવે બધા તરસ્યા. પોતે તો આઈસ્-બૉક્સ લાવ્યા હતા. મારી પાસે થર્મોસ્ હતું. તેમાં જલ લઈને ગયો હતો. બહાર ગયા તો મેં કહ્યું કે બધા લોકો જલ પી લો. બધાએ જલ પી લીધું પરંતુ સિસ્ટર્ પકડાઈ ગઈ. આવતાની સાથે એમણે ફાયર્ શરૂ કર્યું "ખબર નથી પડતી મહારાજના થર્મોસમાંથી જલ પીવે છે!" મેં કહ્યું "મારા થર્મોસમાંથી મેં જલ પીવડાવ્યું છે". એમણે કહ્યું "શું સમજીને તમે આપો છો?" અરે! મારા બાપની ગાડી, પ્રોજેક્ટ્ મારા બાપનો, પાણી મારા બાપનું, થર્મોસ હું લઈને આવ્યો, બધુંજ તો મારા બાપનું છે પરંતુ "શું સમજીને બેઠા છો?" પછી મેં કહ્યું "કામમાં જે જવાબદારી તમને આપી તે બહુ ભારે પડતી લાગે છે." તેઓ બોલ્યા "કાંઈ ભારે નથી પડતી, કામ કરવાની પદ્ધતિ જ આ". બધાને ફાયર્ કરતા રહે. એમના મનમાં આ ધારણા ઘર કરી ગઈ કે સારૂં મૅનેજમૅન્ટ્ કરવું હોય તો ફાયરિંગ્ કરતા રહો તો બરાબર સારૂં થાય. બિચારો વ્યક્તિ અહંકારી ન હતો પરંતુ નિરન્તર અહંવાદી

હતો.

કોઈ અહંમાની હોય છે, કોઈ અહંઅમાની હોય છે. કોઈ અહંકારી હોય કોઈ અહંનો અકારી હોય છે. એ અકારીમાં પણ કોઈ વાદી હોય છે કોઈ અવાદી હોય છે. આપણી પાસે પૉસિબલ્ ક્રિયાને પ્રકટ કરવામાં આઠ રેડિમેડ્ મૉડેલ્ તો છે. વધારે વર્કઆઉટ્ કરો તો ખબર પડે કે ક્રિયામાં કેટલો વિકાર પેદા થાય છે અને ક્યાં વિકાર પેદા નથી થતો. જેમાં ત્રણે એકઠા થઈ ગયા તો મહાન વિકૃત ક્રિયા થઈ જશે. અહંમાની પણ છે અહંકારી પણ છે અને અહંવાદી પણ છે તો સત્યાનાશ. તે મૅનેજ્ જ નહીં કરી શકે. હિટલર્ ટાઈપ્નો થઈ જશે. કોઈ વાદી નથી પરંતુ કારી છે, કોઈ કારી નથી પરંતુ વાદી છે, તેમાં જેટલો ઓછો થયો તેટલી સ્વસ્થ ક્રિયા પ્રકટ થશે. તકલીફ અહંની નથી; પરંતુ અહંમાન અહંકાર અને અહંવાદની છે. **''મુક્તસંગોનહંવાદી''** ભગવાન કહી રહ્યા છે મુકતસંગ છે તે 'સાત્ત્વિક' કહેવામાં આવે છે.

તેમાં સૌથી સારો કર્તા કયો? મધ્યમ કક્ષાનો કર્તા કયો? અધમ કક્ષાનો કર્તા કયો? એ વર્કઆઉટ્ કરવાનું છે. આપણી ક્રિયા આ પ્રકારથી વિકૃત થાય છે. જ્યારે એ મૅજોરિટી આ વાતની આવી જાય તો અહંની ક્રિયા વિકૃત થઈ જાય. અને મૅજોરિટી તેની નથી તો બૅલેન્સેબલ્ થઈ જાય છે, મૅનેજેબલ્ થઈ જાય છે. આપણી ક્રિયા, આપણી બોલ-ચાલ અને આપણી ફીલિંગમાં જ્યારે શાઉન્ટિંગ્ કરવા લાગી જાય ત્યારે મૅનેજેબલ્ કોર્સ્ નથી રહી જતો. કેવીરીતે તેને મૅનેજ્ કરવો અને કેવીરીતે વિકૃત અને અવિકૃત થાય છે આ ફોર્મ્યુલા સમજો. દરેક વાતમાં કોઈ મૉડેલને ધ્યાનમાં રાખવું જોઈએ. આપણે આપણા કોર્સ્ સમજીએ તો અહંકર્તાને અહંકરણને અહંક્રિયાને વિકારથી બચાવી શકીએ છીએ. શુદ્ધ રાખવામાં સમર્થ થઈ શકીએ છીએ; જેમ કબીર કહે છે *''જસકી તસ રખ દીની ચદરીયા, ઝીની રે ઝીની ચદરીયા''* બધાએ ઓઢી પરંતુ બધાએ તેને મેલી કરી દીધી. કબીર પોતાના માટે શું કહે છે *''જેવી રામે ચદરિયાં ઓઢાડી તેવી ઓઢી અને જતી વખતે જેમ હતી તેમ રાખી દીધી.''* જે અહંકારની

ચદરિયા છે તે ઓઢવી ખરાબ વાત નથી પરંતુ તેને મલિન બનાવવી ખરાબ વાત છે. કપડા પહેરો પરંતુ એવી રીતથી પહેરો કે મેલા ન થઈ જાય. તેને સફાઈનું કામ પણ તમારી જવાબદારી હોવી જોઈએ. આ અહંકારનું કપડું પહેરી રહ્યા છીએ તો તેની સફાઈ પણ આપણે રાખવી જોઈએ. અને તે સફાઈનું માર્ગદર્શન ભગવાને ગીતામાં બતાવ્યું છે.

**પ્રશ્ન :** અહંમાનીની ફીલિંગ્ ક્યાં હશે? ચિત્તમાં હશે?

**જવાબ :** બધી જગ્યાએ હશે. વધારે દિવસ અહંવાદ કરતા રહો તો ચિત્તમાં ચાલી જશે. નિરન્તર એવી ક્રિયા કરો કે જે ક્રિયામાં તમારો અહં પ્રકટ થાય. તો તે વાસના પેદા કરતી ચાલી જશે અને અલ્ટિમેટ્લી તમારા ચિત્તમાં અહં ઘુસી જશે. બુદ્ધિમાં નહીં રહી જાય. કોઈ વખત અહંકાર કલ્ક્યુલેશન્થી કરવો પડે. જેમ નારદજી અને સૉપની કથામાં આવે કેવીરીતે સૉપ નારદજીની સામે કરડવા માટે આવ્યો તો નારદજીએ કહ્યું "શા માટે વ્યર્થમાં આટલો ફુંકાર કરે છે?" સૉપે કહ્યું "શું કરૂં?" તો નારદજીએ કહ્યું "વ્યર્થમાં દરેક વખતે તારો ફુંકાડ ફુલાવ્યા ન કર, શાંત રહે." એણે કહ્યું "કાલથી નહીં કરૂં." બાળકોએ જોઈ લીધું કે ફુંકાર નથી કરતો એટલે બધાએ પત્થર ફેંકવા શરૂ કર્યા. તો બિચારાનું માથું જ ખરાબ થઈ ગયું. તો નારદજીને તેણે કહ્યું કે તમારા ઉપદેશથી જીવવું જ મુશ્કેલ થઈ ગયું. નારદજીએ કહ્યું " મેં કરડવાની મનાઈ કરી હતી, ફુંકાર મારવાની મનાઈ થોડી કરી હતી!" પરંતુ તેની એક લિમિટ્ છે. એ લિમિટનો હોસ આપણને હોવો જોઈએ કે ફૂંક કેટલા સમય સુધી મારવી, નહીં તો આની પોલ ખુલ્યા વગર રહે નહીં. પ્રપોર્શનેટ્ કરીએ તો પણ એજ્ એન્ ઈન્સ્ટ્રુમૅન્ટ્ આવી રહી છે.

## (સ્વસ્થ અહંકાર અથવા મમકારના માટે વિવેકની મહત્તા)

દરેક વખતે અહંકાર હોય, કે કામ હોય, કે ક્રોધ હોય, કે લોભ હોય, કે મદ હોય, કે માત્સર્ય હોય, જેટલા પણ દુર્ગુણ છે એ દુર્ગુણોને જે વખતે આપણે આપણા વિવેકના આધારે કરી રહ્યા છીએ; આપણો વિવેક શું હશે? દેશ-કાલ-કર્મ-કર્તા-મન્ત્ર-સ્વભાવ આ છએ ફૅક્ટર્ ધ્યાનમાં

રાખીને આપણે વિવેકના આધારે કરી રહ્યા છીએ તો તે ક્યારેય તમારી ચેતનાને નુકશાન નહીં પહોંચાડે. કેમકે એ કૉન્ટેક્સ્ હટ્યો નહીં અને તે પોતાનીમેળે સબ્-સાઈડ્ થઈ જશે. પરંતુ જ્યારે તમે તેનો ઑબ્સેશન્ (ધુન લાગવી) ડૅવલપ્ કરી લો; કામ-ક્રોધ-લોભ વગેરેની વાત નથી, અહંકારથી જ શરૂ થઈ રહ્યું છે અને મમકારથી જ શરૂ થઈ રહ્યું છે કે જ્યારે આપણે તેનો ઑબ્સેશન્ ડેવલપ્ કરવાનું શરૂ કર્યું; તેના પછી એક સ્થિતિ એવી આવી જાય કે આપણે કરીએ નહીં પણ બાય્-ઑટોમેશન્ પોતાની મેળે થઈ જાય. જ્યારે આવું થઈ જાય ત્યારથી આપણા આખા સ્વરૂપમાં ખરાબી પેદા થાય છે. જ્યારે તમે તમારા વિવેકથી પ્રયોગ કરી રહ્યા છો તો કોઈ ખરાબી નથી. ગીતાનો ઉપદેશ આ જ વાતનો છે. જ્યારે તમે વિવેકથી કરી રહ્યા છો;સ્થિતપ્રજ્ઞતાથી કોઈ કામ કરી રહ્યા હો તો કોઈ ખરાબી નથી. પરંતુ સારૂં કામ પણ તમે સ્થિતપ્રજ્ઞતા વગર કર્યું મતલબ તમારી પ્રજ્ઞાને સ્થિર ન કરી અને કામ કરવાનું શરૂ કરી દીધું તે સારૂં કામ પણ ખરાબ પરિણામ તમને આપશે. તેના માટે નિરંતર ભગવાન અર્જુનને ગીતામાં હેમર્ કરી રહ્યા છે. આપણે સારૂં કામ કરવું કે ખરાબ કામ કરવું એ ઈશ્યુ નથી જેટલી સ્થિતપ્રજ્ઞતાથી આપણા વિવેક વડે કરવું તેનાથી ઉચિત અનુચિતનો ખ્યાલ આવી જાય.

દરેક વખતે અહં 'હોવાના' મૂડ્માં જ થયેલો રહે. મૂડ્ (અહંનો મનોભાવ) ન હોય તો પણ ક્રિયામાં અહંકાર જ પ્રકટ થાય. એવી-એવી ક્રિયા કરીએ જેમાં દરેક વાતમાં અહંકાર જ પ્રકટ થાય. તો તે અહંકારી બની જશે. ક્રિયા કરે ને 'કારી' અને માન કરે તે 'માની', બોલે તે 'વાદી'. અહંમાની અહંકારી અને અહંવાદી એ તો પછી અન્મૅનેજિબલ્ કોર્સ્ થઈ ગયો.

અમારા મોટા મંદિરમાં એક દરજીની દુકાનમાં રાતના અચાનક આગ લાગી. રાતના બધા સૂતેલા હતા. અચાનક કોઈને શૂરાતન ચઢ્યું કે આગ લાગી, આગ લાગી, બંબાવાળાને ફોન કરો. દરજીનો નાનકડો બાંકડો હતો તેમાં થોડાક કપડા હતા તે બળીને આગ બુઝાઈ ગઈ.

બંબાવાળાએ આવીને થોડુંક પાણી વધારે છાંટી દીધું. એ જે હો-હલ્લા થયો એમાં ઉપરના જેટલાં ભાડૂત હતા એમના બધામાં અહંકાર જાગી ગયો કે હવે આગ બૂઝાવશું. જેની પાસે માટલા ટાંકીમાં જે પાણી હતું તે બધું ત્યાં નાખી દીધું. કામ કરવાનું જ્યારે શૂરાતન ચઢે તો સમજે નહીં કે બુઝાયેલી આગમાં પાણીને શા માટે વેડફવું જોઈએ? આ 'અવિવેકપૂર્ણ ઉત્સાહ' અથવા 'તામસ ઉત્સાહ' કહેવાય. બંબાવાળાએ રાડો પાડીને કહ્યું કે હવે પાણી નાખો નહીં. અમે બુજાયેલી આગને લાગવાનું કારણ શોધી રહ્યા છીએ. ત્યારે ત્રીજામાળ ઉપરથી એક માટલું ભરીને પાણી બંબાવાળા ઉપર નાખી દીધું! કોણ તોફાન કરી રહ્યું છે એ જોવા માટે ઉપરની બાજુ ટૉર્ચ કરીને જોવા લાગ્યા તો એક બાલ્ટી તેના ઉપર પણ ઉપરથી કોઈએ ઢોળી દીધી! આનું નામ 'તામસી ઉત્સાહ'.

## (ચેતનાના ચરણરૂપ અથવા કરણરૂપ અહંતા-મમતા)

ભગવાને આપણને મૅન્યુઅલ્ બતાવ્યું છે કે આપણા અહંકારને કેવીરીતે સ્વસ્થ રાખી શકીએ! આટલા માટેજ કબીર પણ બહુ સરસ વાત કહે છે. *''માયા ત્યજી તો ક્યા ભયા માન ત્યજ્યા નહીં તોય''* માયા તો ત્યાગી દીધી પરંતુ માન તો ત્યાગ્યું નહીં. મમતા છોડી દીધી અને તેનો અહંકાર પેદા કરી લીધો. અમે મમતા છોડી દીધી. રિવર્સમાં આમ પણ કહી શકીએ ''માન ત્યજા તો ક્યા હુઆ માયા ત્યજી ન તોય.'' માયા અને માનને 'અહં' અને 'મમ' કહી દઈએ. એ આપણા ચાલવાના બે પગ છે અને બંને પગ આપણી ચેતનાને ચાલવાને માટે સારા છે. પરંતુ તેનું હાડકું વધવું નુકશાન છે. એક લાંબુ થઈ જાય અને એક ટૂંકુ થઈ જાય આ બંનેમાં આર્થરાઈટિસ્‌ને કારણે મુડવાનું સામર્થ્ય ખતમ થઈ જાય. તો ફ્લૅક્સિબિલિટી હોવી જોઈએ કેમકે ચાલવાના ઈન્સ્ટ્રુમૅન્ટ્ છે. ચાલવાની મુખ્ય ક્રિયા ફ્લૅક્સિબિલિટી ઉપર રહેલી છે.

બરાબર આ જ વાત અહંતા-મમતા ઉપર લાગુ થાય કે અહંતા-મમતા પ્રપોર્શનેટ્ છે, વ્યર્થમાં કોઈનું હાડકું વધી નથી રહ્યું, તેમાં ફ્લૅક્સિબિલિટી હોવી જોઈએ. તમને સ્વતંત્રતા છે કે એક પગ ઉપાડી

શકો. પરંતુ એક પગ ક્યારે ઉઠાવી શકશો? જ્યારે બીજો પગ ટેકવેલો હોય તો!! અહંતાના જોર ઉપર મમતાને એવોઇડ્ કરી શકો છો. મમતાના જોર ઉપર તમે અહંતાને એવોઇડ્ કરી શકો છો. પરંતુ તમે આ ડિમાન્ડ્ કરો કે અહંતા-મમતા બંને સાથે ખતમ થઇ જાય તો જીવિત નહીં રહો, મુક્ત થઇ જશો. ત્યારે તો વાત ખતમ થઇ જશે. ચેતનાને જીવિત રહેવા માટે અહંતા-મમતા બે પગ છે. પગનું સ્વસ્થ હોવું કઇ વાતમાં છે? વાળી શકીએ છીએ કે નહીં, સીધા કરી શકીએ છીએ કે નહીં, ફ્લૅક્સિબિલિટી છે ને નહીં? ચાલવાના ઉપકરણ હોવાના ગુણધર્મ છે તે પ્રકારની આપણી ચેતનામાં અહંતા-મમતારૂપી ચરણ છે. એ પ્રકારનો ગુણ છે તો સ્વસ્થ રહે છે. એ ગુણ બગડ્યા તો કામ બગડ્યું. આ રહસ્ય છે આને સ્વસ્થ રાખવાનું. અહંને સત્ક્રિયા બનાવવાનું અને અહંને વિક્રિયા બનાવવાના બધા ફિનોમિના આ રહસ્યમાં રહેલાં છે. કર્તાનો કરણની ઉપર કન્ટ્રોલ્ હોવો જોઇએ, કરણનો કર્તાની ઉપર નહીં. કયારેક સ્પીડ્માં આવતી ગાડીમાં કરણનો કર્તાની ઉપર કન્ટ્રોલના કારણે એક્સિડૅન્ટ્ થાય છે. જે વખતે ડ્રાઇવર્નો કારની ઉપર કન્ટ્રોલ્ હોય છે તે વખતે એક્સિડૅન્ટ્ નથી થતું, પરંતુ કાર જે વખતે ડ્રાઇવર્ ઉપર કન્ટ્રોલ્ કરવા લાગી જાય તો એક્સિડૅન્ટ્ થવાનું જ છે. સૌથી પહેલાં કરણના કન્ટ્રોલમાં કર્તા ન હોવો જોઇએ આ પહેલી શરત છે. આ સ્વસ્થતાનું મૂલ રહસ્ય છે. આ સમજ્યા તો બધી સ્વસ્થતા અને અસ્વસ્થતા સમજમાં આવશે. અહંની વિક્રિયા જે વાતથી છે તે સમજમાં આવશે.

## (અહંવિક્રિયાનું સાયકૉલોજીકલ્ એપ્લાઇડ્ ફૉર્મ)

આજે આપણે અહંકારની વિકૃત ક્રિયાનું જે સ્વરૂપ છે મતલબ વિક્રિયાનું સ્વરૂપ ડિસ્કસ્ કરવાનું છે. અને તેના માટે આપણે ત્યાંના વિકારના સ્વરૂપ તમને બતાવી દીધા કે અહંભાનથી અહંમોહ, અહંમોહથી ક્રોધ, પછી મદ માત્સર્ય વગેરે. મેં સાયકૉલોજીની દષ્ટિથી પણ તમને બતાવ્યું, તેમાં અહંકારની ક્રિયાનું જે વિકૃત સ્વરૂપ છે તે સાયકૉલોજીકલી કેવીરીતે એક્સપ્લેન્ કરવામાં આવ્યો છે તે બતાવવા માગીશ. આ તો ટિપ્

ઑફ્ આઈસબર્ગ છે. કેમકે સાયકૉસૉમેટિક્ પ્રૉબ્લેમ્ હોય, સાયકૉન્યુરોટિક્ પ્રૉબ્લેમ્ હોય, તેમાં પાછા અનેક પ્રભેદ હોય. પરંતુ હું અહંના ડિફૅન્સ્ મેકેનિઝમના જે પ્રૉબ્લેમ્ છે તે તમારી સામે અહંકારની વિક્રિયાના રૂપમાં; જેમ મેલેન્કલિ છે ફોબિયા છે તે આપણે અહીં ચર્ચા નથી કરી રહ્યા. આપણે આ વખતે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ તે અહંની ડિફૅન્સ્મૅકેનિઝમના અંતર્ગત અહંમાં શું શું વિક્રિયા પેદા થાય છે એ ખાસ વાત જોવાની છે. સાયૉલૉજીમાં આનો ઘણોબધો વિસ્તાર છે પરંતુ થોડોઘણો વિષય હું તમને સમજાવવા માગી રહ્યો છું.

**(અહંક્રિયા અને તેના લક્ષણ ઉદાહરણ ઉપાય)**

**૧.ડિનાયલ્ ઑફ્ રિયાલિટી ૨. ફૅન્ટસી ૩. રિપ્રેશન્ ૪.રૅશનલાઈજેશન્ ૫.પ્રોજેક્શન્ ૬.રિએક્શન્ ફૉર્મેશન્ ૭.ડિસ્પ્લેસ્મૅન્ટ્ ૮.અન્ડુઈંગ્ ૯.આઈડૅન્ટિફિકેશન્ ૧૦.ઈન્ટ્રોજૅક્શન્ ૧૧.કમ્પેન્સેશન્ ૧૨.એક્ટિંગ્-આઉટ્.**

આમાં સાયકૉલૉજીસ્ટ્ના વિસ્તારમાં અઢાર આઈટમ્સ્ ગણાવી છે. પરંતુ સંક્ષેપને માટે ફક્ત બાર લઈ રહ્યા છીએ. સાથે સાથેજ એક બીજો ખુલાસો કરી દઉં કે અહંની વિક્રિયા સાયકૉલૉજીમાં જે પ્રકારથી ડિફાઈન્ થઈ છે તે પ્રકારથી હું તમારી સામે એક્સપ્લેન્ નહીં કરૂં. તેનું મૂળ કારણ શું? કેમકે ઈડ્ ઈગો અને સુપર-ઈગોની ટર્મિનોલોજીમાં બધું એક્સ્પ્લેનેશન્ છે. આપણે આને અહંતા અને મમતાની ટર્મિનોલોજીમાં જોઈશું. આનો એપ્લાઈડ્ સ્વરૂપમાં આપણું જે ફ્રેમવર્ક છે, આપણી જે સમસ્યા છે, જે મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે **''અહંકારં ન કુર્વિત''** અહંકાર ન કરો. આ કર્મની (ગીતાના સંદર્ભમાં) આજ્ઞાને અનુસાર જે આપણો કોર્સ્ છે તે કોર્સમાં તેનું એપ્લિકેશન્ અથવા એપ્લાઈડ્ સાયકૉલૉજીની જેમ તેને ડિસ્કસ્ કરવા માગી રહ્યો છું, પ્યોર્ થિયૉરેટિકલ્ નહીં. એમની વ્યાખ્યામાં થોડું ઘણું અંતર છે તે એપ્લાઈડ્ સેન્સ્માં સમજીએ તો સમજમાં આવશે. આપણી અહંતા-મમતાના કૉન્ટેક્સમાં આ સમજવાનો પ્રયાસ કરશું, જેથી અહંકારની વિક્રિયાનું સાચું સ્વરૂપ

સમજમાં આવે. અને વિસા-વિસ્ લક્ષણ ઉદાહરણ અને મહાપ્રભુજીએ બતાવેલા ઉપાય કે શું કરો તો પ્રૉબ્લેમ્ ન થાય તે હું તમને સમજાવવા માગી રહ્યો છું. કેમકે આપણે સાયકૉલૉજીનો ક્લાસ્ નથી ચલાવી રહ્યા. મહાપ્રભુજીના **''અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્''** નો ક્લાસ ચલાવી રહ્યા છીએ. સાયકૉલૉજીને આપણે એપ્લાઇડ્ ફોર્મ્માં લઇ રહ્યા છીએ, થિયૉરેટિકલ્ ફોર્મમા નહીં.

## ([1]ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનું લક્ષણ)

સૌથી પહેલી ઈગો-ડિફૅન્સ્-મૅકેનિઝમ્ની તકલીફ છે ડિનાયલ્ ઑફ્ રિયાલિટી. તે શું છે તેને ધ્યાનથી સમજો. કયાંક ને ક્યાંક આપણો અહં કોઈ જાતની ઇન્-સિક્યૉરિટી ફીલ્ કરે છે. કેમ? પરંતુ જે વિષયમાં આટલી મમતા નથી તે વિષય આપણા અહં ઉપર હાવી થવા લાગે છે. કાલે બાળકોની વાત સમજાવી હતી. બાળકને જબરદસ્તી લઇ જઇએ અને મોટા અંદરોઅંદર વાત-ચીત કરવા લાગી જાય તેમાં બાળકની મમતા ઇન્વૉલ્વ્ થાય નહીં તેથી બાળક દેકારો મચાવે. એવીરીતે આપણી મમતાનો વિષય નથી તે વિષય આપણી અહંતા ઉપર હાવી થવા લાગી જાય તેથી આપણી અહંતા ઇન્-સિક્યોર્ ફીલ્ કરે છે. એ તે વખતે રિયાલિટીને ડિનાય્ કરવાના એક્સટેન્ડ્ સુધી જાય છે. કેમકે તેની પાસે ઉપાય નથી હોતો. કોઈ પણ પોતાના અહંકારને ઇન્-સિક્યોર રાખવા નહીં માગે. અહંકારને ઇન્સિક્યોર્ રાખવો મતલબ ઑલમોસ્ટ્ સ્યુસાઇડ્ જેવી કથા થઇ જાય. અહંકારની સિક્યોરિટીને માટે આપણી મમતાની વિરોધી વસ્તુઓમાં નિરન્તર તેને ઘેરવો પડે. તે એક્સેપ્ટ્ ન કરી શકે તો તેને તે આપણા અહંકારના બળ ઉપર રિયલ્ હોવા છતાં, અન્-રિયલ્ માનવા લાગી જઇએ. મેં તમને ઉભા થઇને બતાવ્યું કે તે ('અહં બ્રહ્માસ્મિ'ના ઉપાસક) મમતાને છોડી દે છે અને અહંતાના પગ ઉપર ઉભો રહીને તે કહે કે આ જે કાંઇ છે તે મિથ્યા છે. જગત્ મિથ્યા છે તેમાં મૂલ રહસ્ય આ છે. આપણે જેવીરીતે ઇચ્છીએ છીએ તેવીરીતે જગતમાં જીવી નથી શકતા. જગતના વિષયાકર્ષણ છે પરંતુ જ્યાંથી વિષય પેદા

થઈ રહ્યો છે તેનાથી તે મિથ્યા માને છે. મિથ્યા માનીને પોતાના અહંની સુરક્ષા કરો. આ એક્ચ્યુઅલી ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનો ઈગો-ડિફૅન્સ્-મૅકૅનિઝમ્ છે. સાયકૉલૉજીમાં ઘણા બધા ઉદાહરણ છે. હમણાં આને આપણે એપ્લાઈડ્માં આપણા સમ્પ્રદાયના અર્થમાં જોઈશું.

## (પુષ્ટિમાર્ગીય રિયાલિટી)

સૌથી મજેદાર વાત બતાવું અમે બાલકોની. મહાપ્રભુજીના પ્રોગ્રામની ખૂબસૂરતી જુઓ. કોઈ પણ સમ્પ્રદાયમાં કોઈ તો ગુરૂ શિષ્ય અથવા અનુયાયી અનુગામી હશે. નૉર્મલી દરેક ધર્મસમ્પ્રદાયમાં દરેક વખતે ગુરૂનું બીજું સ્વરૂપ અથવા બીજા ક્વૉલિફિકેશન્ આપવામાં આવ્યા છે. તેના વિસા-વિસ્ શિષ્યના કેટલાક લોઅર્ કે સબોર્ડિનેટ્ ક્વૉલિફિકેશન્ આપવામાં આવ્યા છે. અને કહેવામાં આવે છે કે આ પ્રકારનો આપણો રોલ્-મૉડેલ્ છે અને આ પ્રકારથી જો તમે એડૉપ્ટ્ નથી કરી શકતા તો તમે આના અનુગામી બનો.

આ વિષયમાં એક આપણા મહાપ્રભુજી એવા છે. ગુરૂની ક્વૉલિફિકેશન્(લાયકાત) શું? 'કૃષ્ણસેવાપર'. એ વૈષ્ણવમાં હોવી જોઈએ કે નહીં? 'શ્રીભાગવતતત્ત્વજ્ઞં', એ વૈષ્ણવમાં પણ હોવું જોઈએ. 'દંભાદિરહિતં', ગુરૂની થોડી મૉનોપૉલિ છે કે અમારે દંભ ન કરવો જોઈએ! તમારે પણ દંભ ન કરવો જોઈએ. ગુરૂની એવી ક્વૉલિફિકેશન્ નથી કે જે શિષ્યથી અલગ હોય. કન્સેપ્ટ્ની બ્યુટી જુઓ. જે ગુરૂની ક્વૉલિફિકેશન્ છે તે શિષ્યનું કર્તવ્ય છે. આ પ્રકારનો મહાપ્રભુજીએ પ્રોગ્રામ્ આપ્યો છે તેમાં અહંકાર ક્યાંથી અને કેવીરીતે ડૅવલપ્ થઈ શકે! ગુરૂનું ક્વૉલિફિકેશન્ છે તે શિષ્યને કર્તવ્યતયા એડૉપ્ટ્ કરવાનું છે. કોઈ એક્સ્ટ્રાઑર્ડિનરી ક્વૉલિટી નથી. **"પ્રેમ્ણો અન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્, શ્રીભાગવતમેવ અત્ર પરં તસ્ય હિ સાધનમ્"** (ત.દી.નિ.૨/૩૨૬) એ પણ શિષ્યને માટે બતાવ્યું. દંભ ન કરવો એ તો ગુરૂ-શિષ્ય બંનેને માટે કહેવામાં આવતી વાત છે. સેવા કરવી છે તેમાં દંભ કરવાનો પ્રશ્ન ક્યાંથી આવ્યો? આપણે ત્યાં ગુરૂ અને શિષ્યના

ક્વૉલિફિકેશન્ એક છે. આપણા પુષ્ટિમાર્ગનો અતિ રિમાર્કેબલ્ ફિચર્ છે.

## (ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનું ઉદાહરણ અને તેનું દુષ્પરિણામ)

સુપ્રીમ-કોર્ટમાં જૂનાગઢના કેસ્માં પિટિશન્ કરી હતી તે વકીલે કહ્યું કે ''અમારા પુષ્ટિમાર્ગમાં જે ગુરૂ છે તેમને વૈરાગ્ય ન હોવો તે ક્વૉલિફિકેશન્ છે!'' વૈરાગ્ય છે નહીં પરંતુ ભગવાનમાં વૈરાગ્યગુણ છે તો તે ગુણ આપણે ઈન્-કૉર્પૉરેટ્ કરવો પડશે કે નહીં? એમણે સુપ્રીમ-કોર્ટમાં કહી દીધું. આનાથી વધારે ભયંકર ઘટના અમેરિકામાં બની. પેન્સિલવેનિયામાં મંદિર ખોલ્યું ત્યાં કહ્યું કે મહારાજને તો બ્રહ્મચારી હોવું જોઈએ. હવે મહારાજ ગભરાઈ ગયા. એમણે કહ્યું કે આ વાત ક્યાંથી લાવ્યા તમે? નાસ્તિક છો પાખંડી છો અનાચારી છો ધૂર્ત છો. પરંતુ બ્રહ્મચારી હોવું કોઈ ખરાબ વાત થોડી કરી હતી! મહારાજનો ઈગો હર્ટ થઈ ગયો. આ પ્રકારનો ફૉલ્સ્ ઈગો પાળીને રાખીએ છીએ. ડિનાયલ્ ઑફ્ રિયાલિટીમાં જુઓ, **''કૃષ્ણસેવા પરં વીક્ષ્ય''** આ આપણા પુષ્ટિમાર્ગની રિયાલિટી છે. આ રિયાલિટીને એક્સૅપ્ટ્ કરવામાં વૈષ્ણવ અને બાલક બંને કતરાવા માગે છે તેથી હવેલી ચાલે છે. બંનેમાંથી કોઈને સેવા નથી કરવી. બંને છુટ્ટા. ત્યાંથી વૈષ્ણવ છુટ્ટો થઈ ગયો કૃષ્ણસેવાની રિયાલિટીથી. અહીંથી મહારાજ છુટ્ટા થઈ ગયા કેમકે નોકર તો કરીજ રહ્યા છે. હવે તકલીફ થાય છે. હવે આ સેટ્-અપ્ ડૅવલપ્ કર્યો તો તેના પછી પ્રૉબ્લેમ્ આવ્યો કે કૃષ્ણના પ્રત્યે સેવાપરતા નથી, ભાગવતતત્ત્વજ્ઞતા નથી તો ગુરૂ માનવા કે ન માનવા? બીજી ડિનાયલ્ ઑફ્ રિયાલિટી શું થઈ? નહીં નહીં ગુરૂ તો મહાપ્રભુજી છે. બરાબર માની લીધું. પછી તમે કોણ? સાક્ષાત્ પુરૂષોત્તમ. જ્યાં ગુરૂ હોવાની લાયકાત નથી ત્યાં અચાનક પુરૂષોત્તમ થઈ ગયા! આ 'ડિનાયલ્ ઑફ્ રિયાલિટી' છે.

આપણી ગુરૂ હોવાની રિયાલિટીને ડિનાય્ કરવા માટે ફૉલ્સ્ ક્લેઈમ્ શરૂ કર્યો. ''શ્રીમદ્વલ્લભવંશમેં સબ હી વલ્લભરૂપ''. કાંઈ પણ વલ્લભના ગુણ નથી, વલ્લભના ઉપદેશ પાળવા માટે તમારી અંદર કમિટમૅન્ટ્ નથી. તમે તે પ્રકારનો ઉપદેશ આપવામાં કતરાઈ રહ્યા છો અને

અચાનક વલ્લભવંશમાં બધાજ વલ્લભરૂપ થઈ કેવીરીતે ગયા!!! જોખમ ક્યાં પેદા થયું? ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનો જે ઈગો-ડિફૅન્સ્-મૅકેનિઝમ્ છે તેમાં આપણે પુષ્ટિમાર્ગમાં કેવા બ્લન્ડર્ પેદા કર્યા તે બતાવી રહ્યો છું. કેમકે આપણે અહંક્રિયાની એપ્લાઈડ્ સાયકૉલૉજી જોઈ રહ્યા છીએ. રાઈટ્ પર્સપૅક્ટિવ્માં સમજો. પુષ્ટિમાર્ગમાં મૉર્ અને લેસ્ ત્રણ-ચાર પાર્ટી છે. એક પાર્ટી છે મહારાજ, એક પાર્ટી છે ગોસ્વામીના ઈનલૉજ્ (લાલાજી), એક પાર્ટી છે વૈષ્ણવ. હવે તકલીફ શું થાય છે કે સેવા અમારાથી નભે નહીં, ભાગવત ભણવામાં કંટાળો આવે, ટીવી જોવું, નૉવેલ્ વાંચવી સારૂં લાગે, કોઈ વૈષ્ણવ કોઈ લાલાજી સેવામાં વધારે તત્પર થઈ જાય તો મહારાજોના ઈન્દ્રાસન હાલક-ડોલક થઈ જાય. ક્યાંક એવું તો નહીં થઈ જાય કે અમને માનવાને બદલે બધા આમને માનવા લાગી જાય!

કટ્-ઑફ્ કરો, કેટલો કટ્-ઑફ્ કર્યા લાલાજીઓને; જુઓ, આ 'ડિનાયલ્ ઑફ્ રિયાલિટી'ની કેટલી ભયંકર કારસ્તાની થઈ પુષ્ટિમાર્ગમાં કે બેટીજી સેવામાં ન્હાઈ શકે પરંતુ લાલાજીનો ગર્ભ બેટીજીના પેટમાં હોય તો તે સેવામાં ન ન્હાઈ શકે. અરે યાર તમે ક્યાંથી પેદા થયા! કોઈ લાલાજીની પૈદાઈશ છો કે નહીં! ત્યારે કહે એ ચર્ચા નહીં કરો, અમે અલગ છીએ અમે સાક્ષાત્ પુરૂષોત્તમ છીએ. આ ડિનાયલ્ ઑફ્ રિયાલિટી કે પોતાની માઁને ડિનાય્ કરી દેવી. તમારી માઁ બેટીજી તો હોઈ ન શકે, માઁ તો કોઈને કોઈ લાલાજીની જ દિકરી હશે. વહુજી ન્હાઈ શકે બેટીજી ન ન્હાઈ શકે, લાલાજીનું બાળક પેટમાં છેને એટલા માટે! ડર લાલાજીનો નથી, પરંતુ જો લાલાજીને સેવાના સંસ્કાર આવી ગયા અને સેવા કરવા લાગી ગયા તો! પોતાને તો સેવા કરવી નથી, કરાવવી છે. પછી તે સેવા કરવા લાગી ગયો અને વૈષ્ણવોમાં ચમકી ગયો તો પછી મારૂં શું? ઈન્દ્રાસન હાલક-ડોલક થઈ ગયું. આટલો ખરેખર લાલાજી જો અછૂત છે તો તેની સાથે શા માટે લગ્ન કરવા, તેની દિકરી શા માટે લેવી? તેને પોતાની બેટી આપવી શા માટે? આ ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનું દુષ્પરિણામ થયું. આનું પરિણામ એ આવ્યું કે પ્રત્યેક લાલાજી આજે પુષ્ટિમાર્ગના દ્વેષી છે. શા માટે દ્વેષી છે કેમકે આ પ્રકારથી લાલાજીની સાથે દુર્વ્યવહાર કરવામાં

આવ્યો.

વૈષ્ણવ કોઈ સેવામાં ન્હાવા લાગી જાય અને થોડીક પણ સેવા વધારે કરવા લાગી જાય તો અમારા લોકોનું ઈન્દ્રાસન હાલક-ડોલક થવા માંડે કે અરે અમે આટલી સેવા નથી કરતા અને તેં કરી કેવી રીતે! પચાસ લફડા એની ઉપર લગાવી દે કે અપરસ નથી પળાઈ રહી, શૃંગાર નથી થઈ રહ્યા, ઝારીનો નેવરો ખુલેલો છે. જયંત કાગ્‌ની ત્રણ જન્મની વાર્તામાં હમણાં આવ્યું છે કે ઝારીનો નેવરો બાંધતા નથી આવડતો અને ઝારીઓ ભરી રહ્યા છે. અરે ભાઈ! શું વાત છે, બધા મહારાજોને કેવો ઝારીનો નેવરો બાંધતા આવડે છે શું? કોઈ મહારાજને ઝારીનો નેવરો બાંધતા આવડ્યો? બેવકૂફ બનાવવાની વાત, શુદ્ધ એજન્સીની વાત. નેવરાનું શું આટલું મહત્વ છે? નેવરો એક પ્રકારથીજ થોડો બાંધવામાં આવે, ઘણા પ્રકારથી નેવરો બાંધી શકાય. એ વાતનો એટલો મુદ્દો ઉછાળી દીધો કે નેવરો બાંધતા નથી આવડતો અને ઝારી કેવી રીતે ભરી રહ્યા છે! ગમે તે રીતે વૈષ્ણવને સેવા ન કરવા દેવી, ન કરવા દેવાનો હેતુ શુ કે ક્યાંક અમારાથી વધારે કરવા લાગે તો? આ પ્રૉબ્લેમ્ કે કૃષ્ણસેવા પરતા, દમ્ભાદિરહિતતા, શ્રીભાગવતતત્ત્વજ્ઞતામાં અમે રોલ્-મૉડેલ્ ન રહીને તમે રોલ્-મૉડેલ્ બની ગયા તો? ન હું કરૂં ન તને કરવા દઉં. આપણા સંપ્રદાયમાં ડિનાયલ્ ઑફ્ રિયાલિટી કરવાનું નૅટ્-રિઝલ્ટ્ આ આવ્યું કે વૈષ્ણવમાં સેવા કરવાની આસ્થા ખંડિત થઈ ગઈ અને સેવા ખરીદવાની આસ્થા પેદા થઈ ગઈ. અમે લોકો પૅરાસાઈટ્‌ની જેમ પુષ્ટિમાર્ગમાં એક જીવન જીવવા લાગી ગયા. એ પ્રકારનું સ્વાભિમાન, મહાપ્રભુજીનો જે સ્વસ્થ અહંકાર છે તે નથી દેખાઈ રહ્યો. અસ્વસ્થ અહંકાર, જેને ગુજરાતીમાં 'બીકણ' કહે, એ તો અંદરથી ડરી રહ્યા છે અને બહારથી ખાલી ઘૌં ઘૌં ઘૌં ઘૌં કરી રહ્યા છે. તેથી ડિનાયલ્ ઑફ્ રિયાલિટીના કારણે બધો સેટ્-અપ્ બગડ્યો. આ એક રહસ્ય સમજો.

**(રિયાલિટી સ્વીકારવાનો મહાપ્રભુજીનો સ્વસ્થ અહમ્)**

આના વિસા-વિસ્ મહાપ્રભુજીને જુઓ. જે સ્કેલ્‌ની સેવા શેઠ

દામોદરદાસ કરતા હતા, મહાપ્રભુજીએ એક દિવસ પણ નથી કરી અને ક્યારેય મહાપ્રભુજીએ જેલસ્(ઈર્ષ્યા) ફીલ્ ન કરી. દામોદરદાસને હંમેશા ગ્લોરિફાય્ કર્યા કે જેમણે અંબરીષ રાજા ન જોયા હોય તે દામોદરદાસના દર્શન કરો. સ્વીકારવાનો માદ્દા હતો. એ સ્કેલ ઉપર મહાપ્રભુજીએ સેવા ક્યારેય નથી કરી. ન કરી તો ન કરી, ભાઇ! મહાપ્રભુજીનો સિદ્ધાન્ત જ સ્પષ્ટ હતો કે જેટલી જાતે સેવા સહજ થઇ શકે એટલી સેવા કરો. દામોદરદાસજીથી તે સહજ થઇ શકતી હતી એમણે કરી, કરી તો તેમને મહાપ્રભુજીએ એપ્રિશિયેટ્ કરી, તેમાં મહાપ્રભુજીને ભીતરથી નર્વસ્ ફીલ્ નથી કર્યો કે અમારાથી વધારે સેવા કરવાની તારી હિંમત કેમ થઇ બતાવ. કેમકે આપશ્રીમાં ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનો ઈગો ન હતો.

મહાપ્રભુજીમાં રિયાલિટીને સ્વીકારવાનો ઈગો હતો. ગુસાંઇજીમાં ડિનાયલ્ ઑફ્ રિયાલિટી ડિસ્ટૅર્ટેડ્(વિકૃત) ઈગો ન હતો તેથી ગુસાંઇજી નિરંતર સમર્પિતનો જ ભોગ લેવાના, પ્રસાદનો ભોગ લેવાના આગ્રહી હતા પરંતુ આસકરણદાસજીને માટે ગુસાંઇજીએ આ આજ્ઞા કરી કે "એમને અણપ્રસાદી પણ આપી દો તો પ્રસાદ થઇ જશે." આસકરણદાસજીની આટલી મહત્તા સ્વીકારવાનો માદ્દા ગુસાંઇજીમાં હતો. વાર્તા વાંચો તો ખ્યાલ આવશે કે શ્રીનવનીતપ્રિયજીએ તે દિવસે કબૂલ કર્યું કે આજે તો મેં બે વખત રાજભોગ આરોગ્યો જ્યારે કે શ્રીનવનીતપ્રિયજીએ રાજભોગ આવ્યો જ ન હતો. રાજા આસકરણદાસજી આવ્યા હતા અને એમને અણપ્રસાદી આપી દીધું હતું અને શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું બે વખત આરોગ્યો. આ હિંમત ગુસાંઇજીને કેમ ન થઇ કે શ્રીનવનીતપ્રિયજી આરોગે તેના પહેલાં હું આરોગી જાઉં અને નવનીતપ્રિયજીએ બે વખત રાજભોગ આરોગ્યો કહેવાય. નહીં, કેમકે રિયાલિટીમાં આસકરણદાસજીમાં તે પ્રકારની વ્યસનદશા, તે પ્રકારની ભક્તિની તન્મયતા હતી. એ રિયાલિટીને સ્વીકારવાનો ગુસાંઇજીમાં માદ્દા હતો. એ રિયાલિટીનો અસ્વીકાર કરવાનો ડિસ્ટોર્ટેડ્ ઈગો ન હતો તેથી એ વાર્તા પ્રગટ થઇ.

## (ડિનાયલ્ ઑફ્ રિયાલિટીનો ઉપાય)

જુઓ! ડિનાયલ્ ઑફ્ રિયાલિટીના કારણે આપણે ત્યાં કેટલા-કેટલા કૌભાંડ થયા! આ એપ્લાઈડ્ સાઈકૉલૉજીને આપણે જોઈશું તો ખબર પડશે. ઈગો-ડિસ્ટોર્શનનો એક પ્રકાર છે ડિનાયલ્ ઑફ્ રિયાલિટી. આ ગંભીર વિષય છે અને પ્રોબ્લેમેટિક્ છે. આપણે નિંદા કે સ્તુતિના અર્થમાં ન લઈએ, આ ન તમારી સમસ્યા છે ન મારી સમસ્યા છે, આ આપણી સમસ્યા છે, પુષ્ટિમાર્ગની સમસ્યા છે. જે આને માનતો હોય, ન માનતો હોય, એ બધાની સમસ્યા છે. આપણા અહંકારમાં ફ્લૅક્સિબિલિટી લાવીને આનું સૉલ્યુશન્ પણ આપણે શોધવું જોઈએ. એટલા માટે મેં તમારી સામે બધા ડૅમોન્સ્ટ્રેશન્ આપ્યા કે આપણા અહંકારના પગમાં એ ફ્લૅક્સિબિલિટી હોવી જોઈએ કે કોઈમાં કાંઈ રિયાલિટી છે તો તેનો આપણે સ્વીકાર કરીએ. જ્યારે આપણામાં સ્વીકારવાની શક્તિ ખતમ થઈ જાય છે તે વખતે રિયાલિટીના અસ્વીકાર કરવાની ટૅન્ડેન્સી આપણા ઈગોમાં આવે છે અને તે ડિસ્ટોર્ટેડ્ ઈગો થઈ જાય છે અને આપણે સાયકૉલૉજીકલી બીમાર પડી જઈએ છીએ. સાયકૉસોમૅટિક્ સાયકૉન્યૂરેટિક્ પ્રૉબ્લેમ્ થાય છે. એ એક જબરદસ્ત રહસ્ય છે.

**પ્રશ્ન :** રૅકૉર્ડ ન થયો.

**જવાબ :** આ ઉદાહરણ અને લક્ષણ મેં આપ્યા કે આપણા અહંકારની રક્ષા આપણી મમતાથી, જે વિરૂદ્ધ જઈને આપણા ઉપર જ્યારે અટૅક્ કરી દે તો આપણો અહંકાર આપણને અસુરક્ષિત લાગે. તે વખતે આપણે રિયાલિટીનો અસ્વીકાર કરીએ છીએ એ તેનું લક્ષણ છે. ડિનાયલ્ ઑફ્ રિયાલિટી જે આપણો ઈગો ડિફૅન્સ મૅકેનિજમ્ છે, આ તેનું લક્ષણ છે. તેનું ઉદાહરણ પણ મેં પુષ્ટિમાર્ગી આપ્યું, સાયકૉલૉજીમાં આ ઉદાહરણ નથી પરંતુ મેં ખાસ પુષ્ટિમાર્ગીય ઉદાહરણ આપ્યું કે જેનાથી આપણને તેનું એપ્લાઈડ્ સ્વરૂપ સમજમાં આવે. અને તેનો ઉપાય પણ મેં બતાવ્યો કે આપણા ઈગોને એટલો ફ્લૅક્સિબલ્ રાખવો પડશે કે કોઈ વધારે આવો હોઈ શકે કે ન હોઈ શકે? કેમ ન હોઈ શકે વધારે, તેમાં સ્વીકારવામાં

આપણું શું ગયું? મહાપ્રભુજીનું શું ગયું? એક સીધીજ વાત સમજો દામોદરદાસજીને એટલા ગ્લોરિફાય્ કરવામાં કે આસકરણદાસને એટલા ગ્લૉરિફાય્ કરવામાં ગુસાંઇજીનું શું ગયું? દામોદરદાસનું ઇન્સલ્ટ્ કર્યું? કોઇ એમને ઇન્‌સિક્યૉરિટી ફીલ્ નહોતી થતી. મહાપ્રભુજીને ગુસાંઇજીને ઇન્‌સિક્યૉરિટી ફીલ્ નથી થતી. કોઇ વૈષ્ણવ વધારે સેવા કરે તો આપણે તેને મનાઇ કરવા ઇચ્છીએ કે નહીં કરો સેવા. પછી પચાસ લફડા પેદા કરી દઇએ જેમ અપરસ નથી, કુવાનું જલ નથી, રાગ-ભોગનો વિસ્તાર નથી, પચાસ લફડા કરીને તેને ગમે તેમ કરીને રોકો. રોકવાથી નૅટ્-રિઝલ્ટ્ આ આવી રહ્યું છે કે વૈષ્ણવમાંથી પુષ્ટિસમ્પ્રદાયનો આગ્રહ શિથિલ થતો જઇ રહ્યો છે. એ આગ્રહના શૈથિલ્યનો પણ જે વિનાશ છે તેને સહન કરીને પણ આપણા ઈગોને સિક્યૉર્ કરવા માગી રહ્યા છીએ કે ‘‘વર મરો કે કન્યા મરો પરંતુ ગોરનું તરભાણું ભરો’’ બસ એ પ્રકારની જે ઇન્‌સિક્યૉરિટી આપણને ફીલ્ થઇ રહી છે તેના આ બધા પ્રૉબ્લેમ્ છે ડિનાયલ્ ઑફ્ રિયાલિટીની સાથે.

## ([૨]ફૅન્ટસીનું લક્ષણ)

‘ફૅન્ટસી’ શું છે બલા? આપણો ઈગો, આપણી જે અહંતા છે તે કેવીરીતે છેતરે છે આપણને? આપણી કોઇ અહંતા છે કે ‘હું આ છું’, એ અહંતાને કારણે કોઇ વિષય આપણને વધારે આપણો લાગે છે. ‘‘આ તો મારો જ છે, મને હોવું જ જોઇએ’’ ઑલમોસ્ટ્ નૉન્-કૉમ્પ્રોમાઇજિન્ગ્ વે માં. અને તે વખતે આપણી અહંતા ડિપ્રાઇવ્ થઇ જાય, ફૉર્ એક્સ્ વાય્ ઝૅડ્ રિજન્, પછી આપણે ફૅન્ટસીમાં જઇએ. રિયાલિટીમાં જીવવાને બદલે કલ્પનાલોકમાં જવાનું શરૂ કરીએ, ડિપ્રાઇવેશન્‌ને કારણે કેમકે આપણી અહંતાને સૅટિસ્ફૅક્શન્ તો જોઇએ કે તે મારે હોવું જોઇએ અને તે જ્યારે મને નથી મળી રહ્યું તો તેને ફૅન્ટસાઇજ્ કરીને જીવો, રિયાલિટીમાં નથી જીવી શકતા તો. એ પ્રકારથી આપણી અહંતા ફૅન્ટસીમાં ફસાયેલી હોવાને કારણે ડિસ્ટૉર્ડ થઇ જતી હોય છે. થોડો ઘણો પર્સન્ટેજમાં દરેક માણસ ફૅન્ટસાઇજ્ કરતો હોય કેમકે ફૅન્ટસાઇજ્ ન કરે તો માણસ જીવી

નહીં શકે. આ બધો સિદ્ધાન્ત થોડીઘણી ફૅન્ટસીનો નથી પરંતુ ફૅન્ટસીનો રોગ બની જવાનો છે કે ફૅન્ટસી જે વખતે કરણ તરીકે નહીં પણ આપણા સ્વભાવ તરીકે પ્રકટ થવા લાગી જાય કે નિરંતર આપણે ફૅન્ટસીમાં જીવીએ તો તે ફૅન્ટસી 'અહંતાનો ડિસ્ટૉર્શન' કહેવાય.

## (ફૅન્ટસીનું ઉદાહરણ)

મોટાભાગે હું આનું એક ઉદાહરણ તમને આપતો રહું છું કે મિસ્ટર્ વી.આર.કાપડીયા. એ ફૅન્ટસીવાળું ઉદાહરણ હતું. કેમકે દાંત બધા તુટેલા, એક-બે દાંત એ પણ પીળા-પીળા, આખા શરીરમાં ખુજલી, મોઢા ઉપર કરચલી, હવે આ જે આપણું સ્વરૂપ છે આને કેવીરીતે જસ્ટિફાય્ કરવું! હવે જસ્ટિફાય્ નથી થઈ રહ્યું તો તે કલ્પનાલોક શરૂ કરે કે વૈજયન્તીમાલાનો પતિ હું જ છું. અને જ્યારે આવતો ત્યારે મને આ જ કહેતો ''શ્યામબાવા, જોયું! નવી ફિલ્મ આવી છે તેમાં વૈજયન્તીમાલા નથી લખેલું, મિસેસ્ વી.આર.કાપડીયા લખ્યું છે!'' મેં કહ્યું ''હું પિક્ચર જોવા જતો નથી, શું કરૂં.'' ''અરે તો જોયા કરો, ખાલી મોટા મંદિરની ચાર દિવાલમાં શા માટે રહો છો!''

ગોવાનો ઝઘડો થયો તો આવીને એવીરીતે પડ્યો તો મેં કહ્યું ''રામદાસભાઈ શું થઈ ગયું'' બોલ્યા ''અરે શું બતાવું શ્યામુબાવા બહુ તકલીફ છે.'' ''કેમ શું તકલીફ થઈ?'' બોલ્યા ''નહેરૂજીએ કહ્યું કે 'ગોવા જીત્યા પછી જ્યારે આપણે ટેક્-ઓવર્ કરીએ ત્યારે રામદાસ તમારે ત્યાં રહેવાનું છે.' વૈજયન્તીએ ના પાડી દીધી કે 'રામુ હું તને જવા નહીં દઉં!' હવે હું બંને બાજુથી ફસાઈ ગયો કે નહેરૂજીની વાત માનું કે વૈજયન્તીની વાત માનું. પછી મારે નહેરૂજીને કહેવું પડ્યું કે જો મને ગોવા મોકલવો હોય તો મને વૈજયન્તીની સાથે મોકલો. પછી અમે બંને ગયા ત્યારે આજે આવ્યા અમે, થાકી ગયા'' પછી સૂઈ ગયો.

કયો કલ્પનાલોક છે, કઈ વૈજયન્તી, કયું ગોવા!! કેમકે માણસની જે હકીકત છે, પીળા-પીળા દાંત, ચહેરા ઉપર કરચલી અને અહીંથી અહીં સુધી બધે ખુજલી કેમકે આપણી જે તકલીફ છે ક્યાંક ને ક્યાંક; નૅચરલી

યંગ્ હશે ત્યારે સ્માર્ટ હૅન્ડસમ્ હશે પરંતુ બુઢાપાનું આ જે સ્વરૂપ આવ્યું તે સ્વીકારવા માટે તૈયાર ન હોવાથી ઈગોએ આ પ્રકારથી બધી ફૅન્ટસી ક્રિયેટ્ કરી. અને પાછો ગુસ્સે થઈ ગયા મારા ઉપર, મેં કહ્યું ''બધા આપને બેવકૂફ બનાવે છે'' તો બોલ્યા ''તમે બેવકૂફ છો. મોટા મંદિરની ચાર દીવારમાં પડ્યા રહો છો. બહારની કાંઈ ખબર છે?'' મેં કહ્યું ''નથી ખબર'', એમણે કહ્યું ''જાઓ જુઓ બહાર'', મેં કહ્યું ''અચ્છા જઈશ ક્યારેક તો જોઈ લઈશ કે શું છે'', આમ વધારે આગળ કહી જતા કે '' આજ તો ખબર છે શું થયું''. મેં કહ્યું ''શું થયું?'' ''વૈજયન્તીએ બે થપ્પડ મારી દીધી બાલીને 'યુ આર્ નૉટ્ માય્ હસબન્ડ્''! આ શું લફડું છે, કોણે જોયું, કોણે સાંભળ્યું, કયા ટીવી કેમેરાવાળા ત્યાં હતા કે ''યુ આર્ નૉટ્ માય્ હસબન્ડ્, રામી ઈજ્ માય્ હસબન્ડ્'' તેઓ પોતાની હકીકત ન સ્વીકારવાને કારણે આ પ્રકારની ફૅન્ટસીમાં જીવ્યા.

હવે આપણે સમજીએ આ બિચારા રામદાસજીની તકલીફ છે, એવું નથી, મોસ્ટ્ ઑફ્ દી પુષ્ટિમાર્ગીયોની આ તકલીફ છે કે જે-જે આપણા ઉધમ થાય આપણે કહીએ ''નહીં નહીં એમાં લીલાભાવ કરો''! અરે ભાઈ! ''ભગવાનની લીલામાં ભગવલ્લીલાભાવ કરો કે તમારી ગિલિંડરીમાં લીલાભાવ કરવાનો''! એ તુરત ફૅન્ટસીમાં આપણે ચાલ્યા જઈએ. એ આપણું ડિફૅન્સ્ મૅકેનિજમ્ છે કે આપણે એ પ્રકારથી આપણા ઈગોને સેવ્(બચાવ) કરવા માગીએ.

## (ફૅન્ટસીનો ઉપાય)

એક વાત ધ્યાનથી સમજો કે લીલાભાવના સારી વાત છે પરંતુ ભગવાનની જે કૃતિઓ છે તેમાં લીલાભાવના ધીરે-ધીરે ડિડ્યુસ્ થતાં જગતની દરેક વાતમાં આવે ત્યારે તો તે લીલાભાવના છે પરંતુ ઈન્ડ્યૂસ્ કરીને આપણે આપણા ક્ષુદ્ર વ્યક્તિઓથી ઈન્ડકશન્ કરીને ભગવાનમાં લઈ જવા માગીએ તો ક્યાંક ને ક્યાંક નુકશાન પહોંચાડનારી છે.

ડિડકશન્નો અને ઈન્ડકશન્નો ભેદ સમજો, 'ડિડકશન્' મતલબ આખું જગત ભગવલ્લીલા છે, પ્રકૃતિ-પુરૂષ પણ એક લીલા છે, પ્રકૃતિથી

ઘડાયેલું શરીર પણ એક લીલા છે, પુરૂષના જે અંશ છે તે પણ લીલા છે અને તે પ્રકૃતિ-પુરૂષના સંયોગના કારણે પ્રકટ થઈ રહેલી કોઈ ક્રિયા પણ એક લીલા છે. આ આપણે લીલાનો ડિડક્શન્ કર્યો. તો ડિડક્ટેડ્ લીલા તો સાચો લીલાબોધ છે, અને એક-એક માણસના આવા ઈન્ડિવિજ્યુઅલ્ કૅરેક્ટર્ છે, એમાંથી આપણે ઈન્ડક્શન્ કરીએ કે આ લીલા છે. કહો લીલા! પરંતુ નેટ્-રિઝલ્ટ્ તેનું શું આવશે કે તમને ભગવાનની લીલાને બદલે આ લીલાઓમાં આકર્ષણ વધી જશે અને સફર્ શું કરશે કે આખા જગતને એક ભગવાનની લીલાના રૂપમાં જોવાની તમારૂં સામર્થ્ય ખંડિત થઈ જશે આ ઈન્ડક્ટિવ્ પ્રોસેસ્થી જો તમે લીલાને જોવા જશો તો. આપણે લીલાબોધ ડિડક્ટિવ્ પ્રોસેસ્થી લાવવાનો છે, ઈન્ડક્ટિવ્ પ્રોસેસ્થી નહીં કેમકે જે સ્કેલ્ ઉપર આપણે ઈન્ડક્શન્ કરવા માગી રહ્યા છીએ એ તો કમજોર જંપિંગ્ પૅડ્ છે. તેના ઉપરથી લીલાનો ઈન્ડક્શન્ થઈ નહીં શકે અને જ્યારે તેના ઉપરથી કરવા જશો તો કાંઈક નું કાંઈક થશે.

## (ફૅન્ટસીનું ઉદાહરણ)

મેં તમને પહેલાં પણ એક વાત બતાવી હતી કે એક મોટી પ્રતિષ્ઠિત સ્ત્રી હતી. મારી પાછળ પડી ગઈ કે મને ઠાકોરજી પધરાવી આપો. નિરંતર તેના ઉધમ, આજે આ કાલે તે. મેં એને બ્રહ્મસંબંધ ન આપ્યું, મેં એને ઠાકોરજી ન પધરાવી આપ્યા. એક દિવસ મને પત્ર લખ્યો કે ‘‘તમે ઠાકોરજી નથી પધરાવતા પણ ઠાકોરજી મારે છાપરે જન્મ્યા. એક મોર આવીને ઇંડુ મૂકી ગયો, મોર અને ઢેલ, એમાં રાધા અને કૃષ્ણ બંને જન્મ્યા છે. અને છાપરામાંથી નીચે પડી ગયા તો મેં મારા સિંહાસન ઉપર પધરાવ્યા.’’ કરો સેવા! હવે એ મોર પોતાના બચ્ચાને જે રીતથી દાણા ચુગાવીને જીવતું રાખે એ પ્રકારથી તો તેને જીવતું રાખતા આવડે નહીં, ત્રણ-ચાર દિવસમાં મરી ગયા એ બંને બચ્ચા. પછી મને લખ્યું કે ‘‘રાધા-કૃષ્ણ મરી ગયા.’’ મરી જ જાય ને! તમે લીલાબોધ ત્યાંથી નથી શરૂ કરતા, મોરના ઇંડામાંથી લીલાબોધ શરૂ કરો તો એ લીલાબોધ મરશે જ! લીલાવિહારી કૃષ્ણ અને રાધા પણ મરી જશે! જ્યાંથી શરૂ કરવાનું

હોય ત્યાંથી શરૂ નહીં કરો અને ઉલટુ શરૂ કરશો તો કેવીરીતે લીલાબોધ ટકશે! પછી મને કહ્યું કે " હવે હું શું કરૂં?" મેં કહ્યું "મેંતો તમને રાધા-કૃષ્ણ પધરાવ્યા ન હતા. તમારા છાપરામાંથી ટપક્યા હતા. એ મરી જાય તો સ્વાભાવિક છે, એમાં આપણે શું કરી શકીએ." પછી વૃંદાવન ગઈ તો ત્યાંથી પ્લાસ્ટર્ ઑફ્ પૅરિસ્‌ના રાધા-કૃષ્ણ લઈ આવી! "તમે પધરાવતા નથી તો ક્યાં સુધી સેવા વિના રહું? એટલે પ્લાસ્ટર્ ઑફ્ પૅરિસ્‌ના રાધા-કૃષ્ણનું બહુજ ખૂબસૂરત, મનમોહક સ્વરૂપ મને મળી ગયું એટલે મેં પધરાવી લીધા." બંને સ્વરૂપોને સ્નાન કરાવવામાં એક દિવસ બંનેની ડોક અલગ થઈ ગઈ! પ્લાસ્ટર્ ઑફ્ પૅરિસ્‌ના રાધા-કૃષ્ણ સારા લાગ્યા તમે પધરાવી લીધા તો સ્નાન કરાવતા-કરાવતા એમની મુંડી અલગ થઈ ગઈ.

આ તો એવું થયું કે ગુરૂજી શાલીગ્રામજી પધરાવીને ગયા, ચેલાને કહ્યું કે આમની બરાબર રોજ પૂજા કરજો, ચંદન ચઢાવજો, દૂધ ચઢાવજો. એણે કહ્યું જરૂર ચઢાવીશ. એક દિવસ ખબર નહીં કોણ ઉંદર કે વાંદરો ઉપાડીને લઈ ગયો. એણે કહ્યું હવે શાલીગ્રામ લાવવા ક્યાંથી. જઈને જોયું જંગલમાં કાળું જાંબુ પડ્યું હતું. શાલીગ્રામજી પધરાવી દીધા! બિરાજો મહારાજ. હવે એ શાલીગ્રામની જગ્યાએ જાંબુજી બિરાજે તો કેટલા દિવસ બિરાજે? ગુરૂજી આવ્યા ત્યાં સુધીમાં એ શાલીગ્રામજી સડી ગયા. ગુરૂજીએ કહ્યું "આ શાલીગ્રામજી આવા કેવીરીતે થઈ ગયા?" તો તેણે કહ્યું *"પુની પુની ચંદન, પુની પુની પાની, સડ ગયે ઠાકુર હમ કા જાની!"* રોજ-રોજ પાણી ચઢાવવું રોજ-રોજ ચંદન ચઢાવવાથી સડી ગયા મને શું ખબર!"

આપણી બધી તકલીફ આ પ્રકારની છે કે સમજ્યા વિચાર્યા વિના કાંઈ પણ ક્યાંય પણ લીલાભાવ પ્રકટ કરી દેવો કે જાંબુ પડેલું મળ્યું તો કહે 'ઠાકોરજી!'. ભાખરીમાં શ્રીનાથજી, મારબલમાં શ્રીનાથજી અને જ્યાં જોઉં ત્યાં શ્રીનાથજી! ઘટ ઘટમાં શ્રીનાથજી, મહાપ્રભુજી, યમુનાજી! સંડાસની ટાઈલ્સ્‌માં શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી!! આ શું લફડું છે યાર! "યા ઈલાહી યે માજરા ક્યા હે" આ કોઈ પુષ્ટિમાર્ગ છે? આ શું છે?

ફૅન્ટસીમાં નિરંતર જીવવાની એક પ્રણાલી આપણે એડૉપ્ટ્ કરી લીધી છે. લીલા ત્યાંથી નહીં, લીલાની જે પ્રિસ્ક્રાઈબ્ડ્ મૅથડ્ છે, લીલાબોધની, એ પ્રોસિજર્થી આપણે લીલાબોધ ડૅવલપ્ કરીએ તો સાચો લીલાબોધ ડૅવલપ્ થઈ શકે પરંતુ આ ઉલટી પ્રક્રિયાથી જે વખતે આપણે લીલાબોધ ડૅવલપ્ કરીએ તો નુકશાન સિવાય કાંઈ ન થઈ શકે.

## (ફૅન્ટસીનો ઉપાય)

પરંતુ મહાપ્રભુજીએ આપણી પુષ્ટિમાર્ગીય સેવાના સંદર્ભમાં આપણે જોઈએ તો આખું નવરત્ન કેવીરીતે લીલાબોધ કરવો, તેના કેટલા બધા ઑલ્ટર્નેટિવ્-ઉપાય સર્જેસ્ટ્ કરીને આપણને નવરત્ન સમજાવ્યું છે. 'નવરત્ન માનસ વિશ્લેષણ' વાંચશો તો તમને ખ્યાલમાં આવી જશે કે આપણી લીલાબોધ કરવાની મૅથડ્ શું છે. તે આપણને ઑલરેડી નવરત્નમાં સમજાવી છે તે રીતથી લીલાબોધ ન કરીને ઉટ્પટાંગ રીતથી લીલાબોધ કરવામાં આ પ્રકારના લફડા થાય જ છે આ વાત ખાસ સમજવી.

## ([3]રિપ્રેશન્નું લક્ષણ)

આગલો આપણો ઈગોનો જે ડિસ્ટોર્શન્ છે તે છે રિપ્રેશન્. આ રિપ્રેશન્ બહુ મજેદાર એક પહેલુ છે. ડિસ્ટોર્શન્ ઑફ્ ઈગોનું આ રિપ્રેશન્માં શું થાય છે કે આપણી ભીતર સહજ રૂપથી એક વિકૃત ટૅન્ડેન્સી આવે છે કેમકે આપણો અહં નિરંતર ઑપ્શનોને તોળતો રહે છે. જ્યારે પણ આપણી સામે કોઈ કર્મનો પ્રસંગ આવ્યો તો આપણે તોળીએ છીએ આ કરૂં, તે કરૂં, પેલું કરૂં. આપણે કર્મમાં તોળીએ છીએ કે આ મારા માટે સારૂં કે આ મારા માટે સારૂં, આ આમ કરવું સારૂં કે આમ કરવું સારૂં, આ હેતુથી કરવું સારૂં કે તે હેતુથી કરવું સારૂં, આ પ્રકારથી નિરંતર આપણે તોળતા રહીએ છીએ. નિરંતર તોળવામાં મોટાભાગે શું થાય છે કે જેમ હમણાં હું તમને કહી દઉં કે પાછળ ફરીને નહીં જોતા, હવે બેચેની થઈ જશે તમને કે શું વાત છે જેના માટે પાછળ ફરીને જોવાની ના પાડી. તરત ઈચ્છા થઈ જશે કે એક વખત તો જોઈ લો. હવે સામે ન જોઈ શકતા હો

તો હાથ જોડવા માટે આંખો મીંચે તે વખતે પાછળ જોઈ લો. ફરી પાછું મોઢું સીધું કરી લઈશું. આ પ્રકારની એક સહજ ક્યુરિયૉસિટી(કુતૂહલતા) થાય છે. આવશ્યક નથી કે તે અપરાધવૃત્તિથી જ થાય પરંતુ આ પ્રકારની ક્યુરિયૉસિટી નિરંતર આપણે પૅમ્પર્ કરતા રહીએ તો તે હળવેથી અપરાધિક વૃત્તિ બની જાય છે. કેમકે એક વખત આવું આપણે કરવું પડે કે નિરંતર કોઈની સાથે આપણને એન્કાઉન્ટર્ કરવામાં, આ સિચ્યુએશન્ને ફેસ્ કરવી પડે કે નિરંતર તે કોઈ વાતની ના પાડી રહ્યો છે અને નિરંતર આપણને લાગે કે છે શું મૅટર્? અને પછી જોતજોતામાં આપણામાં એક અપરાધનો ભાવ જાગે છે કે ભાઈ! આની દરેક વાત આવી હોય છે કે જેનો આપણી પાસે કાટ નથી હોતો અને કાટ હોય નહીં માટે આપણે આનાથી છુપાઈને તે કામ કરવું જ પડે. જેમ બાળકને ચૉકલેટ્ ખાવી છે, આપણે ના પાડી દઈએ તો બાળકના મનમાં ભાવ જાગશે કે મમ્મી-પપ્પા હોય ત્યારે નહીં ખાવાની, જતા રહે પછી તુરત ચૉકલેટ્ ખાવી. તે એક અપરાધનો ભાવ બાળકમાં જાગે.

## (રિપ્રેશન્નું કારણ)

હવે તે એક સહજ વાત છે, નૅચરલ્ ફિનૉમિના છે. દરેકની ભીતર હોય પરંતુ કોઈ વખતે અપરાધનો ભાવ બે પ્રકારથી આપણને ત્રાસ આપવા લાગે. બે પ્રકારથી કેવીરીતે ત્રાસ આપે? એક બાજુ તે આપણા ઈડ્ની જે વાત છે તે આપણને કહે કે ખાઈ લે, જોઈ લે પાછળ શું છે, અને સુપર્-ઈગો કહેતો રહે કે હટ એમ નહીં કરવાનું, તેમ નહીં કરવાનું. બિટવીન્ ઈડ્ એન્ડ સુપર્-ઈગો ટૅન્શન્ ક્રિયેટ્ થાય છે.

હવે જુઓ એ વાત સમજાવીશ તો તમને સમજમાં આવી જશે. ફ્રૉઈડ્ આપણે કેમ સમજ્યો તેનો હેતુ આજે તમને સમજમાં આવશે કે ઈડ્ અને ઈગોનો એકબીજામાં જે ટૅન્શન્ થાય છે તે ટૅન્શન્ના કારણે માણસ ખુદ શું વિચારવા લાગી જાય કે ક્યાંક મારે એ ઈડ્ના અન્ડર્માં ન આવી જવું પડે નહીંતર સુપર્-ઈગોથી મને પનિશ્મૅન્ટ્ મળશે તેથી તે ઈડ્ના લેવલ્ ઉપર શું કરે કે પોતાના અહંકારની સુરક્ષા રાખવા માટે ઑપોઝિટ

ટૅન્ડેન્સી ઍડૉપ્ટ્ કરે. ખાશે જ નહીં ચૉકલેટ, જે ચૉકલેટ ખાઈ રહ્યા છે તે બદમાશ છે તેઓ મમ્મી-પપ્પાની આજ્ઞા માનનારા નથી, જે ચૉકલેટ ખાઈ રહ્યા છે એમને થપ્પડ મારો.

આ જે ઈસ્લામ નથી માની રહ્યા, ઈસ્લામના બંદા નથી તેઓ બધા કાફિર છે. આ પ્રકારની રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી આવે કે તે બધા કાફિર છે. તેઓ શું કરે? જેમ *"ધરમના છેતરમાં ને કુરૂના છેતરમાં ઈ ભેગા થઈને હું કરે હંજયડા? હાહરોએ મુએ ને હાળોએ મુએ ને બાધી-બાધીને મરી જાય. તું તો તારા તીર દીધે રાખને એમાં તારા બાપનું હું જાય!!"* રિપ્રેસિવ્ ટૅન્ડેન્સીના કારણે આ પ્રકારનો એક ઝઘડો નિરંતર પેદા કરતા રહે. કેમકે તેઓ ખુદને બચાવવા માટે એક્સટ્રિમ પૉઈન્ટ્ ઉપર જઈને એનું નૅગેશન્ કરતા હોય.

## (રિપ્રેશન્નું ઉદાહરણ)

જેમ એક સીધીસાદી કૉમનસેંસ્ની વાત તમને બતાવું કે ઈસ્લામમાં મોહમ્મદની જ નહીં કોઈ પણ મૂર્તિ બનાવવાની મનાઈ છે, સારી વાત છે નિરાકારની ઉપાસના કરવી છે તો તે પ્રકાર આપણે ઉધમ ન કરવો જોઈએ. મૂર્તિ બનાવવાથી આપણામાં ક્યાંક ને ક્યાંક સાકાર ઉપાસનાનો કુભાવ પેદા થશે. એમના સૅટ્-અપ્માં બહુ સરસ વાત છે. ભાઈ! તમને મનાઈ છે તે અમારા ઉપર કેવીરીતે લાગુ કરશો. જેમ આપણે સારીરીતે જાણીએ છીએ કે કાકાની દીકરી સાથે લગ્ન કરવાની આપણે ત્યાં મનાઈ છે. આપણે ત્યાંના સેટ્-અપ્માં એ વાત બરાબર હતી. મુસલમાનોમાં ઈસાઈઓમાં કાકાની દીકરી સાથે લગ્ન સૌથી વધારે સારૂં કહેવાય. હવે મુસલમાનોની પાછળ પડી જઈએ કે "હટ! પાપી છે, નાલાયક છે, ધૂર્ત છે, પિશાચ છે." કેમ? કાકાની દીકરીની સાથે લગ્ન કરે છે! અરે ભાઈ! તમને મનાઈ છે, એમને થોડી કાંઈ મનાઈ છે. જો એ ટૅન્ડેન્સીથી તમે તમારૂં મૉરલ્ બધા ઉપર ઈમ્પોઝ કરવાનું શરૂ કર્યું તો કાલે તો તમે જાનવરને પકડશો. શું જાનવરને ખબર છે કે કાકાની દીકરી કોણ છે અને મામાની દીકરી કોણ છે? તમે તો જાનવર સાથે પણ આ પ્રકારથી

મૉરલ્ ઈમ્પોઝ કરશો. હવે તમે ત્યાં પણ પાપ જોશો, પછી જાનવરને પણ મારો. ''હટ પાપી છે.''આ સિચ્યુએશન્નો અંત કેવીરીતે આવી શકે?

આ રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી છે. તમારે માટે જે અધર્મ છે તે ડૅફિનેટલી તમારે માટે અધર્મ છે, તેને તમે ન કરો. વાતને ત્યાં અટકાવી દો. રિપ્રેસિવ્ ટૅન્ડેન્સીને કારણે તમે શું કરો છો કે તેનો ઑપોજિટ્ તમે પકડો છો કે ''નહીં નહીં, આ તો દરેક સિચ્યુએશન્માં કરવું ખરાબ છે'' તેથી એટલું વધારે કરો કે માણસ ત્રસ્ત થઈ જાય. મોટાભાગે ઘણી વહુઓને સાસુ-સસરાને અટેન્ડ્ કરવામાં તકલીફ થતી હોય છે અને જ્યારે એમને ખબર પડી જાય કે પતિ, સાસુ-સસરાને અટૅન્સન્ ડિમાન્ડ્ કરી રહ્યો છે તો તેનામાં ગિલ્ટી ફીલ્ થાય છે કે ''તો અમે ગિલ્ટી છીએ'' સાઈકૉલૉજીમાં આ ઉદાહરણ આપેલ છે. વહુ પોતાને ઘસી નાખે એટલી હદ સુધી સાસુ-સસરાની સેવા કરતી રહે. અને જે વહુ સાસુ-સસરાની સેવા ન કરે તે બધી નાલાયક વહુઓ છે, આ કેવી વહુ છે. અરે ભાઈ! તારે કરવી છે સાસુ-સસરાની સેવા તો કરને શાંતિથી. કોઈ કરી રહી છે કે નહીં તેમાં તારા બાપનું શું ગયું! એ પ્રકારની રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી આપણી ભીતર ડૅવલપ્ થાય છે.

## (રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી અને ઉદાહરણ)

ડિસ્ટૉર્શન્ આપણા ઈગોનો થાય છે કે આપણે આપણી ભીતર ગુનો કબૂલ કરી રહ્યા છીએ. જ્યારે તે ગુનાનો તમને ડર લાગી રહ્યો છે કે ક્યાંક આ ગુનો મારાથી ન થઈ જાય. એ ડરના માર્યા આપણે સત્કર્મ આઉટ્ ઑફ્ પ્રપોશન્ જઈને કરવા લાગી જઈશું તો તે 'રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી' કહેવાય. તમે તમારી જાતને ક્યાંકને ક્યાંક સૅલ્ફ્-ટૉર્ચર્ કરવાનો એક ઉપાય શોધી કાઢ્યો. ધર્મની આજ્ઞાનું જે સ્વસ્થ સ્વરૂપ હતું તે તમે નિભાવ્યું નહીં પરંતુ એવું અસ્વસ્થ સ્વરૂપ તમે નિભાવ્યું અને એ રિપ્રેસિવ્ ટૅન્ડેન્સીને સાઈકૉલૉજીમાં બહુ મુશ્કેલીથી સુધારી શકાય છે.

જેમ આપણને મૂળમાં સેવામાં અરૂચિ છે. રિપ્રેશન્નો એગ્ઝામ્પલ્ સમજો; જેમ મૂળમાં સેવામાં મન લાગે નહીં કેમકે ''ઈશ્ક હે બારેગરાં'' એ

તો એક ફૅક્ટ્ છે જ. તો આપણે પછી કઈ વાતમાં મન લગાડીએ? આપણને અપરાધબોધ પણ થાય કે ''સેવામાં કેમ મન નથી લાગી રહ્યું'' જે જુઓ તે માણસ આ જ ફરીયાદ કરતો રહે છે કે ''સેવામાં મન નથી લાગતું'', ''મન નથી લાગતું'' આને કૉમ્પેન્સેટ્ કરવા માટે એકદમ સેવાનો વિસ્તાર વધારી દઈએ કે માણસ જોઈને જ ગભરાઈ જાય, મતલબ ઘરવાળા પણ બધા ભાગી જાય. એટલો બીનજરૂરી સેવાનો વિસ્તાર વધારી લઈએ, તે ફક્ત શેના માટે ''લાગે છે કે મન નથી લાગતું''. આ પ્રકારની આપણી એક રિપ્રેશન્‌ની ટૅન્ડેન્સી હોય છે.

## (રિપ્રેશન્‌નો ઉપાય)

એ રિપ્રેશન્‌ની ટૅન્ડેન્સીને આપણા મહાપ્રભુજીએ, આપણા ગુસાંઈજીએ કેવીરીતે ઓવરકમ્ કરી હતી કે આ પ્રકારની રિપ્રેસિવ્ ટૅન્ડેન્સીનો ડિસ્ટૉર્ટેડ્-ઈગો આપણી સેવામાં ન પેદા થાય તેના માટે મહાપ્રભુજી-ગુસાંઈજીએ બધાએ આ વાત કહી હતી કે સહજ સેવા કરો **''સેવનં સ્વયોગ્યાનુસારેણ, ન તુ અલ્પં બહુ વા પ્રયોજકમ્''** (ત.દી.નિ.પ્ર.૨/૩૧૬) જેટલી કરી શકો છો તેટલી સેવા જો તમે કરશો તો આ રિપ્રેસિવ્ ટૅન્ડેન્સીનો તમારા માટે પ્રશ્ન નહીં આવે. ગુસાંઈજીએ આટલા માટે જ સ્પષ્ટ કહી દીધું કે **''જલાદિસેવાનિર્વાહઃ સેવકૈઃ કાર્યઃ તદપિ નાતિશ્રમેણ મત્સ્વામિનઃ કોમલસ્વભાવાત્''** (ગુસાં.પત્ર) મારા સ્વામિ બહુજ કોમળ સ્વભાવના છે. જલ ભલે નોકરથી ભરાવી લો, ભરવામાં આવેલા જલથી સેવા તમે કરો, પરંતુ વ્યર્થમાં પોતાની સેવાનો એટલો મોટો વિસ્તાર ન કરી દો કે જે ઈમ્પ્રૅક્ટિકલ્ બની જાય અને વધારે ટૉર્ચરસ્ બની જાય તેવી સેવા ઠાકોરજીને પસંદ નથી. એગ્જેક્ટલી એ પ્રકારની સેવા ભલ્લાજી કરતા હતા તેથી શ્રીનાથજીએ મહાપ્રભુજીને કહ્યું કે *''તિહારે સેવક મોકું ખિજાવત હે''*. સેવાને આપણે સેલ્ફ્-ટૉર્ચરિંગ્‌નો મુખોટો ન બનાવવી જોઈએ. ઘણી વખત શું થાય છે કે આપણે બહારી જગતને કોપ્-અપ્ ન કરી શકીએ તો આપણને સેલ્ફ્-ટૉર્ચરિંગ્‌ની રિપ્રેસિવ્ ટૅન્ડેન્સી આવી જાય છે, ત્યારે આપણે આપણી જાતને ટૉર્ચર્

કરવા લાગીએ. જે કરવું છે તે અહીં (લોકમાં) કરોને યાર, સેવામાં શા માટે કરો છો! એક ઘર તો ડાકણ પણ છોડે. એમ સેવાને પોતાનો સેલ્ફ્-ટૉર્ચર્‌નો હેતુ ન બનાવો, સેવાને સહજ રહેવા દો. જેટલી સહજ સેવા કરશો, તમારા ઈગોમાં ક્યારેય પણ રિપ્રેસિવ્ ડિસ્ટૉર્શન્ આવશે નહીં. આ વાત મહાપ્રભુજીએ કહી કે સહજ સેવા કરો **''સેવનં સ્વયોગ્યાનુસારેણ અલ્પં બહુ વા ન પ્રયોજકમ્''** આ આપણા રિપ્રેસિવ્ ડિસ્ટૉર્શન્‌ના અગેઈન્સ્ટ્ મહાપ્રભુજીના દ્વારા લેવામાં આવેલો એક પ્રિકૉશન્ હતો. આપણા મહાપ્રભુજી સાયકૉલૉજીની ડિપ્‌માં કેટલા ઉંડા ઉતરેલા છે. આ વાતથી આપણને સમજમાં આવે કે આ બધા રોગ છે; તે વખતે ન હતા, પરંતુ આ રોગોના ઈલાજ મહાપ્રભુજીએ કેવા શોધી રાખ્યા છે તે આપણને મહાપ્રભુજીના ઉપદેશોમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે આ પ્રકારના રોગોને ઓવર્-કમ્ કેવીરીતે કરવા! આ મહાપ્રભુજીની વાણીની ગંભીરતા છે.

**''વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્, અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિ સંભવે''** (ત.દી.નિ.૨/૨૪૭) **''તત્ર પૂજા ત્યક્તવ્યા''** (ત્યાંજ) મહાપ્રભુજી કહી રહ્યા છે કે તમને અત્યાગ્રહ પ્રવેશ થઈ જાય તો સેવા છોડો, એ એક્સ્ટેન્ડ્ સુધી મહાપ્રભુજી જવા માટે તૈયાર છે, સેવા છોડો પરંતુ અત્યાગ્રહથી સેવા ન કરો. આ પ્રિકૉશન્ હતો. આપણો ઈગો રિપ્રેસિવ્ ન થઈ જાય એટલા માટે આપણી સેવામાં એ પ્રિકોશન્ મહાપ્રભુજીએ લીધો છે. આની ખૂબસૂરતી જુઓ.

અહંક્રિયા હું તમને સમજાવી રહ્યો હતો કે **''અહંકારં ન કુર્વીત''** કેવા-કેવા અહંકાર હોઈ શકે એ તેની બધી **''એકોહં બહુસ્યાં પ્રજાયેય''** ની વૅરાયટી છે. એક 'અહં' કેટલી 'બહુસ્યાં પ્રજાયેય' વિકૃતિમાં ફેલાઈ શકે છે તે સમજવા લાયક છે. મહાપ્રભુજીનો પ્રિકૉશન્ શું છે તે જોવા લાયક છે.

**(રૅશનલાઈજેશન્‌નું લક્ષણ)**

આગલો આપણો છે 'રૅશનલાઈજેશન્'. દરેક ઈગોની

રૅશનલાઈજેશન્નો જે ડિસ્ટૉર્શન્ છે તે કેવીરીતે થાય છે, આ વાતને સમજો કે આપણા અહંકારના કારણે અથવા આપણા મમકારના કારણે કેટલાક વ્યવહાર આપણે કરવા જ પડતા હોય. આપણો અહં આવો છે, આપણો મમ આવો છે તે આપણને સમજમાં આવી રહ્યું છે કે વાત બરાબર નથી પરંતુ આપણો વિવેક આપણા અહં-મમને જીતી નથી શકતો, રિસેસિવ્ થઈ જઈ રહ્યો છે અને આપણો અહં-મમ આપણા વિવેક ઉપર ડૉમિનિટીંગ્ જે વખતે થઈ જાય, એક આ પ્રકારનો ડિસ્ટૉર્શન્ ઈગોમાં આવે. હું સમજી રહ્યો છું કે વાત સાચી નથી પરંતુ જે પ્રકારનો મારો અહં વિકસિત થયો છે, અથવા જે પ્રકારનો મારો મમ વિકસિત થયો છે તેના અંતર્ગત મારે તે કામ કરવું જ પડે. તે વખતે ઈગો શું કરે તુરત કે ‘‘અચ્છા! કરવું જ પડે છે ને બેટા તારે, હું તેના ખોટા-સાચા જસ્ટિફિકેશન્ શોધી કાઢું.’’ અહં શોધી કાઢે, આ કારણથી સાચો છે તે કારણથી સાચો છે, આ રીતે ન કરીએ તો કેવીરીતે થાય આવીરીતે જ તો થઈ શકે.

## (રૅશનલાઈજેશન્નું ઉદાહરણ)

પુષ્ટિમાર્ગમાં રૅશનલાઈજેશન્નું ચક્કર કેવીરીતે થયું છે તે તમને બતાવું. બધા લોકો આ રહસ્યથી પરિચિત છે કે સેવા મહાપ્રભુજીના હિસાબથી ઘરમાં કરવી જોઈએ. સેવા પોતાના પરિવારજનોના સહયોગથી કરવી જોઈએ. સેવા તનુવિત્તજા કરવી જોઈએ. સેવાનું પ્રદર્શન ન થવું જોઈએ પરંતુ રૅશનલાઈજેશન્ કેવો કરીએ ‘‘એ વાત તો સાચી છે, ખોટી નથી, ઉત્તમઅધિકારીઓ માટે છે જઘન્યાધિકારી બિચારા ક્યાં જશે’’. આ જસ્ટિફિકેશન્ આવ્યું ક્યાંથી! અરે તમને ખાલી જઘન્યાધિકારીની જ ચિન્તા છે બીજા કોઈની ચિંતા નહીં! એક જઘન્યાધિકારીના જઘન્યાધિકારને કોપ્-અપ્ કરવા માટે સિદ્ધાન્તને આટલો વિકૃત કરવો! ‘‘જઘન્યાધિકારી ક્યાં જશે’’ તો સિદ્ધાન્ત શું કહી રહ્યો છે એ જોવું કે જઘન્યાધિકારીને શું કરવું એ જોવું. સિદ્ધાન્ત થોડો આ કહી રહ્યો છે કે જઘન્યાધિકારીને સેવા કરવી. સિદ્ધાન્ત તો આમ કહી રહ્યો છે કે

જઘન્યાધિકારી શરણાગતિ કરે, સ્મરણ કરે. સેવાની તેને જરૂરત જ નથી. એ વાત છુપાવી લેશે પાછી. રૅશનલાઇજેશન્ કેવીરીતે કરશું કે ''બધી વાત તો સાચી છે, આ જ પ્રકારનો સિદ્ધાન્ત મહાપ્રભુજીએ કહ્યો છે પરંતુ બિચારા જઘન્યાધિકારી ક્યાં જશે''. હમણાં ઑરકુટ ઉપર પણ આ વાત કહેલી છે કે ''મહાપ્રભુજીની દૃષ્ટિ કેટલી વિશાળ હતી કે જઘન્યાધિકારીને માટે એમણે હવેલી ચલાવી.'' જઘન્યાધિકારીઓનો તમને આટલો ઑબ્સેશન્ કેમ થયો, તમે જઘન્ય છો એટલા માટે. **''મૃગાઃ મૃગૈઃ સંગમ્ અનુવ્રજન્તિ, ગાવોશ્ચ ગોભિઃ તુરગાસ્તુરંગૈઃ, મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિયો સુધીભિઃ સમાનશીલવ્યસનેષુ સખ્યમ્''** (સુભા.) ઘોડો ઘોડા સાથે ફરે, ગધેડો ગધેડા સાથે ફરે, જઘન્ય જઘન્યની સાથે ફરે એટલા માટે તમે પણ આમ કહી રહ્યા છો. તો તે કહે ''નહીં નહીં અમે પુરૂષોત્તમ.'' અરે! યાર તમે પુરૂષોત્તમ હો તો આ જઘન્યાધિકારીની ચિંતા આટલી કેમ સતાવી રહી છે! આ રૅશનલાઇજેશન્. આવ્યું ને ખ્યાલમાં. પોતાના ડિસ્ટૉર્ટેડ્ ઈગોને રૅશનલાઇજ્ કરવો.

**(રૅશનલાઇજેશન્નો ઉપાય)**

મહાપ્રભુજી આ વિષયમાં સ્પષ્ટ શું કહે છે એ વાત જુઓ, રૅશનલાઇજેશન્ કરતા પહેલા મહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ડોન્ટ્ રૅશનલાઇજ્ ઇટ્ **''ધર્માધર્માગ્રદર્શનમ્''**, (વિ.ધૈ.આ.૫) ધર્મ શું છે, અધર્મ શું છે આ પહેલા જુઓ તેના પછી પોતાના બિહેવિયર્ને જસ્ટીફાય્ કરો. ધર્મ-અધર્મને જોયા વિના પોતાના બિહેવિયર્ને જસ્ટિફાય્ ન કરો. મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં **''ધર્માધર્માગ્રદર્શનમ્''**નો ઉપદેશ શા માટે કર્યો કે આપણે ખોટા રૅશનલાઇજેશન્ ન કરીએ, આપણી પૅટી ડિજાયરને જસ્ટિફાય્ કરવા માટે આપણે ખોટા રૅશનલાઇજેશન્ ન કરીએ આ મહાપ્રભુજીએ **''ધર્માધર્માગ્રદર્શનમ્''**ના અંતર્ગત અહીં ઉપાય બતાવ્યો છે.

**([૫]પ્રોજેક્શન્નું લક્ષણ)**

આગળનું આવે છે 'પ્રોજેક્શન્'. આ પ્રોજેક્શન્ ગજબનો

ડિસ્ટૉર્શન્ છે. 'પ્રોજેક્શન્' શું હોય છે? પ્રોજેક્શન્ની સૌથી મોટી તકલીફ ઈગોના ડિસ્ટૉર્શન્ની આ પ્રકારની હોય છે કે જે વખતે આપણે કન્વિન્સડ્ થઇ જઇએ કે જે હું કરી રહ્યો છું તે મને સ્વીકાર્ય નથી પરંતુ કરવું તો પડી જ રહ્યું છે. (+આપણે શું કરીએ, આપણી ભૂલ બીજા ઉપર નાખી દઈએ. હું નહોતો ઈચ્છી રહ્યો પરંતુ એમની ઈચ્છાને કારણે હું કરી રહ્યો છું.)

### (પ્રોજેક્શન્નું ઉદાહરણ)

વૈષ્ણવો પણ મોટાભાગના આમ વિચારે છે કે હવેલી ન ચલાવે તો બાલકોના ખર્ચા-પાણી કેવીરીતે ચાલશે. અરે ભાઈ કેવી વાત કરી રહ્યા છો, શરમ આવી રહી છે સાંભળીને કે ખર્ચા-પાણી ચલાવવા માટે હવેલી ચલાવવી! એક વૈષ્ણવે તો મને અહીં સુધી કહ્યું કે "આટલા બધા લાલજીઓ પ્રકટ થાય અને હવેલીઓ ન હોય તો બિચારા ક્યાં જાય." "અરે ભાઈ! બૂટપૉલિશ્ કરે, કોઈ બીજી ટ્રેનિંગ્ લઈ લે, કાંઇ બધા ભૂખે મરે છે જેની હવેલી નથી હોતી." વૈષ્ણવોને પણ પાછી દયા આવી જાય ગોસ્વામીઓ ઉપર કે "જાય ક્યાં?" તો સૌથી પહેલી વાત તો આ કે જ્યારે આપણે પાળી ન શકતા હોઈએ તો જનમ ન દેવો જોઈએ. હવે પેદા કર્યા છે તે એક મોટી ભૂલ કરી. હવે પેદા કર્યા છે તો તેને મોટા કરવા માટે, પાળવા માટે એક હવેલી ઉભી કરો.

નહીં તો બિચારો જાય ક્યાં લાલજી. હવે શું સિદ્ધાન્ત ચાલતો થયો કે જેટલા બાલકના લાલજી એટલી હવેલી તો ઓછામાં ઓછી હોવી જોઈએ. પાછા એક-એકને બે-બે થાય એ નફામાં. લાલજીના હિસાબથી હવેલીનો સિદ્ધાન્ત શોધીએ તો તેમાં મહાપ્રભુજીનો સેવાનો સિદ્ધાન્ત ક્યાં ગયો? એ તો લાલજીની સેવાનો સિદ્ધાન્ત થયો. કૃષ્ણસેવાનો મુદ્દો તો ન રહી ગયો! સબ્-ઑર્ડિનેટ્ થઇ ગયો. પરંતુ આપણે કરીએ શું છીએ વૈષ્ણવને પણ કન્વિંસ્ કરી દીધા કે "સાત લાલજી તો સાત હવેલી તો જોઈએ જ ને". "અરે પણ એટલા જણવા જ ન્હોતા જોઈતા. કોણે કહ્યું એટલા બધા લાલજી જણવાનું?" "જણી કાઢ્યા તો પછી જાય

ક્યાં ભૂખે જ મરે!'' ''અરે પણ દુનિયામાં કેટલી બધી જૉબ્ ઑપર્ચ્યુનિટિજ છે ભણો-ગણો અને જૉબ્ કરો, એના માટે સંપ્રદાયને વગોવવાનો અધિકાર કોણે આપ્યો તમને. એક તો વધારે અન્નેસેસરી જણવા પછી હવેલીઓ ખોલવી.''

આ ક્યાંનો સિદ્ધાન્ત છે પરંતુ આપણે આ પ્રકારના તેમાં ટ્રૅપ્ થઇ ગયા છીએ. શા માટે ટ્રૅપ્ થઇ ગયા છીએ? તેનું મૂળ કારણ છે કે આપણને પોતાને સ્વીકાર્ય નથી પરંતુ આપણે ફરી પાછું શું કરીએ છીએ કે ''વૈષ્ણવ સેવા કેવીરીતે શીખશે? અમે હવેલી ન ચલાવીએ તો વૈષ્ણવ અમારી પાસે આવશે નહીં, આવશે નહીં તો પછી સેવાની ખબર કેમ પડશે. અમારા કારણે હવેલી નથી ચલાવી રહ્યા''. એ આરોપને પોતાના માથે લેવાને બદલે બીજા ઉપર ઢોળી દેવો, આનું નામ 'પ્રોજેક્શન્' છે. રૅશજલાઈજેશન્ એક અલગ વાત છે. રૅશનલાઈજેશન્માં તમે પોતે પોતાના દમખમ ઉપર પોતાના કામને રૅશનલાઈજ્ કરી રહ્યા છો, અને પ્રોજેક્શન્માં તમે તમારી ભૂલને બીજા ઉપર થોપી રહ્યા છો કે અમે તો સિદ્ધાન્ત પાળવા માગી રહ્યા છીએ પરંતુ આજની તારીખમાં વૈષ્ણવો માનશે જ નહીં. આ એ બમ્બઈયા ફિલ્મવાળો સિદ્ધાન્ત છે. ફિલ્મવાળાને પૂછીએ તો કહે કે પબ્લિક્-ઑડિયન્સ્નો ટેસ્ટ્ બગડી ગયો છે એટલા માટે અમારે આવી ફિલ્મ બનાવવી પડે છે. પબ્લિક્નો ટેસ્ટ્ બગાડ્યો કોણે, બંબઈયા ફિલ્મવાળાઓએ. તે એક-બીજાના ઉપર અન્યોન્યાશ્રિત ચાલે છે.

જે ગડબડ થઇ ગઇ છે એ તો થઇ ગઇ છે પરંતુ તેને સુધારવા માટે પણ કોઈ તો હોવું જોઈએ કે તે ગડબડ જ પ્રમોટ્ કરતા રહેવું! મુદ્દો આમાં આ છે. ગડબડ થઈ જાય માણસથી પરંતુ મેં એ કાલે ગજલ સંભળાવી કે *''યે હકીકત હે જહાં મૈં યહાં ઠોકર ખાકર, મૈં ગિરા હૂઁ સંભલ જાઉંગા ચલને દો મુઝે.''* માર્ગ ઉપર ચાલવાનો તો દૃષ્ટિકોણ રાખો. પડી ગયા છીએ એ કાંઈ ખરાબ વાત નથી, પડી જાય માણસ. ચાલવાવાળો જ તો પડશે, સુતેલો માણસ તો નહીં પડે. પરંતુ પછી આપણો એપ્રોચ્ શું

હોવો જોઈએ કે તે માર્ગ ઉપર આપણે ચાલવું છે એટલા માટે, નહીં કે આપણે પડી જઈએ. ટાંગા ફસાવી ફસાવીને બધાને પાડીએ કે હવે અમે પડી ગયા છીએ તેથી તમે પણ પડો. આ એપ્રોચ્ અસ્વસ્થ અહંતાનો છે. આપણો અહં ડિસ્ટૉર્ડેડ્ થઈ ગયો તેથી બીજાના અહંને પણ ડિસ્ટૉર્ડ કરો. જાણીજોઈને સ્વસ્થ ન રહેવા દો આપણા રોગનો બીજાને ચેપ લગાડવાનો પ્રકાર છે.

## (પ્રોજેક્શન્નો ઉપાય)

પરંતુ આ પ્રોજેક્શન્ના એન્ટિડોઝ તરીકે મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં શું કહ્યું છે **"દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે, ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે. અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ"** (વિ.ધૈ.આ.૧૦-૧૧) જો તમારાથી કોઈ એવી મિસ્ટેક્/ભૂલો થઈ રહી છે તો તે ભૂલોમાં તમે ભગવાનનું શરણ લો, નહીં કે બીજાને આ પ્રકારથી ડિસ્ટોર્ટ કરીને બતાવો. જો એક વખત આપણે એ મહાપ્રભુજીનો પ્રિસ્ક્રાઈબ્ડ્ ઉપાય અડૉપ્ટ્ કરી દઈએ કે ભૂલ થઈ છે, કઈ *"યે હકીકત હે જહાં મૈં ઠોકર ખાકર, મૈં ગિરા હૂઁ"* પરંતુ સિદ્ધાન્ત તો કબૂલ કરીએ કે નહીં કે *" સંભલ જાઉંગા ચલને દો મુઝે"* માર્ગ ઉપર ચાલવા દો. એ નહીં કરીને શું ઉધમ કરવો છે? પ્રોજેક્શન્ કરવો છે કે "અમે શું કરીએ અમેતો ઈચ્છીએ છીએ પરંતુ લોકો નથી ઈચ્છતા". યાર, શા માટે ખોટા પ્રોજેક્શન્ કરો છો! આ પ્રકારના ડિસ્ટૉર્શન્થી તમે કોને બેવકૂફ બનાવી રહ્યા છો! ક્યાં સુધી બેવકૂફ બનાવી શકશો! એક દિવસ પોલ ખુલી જશે. પોલ ખુલી જશે તે દિવસે સત્યાનાશ થઈ જશે. આ ડિસ્ટૉર્શન્ને આપણે બરાબર સુધારવો જોઈએ અને સુધારવાનો ઉપાય શું છે? મહાપ્રભુજીએ સ્પષ્ટ બતાવ્યું છે કે દુનિયામાં ભૂલ કોનાથી નથી થતી. ક્રાઈસ્ટે બતાવ્યું છે કે જેણે ભૂલ ન કરી હોય તે પથ્થર મારે. ફૅઅર્ અને ફ્રૅન્ક્ રહોને! ભૂલ તો છે, દુનિયામાં બધાએ ભૂલ કરી.

## (ડિસ્ટૉર્ટેડ્ પ્રોજેક્શન્નું દુષ્પરિણામ)

ભૂલ થઈ ગઈ તેનો ઢાંક-પિછોડો કરવા માટે આટલો મોટો

પ્રોજેક્શન્ કરવો છે કે વૈષ્ણવ શીખશે ક્યાંથી અને વૈષ્ણવની ડિમાન્ડ્ જ આ છે અને નહીં થાય તો સંપ્રદાયનું શું થશે. અરે શું સંપ્રદાય! જ્યારે તમે સંપ્રદાયનો સિદ્ધાન્ત તોડીને સંપ્રદાય ચલાવી રહ્યા છો પછી સંપ્રદાય ચાલી ક્યાં રહ્યો છે. સંપ્રદાયનો સિદ્ધાન્ત તોડીને; આર્મીમાં બધાને સાડી પહેરાવીને નાચતા કરી દો અને પછી આપણે કહીએ કે આ વખતે યુદ્ધ તો નથી થઈ રહ્યું અને યુદ્ધ કરવાથી વ્યર્થમાં હિંસા વધશે, વિનાશ વધશે માટે બધા આર્મીના સૈનિકોને સાડી પહેરાવી-પહેરાવીને નચાવવાનું શરૂ કરો અને પછી કહો કે આ આર્મીવાળાઓને સાડી પહેરાવીને નચાવશું નહીં તો એ ભૂખે મરી જશે. ભાઈ! આર્મીમાં સાડી પહેરાવીને સૈનિકને નચાવશો તો જે દિવસે યુદ્ધ થયું તે દિવસે શું થશે એ તો વિચાર કરો! આ નથી વિચારતા. આ કોઈ પ્રોજેક્શન્નો સિદ્ધાન્ત છે? બેવકૂફી છે. આપણા ઈગોનો આ બહુ ભયંકર ડિસ્ટૉર્શન્ થઈ ગયો કે આપણે આ પ્રકારના પ્રોજેક્શન્ કરી રહ્યા છીએ. આ પ્રોજેક્શન્થી આપણે બહાર આવવું જોઈએ.

હમણાં જેમ કાનપુરના પોલિસ્ ઑફિસર્ને રાધાજીનો આવેશ આવી ગયો અને ટીકી ચૂડી પહેરી લીધી અને રાધાજી બનીને નાચવા લાગી ગયો, ઠીક છે માણસમાં કોઈ વખતે આવી જાય આ રીતથી ડિસ્ટૉર્શન્. આવી જાય તો કોઈ ખરાબ વાત નથી પરંતુ પોલિસ્વાળાઓ માટે આદર્શ બનાવવો કે આ પ્રકારથી રાધાજી બની જાય. ભાઈ! ચક્કર શું છે આ, પોલિસ્ બધી રાધાજીઓ બની જશે તો છેવટે પોલિસ્નું શું થશે આનો તો વિચાર કરો! બધી પોલિસ્ રાધાજી બનીને નાચતી રહેશે કે ''મારૂં મન મોહ્યું રે ગિરધરલાલને લટકે'' પરંતુ આર્મીમાં કે પોલિસ્માં આ બધા લટકા-મટકા કાંઈ ચાલશે નહીં, એક ગોળી મારશે બધા ખતમ થઈ જશે. તમારો માદ્દા નથી, તાકાત નથી, અને ''મારૂં મન મોહ્યું'' કરીને સાડીઓ પહેરી-પહેરીને નાચશો, આ માજના શું છે તમારા એ તો વિચારો. સાડી પહેરીને નાચવાની આવી સ્રૈણ વૃત્તિ પ્રકટ કરી રહ્યા છો એક વખત વિચારો શાંતિથી. આ રોલ્ નથી તમારો, જેનો રોલ્ છે એમના માટે આ વાત સારી હોઈ શકે છે. આ આપણા ઈગોનો ડિસ્ટૉર્શન્ છે.

આજે નહીં તો કાલે સમજવું પડશે, જરૂરત નથી કે આજે જ આનો ખુલાશો થઈ જાય. પરંતુ જો આપણે પુષ્ટિમાર્ગ તરીકે જીવવું છે તો આ ડિસ્ટૉર્શનોને ફરીથી રૅક્ટિફાય્ કરવા પડશે, નહીંતર આપણે પુષ્ટિમાર્ગીયની જેમ જીવી નહીં શકીએ.

તમને પુષ્ટિમાર્ગના જ સંદર્ભમાં એક વાત બતાવું. કેમકે આપણે ડિસ્ટૉર્શન્નો એપ્લાઈડ્ વિચાર કરી રહ્યા છીએ. હમણાં મને ચાર-છ દિવસ પહેલાં પત્ર મળ્યો છે. નિરંતર હું વલ્લભપંથની વાત કરતો રહું તો વલ્લભપંથી મારા ઉપર નારાજ થઈ ગયા છે. એમણે લાંબો-ચૌડો પત્ર મને મોકલ્યો છે. પત્રમાં બહુ મજેદાર વાત કહી છે કે ''ગુસાંઈજીએ મહાપ્રભુજીનો સિદ્ધાન્ત છોડીને કૃષ્ણભક્તિનો સિદ્ધાન્ત પ્રચારિત કર્યો છે. અને તે ગુસાંઈજીની તમે લોકો બધા ઔલાદ છો અને તમે ગુસાંઈજીના ભગત છો મહાપ્રભુજીના ભગત નથી. મહાપ્રભુજીના બધા સિદ્ધાન્તને ગુસાંઈજીએ વિકૃત કર્યા છે''. પ્રૂફ શું? કહે લાયબલ્ કેસ્! તમારી ફજેતી થઈ કે નહીં. ગુસાંઈજી કહી ગયા હતા કે **''અસ્મત્કુલં નિષ્કલંકમ્''** (લલિ.ત્રિભં.સ્તો.૧) તો કલંક લાગ્યું એટલા માટે તમે ખોટા છો. તમે શા માટે ખોટા છો કેમકે મહાપ્રભુજી તો પોતે સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ છે અને કૃષ્ણ તો એમના એક અવતાર છે અને અવતારીનું ભજન કરવું જોઈએ અવતારનું ભજન ન કરવું જોઈએ અને તમને ગુસાંઈજીએ બહેકાવી દીધા છે કે તમે અવતારનું ભજન કરો''. ચાલો એ પણ વાત બરાબર. પછી શું કહી રહ્યા છે કે ''જો તમે ગુસાંઈબાલક લાયક હોત તો તમારે કૃષ્ણસેવાની હવેલીને ધંધાના માટે ચલાવવાની જરૂરત શા માટે પડત!'' મારી વાત મારા મોઢામાં આપી દીધી. ''તમારે ધંધાને માટે હવેલી ચલાવવાની જરૂરત પડી રહી છે, આ પ્રૂફ છે કે તમે મહાપ્રભુજીના ભગત નથી. અને અમે કેમ મહાપ્રભુજીના ભગત છીએ કેમકે કૃષ્ણસેવા કરતા જ નથી મહાપ્રભુજીની સેવા કરીએ છીએ. ત્યાં તો સર્વ સામગ્રી રસરૂપા છે. , ભોગ ધરવાની, ઝારી ભરવાની જરૂરત નથી, ખાલી સુબોધિનીજીનો પાઠ કરવાની જરૂરત છે. અમે ચાતુર્માસમાં દિવસ-રાત સુબોધિનીજીના પાઠ કરીએ છીએ એટલા માટે તમે બધા ભ્રષ્ટ છો''.

આ વલ્લભપંથીઓ મહાપ્રભુજીના સિવાય કોઈના પણ ભક્ત છે. આ લોકો મહાપ્રભુજીના જાની દુશ્મન છે. ગુસાંઈજીએ કબૂલ કર્યું કે **"વસ્તુતઃ કૃષ્ણએવ"** (વલ્લભાષ્ટકમ્-૮) મહાપ્રભુજી વસ્તુતઃ કૃષ્ણ છે અને આ કૃષ્ણ (ઠાકોરજી) છે તે વસ્તુતઃ કૃષ્ણ નથી આર્ટિફિશિયલ્ કૃષ્ણ છે. ચાલો આ વાત પણ માનીએ. મેં એમને પત્રમાં લખ્યું કે **"વસ્તુતઃ કૃષ્ણએવ"** જે સ્તોત્રમાં લખેલું છે તેમાં આ લખ્યું છે કે **"ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ, ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ"** (વલ્લભાષ્ટકમ્-૩) જો મહાપ્રભુજી **"વસ્તુતઃ કૃષ્ણએવ"** છે આ વચનને તમે પ્રમાણ માનો છો કે તેમાં ગુસાંઈજીનું આ વચન પ્રમાણ છે તો ગુસાંઈજી સાથે એ પણ કહી રહ્યા છે કે જે કૃષ્ણસેવા મહાપ્રભુજીના ઉપદેશના પ્રકારથી નથી કરતા તેઓ અન્ધન્તમ્ નરકમાં જશે. તમે અન્ધન્તમ્ નરકમાં જશો કે નહીં, આનો ખુલાશો કરો. અને મેં કહ્યું ચાલો આ વાતને પણ આપણે થોડીક વાર માટે પોસ્ટ્પોન્ કરી દઈએ કેમકે ગુસાંઈજીની વાણી પ્રમાણ નથી માનતા. વલ્લભવાણીને પ્રમાણ માને છે. મેં કહ્યું મહાપ્રભુજી પોતે આ વાતને કહી રહ્યા છે કે **"દત્વા આજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ યસ્માદ્ અતો અહં મુદા"** (સુબો.મં.૫) ભગવાને મને આજ્ઞા કરી એટલા માટે હું ભાગવત ઉપર સુબોધિનીજી લખવા માટે આવ્યો છું. તો તે આજ્ઞા આપવાવાળો મોટો કે આજ્ઞા પાળવાવાળો મોટો, આનો ખુલાશો કરો. જે કૃષ્ણની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાના કારણે મહાપ્રભુજીએ 'અંતઃકરણપ્રબોધ' લખવો પડ્યો કે **"અંતઃકરણ મદ્વાક્યં સાવધાનતયા શૃણુ. કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્. ચાંડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા"** (અન્ત.પ્ર.૧-૨) મહાપ્રભુજી પોતાનો કેટલો ડિફેમેશન્ કરી રહ્યા છે!! તકલીફ શું છે કે કોઈ કારણથી કૃષ્ણસેવા માફક નથી આવી રહી. મહાપ્રભુજીના બધા ગ્રંથોમાં કૃષ્ણસેવાનો ઉપદેશ છે, તે પાળી નથી શકાતો, પાળવો છે નહીં, પ્રોજેક્શન્ ગોસ્વામીઓ ઉપર કરવો છે કે તમે હવેલી શા માટે ચલાવી, તમે

ગુસાંઈજીને ફૉલો કેમ કર્યા, તમે મહાપ્રભુજીને ફૉલો કેમ ન કર્યા. પરંતુ મહાપ્રભુજીએ ક્યાં આવું કહ્યું છે!

જો મહાપ્રભુજી **"ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ"** (અન્ત.પ્ર.૧૦) કહી રહ્યા છે તો તે કૃષ્ણ કોણ છે જેના વલ્લભ 'દાસ' છે, આ તો ખુલાશો કરો! એ કૃષ્ણ કોણ છે? તમે તો કહી રહ્યા છો કે આ મહાપ્રભુજી કૃષ્ણ છે અને તે કૃષ્ણ અવતાર છે. તો એક વાત સમજો કે એ કૃષ્ણએ મહાપ્રભુજીના ચૌરાસી બેઠકોમાં સુબોધિનીજી ટીકા લખવા માટે અવતાર નથી લીધો, મહાપ્રભુજીએ કૃષ્ણલીલાની વ્યાખ્યા કરવા માટે, સુબોધિનીજી લખવા માટે અવતાર લીધો છે. તો જેની લીલા, જેને ગાવી પડતી હોય એ કૃષ્ણ મોટો કે આ કૃષ્ણ મોટો! આ પ્રકારની બેવકૂફીની વાતો કરે. દૂઃખી ક્યાંક બીજું રહ્યું છે, "દૂઃખે પેટ અને કૂટે માથું" એ પ્રકારનો આ બેવકૂફોનો પ્રિંસિપલ્ છે. આ બધો પ્રોજેક્શન્નો સિદ્ધાન્ત છે. પોતાની ભૂલને ગુસાંઈજી ઉપર પ્રોજેક્ટ્ કરવી, અમારા ગુસાંઈઓ ઉપર પ્રોજેક્ટ્ કરવી, કૃષ્ણ ઉપર પ્રોજેક્ટ્ કરવી. આ ડિસ્ટોર્ટેડ્ ઈગોનું આપણા પુષ્ટિમાર્ગમાં બિલકુલ સ્પષ્ટ ઉદાહરણ છે, આ આપણે સમજી શકીએ છીએ. કેવી રીતથી ગરબડ ફેલાય છે.

### ([૬]રિએકશન્ ફૉર્મેશન્નું લક્ષણ)

આપણે પ્રોજેક્શન્ જોયું. હવે રિએક્શન્ ફૉર્મેશન્. ડિસ્ટોર્ટેડ્ ઈગોનો રિએક્શન્ ફાર્મેશન્ શું છે. ક્યાંક ને ક્યાંક, કાંઈક ને કાંઈક આપણને પુણ્ય અને પાપનો બોધ તો થાય જ છે. અને દુર્યોધનની જેમ **"જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ"** આ પ્રૉબ્લેમ્ ફક્ત દુર્યોધનને હતી એવી વાત નથી, આપણા બધાની ભીતર હશે કે ધર્મ શું છે? તેનું સાચું જ્ઞાન છે, પરંતુ જ્ઞાન હોવા છતાં એ ધર્મને આપણે સચ્ચાઈથી પાળી નથી શકતા. અધર્મ શું છે તેનું પણ આપણને સાચું જ્ઞાન છે પરંતુ તે અધર્મને આપણે ફુલ્ફ્લેજ્ છોડી નથી શકતા આ આપણી ડિફિકલ્ટી છે. એ ડિફિકલ્ટી તો સમજમાં આવી શકે કે આપણી ડિફિકલ્ટી શા માટે છે કેમકે આપણો ઈગો જ પ્યૉર્ ઈગો નથી કૉમ્પ્લેક્સ્ ઈગો છે તો

તેમાં ઘણીબધી કૉમ્પ્લૅક્સિટી ભળી ગયેલી છે. આ તો વાત સમજમાં આવી શકે છે.

પરંતુ રિએક્શન્ ફૉર્મેશન્માં શું થાય છે કે જે વખતે આપણને લાગે કે મારો ઈગો ગિલ્ટી ફીલ્ કરી રહ્યો છે, આપણા ઈગોમાં ગિલ્ટી ફીલિંગ્ જે વખતે વધે છે, તે વખતે આપણે શું કરીએ કે એ ગિલ્ટી ફીલિંગ્ને કોઈપણ રીતે દબાવવા માટે અન્નેસેસરી રિએક્ટ્ કરીએ, એ ફૅશન્માં જેને આપણે કરી નથી શકતા, અને આર્ટિફિશિયલી તેમાં ઈન્વૉલ્વ્ થઈ રહ્યા છીએ. તેને 'રિએક્શન્ ફૉર્મેશન્' કહેવાય છે. જે તમે કામ કરી રહ્યા છો તે સાચું છે, પરંતુ તે એક્શન્ની રીતથી નથી કરી રહ્યા પરંતુ તમારી ભીતર જે ગિલ્ટી ફીલિંગ્ છે તેના ઉપર તમે રિએક્ટ્ કરી રહ્યા છો ખાલી. એ એટલા માટે નથી કરી રહ્યા કે ખરેખર તમારે એ કામ કરવું છે, પરંતુ તમને ક્યાંક ભીતરથી તમારો ઈગો કરડી રહ્યો છે. તો એ ઈગોને કરડતો બંધ કરવા માટે આપણે રિએક્શન્ ફૉર્મેશન્ કરીએ, અને દોઢું કામ કરીએ.

## (રિએક્શન્ ફૉર્મેશન્નું ઉદાહરણ)

જેમ કે જુઓ, બધાની ભીતર રિએક્શન્ ફૉર્મેશન્નો માઈન્ડ્ અટૅક્ આવતો જ હોય છે. હું ગામની ચર્ચા શા માટે કરૂં, હું મારી ચર્ચા કરૂં. ભૂલતો ન હોઉં તો હું અઢાર-ઓગણીસ વરસનો હોઈશ ત્યારની વાત છે. નાનપણથી સાંભળી રહ્યો હતો કે વેદ-ગીતા ભગવાનની વાણી છે. અમારો ફુફેરો ભાઈ સ્કૂલ જતો હતો. અમારા લોકોની તો સ્કૂલિંગ્ થઈ નહોતી. હું અને તે એકદમ ક્લોઝ્ હતા. દિવસ-રાત સાથે બેસવું, સાથે ખાવું, સાથે ઉઠવું. એક દિવસ મેં તેની હિસ્ટ્રીની ચોપડી વાંચી. તેમાં લખેલું હતું કે ''આ વેદ ભગવદ્વાણી ન હતી, એ તો આર્યલોકો ત્યાંથી આવ્યા જે ચરવાહા હતા, ગડરિયા હતા, એમના લખેલા ગીત છે.'' મારો ભીતરથી ઈગો ડામાડોલ થઈ ગયો. મેં મારા ફૂફેરા ભાઈ ગોપાલને પૂછ્યું કે ''આમાં આ શું વાત છે યાર!'' એણે કહ્યું ''તને હિસ્ટ્રી ખબર નથી, હિસ્ટ્રી આવી જ છે!'' હું પણ કન્વિંસ્ડ્ થઈ ગયો કે હિસ્ટ્રી આવી જ

છે તો આપણે ત્યાં બહુજ લોચા છે.

હવે દિવસ-રાત મને વિચાર આવે કે જો વેદ સાચો નથી અને ગડરિયાના ગીત છે તો ભગવાન ક્યાંથી સાચો હશે. હવે મને ડર લાગ્યો કે ભગવાન સાચો નહીં તો આપણે જે સેવા કરી રહ્યા છીએ એ શું કરી રહ્યા છીએ શા માટે પાઠ કરી રહ્યા છીએ, કોની સંધ્યા કરી રહ્યા છીએ. ભીતરમાં ભારી ટ્રબલ્ થઈ ગઈ. કોઈએ મને કહ્યું કે આવી ટ્રબલ્ થઈ જાય તો સર્વોત્તમના પાઠ કરો. મેં કહ્યું ચાલો ટ્રાય કરો. હવે જે દિવસે વિચારના અટૅક્ આવે તુરત સર્વોત્તમનો પાઠ કરતો **"પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત-નિખિલધર્મરૂપમિતિ"** (સર્વો.૧) પછી જોતો કે વિચાર આવી રહ્યા છે કે નહીં. થોડીક વાર નહોતા આવતા કેમકે પાઠ કરતો એટલી વાર નહોતા આવતા, પાઠ બંધ કર્યો ફરી પાછા વિચાર આવતા. પછી મને લાગતું કે આવી ગયા વિચાર ફરી પાઠ કરો "આનંદઃ પરમાનંદઃ"! એ સર્વોત્તમસ્તોત્ર એ માટે નહીં કે મહાપ્રભુજી પ્રિય હતા. એ જે વિચાર વાંચી લીધા હતા સ્કૂલની ચોપડીમાં કે વેદ ગડરિયાઓના ગીત છે, નિરંતર વરસોસુધી મને તકલીફ આપતા રહ્યા. એ તો પછી ફિલૉસૉફી જ્યારે મેં વ્યવસ્થિત વાંચી ત્યારે મને આ બધા સંદેહ દૂર થયા કે બધી બેકારની વાતો છે, આ લોકો આપણને બેવકૂફ બનાવે છે. પરંતુ એક વાત સમજો કે આ પ્રકારથી બધાને રિએક્શન્ ફૉર્મેશન્ થઈ જાય તો? મેં એ દિવસોમાં એક-એક દિવસમાં એકસો-આઠ સર્વોત્તમસ્તોત્રના પાઠ કર્યા. થોડીક વાર બેસું શાંતિથી ફરી પાછા વિચાર આવી જાય કે આ બધા બકવાશ છે, બંડલ છે, પછી "આનંદઃ પરમાનંદઃ". આ પ્રકારથી રિએક્શન્ ફાર્મેશન્માં સર્વોત્તમસ્તોત્ર; બિચારા મહાપ્રભુજી પણ ગભરાતા હશે કે વ્યર્થમાં શા માટે મારૂં લોહી પીવે છે યાર! નાસ્તિક થવું હોય તો થા, ભગવાને તો ત્રિવિધ સૃષ્ટિ પ્રકટ કરી જ રાખી છે-પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા તેમાં તું વધારે પ્રવાહી થઈ જાય તો શું નુકશાન થવાનું છે. કોઈ નુકશાન તો છે નહીં. વ્યર્થમાં આના માટે મહાપ્રભુજીનું માથું ચાટવું કે "આનંદઃ પરમાનંદઃ" એમાં આનંદ જ ન હતો, ન પરમાનંદ હતો અને ન શ્રીકૃષ્ણનું આસ્ય હતું કેવલ એક ભીતરનો ફિઅર્ કામ કરતો હતો "આનંદઃ પરમાનંદઃ

શ્રીકૃષ્ણાસ્ય'' અને પાછું કોઈ જોઈ ન જાય તેના માટે, કોઈ જુવે નહીં એવી જગ્યાએ બેસીને પાઠ કરતો હતો. શરમ વધારામાં આવતી કે આપણે આટલા પાઠ કરીએ કોઈ પૂછશે ચક્કર શું છે. અપરસકોઠામાં જઈને પાઠ કરતો.

## (રિએક્શન્ ફૉર્મેશન્‌નો ઉપાય)

આ 'રિએકશન્ ફૉર્મેશન્'. પાછળથી મને તેની વ્યર્થતા સમજમાં આવી. ધ્યાનથી સમજો, સર્વોત્તમને વ્યર્થ નથી કહી રહ્યો માઈન્ડ્ ઈટ્, 'સર્વોત્તમ' તો આપણું સર્વોત્તમ સ્તોત્ર છે પરંતુ આ રિએક્શન્ ફૉર્મેશન્‌માં સર્વોત્તમ કરીએ તે સર્વોત્તમનો મિસ્-યુઝ છે. આ રિએકશન્ ફૉર્મેશન્‌માં આપણે સર્વોત્તમ કરીએ કે સેવા કરીએ, મંગલાથી લઈને શયન સુધી ઘાણીના બળદની માફક જોડાયેલા છીએ કેમકે ક્યાંક નાસ્તિક ખ્યાલ ન આવી જાય આપણને. અરે ભાઈ! નાસ્તિક ખ્યાલ આવી ગયો તો આવી જવા દેને યાર, દસ્ત આવી ગઈ તો આવી જાય. બે દિવસ સંડાસમાં બેસીને પેટ સાફ થઈ જાય પછી સેવામાં નહાઓ. તેના માટે આટલા બધા લફડા શા માટે! પરંતુ માણસ શું છે કે તુરંત આ પ્રકારથી પોતાની સેફ્ટી માટે રિએક્શન્-ફૉર્મેશન્ કરી લે છે.

શ્રીગોકુલનાથજીએ આ માટે ઘણીજ સરસ વાત કહી છે. જ્યારે કાશ્મીર પધારીને આવી રહ્યા હતા અને એમના સેવકે કહ્યું કે ''ઉંઘ આવી રહી છે કાંઈક ભગવત્ચર્ચા કરો''. એમણે કહ્યું '' શા માટે ભગવત્ચર્ચા કરવી, આપણે લૌકિકચર્ચા કરશું, ઉંઘ ઉડી જશે ત્યારે ભગવત્ચર્ચા કરશું. ઉંઘ ઉડાડવા માટે ભગવત્ચર્ચા નહીં કરીએ''. આ જુઓ સ્વસ્થતાથી ભગવત્ચર્ચા ભગવદ્‌નામ લેવાનો આપણો મૅસેજ્ હતો. રિએક્શન્-ફૉર્મેશન્‌ની જેમ ભગવત્ચર્ચા ન કરવી. આ પ્રૉબ્લેમ્‌ને ટૅકલ્ કરવાની આ આપણી ઈન્સાઈટ્ હતી કે ઉંઘ ઉડાડવા માટે ભગવત્ચર્ચા કરવી, ગોકુલનાથજીએ ના પાડી દીધી અને કહ્યું ''લૌકિકચર્ચા કરશું''. ઉંઘજ તો ઉડાડવી છે ને આનંદથી કરો લૌકિકચર્ચા; કોની પત્ની કોની સાથે ભાગી ગઈ, એણે ક્યાંથી પાછી શોધી.  બધી કરી લો લૌકિકચર્ચા ઉંઘ ઉડી જશે.

આટલું બોલીએ અને ઉંઘ ઉડી જાય પછી આનંદથી ભગવત્ચર્ચા કરો પરંતુ ઉંઘ ઉડાડવા માટે ભગવત્ચર્ચા કરવી એ રિએક્શન્-ફૉર્મેશન્ છે. આપણો ઈગો ડિસ્ટૉર્ડ ન થાય એટલા માટે ગોકુલનાથજીએ તે વખતે આ કૅઅર્ લીધી છે. દરેક વાતની આપણે કેટલી કૅઅર્ લીધી છે. આ સાઈકૅટ્રિસ્ટ શું કરશે કાંઈ નહીં કરે.

**પ્રશ્ન :** રિપ્રેશન્ એટલે શું?

**જવાબ :** જે વસ્તુ આપણને ત્રાસપ્રદ હોય, તેને આપણે આપણાં કર્તવ્ય તરીકે એક્સેપ્ટ્ કરી લેતા હોઈએ છીએ. ખરેખર આપણને ત્રાસ આપી રહી છે. માઈન્ડ્ ઈટ્, સર્વોત્તમ મને ત્રાસ નહોતો આપી રહ્યો. ત્રાસથી મારો ત્રાણ કરી રહ્યો હતો પણ મેં રિએક્શન્ ફૉર્મેશન્ તરીકે તેનો ઉપયોગ કર્યો. રિપ્રેશન્માં જે વસ્તુ તમને તકલીફ આપે છે એ વસ્તુ તમે કરવા લાગી જાઓ છો. અને રિએક્શન્-ફૉર્મેશન્માં જે વસ્તુ તમને તકલીફ આપી રહી છે એનાથી બચવા માટે એનો એન્ટિડોઝ તમે રિએક્શનરી-વેમાં કરો છો, એક્શન્ના લેવલ્ ઉપર નહીં.

## (રિએક્શન્ ફૉર્મેશન્નું ઉદાહરણ)

જેમ સર્વોત્તમસ્તોત્રનો પાઠ હું એક્શન્ના લેવલ્ ઉપર કરૂં તો તે રિએક્શન્-ફૉર્મેશન્ ન કહેવાય. મહાપ્રભુજીના પ્રત્યે સ્નેહને કારણે, શ્રદ્ધાને કારણે, ભાવ-ભક્તિને કારણે હું સર્વોત્તમનો પાઠ કરૂં તો તે ૧૦૮ નહીં ૧૦૦૮ કરૂં તો પણ ઠીક છે. પરંતુ જ્યારે હું રિએક્શન્-ફૉર્મેશન્ને કારણે કે તે એક પેસેજ્ હિસ્ટ્રીનો વાંચી લીધો કે આ બધા ગડરિયાઓના ગીત હતા અને પછી મનમાં ભય લાગી રહ્યો છે  અને પછી પાઠ વધારતા જઈ રહ્યા છીએ, તેમાં શું થાય છે; મને યાદ નથી કોઈતો એક ફિલ્મ આવી હતી એમાં પહેલા એક કૉમેડિયન્ હતો ગોપ આવો મોટો-મોટો હતો. ફિલ્મમાં એ ગોપને કોઈ છોકરી સાથે લગ્ન કરવા હતા. કોઈએ બતાવી દીધું કે ''શ્મશાનમાં બેસીને અને આ મંત્ર-જપ કરીશ તો તારા લગ્ન થઈ જશે અને ડરતો નહીં જરાપણ.'' એક તો શ્મશાનમાં બેસો અને

ડરો નહીં, કેવીરીતે શક્ય થઇ શકે! પછી જઇને શ્મશાનમાં બેસી ગયો, જપ કરી રહ્યો છે. જપ કરતાં કરતાં જોતો રહે કે ભૂત તો નથી આવી રહ્યું પ્રેત તો નથી આવી રહ્યો. અને તેનો બાપ તેને લેવા આવ્યો. તેને કહ્યું ''તું ભૂત છે!'' એ બોલ્યો ''તારો બાપ છું'', બોલ્યો ''નહીં તું ભૂત છે!'' રિએક્શન્-ફૉર્મેશન્માં આ પ્રકારનો પ્રૉબ્લેમ્ થાય. આ બધા રિએક્શન્-ફૉર્મેશન્ના ઉદાહરણ છે.

આપણે પોતે ભીતરથી ડરપોક છીએ એ ડરને આપણે આ પ્રકારથી રિએક્શન્-ફાર્મેશન્થી આઉટ્-લેટ્ આપવા માગીએ છીએ. મોટાભાગે આપણે બધાએ જોયું હશે કે ઠંડીમાં જ્યારે વ્રજમાં જઈએ અને ઠંડી લાગતી હોય ત્યારે દાંત કચકચાવતા હોઈએ તો દાંત ન કચકચાવીએ તેના માટે **''નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા મુરારી-પદ-પંકજ..''** નહાતા જ આપણે પાઠ શરૂ કરી દઈએ કેમકે દાંત કચકચાવી રહ્યા છીએ તે વખતે કોઈપણ રીતથી આપણે ગરમી લાવવી હોય. લાવવી કેવીરીતે ગરમી? નહાયા નહીં, ઠંડુ પાણી પડ્યું નહીં અને ''નમામિ યમુનામહં સકલસિદ્ધિ..'' દાંત ન કચકચાવીએ તેના માટે આપણે ''નમામિ યમુનામહં'' કરતા હોઈએ! અરે ભાઈ! પોંછી લો શરીર, બેસી જાઓ, ઠંડી લાગતી હોય તો ગદ્દૂલ પહેરી લો, શાલ ઓઢી લો ત્યાર પછી ''નમામિ યમુનામહં..'' કરો. નહાતા જ ઠંડુ પાણી પડ્યું અને તુરત પાઠ શરૂ થાય ''શ્રીયમુનાજી શ્રીમહાપ્રભુજી યમુને-ગંગે હૂઁહું..'' એ મૂલમાં ઠંડી લાગી રહી છે તેનો રિએક્શન્-ફાર્મેશન્ છે. બધાની સાથે આ પ્રોબ્લેમ્ દેખાશે. ઠંડુ પાણી પડ્યું નહીં અને તુરત રિએક્શન્-ફાર્મેશન્ તરીકે ભગવાન યાદ આવે. એક્ચ્યુઅલી એ ભગવાનને નથી યાદ કરી રહ્યો પરંતુ ઠંડુ પાણી સહન નથી થઈ રહ્યું. ઠંડુ પાણી સહન ન થતું હોય તો ન નહાઓ. નહાવું પાછું ઠંડા પાણીથી અને તેમાં રિએક્શન્-ફાર્મેશન્માં ભગવાનનું નામ લેવું આ અન્હેલ્ધી ટૅન્ડેન્સી છે. ઠંડુ પાણી પડતાં જ થોડોક ત્રાસ તો થાય જ છે પરંતુ તેનો રિએક્શન્-ફાર્મેશન્ આવો ન કરવો જોઈએ. મૂલ રહસ્ય આ છે તેનું. તો હું સમજું કે રિપ્રેશન્થી અલગ રિએક્શન્-ફૉર્મેશન્નો ભેદ સમજમાં આવ્યો હશે.

## (ૈડિસ્પ્લેસમૅન્ટ્નું લક્ષણ)

તેના પછી છે 'ડિસ્પ્લેસ્મેન્ટ્'. 'ડિસ્પ્લેસમેન્ટ્'માં શું હોય છે? જે વસ્તુથી આપણને બહુજ નફરત હોય અને તે વસ્તુનું આપણે કાંઈ કરી ન શકીએ તો આપણે તેના સિમ્બૉલ્ શોધીએ અને તેના સિમ્બૉલ્થી નફરત કરવાનું શરૂ કરીએ. મતલબ અહીંથી નફરતને તમે ત્યાં ટ્રાંસ્ફર્ કરી. હવે તમે તેમાં તમારી સેફ્ટી સમજી રહ્યા છો કેમકે અહીંની નફરત પ્રકટ કરવાની તમારી શક્તિ નથી અને જે તમે સિમ્બૉલ્ ઘડ્યો છે તે ઈનોસેંટ્ છે મતલબ તે રિએક્ટ્ નથી કરી રહ્યો તો તમે ત્યાં બધી નફરત પ્રકટ કરી રહ્યા છો.

## (ડિસ્પ્લેસમૅન્ટ્નું ઉદાહરણ)

આપણા પુષ્ટિમાર્ગનું એક કૉમન્ ડિસ્પ્લેસમેંટ્નું ઉદાહરણ બતાવું. આ સમજવા લાયક વાત છે. જ્યાં પણ શાસ્ત્રમાં આપણે વાત જોઈએ ત્યાં આ વાત દેખાય છે કે જેમ પ્રણામના કેટલા ભેદ છે. 'પ્રણામ' મતલબ નમન. 'નમન'નો અર્થ શું? માથાને બંને હાથ જોડીને નીચે નમાવો. આપણે ત્યાં આ સૌથી પહેલા પ્રકારનું નમન છે. 'નમન' એટલે ઝુકાવવું. શું ઝુકાવવું? માથાને ઝુકાવવું. ક્યાં સુધી? બંને હાથ જોડીએ તો તેના ઉપરના છેડાને સ્પર્શે. આપણે ત્યાંનું આ સૌથી પહેલું નમન છે. તેના પછી આવે છે પંચાંગ નમન. તેના પછી સાષ્ટાંગ નમન. આ નમનની બધી વૅરાયટી હતી. આના ભાવ બધા અલગ-અલગ છે કે કઈ પરિસ્થિતિમાં આપણે કયું નમન કરીએ. કઈ પરિસ્થિતિમાં દંડવત્ પ્રણામ કરીએ. જેવીરીતે ઉભો ડંડો પડી જાય તેવીરીતે પડીને પ્રણામ કરવા તેને 'દંડવત્ પ્રણામ' કહેવામાં આવે છે. આ આપણી બૉડી-લૅંગ્વેજ છે. સાયકૉલૉજીમાં આને 'બૉડી-લૅંગ્વેજ્' કહેવામાં આવે છે. મતલબ બોલ્યા વગર આપણા શરીરથી આપણે આપણો ભાવ પ્રકટ કરીએ. તેનું કૉમ્યુનિકેશન્ પણ બૉડી-લૅંગ્વેજ્થી જ કરવું પડે છે. જેમ દાંત પીસવા એ ગુસ્સો પ્રકટ કરવાની બૉડી-લૅંગ્વેજ્ છે. એ પ્રકારની આ આપણી એક જાતની બૉડી-લૅંગ્વેજ્ છે. કોઈના પ્રત્યે આપણો આદરભાવ, મહત્તાનો

ભાવ, આપણો દૈન્યભાવ પ્રકટ કરવાની આપણી બૉડી-લૅંગ્વેજ્ છે. આમાં કોઈ ખરાબ વાત નથી. જ્યારે ભાવ છે તો પ્રકટ કરવો જોઈએ.

પ્રૉબ્લેમ્ ક્યારે આવી ગઈ; જુઓ ધ્યાનથી સમજો કે આ બૉડી-લૅંગ્વેજ્ મુસલમાન લોકો નમાજ પઢવામાં વાપરે અને મુસલમાન સાથે આપણો ઝઘડો છે. એટલા માટે એક જાંઘ ઉંચી રાખવી. અરે એક જાંઘ ઉંચી રાખવાથી શું થશે? આ પંચાંગ દંડવત્ તો થયા નહીં, ચતુરંગ દંડવત્ થઈ ગયા. આ ચતુરંગ દંડવત્નું વિધાન ક્યાં છે? તો કહે કે પંચાંગ દંડવત્ કરવાથી એ મુસલમાની અંદાજ થઈ જાય. હવે જો મુસલમાન 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલવા લાગી જશે તો આપણે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલવાનું છોડી દઈશું? એ દ્વેષને તમે મુસલમાન પુરતો જ સીમિત રાખો. એક જાંઘ ઉંચી રાખવાથી ફરક શું પડી જશે? જે તમારી બૉડી-લૅંગ્વેજ્નો જે સ્ટૅન્ડર્ડ પૅટર્ન હતો એ તો તમે બગાડી નાખ્યો ને! શા માટે બગાડ્યો? કેમકે મુસલમાન નમાજ આવીરીતે જ પઢે છે એટલા માટે એ રીતથી દંડવત્ ન કરવા. અરે! તે કરી રહ્યા છે તો તેને કરવા દો ને, તમે શા માટે તેની ચિંતા કરી રહ્યા છો? આ તકલીફ બધાને છે, મોટા-મોટા પ.ભ.ને પણ આ જ તકલીફ છે. આમાં સૌથી મોટો ફાયદો શું થાય? જુઓ, માણસ બહુ ચતુર છે કેમકે બંને ગોઠણ અડાડીને ઉપાડવામાં બહુ તકલીફ થાય. એક ગોઠણ ઉપાડવાની મુદ્રામાં હોય તો સહેલાઈથી ઉઠી શકાય. જેને મારા જેવી તકલીફ છે એ તો તરત રાજી થઈ જશે કે હાં હાં આ જ રીત બરાબર છે. પછી તો આ પ્રકારનો સંપ્રદાય જ ઉભો થઈ જશે કે અમારા બાપ-દાદા બધા આ જ રીતથી દંડવત્ કરતા હતા તો અમે પણ આ રીતથી જ કરશું. અરે ભાઈ! શાસ્ત્ર કહી રહ્યા છે કે પંચાંગ દંડવત્ કરો તો પછી શા માટે એક ગોઠણ ઉંચો રાખીને કરી રહ્યો છો? આ શું છે?

આ આપણા અહંનો ડિસ્ટોર્શન્ છે. આપણો અહં આપણે સ્વસ્થ નથી રાખી શક્યા, તે આ વાતનું પ્રમાણ છે. આપણે આપણા અહંનો ડિસ્પ્લેસમેંટ્ કરી રહ્યા છીએ, મુસલમાન સાથેની નફરતને આપણા દંડવત્ ઉપર કાઢી રહ્યા છીએ. આનાથી ફાયદો શું? હું દરેક વખતે એક વાત કહું

છું કે અમારે ત્યાં એક મુખિયાજી હતા. એમની પત્ની એમને રોજ પીટતી હતી. હવે બિચારો પતિ માર તો ખાઈ લે, શું કરે. તો એક દિવસ એમની પત્ની ક્યાંક બહાર ગઈ હતી તો એમણે લાકડી લઈને ઘરના તકીયાને, ભીંતને મારવાનું શરૂ કર્યું કે ''જા સાલી પીયર, મારે નથી રહેવું તારી સાથે.'' આવો દેકારો સાંભળીને પાસ પડોશવાળા બધા ગભરાઈ ગયા કે આજે તો આજે તો મુખિયાજીના શૌર્યની પરાકાષ્ઠા થઈ ગઈ. એટલામાં મુખિયાણી આવી ગઈ અને બોલી કે ''શું દેકારો બોલાવી રાખ્યો છે અંદર. ખોલો દરવાજો.'' બધું શૌર્ય ખતમ થઈ ગયું. લાકડી-બાકડી મુકીને દોડીને ઉભા રહી ગયા મુખિયાજી કેમકે મુખિયાણી પીટતી હતી તેમને. આ અહમ્‌નો ડિસ્પ્લેસમેંટ્ છે. ગુસ્સો તમને પત્ની ઉપર આવી રહ્યો છે અને ગાળ-પીટાઈ તમે તકિયા અને ભીંતને કરી રહ્યો છો. તો ડિસ્પ્લેસમેંટ્‌ની પોલ ખુલતા વાર નથી લાગતી. આપણા અહંને આપણે ડિસ્પ્લેસ્ કરી તો દઈએ પરંતુ વધારે વખત ચાલવાવાળો નથી હોતો.

## (ડિસ્પ્લેસમૅન્ટ્‌નો ઉપાય)

તો સારૂં તો એ છે કે તેના ઉપર આપણને કન્ટ્રોલ્ આવવો જોઈએ અને તે કન્ટ્રોલ મેળવવા માટે મહાપ્રભુજીનું ઈન્સ્ટ્રક્શન્ છે કે **''ભાર્યાદીનાં તથાન્યેષાં અસતશ્ચાક્રમં સહેત્.''** (વિ.ધૈ.આ.૭) એ આક્રમણને સહન કરી લો. ડિસ્પ્લેસ્ શા માટે કરો તેને. સહન કરી લેશો તો એનીમેળે એ પ્રૉબ્લેમ્ સૉલ્વ્ થઈ જશે. સહન નથી કરવું, આ ઈગો આપણે બનાવી રાખ્યો છે કે હું પતિ, મને મારી પત્ની કેવીરીતે પીટી શકે! અરે ભાઈ! જેના હાથમાં તાકાત હશે એ જ તો પીટશે. એમાં પતિ શું અને પત્ની શું? જો પત્નીના હાથમાં તાકાત છે તો પીટી શકે છે. પતિના હાથમાં તાકાત છે તો એ પીટશે. નથી તાકાત તો ક્યાંથી પીટશે! તે વખતે શાંતિથી માર ખાઈ લો. એમાં શું મોટી વાત છે? જ્યારે તમે એક-બીજાને પતિ-પત્ની તરીકે સ્વીકાર કર્યા છે તો ક્યારેક આણે તેનો માર ખાઈ લીધો અને ક્યારેક એણે આનો માર ખાઈ લીધો. આમાં કઈ મોટી વાત થઈ ગઈ! પરંતુ કેમકે આપણો ઈગો આપણને આ સ્વીકારવા ન દે કે પતિ પણ

ક્યારેય પત્નીનો માર ખાઈ શકે છે! આ પ્રકારનો ડિસ્પ્લેસમેંટ્થી ફાયદો કાંઈ થતો નથી અને વિકૃતિની પોલ ખુલી જાય. તો આનાથી આપણે બચવું જોઈએ. મહાપ્રભુજી આપણને કહે છે કે ઈગોને સ્વસ્થ રાખો અને તેને સ્વસ્થ રાખવા માટે સહન કરવાનો માદ્દા આપણને હોવો જોઈએ. આ નૅચરલ્ ઉપાય છે અને તે અન્નૅચરલ્ ઉપાય છે જ્યાં આપણને દ્વેષ થઈ રહ્યો છે.

## ('અનડુઈંગ્'નું ઉદાહરણ)

આગળનો છે 'અનડુઈંગ્'. આ પણ બહુ મજેદાર ફિનોમિના છે. સાયકૉલૉજીમાં આના ઘણાબધા ઉદાહરણ છે. કેમકે હું તમને એપ્લાઈડ્ બતાવી રહ્યો છું એટલા માટે પુષ્ટિમાર્ગના જ ઉદાહરણ આપી રહ્યો છું.

ત્રણ પેઢી પહેલાંના જે-જે વૈષ્ણવ યૂરોપ અમેરિકા ગયા, બાલકોએ તે-તે વૈષ્ણવને જાત બહાર કઢાવ્યા હતા. ઈતિહાસ વાંચીને જોઈ લો. ગાંધીજીને પણ આ જ પ્રૉબ્લેમ્ થયો હતો કેમકે ગાંધીજીની મા વૈષ્ણવ હતી અને એમને ઈંગ્લેન્ડ ભણવા જવું હતું. જ્યારે તેઓ તેમની માંને જવાનું પૂછવા ગયા; તો વાંચીને જોઈ લો, આપણે ત્યાંના તે સમયના બધા મૅગેજિનોએ ગાંધીજીની થૂ-થૂ કરી હતી કે શા માટે ઈંગ્લૅન્ડ્ ભણવા જવાની જરૂરત છે, ભણતર અહીં ન થઈ શકે શું? મારી પાસે તે બધી ફાઈલો મોજુદ છે. ખૈર! ગાંધીજી તો હિમ્મતી માણસ હતા, ભણીને જ આવ્યા. માઁએ તેમની પાસે એક વચન લીધું હતું કે "તું ક્યારેય કંઠી તોડીશ નહીં." એ બહુ ચતુર હતા. એમણે કંઠી ક્યારેય તોડી નહીં પરંતુ તુટ્યા પછી ફરી ક્યારેય પહેરી પણ નહીં. ખૈર! એ વાત જવાદો. કહેવાનો અર્થ એ છે કે એ સમયના બધા બાલક વૈષ્ણવોને એટલા પ્રેશરાઈઝ કરતા હતા બહાર ન જવા માટે. આજે બધા બાલકો સપના જોઈ રહ્યા છે કે ક્યારે ઈંગ્લેન્ડ્ અમેરિકા જાય. અને બહાર જવાનો ગિલ્ટ્ ફીલ્ પણ કાયમ છે. મોટા-મોટાઓને જાત બહાર કઢાવ્યા. કેટલાય કુટુંબોમાં જઘડા કરાવ્યા કે સેવામાં ન નાહી શકે, જાતીમાં બેસીને ખાન-પાન ન કરી શકે. સો વરસ પહેલા આ પ્રશ્નના કારણે બહુ જઘડો થયો. આજે બધા બાલકો

જવા લાગી ગયા. હવે રોકો. હવે વધુ જવા લાગી ગયા. આપણે આ મુદ્દા ઉપર ન જઈએ.

આજે બાલકોના બે પ્રકારના માઈન્ડ્-સેટ્ છે. જ્યારે પણ અમેરિકા જાઓ તો પ્રાયશ્ચિત કરો. બેવકૂફીની પરાકાષ્ઠા કેટલી કે અમેરિકા જઈને ત્યાંનાજ મંદિરમાં નહાવું હોય તો પ્રાયશ્ચિત કરો કે 'મ્લેચ્છ દેશાગમને દોષઃ નિવૃત્તિઃ અર્થ પ્રાયશ્ચિત્તમ્ અહં કરિષ્યે.'' અરે તમે અમેરિકામાં જ તો બેઠેલા છો. અને પ્રાયશ્ચિત્ત કેટલું? સો રૂપિયા. અહીં આવો તો પાંચહજાર છે. અને અમે બાલક લોકો એટલા ગિલિંડર્ છીએ કે ઉપાધ્યાયજીને કહીએ કે પ્રાયશ્ચિત્ત કરાવી દો અને પૈસા ચુકવે જ નહીં. અરે ભાઈ! નક્કી કરો કે પવિત્ર છે કે અપવિત્ર છે. જો અપવિત્ર છે તો જાઓ નહીં. અને જવું છે તો; કેમકે બધાને ટોક્યા હતા, બધાને જાત બહાર કઢાવ્યા હતા પરંતુ આજે બધાના મનમાં દૂધ કેવું ઉભરાય તેવું આપણું મન ત્યાં જવાને માટે ઉભરાઈ રહ્યું છે કે કોઈ વૈષ્ણવ ક્યારે બોલાવે અને ક્યારે અમે જઈએ. ઘણી વખત તો વૈષ્ણવ ના પાડે કે ''હમણાં-હમણાં કોઈ બીજા બાલક પધારીને ગયા છે, હમણાં ન પધારો.'' તો કહે કે ''નહીં નહીં, અમને તો પધરાવોજ.'' અરે જવું છે તો જાઓ પરંતુ પછી પ્રાયશ્ચિત્ત શા માટે કરો! અને કહે કેટલું, બારહજાર ગાયોનું. બારહજાર ગાયની ન્યોછાવર કેટલી કાઢે? સવા રૂપિયો. હવે આ બાલલીલા નહીં તો શું છે વિચાર કરો? બારહજાર ગાયની કિંમત સવારૂપિયો!! સવારૂપિયામાં તો એક પ્લાસ્ટિકની ગાય પણ નહીં આવે. બસ ધોવાઈ ગયા અમેરિકા જવાના બધા પાપ. આ ઓછી અક્કલની પરાકાષ્ઠા નહીં તો શું છે. આનું નામ 'અન્ડુઈંગ્'.

## (અન્ડુઈંગ્નું લક્ષણ)

જાણીજોઈને એ કામ કરવું જે ન કરવું જોઈએ. પછી તેને અન્ડુઈંગ્ કરવું. મતલબ પહેલાં તે કામ કરવું પછી તેને અન્ડન્ કરવું અને પાછો વિશ્વાસ પણ કરવો કે અમે તેનું પ્રાયશ્ચિત્ત કરી તો લીધું. અરે યાર! આ કેવી સ્પ્લિટ્ પર્સનાલિટી છે! આ કયા પ્રકારની બેવકૂફી છે! પરંતુ

આવું બાલક ન કરે તો કોણ કરે! ડુઈંગ્ અને અનડુઈંગ્ની આવી બધી લીલાઓ અમે બધા કરતા રહીએ છીએ.

### (અનડુઈંગ્નો ઉપાય)

મહાપ્રભુજીનો સ્પષ્ટ આમાં સિદ્ધાંત છે કે જ્યારે તમે 'કૃષ્ણ' નામ બોલી રહ્યા છો, અથવા જ્યારે તમે કૃષ્ણભક્તિ કરી રહ્યા છો તો **''પ્રાયશ્ચિત્તાનિ જીર્ણાનિ નારાયણ પરાંગતે''** જ્યારે તમે નારાયણના અભિમુખ છો તો પ્રાયશ્ચિત્તની જરૂરત નથી અને નારાયણની સન્મુખ નથી તો તમારા બધા પ્રાયશ્ચિત્ત બેકાર છે. જે વાત આપણને બતાવવામાં આવી તેને ફોલો કરવી કે બીજી વાતને ફોલો કરવી. તમે નારાયણને અભિમુખ રહો, તો થઈ ગયું તમારૂં પ્રાયશ્ચિત્ત. પરંતુ તે ન કરીને આવા ખોટા-સાચા ઉપદ્રવ કરવા.

### (અનડુઈંગ્નું ઉદાહરણ)

આનું બહુજ પ્રસિદ્ધ ઉદાહરણ છે આપણા ભારતમાં જેને 'પેશવાઈ પ્રાયશ્ચિત્ત' કહેવાય છે. જુના જમાનામાં રોજ રાતના પેશવા લોકો શરાબ પીતા અને રોજ સવારે પ્રાયશ્ચિત્ત કરતા, પાછા રાતના શરાબ પીતા. અરે આવા પ્રાયશ્ચિત્તનો મતલબ શું? પરંતુ નિરંતર ડુઈંગ્ અને અનડુઈંગ્નું ચક્ર ચાલતું રહેવું જોઈએ. આ આપણી સ્પ્લિટ્ પર્સનાલિટીનું ઉદાહરણ છે. આ વાત ખાસ સમજવી જોઈએ. આ ડિસ્ટોર્શન્ છે.

### (અનડુઈંગ્નો ઉપાય)

જ્યારે કે મહાપ્રભુજીએ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે **''દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે''** (ત્યાંજ) જ્યારે તમારાથી પાપ પણ થઈ ગયું તો ભગવદાશ્રયની ભાવના કરો, એ તમારૂં સાચું પ્રાયશ્ચિત્ત છે. ભગવદાશ્રયને છોડીને અનડુઈંગ્ કરવાથી શું ફાયદો થશે? આ વાત હતી.

### (૬આઈડેન્ટિફિકેશનનું લક્ષણ)

આગળનું છે 'આઈડેન્ટિફિકેશન્'. આમાં શું છે કે જ્યારે માણસ

ભીતરથી સુનિશ્ચિત છે કે હું કોઈ કામનો નથી. પરંતુ આ વાતને જ્યારે સ્વીકારી ન શકે તેથી એ માની લે છે કે હું બહુ કામનો વ્યક્તિ છું. તે કોઈ એવા વ્યક્તિ સાથે પોતાની જાતને આઈડેન્ટિફાય્ કરી લે છે; જેમ કાલે મેં તમને જૉન્ લિનેન્ની વાત બતાવી. જ્યારે આપણે ભીતરથી તુટેલા છીએ તો આપણે કોઈ એવા વ્યક્તિની સાથે આઈડેન્ટિફાય્ કરી લઈએ કે જેનાથી આપણને લાગે કે ''નહીં, હું પણ કાંઈક છું.''

## (આઈડેન્ટિફિકેશન્નું ઉદાહરણ)

આનું સૌથી મોટું જ્વલંત ઉદાહરણ છે પુષ્ટિમાર્ગમાં ગોસ્વામીઓને ખુદને પુરૂષોત્તમ વિચારવા. અરે ભાઈ! તમે ગુરૂ જ ન બની શક્યા તો પુરૂષોત્તમ ક્યાંથી થઈ ગયા! ખાલી-પીલી પોતાની જાતને પુરૂષોત્તમ સાથે આઈડેન્ટિફાય્ (સરખામણી) કરી લીધી કે અમે બધા પુરૂષોત્તમ છીએ. ચાલો સારી વાત છે કે તમે પુરૂષોત્તમ છો પરંતુ આપણે ત્યાંનો સિધ્ધાંત છે કે હરિ-ગુરૂ-વૈષ્ણવ એક સમાન સમજો. તો તે વૈષ્ણવ પણ પુરૂષોત્તમ છે. હવે કોઈ વૈષ્ણવ ભૂલથી પણ કહી દે કે અમે પુરૂષોત્તમ છીએ તો તુરત કહી દેશે કે અહંકારી છે. વૈષ્ણવ જો પુરૂષોત્તમ બનવાથી અહંકારી બની જતો હોય તો બાલક કેમ અહંકારી સિધ્ધ નહીં થાય? આપણે ત્યાંનો તો સિધ્ધાંત સાફ છે કે હરિ-ગુરૂ-વૈષ્ણવ સરખા જાણો. જો પુરૂષોત્તમ છે તો તમે પણ પુરૂષોત્તમ છો. જો તેઓ પૌંડ્રક વાસુદેવની જેમ ફૉલ્સ્ આઈડેન્ટિફિકેશન્ને કારણે પુરૂષોત્તમનો ક્લેઈમ્ કરી રહ્યા છે કેમકે ભીતરથી તેને ક્યાંક સૅન્સ્ ઑફ ઈન્ફિરિયારિટી કચોટી રહી છે તો બહારથી તે પોતાની જાતને પુરૂષોત્તમ સાથે આઈડેન્ટિફાય્ કરીને પોતાની જાતને ગ્લોરિફાય્ કરવા માગી રહ્યો છે.

હવે સામાન્ય વાત તમને બતાવું કે આપણા પુષ્ટિમાર્ગમાં આના કેવા-કેવા ઉધમ છે. 'અખંડ ભૂમંડલાચાર્ય' બહુ સારી વાત છે. ભલે કોઈ માનતો હોય કે નહીં પરંતુ આપણે તો એ દાવો કરી રહ્યા છીએ કે અમે અખંડ ભૂમંડલના આચાર્ય છીએ. તેના પછી કહે કે જગદ્ગુરૂ. અરે, અખંડ ભૂમંડલાચાર્ય હોવાથી જગદ્ગુરૂ કેવી રીતે થઈ ગયા? ગુરૂ તો

નીચેની સ્ટેટસ્ છે. આચાર્ય તો ગુરૂથી મોટા હોય છે. ખુદને જ પોતાની સ્ટેટસ્ ખબર નથી. તેના પછી કહે કે 'અનંત શ્રીવિભૂષિત'. મતલબ અમારી પાસે શ્રી પણ અનંત થઇ ગઇ, હવે તો કાંઇ બાકી ન રહ્યું ને! પરંતુ તેના પછી લખે 'ગોસ્વામી શ્રીમહારાજશ્રી'. અરે ભાઇ! અનંત શ્રી પછી પાછી આ બે વાર શ્રી ક્યાંથી આવી ગઇ, અનંતમાંથી બહાર નિકળીને! આપણા નામમાં આપણને સેલ્ફ-કૉન્ફિડેન્સ્ નથી, આના કારણે આ બધું લગાવવું પડે. આ બધું શું નાટક છે? સમજાય નહીં. પાછળ જે આ શીંગડા-પૂંછડાઓ લગાડી રહ્યો છો એ કોઇ સેન્સ્ નથી રાખતા. કેમકે જગદ્‌ગુરૂ છો તો અખંડ ભૂમંડલાચાર્ય નહીં થઇ શકો અને જો અખંડ ભૂમંડલાચાર્ય છો તો જગદ્‌ગુરૂ નહીં થઇ શકો. કોઇ પણ જજ્‌ને લખતા જોયો છે કે 'સુપ્રીમ્‌કોર્ટ-જજ્ એડવોકેટ્ મિસ્ટર્ સો એન્ડ્ સો' અરે, અરે, જો તમે સુપ્રીમ્‌કોર્ટના જજ્ હો તો આમાં કોઇ વિચારવા જેવી વાત જ નથી કે તમે એડવોકેટ્ તો હશો જ. ખરેખર આપણી બુદ્ધિ બેર મારી જાય આ બધું જોઇને. આપણે ત્યાં ઈગોના ડિસ્ટોર્શન્ આઇડેંટિફિકેશન્‌ની ક્રાઈસિસ્‌ની કેવી-કેવી પ્રૉબ્લેમ્ છે આ જુઓ.

## (આઈડેન્ટિફિકેશન્‌નો ઉપાય)

મહાપ્રભુજીના હિસાબથી આને ટ્રીટ્ કરવાનો પ્રકાર છે કે બધાને સમાન માનો. બધાને સમાન માનશો તો આ પ્રકારનો આઇડેન્ટિફિકેશન્‌નો રોગ જ નહીં થાય. વચંતા મતલબ આપણને આ આઈડેંટિફિકેશન્‌ની ક્રાઈસિસ્ થાય જ નહીં. આ ક્રાઈસિસ્ અહંતાને કારણે આવી રહી છે.

## ([૧૦]ઈન્ટ્રોજેક્શન્‌નું લક્ષણ)

આવીજ રીતે એક ઈગોનો ડિસ્ટોર્શન્ હોય 'ઈન્ટ્રોજેક્શન્'. આ શું છે? જેનાથી તમે હારી ગયા તેની તમે કૉપી કરવા લાગી જાવ, પોતાની હારને છુપાવવા માટે. જેણે તમને જીતી લીધા તેની તમે કૉપી કરો. તેને 'ઈન્ટ્રોજેક્શન્' કહેવામાં આવે છે. જે એક પ્રકારનો ઈગોનો ડિસ્ટૉર્શન્ છે.

## (ઈન્ટ્રોજેક્શન્નું ઉદાહરણ)

જેવીરીતે અંગ્રેજોથી આપણે હારી ગયા, એમને જીતી ન શક્યા તો બધી અંગ્રેજી કલ્ચર્ આપણે ગ્રહણ કરી લીધી. એક ફિલ્મી ગાયન હતું. ''ટાઈ લગાકે માના બન ગયે જનાબ હીરો. રહે પઢાઈ ઔર લિખાઈમેં તો ઝીરો-ઝીરો.'' આ એક ગાયન હતું. હવે અંગ્રેજ લોકો ટાઈ લગાવે તેની આપણે ત્યાં શું જરૂરત છે? પરંતુ બધા લોકો, ભલે ભણેલ હોય કે ન હોય પરંતુ ટાઈ જરૂર લગાડે. તો આ ઈન્ટ્રોજેક્શન્ છે કે તેઓ ટાઈ લગાડતા હતા અને આપણે તેનાથી હારી ગયા તો આપણે પણ ટાઈ લગાડવા લાગી ગયા. આપણા ક્લાઈમેટ્ના હિસાબથી આપણે ત્યાં ટાઈની અને મોજાની જરૂરત નથી. મોજામાં તો મરેલા ઉંદર જેવી કેટલી વાસ આવે! મોજા પહેરવાવાળો કોઈ આવે તો ખબર પડી જાય. તો જેનાથી આપણે હારી જઈએ તેની કૉપી કરીએ. આ 'ઈન્ટ્રોજેક્શન્' છે. તેને કારણે આપણે જાણ્યા સમજ્યા વગર બહુ સફર્ કરતા હોઈએ.

પુષ્ટિમાર્ગમાં પણ કાંઈક આ રીતનું જ થયું કે એક ફેઝ્માં આપણે ખૂબ જોર લગાવ્યું કે દરેક પુષ્ટિમાર્ગીય પોતાના ઘરમાં રહીને સેવા કરે. દરેક વૈષ્ણવ ભાગવતપારાયણ કરે. પરંતુ કોઈક રીતે આપણે મર્યાદામાર્ગથી હારી ગયા અને આપણે હવેલીઓ ખોલી લીધી, ભાગવતની કથાઓ શરૂ કરી દીધી. આ આપણો ઈન્ટ્રોજેક્ટરી ડિસ્ટોર્શન્ ઑફ ઈગો છે. કેમકે ગામથી આપણે હારી ગયા અને ગામની કૉપી આપણે કરવાની શરૂ કરી દીધી. આપણે ત્યાં હવેલીની પદ્ધતિ હતી નહીં પરંતુ કેમકે આપણે મર્યાદામાર્ગની સામે ટકી ન શક્યા એટલા માટે આપણે એની કૉપી કરવાનું શરૂ કરી દીધું. આપણે બહુ જોર લગાવ્યું કે દરેક વ્યક્તિ ભાગવત વાંચે પરંતુ જો આવું હોત તો સમજો પ્રૉબ્લેમ્ ક્યાં આવી કે જો કોઈ વ્યક્તિ ભાગવત ન કરી શકતો હોય તો તેને દીક્ષા ન આપો. જો દીક્ષા આપવી છે તો તેની પાછળ એટલો સમય લગાડો કે તે ભાગવત ભણે અને સેવા કરે. બંનેજ નથી કરવા. દીક્ષા પણ આપવી છે, ચેલા મૂંડવા છે અને તે ભાગવત ભણે એના લાયક પણ તેને નથી બનાવવો તો છેલ્લે શું થાય કે તે

બીજાની કથા સાંભળવા જાત અને તેથી શું થયું કે ગોસ્વામી બાલકો બધા ભાગવતકથા કરવા લાગી ગયા. ગોસ્વામી બાલકો આ કથક્કડ વ્યાસોથી હારી ગયા છે. તેઓ કથક્કડ વ્યાસોની કૉપી કરે (જોકે એક સૂતવૃત્તિ હતી, બ્રાહ્મણવૃત્તિ પણ ન હતી) તે આપણે એડૉપ્ટ્ કરી કેમકે આપણે ડિફિટેડ્ છીએ. આ કારણે જે જીતેલો છે તેની આપણે કૉપી કરી રહ્યા છીએ. આપણા ઈગોનો સાયકૉલૉજીના હિસાબથી ઈન્ટ્રોજેક્ટરી ડિસ્ટોર્શન્ છે. આ વાત આપણે સમજમાં આવે.

## (ઈન્ટ્રોજેક્શન્નો ઉપાય)

હવે આનો ઉપાય મહાપ્રભુજી બતાવી રહ્યા છે કે **"અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ"** (વિ.ધૈ.આ.૧૧) હારના આટલા શું રોદડા રોવો છો કે તમારે બીજાની કૉપી કરવી પડે! કેમ તમે તમારા કામને કરી નથી શકતા! પોતાની હાર સ્વીકારી લો. વિવેકધૈર્યાશ્રયમાં એ બધા પ્રૉબ્લેમ્સ્ મહાપ્રભુજીએ બતાવ્યા છે.

## ([૧૧]કૉમ્પેન્સેશન્નું લક્ષણ)

આગળનું 'કૉમ્પેન્સેશન્'. જ્યારે આપણે કન્વિંસ્ડ્ છીએ કે આપણો ઈગો સારી કૅલિબર્નો નથી તો તેને આપણે આર્ટિફિશિયલ્ ગ્લોરિફિકેશન્ પ્રોવાઇડ્ કરીએ.

## (કૉમ્પેન્સેશન્નું ઉદાહરણ)

આ મારી દરેક વખતની સમસ્યા છે કે રિસૅપ્શન્માં જાઉં, આશીર્વાદ આપી આવું. જ્યારે આશીર્વાદ આપ્યો ત્યારે તો ગોરી છોકરી હતી. પંદર વીસ દિવસ પછી તે આવીને પૂછે કે "ઓળખો છો". હું કહું કે "ન ઓળખ્યા". હવે ચહેરાની કલાઈ ઉતરી ગઈ કેવીરીતે ઓળખું. ગોરીને બદલે છોકરી કાળી થઈ જાય તો તેને ઓળખવી કેવીરીતે? હવે એ કહે કે "કેમ નથી ઓળખતા? તે દિવસે રિસેપ્શન્માં તો આશીર્વાદ આપ્યા હતા." અરે! પરંતુ તે દિવસે તો તું ગોરી હતી તો કેવીરીતે ઓળખું? આપણી ભીતર ક્યાંક ને ક્યાંક એક હીન ભાવના ભરાયેલી છે કે

કાળું દેખાવું ખરાબ વાત છે કેમકે અંગ્રેજ લોકો ગોરા હતા તો કમ-સે-કમ આપણે રિસેપ્સન્‌માં તો ગોરા લાગીએ તો કલાઈ લગાવીને ઉભા રહી જઈએ. તેમાં મારા જેવાને પરેશાની થઈ જાય. આપણે મનમાં ચિત્ર બનાવીને આવ્યા હોઈએ કે આપણે ગોરી છોકરીને આશીર્વાદ આપીને આવ્યા છીએ પરંતુ તે પાછી ભીતરથી કાળી નિકળે. પછી આપણા ગળે વધારામાં પડી જાય કે કેમ ઓળખતા નથી. સમજ જ ન પડે કાંઈ. તો આ પ્રકારનો આપણા ઈગોનો ડિસ્ટોર્શન્ થઈ ગયો છે. પુષ્ટિમાર્ગમાં પણ આપણો આ પ્રકારના ઈગોના ડિસ્ટોર્શન્ છે.

આનો ઉપાય મહાપ્રભુજીએ શું બતાવ્યો છે એ હું તમને પછી બતાવીશ.

## ([12]એક્ટિંગ્-આઉટ્નું લક્ષણ)

તેના પહેલા હું 'એક્ટિંગ્-આઉટ્ની બાબતમાં બતાવી દઉં. આ પણ ઈગોનો એક ડિસ્ટોર્શન્ છે. આપણા પુષ્ટિમાર્ગમાં જો સૌથી વધારે કોઈ પૉપ્યુલર્ ડિસ્ટોર્શન્ છે તો આ છે. આમાં શું થાય છે કે જ્યારે આપણે સમજી જઈએ કે આપણું સ્ટેન્ડ્ ખોટું છે તો આપણે શું કરીએ કે ''લો કરશું, આમજ કરશું. બોલો શું કરી લેશો.'' આ ફિનોમિનાને આપણે 'એક્ટિંગ્-આઉટ્' કહેવાય છે. ભીતરથી તમારી હિમ્મત તુટી ગયી છે અને તેને છુપાવવા માટે તમે એક્ટિંગ્-આઉટ્ કરી રહ્યા છો.

## (એક્ટિંગ્-આઉટ્નું ઉદાહરણ)

જેમ આપણે કહીએ કે ''છપ્પનભોગ ન કરો'' તો કહે કે ''કરશું છપ્પનભોગ. આ ગામમાં પેલા ગામમાં, બધી જગ્યાએ છપ્પનભોગ કરશું, બોલો શું કરી લેશો.'' આ 'એક્ટિંગ્-આઉટ્' છે. તમે છપ્પનભોગ એટલા માટે નથી કરી રહ્યા કે તમારે ઠાકોરજીને ધરવો છે પરંતુ એટલા માટે ધરી રહ્યો છો કે તમે આ વાતથી ડરી રહ્યો છો કે ક્યાંક લોકો એમ ન સમજી જાય કે છપ્પનભોગ આપણો સિદ્ધાંત ન હતો. તેના માટે તમે એક્ટિંગ્-આઉટ્ કરી રહ્યા છો. ઘરસેવાનો સિદ્ધાંત હતો તો જાણીજોઈને

એક ગામમાં ચાર-ચાર હવેલી ખોલશું, બોલો શું કરી લેશો. ખોલો હવેલી, અમે શું કરી શકીએ આમાં. તમે ખોલતા જાવ અને ટ્રસ્ટી એક-એક કરીને લેતા જશે. આમાં અમારે કરવાનું શું રહી જશે? કેમકે જે કરશે તે ટ્રસ્ટી જ તો કરશે. તો આપણે આ એક્ટિંગ્-આઉટ્ કરીએ છીએ કે જે વાત આપણને ગિલ્ટી ફીલ્ થઈ રહી છે, એ ગિલ્ટ્‌ને છુપાવવા માટે આપણે તેને વધારે લાઉડલી કરીએ. તો આજની તારીખમાં આ એક્ટિંગ્-આઉટ્‌રૂપી ડિસ્ટોર્શન્ આપણા પુષ્ટિમાર્ગના ઈગોમાં ભયંકરરૂપથી છે. આમાં દરેક વખતે આપણા મહાપ્રભુજી દ્વારા બતાવવામાં આવેલા ઉપાય આપણે સરખી રીતે સમજવા પડશે કે આપણે શા માટે આવા ખોટા કામ કરીએ કે જે આપણા સિદ્ધાંતની ફ્રેમમાં ન બેસતા હોય. શા માટે આપણે તેને એજ લિમિટમાં ન કરીએ કે આપણે આ હદ સુધી જવાની જરૂરત ન પડે.

આ અહમ્‌ની વિક્રિયાનો મેં તમને સાયકૉલૉજીકલ્ સર્વે કરાવ્યો. પુષ્ટિમાર્ગના રેફરેન્સ્‌માં એપ્લાઈડ્ સર્વે કરાવ્યો. જેમ મેં પહેલાં બતાવ્યું હતું કે સાયકૉલૉજીમાં આના બીજા ઘણાબધા ઉદાહરણ છે. તેના ઘણાબધા ઉપાય પણ સાયકૉથેરેપીમાં બતાવવામાં આવ્યા છે. પરંતુ તેમાં આપણે જવાનું નથી. આપણે કેવળ એ ફ્રેમ જોવાની છે કે આપણા સિદ્ધાંતને સરખીરીતે પાલન ન કરવાને કારણે ક્યાં આપણે સફર્ કરી રહ્યા છીએ!

### (મહાપ્રભુજીના દ્વારા ઉપદિષ્ટ 'અહંકાર'ને સ્વસ્થ રાખવાનો ઉપાય)

હવે ટૅક્સ્ટ્ ઉપર આપણે આવીએ જેમાં મહાપ્રભુજીએ આના ઉપાયના અંતર્ગત આજ્ઞા કરી કે **''યથા-યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે, તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે''** (ત.દી.નિ.૨/૨૪૦) હરિ જેમ-જેમ તમારા મનમાં નિવિષ્ટ થશે તેમ-તેમ સાધનમાં તમારી નિષ્ઠા વધશે. શ્રીપુરૂષોત્તમજી અહીં એક બહુ સરસ શંકા ઉભી કરી રહ્યા છે કે **''નનુ ઈદમપિ ન યુક્તં''** કેમકે **''શ્રવણાદિકર્તૃણામપિ હૃદિ ઈદાનીં પ્રાયઃ ભગવન્નિવેશો ન**

**અનુભૂયતે.''** (આ.ભં.૨/૨૪૦) જે પ્રકારથી સાધનમાં પરિનિષ્ઠા ડૅવલપ્ કરી રહ્યા છીએ તેના પછી પણ હૃદયમાં ભગવાનનો આવેશ તો દેખાઈ નથી રહ્યો. તો મહાપ્રભુજીના ઉપદેશની વૅલિડિટી કેટલી? જ્યારે આ પ્રશ્ન ઉભો થયો તો મહાપ્રભુજી બીજી વાત કહી રહ્યા છે કે આ વાત તો બરાબર છે કે જેમ-જેમ કૃષ્ણ તમારા મનમાં આવિષ્ટ થશે તેમ-તેમ તમારી સાધનમાં નિષ્ઠા તો વધશે અને જેમ-જેમ તમારી સાધનમાં પરિનિષ્ઠા વધશે તેમ-તેમ કૃષ્ણ તમારા મનમાં આવિષ્ટ થશે. પરંતુ તેની શરત છે કે તમને આશ્રય કૃષ્ણનો હોવો જોઈએ. આશ્રય સાધનોનો નહીં, તો આ સાધનોના આવર્તનથી તમારી કૃષ્ણમાં નિષ્ઠા વધશે. જો તમે સાધનાભિમાનથી આ સાધન કર્યા તો આ જે ડિસ્ટોર્ડ્ અહંકાર છે એમાંથી તમે કોઈકના શિકાર બની જશો. આ વાત પુરૂષોત્તમજી અહીં કહી રહ્યા છે. આ કેટલી ગહન સાયકૉલૉજીના રૅફરન્સ્માં કહી રહ્યા છે. જો આપણે આ સાયકૉલૉજી ભણીએ તો જ સમજમાં આવશે.

એ જ સાધનાની પરિનિષ્ઠા કૃષ્ણનિષ્ઠાથી પણ થઈ શકે અને એ જ સાધના-નિષ્ઠા અહંનિષ્ઠાથી પણ થઈ શકે. તો અહંનિષ્ઠ થઈને જે વખતે તમે આવર્તન કરશો તે વખતે કૃષ્ણ તમારા હૃદયમાં પ્રવિષ્ટ થશે આની ગૅરંટી નથી. તમે તમારા અહંકારને જ બૂસ્ટ્ કરતા હશો. પોતાના અહંને બદલે કૃષ્ણમાં નિષ્ઠા રાખીને સાધનોનું આવર્તન કરશો તો કૃષ્ણ તમારા હૃદયમાં આવિષ્ટ થશે, આ આ વાત મહાપ્રભુજી અહીં કહી રહ્યા છે કે **''કૃષ્ણે સર્વાત્મકે''**

'સર્વાત્મક'નો પ્રયોગ મહાપ્રભુજીએ બહુ બુદ્ધિમાનીથી કર્યો છે. કેમકે જેમ પહેલાં મેં તમને બતાવી દીધું હતું કે મુંબઈમાં રહેવાવાળાને મુંબઈમાં રહેવાનો અહંકાર જ નથી થઈ શક્તો પરંતુ જ્યારે તે ગામડામાં જશે ત્યારે ''અમે તો મુંબઈના રહેનારા છીએ''. આ પ્રકારથી જ કૃષ્ણની સામે તમે અહંકાર કરશો તો તે શું માયના રાખે છે. મુંબઈમાં રહેવાવાળાની સામે બીજો મુંબઈમાં રહેવાવાળો મુંબઈમાં રહેવાનો અહંકાર કરે તો તેનો માયના શું? તેની કોઈ કિંમત જ નથી. એક વખત આ કૃષ્ણના સર્વાત્મક

હોવાનું તથ્ય તમે રિયલાઈજ્ કરો તો તમને અહંકારની આવશ્યકતા અને પ્રોજેક્શન્ની જરૂરત જ નહીં રહી જાય કેમકે કૃષ્ણની સર્વાત્મકતા તમને આ રહસ્ય સમજાવી દેશે કે આ અહંકારની કોઈ કિંમત નથી.

*"જાન દી ઉસને જો ઉસને બખ્શી થી, હક તો યે હૈ કે હક અદા ન હુઆ."* પોતાની મેળે અહંકાર ડાયલ્યુટ્ થઈ જશે. આ વાતને 'સર્વાત્મકતા' સમજાવવા માટે કહી છે. આ કૃષ્ણની સર્વાત્મકતાની અવેયરનેસ્ની સાથે તમે કૃષ્ણમાં દીનભાવના કરો. વ્યર્થમાં ખુદને પ.ભ. અને પૂ.પા. દેખાડવા માટે દીનભાવના ન કરો. **"અહંકારં ન કુર્વીત"** કૃષ્ણની સામે પોતાના કોઈ સાધનનો અહંકાર ન કરો. તો પોતાની મેળે તમારી બધી તકલીફો દૂર થઈ જશે. **"મનસિ સ્વસ્ય દીનતા ભાવનીયા. સર્વાધિષ્ઠાનેષુ સર્વલોકેષુ ચ યત્ર-યત્ર ભગવદ્બુદ્ધિઃ ભવતિ બુદ્ધિશ્ચ કર્તવ્યા"** (ત.દી.નિ.૨/૨૪૨) બુદ્ધિ એવી કરો કે જ્યાં જ્યાં તમે કૃષ્ણને કૃષ્ણની જેમ જોઈ શકતા હો, ત્યાં-ત્યાં કૃષ્ણબુદ્ધિ કરવાનો પ્રયાસ કરો કે જેથી તેની સર્વાત્મકતા તમારી સામે ખુલવા માંડે. જેમ કલી ખિલીને ફૂલ બને છે, શરૂઆતમાં તો તે કલી જ હોય છે પરંતુ જ્યારે ખિલે તો તેની દરેક પાંખડી ખિલી જાય છે. તો આવીરીતે તમે જ્યાં કરી શકતા હો કૃષ્ણભાવના; એવું પણ નથી કે મોરના બચ્ચા આવી ગયા તો કૃષ્ણની ભાવના કરી રહ્યા છીએ, પ્લાસ્ટર્ ઑફ્ પૅરિસ્ના રાધા-કૃષ્ણ આવી ગયા તો કૃષ્ણભાવના કરી રહ્યા છીએ!!! પરંતુ એવી જગ્યાએ કે જ્યાં તમે તમારા ભજનનો સંબંધ મેનટેઈન્ કરી શકતા હો, ત્યાં પહેલા નિભાવવાનું શરૂ કરો અને ધીરે-ધીરે તેને પાંખડીની માફક ખિલવા દો, પાંખડીને ફૂલ બનવા દો, પોતાની મેળે અહંકાર ડાયલ્યુટ્ થઈ જશે. અને આ પ્રોસેસ્માં **"અન્યકર્તૃકાપમાનેડપિ ન અહંકારં કુર્યાદ્"** (ત્યાંજ) કોઈ બીજો તમારૂં ઈન્સલ્ટ્ કરતો પણ હોય તો એમ ન વિચારો કે તેણે તમારૂં અપમાન કર્યું છે. એમ વિચારો કે જેમ સરમદે વિચાર્યું કે "તું મારા પ્રેમની પરીક્ષા લઈ રહ્યો છે તો ચાલ હું પરીક્ષા દેવામાટે તૈયાર છું" કેમકે કૃષ્ણની સર્વાત્મકતાનો કન્સૅપ્ટ્ જો તમારે ડૅવલપ્ કરવો છે તો આ કન્સૅપ્ટ્ તમને

બાધક થશે કે "અમે કૃષ્ણભક્તિ કરવા જઇ રહ્યા હતા અને ફલાણાએ અમારૂં ઈન્સલ્ટ્ કરી નાખ્યું." અરે શેનું ઈન્સલ્ટ્. જ્યારે તમે સર્વાત્મક કૃષ્ણની ભાવના કરવા જઇ રહ્યા છો તો તેમાં કોણ તમારૂં ઈન્સલ્ટ્ કરી શકે. કરી શકે તો કૃષ્ણ ખુદ કરી શકે છે બીજું કોઈ કરી જ ન શકે. તો એટલા માટે **"અન્યકર્તૃકાપમાનેઽપિ ન અહંકારં કુર્યાદ્"** કેમકે **"ભગવતઃ સકાશાદ્ માનાપેક્ષાં ચ વર્જયેત્."** (ત્યાંજ) ભગવાન પાસે તમે ભજનના બદલામાં માનની અપેક્ષા રાખશો તો તમારો અહંકારનો ઈશ્યુ પ્રબલ થશે. ભજન કોઈ માન મેળવવા માટે નહીં પરંતુ ભજન કરવા માટે ભજન કરી રહ્યા છો, અન્મોટિવેટેડ્ ભજન કરી રહ્યા છો. ભગવાનથી જ્યારે તમારે માન નથી જોઈતું તો તમારૂં કોઇ અપમાન કરે તો તમારો ઈગો હર્ટ્ જ નહીં થાય. આ વાત મહાપ્રભુજીએ સમજાવી.

**"એતદ્સિદ્ધ્યર્થમ્ ઉપાયમ્ આહ"** (ત.દી.નિ.પ્ર.૨/૨૪૨) હવે આનું થર્મામીટર્ મહાપ્રભુજી બતાવી રહ્યા છે કે ભજનસિદ્ધિને માટે જો તમે ભગવાનની સર્વાત્મકતાનું ભાવન કરી રહ્યા છો તો તેનો ટચ્-સ્ટોન્ શું? **"સર્વથા તદ્ગુણાલાપમ્"** ભગવાનના ગુણોને હંમેશા ગ્લોરિફાય્ કરો. બીજાના ગુણોને નહીં. **"નામોચ્ચારણમેવ વા"** જો ભગવાનના ગુણોને ગ્લોરિફાય્ ન કરી શકતા હો તો એમનો નામોચ્ચાર કરો. **"સભાયામપિ કુર્વીત"** ભરી સભામાં કરો, જ્યાં પણ ગ્લોરિફાય્ કરી શકતા હો નિર્ભય અને નિઃસ્પૃહ થઈને કરો. આટલા માટે જ મેં બતાવ્યું હતું કે આપણા ઈગોની પહેલી ડિસ્ટોર્શન્; શ્રીગણેશાય નમઃ, ભય અને લાલચથી થાય છે. ભગવન્નામને લેવામાં અથવા ડિક્લેયર્ કરવામાં કોઈ પ્રકારનો ભય કે લાલચ પોતાના મનમાં ન હોવી જોઈએ. દુનિયાની વાતોમાં કોઈ ભય કે લાલચ રાખવા હોય તો રાખો. તેમાં આટલી ચિંતાની વાત નથી પરંતુ જે ભગવન્નામના આધારે તમે ભગવાનની સર્વાત્મકતા સમજવા જઈ રહ્યા છો તે ભગવન્નામના પ્રોક્લેમેશન્માં ભય અને અપેક્ષાનો ભાવ ન હોવો જોઈએ. આટલો પ્રોગ્રામ્ જો તમે અપનાવી શકો તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"સર્વથા**

**સર્વત્ર ભગવદ્ઉત્કર્ષવર્ણને પૂર્વોક્તં સિદ્ધ્યતિ''** (ત.દી.નિ.પ્ર.૨/૨૪૨) તો તમને નિશ્ચિત એ કૃષ્ણનો આવેશ આ સાધનાથી પોતાના હૃદયમાં અનુભૂત થશે.

આ પ્રોસેસ્ જો અપનાવશો, સ્વસ્થ અહમ્‌ની પ્રક્રિયાથી જ્યારે સાધનાચરણ કરશો તો તમારી ભીતર કૃષ્ણનો આવેશ થશે. એજ સાધનાચરણ જ્યારે અસ્વસ્થ મનની સાથે કરશો તો એજ તમને લઈ ડૂબશે. સિદ્ધાંતમુક્તાવલીમાં શ્રીઆચાર્યચરણે જે વાતની આજ્ઞા કરી કે **''ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ, અન્યથાભાવમાપન્નઃ તસ્માત્ સ્થાનાત્ ચ નશ્યતિ''** (સિ.મુ.૨૦) ભક્તિભાવ નથી તો ખોટી ઈમ્પ્રેશન્‌માં ન રહેતા કે ભગવત્સેવા તમારો ઉદ્ધાર કરશે. ભક્તિભાવ વગરની સેવા તમારા વિનાશનું કારણ બનશે. આ સિદ્ધાંત આપણને મહાપ્રભુજી સમજાવવા માગી રહ્યા છે. નિર્ભય અને નિસ્પૃહ થઈને જ્યારે તમે ભગવત્સેવા કરશો તો નિશ્ચિત જ આ સાધનની પરિનિષ્ઠાથી તમારા હૃદયમાં કૃષ્ણનો આવેશ વધશે.

એક સંક્ષેપમાં વાત બતાવવા માગું છું કે ભગવાને ગીતામાં આજ્ઞા કરી છે કે **''સમો અહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ, યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચ અપિ અહમ્.''** (ભગ.ગીતા.૯/૨૯) ક્યારેય આપણા મહાપ્રભુજીને આ વાત કહેવી હોત તો કેવીરીતે કહેત? એટલા માટે મેં આ શ્લોકની આપણા મહાપ્રભુજીના સિદ્ધાંતના હિસાબથી એક પૅરોડી બનાવી. મહાપ્રભુજીના મુખારવિંદથી આપણે જો આ વાત સાંભળવી હોય તો તેઓ કેવીરીતે કહેત? **''સમો અહં પુષ્ટિજીવેષુ ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ કૃષ્ણં ભજન્તિ યે ભક્ત્યા મયિ તે તેષુ ચાપિ અહમ્.''** પુષ્ટિજીવ જેટલા પણ છે એમાં ન હું કોઈનો દ્વેષી છું, ન મને કોઈ પ્રિય છે. જે મારા ઉપદેશના અનુસાર કૃષ્ણભજન કરી રહ્યો છે તો મહાપ્રભુજી આ આજ્ઞા કરત. **''સમોહં પુષ્ટિજીવેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ, કૃષ્ણં ભજન્તિ યે ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્.''** આટલા માટે જે પણ કાંઈ આપણે અહંકારની વિવેચના કરી, એ સાચી

હતી કે ખોટી કરી એ તો મહાપ્રભુજી જાણે. પરંતુ જેવી આવડી એવી કરી, મહાપ્રભુજી આનો સ્વીકાર કરે. આને આપશ્રીના ચરણારવિંદમાં સમર્પિત કરવાના પહેલાં આપણે આશ્રયનું પદ ગાઈશું.

**રોમ રોમ રસ ઝલકે શ્રીવલ્લભ**
**રોમ રોમ રસ ઝલકે ।**
**ભરે સમુદ્ર અનેકન રસકે**
**કૃપા લહર ઉર હલકે ।।૧।।**

**જે જે જા રસકે અધિકારી,**
**ભરત સમ્હારે ન છલકે ।**
**રામદાસ પદકમલ મહારસ**
**ચાખનકો જીય લલકે ।।૨।।**

**દઢ ઈન ચરણન કેરો ભરોસો ।**
**શ્રીવલ્લભનખચંદ્રછટા બિન, સબ જગ માંઝ અંધેરો ।।૧।।**
**સાધન ઔર નહીં યા કલિમેં, જાસોં હોત નિવેરો ।**
**'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો, બિના મોલકો ચેરો ।।૨।।**

# પરિશિષ્ટ

## ''પુષ્ટિ અસ્મિતા''

### (ગાન)

અમે એવા રે અમે એવા રે વળી તમે જે કાંઈ કહો તેવા રે
નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા
અમને બહિર્મુખ કહો છો તો તેવા રે,
અમે એવા રે અમે એવા રે
વળી બીજું જે કાંઈ કહો તેવા રે. (૧)

મેવા મેળવવા પ્રભુને નથી સેવતા
મેવાથી કરવી પ્રભુ સેવા રે
અમે એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૨)

વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને
કૃષ્ણવિક્રયના ધન નથી લેવા રે,
નથી લેવા રે નથી લેવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૩)

લક્ષ્મીના નાથના નામે ભીખ માંગી
નથી કરવા મનોરથો એવા રે,
અમને એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૪)

દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા
જેઓ લેતા હોય તે વૈષ્ણવો કેવા રે!
તેઓ કેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૫)

ભાગવતથી ભંડોળ ભેગું કરવા
વડીલો તો નથી ધુંધુકારી જેવા રે,
તેઓ કેવા રે તમે કેવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૬)
નાણાકીય ભાવો બાંધ્યા સેવા સામગ્રીના
પુષ્ટિપ્રભુને નથી ત્યાં લેવા દેવા રે,
લેવા દેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે.(૭)
ગૂઢ રસભાવરૂપ ઘરમાં જ સેવ્ય (પ્રભુ)
નથી જાહેર કરવા જેવા રે,
તે તો એવા રે, તે તો એવા રે,
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૮)
પોતાના તનથી ને પોતાના ધનથી
ઘરમાં કરવી છે કૃષ્ણસેવા રે,
કૃષ્ણસેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે.(૯)
વલ્લભની વાણી પુષ્ટિજીવો કેમ વિસરે
અમને પડ્યા નથી એવા કાંઈ હેવા રે,
જેવા તેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે. (૧૦)
''એક પુષ્ટિમાર્ગી''

## ❁ (પુષ્ટિ–અસ્મિતાના પ્રતિવર્ષીય લેખાજોખા) ❁

### (શું પુષ્ટિ–અસ્મિતાનું ગીત અહંકારનું ગીત છે?)

ઘણા લોકો વિચારે છે કે અસ્મિતા ''અવિદ્યા અસ્મિતા રાગ દ્વેષ અને અભિનિવેશ રૂપા ચિત્તવૃત્તિ ક્લેશવાળી છે.'' અસ્મિતા તો રાખવી જ ન જોઈએ. 'પુષ્ટિ' હોવી જોઈએ પરંતુ પુષ્ટિની અસ્મિતા નહીં. અને એટલા માટે આ પુષ્ટિઅસ્મિતાના ગીતમાં હું મારો અહંકાર જ પ્રગટ કરી રહ્યો છું.

આવો! આજે આપણે બધા મળીને કહીએ કે અમે હવે મહાપ્રભુના સિદ્ધાંતને પૂરી નિષ્ઠાથી નિભાવશું અને જીવશું, તો આપણા બધાનો અહંકાર ખતમ થઈ જશે! જો નિષ્ઠા બધા નિભાવતા હોય તો કોઈના ભીતર અહંકાર શા માટે અને કેવીરીતે હોઈ શકશે? મુંબઈમાં રહેવાવાળાને ક્યારેય મુંબઈમાં રહેવાનો અહંકાર હોઈ ન શકે. એવીરીતે સિદ્ધાંત બધા પાળતા હશે તો ''અમે એવા રે!'' સિદ્ધાંતના ગાનમાં અહંકાર નભી નહીં શકે, આ રહસ્ય આપણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ.

આપણને આ રહસ્ય શા માટે સમજમાં ન આવ્યું તેનું એક સામાન્ય કારણ તમને બતાવું. સંપ્રદાયના અનુયાયીઓની જીવનપ્રણાલી અને સંપ્રદાયના નેતાઓની પ્રચારપ્રણાલી આજની તારીખમાં એવી થઈ ગઈ છે કે પુષ્ટિમાર્ગીય આદર્શનું અનુસરણ કરવા ઈચ્છનારને માટે પણ પુષ્ટિમાર્ગને જીવવા માટે કોઈ સિદ્ધાંતસંમત પ્રેરક તત્ત્વ રહી નથી ગયું. સિદ્ધાંતની ફ્રેમવર્ક્માં બેસી શકે એવું કોઈ પ્રેરક તત્ત્વ જીવનમાં આપણી આસપાસ જોવામાં નથી આવતું. તેના કારણે બધી પ્રૉબ્લેમ્ છે.

હમણાં એક છોકરી કેનેડાથી આવી. તેણે પોતાની ડૉક્ટરેટ્ની થિસિસ્ને માટે આ વિષય લીધો છે કે પુષ્ટિમાર્ગમાં પુરૂષો આ માર્ગને એટલો નથી જીવી રહ્યા, જેટલી સ્ત્રીઓ જીવી રહી છે. બધાના ઈન્ટર્વ્યૂ લઈ–લઈને પૂછે કે તમારા ઘરમાં પુરૂષની પ્રધાનતા છે કે સ્ત્રીની પ્રધાનતા છે? ઘરના ઠાકોરજીની સેવા પુરૂષ કરે છે કે સ્ત્રીઓ કરે? આમ બધા પુરૂષોની વિકેટ્ ડાઉન્ થઈ જાય તેના સવાલની આગળ; અને, સ્ત્રીઓ જ

આગળ આવી શકે. આનાથી પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓની જ પ્રમુખતા પ્રકટ લાગે છે. પુરૂષાર્થી કોઇ પુરૂષ પુષ્ટિમાર્ગમાં નિષ્ઠાવાળા નથી. આવી તો કેટલીય ભ્રમણાઓ છે. આથી મેં પણ એક આવી જ રીતે એક શગૂફા તેની સામે છોડી દીધો કે " તું સમજી રહી છો કે પુષ્ટિમાર્ગમાં હવેલી પબ્લીક્ ટેમ્પલ્ છે. તો એ હવેલીઓમાં તો કોઇ સ્ત્રીનો કોઇ અધિકાર નથી". હવે રિવોલ્ટ્ કરનારી બેટીજીઓએ અધિકાર લેવા શરૂ કરી દીધા છે દાદાગીરીથી. બાકી ચાલુ ખાતાની જેટલી હવેલી છે, તેમાં બેટીજીનો કોઇ અધિકાર નથી. પ્રાયઃ મુખિયા ભીતરિયા જ હોય. કોઇ મુખિયાણી તો ગામડામાં સેવા કરતી હોય તો કરતી હશે. બાકી મંદિરના બધા સેટ્-અપ્માં પુરૂષ જ પુરૂષ છે.

આ તો વિઠ્ઠલદાસ બાપોદરાનું ભલું થાય કે તેમણે પુષ્ટિમાર્ગીય સ્ત્રિઓને કીર્તન ગવડાવવાનું શરૂ કરી દીધું. આથી બધી સ્ત્રીઓ કીર્તન ગાવા લાગી ગઇ. નહીંતર થોડાક વરસ પહેલાં કીર્તનિયા કોણ હતા? બધા પુરૂષ હતા, સ્ત્રિઓ ન હતી. હવેલીનો સેટ્-અપ્ તો પુરૂષપ્રધાન જ છે. હવે રહી વાત ઘરની, તો ઘરમાં ગૃહિણી મુખ્ય નહીં હોય તો બીજું કોણ હોઇ શકે? આથી ઘરમાં ઠાકોરજી અને બાળકની જેમ પતિને પણ તે સંભાળે છે. જ્યારે વિવાહના ફેરા ફરે તે વખતે સ્ત્રી પુરૂષની સામે આ શરત રાખતી હોય છે કે તારા ધર્મ, તારા અર્થ, તારા કામમાં મારો ૫૦% શેર રહેશે. હું કાંઇ પણ નહીં કરૂં. તું જે ધર્મ કરે તેમાં ૫૦%મારો શેર. જેમ બિઝનેસ્માં સ્લીપિંગ્ પાર્ટનર્ હોય, તેવીરીતે દરેક સ્ત્રી આપણે ત્યાં ધર્મમાં સ્લીપિંગ્ પાર્ટનર્ થાય છે. આપણા અર્થમાં સ્લીપિંગ્ પાર્ટનર્ થાય, આપણા કામમાં સ્લીપિંગ્ પાર્ટનર્.

ખેર, હવે તો જમાનો બદલાઇ ગયો કે પુરૂષ કાંઇ કરે જ નહીં. પુરૂષ ધર્મ ન કરે તો સ્ત્રી ન કરે તો કરે શું? તો આખો રિવર્સલ્ ઑફ્ ઑર્ડર્ થઇ ગયો. પુરૂષ ફેરા ફરતી વખતે આ વચન આપતો હતો કે ઑલરાઇટ્ તારી શરત મને મંજુર છે, તું ધર્મ અર્થ કામમાં અર્ધાંગિની થશે. તું મારી અને પરિવારની જવાબદારી નિભાવીશ. શાદીમાં સિચ્યુએશન્ કેવી હોય,

છોકરાનો હાથ નીચે હોય છોકરીનો હાથ તેના ઉપર હોય. તેનો ભાઈ સૂપડાથી જવ-તલ નાખે. ભાઈ અને પતિ કન્ફર્મ કરે છે. આ બંનેની વચ્ચે પત્ની પણ કન્ફર્મ કરે છે કે આ ટર્મ્સ્ એગ્રીમેન્ટ્માં આપણે બંને અર્ધાંગ અને અર્ધાંગિની થવા જઈ રહ્યા છીએ. અને એ અગ્નિદેવતાની સાક્ષીમાં આ સપથ લેવામાં આવતી હતી. ધર્મની પ્રણાલી જે રીતની હતી તેમાં સ્ત્રી અર્ધાંગિની હતી, ધર્મ-અર્થ-કામમાં સ્લીપિંગ્ પાર્ટનર્ હતી. પરંતુ મૉડર્ન સોસાયટીમાં ડિવિજન્ ઑફ્ લેબર્ થઈ ગયો તેના કારણે અર્થ પુરૂષાર્થ સ્ત્રીઓ કરવા લાગી ગઈ. આ સિચ્યુએશન્માં આપણને ખબર ન પડે કે આપણા ઑરિજિનલ્ કન્સેપ્ટ્ શું હતા! કેવા પ્રકારથી આપણે ધર્માર્થિકામને જીવતા હતા! કેવીરીતે આપણે ભક્તિને જીવતા હતા. આ મૉડર્ન્ સ્ટાઈલ્માં બધું મિસ્-મૅચ્ થતું જાય છે.

એ મિસ્મૅચ્ થવાને કારણે આ સ્ટાઈલ્માં સૌથી મોટી નર્વસ્ સિન્ડ્રોમ્ અમારા ગુસાંઈઓમાં પેદા થઈ. હવે અમે એમ વિચારીએ છીએ કે જે તમે વૈષ્ણવોને સારૂં લાગે તે અમે બતાવીએ તો અમારા દાણા-પાણીનો જુગાડ બેસશે, નહીંતર અમે ભૂખે મરી જઈશું, સમાજમાં અમે ટકી નહીં શકીએ. જનતા અમને ફેંકી દેશે તો અમે જઈશું ક્યાં? એ તકલીફને કારણે જે પણ પબ્લિક્ને સારૂં લાગે છે એવો સિદ્ધાંત બતાવવો. જે મહાપ્રભુજીને સારો લાગે છે એ સિદ્ધાંત કહેવામાં ન તો અમારી ભીતર ઈન્ટેલૅક્ચ્યુઅલ્ ગટ્સ્ છે ન અમારી ભીતર મૉરલ્ કરેજ્ છે; અને ન પુષ્ટિસંપ્રદાયના પ્રત્યે અમારા ગુસાંઈઓમાં એવો સ્ટ્રોંગ્ કમિટમેન્ટ્ પણ હવે બચ્યો છે.

પુષ્ટિ-અસ્મિતાનું અકાઉન્ટ્ ઑડિટ્ કરવું હોય તો આ પહેલુ છે. તેને કેવીરીતે સંભાળવો એ જબરદસ્ત પ્રૉબ્લેમ્ ઉભી થઈ ગઈ છે. આ ચર્ચા આરોપ લગાવીને પણ થઈ શકે છે અને શાંતિથી પણ બધા પ્રકારથી થઈ શકે છે. પરંતુ આજની તારીખમાં દરેક પુષ્ટિમાર્ગીયને પોતાના પરિવારમાં, પોતાના સમાજમાં, પોતાના સંપ્રદાયમાં આ ઈશ્યુને ગંભીરતાથી લેવાની આવશ્યકતા છે, જો આપણે એજ્ એ પુષ્ટિમાર્ગી સર્વાઈવ્ કરવો છે તો. નહીંતર આપણે સર્વાઈવ્ ન કરી શકીએ, આ

બૉજિક્ ઇશ્યુ છે. કેમકે જે પ્રકારની લાઇફ્-સ્ટાઇલ્ થતી જાય છે તેમાં પબ્લિક્ને જે અપેક્ષા છે તે અપેક્ષાને પૂરી કરવા માટે સિદ્ધાંતને છોડવો પડી રહ્યો છે.

એ કેનેડિયન્ છોકરીએ મને પરમદિવસે ફોનમાં બતાવ્યું કે ‘‘ગોસ્વામી એવરીબડી નોજ્ યુ વેરી વેલ્ બટ્ નો બડિ એગ્રીસ્ વિથ્ યુ’’ મેં કહ્યું ‘‘અમે એવા રે!’’ આ તકલીફ થાય; કે ફેક્ટ્ હોય, કે ફેક્ટ્ને એપ્રીશિએટ્ કરવો છે તો એપ્રીશિએટ્ કરો, એક્સેપ્ટ્ કરવો હોય તો એક્સેપ્ટ્ કરો. કન્ફેસ્ કરવો છે તો કન્ફેસ્ કરો. એવરીબડિ નોજ્ વોટ્ મહાપ્રભુ એક્સપેક્ટ્સ્ ફ્રૉમ્ અસ્ બટ્ નો બડિ એગ્રીસ્ વિથ્ વ્હૉટ્ મહાપ્રભુ આસ્કસ્ અસ્ ટુ ફોલો.

હમણાં એક બાલકે બહુ સારી વાત કહી ‘‘શ્યામમનોહરજી કહે એ વાત બધી સાચી છે, સિદ્ધાંત પણ બધા સાચા પરંતુ અમે શા માટે માનીએ વાત એમની? અમે શું એમના ગુલામ છીએ? અમે તો પુષ્ટિમાર્ગમાં પ્રિન્સ્ ઑફ્ વેલ્સ્ છીએ’’. અરે! રાજાઓના રાજ રહ્યા નહીં અને અમે ઓચિંતાના પ્રિન્સ્ ઑફ્ વેલ્સ્ કેવીરીતે થઇ ગયા? આ શું લફ઼ડું થઇ ગયું છે? કોઇ વાપીનરેશ બની રહ્યા છે, તો કોઇ કાંઇક પાપીનરેશ. ભાઇ તમે નરેશ થઇ કેવીરીતે ગયા? આપણા દેશમાં નાના-નાના રાજ્ય તો બધા અબૉલિશ્ થઇ ગયા. ભારત એક અખંડરાજ્ય બની ગયું. તો તમે નરેશ થયા ક્યાંથી? કોઇ કહે કે અમારા ગામના અમે યુવરાજ ધર્માચાર્ય છીએ. આ બધી વાતોનો નિર્ણય કેવીરીતે કરવો? આપણી પાસે કોઇ ને કોઇ કૉન્સ્ટિટ્યુશન્ તો હોવો જોઇએ. તેના આધારે આપણે ડિસાઇડ્ કરી શકીએ.

આજની તમારી પર્સનલ્ લાઇફસ્ટાઇલ્ અને અમારી પ્રચારની સ્ટાઇલ્ આવી થઇ ગઇ છે. તે એક-બીજાને બરાબર અનુરૂપ થઇ ગઇ છે. પરંતુ આપણે બંને મહાપ્રભુના સિદ્ધાંતોના અનુરૂપ નથી રહી ગયા. આ પ્રોબ્લેમ્નું શું સોલ્યુશન્ છે? તે આપણે વિચારવું પડશે આ મુખ્ય વિષય છે.

એક મજાકિયા વાત બતાવું. જે ઘરડા લોકો હશે એમને આ

રહસ્યની ખબર હશે. ૧૭૫૬ ૧૮૫૬ કે ૧૯૫૬માં એક બહુ મોટો અકાલ પડ્યો હતો એમ કહેવામાં આવે છે 'છપ્પનિયો દુકાળ'. કદાચ ૧૯૫૬માં પડ્યો હશે. તે અકાલમાં હિન્દુસ્તાનના ઘણા લોકો ભૂખના માર્યા, અનાજના દાણા-દાણા માટે રીબાઈ-રીબાઈને મરી ગયા હતા. અને ભગવાન્ ગીતામાં મજેદાર આજ્ઞા કરે છે **"યં-યં વાપિ સ્મરન્ ભાવં ત્યજતિ અન્તે કલેવરં તં-તમેવ એતિ કૌન્તેય સદા તદ્‌ભાવભાવિતઃ"** (ભગ.ગીતા.૮/૬) મરતી વખતે જે વસ્તુનું ધ્યાન આપણા મનમાં રહી જાય (તેવું સ્વરૂપ આપણને હંમેશા પ્રાપ્ત થાય). તો જે ભૂખથી રિબાઈ રહ્યા હતા, એ બિચારાના મનમાં ધ્યાન શું હશે? મોહનથાળનું મઠડીનું બુંદીનું... બધાના મનમાં એજ તડપ હતી. આમ છપ્પનિયા દુકાળમાં બિચારા મરી ગયા ત્યારે "અન્તે યા મતિ સા ગતિઃ" જે અન્તમાં મતિ હતી તે ગતિ થઈ.

એ બધા પુષ્ટિમાર્ગમાં જન્મી ગયા! કેમકે ચિત્રગુપ્તને આ રહસ્યની ખબર હતી કે જો એમને જૈનમાં મોકલશું તો બીજી વખત પર્યુષણ કરી-કરીને મરવું પડશે. તેથી જૈનસંપ્રદાયમાં ન મોકલ્યા. મુસલમાનમાં જાય તો ત્યાં નમાજ બક્ષાવવા જાય તો રોજા ગળે પડી જાય. શૈવિજમ્‌માં ખાલી પાણી શિવલિંગ ઉપર ટપકતું રહે કાંઈ મજેદાર ભોગ આવે નહીં. ક્રિશ્ચિયનમાં મોકલે તો ચર્ચમાઉસ્ બધાથી નબળો માનવામાં આવે છે. ચર્ચમાં ખાવાનું મળે નહીં ખાલી પ્રેયર્ જ પ્રેયર્ થાય! તેથી છપ્પનિયા દુકાળમાં મરનારા બધાને ચિત્રગુપ્તે પુષ્ટિમાર્ગમાં મોકલી દીધા.

નિરંતર બધા તડપી રહ્યા છે "છપ્પનભોગ ક્યાં થઈ રહ્યો છે?...છપ્પનભોગ ક્યારે થશે?" હવે ડિમાન્ડ્ છે તો સપ્લાય્ તો થશેજ. છપ્પનિયા દુકાળમાં મરી ગયેલા અકાલ પીડિતની ડિમાન્ડ્ છપ્પનભોગની છે તો સપ્લાય્ પણ છપ્પનભોગ થશે. હવે વૈષ્ણવ આ વાતથી ઉભરી ન શકે. તેમાં 'અમે એવા રે' કરો તો કરો, ગાતા હો તો ગાતા રહો. હૂ કેઅર્સ ફૉર્ યુ. તમે કહો છોને કે "વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને કૃષ્ણવિક્રયના ધન નથી લેવા રે" અરે જાવા દ્યો ખોટી ખટ-પટને

છપ્પનભોગ લાવ. છપ્પનિયા દુકાળમાં અમે આ જ વાત કરી કરીને મરી ગયા હતા. હવે નહીં આપો તો બીજો ભવ લેવો પડશે અમારે.'' વૈષ્ણવોના મનમાં આ શ્રદ્ધા ઘુસી ગઈ છે કે જ્યાં સુધી પ્રસાદ નહીં દેખીએ, આ છપ્પનિયા દુકાળની જીવાત્માઓ મુક્ત નહીં થઈ શકે.

એ જીવાત્માઓને જો ખરેખર ઠાકોરજીના દર્શનનો ભાવ હોય તો ઘરમાં કેમ સેવા નથી કરતા. હવેલીના દર્શનનો ભાવ હોય તો ત્યાં નિત્યપ્રતિ સેવા કેમ નથી કરતા? બધાને ઑફિસ્ જવું છે, કામ કરવું છે, પરંતુ છપ્પનભોગ કરો તો બધા આવી જાય. બધાને એક્સ્ટ્રાઑર્ડિનરી એક્સાઈટ્મેન્ટ્ આવી જાય, એ એક રહસ્ય છે. ડિમાન્ડ્ આ પ્રકારની છે તો સપ્લાય્ પણ તે પ્રકારની કરવી પડે.

આમાં હકીકત વિચારીએ કે કહાની વિચારીએ તો ફરી પાછી એજ વાત આવી રહી છે, *''કુછ હકીકત હે કુછ કહાની હે કિતની પેચીદા જિંદગાની હે.''* પુષ્ટિમાર્ગની અતિ પેચીદા જિંદગાની થઈ ગઈ છે. કાંઈક આમાં હકીકત છે શા માટે હકીકત છે? એક વાત તો ઠીક છે કે ઠાકોરજીના મનોરથમાં આપણે હાજર ન રહીએ તો આપણા જેવો અપરાધી કોણ? ઠાકોરજીના મનોરથમાં હાજર રહેવું જો અમારા મહારાજોનો ભાવ હોય તો અમે અમારા ઠાકોરજીનો મનોરથ કરી શકીએ તેમાં તમને ઈન્વાઈટ્(આમંત્રિત) કરવાની શું જરૂર છે? તમને આમંત્રિત કરી રહ્યા છીએ મતલબ કદાચ એવો ભાવ હોય, અમારા ઠાકોરજીને છપ્પનભોગની જરૂરત નથી પરંતુ તમને જરૂરત છે. તમારા આત્મોદ્ધારને માટે છપ્પનભોગની જરૂરત છે. શ્રીનાથજીમાં બહુ સરસ પ્રક્રિયા છે અન્નકૂટ થાય તે દિવસે એ સખડી-ભાતને ભીલ લોકો લૂંટી જાય, એમ છપ્પનભોગ વૈષ્ણવોને લૂંટી જવા દો. જે પ્રસાદ ચાખી લેશે તે બધાની મુક્તિ થઈ જશે. બધાનો નિત્યલીલાપ્રવેશ થશે. એ પાછો લૂંટવા ન દે છપ્પનભોગનો પ્રસાદ. કોણે કેટલા રૂપિયાની સામગ્રી જમા કરાવી એ હિસાબથી એ પ્રપોર્શન્માં સામગ્રી સમાધાનમાં મળે. જનતાના ઉદ્ધાર માટે છપ્પનભોગ નથી. જો છપ્પનભોગ ધરવો ગોસ્વામી અને અનુયાયી બંનેને માટે અનિવાર્ય કે આવશ્યક હોય તો દર્શન કરાવવાની શું જરૂર છે? બધાને

કહી દો બધા કરે. આથી પાછી બીજું તૂત ઘડી રાખ્યું છે કે મહારાજના ઠાકોરજીનેજ છપ્પનભોગ થાય. વૈષ્ણવ બહુ સમજદાર થઇ ગયા છે. એ કહી રહ્યા છે તમારા ઠાકોરજીનો છપ્પનભોગ આવે તો અમારા દ્રવ્યથી જ છે તેથી અમે હવે પોતે વ્યાપારિક હવેલી ખોલીને ચલાવશું. વૈષ્ણવ પણ છપ્પનભોગ કરવા લાગી ગયા. હવે ના કેવીરીતે પાડવી ફસાઇ ગયા. પુષ્ટિમાર્ગમાં આ બધી ગંભીર સમસ્યા આવી ગઇ છે.

વૈષ્ણવ છપ્પનભોગ કરી શકે કે ન કરી શકે એ હિસ્ટૉરિકલ્ વાત તમને બતાવું : આખો લાયબલ્ કેસ્ ફક્ત આ ક્ષુદ્ર ઝઘડાને કારણે થયો હતો કે ભૂલેશ્વર મહાદેવજીના ભક્ત મહાદેવજીનો છપ્પનભોગ કરી શકે કે નહીં? બિચારા શૈવ લોકોએ તે વખતે એવું વિચાર્યું હતું કે પુષ્ટિમાર્ગવાળાઓએ છપ્પનભોગ કરી-કરીને બધા શૈવોને વૈષ્ણવ બનવા માટે લલચાવી લીધા તો શા માટે આપણે પણ વટલાઇ ગયેલાઓમાં બીજી વખત મહાદેવજીને પણ પૉપ્યુલરાઇજ્ ન કરીએ! આથી ભૂલેશ્વર મહાદેવજીને ભૂલીને જેઓ પુષ્ટિમાર્ગમાં ભટકતા થઇ ગયા એ વૈષ્ણવોને ફરીથી ભૂલેશ્વર મહાદેવજીના દર્શન કરવા માટે એક છપ્પનભોગનું આયોજન વિચારવામાં આવ્યું. એમણે છપ્પનભોગની ઘોષણા કરી દીધી. બધા ગુસાંઇઓ દંડા-જંડા લઇને ઉભા થઇ ગયા કે મહાદેવજીને છપ્પનભોગ ન ધરી શકાય. પરંતુ મહાદેવજી છપ્પનભોગ કેમ ન આરોગી શકે? નહીં; એ અમારા પુષ્ટિમાર્ગની મૉનોપૉલી છે. એમાંથી જઘડો વધતો-વધતો લાયેબલ્ કેસ્ સુધી પહોંચી ગયો! મૂળ જઘડો શરૂ ત્યાંથી થયો. એ જે શૈવ-બ્રાહ્મણ હતા તેઓ આપણા ઉપર નારાજ થઇ ગયા. અને ત્યારથી એ લોકોએ જિદ્ પકડી કે મહારાજોને ખતમ કરીને રહેશું. આવી પુષ્ટિમાર્ગની સૌથી મોટી ટ્રેજડી(કરૂણતા) છે જેના ઉપર આપણે ધ્યાન આપવું પડશે.

મહાપ્રભુનું જીવનચરિત્ર વાંચીએ તો ખબર પડે કે મહાપ્રભુએ શ્રીનાથજીને છપ્પનભોગ ક્યારેય ન ધર્યો. ન નવનીતપ્રિયાજીને છપ્પનભોગ ધર્યો. છપ્પનભોગ તો મહાપ્રભુજીએ જગદીશજીને ધર્યો હતો. એ પણ શા માટે ધર્યો? જગન્નાથપુરીના રાજાએ જેટલી ભેટ ધરી

હતી એ લઈને કોણ જાય? તો જગદીશજીને છપ્પનભોગ આરોગાવી દીધો. મહાપ્રભુએ ક્યારેય નવનીતપ્રિયાજીને કે શ્રીનાથજીને કે મદનમોહનજીને છપ્પનભોગ કર્યો એવો ઉલ્લેખ નથી મળતો.

આપણી ભીતર નર્વસ્નેસ્ આવી ગઈ છે કે છપ્પનભોગ નહીં કરીએ તો વૈષ્ણવ આવશે નહીં અમારી પાસે. અમારે લગ્ન હોય તો ખર્ચો કાઢવા માટે છપ્પનભોગ જાહેર કરી દઈએ. બાલકની જનોઈ હોય તો છપ્પનભોગ જાહેર કરી દઈએ. કોઈ મંદિરને પ્રમોટ્ કરવું હોય તો છપ્પનભોગ જાહેર કરી દઈએ. માથે કરજો થઈ ગયો હોય તો છપ્પનભોગ કરવાથી તુરત ચુકવાઈ જાય. કેટલો બધો સરળ ઉપાય છે! એક છપ્પનભોગ જાહેર કરી દો તો બધો કરજો ચુકતે થઈ જાય. કોઈ પાસે માંગવાની જરૂરત જ ન પડે. કેમકે મહારાજોને પણ ખબર છે કે છપ્પનિયા દુષ્કાળની મરેલી બધી પ્રેતાત્માઓ આજે પુષ્ટિમાર્ગમાં ભટકી રહી છે. આ તો એકદમ ફિટ્ અને નૉન્-ટૅક્સેબલ્ ફોર્મ્યુલા છે. આનાથી સારો ધંધો બીજો કોઈ હોઈ ન શકે. અમે લોકો કહેવામાત્રના ગોસ્વામીબાલક છીએ પરંતુ બહુ ચાલાક વાણીયા બની ગયા છીએ. વાણીયાઓના ગુરૂ થવાને કારણે વાણીયાઓથી દોઢા બુદ્ધિમાન થઈ ગયા છીએ. ભગવત્સ્વરૂપ અને ભગવત્સેવાના મનોરથ અને ભગવત્કથાનો ધંધો કેવીરીતે પ્રમોટ્(વિકસિત) કરવો તેનું રહસ્ય જેટલા અમે જાણીએ છીએ તેની તમે કલ્પના પણ નહીં કરી શકો. આજે આપણને મહાપ્રભુના સિદ્ધાંતની પડી નથી. પબ્લિક્ ડિમાન્ડ્ કઈ છે તેની પડી છે. એક વાત સાચી છે આમાં કે આ રહસ્ય કિરીટભાઈને જાણવામાં ન આવ્યું એટલા માટે એ બિચારો ભાગવતસપ્તાહ કરતો ફરે છે, વ્યર્થમાં બ્રહ્મસંબંધ આપણો ફરે છે. એક હવેલી ખોલીને છપ્પનભોગ કરી દે તો બધા વૈષ્ણવ તેને વલ્લભરાજકુમાર ઝટપટ માની લેશે! માની લેશે કે એ સાક્ષાત્ ગોસ્વામી બાલક પૂર્ણપુરૂષોત્તમ છે.

સંપ્રદાયનું ગંભીર ઐતિહાસિક રહસ્ય તમને બતાવી રહ્યો છું. જોકે આમાં કોઈ દુરાશય તો ન હતો, છતાં પણ મહાપ્રભુએ વર્ણાશ્રમધર્મની વિફલતાને સાક્ષાત્ નિહાળી અને કહ્યું :

**"વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદ્ અતઃ તસ્માત્ ન મોચનમ્" "અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા"** (ત.દી.નિ.૨/૨૨૩-૨૧૫)

વર્ણાશ્રમનો બધો સેટ્-અપ્ કૉલેપ્સ્ થઈ ગયો છે. હવે તમે તેનું અનુસરણ કરો ચાહે ન કરો. તમે તેના ભરોસે પોતાનો આત્મોદ્ધાર નહીં કરી શકો. મહાપ્રભુ વર્ણાશ્રમવિરોધી ન હતા, દુઃખી હતા વર્ણાશ્રમધર્મના નષ્ટ થવાથી. એટલા માટે મહાપ્રભુ આજ્ઞા કરે છે **"અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા"** (ત્યાંજ) છતાં પણ જે બને તેટલો કરો. મરી રહ્યો છે તેથી કરીને તેનું મર્ડર્ ન કરો. મરવું તેની નિયતિ હોઈ શકે છે. આપણા ઘરમાં આપણો બાપ કે પતિ કૅન્સર્થી સફર્ કરતો હોય તો આપણે મર્ડર્ થોડા કરીએ? જ્યાં સુધી જીવે ત્યાં સુધી તેનો ઈલાજ જ તો કરીએ. એવીરીતે વર્ણાશ્રમ જો ખતમ થવા જઈ રહ્યો છે તો તેનું મર્ડર્ ન કરો. તમે તમારા બનતા પ્રયાસ કરો. તમારાથી બને તેટલો પાળો, પરંતુ પકડો તમે કૃષ્ણને જ. કેમકે--

**સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।**
**પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિઃ મમ ॥**

(કૃષ્ણાશ્રય.૧)

કૃષ્ણને પકડશું તો હજુ પણ આપણો ઉદ્ધાર થઈ શકે છે. આ વાત મહાપ્રભુએ બ્રાહ્મણોના વિરોધમાં નહોતી કહી પરંતુ સમ્-હાઉ આ વાત બ્રાહ્મણોના વિરોધમાં ચાલી ગઈ. કેમ ચાલી ગઈ? તેનું કારણ સમજો. કેમકે કૃષ્ણભજનમાં મહાપ્રભુએ બ્રાહ્મણની મધ્યસ્થતા અનિવાર્ય ન ગણી. દરેક વ્યક્તિ, બ્રાહ્મણથી લઈને મુસલમાન સુધી, જે કૃષ્ણની સેવા કરવા માગતો હોય, તે પોતાના ઘરમાં પોતાના પરિવારજનોંની સાથે કૃષ્ણની સેવા કરી શકે છે. તેમાં બ્રાહ્મણની મધ્યસ્થતા અનિવાર્ય ન રહી ગઈ. તેના કારણે આપણે ત્યાં બ્રાહ્મણવર્ગ પુષ્ટિમાર્ગની અગેઈન્સ્ટ્(વિરોધમાં) થઈ ગયો. કેમકે પુષ્ટિમાર્ગમાં બ્રાહ્મણનો રોલ્ શું? તે વખતે આ ટ્રેજડી થઈ.

વાર્તા વાંચશો તો ખ્યાલમાં આવશે. વાસુદેવદાસ છકડાની વાર્તામાં આવે કે શ્રાદ્ધમાં વૈષ્ણવોને બોલાવવા કે બ્રાહ્મણને બોલાવવા? તે વખતે પાછું નક્કી એ થઇ ગયું કે બ્રાહ્મણ માજનાના મળતા નથી, બ્રાહ્મણને બોલાવવાના બદલે વૈષ્ણવને બોલાવીને પ્રસાદ લેવડાવી દો. તે અગેઈન્સ્ટ્ બ્રાહ્મણ ન હતા પરંતુ વાત બ્રાહ્મણોની અગેઈન્સ્ટ્માં ચાલી ગઈ. જે વ્યક્તિઓમાં બ્રાહ્મણત્વનો થોડોઘણો અહંકાર રહી ગયો હતો, એમણે આ સિસ્ટમ્ની સામે રિવોલ્ટ્ કર્યો. પુષ્ટિમાર્ગ અને બ્રાહ્મણોનો સંઘર્ષ ત્યારથી ચાલી રહ્યો છે.

રિવોલ્ટ્ કેવીરીતે કર્યો? મોટાભાગના સ્વધર્માચરણમાં, જેને આપણે 'પુષ્ટિમાર્ગીય ધર્માચરણ' કહીએ છીએ, તેમાં બ્રાહ્મણનો પ્રૅક્ટિકલી કોઈ રોલ્ નથી. અહીં તો ખબર નહીં પરંતુ ગુજરાતમાં મેં જોયું છે એટલા માટે બતાવી રહ્યો છું. આ ભરમ ગુજરાતીઓમાં ભરાઇ ગયો કે રસોઈ તો મહારાજ બનાવે. 'મહારાજ' મતલબ બ્રાહ્મણ. લાખોપતિ કરોડપતિ સારાથી કુક્ લાવીને રસોઇ બનાવી શકે. ખુદ હોટલમાં ખાઈ રહ્યા છે પરંતુ ઘરમાં રસોઈ બ્રાહ્મણ મહારાજ બનાવે. પુષ્ટિમાર્ગમાં બ્રાહ્મણોને વાણીયાઓના નોકર બનાવી દેવામાં આવ્યા. બ્રાહ્મણોનો મોટો ડિગ્રેડેશન્(હલકાપણું) આમાં થઈ ગયું. અમે બ્રાહ્મણોની અસ્મિતા ખંડિત થઈ ગઈ. કયા એક્સટેન્ટ્ સુધી? 'મહારાજ' શબ્દનો અર્થ રસોઈયો થઈ ગયો. બ્રાહ્મણોને રાજાઓના રાજા તરીકે બિરદાવવામાં આવતા હતા તે 'મહારાજ'નો અર્થ રસોઈયા થઈ ગયો.

હું તુલસીવિલામાં રહેતો હતો ત્યારે મારે ત્યાં કેટલાક લોકો આવ્યા હતા. ત્યારે એમણે પૂછ્યું ''તમે મહારાજ છો?'' મેં કહ્યું ''હા મહારાજ છું''. એમણે કહ્યું ''અમારે ત્યાં વીસજણા ગુજરાતથી આવી રહ્યા છે તમે રસોઈ બનાવી આપશો?'' મેં કહ્યું ''એવો મહારાજ હું નથી. કોઈ જુદો મહારાજ છું''. ત્યારે એમણે પૂછ્યું '' તો તમે કઇ જાતના મહારાજ છો?'' મેં કહ્યું ''મહારાજની પાંચ-દસ વૅરાયટી હોય તેમાંનો એક હું છું પણ રસોઈ બનાવનારો મહારાજ હું નથી''. ત્યારે તે બોલ્યા ''તમને નુકશાન નહીં થવા દઈએ!''. આ દુર્ગતિ બ્રાહ્મણોની થઈ.

કેમકે તમારા લોકોના મનમાં ક્યાંક ને ક્યાંક એક ભ્રાન્ત ધારણા ઘર કરી ગઈ. સ્વામી વિવેકાનંદે એક બહુ સરસ વાત કહી હતી કે હિન્દુધર્મ રસોડામાં કન્ફાઈન્ડ્ થઈ ગયો છે. આપણને બધી શુદ્ધિ અને અશુદ્ધિનો આધાર બસ કિચન્ લાગે છે. કિચન્‌માં મહારાજ હોવો જોઈએ. બાકી અમે તો ફાઈવસ્ટાર્ રેસ્ટોરાંમાં કોઈના પણ હાથનું ભોજન કરી શકીએ છીએ. ચાઈનીજ્ મેક્સિકન્ ફૂડ્ અને બર્ગર્ પણ ખાઈ શકીએ પરંતુ રસોઈ બનાવવાવાળો મહારાજ જ જોઈએ. જેને તમે 'મહારાજ' કહી રહ્યા છો એ ન તો મહારાજ રહી ગયો, ઑર્ડિનરી એક સર્વન્ટ્ થઈ ગયો એજ્ સચ્ એ રોલ્ બ્રાહ્મણનો ક્યારેય હતો નહીં. **"બ્રાહ્મણસ્ય હી દેહો અયં ક્ષુદ્રકામાય ન ઈષ્યતે"** (ભાગ.પુરા.૧૧/૧૭/૪૯) શાસ્ત્ર સ્પષ્ટ આજ્ઞા કરે છે કે આ બ્રાહ્મણનો દેહ તમને મળ્યો છે તે એ પ્રકારની નોકરી કરવાને માટે નથી મળ્યો. **"ઋતામૃતાભ્યાં જીવેત્ તુ મૃતેન,પ્રસુતેન વા! સત્યાનૃતાભ્યામપિ ન વા શ્વવૃત્યા કદાચન."** (મનુસ્મૃતિ.૪/૪) કુતરાનું જીવન જીવવા માટે તમને બ્રાહ્મણનો દેહ નથી આપવામાં આવ્યો. જ્યારે તમે નોકરી કરી રહ્યા છો તો કુતરાનું જીવન જીવી રહ્યા છો. શાસ્ત્ર આટલી ભારી ગાળ આપે. પરંતુ આપણે સમજીએ કે ધર્મ કિચન્‌માં કન્ફાઈન્ડ્ છે તો મહારાજ તો જોઈએ જ જોઈએ. મહારાજ વગર રસોઈ કોણ બનાવે? આ દુર્ગતિ બ્રાહ્મણોની આપણે પુષ્ટિમાર્ગમાં કરી દીધી.

મહાપ્રભુને આવો ઈન્ટેન્ડેડ્ ન હતો પરંતુ સમ્-હાઉ આ દુર્ગતિ થઈ ગઈ. આપણે એ પણ ન કહી શકીએ કે પુષ્ટિમાર્ગમાં બ્રાહ્મણ સ્વીકાર્ય નથી. કેમકે મહાપ્રભુના કાળમાં જોઈએ તો ઘણાબધાં બ્રાહ્મણ મહાપ્રભુના શિષ્ય હતા. આજની તારીખમાં સત્ય છે કે પર્સેન્ટ્વાઈજ્ બ્રાહ્મણ મિનિમમ્ પુષ્ટિમાર્ગમાં છે.

અને વાણીયા પર્સેન્ટ્વાઈજ્ મેક્સિમમ્ પુષ્ટિમાર્ગમાં છે. પરંતુ મહાપ્રભુના વખતે આ સ્થિતિ ન હતી. ત્યારે બ્રાહ્મણ પુષ્ટિમાર્ગમાં એટલા જ પર્સેન્ટ્માં હતા જેટલા બીજા સમાજના લોકો હતા. મહાપ્રભુ બ્રાહ્મણદ્વેષી ન હતા. મહાપ્રભુ ખુલ્લાદિલથી આ વાત સ્વીકારતા હતા કે

વર્ણાશ્રમધર્મનો જે સેટ્-અપ્ છે તે ખતમ થઈ ગયો છે તેથી આત્મોદ્ધારને માટે દરેક વ્યક્તિએ પોતાના સાધન અપનાવવા પડશે. પોતાના ઘરમાં **''નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો યામેં કહા ઘટેગો તેરો''** આ સેટ્-અપ્માં મહાપ્રભુ-પ્રભુચરણોંએ પુષ્ટિમાર્ગ બતાવ્યો છે. તે માત્ર બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્રોને જ નહીં પ્રત્યુત મ્લેચ્છોને પણ બતાવ્યો. આનાથી મહાપ્રભુના મનમાં કોઈ બ્રાહ્મણદ્વેષ હતો એવું આપણે વિચારી ન શકીએ.

પરંતુ આના કારણે એક દુર્ઘટના આ બીજી થઈ કે જેમનામાં બ્રાહ્મણત્વને જ અથવા બ્રાહ્મણત્વને પણ નિભાવવાનું અભિમાન હતું એમનાથી બ્રાહ્મણ હોવાના અનુરૂપ કોઈ રોલ્ એસાઈન્ થઈ ન શક્યો. આથી જો કોઈ બ્રાહ્મણ પુષ્ટિમાર્ગમાં બ્રાહ્મણ તરીકે જીવવા માગી રહ્યો હોય તો પુષ્ટિમાર્ગની પાસે તેની બ્રાહ્મણ હોવાની સામાજિક હેસિયતમાં આપવા માટે શું છે? કોઈ ઠોસ પ્રોગ્રામ્ છે નહીં. આથી બ્રાહ્મણોએ આપણી સાથે બે પ્રકારના ષડ્યન્ત્ર કર્યા. એક એ હતો કે પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાકથારૂપ ધર્મોની સાથે-સાથે જે આપણે ત્યાંના વર્ણાશ્રમીય ષોડશસંસ્કાર અવર્જનીય અને અનુષ્ઠેય હતા, એ સંસ્કારોમાં બ્રાહ્મણ મૌજુદ રહેતા જ હતા તેથી આ પ્રકારથી ઉપસ્થિત બ્રાહ્મણોએ પુષ્ટિમાર્ગીય જનતામાં અન્યાશ્રયત્યાગની ભાવનાને શિથિલ બનાવવાનો નિરંતર પ્રયાસ ચાલુ જ રાખ્યો. જેને આપણે 'પુરોહિત' કે 'ગોરમહારાજ' કહીએ એમને પુષ્ટિમાર્ગમાં સૌથી મોટી આ જ આપત્તિ લાગે કે એમનો પુષ્ટિમાર્ગમાં રોલ્ શું?

બીજું ષડયન્ત્ર એ કે એમણે આપણી દુઃખતી નસ દબાવી દીધી. **''પેમ્ણો અન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્ શ્રીભાગવતમેવ અત્ર પરં તસ્ય હિ સાધનમ્''** (ત.દી.નિ.૨/૩૨૬) ભગવાનને મેળવવાનું પ્રેમથી વધીને કોઈ સાધન છે નહીં અને શ્રીભાગવત ભગવત્પ્રેમને જગાવવાનું સૌથી મોટું સાધન છે. એમણે કહ્યું જાઓગે કહાં દિલ તોડકે, કેમકે ભાગવતની કથા તો અમે પણ કરશું. ભાગવતની કથા બ્રાહ્મણો કરવા

લાગી ગયા. એક્જેક્ટલી મહાપ્રભુએ કહ્યું તેના અપોજિશન્માં. પુષ્ટિમાર્ગને ખતમ કરવા માટે ‘‘મિયાંકી જૂતી મિંયાકા સર’’ની જેમ ભાગવત આપણે ત્યાં કહેવામાં આવે. મહાપ્રભુએ એડમીટ્ કર્યું છે કે ભાગવતના સિવાય પ્રભુમાં પ્રેમ જગાવવાનું બીજું કોઈ સાધન નથી અને ભાગવત આપણે ભણવા નથી માગતા, બાલકો ભણાવવા નથી માગતા. સપ્તાહની વિધિ આપણે ત્યાં હતી નહીં. મહારાજ લોકો સપ્તાહમાં ક્યારેય જતા પણ ન હતા. સો વરસ પહેલાના જેટલા પણ મૅગેજિન્ વાંચો. બધા મહારાજોની યુનેનિમસ્ નિંદા તેમાં મળશે કે મહારાજ ભાગવત-સપ્તાહમાં કેમ ન આવે? કેમકે મહારાજ લોકો અભણ છે, તેથી મહારાજોને ડર લાગે છે કે ભાગવત-સપ્તાહમાં જઈશું અને કોઈએ ભાગવતમાંથી કાંઈ સવાલ પૂછી લીધો અને તેનો જવાબ ન આપી શકે તો એમની પોલ ખુલી જશે!

પહેલા ભાગવતની સપ્તાહમાં મહારાજ જતા ન હતા અને હવે ખુદ વલ્લભકુલના બાવા-બેટીજી-મહારાજોએ સપ્તાહ બેસાડવી શરૂ કરી દીધી. તેના પછી લોકોપકારાર્થ ફંડ એકઠા કરવાનો ભાગવતસપ્તાહનો દૌર ચાલ્યો. ત્યારે તે નામથી ફંડ એકઠો કરવાની ભાગવતસપ્તાહ હવે તો ખુદ અમે વલ્લભકુલી બાલક કરવા લાગી ગયા! કેમકે જ્યારે ભગવાનને ધનોપાર્જન કરવાનું સાધન બનાવી શકાતા હોય તો ભગવાનની કથાને કેમ નહીં? આ પુષ્ટિમાર્ગની અસ્મિતાના ધ્વસ્ત થવાની દુર્ગતિની દાસ્તાન છે.

આપણે બ્રાહ્મણોની સંભાળ ન લીધી અને બ્રાહ્મણોએ આટલો મોટો રિવૅન્જ્ આપણાથી લઈ લીધો. આપણે બ્રાહ્મણોને મુખિયા બનાવ્યા, ભીતરિયા બનાવ્યા, દૂધઘરિયા બનાવ્યા, જલઘરિયા બનાવ્યા. મહાપ્રભુની વાર્તા વાંચીને જુઓ તેમાં આવે છે કે *‘‘તુમ કૈસે આચાર્ય હો કે તુમ્હારે યહાં શૂદ્ર જલ ભર રહ્યો હૈ ઔર બરતન માંજ રહ્યો હૈ’’.* મહાપ્રભુએ વાર્તામાં આ વાત કહી છે કે *‘‘નહીં! હમારે મતમેં બ્રાહ્મણ જો સ્વધર્મનિર્વાહ નહીં કર રહ્યો હૈ ઔર શૂદ્ર જો ભગવદ્ધર્મકો નિર્વાહ કર રહ્યો હોય તો વો બેટર્ હૈ’’* આ વાત બ્રાહ્મણોના અગેઈન્સ્ટ્ નહોતી કહી, કેમકે મહાપ્રભુ ખુદ બ્રાહ્મણ હતા અને બ્રાહ્મણધર્મને દમ-ખમથી પાળતા હતા.

પરંતુ એમની ફૉર્સાઈટેડ્નેસ્ આ હતી કે મહાપ્રભુ જોઈ શક્યા હતા કે વાત આગળ ચાલી શકે એવી નથી. એટલા માટે મહાપ્રભુએ આજ્ઞા કરી હતી કે સ્વધર્મના નિર્વાહથી વંચિત બ્રાહ્મણોને બદલે ભગવદ્ધર્મને નિભાવવાવાળો શૂદ્ર અમારે ત્યાં શુદ્ધ છે. એટલા માટે અમે શૂદ્રથી જલ ભરાવી રહ્યા છીએ. અને શુદ્રથી વાસણ મંજાવી રહ્યા છીએ. આ આપણો એપ્રોચ્ હતો. જેમાં વચેટીયાની જરૂરત ન હતી. જેમાં દરેક વ્યક્તિ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણને ડાયરેક્ટ્ એપ્રોચ્ કરી શકતો હતો.

પરંતુ અંતમાં દુર્ગતિ આ થઈ કે બ્રાહ્મણ હટી ગયા અને અમે મહારાજ લોકો અન્યાન્ય બ્રાહ્મણોની જેમ પુરોહિતાઈ પંડાગિરી કથક્કડી કરવાવાળા એમના સબસ્ટિટ્યુટ્ થઈ ગયા! એક્જેક્ટ્ એ જ કામ હવે અમે કરી રહ્યા છીએ જે બ્રાહ્મણ તમને યજ્ઞ-યાગાદિ દ્વારા કરાવતા હતા અને દક્ષિણા લેતા હતા, કર્મના અનુષ્ઠાનમાં વચેટીયો બનતો હતો કે તમારો મંત્ર તમે નથી બોલી શકતા તેથી તમારો મંત્ર અમે બોલશું. કયા એક્સટેન્ટ્ સુધી? વર-કન્યાનો હસ્તમેળાપ થઈ રહ્યો હોય *"ઈમામ્ સુકન્યાં સર્વાભિરણભૂષિતાં ધર્માર્થિકામપુરૂષાર્થેષુ સહધર્મચારિણીભાર્યાત્વેન તુભ્યમ્ અહં સમ્પ્રદદે"* કન્યાનો બાપ ન બોલે બ્રાહ્મણ બોલે *"ઈમાં કન્યામ્ અહં પ્રતિગ્રહ્ણામિ"* એ પણ વરરાજાને બોલવાનું ભાન ન હોય તેથી બ્રાહ્મણ જ બોલી દે! બ્રાહ્મણ શું બોલી ગયો એ સમજાઈ જાય તો બે થપ્પડ મારે કે તુ કેવીરીતે લઈ જઈ રહ્યો છે? હસ્તમેળાપ કરવા ઘોડા ઉપર ચઢીને તો હું આવ્યો છું. વર-વધુને સમજાય જ નહીં કે શું મંત્ર બોલવામાં આવી રહ્યા છે!

આ પ્રકારની આપાધાપી આપણા પુષ્ટિમાર્ગમાં પણ ઈન્ટ્રોડ્યુસ્ થઈ ગઈ. તમને ખબર નથી કે બ્રહ્મસંબંધના વખતે તમે શું સમર્પણ કર્યું! તમે ઠાકોરજીને સમર્પણ કર્યું કે ગુરૂને સમર્પણ કર્યું? અમે મહારાજોને પણ ખબર નથી કે બ્રહ્મસંબંધનો મતલબ શું. તમને વૈષ્ણવોને બ્રહ્મસંબંધ લીધા પછી ન તો બ્રહ્મસંબંધનો અર્થ અને ન તો લેવાનું પ્રયોજન પણ સમજાય છે. લીધા પછી તમારૂં કર્તવ્ય શું એ પણ તમને સમજાતું નથી

અને ન આ બતાવવાની ફુરસત અમને પણ છે. એક બસ આરે-કૉલોનીની દૂધની બોટલ્‌ની જેમ જે બોટલ્‌ આવી તેમાં દૂધ ભરો અને ઢાંકણું બંધ કરતા જાવ. એવીજ રીતે હાથમાં તુલસી પકડાવ્યા મંત્ર બોલાવ્યો અને ભેટ ધરીને તમારે ઘેર ચાલ્યા જાવ. વૈષ્ણવોનું એવું પૉપ્યુલેશન્‌ વધતું જાય છે જેને અમે સંભાળી નથી શકતા.

ભરતપુરના રાજાની પ્રસિદ્ધ ઘટના છે તેની ૩૦૦ રાણી હતી. સંતાનો એટલા થઈ ગયા કે એ બધાના નામ ન જાણે. તેણે એક દિવસ નક્કી કર્યું કે જે બાળક સવારમાં નમસ્કાર કરવા આવે તેને એક રૂપિયો આપીશ. બાળકોએ નમસ્કાર કરવાનું શરૂ કર્યું. ગામવાળાઓને ખબર પડી ગઈ કે રાજા નમસ્કાર કરીએ તો એક-એક રૂપિયો આપે છે. બધા દીનભાવથી ચાલ્યા ગયા નમસ્કાર કરવા. રાજાએ એમને પણ આપી દીધો રૂપિયો. કોઈને ખબર પડી કે "હજુર આ આપની ઔલાદ નથી." "તો કોની છે?" તો કહ્યું કે "ગામના તેલીની છે". એમણે કહ્યું "જેટલી રાણી, એના જેટલા બાળક, એમના જેટલા પેલેસ્‌, એના ટૅગ લગાવો અને રાજકુમારને પહેરાવો." સારૂં છે ટૅગ્‌ ડુપ્લિકેટ્‌ ન કરાવ્યા. કિરીટભાઈએ તો ટૅગ્‌ ડુપ્લિકેટ્‌ કરી લીધો. તમે ટૅગ્‌ બતાવી બતાવીને બ્રહ્મસંબંધ આપી રહ્યા હતા એણે પણ ડુપ્લિકેટ્‌ ટૅગ્‌ બતાવી દીધો. હું પણ બ્રહ્મસંબંધ આપી રહ્યો છું આવી જાવ. હું પણ ભાગવતકથા કરી રહ્યો છું આવી જાવ. હવે આપણે કહીએ કે આ કુંભારની ઔલાદ છે બ્રહ્મસંબંધ ન આપી શકે. અરે ભાઈ! કુંભારની ઔલાદ કેમ ન આપી શકે? જો મહારાજ ઠાકોરજીની સેવાથી પૈસા કમાઈ શકે, તો મહાપ્રભુ કહે છે કે એ મહારાજ 'ચાંડાલ' મતલબ જાનવરની ખાલ ખેંચવાવાળાના જેટલો અપવિત્ર છે! તો તેનાથી તો કુંભાર પવિત્ર હશે કે નહીં! શ્યામમનોહર કિરીટભાઈના પક્ષમાં થઈ ગયા એવું નથી. હું કિરીટભાઈના પક્ષની વાત નથી કરતો. પરંતુ આજે નહીં તો કાલે-પરમદિવસે ક્યારેક ને ક્યારેક બેસીને મહાપ્રભુનો સિદ્ધાંત શું છે આ શાંતિથી સ્વસ્થતાથી સમજવું તો પડશે જ. અન્યથા આપણે પુષ્ટિમાર્ગને એ પ્રકારથી નહીં જીવી શકીએ જે પ્રકારથી મહાપ્રભુએ આપણને જીવવાની પ્રેરણા કે આજ્ઞા

આપી છે. બસ એ અર્થમાં આપણે પુષ્ટિ–અસ્મિતા ગાઈ રહ્યા છીએ **"અમે એવા રે વળી તમે જે કાંઈ કહો તેવા રે. નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા."**

આપણો અહંકાર બોલી રહ્યો છે એ અહંકારની દુર્ગંધ, મોઢાની વાસની જેમ આપણને ન આવતી હોય અને બીજાને જ આવતી હોય આ સહજ સંભવ છે. જે આમાં, પરંતુ, સંભવ નથી તે વાત આ છે કે આ પુષ્ટિ–અસ્મિતાના ગીતની એક પણ કડી એવી નથી કે મહાપ્રભુના સંસ્કૃતમાં કહેલા સિદ્ધાંતોનો ગુજરાતી અનુવાદ ન હોય. તો આવો! બધા મળીને ગાવા લાગી જાઓ તો અહંકાર ખંડિત થઈ જશે. અહંકારને બચવાનો કોઈ ઉપાય નહીં રહી જાય.

**પ્રશ્ન :** (૧) બ્રાહ્મણદ્વેષીના સંદર્ભમાં હું પૂછવા માગી રહ્યો છું કે કોઈએ મને પૂછ્યું કે સો–કૉલ્ડ્ વૈષ્ણવ–બ્રાહ્મણ અયાચક–વૃત્તિથી ભાગવત–સપ્તાહની દક્ષિણા લેતા હોય તો એ તો નિષિદ્ધ નથી, કેમકે ગુસાંઈ બાલકોને પણ અયાચકવૃત્તિથી જીવિકાની છૂટ છે જ. ભાગવતનો ઉપદેશ તો બાલક પણ કરી રહ્યા છે, તો અમને કેમ મનાઈ કરો છો? તેઓ સપ્તાહ–વિધિથી ઉપદેશ આપે છે અને ગો.બા. બીજી રીતથી એ જ તો ઉપદેશ આપી રહ્યા છે. અને તેના બદલામાં દ્રવ્ય પણ લઈ રહ્યા છે. તો બંનેની વચ્ચે ફરક શું છે?

(૨) બ્રહ્મસંબંધના દ્વારા પણ એજ ઉપદેશ આપવામાં આવી રહ્યો છે. બ્રહ્મસંબંધનો જે ભાવાર્થ છે તે એકાદશસ્કંધથી પ્રેરિત છે તો અંતતોગત્વા એ પણ ભાગવતનોજ ઉપદેશ થયો. તો આમાં શું સમજવું?

**જવાબ :** સૌથી પહેલા ખુલાસાના પ્રકારથી આમાં જે એક બેજિક્ ઈશ્યુ ઈન્વૉલ્વ્ થઈ રહ્યો છે તે આપણે સ્પષ્ટ સમજી લેવો જોઈએ. આપણે લગ્ન પછી રિસૅપ્શન્ રાખીએ, ઘણાબધા આપણા સગા સંબંધી લોકો આવીને ગિફ્ટ્ આપે. હવે સવાલ એ છે કે રિસૅપ્શન્ રાખ્યું છે એટલા માટે ગિફ્ટ્ આપી રહ્યા છે કે ગિફ્ટ્ લેવી છે એટલા માટે રિસૅપ્શન્ રાખી રહ્યા છીએ? જો ગિફ્ટ્ લેવી છે એટલા માટે રિસૅપ્શન્ રાખી રહ્યા છીએ

તો ખરેખર આપણી વૃત્તિ પણ ખરાબ છે. રિસૅપ્શન્ રાખ્યું છે તેમાં એ જે ગિફ્ટ્ આપી રહ્યો છે તે આપણા પરિવારનો સગો છે કે મિત્ર છે. આપણા પરિવારમાં ફંકશન્ આપણે સૅલિબ્રેટ્ કરી રહ્યા છીએ તેમાં તે પણ પોતાના આનંદની અભિવ્યક્તિ ઉપહારથી કરે છે. આનંદના રૂપમાં ઉપહારની અભિવ્યક્તિ કરે એ એક અભિવ્યક્તિ અને આપણે રિસૅપ્શન્ રાખ્યું તેમાં આપણે ડિનર્ રાખ્યું અને સમજોકે કોઈ ગેસ્ટ્ એ ગિફ્ટ્ આ રીતથી આપે કે તમે કાંઈક ખવડાવી રહ્યા છો તો અમે તેનું ડાયરેક્ટ્ પેમેન્ટ્ તો ન કરી શકીએ પરંતુ તમારા વર-વધુને અમે તેના બદલામાં આપી રહ્યા છીએ તો કોઈ સ્વાભિમાની લેવાનું પસંદ કરશે? જો વર-વધુના સ્વાભિમાની માતા-પિતા લેવાનું પસંદ કરે તો આવીજરીતે જે આપણને બ્રહ્મસંબંધને માટે આપી રહ્યો છે અથવા ભાગવતકથાને માટે આપી રહ્યો છે તેને ન લેવાનો આપણો માદ્દા હોવો જોઈએ. હવે એમ કહીએ કે આપણે તો નહોતુ માગ્યુ, અમે તો નહોતું કહ્યું. જો ઈન્વિટેશન્ કાર્ડમાં છાપીએ કે અમે તમને ડિનર્ આપશું અને અમારા ડિનર્ના બદલામાં તમે અમને આ આપી જજો તો ઈન્સલ્ટ ન થયું પરંતુ જો ન છાપીએ અને તે આપણને આપે તો બતાવો કે આ ઈન્સલ્ટ્ થયું કે નહીં? જે સ્વાભિમાની માણસ ઈન્સલ્ટ્ ફીલ્ કરે, એવીરીતે દરેક ગુસાંઈઓને ફીલ્ થવું જોઈએ કે નહીં? માગવાથી આપી રહ્યો છે કે વગરમાગ્યે આપી રહ્યો છે સવાલ એ નથી પરંતુ તે ક્યા હેતુથી આપી રહ્યો છે! એ હેતુથી આપી રહેલા પૈસાને એક્સેપ્ટ્ કરવામાં આપણો ઈગો હર્ટ્ થવો જોઈએ કે નહીં? બેજિક્ ઈશ્યુ આ છે. જો આપણો ઈગો હર્ટ્ નથી થઈ રહ્યો તો આપણે ઘણાબધા તેના રૅશનલ્ જસ્ટિફિકેશન્ શોધી શકશું કે અમે માંગ્યુ ન હતું, અમે કહ્યું ન હતું, અમે તો ખાલી બોલાવ્યા હતા, એ આપી ગયા તો અમે શું કરીએ?

હમણાં અમારા મોટામંદિરની જમીનનો સોદો થયો, તેમાં મારે સાઈન્ કરવા જવું પડ્યું. બે દિવસ ગયો ઑફિસર્ કાંઈક-કાંઈક બહાનું કરીને ના પાડી દે. છેલ્લી વખત પાછો ગયો તો એ બહાનું કરીને ના પાડી દીધી કે ''જેમના માટે સોદો થયો છે એ તો હાજર છે નહીં તો ફક્ત આમની (શ્યામમનોહરની) સહીથી કામ નહીં ચાલે?'' તેનો પૉવર્ ઑફ્

ઍટૉર્ની હતો તેણે હાથની પાંચેય આંગળી ખુલી રાખીને હલાવીને પૂછ્યું ''તકલીફ શું છે?'' બસ ચમત્કાર થઈ ગયો. હમણાં સુધી સરકારી ક્લાર્ક્ ના પાડી રહ્યો હતો તેણે કહ્યું ''અચ્છા ચાલશે'' હું ચકરાઈ ગયો કે અચાનક શું થઈ ગયું? હા કેમ પાડે છે! શું ચક્કર થઈ ગયું? તેના પૉવર્ ઑફ્ ઍટર્નીએ કહ્યું '' તમે જોયો નહીં મારો હાથ'' એણે તકલીફ મટાડી દીધી તો તેણે કહ્યું ''ચાલશે સહી કરી દો''. ચક્કર હતું ફક્ત અર્થલોલુપતા. આવીરીતે આપણે બ્રહ્મસંબંધ આપતા ન હોઈએ અને કહે ''મહારાજ તકલીફ શું છે?'' બોલે ''અગીયાર રૂપિયા ચાલશે!'' આપણો ઈગો હર્ટ્ થવો જોઈએ. જો આપણો ઈગો હર્ટ્ નથી થઈ રહ્યો તો ધંધો છે. જેમ બ્રાહ્મણ કરતા હતા તેવીજ રીતે આપણે પણ કરી રહ્યા છીએ. કરી રહ્યા છીએ તેમાં કોઈ દોષ નથી. કેમકે એ તો આપણી બ્રાહ્મણવૃત્તિ જ છે.

આમાં સવાલ, પરંતુ એ છે કે ત્યારે બ્રાહ્મણોને કેમ ના પાડવામાં આવી. હું પુષ્ટિમાર્ગની વાત નથી કરી રહ્યો. હું આ વાતને સમજાવવા માગી રહ્યો છું કે સિસ્ટેમેટીકલી આપણે બ્રાહ્મણનો રોલ્ ખતમ કર્યો. અને જ્યારે આપણે ખતમ કર્યો ત્યારે આપણે એ સોગંદ ખાધા હતા કે ભગવાન્ અને ભક્તની વચ્ચે કોઈ વચેટીયાની (મધ્યસ્થની) જરૂરત નથી એ સોગંદનું શું થયું? બ્રાહ્મણોને હટાવીને આપણે પોતાની-જાતને જ્યારે એ ઠેકાણે સબસ્ટિટ્યુટ્ કરી દીધા તો એ સોગંદનું શું થયું? જે સોગંદમાં કહેવામાં આવ્યું હતું કે ભગવાન્ અને ભક્તની વચ્ચે કોઈ વચેટીયાની જરૂરત નથી. દરેક વ્યક્તિ પોતાના ભગવાનની આરાધના સ્વયં કરી શકે છે. એ ભક્તિની ગરિમાનું શું થયું? મને મુખ્ય આ લાગે છે.

આપણે શેની દક્ષિણા લઈ રહ્યા છીએ અને શેની નથી લઈ રહ્યા? તો સીધીજ વાત છે કે જે છોકરી આવી રહી છે તે પોતાના પીયરથી કાંઈક ને કાંઈક તો માલ લઈને આવશે, પરંતુ માલને માટે છોકરીને આપણે પરણી રહ્યા છીએ કે છોકરીને માટે માલને પરણી રહ્યા છીએ? આ તો ખુલાશો આપણે કરવો પડશે. ઓછો માલ લાવી તેના માટે જઘડો થઈ

રહ્યો છે તો માલને માટે છોકરી આવી છે અને માલ લઈને ન પણ આવી અને આપણે તેને જીવનસંગિની બનાવવા તૈયાર છીએ, મતલબ માલ લાવી હોય કે માલ ન લાવી હોય, આપણી જીવનસંગિની છે તો છે. આ પ્રકારથી જે આપી શકે છે કે નથી આપી શકતો આપણે બધાએ આપણા પાર્ટમાં આ વાતનો ખુલાસો થવો જોઈએ કે બ્રહ્મસંબંધ પૈસાને માટે નથી આપવામાં આવતું.

આખો માહોલ એવો છે કે બ્રહ્મસંબંધ લેવું હોય તો અગીયાર રૂપિયા તો ભેટ ધરવી પડશે. હવે આપણે પણ કહી રહ્યા છીએ માંગી તો નથી રહ્યા. તમને એક વાત બતાવું :

દાદાભાઈની યાત્રામાં હું ગોકુલ ગયો હતો. ત્યાં ઠકુરાણી ઘાટ ઉપર બપોરે જઈને બેસી જતો. પંડાઓ દ્વારા બિચારા યાત્રીઓની બહુ લૂટ-ખસોટ થતી જોતો રહેતો. એક દિવસ કોણ જાણે કેમ, મારો પણ અહંકાર જાગી ગયો અને એક પંડાને બોલાવીને મેં કહ્યું કે તમે આટલી લુંટ-ખસોટ કરો તો લોકોની ધર્મમાંથી જ શ્રદ્ધા ઉડી જશે. તેણે કહ્યું :

> ''મહારાજ! હમારે પાસ તુમ્હારી તરહ સમાધાની રખિવેકે પૈસા નાય હેં. સો હમ લૂટ-ખસોટ કરત હેં. તુમ લુંટ-ખસોટ કરો નાય, તુમ તો ગાદીપે બૈઠકે આશીર્વાદ દેત હો ઔર લૂટખસોટ હવેલીન્‌મેં તુમ્હારો સમાધાની કરત હેં''. મૈનેં કહી, ''ભાગો યહાંસુ ઠકુરાની ઘાટપે અબ નહીં બૈઠનો'' દૂસરે દિનસુ બૈઠનો બંદ કર દિયો. કૌન જાવે વહાં? વ્રજવાસીને બાત બડી પતાકી કહી. ''હમારે પાસ પૈસા નાય તો હમ સમાધાની નાય રખત હેં. તુમ્હારે પાસ પૈસા હે તો તુમ બૈઠકે આશીર્વાદ દેત હો ઔર હવેલીન્‌મેં તુમ્હારો સમાધાની લૂટ-ખસોટ કરત હેં''.

વાત તો એની એજ થઈ ગઈ. અમે ધનવાન ભિખારી હોવાને કારણે કોઈ એજન્સિ(સમાધાની)ના દ્વારા માંગી રહ્યા છીએ. બિચારા વ્રજવાસી ખુદ માંગે છે. આ માહોલ આપણને કેમ ડિસ્ટર્બ્ નથી કરતો?

આ મારો પ્રશ્ન છે.

સિદ્ધાંત અંતર્ગત આ માહોલ જો આપણને ડિસ્ટર્બ્ ન કરતો હોય તો તો લેટ્ અસ્ બી ઍબ્સોલ્યુટલી ક્લિયર્ કે આપણે સોસાયટીમાં બ્રાહ્મણનો રોલ્ જ પ્લે કરવો છે. ત્યારે તો બીજો જે બ્રાહ્મણ, બ્રાહ્મણનો રોલ્ પ્લે કરવા માગતો હોય તેને પણ રિકૉગ્નાઈજ્ કરવો પડશે. કેમકે બ્રાહ્મણત્વ આપણા ગુસાંઇઓની કોઈ મોનોપોલી તો છે નહીં. કોઈ પણ શાસ્ત્રના વચનના આધારે આપણે આ વચન ક્લેઈમ્ ન કરી શકીએ કે વલ્લભાચાર્યના વંશજ કોઈ સ્પેશિયલ્ બ્રાહ્મણ છે અને બીજા બ્રાહ્મણ ઑર્ડિનરી બ્રાહ્મણ છે. જો આપણે ક્લેઈમ્ કરી રહ્યા છીએ તો અહંકાર છે આપણો. અહંકારના સિવાય કોઈ તથ્ય પ્રકટ નથી થઈ રહ્યું. એજ્ એ બ્રાહ્મણ આપણે બધા બ્રાહ્મણની બરાબર જ છીએ.

આપણો પુષ્ટિમાર્ગમાં જે કાંઈ રોલ્ હતો, સાધારણ જનસમુદાયની વાત નથી કરી રહ્યો, પુષ્ટિમાર્ગમાં આપણો રોલ્ શું હતો? ભગવદ્ભક્તિની બધાને પ્રેરણા આપીએ. ભગવદ્ભક્તિના માર્ગ ઉપર બધાને અગ્રેસર કરીએ. ભક્તિને આપણે આપણો પ્રોફેશન્(ધંધો) ન બનાવીએ. તેમાં વચમાં આપણે વચેટીયા ન બની જઈએ. જે પણ પંડિત લગ્ન કરાવે છે એમની હાજરી વિવાહસંસ્કાર વખતે જ જરૂરી છે. વર-વધુ હનીમૂન્ કરવા જાય તે વખતે તે એમ ન કહી શકે કે હસ્તમેળાપ મેં કરાવ્યો તેથી મને પણ સાથે લઈ જાઓ! બ્રહ્મસંબંધ કરાવ્યું ત્યાં સુધી કોઈ રોલ્ ગુસાંઈઓનો હતો. હતો તો હતો. હવે ઠાકોરજી પધરાવી આપ્યા ત્યારે તો ભક્ત અને ભગવાનનું હનીમૂન્ સ્ટાર્ટ થઈ ગયું. તેમાં વચમાં તમે ક્યાંથી આવી ગયા! ઓન્ વૉટ્ ગ્રાઉન્ડ્? ક્યાંથી આવ્યા? કેમ આવ્યા? જ્યારે આવ્યા છો મતલબ, તમે કાંઈક બીજી વાત કરી રહ્યા છો. હવે તમે માત્ર પ્રેરક તત્ત્વ ન રહીને કાંઈક દલાલીનું કામ કરી રહ્યા છો. હવે દલાલીનું કામ કરી રહ્યા છો તો ગલીચ ધંધો થઈ ગયો. ભગવાનના દલાલ થઈ ગયા આપણે. ગરિમા આપણી ત્યાં ખંડિત થઈ ગઈ. તો શું ભક્તિ આપણી ભગવાનની દલાલીનો ધંધો છે? જો સાચું હોય તો સ્વીકારી લો કે અમે

ગુસાંઈઓનો ભગવાનની ભક્તિની દલાલીનો પેટર્નલ્ મોનોપૉલીનું પ્રોફેશન્ છે. કોણ સ્વીકારશે? કોઈ નહીં સ્વીકારે આ વાત. કોઈ ગોસ્વામીમાં આવી ગટ્સ્ નથી કે એ વાતને ખુલ્લેઆમ કહી શકે કે જે તે પ્રેક્ટિસ્ કરી રહ્યા છે, કેવી જાતની પ્રેક્ટિસ્ છે! આપણે આપણા સિદ્ધાંત, આપણા આદર્શને ખતમ કરીને કોઈ પ્રકારથી સર્વાઈવ્ કરવા માગી રહ્યા છીએ.

એક મજેદાર વાત બતાવું : કોઈ પરિવારમાં કોઈ બાળકે કાચબો પાળ્યો. કાચબાની બાયોલૉજીકલ્ ક્લૉક્ હોય છે. કાચબો હાઈબરનેશન્માં (સુષુપ્તાવસ્થામાં) અથવા ઈનર્શિયામાં (નિષ્ક્રિયતામાં) ગયો. બાળકને લાગ્યું કે એ મરી ગયો. બાળકે રોવાનું શરૂ કર્યું કે મેં કાચબો પાળ્યો અને તે મરી ગયો. તેને સમજાવવો કેવીરીતે? તેના ઈગોનો પ્રશ્ન થઈ ગયો કે કાચબો મેં પાળ્યો તે મર્યો કેમ? જુઓ અહંકારની વાત બતાવી રહ્યો છું. બાળકે રોવા-કકળવાનું ચાલુ કર્યું તો મા-બાપે ઉલટી-સીધી ભણાવી દીધી ‘‘કોઈ ચિંતાની વાત નથી આપણે આ કાચબાનું સરઘસ કાઢીને દફનવિધિ કરશું’’. અને પછી એમણે સરઘસનું વર્ણન કર્યું કે ‘‘સરઘસમાં આને બોલાવશું તેને બોલાવશું, ગાડીમાં લઈ જઈશું’’ બાળકનો ઈગો પણ તો પાછો હરજાઈ છે ને! ‘‘તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ.’’ બાળકને લાગ્યું કે કાચબાને પાળ્યો તેમાં તો કોઈએ આટલું રિકગ્નિશન્ ન આપ્યું. કાચબો મરી ગયો તેના દફનમાં આટલા બધા લોકો આવશે. તો બાળકને મજા આવી ગઈ. એણે કહ્યું કરો દફન. બધી જાહેરાત થઈ ગઈ. એટલામાં તો કાચબો ચાલીને તળાવમાં ચાલ્યો ગયો. એ તો જીવતો નિકળ્યો. સુષુપ્તાવસ્થા છોડીને જાગ્રદવસ્થામાં આવી ગયો. બાળક ફરી રોવા લાગી ગયો ‘‘આને દફન કરો, આને દફન કરો’’. બાય્ ધેટ્ ટાઈમ્ કાચબાના પાલક હોવાને બદલે કાચબાને દફન કરવાનો ઈગો પેદા થઈ ગયો.

આજે આપણે ગુસાંઈઓને પણ આવીજ રીતે મહાપ્રભુના સિદ્ધાંતોને દફન કરવાનો ઈગો પેદા થઈ ગયો છે. આ પ્રકારની આજે

આપણે પ્રેક્ટિસ્ કરીએ છીએ. આ એક વાત નગ્ન સત્ય છે. શરૂઆત આપણે કરી હતી કે અમે મહાપ્રભુના સિદ્ધાંતનું પાલન કરશું. પરંતુ આજે આપણે આ વાતને માટે રોઈ રહ્યા છીએ કે અમે દફન કેમ ન કરી શકીએ? જે દફન ન કરવા દે, જે દફનની ના પાડે તેને અહંકાર છે. ઈગો તો હરજાઈ છે *''તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ એ-દિલે-નાદાં યે બદગુમાંની હે''* કેમકે દિલને ખબર ન પડે કે કઈ વાત ઉપર દિલ ક્યારે ચાલ્યું જાય. જે વખતે જે પ્રકારથી દિલ ચાલ્યું જાય તે પ્રકારથી આપણો ઈગો કન્વર્ટ્ થઈ જાય. ઈગો મૅન્ટેઈન્ તો થાય નહીં આ બેજિક્ ઈશ્યુ છે.

**પ્રશ્ન :** આધુનિક વાત ચાલી રહી છે તેને છોડીને આપણે આઈડિયલ્ વાત છે તેને પકડીને ચાલીએ.

**જવાબ :** આ બાબતમાં થોડી હિન્ટ્ તો મેં આપી જ છે કે આપણે પુષ્ટિમાર્ગમાં પુષ્ટિજીવને પ્રવૃત્ત કરવા માટે રિસ્પોન્સિબિલિટી લીધી છે. આ તો બ્રાહ્મણનો જ રોલ્ છે યજન-યાજન અધ્યયન-અધ્યાપન દાન-પ્રતિગ્રહ **''ષટ્કર્માણિ દિને-દિને''** માં કહેવામાં આવ્યું જ છે. આના અંતર્ગત આપણે યાજન કેન્સલ્ કર્યો છે. માઈન્ડ્ ઈટ્. પુરૂષોત્તમજી સિદ્ધાન્તમુક્તાવલીની ટીકામાં એ ઈશ્યુને પૂરી રીતે ઉછાળીને ખુલાસો કરે છે કે જો બ્રાહ્મણ યજ્ઞ કરાવવાની, હોમ કરાવવાની, પૂજા કરાવવાની દક્ષિણા લઈ શકે તો આપણે સેવા કરવાની દક્ષિણા કેમ ન લઈ શકીએ? અને તેના ખુલાસામાં શ્રીપુરૂષોત્તમજીએ શું વાત કરી. શાસ્ત્રવિહિત કર્મોના અનુષ્ઠાનમાં એ વિહિત છે, પરંતુ અવિહિત ભક્તિની સાધનામાં એ વિહિત નથી. એટલા માટે ન લેવી જોઈએ. યાજનની વાત ભક્તિમાં નથી લઈ શકતા.

જ્યાંસુધી ભક્તિમાર્ગ ઉપર પ્રવૃત્ત કરવાની વાત છે તો પ્રવૃત્ત કરવા એ આપણો રોલ્ માની રહ્યા છીએ. ષટ્કર્મોમાંથી એટલો બ્રાહ્મણનો રોલ્ આપણે આપણો માની રહ્યા છીએ. એ રોલ્ આપણે બીજા બ્રાહ્મણોનો પણ માન્ય કર્યો હોત, જેમ આપણે એકવાયર્ કર્યું, એમ બીજા બ્રાહ્મણોને ઍલાઉ કરત તો બીજા બ્રાહ્મણ પણ તેને પુષ્ટિમાર્ગમાં

આનંદથી નિભાવત. બ્રાહ્મણ અહીં જીવી શકતા હતા.

પરંતુ તેમાં આપણે પાછું લફડું કરી દીધું કે બ્રાહ્મણોના મુખથી પુરાણકથા ન સાંભળવી. આજે તો સ્થિતિ બહુજ બદલાઈ ગઈ છે. અમૃતવચનાવલીમાં મેં બધું આપ્યું નથી પરંતુ કામવનવાળા શ્રીદેવકીનંદનાચાર્ય મહારાજશ્રીનું એક વચનામૃત છે. એમણે નવસારીમાં આપ્યું હતું. આજથી સો સવાસો વરસ પહેલાની વાત છે કે "આપણે ત્યાં આ સમસ્યા આવી ગઈ છે કે શાસ્ત્રી જો બાલકને ભણાવે તો વૈષ્ણવ એમ કહે કે 'શાસ્ત્રી બાલકને બહુ પરિશ્રમ આપી રહ્યા છે'. તેના કારણે અમારા ગુસાંઈઓ ભણી નથી રહ્યા. ભણશે નહીં તો ધર્મોપદેશ કેવીરીતે આપશે પ્રવચન કોણ કરશે?" શાસ્ત્રી પ્રવચન કરે અને શાસ્ત્રી પૉપ્યુલર્ થઈ જાય તો બાલક તો મર્યા ને. (શાસ્ત્રી પૉપ્યુલર્ ન થાય) તો પોતાનામાં પૉપ્યુલર્ થવાનો ગટ્સ્ નથી કેમકે ભણ્યા જ નથી. તો કરે શું?

પાછું એક ત્રીજું ચક્કર ચલાવ્યું કે પ્રવચન સાંભળવા નહીં, પુષ્ટિમાર્ગના પણ સિદ્ધાંત સાંભળવા નહીં. સિદ્ધાંત સાંભળો તો બહિર્મુખ થઈ જાવ. પ્રમાણમાર્ગી થઈ જશો. પ્રમેયમાર્ગી નહીં રહી જાવ. આ ચક્કર આપણે ચલાવ્યું અને બૂમરેન્ગ્ આપણા ઉપર થયું. હવે પોલ ખુલી ગઈ. હવે બધા શાસ્ત્રી ભાગવત કથાઓ કરવા લાગી ગયા. ટુ દિ એક્સટેન્ડ્ કે ખુદ આપણે ગુસાંઈઓને કથાપ્રવચન કરવા માટે અને કરાવવા માટે એમના ઉપર નિર્ભર થવું પડી રહ્યું છે. આ દુર્ગતિનો ઉપાય શું? આપણે ભક્તિમાર્ગના અંતર્ગત જે રોલ્ અપનાવ્યો એ રોલ્ બ્રાહ્મણોને પણ આપણે આપી શકતા હતા.

એક વાત સમજો કે ચાચા હરિવંશજી માર્ગનો પ્રચાર નહોતા કરતા? ચાચા હરિવંશજી શું દીક્ષા નહોતા આપતા? શેઠ પુરૂષોત્તમદાસ તો વાણિયા હતા તો પણ દીક્ષા આપતા હતા. ગોપાલદાસ પણ આપતા હતા. અને જે આઠમા લાલજી હતા તે પણ દીક્ષા આપતા હતા. સિસ્ટેમેટિક્ એક એવું ષડ્યન્ત્ર ફેલાવ્યું કે બાલકના સિવાય કોઈ દીક્ષા ન આપી શકે. બાલકના સિવાય કોઈના વચનામૃત સંભળાવી ન શકો. બાલક

પાછા બોલે નહીં. જનતાને બેવકૂફ બનાવવાના ષડ્યન્ત્ર કરતા રહે. આવશ્યકતા આ નેગેટિવિટી ખતમ કરવાની છે. બૂમરેન્ગ્ તો થઈ છે આમાં તો આપણે ઈન્કાર ન કરી શકીએ. બૂમરેન્ગ્ તો એટલી થઈ કે તિલકાયતની પાસે બ્રહ્મસંબંધ લેવાવાળો પાછો કિરીટભાઈ પાસેથી બ્રહ્મસંબંધ લેવા લાગી ગયો. અને એ એમ કહે કે તિલકાયત મહારાજ પાસે બ્રહ્મસંબંધ લેવામાં મને સંતોષ નથી થયો.

એક ઈસાઈ સૅમિનરીના(મિસૅનરીના?) એક પાદરીએ સ્પષ્ટ લખ્યું છે કે આપણે (ક્રિશ્ચિયન્) નાસમજ છીએ. આપણે ક્રાઈસ્ટ્ના નામ ઉપર ક્રિસમસ્ના દિવસે રોઈ રહ્યા છીએ. પુષ્ટિમાર્ગને કોટ્ કર્યો છે. પુષ્ટિમાર્ગને સમજો કે હિન્દુસ્તાનમાં પ્રચાર કેવીરીતે કરવો. એણે કહ્યું છે કે "ક્રિસમસ્ના દિવસે એકને મૅરી બનાવો, એકને જોસેફ્ બનાવો, ક્રાઈસ્ટ્ને પલના ઝુલાવો, અધિકમાસના મનોરથ કરો. હિન્દુસ્તાનમાં બધાને આ જ પસંદ આવી રહ્યું છે. આપણું રોવું-કકડવું પસંદ નથી આવતું." મરી ગયો રે! અરે બધા મરી રહ્યા છે તો એમાં ક્રાઈસ્ટ્ પણ મરી ગયો તો કઈ મોટી વાત થઈ? હિન્દુસ્તાનની જનતા ઉલટુ વિચારી રહી છે. એટલા માટે બોલિવુડ્ની જેટલી ફિલ્મ ચાલે તેમાં ટ્રૅજડીની (કરૂણતાની) ફિલ્મ્ ન ચાલે, કૉમેડી(હાસ્ય)ની ફિલ્મ્ ચાલે. દરેક માણસ દુઃખી છે ગમે તેમ કરીને સુખી થવા માગી રહ્યો છે. મિર્ચ-મસાલા બધું હોય તો ચાલે. કેમકે દરેક માણસ સુખી થવા માગે છે. હવે ધર્મના નામ ઉપર દુઃખી કરો તો તે શા માટે દુઃખી થાય? ક્રાઈસ્ટ્ મરી ગયો તો મરી ગયો. એમાં મારૂં શું લઈ ગયો? અહીં તો કાંઈક છપ્પનભોગની વાત કરો, કોઈ સાજ-સજાવટના પ્રદર્શનની વાત કરો, કોઈ પિક્નિક્ની વાત કરો તો બધાને ધર્મ સારો લાગી રહ્યો છે. અત્યારે આપણી ભોગપ્રધાન વૃત્તિ થઈ ગઈ હોય તેમાં તે પૉપ્યુલર્ કેવીરીતે થાય? હવે સમજો કે ક્રિશ્ચિયનોના ચર્ચમાં છપ્પનભોગ કરવાનું શરૂ કરી દીધું તો આપણા કેટલા બાળકો કૉન્વેન્ટ્માં ભણી રહ્યા છે તેઓ આવશે આપણે ત્યાં? એ દિવસે આપણા બાળકો આપણા મંદિરને બદલે ચર્ચનો ફાસ્ટ્ફુડ્નો પ્રસાદ વધારે પસંદ કરશે. બધાને કેક્ પસંદ આવી રહી છે, બધાને ચૉકલેટ્ પસંદ આવી રહી છે. બીજું તો ઠીક

આપણા ગુસાંઈઓના બાલકોને પણ, કેટલાક તો પિતામહ બની ગયા છતાં પણ ઈરોટિક્ લિટરેચર્ પસંદ આવે છે, ચાઈનીજ્ અને મૅક્સિકન્ બર્ગર્ પસંદ આવી રહી છે, આવી પોતાની ઓરકુટ્ની આઈ–ડી પ્રૉફાઈલ્માં બિનધાસ શેખી વધારે છે. તો આપણે ત્યાંના ગુસાંઈઓને આપણે ત્યાંની સામગ્રી પસંદ નથી આવી રહી તો બહારના લોકોને કેવીરીતે પસંદ આવશે? કૉન્વેન્ટ્માં ભણતા વૈષ્ણવ છોકરા–છોકરી કેવીરીતે પસંદ કરશે આપણી સામગ્રી? આપણી સામગ્રીમાં એ પ્રકારની ફ્લેવર્ નથી. મેકડોનાલ્ડ્વાળો તો બીફ્ની ફ્લેવર્ નાખતો હતો. એટલા માટે કે એ ફ્લેવર્થી લોકો આઈટમ્ પસંદ કરવા લાગી જાય. લોકો ખાવા લાગી જશે.

પ્રિવેલિંગ્ એટ્મોસ્ફિયર્માં કેવીરીતે કન્વિન્સ્ કરશું? ઈશ્યુ આ છે.

આપણે ત્યાં બ્રાહ્મણવૃત્તિના રૂપમાં શાસ્ત્રવિહિત હોવાછતાં પણ ભગવત્સેવાનું યાજન નિન્દિત માનવામાં આવેલું છે. તેનું અધ્યાપન એક અલગ કથા છે અને અધ્યાપનની જગ્યાએ તેનું અનુષ્ઠાન કરાવવું એક અલગ કથા છે. આપણે ત્યાં ભાગવત નિત્યમાં હતું, આપણે ત્યાં સેવા નિત્ય હતી, આપણે ત્યાં ભગત્સેવા કે ભગવત્કથા નિત્ય અનુષ્ઠાનાત્મક હતા કેવલ નૈમેત્તિક ન હતા. ભગવત્સેવા કે ભગવત્કથા પોતાના ફૅમિલીના મેમ્બર્ની સાથે કરવાની હતી. ભાગવતપઠન પણ નિત્યક્રમમાં અનુષ્ઠેય હતું, સપ્તાહિકી વિધિથી નહીં. જ્યારે નિત્ય કરી રહ્યા છો તો તેમાં પ્રૉફેશનલ્ મોટિવેશન્નો પ્રશ્ન નહીં ઉઠે. હવે, પરંતુ સાત દિવસ માટે ઘોષણા કરીએ કે અમે ભાગવતનું શ્રવણ–પ્રવચનનું આયોજન કરવા જઈ રહ્યા છીએ તેના માટે તમારૂં નામ લખાવો. તેમાં શાસ્ત્રના યજમાન, સ્કન્ધના યજમાન, પ્રકરણના યજમાન, અધ્યાયના યજમાન અને છેવટે વાક્યોના પદોના અને અક્ષરોના યજમાન અંતમાં ક્યારેક ને ક્યારેક બુક્ કરતા જશું! આ તો આપણા ધર્મોપદેશની ફેશન્ વધતી જઈ રહી છે.

**પ્રશ્ન :** કોઈ શાસ્ત્રી ભાગવતકથાનો ઉપદેશ આપી રહ્યો છે તેમાં કાંઈ જીવિકા નક્કી નથી કરી રહ્યો તો પછી કેવીરીતે સમજવું?

**જવાબ :** એ ન કરે પરંતુ એ નિમિત્તથી લઈ રહ્યો છે કે નહીં?

**પ્રશ્ન :** એ નિમિત્તથી નથી લઈ રહ્યો. એ ફક્ત ભાગવતસપ્તાહ કરી રહ્યો છે.

**જવાબ :** તો ઠીક છે.

**પ્રશ્ન :** એ બ્રાહ્મણ અને આપણે બાલકો ઉપદેશ આપી રહ્યા છીએ તો ભક્તિનો તેમાં ડિફરેન્સ્ શું છે?

**જવાબ :** આપણો જે બ્રહ્મસંબંધમંત્ર છે તે ભાગવતોક્ત મંત્ર નથી. ભાગવતમાં એ પ્રિન્સિપલ્‌ની વાત છે, એ મંત્રની વાત નથી. એક વાત આ. આપણે ખુદ ડિનાય્ કરી રહ્યા છીએ કે બ્રહ્મસંબંધમંત્ર ભાગવતોક્ત પૌરાણિક મંત્ર નથી. આ વૈદિક મંત્ર નથી આ તાન્ત્રિક મંત્ર નથી. જ્યાં સુધી આત્મસમર્પણની વાત છે તો એ ફક્ત ભાગવતમાંજ નથી ઉપનિષદ્‌માં પણ કહેવામાં આવેલી છે. ગીતામાં પણ કહેવામાં આવેલી છે, આગમમાં પણ કહેવામાં આવેલી છે, અન્યાન્ય પુરાણોમાં પણ કહેવામાં આવેલી છે, બાઈબલ્‌માં પણ કહેવામાં આવેલી છે. અને ઈવન્ બૌદ્ધ તેમજ જૈન ધર્મોમાં પણ કહેવામાં આવેલી છે. કયો ધર્મ છે જ્યાં સમર્પણનો સિદ્ધાંત નથી કહેવામાં આવ્યો બતાવો! દરેક ધર્મમાં આ સિદ્ધાંત કહેલો છે. તમે કોઈ સ્પેશિયલ્ વ્યક્તિ નથી. આપણે એ સમર્પણની દીક્ષામાં પ્રેરિત કરી રહ્યા છીએ. ઉપદેશની વાત ક્યારે આવે, જ્યાં દીક્ષાનો સવાલ આવી રહ્યો છે ત્યારે. પુરૂષોત્તમજીનો શંકાનિરાસવાદ વાંચીને જુઓ. સ્પષ્ટ કહી રહ્યા છે કે કૃષ્ણનામના સિવાય અષ્ટાક્ષર 'મંત્ર' નથી. એ વાત બ્રહ્મસંબંધ ઉપર પણ લાગુ નહીં થાય શું? ખતમ થઈ ગઈ વાત. કૃષ્ણનામ જો મંત્ર છે તો કૃષ્ણનું એકજ નામ નથી એક સહસ્રનામ છે, બધા નામ મંત્ર છે. એ તો સ્ક્રીન્‌ને 'સ્ક્રીન્' કહેવા જેવી વાત થઈ.

સત્યજીતરાયે 'કાપુરૂષ મહાપુરૂષ' નામની ફિલ્મ્ બનાવી હતી. તેમાં રેલ્‌માં એક સાધુબાબા બેઠેલા છે. જ્યારે સૂર્ય ઉદય થવાનો થાય ત્યારે કહેવા લાગ્યા "*આવો, ઉપર આવો. અરે! ગભરાવ છો કેમ! થોડાક*

*વધુ ઉપર આવો''* થોડીક વારમાં સૂરજ ઉગી ગયો. સામે બેઠેલા યાત્રીઓએ કહ્યું *''ઓહો તમારામાં આટલી સામર્થ્ય કે સૂર્યને ઉગાડી દો છો!''* એમણે કહ્યું *''શું કરૂં બેટા!, આ સૂરજને થોડો સંકોચ થઈ રહ્યો હતો. અમને થયું કે અમારાથી જગતની ભલાઈનું કામ થઈ શકે એ કરી દઈએ''*. અરે! સૂરજ તો ઉગવાનો જ છે એમાં ''ઉપર આવો ઉપર આવો'' કહેવાથી ઉગી જતો હોય અને '' હમણાં ન ઉગતો થોડીક વાર રોકાઈ જા'' કહેવાથી ન ઉગે શું? હવે કોઈ આમાં ગદ્ગદ્ થઈ જાય, કોઈને બાબાજીનું અદ્ભૂત સામર્થ્ય લાગે! એ તો એક દિવસ મારે ત્યાં પણ આવું થયું. કી-બોર્ડમાં ઈંગ્લિશ્ લેટર્ છે, મૉનિટર્ ઉપર હિન્દી આવી રહી હતી. એકે કહ્યું કે *''આપ ઈંગ્લિશ્ અહીંયા કરો છો ને ત્યાં હિન્દી કેમ બની જાય છે? ઓહો... આપના વિના આવો ચમત્કાર કોણ કરી શકે?''* આવા ચમત્કાર ઘડી લેવાવાળાઓથી કેવીરીતે પાર પાડવું. આપણે માહોલ જ એવો બનાવી રાખ્યો છે. આપણે હાથ ઉંચો કરીએ તો ચમત્કાર લાગે. માટીના માટલા જેવડો બુંદીનો લાડુ બનાવી દઈએ તો લોકોને ચમત્કાર લાગે *''આ તો વલ્લભકુલ વગર કોણ કરી શકે!''* લાવો ભેટ પાછી આ ચમત્કારની. આનું સૉલ્યુશન્ શું?

આપણી ફોલોઈન્ગ્ને આપણે લોકો જાણીજોઈને બેવકૂફીના માહોલમાં જીવાડવા માગીએ છીએ તો એ બેવકૂફી એક ને એક દિવસ આપણે ગળે વળગશે. આમાં કોઈ એવી વાત નથી કે જે આપણી મોનોપોલી હોય. એ પણ મહાપ્રભુએ ખુલાસાથી કહી છે :

**''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુઃ આદરાત્. તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્''.** (ત.દી.નિ.૨/૨૨૭-૨૨૮)

તો આપણો રોલ્ મહાપ્રભુએ કમ્પલ્સરી ક્યાં માન્યો છે. તો પણ જબરદસ્તી આપણી અને ભોળા વૈષ્ણવોની મિલીભગતે આપણને ભગવત્સેવાર્થ કમ્પલ્સરી હોવાનો ભ્રમ ઠસાવી રાખ્યો છે. આ પ્રકારથી કમ્પલ્સરી બનાવે ત્યારે તો બધી પ્રૉબ્લેમ્ ઉભી થાય છે. તેની કમ્પલ્સરી

ન બનાવો તો કોઈ ઈશ્યુ નથી.

એક વખત શું થયું, એક માણસ મુર્ગી પાળતો હતો તેની મુર્ગી કોઈ રીતે ખોવાઈ ગઈ કે તેને કુતરો ખાઈ ગયો. હવે તેને લાગ્યું કે આ મુર્ગીના ઇંડાનું શું કરવું? તો એણે એક બતક પણ પાળી લીધું. એણે મુર્ગીના બધા ઇંડા બતકની નીચે ઘુસાડી દીધા. બિચારા બતકને પણ અહંકારયુક્ત મમતાભ્રાંતિ થઈ ગઈ *"તૂ જો રખતા હે હરજાઈસે વફાકી ખ્વાઈશ"*. તેને લાગ્યું કે આ ઇંડા મારા જ દીધેલા ક્યાંક ન હોય! એણે સેવ્યા તો થોડાક દિવસમાં તેમાંથી મુર્ગી નિકળી આવી. હવે બતકોની ખાસીયત હોય "ક્વેક્-ક્વેક્' કરીને જ્યારે ઈચ્છે ત્યારે પાણીના તળાવમાં ઉતરી જાય. એ 'ક્વેક્-ક્વેક્' કરીને પોતાના ચૂજાનની સાથે ચાલવા લાગી. પરંતુ જ્યાં તળાવમાં ઉતરવાનો વારો આવ્યો તો બતકના બચ્ચા બધા કૂદી ગયા. મુર્ગીનું બચ્ચું બિચારૂં કિનારા ઉપર 'કુક્-કુક્' કરતું ઉછળતું રહી ગયું.

આજે આપણે પુષ્ટિમાર્ગીય પણ એના એજ રહી ગયા છીએ. બતકો બિચારી કૂદી ગઈ છે. આપણે ભૂલથી મુર્ગીના બચ્ચા હોવા છતાં પોતાની જાતને બતક માની લીધા છે કે આપણે પુષ્ટિજીવ હોવાને કારણે તરી જશું. આપણે તો ખુદ ડૂબી રહ્યા છીએ. જે પ્રકારથી આપણે આપણા સિદ્ધાંતનો બાધ કરી રહ્યા છીએ તો આપણે બીજાને શું તારી શકશું? આ રહસ્યને નહીં સમજીએ અને સતત પાખંડ ચાલુ રાખશું તો નૅચરલી બૂમરેન્ગ્ થશે. બટ્ નૅચરલ્ છે. બાકી જે આપણી આઈડિઅલ્-લાઈફ્ સ્ટાઈલ્ પ્રૉફેશનલ્ ન હતી. આપણે એજ્ એ પ્રૉફેશનલ્ આજે ભક્તિ ઍડોપ્ટ્ કરી રાખી છે. એજ્ એ પ્રોફેશન્ આપણે ઉપદેશ કેમ ન અપનાવ્યો?

**"ભોજન કર વિશ્રામ છિનક લે નિજ મંડલી જુ બુલાયી, વેણુગીત પુનિ યુગલગીતકી રસબરખા બરખાઈ, પ્રકટ વ્હે મારગ રીત દિખાઈ"** આ તો મહાપ્રભુની ડેઈલી-રૂટિન્ હતી. કોઈના માટે નહોતા કરતા, ખુદને માટે કરતા હતા. નેચરલ્ કોર્સ્માં જે પાર્ટિસિપેટ્ કરતા હતા એજ કરતા હતા.

જ્યારે કે આપણી આજે ડેઈલી-રૂટિન્ **'ભોજન કર વિશ્રામ કિયો અરૂ ટી.વી. દેખન જાઈ'** વાળી વાત થઈ ગઈ છે. જેમ સેવા આપણે આપણા ઘરમાં કરવી જોઈએ બીજા માટે સેવા કરવી પૅમ્ફ્લેટ્ છાપીને ગામને બોલાવવું કે આજે અમારા ઠાકોરજીનો છપ્પનભોગ છે આજે કુનવારો છે, આ તો સિદ્ધ કરે છે કે તમે ખુદના માટે નથી કરી રહ્યા.

અધ્યાપનમાં પણ આવું જ છે. અધ્યાપન બે પ્રકારથી થાય. એક બ્રાહ્મણ કૅપૅસિટીનું કે જેમાં આપણે શાસ્ત્રાધ્યાપન કરાવીએ. એ બાલકો કોઈ કરાવતા નથી. એ તો મહાપ્રભુજી કરાવતા હતા. કોઈને વ્યાકરણ ભણાવતા હતા, કોઈને ગીતા ભણાવતા હતા. બાલકોમાં એ શાસ્ત્રાધ્યાપનની લાઈફ્-સ્ટાઈલ્ તો બિલકુલ ગાયબ જ થઈ ગઈ. તો સંપ્રદાયના સિદ્ધાંતગ્રંથ ભણાવો! તેમાં તો બધા શાસ્ત્ર આવી ગયા. કયા શાસ્ત્ર એમાં નથી એ બતાવો **''અર્થો અયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ, રામાયણૈઃ સહિતભારતપંચરાત્રૈઃ, અન્યૈઃ ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈઃ નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ''** (ત.દી.નિ.૧/૧૦૪) કયું શાસ્ત્ર એમાં નથી? ખાલી ભાગવતજ થોડું છે? આમાં ભાગવતનો ક્યાં સવાલ આવ્યો? અમથે અમથા ભાગવત નહીં ભણવાને કારણે દુઃખી લોકો એમ માને કે તમે પણ ભાગવત કરી રહ્યા છો તો તેનો તો કોઈ ઉપાય નથી.

પરમેશ્વરની અવજ્ઞાના દંડરૂપમાં માનવીય શરીરના મૈથુનજન્ય અથવા મર્ત્ય હોવાના અભિશાપની કથા ન તો ભારતીય આર્ષ પરંપરામાં ક્યાંય વર્ણિત થઈ છે અને ન કોઈ પણ પ્રાણીના શરીરના પૃથ્વી જલ તેજ વાયુ આકાશ રૂપી જડ પદાર્થોના સંઘાતરૂપ હોવામાં કોઈ જાતની અપવિત્રતાની કલ્પના અહીં માન્ય કરવામાં આવી છે. બૃહદારણ્યકોપનિષત્ (૨/૩/૧) સ્વયં બ્રહ્મના પણ બે રૂપ સ્વીકારે છે : મૂર્ત મર્ત્ય અસ્થાયી અને અમૂર્ત અમૃત સ્થાયી. આજ પ્રકારથી જડ પદાર્થોની ઉત્પત્તિ તૈત્તિરીયોપનિષદ્(૨/૧-૫)માં પરમાત્મામાંથી આકાશ વાયુ અગ્નિ જલ પૃથ્વી ઔષધિ અન્ન અને અન્નમય પુરૂષશરીરના ઉત્પત્તિક્રમમાં સ્વીકારવામાં આવી છે. આજ અન્નરસમય શરીરની ભીતર ક્રમશઃ પ્રાણમય મનોમય વિજ્ઞાનમય આનન્દમય સન્નિહિત છે એમ પણ માનવામાં આવ્યું છે. અર્થાત્ પરમાત્માની ભીતર જ આકાશ વગેરે પંચમહાભૂત પેદા થયા અને આ માનવીય પાંચભૌતિક શરીરના વિભિન્ન કોશરૂપ અન્નમય પ્રાણમય મનોમય વિજ્ઞાનમયના ક્રમમાં બધાની ભીતર આનન્દમય પરમાત્મા બિરાજમાન રહે છે, એમ માનવામાં આવ્યું છે.

આમ ભારતીય આર્ષ પરંપરા ન તો શરીરને ધિક્કારે છે અને ન તો કેવલ શારીરિકતાને જ આપણા અસ્તિત્વનું પ્રમુખ રૂપ સ્વીકારે છે. આપણી શારીરિકતાને આપણા અસ્તિત્વની પૂર્ણતા માનવી અથવા કેવલ ભૌતિક વિષયોમાં મળતા સુખને જ સર્વોપરિ સુખ માનવું આર્ષ દૃષ્ટિકોણના અનુસાર અજ્ઞાનથી જન્ય મનોવૃત્તિ હોવાને કારણે પશુતુલ્યતા છે અને આત્મમોહથી ભરેલા હોવાને કારણે તો આ ચોક્કસજ આસુરી ભાવ છે. આપણા અસ્તિત્વને એની સંપૂર્ણતા–આધિભૌતિક આધ્યાત્મિક તેમજ આધિદૈવિકતા–માં સ્વીકારવી જ ભારતના ઋષિ–મહર્ષિઓના દૃષ્ટિકોણની વ્યાપકતા છે.

આ મૂળ મુદ્દાની વાતને સમજી લેવાથી દૈવિક સ્વરૂપોમાં સ્ત્રી–પુરૂષ આકારોવાળા શારીરિક ભેદ અથવા એ દૈવી આકારોના પરસ્પર પ્રણય કે

કલહના લીલાપ્રસંગોને પૌરાણિક ગપ્પ (માઈથ) કે માનવીય લૌકિક કુંઠાઓની દૈવીકરણ દ્વારા સન્તુષ્ટિની વિકૃત માનસિકતા માનવી પણ મૂલ આર્ષ ધારણાઓની સાથે નિતાન્ત અપરિચયનું પ્રકાશન છે.

જાગતિક અપૂર્ણ ઐશ્વર્ય, અપૂર્ણ સામર્થ્ય, અપૂર્ણ સૌન્દર્ય, અપૂર્ણ જ્ઞાન કે અપૂર્ણ વૈરાગ્યની જેમ અપૂર્ણ કામ કે અપૂર્ણ પ્રેમની અપૂર્ણતાને સ્વીકારી લેવી એક વાત છે. આ જ અપૂર્ણતા, પરંતુ, આપણી ભીતર પરિપૂર્ણ ઐશ્વર્ય સામર્થ્ય સૌન્દર્ય જ્ઞાન વૈરાગ્ય કામ કે પ્રેમની અનુભૂતિ પ્રાપ્ત કરવાનું પ્રેરકબળ પણ બને છે, આ પણ ભૂલવું ન જોઈએ.

તેથીજ આપણે ત્યાં આર્ષ શાસ્ત્રોમાં બ્રહ્મના સૃજનકારી દૈવિક પુરૂષરૂપને બ્રહ્મા તો દૈવિક સ્ત્રીરૂપને સરસ્વતી; અર્થાત્, નૂતન સૃજનમાં જ્ઞાનવિજ્ઞાનપૂર્ણતા હોવી અપેક્ષિત માનવામાં આવેલી છે. અન્યથા તો જ્ઞાન-વિજ્ઞાનના વગર સૃજન આત્મવિનાશનો હેતુ પણ બની શકે છે. બ્રહ્મના પાલનકારી દૈવિક પુરૂષરૂપને વિષ્ણુ તો દૈવિક સ્ત્રીરૂપને લક્ષ્મી; અર્થાત્, પાલનકારી સ્વરૂપનું વિષ્ણુ=સર્વવ્યાપી હોવું તથા લક્ષ્મી=ધનધાન્યપૂર્ણ હોવું આવશ્યક માનવામાં આવેલું છે. બ્રહ્મના સંહારકારી દૈવિક પુરૂષરૂપના રૂદ્ર હોવાછતાં પણ એનું અંતિમ પ્રયોજન શંકર=કલ્યાણકારી હોવું તથા દૈવિક સ્ત્રીરૂપનું દુર્ગા કે કાલી અર્થાત્ દુર્ગમ કાલજયી હોવું આવશ્યક માનવામાં આવેલું છે. આજ રીતે આપણા કોઈ પણ ઉપક્રમમાં બ્રહ્મના વિઘ્નહરણકારી દૈવિક રૂપને ગણપતિ તો દૈવિક સ્ત્રીરૂપને રીદ્ધિ-સિદ્ધિ હોવાના રૂપમાં માન્ય કરવામાં આવેલ છે. કોઈ પણ ઉપક્રમ કે ઉદ્યમમાં વિઘ્નવારણાર્થ જેમ સમૃદ્ધિ અને સિદ્ધિ અપેક્ષિત હોય છે; તેવીજ રીતે સમૃદ્ધિ અને સિદ્ધિનું વિઘ્નરહિત હોવું પણ અપેક્ષિત હોય છે.

આ જ રીતે આપણી ભીતર ભરેલા કામભાવનું પુરૂષરૂપ કામદેવ તો પ્રેમભાવનું સ્ત્રીરૂપ રતિદેવીના રૂપમાં સ્વીકારવામાં આવેલ છે. પ્રણયકેલીમાં પુરૂષનું કામરહિત હોવું તો સ્ત્રીનું રતિ=પ્રેમરહિત હોવું

પ્રણયકેલીમાં રસાભાસજનક માનવામાં આવેલ છે.

આપણે ત્યાં ધર્મ અર્થ કામ અને મોક્ષ આમ ચારેયના પુરૂષાર્થ હોવાની સ્વીકૃતિ સ્વયંમાં આ વાતનું પ્રમાણ છે કે આ ચારેયને એક-બીજાના વિરોધી નહીં કેવલ વિભિન્ન જ માનવામાં આવતા હતા. તેથીજ આમાં કોઈ પણ એક પુરૂષાર્થના અતિરેકની મનોવૃત્તિ ન કેવલ સામાજિક અસ્વસ્થતા પ્રત્યુત આધ્યાત્મિક અસ્વસ્થતા પણ થાય છે. આજ કારણ છે કે સ્વયં પરમાત્મામાં પણ સૃષ્ટિ પ્રકટ કરતાં પહેલાં કામભાવ જાગ્યો હતો એવું ઋગ્વવેદમાં કહેવામાં આવેલું છે. આજ કામભાવવશ એકાકી પરમાત્માએ પોતે-પોતાને બે સ્ત્રી-પુરૂષરૂપ ભાગોમાં વિભક્ત કર્યો. એ બીજું સ્ત્રીરૂપ રતિજનક હતું. આમ સૃષ્ટિના આરંભમાંજ કામ અને રતિની સર્વપ્રથમ જે પ્રણયકેલી સમ્પન્ન થઈ એનાથી આ સૃષ્ટિ પ્રકટ થઈ. આ આધિદૈવિક કામ આધિદૈવિક રતિની વચ્ચે સમ્પન્ન થયેલી પ્રણયકેલી હતી.

જે અનાર્ષ મનોવૃત્તિવાળા હોય છે એમને પરમાત્માની ભીતર આવા કામ-રતિના ગુણધર્મ હોવાની વાત જુગુપ્સાજનક લાગે છે. પરંતુ પ્રાણિઓના સ્થૂલ શરીરની ભીતર સૂક્ષ્મ જીવકોશરૂપ શુક્ર (spurm) અને ડિમ્ભ (ovum) માં પણ પરસ્પર કામ અને રતિની પ્રણયકેલી ન કેવલ પશુ-પક્ષી વગેરે પ્રાણિજગતમાં પણ અપિતુ વનસ્પતી જગતમાં પણ મળી આવે છે. શું એને ધર્મ-અધર્મ નીતિ-અનીતિ કે પુણ્ય-પાપના વર્ગોમાં આપણે વહેંચી શકશું? વસ્તુતઃ તો રાસાયણિક અણુ (chemical molecule) માં પણ ઘનવિદ્યુદણુ (positiviely charged cation) અને ઋણવિદ્યુદણુ (negativily chared anion) ની વચ્ચે પણ જૈવિક નહીં પરંતુ રાસાયણિક કામ અને રતિના ભાવોના વ્યવહાર થાય જ છે. આને પણ વર્જ્ય કે પાપરૂપ માનવાથી તો આવું વિધાન કરવાવાળા જૈવિક પ્રાણિને સ્વયં પોતાના જૈવિક સ્વરૂપ (biological form) ને પણ પાપરૂપ સ્વીકારવું પડશે!

આ પરિપેક્ષ્યમાં આધિદૈવિક કામ અને રતિના પ્રત્યે આપણી આધિભૌતિક કામ અને રતિની બાબતમાં પૂર્વાગ્રહગ્રસ્ત વર્જનાપૂર્ણ

(inhibition) મૂઢતા ઉપર કાબૂ મેળવવો જ ઉપયુક્ત થશે.

એટલા માટે **''દ્યૌઃ પિતા પૃથ્વી માતા''** નો ઉદ્‌ઘોષ કરવાવાળા યજુર્વેદ પણ વર્ષાદ્વારા પૃથ્વીને વનસ્પતીગર્ભા બનાવવાવાળા દ્યૌનો ભૌતિક પર્યાવરણીય (ecological) કામભાવ અને પૃથ્વીનો રતિભાવ જ પ્રતિપાદિત કરવા માગે છે.

રસશાસ્ત્રમાં આ કામ અને રતિના પ્રણયને શૃંગારારસાત્મક માનવામાં આવેલ છે. શૃંગારરસનો રંગ પણ દ્યૌના જેવો નીલ માનવામાં આવ્યો છે અને આના અધિદેવ વિષ્ણુને માનવામાં આવ્યા છે. આમતો વેદમાં 'રાધસ્' શબ્દ લક્ષ્મીનો વાચક છે પરંતુ એ લક્ષ્મી ભગવાન્ વિષ્ણુના વિવિધ અવતારોમાં યથાયથ અનેક નામોને ધારણ કરી સાથે સાથેજ પ્રકટ થાય છે. એટલા માટે ભાગવતપુરાણમાં પણ **''નિરસ્તસામ્યાતિશયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણે રંસ્યતે નમઃ''** કહેવામાં આવ્યું છે.

આ તથ્યોને દષ્ટિગત કરવાપર જયદેવજીના ગીતગોવિન્દ કાવ્યમાં રાધામાધવની પ્રણયકેલીને સામાન્ય લૌકિક કામ-રતિના સીમિત તેમજ ક્ષુદ્ર સંદર્ભમાં જોવાને બદલે આ દિવ્ય ગંભીર અને વ્યાપક સંદર્ભમાં જોવાથી જ આ મહાકવિના પ્રત્યે ન્યાય થઈ શકે છે.

તેઓ પોતે પોતાના કાવ્યનું રસાત્મક મૂલ્યાંકન કરતાં કહે છે કે એમની કાવ્યભાષા 'મધુર' અર્થાત્ કોઈ દિવ્ય શૃંગારરસના વર્ણનાર્થ છે લૌકિક શૃંગારરસના નહીં **''શ્રિતકમલાકુચમણ્ડલ ધૃતકુણ્ડલ એ કલિતલલિતવનમાલ જય-જય દેવ! હરે! દિનમણિમણ્ડલમણ્ડન ભવખણ્ડન એ મુનિજનમાનસહંસ જય-જય દેવ! હરે!''**.

આવા મધુરભાવોને અભિવ્યક્ત કરવાનો એમણે સહજ જ કોમલધ્વનિ પ્રકટ કરતા પદોનો વિન્યાસ કર્યો છે. અર્થાત્ કોઈ પણ પ્રકારના હઠાત્ આકૃષ્ટ રૂક્ષ પદોના ચયનદ્વારા નહીં પ્રત્યુત સહજ કાન્ત અર્થાત્ કમનીય પદોના પ્રયોગદ્વારા જ આ દિવ્ય શૃંગારનું વર્ણન જયદેવ

કરે છે. આ તો જયદેવના ગીતોની પ્રથમ પંક્તિ **"લલિત લવંગ લતા પરિશીલન કોમલ મલય સમીરે, મધુકર નિકર કરમ્બિત કોકિલ કૂજિત કુંજ કુટીરે. હરિરિહ વિહરતિ સરસ વસન્તે"** થી જ સ્પષ્ટ થઈ જાય છે.

આપણે જોઈ શકીએ છીએ કે કેટલા પ્રબલ આત્મવિશ્વાસ અને શ્રીકૃષ્ણના પ્રત્યે પ્રગાઢ ભક્તિભાવની તન્મયતાથી ભરપૂર તેઓ કહે છે કે સંગીતગાયનવિદ્યામાં જે કાંઈ કૌશલ હોઈ શકે છે, જે કાંઈ ભગવાન્ વિષ્ણુ કે શ્રીકૃષ્ણનું અનુધ્યાન થઈ શકે છે, જે કાંઈ શૃંગારરસીય સંયોગ કે વિરહના મનોભાવોનું સૂક્ષ્મ ચિત્રણ થઈ શકે છે, એ બધુંજ કાંઈ શ્રીકૃષ્ણમાં તલ્લીન જયદેવ પ્રસ્તુત ગીતગોવિન્દ કાવ્યના અનુશીલનમાં પ્રાપ્ત થઈ જાય છે!

પુષ્ટિભક્તિમાર્ગપ્રવર્તક શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ અને એમના પુત્ર ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ બંનેનો જ જયદેવના ગીતગોવિન્દ સાથે કેટલો અધિક લગાવ હતો, એ તો મહાપ્રભુના **"કાવ્યકથાઅપિ નીતાઃ કાવ્યોક્તપ્રકારેણ ગીતગોવિન્દોક્તન્યાયેનાપિ રતિં કૃતવાન્"** (ભાગ.સુબો.૧૦/૩૦/૨૬). તથા ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણદ્વારા લખવામાં આવેલી ગીતગોવિન્દની વ્યાખ્યા પણ ઉપલબ્ધ થાય છે. ન કેવલ આટલું પ્રત્યુત પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં શ્રીરામ શ્રીવામન અને શ્રીનૃસિંહ જયન્તીના સિવાય વસન્ત ઋતુમાં પણ જયદેવના પદોનું ગાયન એમના કાવ્યના પ્રત્યે અલૌકિક લીલાના વર્ણનની પુષ્ટિભક્તિસંપ્રદાયદ્વારા પ્રકટ કરવામાં આવેલી સ્વીકૃતિ છે.

# ઉદ્ધૃતવચનાનુક્રમણિકા


અંતઃકરણ મદ્વાક્યં સાવધાનતયા... (અન્તઃ.પ્ર.૧-૨)
અંશોનાનાવ્યપદેશાત્... (બ્ર.સૂ.૨/૩/૪૩)
અણોઃ અણીયાન્ મહતો મહીયાન્... (કઠોપ.૨/૨૦)
અતઃ સ્નેહ પદાર્થાન્તરમ્... (સુબો.૧/૧૯/૧૬)
અતઃ શિવસ્ય વિષ્ણુસ્ય... (બા.બો.૧૧)
અત્તા હિ અત્તનો નાથ કો... (ધમ્મપ.૧૨/૪)
અધિષ્ઠાનં તથા કર્તા કરણં... (ભગ.ગીતા.૧૮/૧૪-૧૬)
અન્યકર્તૃકાપમાનેડપિ ન અહંકારં... (ત.દી.નિ.પ્ર.૨/૨૪૧)
અપરા ઈયમ્ ઈતસ્તુ અન્યાં... (ભગ.ગીતા.૭/૫)
અયુક્ત પ્રાકૃત સ્તબ્ધ શઠો... (ભગ.ગીતા. ૧૮/૨૮)
અર્થો અયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ... (ત.દી.નિ.૧/૧૦૪)
અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયા... (કેનોપ.૧૧)
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ... (વિ.ધૈ.આ.૧૧)
અસન્નેવ સ ભવતિ અસદ્ બ્રહ્મ... (તૈત્તિ.ઉપ.૨/૬)
અસ્મત્કુલં નિષ્કલંકમ્... (લલિ.ત્રિભં.સ્તો.૧)
અહં કૃત્સ્નસ્ય જગત પ્રભવઃ... (ભગ.ગીતા.૭/૬-૭)
અહં બ્રહ્માસ્મિ... (બૃહ.ઉપ.૧/૪)
અહંકાર-વિમૂઢાત્મા 'કર્તાહમ્...' (ભગ.ગીતા.૩/૨૭)
અહંકારં બલં દર્પં કામં... (ભગ.ગીતા.૧૬/૧૮)
અહમ્ અન્નમ્ અહમ્ અન્નમ્!!... (તૈત્તિ.ઉપ.૩/૧૦/૬)
અહમ્ આત્મા આત્મનાં ધાતઃ... (ભાગ.પુરા.૩/૯/૪૨)
આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્... (સિ.મુ.૧૬)
આત્મૈવ ઈદમ્ અગ્ર આસીત્ પુરૂષવિધઃ... (બૃહ.ઉપ.૧/૪/૧)
અત્મૌપમ્યેન સર્વત્ર સમં... (ભગ.ગીતા.૬/૩૨)
આધિદૈવિકં લક્ષયતિ... (સુબો.૩/૨૬/૨૫)
આનન્દાંશસ્તુ પૂર્વમેવ તિરોહિત... (બ્ર.સૂ.ભા.૩/૨/૫)
આનન્દાંશાભિવ્યક્તૌ તુ તત્ર... (ત.દી.નિ.૧/૫૪)
આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્... (તૈત્તિ.ઉપ.૩/૬)

| | |
|---|---|
| આવિર્ભાવતિરોભાવૌ શક્તિ વૈ... | (ત.દી.નિ.૨/૧૪૦) |
| ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ... | (અન્ત.પ્ર.૧૦) |
| ઈદમ્ એવ ઈન્દ્રિયવતાં ફલં મોક્ષોઽપિ... | (સુબો.૧૦/૧૮/૭) |
| ઈન્દ્રાદયો બાહવઃ આહુઃ ઉસ્રાઃ... | (ભાગ.પુરા.૨/૧/૨૯) |
| ઈમામ્ અદ્ભિ પરિગૃહીતાં ધનસ્ય... | (છાન્દો.ઉપ.૩/૧૧/૬) |
| ઈશ્વર સર્વભૂતાનાં હ્રદેશે... | (ભગ.ગીતા.૧૮/૬૧-૬૨) |
| ઉત્કર્ષશ્ચ અપિ વૈરાગ્યે... | (સુબો.૧૦।૧૮।૨૬) |
| ઉદ્ધરેદ્ આત્મના આત્માનં... | (ભગ.ગીતા.૬/૫) |
| ઋતામૃતાભ્યાં જીવેત્ તુ મૃતેન... | (મનુ.સ્મૃ.૪/૪) |
| એતદ્ સિદ્ધયથમ્ ઉપાયમ્ આહ... | (ત.દી.નિ.પ્ર.૨/૨૪૨) |
| એતેન ભગવદર્થં નિરૂપધિસ્વસર્વસ્વ... | (સિ.મુ.વિવૃત્તિ-૨) |
| કર્તૃત્વં કારણત્વં ચ કાર્યત્વં... | (ભાગ.પુરા.૩/૨૬/૨૬) |
| કર્તૃત્વં પ્રાણીષુ વિદ્યમાન અહંકારસ્ય... | (સુબો.૩/૨૬/૨૬) |
| કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ... | (ભગ.ગીતા.૩/૩૭) |
| કામં ક્રોધં ભયં સ્નેહમ્ એક્યં... | (ભાગ.પુરા.૧૦/૨૯/૧૫) |
| કામાત્ ક્રોધો અભિજાયતે... | (ભગ.ગીતા.૨/૬૩) |
| કાલેન હિ ગુણક્ષોભે વિકૃતં... | (સુબો.૩/૨૬/૨૩) |
| કિન્તુ અન્તર્ભગવદ્શક્તિરપિ સાર્વજનિકા... | (સુબો.૩/૨૬/૨૩) |
| કૃષ્ણે સર્વાત્મકે નિત્યં... | (ત.દી.નિ.૨/૨૪૧) |
| કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં... | (ત.દી.નિ.૨/૨૨૭) |
| ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના... | (સિ.ર.૮) |
| ગુર્વભાવે ગુરૂપત્નીઃ તદભાવે તત્પુત્રઃ... | (ભાષ્યપ્રકાશ.૩/૪/૪૭) |
| ચેષ્ટામ્ આહુ ચેષ્ટતે તસ્ય વિશ્વમ્... | (ભાગ.પુરા.૧૦/૩/૨૬) |
| જગન્નાથે વિઠ્ઠલે ચ શ્રીરંગે... | (ત.દી.નિ.૨/૨૫૧) |
| જલાદિસેવાનિર્વાહ સેવકૈઃ કાર્યઃ... | (ગુસાં.પત્ર) |
| જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ... | (મહાભારત) |
| જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા... | (ભગ.ગીતા.૧૮/૧૮) |
| તતઃ શંખા ચ ભેર્ય ચ પણવાનકગોમુખાઃ... | (ભગ.ગીતા.૧/૧૩) |
| તત્ર પૂજા (સેવા) ત્યકતવ્યા... | (ત.દી.નિ.પ્ર.૨/૨૪૭) |

| | |
|---|---|
| તત્ર સદ્રૂપતામ્ આહ-સ્વચ્છમ્... | (સુબો.૩/૨૬/૨૧) |
| તત્રૈવ દેવતા-મૂર્તિ ભક્ત્યા... | (સિ.મુ.૭) |
| તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્... | (તૈત્તિ.ઉપ.૨/૬) |
| તદભાવે સ્વયં વાડપિ મૂર્તિઃ... | (ત.દી.નિ.૨/૨૨૮) |
| તદાશ્રય તદીયત્વ બુદ્ધ્યૈ કિંચિત્... | (બા.બો.૧૯) |
| તદ્ આત્માનમેવ અવેદ... | (બૃહ.ઉપ.૧/૪/૧૦) |
| તદ્ધ એકે આહુઃ અસદેવ ઈદમ્... | (છાન્દો.ઉપ.૬/૨/૧-૨) |
| તસ્માદપિ એતર્હિ આમન્ત્રિતો... | (બૃહ.ઉપ.૧/૪/૧) |
| તસ્માદ્ મચ્છરણં ગોષ્ઠં... | (ભાગ.પુરા.૧૦/૨૫/૧૮) |
| ત્રાયતે ત્રાતિ વિશ્વાત્મા... | (ત.દી.નિ.૨/૧૮૪) |
| ત્રિદુઃખસહનં ધૈર્યમ્... | (વિ.ધૈ.આ.૬) |
| ત્રિવિધા ભવતિ શ્રદ્ધા... | (ભગ.ગીતા.૧૭/૨) |
| ત્વં કુમાર ઉત તા કુમારી!... | (ઋક્સંહિતા) |
| ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ... | (વલ્લભાષ્ટકમ્-૩) |
| દત્વા આજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ... | (સુબો.મંગ.૫) |
| દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી... | (નિરો.લ.૧૭-૧૮) |
| દુઃખ હાનૌ તથા પાપે ભયે... | (વિ.ધૈ.આ.૧૦-૧૧) |
| દૈવી હ્યેષા ગુણમયી મમ... | (ભગ.ગીતા.૭/૧૪) |
| ધર્માધર્માગ્રદર્શનમ્... | (વિ.ધૈ.આ.૫) |
| ધૃત્યુત્સાહ - સમન્વિત સિદ્ધ્યસિદ્ધ્યોઃ... | (ભગ.ગીતા.૨૮/૨૬) |
| ન અન્યદ્ આત્મનો અપશ્યત્... | (બૃહ.ઉપ.૧/૪/૧) |
| ન જાયતે ન મ્રિયતે વા કદાચિત્ નાયં... | (ભગ.ગીતા.૨/૨૦) |
| ન પારયે અહં નિરવદ્યસંયુજાં... | (ભાગ.પુરા.૧૦/૩૨/૨૨) |
| ન રાજ્યં ન ચ રાજા આસીત્... | (મહાભારત) |
| ન સ્ત્રી ન ષંડો ન પુમાન્ ન... | (ભાગ.પુરા.૮/૩/૨૪) |
| નચ ત્વં નચ અહં નચ અયં પ્રપંચ... | (દશશ્લો.) |
| નચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય... | (ભગ.ગીતા.૯/૫) |
| નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાય... | (ત.દી.નિ.૧/૧) |
| નવા અરે સર્વસ્ય કામાય સર્વં... | (બૃહ.ઉપ.૨/૪/૫, ૪/૩/૨) |

નિષ્ઠાભાવે ફલં તસ્માદ્ નાસ્ત્યેવ... (ત.દી.નિ.૧/૧૮)
પ્રકૃતિ સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ... (ભગ.ગીતા.૯/૮)
પ્રવાહેણ ક્રિયારતાઃ... (પુ.પ્ર.મ.૧૫)
પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત-નિખિલધર્મરૂપમિતિ... (સર્વો.૧)
પ્રાપ્તં સેવેત નિર્મમ... (વિ.ધૈ.આ.૧૫)
પ્રેમ્ણો અન્યત્ સાધનં લોકે નાસ્તિ... (ત.દી.નિ.૨/૩૨૬)
બ્રહ્મ ઈતિ પરમાત્મા ઈતિ... (ત.દી.નિ.૧/૬)
બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ન શોચતિ... (ભગ.ગીતા.૧૮/૫૪)
બ્રાહ્મણસ્ય હી દેહો અયં ક્ષુદ્રકામાય... (ભાગ.પુરા.૧૧/૧૭/૪૯)
ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ... (સિ.મુ.૨૦)
ભગવતઃ સકાશાદ્ માનાપેક્ષાં... (ત.દી.નિ.પ્ર.૨/૨૪૧)
ભગવદ્-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિ નાન્યથા... (પુ.પ્ર.મ.૧૨)
ભાર્યાદીનાં તથાન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્... (વિ.ધૈ.આ.૭)
ભૂમિઃ આપો અનલો વાયુઃ... (ભગ.ગીતા.૭/૪-૫)
મનસિ સ્વસ્ય દીનતા ભાવનીયા... (ત.દી.નિ.પ્ર.૨/૨૪૨)
મયા તતમ્ ઈદં સર્વં જગદ્... (ભગ.ગીતા.૯/૪)
મહત્તત્ત્વાદ્ વિકુર્વાણાદ્ ભગવદ્વીર્ય... (ભાગ.પુરા.૩/૨૬/૨૩)
મહત્-તત્ત્વરૂપમેવ ચિત્તં તેન... (સુબો.૩/૨૬/૨૧)
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં... (ત.દી.નિ.૨/૩૦૪, ભગ.ગીતા.૭/૧૪)
મુક્તસંગોનહંવાદી... (ભગ.ગીતા.૧૮/૨૬)
મુખાદ્ ઈન્દ્રઃ ચ અગ્નિઃ ચ... (ઋક્સંહિતા.૧૦/૯૦/૧૩)
મૃગા મૃગૈ સંગમ્ અનુવ્રજન્તિ... (સુભાષિત)
યં-યં વાપિ સ્મરન્ ભાવં ત્યજતિ... (ભગ.ગીતા.૮/૬)
યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે... (તૈત્તિ.ઉપ.૩/૧)
યત્ર યેન યતો યસ્ય યસ્મૈ... (ત.દી.નિ.૧/૬૯)
યત્ સંકલ્પવિકલ્પાભ્યામ્... (સુબો.૩/૨૬/૨૭)
યથા આકાશસ્થિતો નિત્યં વાયુઃ... (ભગ.ગીતા.૯/૬)
યથા-યથા હરિઃ કૃષ્ણો... (ત.દી.નિ.૨/૨૪૦)
યદા કૃષ્ણ રોચતે તદૈવ... (સુબો.૧/૬/૨૭)

યદા હ્યેવ એતસ્મિન્ અદશ્યે... (તૈત્તિ.ઉપ.૨/૭)
યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ... (ચતુ.૩)
યદ્ અહંકારમ્ આશ્રિત્ય... (ભગ.ગીતા.૧૮/૫૯)
યા પ્રીતિ અવિવેકાનાં વિષયેષુ... (વિષ્ણુપુરાણ.૧/૨૦/૧૯)
યે યથા માં પ્રપદ્યન્તે તાન્... (ભગ.ગીતા.૪/૧૧)
યે યે કામા દુર્લભા મર્ત્યલોકે... (કઠોપ.૧/૧/૨૫)
યો અન્તઃ પ્રવિશ્ય મમ વાચિ... (ભાગ.પુરા.૪/૯/૬)
યો અયમ્ વરો ગૂઢમ્ અનુપ્રવિષ્ટ... (કઠોપ.૧/૧/૨૯)
યો આધ્યાત્મિકોયં પુરૂષઃ... (ભાગ.પુરા.૨/૧૦/૮)
યો માં પશ્યતિ સર્વત્ર સર્વં... (ભગ.ગીતા.૬/૩૦)
વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે... (ત.દી.નિ.૨/૨૧૩-૨૧૫)
વસ્તુતઃ કૃષ્ણએવ... (વલ્લભાષ્ટકમ્-૮)
વાસુદેવાવિર્ભાવસ્થાનત્વાત્... (સુબો.૩/૨૬/૨૧)
વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદપિ... (ત.દી.નિ.૨/૨૪૭)
વિચ્છિન્નતયા ન તિષ્ઠતિ... (ત.દી.નિ.૨/૧૦૧)
વિદ્યાયા પંચપર્વાણિ... (ત.દી.નિ.૧/૪૫)
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ... (વિ.ધૈ.આ.૧)
વિશુદ્ધસત્ત્વં તવ ધામ શાન્તં... (ભાગ.પુરા.૧૦/૨૪/૪)
વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ... (સં.નિ.૬)
વૈકારિકઃ સાત્વિકઃ... (સુબો.૩/૨૬/૨૪)
શરણં ગૃહરક્ષિત્રોઃ... (અમ.કો.૩/૫/૨૪-૪૦)
શ્રવણં કીર્તનં વિષ્ણોઃ... (ભાગ.પુરા.૭/૫/૨૩)
શ્રવણાદિકર્તૃણામપિ હૃદિ ઈદાનીં... (આ.ભં.૨/૨૪૦)
ષડ્ભિઃ સંપદ્યતે ધર્મઃ... (ત.દી.નિ.૨/૨૧૪)
સ એકાકી ન રમતે... (બૃહ.ઉપ.૧/૪/૩)
સ 'ભૂઃ' ઈતિ વ્યાહરત્ સેયં... (બૃહ.ઉપ.૧/૪/૧-૫)
સ વૈ નૈવ રેમે... સ દ્વિતીયમ્ ઐચ્છત્... (બૃહ.ઉપ.૧/૪/૩)
સએવ પરમકાષ્ઠાપન્નઃ... (ત.દી.નિ.૧/૧)
સચ્ચિદાનન્દરૂપેષુ પૂર્વયોર... (ત.દી.નિ.૧/૨૯)

| | |
|---|---|
| સતિ ચિદાનન્દધર્મયો તિરોભાવઃ... | (ત.દી.નિ.પ્ર.૧/૨૯) |
| સત્યં જ્ઞાનં અનન્તં બ્રહ્મ... | (તૈત્તિ.ઉપ.૨/૧) |
| સમો અહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યો... | (ભગ.ગીતા.૯/૨૯) |
| સર્વં ખલુ ઈદં બ્રહ્મ... | (છાન્દો.ઉપ.૬॥) |
| સર્વએવ આત્મન વ્યુચ્ચરન્તિ... | (બૃહ.ઉપ.૨/૧/૨૦) |
| સર્વથા તદ્‌ગુણાલાપં નામોચ્ચારણમેવ... | (ત.દી.નિ.૨/૨૪૨) |
| સર્વથા સર્વત્ર ભગવદ્ ઉત્કર્ષવર્ણને પૂર્વોક્તં... | (ત.દી.નિ.પ્ર. ૨/૨૪૨) |
| સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ... | (ચતુશ્લો.૧) |
| સર્વભૂતસ્થિતં યો માં ભજતિ... | (ભગ.ગીતા.૬/૩૧) |
| સર્વભૂતાનિ... પ્રકૃતિં યાન્તિ... | (ભગ.ગીતા.૯/૭) |
| સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય... | (શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્) |
| સર્વસ્ય ચ અહં હૃદિ સન્નિવિષ્ટો... | (ભગ.ગીતા.૧૫/૧૫) |
| સર્વોડપિ આત્મનો ભાવઃ... | (સુબો.૧૦/૪૪/૨૭) |
| સેવનં સ્વયોગ્યાનુસારેણ ન તુ અલ્પં... | (ત.દી.નિ.પ્ર.૨/૩૧૬) |
| સો અનુવીક્ષ્ય ન અન્યદ્... | (બૃહ.ઉપ.૧/૪/૧) |
| સો 'અહમ્ અસ્મિ' ઈતિ અગ્રે વ્યાહરત્... | (બૃહ.ઉપ.૧/૪/૧) |
| સ્વભાવતો અયં તામસઃ પ્રલયકર્તા ચ... | (સુબો.૩/૨૬/૨૫) |
| સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ... | (બા.બો.૭) |

# A

A એક્ટિવ્ (કાર્યરત, સક્રિય)
A એક્ટિંગ્-આઉટ્ (અભિનય કરવો)
A એન્ટિક્ વૅલ્યુ (પ્રાચિન મૂલ્ય)
A એન્ એન્ટિટી ઈન્ ફોર્મ્ ઑફ્ એ પર્ટિક્યુલર્ પર્સન્ (સ્થૂળ પદાર્થનું એક વિશેષ વ્યક્તિના રૂપમાં અસ્તિત્વ)
A એનાફેઈસ્ (પશ્ચાવસ્થા કોષવિભાજનમાં)
A એનાલિસિસ્ (વિશ્લેષણ)
A એપરન્ટ્લી (દેખીતી રીતે)
A એક્ચ્યુઆલિટી (વાસ્તવિકતા)
A એક્ટીવ્ (ક્રિયાત્મક)
A એબ્સેન્ટ્ (ગેરહાજર / અનુપસ્થિત)
A એપ્રોચ (દષ્ટિકોણ, વલણ)
A એબ્નૉર્મલ્ (અસામાન્ય)
A એલર્ટ્નેસ્ (સતર્કતા)
A એવેલેબલ્ (ઉપલબ્ધ)
A એસોસિએટ્ (સહયોગી)
A એક્સેપ્ટિબિલિટિ (અપેક્ષિતતા)
A એક્જેક્ટ્લી (યથાર્થ રીતે, બરાબર)
A એક્શન્સ્ (ક્રિયાઓ)
A એસ્પૅક્ટ્ (દષ્ટિ, પાસું)
A એચીવમેન્ટ્ (ઉપલબ્ધિ)
A એઝ્ અ મૅટર ઑફ્ ફૅક્ટ્ (વાસ્તવમાં)
A એઝ્ ઈઝ્ વ્હૉટ્ એઝ્ ઈટ્ ઈઝ્ (તે જે છે તે આ જ છે)
A એન્થ્રોપોલૉજી (મનુષ્ય જાતિનું વિજ્ઞાન, માનવવિજ્ઞાન)
A એટેક (હુમલો)
A એટેન્ડ (હાજરી આપવી)
A એટીટ્યુડ્ (વલણ, વર્તન)

A એડ્જ્યુડિકેશન્ (ફેંસલો)
A એડોપ્ટ્ (અપનાવવું)
A એડજેસ્ટ્ (સંતુલિત, સમાયોજન સાધવું)
A એંગલ (ખુણો, દષ્ટિકોણ)
A ઍલ્ટિટ્યુડ્ (ઊંચાઈ)
A ઍન્ટિડોઝ (મારણ, વિષમારણ)
A ઍક્વાયર્ડ્ (હસ્તગત, સંપાદિત કરેલું)
A ઍવેલેબલ્(પ્રાપ્ત)
A ઍગ્રી (સહમત થવું)
A ઍન્યુમરેશન્ (ગણતરી)
A ઍન્યુમરેટ્(ગણના)
A ઍટ્રેક્શન્ (આકર્ષણ)
A ઍડહૉક્ (ગોઠવેલું, ખાસ કારણસર કરેલું)
A ઍડીશનલ્ ક્વાલિટી (અતિરિક્ત ગુણવતા)
A અક્વાયર્ (પ્રાપ્ત કરવું)
A અવેયર્ (જાગરૂક)
A અવેરનેસ્ (જાગરૂકતા)
A ઑલ્ટર્નેટિવ્સ્ (વિકલ્પો)
A ઑલ્મોસ્ટ્ (લગભગ)
A ઑલમોસ્ટ્ મૅકેનિકલી ફંક્શન્ (લગભગ યાંત્રિક કાર્ય)
A ઑલરેડી (પહેલેથીજ, અગાઉથી)
A ઑડિટીંગ (મીમાંસા, અધિકારની રૂએ છેલ્લો હિસાબ તપાસવો)
A ઑટ્ ટુ ડુ (આ તો કરવું જ જોઈએ)
A ઑટોનર્વસ્ સિસ્ટમ્ (સ્વાયત્ત પ્રણાલી)
A આર્ગ્યુમેન્ટ્ (દલીલ, તર્ક)
A આસ્પૅક્ટ્ (પાસા, નજર, દષ્ટિ)
A આસ્પૅક્ટ્ ઇન્યુમરેબલ્ (અસંખ્યાત, અગણિત બાજુઓ /પાસાઓ)
A અટેચ્ડ્ થઈ (જોડાય, મોહ થઈ જવો, મમતા થવી)

A ઈક્વેશન્ (સમીકરણ)

B

B બ્યૂટિ (સુંદરતા)

B બ્લડ્ સર્ક્યુલેશન્ (લોહીનું પરિભ્રમણ)

B બ્લડ્-કોલેસ્ટ્રોલ્ (લોહીમાં કોલેસ્ટ્રોલ)

B બ્લડ્-ટ્રાન્સ્ફ્યુઝન્ (લોહી ચડાવવું)

B બૂસ્ટ્ (પ્રોત્સાહન, આગળ ધકેલવું)

B બૂસ્ટ્ (ગતિ વધારવી, આગળ ધપવામાં સહાય કરવી)

B બેસ્ડ્ (આધારિત)

B બેઝિક ફાઉન્ડેશન્ ટાઈમ્ (મૂળભૂત પાયાનો સમય)

B બેસિક્ ડિફરેન્સ્ (મુળભૂત તફાવત)

B બેજિક એક્સ્પ્લેશન્ (મુળભૂત સમજૂતી)

B બેજિક્ ઈશ્યુ (મુળભૂત મુદ્દો)

B બેજિકલી (મુળભૂત રીતે)

B બૅડ્-કન્ડક્ટર્ (ખરાબ વાહક)

B બૉડીમાં (શરીરમાં)

B બૉડી રૅજિસ્ટ્ (શારીરિક પ્રતિકાર)

B બાઈનૉક્યુલર્ (દૂરબીન)

B બાય્ ધેટ્ ટાઈમ્ (તે સમયે)

B બાયોલોજિકલ્ સેલ્ (જૈવિક કોષ)

B બાયોકૅમિકલ્ (જૈવ રાસાયણિક)

B ભગવાન્ કૅન્ ડુ ઈટ્ (પ્રભુ તે કરી શકે છે)

B ભગવાન્ કૅન્ અનડુ ઈટ્ (પ્રભુ તે ધ્વંસ કરી શકે છે)

B બિઈન્ગ્ (હોવું)

B બિયૉન્ડ્ કન્ટ્રોલ્ (નિયંત્રણ બહાર)

B બિલ્ટ્-ઈન્ સિસ્ટમ્ (અંદરૂની વ્યવસ્થા)

B બિલીફ્ (માન્યતા)

B બિહાઈન્ડ્ દ્ કર્ટન્ (પરદા પાછળ)

# C

C ક્લિયર્કટ્ (સ્પષ્ટ)

C ક્લૂ (સંકેત, સૂરાગ)

C ક્લસ્ટર્  (સમૂહ)

C ક્લાઈમેક્સ્  (પરાકાષ્ઠા)

C ક્લાસિફિકેશન્  (વર્ગીકરણ)

C ક્વૉલિફિકેશન્(લાયકાત)

C ક્રૉમોઝોમ્ (ગુણસૂત્ર)

C ક્રાઈટેરિયા(માપદંડ)

C સેન્ટર્ (કેન્દ્ર)

C સર્ક્યુલેશન્ (પરિભ્રમણ, પ્રચાર, ફેલાવો)

C સર્ક્યુલર્ (પરિપત્ર)

C સાયક્લિકલી સર્ક્યુલર્ પાથ્ (ચક્રિય રીતનો વર્તુળાકાર રસ્તો)

C સાયકલલોજિકલ એસ્પેક્ટ (મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણ)

C સર્ટિફિકૅટ્  (પ્રમાણપત્ર)

C કન્ટિન્યુઅસ્ ક્રિએશન્ (સતત સર્જન કરવું)

C કન્ડિશન્ ઑફ્ ઍક્સપીરિઅન્સ્ (અનુભવ માટેની શરત)

C કેબલ્ ડિસ્કનેક્ટ્ (વાય છોડાવવો, જોડાણ છૂટુ થવું)

C કેટેગરી (શ્રેણી, વર્ગ)

C કગ્નાઈઝ (જાણવું)

C કૅરેક્ટર્ (પાત્ર)

C કમ્પેન્સેશન્ (દયા)

C કમ્પલ્શન્ (મજબૂરી)

C કમ્પાઉન્ડ્ સૅન્ટેન્સ્ (વ્યાકરણના એક પ્રકારના વાકયો જે સંયોજકોથી જોડાયા પછી સ્વતંત્ર અર્થ ધરાવે છે)

C કમ્ફર્ટ્ (અનૂકુળતા)

C કમ્બશન્ (જ્વલિત થવું, દહન)

C કલર-બ્લાઇંડ (રંગઅંધ)

C કોગ્નેટિવ્ (જ્ઞાનાત્મક)
C કોમ્પ્રોમાઇઝ (સમાધાન)
C કોમનસેન્સ (સામાન્ય જ્ઞાન)
C કોર્સ્ ગાઇડ્ (અભ્યાસક્રમનું માર્ગદર્શન)
C કો-રિલેટ્ (સંકળાયેલું)
C કોડ્ ઑફ્ કન્ડક્ટ્સ્ (આચાર સંહિતા)
C કૉગ્નિજેબલ્ ક્રાઈમ્ એક્શન્ (જ્ઞાન હોવા છતા ગુનો કરવા તૈયાર)
C કૉમ્પ્લિકેટેડ્ (જટિલ)
C કૉમ્બિનેશન્ (સંયોજન)
C કૉન્શિઅસ્ લૅવલ્ (સભાન અવસ્થા, જાગૃતાવસ્થા)
C કૉન્સિઅસ્ બાઈટ્ (આત્મડંખ)
C કૉમ્પલેક્સ્ સૅન્ટેન્સ્ (જટિલ વાકય)
C કૉમ્પ્લેક્સિટી (જટિલતા)
C કૉમ્પ્લેક્સ્ સિચ્યુએશન્ (જટિલ પરિસ્થિતિ)
C કૉમ્પ્લીકેટેડ્ (જટિલ)
C કૉમન્ મૉડેલિટી (સામાન્ય તોર તરિકા, રૂઢિ, પરંપરા)
C કૉમન્ ફિનોમિના (સામાન્ય ઘટના)
C કૉરસ્પૉન્ડિંગ્ (અનુરૂપ, મળતું આવતું)
C કૉઝેશન્ (કારણ, કોઈ ઘટના પાછળનું કારણ)
C કૉન્સ્ (તરફેણ ન કરવા માટેની દલીલ)
C કૉન્સોનેંટ્ (વ્યંજન)
C કૉન્સન્ટ્રેશન્ (એકાગ્રતા)
C કૉન્સીક્રેટ્ (અભિષેક કરવો, પવિત્ર બનાવવું)
C કૉન્ટ્રાસ્ટ્ (વિરોધાભાસ)
C કમિટમેન્ટ (વચનબધ્ધતા)
C કન્ક્લુઝન (ઉપસંહાર)
C કન્ફ્લિન્ટિંગ્ ડ્યુઆલિટી (દ્વૈતનો સામનો)
C કન્ફ્યુઝન્ (મૂંઝવણ)

C કન્ફાઈન્ડ્ (મર્યાદિત)
C કન્ફ્રન્ટેશન્ (સામનો)
C કન્વે (અર્થ થવો, રજુ કરવું)
C કન્સેપ્ચ્યુઅલ્ પાર્ટ્ (કાલ્પનિક ભાગ)
C કન્સેપ્ચ્યુઅલ્ ટેબલ્ (કાલ્પનિક ટેબલ)
C કન્સેપ્ચ્યુઅલી (કાલ્પનિક રીતે, ખ્યાલથી)
C કન્સેપ્ટ્ (ખ્યાલ)
C કન્સોલિટેડ્ (ઘનીભુત)
C કન્ડીશન્ (શરત)
C કન્ડીશન્ડ્ એક્સિપરીઅન્સ્ (સોપાધિક અનુભવ)
C કૅપ્ચર્ (પકડવું, લેવું)
C કૅમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)
C કૅયર્ (સંભાળ)
C કૅરૅક્ટર્ (પાત્ર)
C કૅરી ફૉર્વડ્ (આગળ ખેંચવું, આગળ લઈ જવું)
C કૅમિકલ્ મોલેક્યુલ્ (રાસાયણિક પરમાણું)
C કૅમિકલ્ સીક્રેશન્ (રાસાયણિક સ્ત્રાવ)
C કૅટલીસ્ટ્ (ઉદ્દીપક)
C ચૅરીટિ બિગેન્સ્ એટ્ હોમ (ભલાઈ ઘર થી જ શરૂ કરો)
C ક્રિએશનલ્ પ્રૉસેસ્ (સર્જન પ્રક્રિયા)
C ક્રિએટિવ્ ફૉર્સ્ (રચનાત્મક બળ, શક્તિઓ)
C ક્રિયેશન્ (રચના)
C ચાર્ટની લિનિઅલ્ કન્ટીન્યુટી (ચાર્ટની વંશાગત, સ્વશાખીય સાતત્યતા)

## D

D ડિસ્ક્રિપ્ટિવ્ ફ્રેઈઝ (વર્ણનાત્મક શબ્દસમુહ)
D ડિનાય્ (નકારવું)
D ડિનાયલ્ ઑફ્ રિયાલિટી (હકિકતને નકારવી)
D ડિપેન્ડેન્ટ્ (આશ્રિત)

D ડિફેન્સ (બચાવ)
D ડિફૉલ્ટ્ (મૂળભુત, બાકી)
D ડિપ્રાઈવેશન્ને (વંચિત)
D ડિમૉરલાઈઝ (જુસ્સો તોડવો, નૈતિક પતન)
D ડિલીટ્ (રદ કરવું)
D ડિવાઈન્ વૅલ્યુ (દિવ્ય મૂલ્યો)
D ડિવાઈસ (સાધનો)
D ડિસ્પ્લેસ્મૅન્ટ્ (વિસ્થાપન, સ્થાનાંતરણ)
D ડિસ્-ઑરગેનાઈજ્ડ્ (અનાયોજિત)
D ડિસઍગ્રી (અસહમત)
D ડિસાઈડ્ (નક્કી કરવું)
D ડિગ્રેડેશન્ (અધઃપતન, ગૌરવભંગ, નામોશી)
D ડિસ્પ્યુટેડ્ ઈશ્યુ (વિવાદિત મુદો)
D ડિસ્ટર્બન્સ્ (ખલેલ, વિક્ષેપ)
D ડિસ્ટૉર્ટેડ્(વિકૃત)
D ડિસ્ટ્રીબ્યુટ્ (વહેંચણી)
D ડિટિરિયોરેશન્ (વિકૃતિ, બગાડ, અધઃપતન)
D ડિફિકલ્ટી (મુશ્કેલી)
D ડિટેઈલ્ (વિગતવાર)
D ડિડક્શન્ (પ્રયોગ પછીનું પરિણામ, આખું જગત ભગવલ્લીલા છે)
D ડેથ્ (મૃત્યુ)
D ડેવલપ્મેન્ટ્ (વિકાસ)
D ડેફિનેટલી (ચોક્કસ)
D ડેન્જરસ્ સિચ્યુએશન્ (ખતરનાક પરિસ્થિતિ)
D ડ્યુએલ્ કેસ્ (દ્વિવચન)
D ડ્યુટી (કર્તવ્ય)
D ડોસાઈલ્ ફૉલોઈંગ્ (વિનમ્રતાનો પ્રવાહ)
D ડૉમિનેટિંગ્ (પ્રભુત્વભરી)

D ડૉમિનેન્ટ્ (પ્રભાવશાળી)

D ડૉટર્ સેલ્ (પુત્રીકોષ, પ્રજનની ક્રિયામાં મુળ કોષ મધર સેલમાંથી બને તો નવો કોષ ડોટર સેલ કહેવાય)

D ડાઇ (બીબું)

D ડાઇલેમા (દુવિધા, ધર્મસંકટ)

D ડાઈઝેશન્ (પાચન)

D ડાઉન્ ફૉલ્ (પતન, વિનિપાત, નીચે પડવું)

D ડાયનેમિક્ ફોર્સ (ગતિશીલ બળ)

D ડાયમેન્શન્ (પરિમાણ)

D ડાયલ્યુટ્ (પાતળું કરવું)

D ડાયલૉગ્ (સંવાદ)

D ડીલ્ (સોદો)

D ડૅપ્થ્ (ઊંડાઇ)

D ડૅમોન્સ્ટ્રેશન્ (પ્રદર્શન)

D ડૅવલપ્ (વિકાસ)

D ડ્રૉવર્ (ટેબલનું ખાનું)

D ડ્રાઈવ્ (હાંકવું)

D ડુ દે ઍગ્ઝિસ્ટ્ ઈન્ ટાઈમ્ એન્ડ સ્પેસ્ (શું તે (કાળ) સમય અને અંતરિક્ષ (આકાશ) માં અસ્તિત્વ ધરાવે છે?)

## E

E એક્સ્પિરિયન્સ (અનુભવ)

E એક્ઝિસ્ટેન્શિઆલિઝમ (અસ્તિત્વવાદ)

E એગ્સિસ્ટેન્સ્ નેચર (સ્વઅસ્તિત્વવૃત્તિત્વનો સ્વભાવ)

E એગ્ઝિબીશન્ (પ્રદર્શન)

E એગ્ઝિસ્ટેન્સ્ (અસ્તિત્વ)

E એનર્જી (શક્તિ)

E એપીફિનૉમિના (ઉપફલ / ઉપસિદ્ધાંત)

E એક્ચ્યુઅલાઈઝ (કાર્યાન્વિત)

E એક્સપરિમેન્ટ્ (પ્રયોગ)
E એક્સપીરિઅન્સ્  (અનુભવ)
E એક્સૅપ્ટ્ (ના સિવાય)
E એક્સપ્રેસ્ (વ્યક્ત / અભિવ્યક્ત)
E એક્સપ્લેન્ (સમજાવવું)
E એક્સપિરિયન્સ્(અનુભૂતિ)
E એક્સટર્નલ્ (બાહરી)
E એક્સટેંટ્ (ફેલાયેલું (અમુક હદમાં))
E એક્સ્પેક્ટેશન્ (અપેક્ષા)
E એક્સ્ટર્નલ્ ફૅક્લ્ટી (બાહ્ય શક્તિઓ)
E એગ્ઝેક્ટ્ સિચ્યુએશન્ (યથાર્થ પરિસ્થિતિ)
E એગ્ઝેક્ટ્લી અપોઝિટ (સંપૂર્ણપણે વિરોધી, યથાર્થ વિપરિત)
E એલ્ડરલી (વૃધ્ધ, આધેડ, મોટા)
E એક્સ્ટ્રાઓર્ડિનરી ફિનૉમિના કઅસાધારણ ઘટના)
E એસ્ક્લુઝિવલી (વિશેષ રૂપથી)
E એપિફીલિંગ્ (ઉપભાવ)
E એન્યુમરેટ્(ગણત્રી)
E એન્વાયર્મૅન્ટ્ (વાતાવરણ)
E એન્કાઉન્ટર્ (સામનો, સંઘર્ષ)
E ઍગ્ઝિસ્ટેન્ટ્ (વિદ્યમાન)
E ઍગ્ઝિસ્ટ્ (અસ્તિત્વમાં હોવું, હયાત હોવું)
E ઍક્સેપ્ટ (સ્વીકારવું)
E ઍપિએક્શન્ (ઉપક્રિયા)
E ઍપિફીલિંગ્ (ઉપભાવ)
E ઍપિઈમોશન્ (ઉપભાવ)
E ઍપિડિવાઈસ્ (ઉપસાધન)
E ઍપિફિનોમિના (ઉપસિધ્ધાંત)
E ઍન્ક્લોઝર્ (બિડાણ)

E અર્લીટિલો ફેઈસ્  (શરૂઆતનો ચહેરો)
E અર્જ (ઈચ્છા, આગ્રહ, અનુરોધ કરવો)
E ઈગો (અહમ, અહંકાર)
E ઈગો ડિફેન્સ્ મેકેનિજમ્ (અહંકારનું સંરક્ષણ તંત્ર)
E ઈક્વેટ્ (સમીકરણની ડાબી બાજુ બરાબર જમણીબાજુ સાબિત કરવું)
E ઈક્વલ્ પ્રપોશન્ (સમતા, સમાન પ્રમાણમાં)
E ઈક્વલી ડિસ્ટ્રીબ્યુટેડ્ (સમાન રીતે વહેંચાયેલું)
E ઈલેકટ્રિકલ્ ગૅજેટ્ (સાધન)
E ઈલેક્ટ્રોમેગ્નેટિક્ (વીજચુંબકિય)
E ઈલાસ્ટિસીટિ (સ્થિતિસ્થાપકતા)
E ઈવેલ્યુએશન્ (મૂલ્યાંકન)
E ઈવેલ્યુએટ્ (મૂલ્યાંકન કરવું, ઉત્ક્રાંતિ થવી)
E ઈવોલ્વ્ (ઉત્ક્રાંતિ થવી)
E ઈવિલ્ (દુષ્ટ)
E ઈન્વૉલેન્ટરી (અનૈચ્છિક)

## F

F ફેસૅટ્સ્ (પાસું, પહેલુ)
F ફેસ્ (ચહેરો, સામનો કરવું)
F ફેસ્-વૅલ્યુ(અંકિત મૂલ્ય)
F ફેકલ્ટી (માનસિક અથવા શારીરિક શક્તિઓ)
F એકાઉન્ટ ઑડિટ (હિસાબ કિતાબની તપાસ)
F ફંક્શન્ (કાર્ય)
F ફૅક્ટ્ (હકીકત)
F ફૅક્ટર્ (પરિબળ)
F ફ્રૅશનર્ (શુધ્ધ કે તાજુ કરનાર સાધન)
F ફૅસેટ્ (પહેલું, પાસું)
F ફૅન્ટસાઈજ્ (કાલ્પનિક વિચાર)
F ફૅન્ટસી (કલ્પના, વિલક્ષણ, વાસના)

F ફૅન્ટાસ્ટિક્ વ્યૂ (શાદનાર દશ્ય)
F ફર્સ્ટ્ ઑફ્ ઑલ્ (સૌથી પહેલા)
F ફ્રસ્ટ્રેશન્માં (નિરાશામાં, હતાશામાં)
F ફોર્મ્યુલેશન્ (નિર્માણ)
F ફોલ્ડર્માં (કાગળ રાખવાની પટી)
F ફોરેન્ ઍલીમેન્ટ્ (વિદેશી તત્વ, બાહરી તત્વ)
F ફોર્ લોંગ્ પિરિયડ્ કે ફોર્ એડહૉક્ રીઝન્ (લાંબા સમય માટે કે ખાસ કોઈક કારણોસર)
F ફોર્સ (બળ, તાકાત)
F ફૉલ્સ્ ફીલિંગ્ (ખોટી લાગણી)
F ફૉર્ લોકલ્ યૂઝ (સ્થાનીય ઉપયોગ માટે)
F ફૉર્ દ્ ટાઈમ્બિઈન્ગ્ (થોડીવાર પૂરતું જ)
F ફીલ્ (અનુભવવું)
F ફીલિંગ્ (લાગણી)
F ફુલ્ ઑફ્ કૉન્ટ્રાડિક્શન્ (વિરોધાભાસથી ભરેલું)
F ફુલ્ફ્લેજ્ ડૅવલપ્ (સંપૂર્ણ વિકાસ)
F ફુલફિલ્ (પરિપૂર્ણ થવું / કરવું)
F ફિનોમિના (તથ્ય, ઘટના)
F ફિનૉમિના ઈન્ડિફાઈનેબલ્ (અવ્યાખ્યાયિત ઘટનાઓ)
F ફિક્સેશન્ (જડતા, કલ્પના)
F ફિક્ટીશિયસ્ કૅરેક્ટર્ (અવાસ્તવિક ચરિત્ર, કાલ્પનિક ચિત્ર)
F ફિજીયોલોજીકલ્ સ્ટ્રક્ચર્ (શારીરિક માળખું)
F ફિજિકલી (શારીરિક)
F ફિઝિક્સ્ (ભૌતિકશાસ્ત્ર)
F ફિઝિકલ ફિટનેસ (શારીરિક યોગ્યતા)
F ફિઝિકલ્ સ્ટ્રક્ચર્ (શારીરિક માળખું)

## G

G જી.બી. ગિગા બાઈટ્સ (કોમ્પ્યુટરનો શબ્દ)

G ગ્લેન્ડ્ (ગ્રંથી)
G ગ્લોબલાઈજેશન્ (વૈશ્વીકરણ)
G ગ્લોરિફાય્ (મહિમામંડન કરવું)
G ગ્રેવીટેશનલ્ ફોર્સ્ (ગુરુત્વાકર્ષણ બળ)
G ગ્રાઉન્ડ્ યૂનિફિકેશન્ થિયરી (એક એવી થીયરી જેમાં બ્રહ્માંડની રચના કેવી રીતે થઈ તે જણાવવામાં આવેલું છે)
G ગ્રાફિકલ્ ઈલસ્ટ્રેશન્ (ચિત્રોયુક્ત ઉદાહરણો)
G ગ્રીટીંગ (અભિવાદન)
G ગૅમ્બ્લિન્ગ્ (જુગાર)
G ગૅરન્ટી (ખાતરી)
G ગવર્નિંગ્ (નિયામક)
G ગુડ્-કન્ડક્ટર્ (ગરમી કે વિદ્યુત શક્તિના સુવાહક પદાર્થો)
G ગુડવિલ્ (શુભેચ્છા, પ્રતિષ્ઠા)

H

H હેલ્ધી ચાઈલ્ડ્ (સ્વસ્થબાળક)
H હેલ્યુસિનેશન્ (ભ્રમણા, ભ્રમ)
H હેરિડિટરી (વારસાગત)
H હૅપ્હજાર્ડ્લી કોઇ એક્સિડેન્ટલ્ (સંયોગથી કોઇ આકસ્મિક)
H હોરાઈઝન્ (ક્ષિતિજ)
H હોલિસ્ટિક્ એપ્રોચ્ (સંપૂર્ણ રીતે, બધી બાજુથી)
H હાઈપૉથિસિસ્ (પરિકલ્પના)
H હાઈબરનેશન્માં (સુષુપ્તાવસ્થામાં)
H હાઈટ્ (ઊંચાઈ)
H હાર્ડવેર્ (કોમ્પ્યુટરના સ્થુળ ભાગો)
H હીટ્ (ગરમી, ફટકો મારવો)
H હર્ટ્ (દુઃખ, નુકશાન)
H હિન્ટ્ (સંકેત, સૂચન)

# I

I આ ઈ એમ ધી લોર્ડ ઈન માય હાઉસ એન્ડ માય વાઈફ હેઝ એલાઉડ્ મી ટુ સે સો (હું મારા ઘરમાં ભગવાન, સ્વામી,માલિક છું અને મારી પત્નીએ મને આ કહેવાની રજા આપી છે)
I આઈધર્ ઈટ્ બી (અથવા તો આ થઈ શકે છે)
I આઈડિયલ્ કન્સેપ્ટ્ (આદર્શ અવધારણા,ખ્યાલ)
I આઈડિયલ્ ટેબલ (આદર્શટેબલ)
I આઈટમ્ ડેબિટ્ (વસ્તુ કે  મુદો ઉધારવું)
I આઈડૅન્ટિફિકેશન્ (ઓળખ)
I ઈમ્પ્લિમેન્ટેશન્ (અમલીકરણ)
I ઈન્ફિરિયારિટી કૉમ્પ્લેક્સ્  (હીનતાનો ભાવ)
I ઈન્સિસ્ટ્યુશન્ (સંસ્થા)
I ઈન્સિડેન્ટલી (સંયોગવશ, આકસ્મિક)
I ઈન્સ્ટિક્ટિવ્ નૅચરલ્ (સહજ સ્વભાવ)
I ઈન્ડિવિજ્યુઅલ્ વૅરિએશન્ (વ્યક્તિગત ભિન્નતાના)
I ઈન્ડિવિજ્યુઅલ્ કૉન્સિઅસ્નેસ્ પણ (વ્યષ્ટિપુરૂષ કે વ્યષ્ટિચેતના)
I ઈન દ્ ટેબલ્ (કોષ્ટકમાં)
I ઈન્ દ્ સેન્સ્ (અર્થાત)
I ઈન્ક્લિનેશન્(રૂચિ)
I ઈન્સ્ટિંકટ્ (સ્વભાવિક, સહજ પ્રવૃત્તિ)
I ઈન્-નટ્-શૅલ્ (સંક્ષેપમાં)
I ઈન્-એક્ટિવ (નિષ્ક્રિય)
I ઈન્-એવોઈડેબલ્ કૅરેક્ટર્ (અવગણી ન શકાય તેવું પાત્ર, તરછોડી ન શકાય તેવું ચરિત્ર)
I ઈન્વેલ્યુએબલ્(અમુલ્ય)
I ઈનહેરન્ટ (વારસાગત)
I ઈનવોક્ (આહવાન કરવું, જગાડવું)
I ઈનોસૅન્ટ્ (નિર્દોષ)

I ઈનર્શિયામાં (નિષ્ક્રિયતામાં, જડતામાં)
I ઈફ્ ઈટ્ ઈઝ એન આર્ટીસ્ટ્ ક્રિયેશન એન્ડ ઈફ યુ હેટ ધી વર્લ્ડ યુ કેન નોટ લવ ગોડ (જો તે એક કલાકારનું સર્જન છે અને તમે વિશ્વને ધિક્કારો છો તો તમે પ્રભુને પ્રેમ નથી કરી શકતા)
I ઈમ્પૅરીકલ્ એવીડૅન્સ્થી (અનુભવજન્ય પ્રમાણથી)
I ઈમ્પૉસિબિલિટી (અશકયતાઓ)
I ઈમ્પ્લાન્ટ્ (જમાવી દેવો, રોપી દેવું)
I ઈમોશનલ્ સ્ટેટસ્ (ભાવનાત્મક સ્થિતિ)
I ઈમીડિયેટ્લી (તુરંત)
I ઈલ્યુઝન્ (ભ્રમણા)
I ઈર્રૅશનલ્ (અતાર્કિક, વિવેકહીન)
I ઈસ્યુ (મુદ્દો)
I ઈન્પુટ્ (નિવેશ)
I ઈન્કલૂડ્ (સમાવેશ થવો)
I ઈન્ફૉમેશન્ (માહિતી)
I ઈન્ફૉર્મેશન્ સ્ટોર્ (માહિતીનો ભંડાર)
I ઈન્વેરિયેબલી (અચૂક)
I ઈન્વોક્ (જગાવવા)
I ઈન્સ્ટ્રેસ્ટિંગ ટેસ્ટ્ (રસપ્રદ સ્વાદ)
I ઈન્સ્ટ્રુમેન્ટ્ (સાધન)
I ઈન્ટર્નલ્ ફન્કશન્ (આંતરીક ક્રિયા)
I ઈન્ટેક્ (અંદર લેવું)
I ઈન્ટેલિજન્ટ્ (બુદ્ધિમાન)
I ઈન્ટરનલ્ ફેકલ્ટીઝ (આતંરીક ગુણો કે શક્તિઓ)
I ઈન્ટરૅક્શન્ પણ એસ્ટાબ્લિશ્ (પારસ્પરિક અસર પણ સ્થાપિત)
I ઈન્ટર્વ્યુ (મુલાકાત)
I ઈન્ટર્ડિપેન્ડેન્સી (અન્યોન્યનિર્ભરતા )
I ઈન્ટર્પ્રિટેશન્ (અર્થઘટન)

I ઇન્ટીમસી (આત્મીયતા)
I ઇન્ટૅન્સિફિકેશન્ (તીવ્રતા)
I ઇન્ટ્રેસ્ટ્ (રસ / હિતસંબંધ)
I ઇન્ટ્રોસ્પેક્શન (આત્મનિરીક્ષણ)
I ઇન્ટ્રોજૅક્શન્ (ઇન્ટરજેકશન) (પ્રક્ષેપ)
I ઇન્ડક્શન્ (પ્રત્યક્ષ પ્રમાણ પરથી અનુમાન કરેલું)

J

J જંક્ચર્ (સંધિસ્થાન, સમયબિંદુ)
J જેલસી (ઈર્ષા)
J જસ્ટ્ પૉસિબિલિટી (માત્ર શકયતા)
J જજમૅન્ટ્ (ચુકાદો)

K

K કીટ્સ્ (સરસામાન)
K કિડ્નૅપ (અપહરણ)

L

L લેઇટ્ ટેલો ફેઇસ્ લેટેલો ફેસ્ટીઘેટસ (નિયમો અને વિકાસની યોજનાઓ જે સ્પષ્ટરૂપે સમજાવેલી હોય)
L લેવલ્ (સતર)
L લેંગ્વેજ્-લૉજિક્-મૅથેમેટિકસ્ ઇન્વેન્ટ્ (ગણિતિય શોધો-ભાષા-તર્ક)
L લૅક્ ઑફ્ ઇન્ટ્રેસ્ટ્ (હતોત્સાહિત, રસવિનાનું)
L લૅજિટિમેટ્ (લાયક, ઉચિત)
L લૅન્થ્, બ્રૅથ્ (લંબાઇ, પહોળાઇ)
L લૉજિકલ્ પૉઝિટિવિઝમ્ (તાર્કિકભાવવાદ)
L લૉજિકલ્ પૉજિટિવિઝમ્ની (તાર્કિક ભાવવાદી)
L લાઇફલોન્ગ્ (જીવનભર)
L લાઇ-ડિટેક્ટ્ર્ (જુઠુ બોલનારને પકડી પાડનાર યંત્ર)
L લાઇટ્ (પ્રકાશ)
L લાસ્ટ્ ઑલ્ટરનેટિવ્ (છેલ્લો વિકલ્પ)

L લિટરેચર્ (સાહિત્ય)

M

M મ્યુચ્યુઅલ્ ડિપૅન્ડન્સી (પરસ્પરાશ્રિતતા)
M મ્યુચ્યુઅલી ડિપૅન્ડેન્ટ્ (પારસ્પરિક આશ્રિત)
M મે બી નિમિ ઈઝ રાઈટ્ (કદાચ નિમિ સાચી પણ હોય?)
M મેક્સિમાઈઝડ્ (મહત્તમ રીતે)
M મેઈન્ટેઈન (જાળવવું)
M મેમ્બ્રેઈન્ (પટલ)
M મેલાફાઈડ્ ઈન્ટેન્સન્ (બદઈરાદાના હેતુથી)
M મેકેનિઝમ (પદ્ધતિ)
M મેગા સ્કેલ્ (મોટા પાયે)
M મેન્ટલ્ ફૅકલ્ટી (માનસિક શક્તિઓ)
M મેટર્ (બાબત, પદાર્થ)
M મેટરનિટી હોસ્પિટલ્ (પ્રસૂતિ હોસ્પિટલ)
M મેટાફેઈસ્ (કોષવિભાજનમાં મધ્યાવસ્થા)
M મેટાફિઝિક્સ્ (અધ્યાત્મવિજ્ઞાન)
M મૅનેજમેન્ટ્ ઑફ્ ઈગો (અહમ્‌નું સંચાલન,વ્યવસ્થા)
M મૅઈન્ટેન્ (જાળવવું)
M મૅરેજ (લગ્ન)
M મૅકેનિકલ્ ફંક્શન્‌માં (યાંત્રિક કાર્યમાં, શરીરના ભૌતિક કાર્યોમાં)
M મૅટર્ (દ્રવ્ય)
M મૅટોસિસ્ (સમસૂત્રી કોષવિભાજન, જે શરીરની વૃધ્ધિ માટે થાય છે)
M મોનોપોલિસ્ટિક્ (ઈજારેદાર)
M મોસ્ટ્ ઑફ દ્ ટાઈમ્ (મોટા ભાગના સમયે)
M મૉરલ (નૈતિક)
M મૉલેક્યુલર્ બાયોલોજી (આણ્વિક જીવવિજ્ઞાન)
M મૉડેલ્ (આદર્શ)
M માઈક્રોબાયોલોજી (સૂક્ષ્મજીવવિજ્ઞાન)

M માઈક્રોસ્કોપિક્ સ્ટ્રકચર્ (સૂક્ષ્મ સંરચનાઓ)

M માયોસિસ્ (અર્ધસૂત્રી કોષવિભાજન, જે શરીરમાં પ્રજનન કોષો ઉત્પન્ન કરવા માટે થાય છે)

M માયટૉટિક્ (સમસૂત્રી કોષવિભાજન સંબંધી)

M માર્કઆઉટ્ (નિશાન લગાડવું)

M મનિમિન્ટિંગ ઈન્ડસ્ટ્રી (પૈસા છાપનાર ઉદ્યોગો)

M મીનિન્ગ્લેસ્ પ્રપૉઝિસન્ (નિરર્થક વિધાન)

M મર્ડર્ (હત્યા)

M મિનીમાઈઝ (ન્યૂનતમ કરવું)

M મિરર્ (અરીસો)

M મિસ્અંડર્સ્ટેન્ડિંગ્ (ગેરસમજણ)

M મિસ્-કલ્ક્યુલેશન્ (ખોટી ગણતરી)

M મિસ્ટીરિયસ્ (રહસ્યમય)

M મિનિ સ્કેલ્ (નાના પાયે)

M મિનિમાઈજ્ડ્ ઈગો (અહમ્ ઘટાડવો, સીમિત અહમ્)

M મિનિમાઈઝ (સીમિત)

## N

N નૅક્સટ્ સ્ટેપ્ (પછીનું પગલું)

N નેસેસરિલી (અનિવાર્યરૂપથી)

N નૅરો કન્સેપ્ટ્ (સંકીર્ણ અવધારણા)

N નૅસેસરી કન્ડિશન્ (જરૂરી શરત)

N નૅગેટ્ (નકારવું)

N નૅગેટીવ્ વે (અધોગામી)

N નૅચરલ્ (પ્રાકૃતિક)

N નર્વસ્ (બેચેન)

N નર્વસ્ ફીલ્ (બેચેની અનુભવવી)

N નૉન્-સૅન્સિબલ્ (બિન સમજદાર)

N નૉન-સૅન્સિટીવિટી (બિન સંવેદનશીલતા)

N નૉર્મલ્ (સામાન્ય)
N નૉટ પૉસિબલ્ (અશક્ય)
N નાર્સિઝમ્ (નાઝી નામનો વિચારકના સિદ્ધાંતો)
N ન્યૂક્લિઅસ્માં (અણુના કેન્દ્રમાં)

O

O અપોઝિશન્  (વિપક્ષ, વિરોધ)
O ઓક્સિઝન (પ્રાણવાયુ)
O ઓમ્નિપ્રેઝેન્ટ્ (સર્વવ્યાપક)
O ઓન્ દ્ સ્ક્રીન્ ઓનલી! (માત્ર સ્ક્રીન પર)
O ઓપનર્ (ઉદઘાટક, ખોલવાવાળો)
O ઓપ્સન્  (વિકલપ)
O ઑપ્ટિમિસ્ટિક્ (આશાવાદી)
O ઑન્ દ્ સ્ટેજ્ (સ્ટેજ પર)
O ઑબ્સેશન્ (ધુન લાગવી)
O ઑબ્ઝર્વેશન્ (નિરિક્ષણ)
O ઑરગેનાઈજ્ડ્ વે (આયોજિત પ્રકાર, આયોજનપૂર્વક)
O આઉટ્ ઑફ્ પ્રપોર્શન્ (પ્રમાણ બહાર)
O આઉટ્લેટ્ (નિકાસદ્વાર, લાગણીની અભિવ્યક્તિ)

P

P  પેરેન્ટલ્ ફિયર્  (માતાપિતાનો ડર)
P પેરેલલ્ (સમાન્તર)
P પેચ (થીગડું મારવું, વિસંવાદી, મેળ વિનાનું)
P પ્રમોટ્(વિકસિત, પ્રોત્સાહન આપવું)
P પ્રૉફેઈસ્ મેટાફેઈસ્ (સમસૂત્રી કોષ વિભાજન, અર્ધસૂત્રી કોષ વિભાજનમાં પૂર્વાવસ્થા, મધ્યવસ્થા)
P પ્રૉબ્લેમ્ (સમસ્યા)
P પૅનોરૉમિક્ વ્યુ (સર્વાંગી દશ્ય, એક વિશાળ અતૂટ દશ્ય)
P પૅરેલલિઝમ્ (સમાંતરણ)

P પૅરામીટર્ (પરિમાણ, માપદંડ)
P પૅસીમિસ્ટિક્ (નિરાશાવાદી)
P પૅસિમિસ્ટિક્ ઈગો  (નિરાશાવાદી અહંકાર)
P પૅટ્ (પાલતુ)
P પર્મનેન્ટ્ (કાયમી)
P પરફેક્ટ્ એગ્ઝામ્પલ્ (સચોટ ઉદાહરણ)
P પરફૅક્ટ્લી કન્ફર્મ્ડ્ (સંપૂર્ણપણે પુષ્ટિ કેખાતરી આપવી)
P પરસૅપ્શન્ (દષ્ટિ, ધારણા)
P પર્સનાલિટી (વ્યક્તિત્વ)
P પર્સનાલિટી ટ્રેઈટ્સ્ ડિઝીસ્ ફીચર્સ્ સાઈઝ શેઈપ્ કલર્-કૉમ્પલેક્શન્ (વ્યક્તિત્વના લક્ષણો-રોગ, લક્ષણો, કદ, આકાર, રંગ, ચામડીનો રંગ)
P પાથ્ (રસ્તો)
P પોએટિકલ્ જસ્ટિફિકેશન્ (કાવ્યાત્મક સમર્થન)
P પોલ્યુટેડ્ (પ્રદુષિત)
P પોયટિક્ એક્સપ્રેસન (કાવ્યાત્મક અભિવ્યક્તિ)
P પોલાઈટ્લી થ્રેટ્નીંગ્ (વિવેકી ધમકી, ભય, બીક)
P પોર્શન્ (ભાગ)
P પોસ્ટ્પોન્(મુલતવી રાખવું)
P પોસ્ટ્-ઈન્સિડેન્ટ્ ડૅવલપ્મૅન્ટ્ (ઘટનાબાદનો ક્રમ)
P પોસ્ટ્-ડૅવલપમેન્ટ્(પછીનો વિકાસ / ક્રમ)
P પોટેન્શ્યાલિટી (અન્તર્હિત શક્તિઓ, સંભાવનાઓ)
P પૉફેઈસ્ (પૂર્વાવસ્થા, કોષ વિભાજનમાં પ્રથમ અવસ્થા)
P પૉઈન્ટ્ ઑફ્ એપ્રિશિયેશન્  (પ્રશંસાની વાત)
P પૉસીબિલિટીઝ (સંભાવનાઓ)
P પૉલિસી (નીતિ)
P પૉસિબલ્ ફૉર્મેશન્  (સંભવિત જોડાણ, રચના)
P પૉસિબલ્ વૅરાયટીઝ (સંભવિત વિવિધતા)
P પૉસિબલ્ ટાઈપ્ (સંભવિત પ્રકાર)

P પૉસિબિલિટીસ્ (શક્યતાઓ)
P પૉટેક્ટેડ્ (સંરક્ષિત)
P પાયસ્ કૉન્ફિડેંસ (શુધ્ધ કે પવિત્ર આત્મવિશ્વાસ)
P પાર્ટિકલ્સ (કણો)
P પાર્ટિકલ્સ્ અને ફિલ્ડ્સ્ (કણો અને ક્ષેત્રો)
P પાર્ટ્લી (આંશિક રૂપથી)
P પનિશ્ (સજા આપવી)
P પનિશમૅન્ટ્ (સજા)
P પ્રપોજ્ડ્ થિયરી (પ્રસ્તાવિત સિધ્ધાંત)
P પ્રૂફ્ (પ્રમાણ)
P પ્રેકટીશ (અભ્યાસ)
P ફ્રેઝિસ્ (શબ્દ સમુહો)
P પ્રેજેન્સ્ (ઉપસ્થિતિ)
P પ્રેજેન્ટ્ (આવિર્ભૂત)
P ફ્રેજ્ (શબ્દસમુહ)
P પ્રેજન્સ્ સ્પેસિફિકલી (વિશેષ રૂપથી ઉપસ્થિતિ)
P પ્રૅક્ટિસ્માં ઈમ્પ્લિમેન્ટ્ (આચરણમાં લાગુ કરવું)
P પ્લૉટ્સ્ (ભૂખંડ, વિષય)
P પ્રોનાઉન્સ્ (ઉચ્ચરિત)
P પ્રોક્લેઈમ્ (પ્રચાર કરવો)
P પ્રોવાઈડ્ (જોગવાઈ કરી પુરું પાડવું)
P પ્રોસેસ્ (પ્રક્રિયા)
P પ્રોસ્પૅક્ટિવ (પરિપ્રેક્ષ્ય, યથાર્થ ચિત્ર)
P પ્રોહિબિશન્ (પ્રતિબંધ)
P પ્રોજેક્શન્ (પ્રક્ષેપણ, અડસટ્ટો)
P પ્રોડક્ટ્ ઑફ્ (ઉત્પાદન)
P પ્રોડક્ટ્ ઑફ્ સમ્થિંગ્ (કોઈક કારણે ઉપજતું)
P પ્રોડક્ટ્ આઉટ્ ઑફ્ (કોઈકમાંથી ઉત્પાદિત થતું)

P પ્રોડ્યુસ્ડ્ (ઉત્પન્ન)
P પ્રૉપર્નાઉન્ (વ્યક્તિવાચક સંજ્ઞાઓ)
P પ્રૉપર્લી રૅકગ્નાઇઝ (યોગ્ય રીતે ઓળખવું)
P પ્રૉક્સી (પ્રતિનીધિ, અવેજી)
P પ્રૉફેશનલ્ મર્ડરર્ (ધંધાદારી હત્યારો)
P પ્રૉફિસ્ (પૂર્વાવસ્થા (કોષ વિભાજનમાં))
P પ્રૉબ્લેમેટિક્ ઇશ્યુ (સમસ્યારૂપ મુદો)
P પ્રૉબ્લેમ્ (સમસ્યા)
P પ્રાઇમરી ઇશ્યુ (પ્રાથમિક મુદો)
P પ્રાઇઝલેસ્નેસ્ (અમુલ્યતા, અમૂલ્યપણું)
P પ્રાઇડ્ પઝેશન્ (ગૌરવયુક્ત અધિકાર કે માલિકી)
P પ્રાયોરિટી (પ્રાથમિકતા)
P સાઈટોપ્લાઝ્મ્ (કોષરસ)
P સાયકોલોજી (મનોવિજ્ઞાન)
P સાયકોલોજિકલ્ ફૅસૅટ્ (મનોવૈજ્ઞાનિક પાસુ)
P સાયકૉસૉમેટિક્ પ્રૉબ્લેમ્ (મનોદૈહિક સમસ્યા)
P સાયકૉન્યુરોટિક્ પ્રૉબ્લેમ્ (મનોમાનસિક સમસ્યા)
P સાયટોપ્લાઝ્મ્ (કોષરસ)
P સાયટોપ્લાઝ્મ્ મેમ્બ્રેન્ (કોષરસ પટલ)
P પિન્પૉઇન્ટ્ (નિર્દેશ)
P પ્રિસપોઝ (અગાઉથી ધારેલું)
P પ્રિવિલેજ્ (વિશેષાધિકાર)
P પ્રિજર્વ (જાળવવું, સાચવવું)

## R

R રૂમર્ (અફવાહ)
R રૂટ્સ્ (મૂળ)
R રનવે (વિમાન પટી, દોડ માર્ગ)
R રેશિઓ–અસેન્ડાઇ (કોઇ વસ્તુના અસ્તિત્વનું)

R રેશિઓ-કૉગ્નિસેન્ડાઇ (જ્ઞાનનો આધાર)
R રેસિપ્રોકેટ (વિનિમય કરવું)
R રેડ-ઈન્ડીઅન્સ્ (મૂળ અમેરીકાના વતનીઓ)
R રેડીમેડ્ ડિવાઈસ્ (તૈયાર સાધન)
R રેંજ (શ્રેણી, સીમા)
R રૅક્ટિફાય્ (સુધારવું)
R રૅસ્પિરેશન્ (શ્વાચ્છોશ્વાસ)
R રૅસ્પિરેશન્ સિસ્ટમ્  (શ્વનસનતંત્ર)
R રૅજોનન્સ્ (પ્રતિધ્વની)
R રૅફરન્સ્ (સંદર્ભ)
R રૅશનલ્ (વિવેકી, તર્કસંગત)
R રૅશનલાઈજેશન્ (તર્કસંગતતા)
R રફ્ (ખરબચડુ)
R રોલ્-મૉડેલ્ સિલૅક્ટ્ (આદર્શ પાત્ર પસંદ કરવું)
R રૉડ્સ્ (રસ્તાઓ)
R રાઈનોસોર્ (ગેંડો)
R રાઈટ્ (અધિકાર)
R રીયલાઈઝ (ક્રિયાન્વિત)
R રિપીટેટિવ્ એક્સપરિમેન્ટ્ (પુનરાવર્તિત પ્રયોગ)
R રિપીટેડ્ એક્સ્પીરિયન્સ્ (પુનરાવર્તિત અનુભવ)
R રિપીટ્ (પુનરાવર્તન)
R રિએક્શન્ ફૉર્મેશન્ (પ્રતિક્રિયા ઉદભવવી)
R રિપ્રેશન્ (દમન)
R રિઅલ વર્સિસ્ આઈડિયલ્ (હકીકત વિરુદ્ધ આદર્શ)
R રિફ્લૅક્શન્ (પ્રતિબિંબ)
R રિપ્રોડક્શન્ (પુનરુત્પાદન, ઉત્પાદન, પ્રજનન)
R રિપ્રોડ્યુસ્ડ્ ડિવિઝન્. (ઇંટરફેઈસ્) (આંતર તબક્કો, કોષ વિભાજનના પ્રથમ તબક્કા પહેલા ઈન્ટરફેઈઝ) (કોષ વિભાજન દ્વારા પ્રજનન)

R રિમૅમ્બરન્સ્ (યાદ, સ્મરણ)
R રિમાર્કેબલ્ (ધ્યાનમાં લેવાજેવી)
R રિયલાઈજ્ (ખ્યાલમાં રાખવું)
R રિયાલિટી (હકીકત)
R રિલેટિવ્ ઓર્ડર્ (સાપેક્ષ ક્રમ)
R રિલીજિયસ્ ઑબ્લિગેશન્ (ધાર્મિક જવાબદારી)
R રિવર્સલ્ ઑફ્ ઑર્ડર્ (ઉલટો ક્રમ)
R રિવોલ્ટ્ (બળવો)
R રિવૉર્ડ (ઈનામ)
R રિસેપ્ટિવિટી (ગ્રહણશીલતા)
R રિસેસિવ્ (અપ્રભાવશાળી, અપ્રછન્ન)
R રિસાયકલ્બિન્ (કચરાપેટી)
R રિસીવ્ (સ્વીકારવું, મેળવવું)
R રિ-કગ્નાઈઝ (જેનો પહેલાં અનુભવ કર્યો હોય તેનો ફરીથી અનુભવ કરવો)
R રિકલૅક્શન્ (સ્મરણ, સ્મૃતિ)
R રિકૉગ્નિશન્ (માન્યતા)
R રિસ્પેક્ટ્ (આદર)
R રિસ્પોન્સીબિલિટી (જવાબદારી)
R રિલિજીયસ્ અફેર્ (ધાર્મિક બાબતો)
R રિજેક્ટ્ (નકારવું)
R રિઝેમ્બલ્ (ના જેવુ હોવું, મળતું)
R રિટૅન્શન્ (સંચય)
R રિટ્રોસ્પૅક્ટિવ્ ઈફૅક્ટ્ (ભૂતકાળની અસર)
R રિલેટિવીટિ (સાપેક્ષતા)
R રિસેસિવ્ (અપ્રભાવી, અપ્રચ્છન્ન)

## S

S સ્પિરિચ્યુઅલ્ વૅલ્યુ (આધ્યાત્મિક મૂલ્ય)
S સ્પિરિચ્યુઅલી (આધ્યાત્મિક)

S સ્ક્રિપ્ટ્ (કથાનક, આલેખ)
S સ્લિપ્ટ્ (??)
S સ્ટિલ્ ઈટ્ ઈઝ ડઝ ઍન્ એપીફિનૉમિના (હજુ પણ તે ઉપસિદ્ધાંત જ છે)
S સ્ટ્રિંગ્ (તાર)
S એસ્એમ્એસ્ (ટેક્સ્ટ મેસેજ)
S શૅઅર્ (ભાગ, હિસ્સો)
S શૉર્ટફોર્મ્ (ટૂંકું સ્વરૂપ)
S સબ્સિસ્ટિંગ્ ફોર્મ્ (અસ્તિત્વનું રૂપ)
S સેફ સાઈડ્ (સુરક્ષિત બાજુ)
S સેલ્ફ્-અવૅરનેસ્ (સ્વ જાગૃતિ)
S સેલ્ફ્ચેક્ (આત્મસંયમ)
S સેલ્ફ્-ડિમોશન્ (સ્વ-પદાનવતિ, આત્મ પદચ્યુતિ)
S સેલ્ફ્-ડૅમોન્સ્ટ્રેશન્ (આત્મ પ્રદર્શન કે દર્શન)
S સેલ્ફ-આઈડેન્ટીફિકેશન (આત્મઓળખ)
S સેસન્ (સત્ર)
S સેટિસ્ફાઈડ્ (સંતુષ્ટ)
S સેન્ડ્ઑફ્ (વિદાય)
S સેટ્ ઑફ્ પ્રપોઝિશન્સ્  (દરખાસ્તનો સમૂહ)
S સેંક્ટિટી (પવિત્રતા)
S સૅન્સિબલ્ સ્ટેટમેન્ટ્ (યોગ્ય નિવેદન)
S સૅન્સિટિવિટી (સંવેદનશીલતા)
S સૅમેટિક્ એપ્રોચ્ (દૈહીક વલણ)
S સૅલ્ફ્સ્પ્લિટિન્ગ્ (આત્મ વિચ્છેદ, વિભાજન)
S સૅલ્ફ-કૉન્ટ્રાડિક્શન્ (આત્મવિરોધાભાસ)
S સૅટિસ્ફૅક્ટરી (સંતોષકારક)
S સૅન્સેશન્ (સંવેદના/જ્ઞાન/અનુભવ, ઈન્દ્રિયજન્ય જ્ઞાન)
S સૅન્સેશન્ ઑલ્વેઝ ડિમાન્ડ્સ્ સમ્ સૅન્સા, સમ્ ઑબ્જેક્ટ્ (ઈન્દ્રિયજન્ય જ્ઞાનને હંમેશા કોઈકને કોઈક વિષયની જરૂર પડે છે)

S સકસેસ્ફુલી (સફળતાપૂર્વક)
S સબ્જેક્ટિવ્ (વ્યક્તિપરક કે આત્મગત)
S સબ્-ઑર્ડિનેટ્ (નોકર, તાબાનું)
S સબ્-કૉન્શિઅસ્ લૅવલ્ (અર્ધજાગૃત સ્થિતિ)
S સબ્સ્ટેન્સિયલ્ ફાઉન્ડેશન્ (નોંધપાત્ર પાયો, આધાર)
S સબસાઈડ્ (ઓછા કરવા, ઘટાડવા)
S સબસિસ્ટેન્ટ્ (અસ્તિત્વ, હયાતી)
S સમ્ટોટલ્ (સરવાળો)
S સમર્સોલ્ટ્ (કલાબાજી)
S સરેન્ડર્ (શરણાગત)
S સરકમ્સ્ટેન્સીસ્ (પરિસ્થિતિ)
S સરાઉન્ડિંગ્ (આસપાસ)
S સર્વાઈવલ્ કિટ્સ્ (બચાવ માટેના સાધનો)
S સોફ્ટવૅર્ (કોમ્પ્યુટરના પ્રોગ્રામ)
S સોર્સ્ (સ્રોત, મૂળ કારણ)
S સોલિડ્ (ઘન, મજબૂત)
S સોશિઅલ્ સિસ્ટમ્ (સામાજિક પધ્ધતિ)
S સોશિયલ્ ઈન્ટરૅક્શન્ (સામાજિક ક્રિયાપ્રતિક્રિયા)
S સોશિયોલૉજી (સમાજશાસ્ત્ર)
S સૉલ્યુશન્ (ઉકેલ)
S સૉલ્વ્ (હલ, ઉકેલ લાવવો)
S સૉયકૉલૉજિસ્ટ્ (મનોવિજ્ઞાની)
S સાઈન્ટિફિક્ ફિલૉસૉફી (વૈજ્ઞાનિક દર્શન)
S સાઈન્ટિફિક્ ડૅવલપમેન્ટ્ (વૈજ્ઞાનિક વિકાસ)
S સાઈન્સ્ (વિજ્ઞાન)
S સાઈન્સ્ની બ્રાન્ચિસ્ (વિજ્ઞાનની શાખાઓ)
S સાયન્સ્ એન્થ્રોપોલોજીકલી (નૃતત્ત્વ વિજ્ઞાન/માનવ વિકાસ વિજ્ઞાન)
S સાઉંડ્ (અવાજ)

S સીક્રેશન્ (સ્રાવના, નિસ્સારણ)
S સડન્લી ક્લિક્ (અચાનક સમજમાં આવવું)
S સડન્લી મૅમોરી લૉસ્ (અકસ્માત યાદશક્તિ ખોવાઈ જાય)
S સુસાઈડ્ (આત્મહત્યા)
S સ્પેસ્ (આકાશ)
S સ્પૅક્ટ્રમ્ (રંગાવલી)
S સ્યુસાઈડ્ (આત્મહત્યા)
S સ્લોટ્ (જગ્યા)
S સ્વીચ્-ઓવર્ (પરિવર્તિત કરવું, બદલવું)
S સ્કેલેટન્ (કંકાલ, હાડપિંજર)
S સ્ટેમ્સેલ્ (શરીરના એવા કોષ જેમાંથી ઘણી વિવિધતાવાળા કોષો બનાવી શકાય છે)
S સ્ટેજિસ્ (પડાવ, તબક્કા)
S સ્ટેજ્વાઈઝ (તબક્કાવાર)
S સ્ટોર્ (સંગ્રહસ્થાન)
S સ્ટ્રેચ્ (ખેંચવું)
S સ્ટ્રક્ચર્ (માળખુ)
S સ્ટ્રોંગ (મજબૂત, બળવાન)
S સ્ટ્રૉન્ગ્ ફોર્સિસ્ (મજબૂત શક્તિઓ)
S સિનૉનિમ્ (સમાનાર્થી)
S સિચ્યુએશન્ (પરિસ્થિતિ)
S સિમ્પલ્ (સામાન્ય, સરળ)
S સિમ્પલ્ સૅન્ટેન્સ્ (સરળ વાકય)
S સિમ્પ્લીફાઈડ્ (સરળ)
S સિસ્ટમૅટિક્ (વ્યવસ્થિત)
S સિસ્ટમ્ (પધ્ધતિ)
S સિવિયર્ (તીવ્ર)

# T

T થર્માંમીટર (સાધન)

T થોટ્-પ્રોસેસ્  (વિચાર પ્રક્રિયા)

T ટિપ્ ઑફ્ આઈસબર્ગ (તરતા બરફનાં પહાડની ટોચ)

T દિસ્ સ્ક્રીન્ ડઝ નોટ્ ઍગ્ઝિસ્ટ્ (આ પડદાનું અસ્તિત્વ નથી)

T ટિકલિંગ્ (મુંજવનારું, જટિલ)

T ટ્રિમેન્ડસ્ ડૅવલપમેન્ટ્ (જબરદસ્ત વિકાસ)

T ટ્રિમૅન્ડલ્ (જબરદસત)

T થિયરી ઑફ્ ઈવોલ્યુશન્ પ્રપોઝ (ઉત્ક્રાંતિનો સિદ્ધાંત એમ અનુમાન મુકે છે કે)

T થિયોલોજી (દેવવિદ્યા)

T થિયૉરેટિકલ્ (સૈધ્ધાંતિક)

T દ હોલ્ ઑફ્ મલ્ટીપલ્ મોશન્સ (કાર, અનેકવિધ ગતિઓનું કેન્દ્ર)

T ટેક્નિકલ ટર્મ (તકનિકી શબ્દપ્રયોગ)

T ટેબ્યુલાર્ ફોર્મ્ (કોઠા સ્વરૂપ)

T ટેબલનેસ્ ઈઝ દેઅર્ ઈન્ દ્ ટેબલ્ (ટેબલમાં ટેબલ હોવાનો ગુણ છે)

T ટેરરિસ્ટ્ સેલ્ (આતંકવાદી કોષ)

T ટેકઑફ્ (વિમાનનું ઉપર ઉઠવું )

T ટેસ્ટ્ (taste)(સ્વાદ);

T ટેન્ટેટિવ્ (કામચલાવ)

t ટેન્ડન્સિ (વલણ)

T ટેન્ડન્સિ (વલણ)

T દેટ્ વિચ્ ઈઝ બિલ્ટ્ ફૉર્ એવર્, ઈઝ ફૉર્ એવર્-બિલ્ડિંગ્. દેટ્ વિચ્ હેજ્ એ બિઈન્ગ્, ઈજ્ ફૉર્ એવર્ બિઈન્ગ્ (જે હંમેશા માટે બાંધેલું છે તે હંમેશા માટે છે-બિલ્ડિંગ અને જેની અંદર આત્મા છે તે સનાતન છે)

T ટૅકલ્ (હલ, સામનો કરવો)

T ટ્યુન્ (સુર, લય)

T ટોટલી કમિટેડ્  (તદન પ્રતિબદ્ધ)

T ટાઈપ્ (પ્રકાર)

T ટાઈમ્  (સમય)
T ટાઈટલ્  (શિર્ષક)
T ટાસ્ક્ ફોર્સ  (કાર્યવિશેષ દળ)
T ટર્મિનોલોજી (પરિભાષા)
T ટૅક્નોલોજી ઈન્વેન્ટ્  (પ્રૌદ્યોગિક વિજ્ઞાન શોધ)
T ટૅલી (મેળવવું)
T ટૅસ્ટ્ (test)(તપાસ, પરીક્ષા)
T ટૅન્ટેટિવલી કન્ડિશન્ (કામચલાવ શરત)
T દૅટ્ ઈટ્ અપીયર્સ્ ટુ બી અકર્ડ્ વ્હેર્ એક્ચ્યુઅલી ઈટ્ ડઝ નૉટ્ એક્ઝિસ્ટ્ (
T ટૅલિસ્કોપ્ (દૂરનું જોવાનું યંત્ર)
T ટ્રેઈનિંગ્ (તાલીમ)
T ટ્રેન્ડ્ કૅમ્પ્ (તાલિમાર્થીશિબિર)
T ટ્રાંસ્પ્લાંટ (એક જગ્યાએથી ઉખાડી બીજે રોપવું)
T ટ્રૉમેટિક્ (માનસિક આઘાત)
T ટ્રાઇગ્લિસિરિન્ (વધારે કાર્બોદિત પદાર્થોને ભોજનમાં લેવાથી વધતો એક પ્રકારનો કોલેસ્ટેરોલ)
T ટ્રાયલ્-એરર્ મેથડ્ (આ રીતમાં વારંવાર પ્રયોગ થોડા થોડા ફેરફાર કરી કરવામાં આવે છે અને અંતે એક અંતિમ પરિણામ નક્કી કરવામાં આવે છે)
T ટ્રીટ્ (સારવાર, વર્તવું)
T ટ્રૅપ્ (છટકુ)
T ટ્રુથ્ (સત્ય)
T ટુ મેક્ સમ્ વન્ અંડર્સ્ટેન્ડ્ (બીજાને સમજાવવું)
T ટુ દિ એક્સ્ટેન્ડ્  (અમુક હદ સુધી)

## U

U અન્ઈક્વાલીટી (વિષમતા)
U અન્મૅનેજિબલ્ કોર્સ્(અસહનિય પાઠયક્રમ)
U અન્-કૉન્શિઅસ્ લૅવલ્ (બેહોશ સ્તર)
U અન્હેલ્ધી ચાઈલ્ડ્ (અસ્વસ્થબાળક)

U અનડુઈંગ્ (પૂર્વવત કરવું)
U અંડર્સ્ટૅન્ડિંગ્ (સમજવું, બોધ)
U યૂઝ (વાપરવું, ઉપયોગિતા)
U યુનિફાઈ (એકીકૃત)
U યુનિવર્સલ્ કૉન્સિયસ્નેસ્ (સમષ્ટિપુરૂષ કે સમષ્ટિચેતના, વૈશ્વિક ચેતના)

## V

V વરબેટમ્ (શબ્દશઃ)
V વોકૅબ્યુલરી (શબ્દકોષ)
V વૉલેન્ટરી (એચ્છિક)
V વૉલેન્ટરી ડિસ્કલોજર્ સ્કિમ્ (સ્વૈચ્છિક જાહેરાત યોજના)
V વૉલન્ટરી ફંકશન્ (સ્વૈચ્છિક ક્રિયા)
V વૉવેલ્નું (સ્વરનું)
V વાઈટલ્ (મહત્વપૂર્ણ)
V વિબ્ગ્યૉર્ (સપ્તરંગ)
V વિસા-વિસ્ (સામસામે, ની સામે)

## W

W વેવ્ઝ (તરંગો)
W વર્કઆઉટ્ (વ્યાયામ, પરિણામ, અનુમાન)
W વૉટરટાઈટ્ કમ્પાર્ટમેન્ટ્ (જડબેસલાક ડબ્બો)
W વીક્ ફોર્સ્ (નબળી તાકાત, બળ)
W વુડ ઈટ્ મીન્ દિસ્ સ્ક્રીન્ ડઝ નોટ્ ઍગ્ઝિસ્ટ્. ઈફ સો વ્હેર હેવ્ યુ રીટન ઈટ્? (તમારો મતલબ એમ છે કે આ પડદાનું અસ્તિત્વ નથી જો એમ હોય તો તે તમે કયાં લખેલું છે?)
W વ્હેર્ ડઝ દ સ્પેસ્ ઍગ્ઝિસ્ટ્? (અવકાશ (અંતરીક્ષ)નું અસ્તિત્વ કયાં છે)
W વ્હેર્ ડઝ દ ટાઈમ્ ઍગ્ઝિસ્ટ્? (સમય(કાલ)નું અસ્તિત્વ કયાં છે?)
W વ્હૅન્ યુ હેવ ટેકન્ ઓથઑફ્ ગૉડ્ યુ કૅન્ નૉટ્ પ્રોનાઉન્સ્ સચ્ એથિસ્ટીક્ સ્ટેટમેન્ટ્ (જ્યારે તમે ઈશ્વરના સોગંધ ખાવ છો ત્યારે તમે આવું નાસ્તિક વિધાન ન બોલી શકો)

W વ્હોટ્ ઈઝ મૅટર્? નેવર્ માઈન્ડ્. વ્હોટ્ ઈઝ માઈન્ડ્? ડઝ નોટ્ મેટર્ (ભૌતિક પદાર્થ શું છે? નથી ખબર તો કંઈ વાંધો નહીં. ચેતના (મન) શું છે? નથી ખબર કંઈ વાંધો નહીં)

W વિદ્ ડ્રૉ (પાછુ ઉપાડવું)

W વિધાઉટ્ નોઈન્ગ્ (જાણબહાર)

W વિદિન્ દ બિઈન્ગ્ (અસ્તિત્વની અંદર)

W વિદ્ દ્ કૉન્ટ્રાડિક્શન્ ઑફ્ દ્ સુપર્-ઈગો (પરબ્રહ્મના વિરોધાભાસી)

***